પ્રેમમૂર્તિ

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો



-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

INDEX

प्रेममूर्ति

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો

પ્રેમમૂર્તિ

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો

પ્રેરક : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળ)

પ્રકાશક : શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ તથા
શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા

પ્રકાશન તિથિ : સંવત ૨૦૬૭, બેસતુંવર્ષ; નવેમ્બર-૨૦૧૦

આવૃત્તિ : પહેલી

પ્રત : ૩૦૦૦

પડતર કિંમત : રૂા.૬૦/-

પ્રાપ્તિ સ્થાન :

- શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા
  ફોન : (૦૨૬૫) ૨૪૬૨૬૨૮
- શ્રીસ્વામિનારાયણ મંદિર, તીર્થધામ કુંડળ
  ફોન : (૦૨૭૧૧) ૨૯૧૨૯૧

Website : www.swaminarayanbhagwan.com
Email : karelibaug@gmail.com

: અર્પણ :

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનને જેમણે ભરપેટ જાણ્યા-માણ્યા છે; ને તેથી જ પ્રત્યક્ષ ભાવના સમય-સમયનાં સૌથી વધારે કીર્તનો બનાવી જેમણે અનેકવાર શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્ત કરી છે; જેમનાં બનાવેલાં પદો સાંભળવાં પુરુષોત્તમનારાયણ પણ લાલાઈત રહેતા; જે સરળતા, મૃદુતા, કૃપાળુતા અને શુદ્ધપ્રેમ-ભક્તિના મૂર્તિમંત સ્વરૂપ સમા હતા; જેમણે અનેક ગ્રંથો તથા પદો રચીને સત્સંગ ઉપર મોટો ઉપકાર કર્યો છે; એવા **પ્રેમસખી પ્રેમાનંદસ્વામી**નાં કરકમળોમાં તેમના જ કરેલા ગ્રંથો પ્રેમભીના હૃદયે સાદર સમર્પણ કરી અમે ધન્યતા અનુભવીએ છીએ.

લિ.સ્વામી જ્ઞાનજીવનદાસ (કુંડળ)

: સૌજન્ય :

જેમની સરળ અને સહજ પ્રકૃતિ, એક રહેણી-કે'ણીનું અંગ, શ્રીહરિ અને સાચા સંતોમાં નિષ્ઠા તથા સત્સંગનો રંગ સદૈવ ચડતો ને ચડતો રહ્યો છે; વળી સારાં કાર્યો માટે જેમના દિલના દરવાજા ખુલ્લા રહ્યા છે એવા સત્સંગપ્રેમી, નિષ્ઠાવાન તથા શ્રીહરિ, પ.પૂ. સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી તેમજ સંતો-ભક્તોને રાજી કરવા સ્વયંભુ સ્ફુરણાથી જે 'શ્રીસ્વામિનારાયણ સત્સંગ શિબિર-૧૯'ના યજમાન બન્યા છે; અને શ્રીહરિ અને સંતોના રાજીપાને જે સાચી જીવનમૂડી માને છે એવા સમજુ ને સુજ્ઞ **પ.ભ.શ્રીજીવરાજભાઈ ધનજીભાઈ વસાણી, ધર્મપત્ની શ્રીમતી અરવિંદાબેન, સુપુત્ર શ્રીદેવાંગ કુમાર તથા સુપુત્રી દર્શનાબેન** વગેરે પરિવાર જનોએ શિબિરની સાથોસાથ આ **'પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો'**નું સૌજન્યપદ પ્રેમથી સ્વીકાર્યું છે; આવા સન્નિષ્ઠ પરિવારને અમારા હૈયાના હેતથી રૂડા આશીર્વાદ...

પ્રસ્તાવના

ગુજરાતમાં બે મહાન ભક્તકવિ પ્રેમાનંદ થયા. તેમાં એકના આરાધ્ય શ્રીકૃષ્ણ ભગવાન હતા, તો બીજાના આરાધ્ય સર્વોપરી શ્રીહરિકૃષ્ણ મહારાજ હતા. એકે માણ ઉપર આખ્યાનો ગાય-વગાડી લોકોને શ્રીકૃષ્ણમાં જોડ્યા, તો બીજા સંતવર્ય સદ્.પ્રેમાનંદસ્વામીએ સમય-સમયનાં શ્રીહરિની લીલાનાં પદો તેમજ મહારાજનાં અંગોઅંગની શોભા, વાણી, વેશ, ચેષ્ટાઓ તથા તિલ-ચિહ્નોનું વર્ણન કરી શ્રીહરિસ્મૃતિનો મહારસ પીધો અને અનેકને પાયો.

જેમ ઈસુખ્રિસ્ત પાસે બાર એપોસલ્સ હતા. મહાવીરસ્વામી પાસે અગિયાર ગણધર હતા. બુદ્ધ ભગવાન પાસે પાંચ ભીક્ષુઓ હતા. શંકરાચાર્ય પાસે ચાર પટ્ટશિષ્યો હતા. તેમ જ શ્રીસ્વામિનારાયણ ભગવાન પાસે સંપ્રદાયના સ્થંભો જેવા પાંચસો પરમહંસો હતા. તેમાં પણ યોગવિશારદ સદ્.ગોપાળાનંદસ્વામી, મૂતિમંત ત્યાગ-વૈરાગ્ય સમા નિષ્કુળાનંદસ્વામી, ભક્તિ તથા સાધુતાની મૂર્તિ મુક્તાનંદસ્વામી, બ્રહ્મમહોલના કવિ બ્રહ્માનંદસ્વામી અને પ્રેમ-ભક્તિના મૂર્તિમંત સ્વરૂપ 'પ્રેમાનંદસ્વામી' જેવા સંતો શ્રીહરિની સોહામણી સંતમાળા હતી.

હરિમિલનનો જેમને બાળપણથી જ હૈયામાં જળહીન માછલા જેવો તલસાટ હતો. તે સ્વામિનારાયણ ભગવાનના મિલનથી તૃપ્ત થયો. મુસ્લિમ બિરાદરને ત્યાં મોટા થયેલા આ મુમુક્ષુ માટે શ્રીહરિએ તે સમયના રૂઢીચુસ્ત જમાનામાં નાત-જાતની પરવા કર્યા સિવાય અપનાવ્યા અને **'પ્રેમાનંદસ્વામી'** નામ રાખી આગલી હરોળના સંત બનાવ્યા.

પ્રેમલક્ષણા તથા પરાભક્તિનું મૂર્તિમંત સ્વરૂપ એટલે પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી..!! **'तोरे मोरे जीयरा एक रे प्यारे..'** આ પંક્તિને જીવનમાં સાર્થક કરી જેમ દૂધમાં સાકર ઓગળે એમ પ્રેમાનંદસ્વામી વાસ્તવમાં શ્રીહરિમાં ઓગળી ગયા હતા. ચિંતકો કહે છે કે, "સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી ભક્તિ સાહિત્યની દૃષ્ટિએ સ્વામિનારાયણ પંથમાં સૌથી મોટા કવિ હતા. એટલું જ નહિ નરસિંહ

મહેતા પછી મધ્યકાળના સાહિત્યમાં જો કોઈના કાવ્યમાં શુદ્ધભક્તિની આંચ દેખાતી હોય તો તે માત્ર પ્રેમાનંદસ્વામીમાં હતી.”

અતિશય મૃદુ અને કોમળ હૃદય તથા કામણગારા કોકીલ કંઠમાંથી નેહ નીતરતા અને ભાવનાથી ભરપૂર કીર્તનના સૂરો સ્વામી રેલાવતા ત્યારે આખી સભા તેમાં રસતરબોળ થઈ જતી. સ્વામીશ્રીનો ગાઢ અને નિષ્કામ પ્રેમ સર્વાવતારી શ્રીહરિને પણ ખેંચતો. અને તે પ્રેમથી શ્રીહરિ પણ ડોલી ઊઠતા. એકવાર તો શ્રીહરિ બોલ્યા કે, **“...આવા સાધુને તો સાષ્ટાંગ દંડવત-પ્રણામ કરીએ.”** વળી દાસત્વ, કરુણા અને ભક્તિરસનું અમૃત એમના કાવ્યમાં સહેજે નીતરતું. તેથી જ સ્વામીશ્રીનાં કાવ્યો - કીર્તનો આજે પણ પ્રેમીભક્તોના હૈયાને ભાવ હિંડોળે ઝુલાવે છે અને પ્રેમ-ભક્તિના સાગરમાં ઝબોળે છે.

શ્રીહરિ સાથે ઘણા કવિઓ હતા. પરંતુ સહુ કવિઓમાં “આ તો અમારી સખી છે; માટે આજથી એમનું નામ **‘પ્રેમસખી’** છે.” આવો રાજીપો તો માત્ર પ્રેમાનંદસ્વામીને આપ્યો હતો. ધ્યાનમાં, અખંડ સ્મૃતિમાં, ઉપાસનામાં અને પ્રાર્થનામાં શ્રીજીમહારાજે તથા યોગીરાજ ગોપાળાનંદસ્વામી જેવા સિદ્ધ-પુરુષોએ પ્રેમાનંદસ્વામીની રચનાઓ સત્સંગમાં પ્રવર્તાવી છે. **‘નિર્વિકલ્પ ઉત્તમ અતિ...’** એ શબ્દથી શરૂ થતી પ્રાર્થના આજે પણ સત્સંગના દરેક મંદિરમાં ગૂંજે છે. વળી, સૂતા પહેલાં **‘પ્રથમ શ્રીહરિને રે, ચરણે શિશ નમાવું...’** એ ચેષ્ટાનાં પદો તથા **‘વંદું સહજાનંદ રસરૂપ...’** વગેરે પ્રેમાનંદસ્વામીનાં પદો સમૂહમાં કે એકાંતમાં ગવાય છે. અને આ ચરિત્રગાન ભક્તના હૃદયને તથા વાતાવરણને મંગલમય બનાવે છે.

વળી, **‘આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ...’** આ ઓરડાનાં પદો તો બાળકથી માંડી વૃદ્ધ સુધીના સહુની જીભનાં ટેરવે રમતાં રહ્યાં છે. સ્વામીશ્રીની સંગીતક્ષેત્રે પણ પક્કડ સારી હતી. શાસ્ત્રીય સંગીતમાં તથા અનેક રાગ-ઢાળમાં રચાયેલાં પદો આજે પણ તે તે ક્ષેત્રના લોકોને ખેંચે છે. સરોદા કે સારંગીના સૂરો સાથે સ્વામીશ્રીના મુખથી ગવાતાં પદો શ્રોતાજનોના હૃદયના ધબકારા સુધી મળી જતા હતા. તેનો આસ્વાદ માણવા સ્વયં શ્રીહરિ પણ ઘણીવાર આખી રાત તેમની પાસે જઈ બેસી રહેતા.

સ્વામીશ્રીએ માત્ર ગુજરાતીમાં જ નહિ પરંતુ વ્રજ કે હિંદીભાષામાં પણ ઘણાં પદો રચ્યાં છે. વળી, અમુક પદોમાં ફારસી કે ઉર્દુ શબ્દો પણ વાપર્યા છે. તેમનાં પદોમાં અર્થગાંભિર્ય પણ ખૂબ જણાય છે. **'રે પુરુષોત્તમ બોલ્યા પ્રીતે, કહું છું સર્વે સાંભળો એક ચિત્તે'** આ એક પદમાં આપણા સંપ્રદાયનો સંપૂર્ણ સિદ્ધાંત સમાવી દીધો છે. જેમ અન્ય સંતોએ મંદિરો બાંધ્યા છે, તેમ સદ્. પ્રેમાનંદસ્વામીએ કાવ્યો બાંધ્યાં છે; એ પણ એક અનુપમ મંદિર જ છે. જેમાં શ્રીહરિની શુદ્ધ ઉપાસના અને ધ્યાનનો સુંદરતમ અક્ષરદેહ સત્સંગને ભેટ મળ્યો છે. કહેવાય છે કે સ્વામીશ્રીએ આશરે ચૌદ હજાર જેટલા પદો રચ્યાં છે. જેમાંથી ચાર હજાર જેટલાં પદો પ્રેમાનંદકાવ્ય ભાગ-૧ તથા ૨ માં પ્રસિદ્ધ થયાં છે.

સદ્.પ્રેમાનંદસ્વામીએ નાના-મોટા ગ્રંથો પણ ઘણા રચ્યા છે. તેમાંથી આ ગ્રંથમાં : (૧)ધ્યાનમંજરી (૨)વિવેકસાર (૩)શિક્ષાપત્રી (દોહાવલી) (૪) સર્ગનિસરણી (૫)ચોવીસ એકાદશી માહાત્મ્ય (૬)ઉન્મત્તગંગા માહાત્મ્ય (૭) શ્રીમદ્‌ભાગવત માહાત્મ્ય (૮)સત્યભામાનું રુષણું (૯)ગોપીનાથજીનો ગરબો (૧૦)શિવજીનો ગરબો (૧૧)શ્રીહરિસ્વરૂપધ્યાનસિદ્ધિ. આટલા અપ્રસિદ્ધ ગ્રંથોનો આમાં સમાવેશ કરેલ છે. વળી, સ્વામીશ્રી રચિત **'શ્રીહરિકૃષ્ણનારાયણ ચરિત્ર'** નામનો અપ્રસિદ્ધ ગ્રંથ છે; જેમાં ૬૮ અધ્યાય અને ૩૮૫૭ દોહા-ચોપાઈ છે. તેને પણ ભવિષ્યમાં પ્રકાશિત કરવાનો અમારો વિચાર છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર તીર્થધામ કુંડળ તથા કારેલીબાગ-વડોદરા દ્વારા સંપ્રદાયમાં સૌ પ્રથમવાર પ્રકાશિત થઈ રહેલ આ **'સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો'** અનેક પ્રેમી ભક્તોના હૈયામાં પ્રભુપ્રેમની ભરતી લાવશે. તેમજ મુમુક્ષુઓને મોક્ષમાર્ગમાં મોટો ફાયદો થશે. તેમજ સર્વોપરી શ્રીહરિજી, પ્રેમમૂર્તિ સદ્. શ્રીપ્રેમાનંદસ્વામી તથા અન્ય તમામ નાના-મોટા સંતો-ભક્તો અમારા ઉપર પ્રસન્ન થશે; એવી આશા સહ...

– સાધુ ઈશ્વરચરણદાસના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ



સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીનું જીવનદર્શન

♦ **પ્રેમાનંદસ્વામીના જીવન વિશેની સ્પષ્ટતા :**

જેણે પ્રીત સહિત પદ્ય રચીને, રાજી કર્યા શ્રી હરિ,
વાલે શ્રીવચનામૃતે સ્વમુખથી, જેની પ્રશંસા કરી;
ગાતાં સંગીત રીત નૃત્ય કરીને, મોજું લીધી માવથી,
એવા પ્રેમસખી તણાં પદ વિષે, સ્તુતિ કરું ભાવથી.

મૃદુતા, દાસત્વ, ગરીબપણું અને પ્રેમનું મૂર્તિમાન સ્વરૂપ એટલે પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી. સ્વામિનારાયણ સંપ્રદાયના **'સત્યકામ જાબાલી'** જેવા આ સંત ભગવાન માટે જ જનમ્યા હતા. જેમણે સમય સમયના અનેક પદો ગાઈ પ્રભુને રાજી કર્યા હતા એવા પ્રેમાનંદસ્વામીના જીવનચરિત્ર વિષે સંપ્રદાયમાં જેને જે પ્રમાણે વાત જાણવામાં આવી તેણે તે પ્રમાણે લખી છે.

ઘણાકના મતે સ્વામી ગાંધર્વ જ્ઞાતિમાં જનમ્યા હતા તો ઘણાકના મતે તેઓ મુસલમાનને ત્યાં જનમ્યા હતા. તેવી જ રીતે દીક્ષા બાબતમાં પણ ઘણાક કહે છે કે, તેમણે સં.૧૮૭૦માં દીક્ષા લીધી. તો ઘણાકના મતે સં.૧૮૭૨માં લીધી છે, વળી ઘણાક કહે છે તેઓ વૈરાગીના જુંડમાં ફરતા હતા. તેમાં દોરા ગામના પાદરમાં વૈરાગીને વેશે ફરતા જેરામદાસનો (જે પાછળથી જીજ્ઞાશાનંદસ્વામી થયા.) ભેટો થયો. તે બન્ને જોડી થઈ દ્વારિકાની યાત્રાની મિષે એકાએકી ચાલી નીકળ્યા. વચમાં સ્વામિનારાયણીય સંતોનો યોગ થતા તેઓ કારિયાણી આવ્યા. ને ત્યાં આ બન્નેને શ્રીહરિએ દીક્ષા આપી. પરંતુ આ હકીકત સત્ય જણાતી નથી કેમ જે, આપણા સંપ્રદાયના શ્રીહરિલીલામૃત તથા શ્રીહરિચરિત્રામૃતસાગર જેવા ગ્રંથોમાં સ્વામી શ્રીહરિની સાથે રહી સં.૧૮૬૨થી પદો બનાવતાં અને ગાતાં એવો ઉલ્લેખ મળે છે.

વળી, સ્વામી વિશેષ ગઢપુરમાં જ રહેતા તેથી સ્વામીના જીવનની વિશેષ સત્ય માહિતી ગઢપુરના સંતોને હોય તે સ્વાભાવિક છે. અને પ્રેમાનંદસ્વામી ધામમાં ગયા બાદ આશરે ૨૮ વર્ષ બાદ લખાયેલ ઉન્મત્તગંગા માહાત્મ્ય ગ્રંથ છે. તેમાં સ્વામીના બે જન્મોનો ઈતિહાસ લખાયો છે.

આ ગ્રંથ ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી જેવા મહાપુરુષોના કૃપાપાત્ર અને સંપ્રદાયના તે કાળના મૂર્ધન્ય વિદ્વાન (૧) અચિંત્યાનંદ બ્રહ્મચારી; શ્રીહરિ પાસેથી દીક્ષા લેનારા અને યોગીરાજ ગોપાળાનંદસ્વામી પાસેથી વિદ્યાભ્યાસ કરી સ્વામીના રાજીપાથી સ્થિતિ પામેલા એવા (૨) અનંતાનંદ બ્રહ્મચારી; વર્ષો સુધી શ્રીહરિ સાથે રહેનારા (૩) શાંતાનંદ બ્રહ્મચારી; મહાન વિદ્વાન એવા (૪) મુનિશ્વરાનંદ બ્રહ્મચારી અને વેદાદિક શાસ્ત્રના પારને પામેલા (૫) હરિપ્રસાદ શુક્લ – આ પાંચ મહાપુરુષોએ મળી આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજના નામે **'ઉન્મત્તગંગા માહાત્મ્ય'** નામે ગ્રંથની રચના કરી છે.

આ ગ્રંથમાં શ્રીહરિએ ઉન્મત્તગંગામાં સ્નાન કરી જે જે મહાન સંતોના પૂર્વજન્મનું વૃતાંત કહેલું અને તેના અનેકને પ્રત્યક્ષ દર્શન પણ કરાવેલા.

એવી ઐતિહાસિક ઘટનાઓનું સંકલન કરાયું છે. એવા આ ગ્રંથમાં પ્રેમાનંદસ્વામીની પૂર્વજન્મનું વૃતાંત તેમજ આ જન્મે પણ તે બ્રાહ્મણ હતા, તે સ્પષ્ટ લખ્યું છે. વળી, ગઢડાના મહાન સંત પ.પૂ.હરિપ્રિયદાસજીસ્વામીએ ગઢપુરના અનુભવી વૃદ્ધ સંતો પાસેથી સાંભળી આજથી ૭૦ વર્ષ પહેલા પોતાના ચોપડામાં જે વાતો લખી છે. તે પણ વિશેષ સત્ય હોય તે મુજબ આંહીં સ્વામીનું જીવન લખીએ છીએ.

♦ સ્વામીના પૂર્વજન્મનું વૃત્તાંત

વચનામૃત ગ.મ.૪૮માં ભાવ-વિભોર બની શ્રીસ્વામિનારાયણ ભગવાને પ્રેમાનંદસ્વામીના વખાણ કર્યા છે, એવા આ સંપ્રદાયમાં ચંદ્રની જેમ શોભતાં પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીના પૂર્વ જન્મનું વૃત્તાંત **ઉન્મત્તગંગા માહાત્મ્ય અ.૧૧૨**ના આધારે પ્રથમ નિહાળીએ.

नृतां प्रपद्य यत्कार्यं, तदेव क्रियतेऽमुना ।
इतो नान्यो हि लाभोऽत्र, मन्महिमावबोधिनाम् ॥७॥
मदितरेषु ये सक्ता, वस्तुत्वभावनायुताः ।
चिन्तयाना हि तान् मूढा, दुःखिनः स्युर्जनुर्जनुः ॥८॥
(ઉન્મત્તગંગા માહાત્મ્ય અ.૧૧૨/૭-૮)

શ્રીહરિ કહેતા, "હે ભક્તો ! મનુષ્યદેહ મળ્યા પછી મનુષ્યએ જે કાર્ય કરવું જોઈએ તેને આ સંત (પ્રેમાનંદસ્વામી) કરે છે. જે મારો યથાર્થ મહિમા સમજે છે, મને ચિંતવે છે. માટે એથી ઉપરાંત બીજો કોઈ વિશેષ લાભ નથી. જે લોકો મારા સ્વરૂપ સિવાય અન્ય વસ્તુ-પદાર્થમાં ભોગબુદ્ધિ થી બંધાઈ જાય છે અને તે વિષયભોગનું જ ચિંતન કરતા રહે છે; તે તો મુઢ મંદબુદ્ધિવાળા છે. અને જન્મો જન્મ દુ:ખી થાય છે." ॥૭-૮॥

સાધુગુણોના સાગર એવા પ્રેમાનંદસ્વામીને શ્રીહરિમાં ગાઢ પ્રીતિ હતી. તેથી જ તેમની બુદ્ધિમાંથી તમામ વાસના, અજ્ઞાન અને અવિવેક નાશ પામ્યાં હતાં અને સર્વાવતારી શ્રીહરિના અતિશય કૃપાપાત્ર બન્યા હતા. સ્વામીનો આવો મહિમા સાંભળીને રાયસિંહ રાજાએ **બ્ર.આનંદાનંદસ્વામી**ને

પૂછ્યું કે, "**પ્રેમસખી પ્રેમાનંદસ્વામી** આટલા બધા ગુણિયલ અને શ્રીહરિના કૃપાપાત્ર કેમ બન્યા ? તેનું જે કારણ હોય તે મને કહો. કેમ જે, પૂર્વનાં પૂણ્ય વિના પરમેશ્વરના આવા કૃપાપાત્ર બનાતું નથી."

બ્ર.આનંદાનંદસ્વામી કહે, "હે રાજન્ ! જેમ અમૃતપાનથી તમામ રોગ નાશ પામે અને માણસ અમર બને છે તેમજ આવા સંતનાં ચરિત્ર સાંભળવાથી મનના તમામ રોગ નાશ પામે છે, અંતર પવિત્ર થાય છે. માટે હું તમને પ્રેમાનંદસ્વામીનું આખું પૂર્વવૃત્તાંત કહું છું."

પૂર્વકાળમાં સંગીતકળામાં તુંબરુંના જેવા નિષ્ણાત અને ભગવાનના સ્વરૂપમાં અખંડ મનને જોડી રાખનારા એક પવિત્ર બુદ્ધિમાન બ્રાહ્મણ હતા. તે જ્યારે ભગવાનની મૂર્તિ આગળ બેસી પ્રેમભીના હૃદયે સંગીત સાથે કીર્તન-ભક્તિ કરતા ત્યારે સહુનાં મન ભગવાનમાં જોડાઈ જતાં. અનેક ભક્તોના અંતરમાં શાંતિ થતી, પરંતુ ભક્તોની નિંદા કરનારા એક ઈર્ષ્યાળુ દુષ્ટ રાજાને આ ન ગમ્યું. પ્રહ્લાદનો તેના પિતાએ જેમ પૂર્વે તિરસ્કાર કર્યો હતો તેમ આ પવિત્ર બ્રાહ્મણનો રાજાએ તિરસ્કાર કર્યો.

ભક્તહૃદય બ્રાહ્મણ રાજાના ત્રાસથી ઉદાસ થયા અને પોતાના કુટુંબ-પરિવાર તથા ગામને છોડી પ્રભુને પામવા વનમાં તપ કરવા માટે ચાલ્યા ગયા. ત્યાં ભગવાનના સ્વરૂપમાં પ્રેમે કરી વૃત્તિ સ્થિર કરી પ્રભુની અખંડ આરાધના કરવા લાગ્યા. જ્યારે આ બાજુ ભક્તના અપરાધથી તે રાજાને મહાપાપ લાગ્યું તેથી તે મરીને બીજો જન્મ કાચબાનો પામ્યો. અને તે શરીરમાં રહીને વર્ષો સુધી મહાદુ:ખને પામ્યો હતો.

પ્રભુને પ્રસન્ન કરવા વનમાં તપ સાથે ભક્તિ કરતા તે બ્રાહ્મણને ઘણો સમય ગયો. તેમના શુદ્ધ ભાવથી પ્રસન્ન થઈ ભગવાને પ્રત્યક્ષ દર્શન આપ્યાં, વર માગવાનું કહ્યું. પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થતાં જ બ્રાહ્મણનું હૃદય આનંદથી નાચી ઉઠ્યું. તેણે પ્રેમમગ્ન બની પ્રભુને દંડવત કર્યા, શરીરનું ભાન ભુલાઈ ગયું, આંખમાંથી આંસુની ધારા થઈ. થોડીવારે સ્થિર થઈ પ્રાર્થના કરતા તેણે કહ્યું,

इन्द्रवंशा : (નવીનજીમુતસમાનવર્ણમ્)

अहो! अहं स्वार्थमुपेयिवान् विभो!, विलोकनं तेऽद्य गतोऽखिलार्थदम् ।
अरण्यवासा मुनयोऽसुधारिषु, सुहृत्तमा भूरिलषन्ति चोत्सुकाः ॥३९॥

"હે નાથ ! વનમાં વસનારા મુનિઓ અને પ્રાણધારીઓ, જે મારા મિત્ર સમાન છે, તે ઉત્સાહથી આપનાં દર્શનની અભિલાષા રાખે છે. જીવના સર્વે મનોરથને પૂર્ણ કરનારું એવું આપનું દર્શન આજે મને થયું તે મારાં ધન્યભાગ્ય છે. અહો..! ખરેખર આજે હું મારા સર્વે અર્થને પામ્યો છું. આપનાં દર્શન માટે મોટા મોટા રાજાઓ પણ સર્વસ્વનો ત્યાગ કરી વનમાં જઈ તપ કરે છે.

मतो नृणां स्वार्थ इयांस्त्वदाश्रितैर्विचिन्तनं स्वस्थतया तवाऽकृतेः ।
भवेत् क्षतिर्लिङ्गतनोश्च दुर्धियो, भवेयुरेतेऽखिलभावनिःस्पृहा ॥४१॥

વળી જેનાથી વાસનામય કારણશરીરનો નાશ થાય, અજ્ઞાનનો નાશ થાય તેવા હેતુથી જ આપના આશ્રિત ભક્તો બીજી બધી જ ઈચ્છાઓથી નિઃસ્પૃહ થાય છે. અને મનુષ્યજીવનનો પણ એટલો જ પુરુષાર્થ માને છે કે, 'એકાગ્ર મનથી સતત આપનું ચિંતવન કરવું.' ॥૪૧॥

માટે હે નાથ ! આપ મને આજે એવું વરદાન આપો કે હું ભવિષ્યમાં અખંડ આપમાં પ્રેમમગ્ન બની સંગીત સાથે ભક્તિ-ઉપાસના કરી શકું." આવી તે નિઃસ્પૃહી બ્રાહ્મણની માંગણી સાંભળી ભગવાન અતિ પ્રસન્ન થયા ને કહ્યું, "હે બ્રહ્મદેવ ! સર્વ પદાર્થથી નિઃસ્પૃહી એવા તમે મારા સ્વરૂપમાં અખંડ મનને રાખી તમારો જન્મ સાર્થક કર્યો છે. તમોને ફરીવાર પણ બ્રાહ્મણ જાતિમાં જન્મ મળશે. તે સમયે અક્ષરાધિપતિ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન બ્રાહ્મણકુળમાં પ્રગટ થઈ ભૂમિ ઉપર વિચરણ કરતાં કરતાં ગઢપુર આવશે. ત્યાં તમને તેમનો સમાગમ થશે અને તમારી ઈચ્છા પૂર્ણ થાશે." એમ કહેતાં જ ભગવાન વિજળીના ઝબકારાની જેમ જ અદશ્ય થઈ ગયા. ઘણા સમયથી પોતે ઈચ્છેલું વરદાન પ્રભુએ આપ્યું તેથી પોતાનો મનોરથ પૂર્ણ થયો એમ સમજી તેઓ આનંદમગ્ન બની ભક્તિ કરવા લાગ્યા. ટૂંક કાળમાં કાળના વેગે તેમના તે શરીરનો નાશ થયો.

♦ સ્વામીનો બીજો જન્મ તથા પરિચય :

પ્રેમાનંદ ગવૈયા ભારી, ગાઈ રાજી કર્યા સુખકારી;
રાગ-રાગનાં કીર્તન કીધાં, જેને હરિએ ચરણ ઉર દીધાં.
(સદ્.મંજુકેશાનંદસ્વામી - નંદમાળા)

જેમણે સમય સમયના અનેક પદો રચી સર્વાવતારી શ્રીહરિને અતિશય પ્રસન્ન કર્યા હતા એવા પ્રેમમૂર્તિ સદગુરુ પ્રેમાનંદસ્વામી શરીરે દેખાવડા, સ્વરૂપવાન અને નીચી દડીના હતા. તથા અતિ નિર્માની, સરલ સ્વભાવના અને શ્રીહરિને વિષે અતિ હેતવાળા હતા. પ્રભુ પ્રેમમાં નિત્ય તરબોળ રહેતા. તેમના જેવા ગુણ હતા તેવું જ તેમનું અન્વર્થ નામ હતું.

વિરમગામ તાલુકાના **ઓગાન** ગામમાં **મોતીરામ** નામના પવિત્ર બ્રાહ્મણ રહેતા હતા. તેમને **આણંદરામ** અને **સુરજરામ** નામે બે પુત્રો હતા. મોતીરામ અક્ષરવાસી થયા પછી બન્ને ભાઈઓ જુદા રહેતા હતા. તેમાં આણંદરામભાઈ તીર્થયાત્રા કરતા અમરેલીમાં સંત મૂળદાસની જગ્યામાં આવ્યા. મૂળદાસ સાથે સ્નેહ થતા ત્યાં જ રહ્યા. અને સુરજરામ ભિક્ષાવૃત્તિ તથા કથા-વાર્તા કરીને, ગામડાઓમાં ટેલ નાંખીને પોતાનો નિર્વાહ કરતા. તેમની પત્નીનું નામ **સુનંદા** હતું. જીવનનિર્વાહ માટે થોડા સમય બાદ સુરજરામ **અમદાવાદમાં** રહેવા આવ્યા.

આશરે સં.૧૮૩૬માં અમદાવાદમાં સુરજરામને ત્યાં સુનંદાદેવી થકી એક પુત્રનો જન્મ થયો; એ જ **'પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી.'** પણ ભોળા હૃદયના સુરજરામને કોઈએ મશ્કરીમાં કહ્યું કે, 'આ તમારો બાળક નથી.' સુરજરામનું મગજ તમોગુણી અને અર્ધ પાગલ જેવું હતું. તેથી તેણે તે મશ્કરીને સત્ય માની ને પોતાની પત્ની ઉપર ગુસ્સે થયા. અને પુત્ર સહિત તેને મારી નાંખવા તૈયાર થયા. એટલે પતિના સ્વભાવને જાણનાર સુજ્ઞ સુનંદાદેવીએ તેમને સમજાવતા કહ્યું, 'તમને શંકા હોય તો હું આ પુત્રનો ત્યાગ કરી દઉં. પરંતુ તમે સ્ત્રીહત્યા તથા બાળહત્યા ન કરતા.' સુરજરામ સહમત થયા. પછી સુનંદાદેવીએ રાતના ચાર વાગ્યે માત્ર ત્રણ દિવસના

તે બાળકને લૂગડામાં વીંટાળીને દરિયાખાનના ઘુંમટ પાસે મૂકી દીધો. ત્યારબાદ પુત્ર વિયોગે ઝુરી ઝુરી તે મૃત્યુ પામ્યા. આ બાજુ ઘુંમટમાં ડોસા તાઈ નામના એક મુસ્લિમ પોતાને પુત્ર ન હતો તેથી ખુદાની પાસે દરરોજ પુત્રની યાચના કરતા. આજે વહેલી સવારે ડોસા તાઈ ખુદાની પ્રાર્થના કરીને બહાર આવ્યા તેવામાં ત્યાં બાળકને રડતું જોયું. આ જોઈ તેમને મનમાં દઢ નિશ્ચય થયો કે, 'આ પુત્ર મને ખુદાએ જ આપ્યો છે.' તે પુત્રને પોતાને ઘેર લાવ્યા. તે બાળકમાં તેમને અનોખું નુર(તેજ) દેખાયું તેથી તેનું નામ **'નુર તાઈ'** રાખ્યું. તેને પોતાનો જ પુત્ર માની તેનું પાલન-પોષણ કરવા લાગ્યા. આ રીતે ધીરે ધીરે પુત્ર મોટા થવા લાગ્યા. ગીત-સંગીતમાં રૂચીવાળા આ બાળકને મામાએ વડોદરા સંગીત ભણવા મોકલ્યા. વડોદરામાં નુર તાઈએ ગાન-વાદનની કઠોર સાધના કરી ઘણું સંગીતજ્ઞાન પ્રાપ્ત કર્યું. પાછા અમદાવાદ આવ્યા. ડોસા તાઈ પ્રસન્ન થયા. નુર તાઈ બાળપણથી જ સંગીતમાં ભારે કુશળ હતા.

ડોસા તાઈ આર્થિક રીતે ખૂબ ગરીબ હતા. કોઈ જગ્યાએ ઉત્સવ સમૈયા હોય કે મેળા હોય ત્યાં ગોળ-ધાણીના લાડુ બનાવી વેપાર કરવા ત્યાં જતા. એક સમયે પાલક પિતા ડોસા તાઈ પુત્ર નુર તાઈને સાથે લઈને વેપાર માટે ઉજ્જૈનમાં રહેવા ગયા. અહીં તેઓ દરરોજ ક્ષિપ્રા નદીમાં સ્નાન કરવા જતા ત્યારે નુર તાઈ સાથે જતા. ત્યાં નુર તાઈને એક દિવસ ત્યાંના સંગીત વિદ્યાલયના યુવાન વિદ્યાર્થીઓ સાથે પરિચય થયો. તેમની સાથે મિત્રાચારી થઈ તેથી તેમની સાથે રહી સંગીત વિદ્યાલયમાં વિશેષ સંગીત શીખવા લાગ્યા અને સંગીત કળામાં નિષ્ણાત થયા. વળી, આ સમયે તેમને ત્યાં રહેતા અનેક વૈરાગી સંતોનો પણ સહવાસ થયેલો. એક-બે વર્ષ બાદ તેમના પિતા સાથે અમદાવાદ પાછા આવ્યા.

પરંતુ તેનો મનમોરલિયો પ્રગટ ભગવાનને મેળવવા તલસી રહ્યો હતો. તેણે દઢ નિશ્ચય કર્યો કે, **'આ વિદ્યાથી મારે શેઠ, શાહુકાર કે રાજાઓને રીઝવવા નથી, પરંતુ અલ્લાહ કે અલ્લાહના ઓલિયાને રીઝવી**

મારું જીવન અને કળા સાર્થક કરવી છે.' તેમનું અંતર પ્રગટ પ્રભુને ઝંખતું હતું તેથી તેઓ ઘણીવાર **"તેરે બિના પિયરા જિયરો નિકસો જાયે"** આવું આર્તનાદ ભર્યું કીર્તન ગાતા હતા.

થોડા સમય પછી જેતપુરમાં મોટો સમૈયાણો થશે એવું સાંભળતા ડોસા તાઈ નુર તાઈને લઈને જેતપુરમાં પોતાના સંબંધીને ઘેર વેપાર અર્થે આવ્યા. તે વખતે સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી શ્રીજીમહારાજનો ગાદી પટ્ટાભિષેક કરતા હતા તેથી શ્રીજીમહારાજનું ફૂલેકું આખા ગામમાં ફર્યું હતું. તે વખતે ડોસા તાઈ તથા તેમના પુત્ર નુર તાઈને શ્રીહરિનાં દર્શન થયાં. પ્રથમ દર્શને જ પુત્રનું ચિત્ત શ્રીહરિની મૂર્તિમાં ચોંટી ગયું. તેથી સહજાનંદસ્વામીના મુખ સામે જ દષ્ટિ રાખીને તે આખી રાત ફૂલેકામાં સાથે જ ફર્યા. પિતાએ તેને ઘેર લઈ જવાનો ખૂબ આગ્રહ કર્યો પણ તે ગયો નહિ.

બીજે દિવસે શ્રીરામાનંદસ્વામીએ શ્રીજીમહારાજને પોતાની ગાદીએ બેસાર્યા. તેનાં દર્શન પણ આ છોકરાએ એકાગ્ર દષ્ટિથી કર્યાં. તે દિવસે બધાયે માણસોને સ્વામીએ મિષ્ટાન્ન-ભોજન જમાડી તૃપ્ત કર્યા હતા. તેમાં આ છોકરાને ભૂખ્યો અને તરસ્યો ત્યાં જ બેઠેલો જોયો તેથી સ્વામીએ પોતે જ દયા લાવી અતિ પ્રેમથી નુર તાઈને જમવાનું આપ્યું. તે જમી રહ્યો તેવામાં ડોસા તાઈ ત્યાં આવ્યા અને સ્વામીને કહ્યું કે, "અમારા છોકરાને અહીં કેમ રાખ્યો છે ?" ત્યારે સ્વામીએ કહ્યું કે, "અમે રાખ્યો નથી, તાઈને રાખીને અમે શું કરીએ ? તેને તમે લઈ જાઓ." પછી ડોસા તાઈએ તેને ખૂબ સમજાવ્યો, પણ નુર તાઈ ગયો નહિ. ત્યારે તેણે પુત્રને લાત મારી એટલે તે રોવા લાગ્યો પણ સાથે ન ગયો. પછી સ્વામીએ બહુ સમજાવીને તેને ડોસા તાઈની સાથે ઘેર મોકલ્યો, પણ તેની વૃત્તિ શ્રીહરિમાં લાગી ગયેલી.

♦ નુર તાઈ થયા નિજબોધાનંદ :

પછી રામાનંદસ્વામી અંતર્ધાન થયા બાદ ત્રણ વર્ષે પાલક પિતા ડોસા તાઈ નુર તાઈને લઈને શ્રીહરિજી પાસે ગઢડા આવ્યા. ત્યારે નુર

તાઈ શ્રીહરિનાં દર્શન કરી આનંદ પામીને બોલ્યો કે, **"મારે તો હવે સાધુ થઈને મહારાજની સેવામાં રહેવું છે."** ત્યારે ડોસા તાઈએ ના પાડી. એટલે શ્રીજીમહારાજે કહ્યું, "ડોસાભાઈ ! ખરેખર આ તમારો પુત્ર છે. કે ખુદાનો દીધેલો છે..?" ડોસા તાઈએ જાણ્યું જે, "આ તો ખુદા છે. તેમની આગળ શું છૂપું રાખવું..?" આમ વિચારી સર્વે હકીકત શ્રીહરિને કહી.

તેથી મહારાજ રાજી થયા. ને ડોસા તાઈ સામે અમીદષ્ટિ કરી એટલે તેને સમાધિ થઈ. સમાધિમાં શ્રીજીમહારાજના દિવ્ય સ્વરૂપનાં દર્શન થયાં. અને તરત જ શ્રીહરિની મૂર્તિનો પોતાના આત્મામાં સાક્ષાત્કાર થયો. પછી સમાધિમાંથી જાગૃત થયા. શ્રીજીમહારાજનાં ચરણમાં પડી માફી માંગી ને કહ્યું કે, **"તમે તો અનંત બ્રહ્માંડના માલિક છો, ખુદા છો. તમે જ આ પુત્ર મને આપ્યો છે માટે આ પુત્રને આજથી તમને જ સોંપું છું. તેને તમારી સેવામાં રાખજો અને મને અનંત જન્મના પાપથી છોડાવી તમારી મૂર્તિના દિવ્ય સુખે સુખી કરજો."** એ જ સમયે શ્રીહરિએ ડોસા તાઈ સામે કરુણાદષ્ટિ કરીને જોયું કે તરત તેમને હૃદયમાં અખંડ મહારાજની મૂર્તિ દેખાવા લાગી. પછી ડોસા તાઈ શ્રીહરિને પગે લાગી પોતાને ઘરે ગયા.

સમય જતા શ્રીજીમહારાજે નુર તાઈને દિક્ષા આપવાનું નક્કી કર્યું પરંતુ સંતોએ તેની ના પાડી. ત્યારે મહારાજે કહ્યું કે, **"તમારે ને એને ભાણે વ્યવહાર નહી રાખીએ, તેમને જમવાની તથા રહેવાની વ્યવસ્થા અમે જુદી કરી આપીશું."** એ પ્રમાણે જાતની પરવા કર્યા વિના મહારાજે નુર તાઈને દિક્ષા આપી સાધુ કર્યા અને **'નિજબોધાનંદ'** નામ પાડ્યું. પછી તેઓ શ્રીહરિની સાથે રહેતા અને સંસ્કૃત વ્યાકરણનો અભ્યાસ પણ કરવા લાગ્યા.

સત્સંગમાં આવ્યા પછી થોડા દિવસ અભ્યાસ કર્યા બાદ એક દિવસ શ્રીહરિએ તેમને કીર્તન ન ગાવા, કાવ્યો ન રચવા અને સંગીત ન વગાડવું એવી આજ્ઞા આપી. પ્રખર વક્તાને મૂગા રહેવું, પ્રવાસીને જેલમાં જાવું; તેના જેવી આ સજા હતી. પરંતુ **નિજબોધાનંદસ્વામી**એ કોઈપણ દલીલ કર્યા વિના પ્રેમથી તે કસોટી આપી. પ્રિય સારંગીના વાદન વિના આઠ મહિના

સુધી ઘેલાના ઘાટે બેસી ભક્તિ કરી. નિષ્કુળાનંદસ્વામી સાથે જ્ઞાનગોષ્ઠી કરી. ત્યારબાદ શ્રીહરિની આજ્ઞાથી સંસ્કૃત ભણવાનો આરંભ કર્યો.

એક વખતે ગઢપુરમાં શ્રીહરિ અક્ષર ઓરડીમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા હતા અને મહારાજ પાસે ચાર સંતો બેઠા હતા. ત્યારે નિજબોધાનંદસ્વામી ત્યાં આવ્યા. મહારાજને પગે લાગીને પાસે બેઠા. તે સમયે તેમની સામે જોઈને શ્રીહરિએ પૂછ્યું કે, “તમે સંસ્કૃત ભણો છો ?” ત્યારે કહ્યું કે, “હા.” પછી શ્રીહરિ કહે, **“સારસ્વત તો તમે ભણ્યા છો માટે હવે ભણવું રહેવા દો, હવેથી અમારાં કીર્તન કરો. તાલ અને સ્વરનું તો તમને સંપૂર્ણ જ્ઞાન છે.”** ત્યારે સ્વામી કહે, “હે મહારાજ ! હું પિંગળ ભણ્યો નથી માટે કીર્તન કરતાં ન આવડે. ને એ તો મુક્તાનંદસ્વામી અને બ્રહ્માનંદસ્વામીનું કામ, તેમની આગળ હું શું ગણતરીમાં ? એ તો લોકાલોક અને મેરુ જેવા કહેવાય. તેમની આગળ હું કાંકરા જેવો છું, તે હું શું કીર્તન કરી શકું ?! ” ત્યારે શ્રીહરિ કહે, “પિંગળનું શું કામ છે ? અમે કહીએ તેમ કરો. ને એમના કર્યા એ ગાય ને આપણા કર્યા આપણે ગાઈએ, તેમાં તમે બીઓ છો શું કામ ? અમે જમતાં હોઈએ, બેઠા હોઈએ, સભા કરી હોય, હાર પહેર્યો હોય, વસ્ત્ર-ઘરેણાં આદિક પહેર્યા હોય ને જે ઠેકાણે જેવી લીલા કરી હોય તે ચિંતવીને કીર્તન કરવાં.” ત્યારે સ્વામીએ કહ્યું, “બહું સારું, મહારાજ.” એ પછી સ્વામી **‘ફૂલન હીંડોરે ઝૂલત લાલ.’** એ કીર્તન સૌ પ્રથમ કરીને લાવ્યા. શ્રીહરિ વાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં થાંભલીને ઓઠીંગણે મશરૂના ચાકળે બિરાજ્યા હતા. સ્વામીએ ત્યાં આવી પગે લાગીને મહારાજના હાથમાં કીર્તનનો ખરડો દીધો. વાંચીને શ્રીહરિ કહે, “બહુ સરસ કીર્તન છે.”

વળી એકવાર દાદાના દરબારમાં સભા ભરાણી. શ્રીહરિએ સંતોને કીર્તન-ભક્તિ કરવાનું કહ્યું. નિજબોધાનંદસ્વામીને પણ સારંગીના સૂર સાથે કીર્તન બોલવાની આજ્ઞા આપી. મહારાજની મૂર્તિમાં વૃત્તિ સ્થિર કરી કીર્તન-ભક્તિ શરૂ કરી. અંતે

નિજબોધાનંદને રે પ્યારા, વદન દેખાડો વહાલા, રસિયાજી રાખોને હજૂર રે.

એમની દર્દીલી રચનાથી શ્રીજીમહારાજ ખૂબ પ્રસન્ન થયા. એથી સ્વામીને પોતાની સમીપ બોલાવ્યા, પોતે પહેરેલી પુષ્પમાળા કાઢી તેમને પહેરાવી. વળી "નિજબોધાનંદ નામ અટપટું છે અને કાવ્યપ્રાસમાં બરાબર બંધ બેસતું આવતું નથી, માટે તે ફેરવવું પડશે." એમ કહીને હાથમાં માળા હતી તેનો એક મણકો મૂક્યો ને 'મુક્તા' 'બ્રહ્મા' 'નિત્યા' 'પરમા' અને 'પ્રેમા' કહીને તે નામ ફેરવીને 'પ્રેમાનંદ' રાખ્યું ને કહ્યું કે, "હવે એ નામથી કીર્તન કરવા." શતાનંદસ્વામીએ બદરિકાશ્રમમાં પ્રભુ પાસે વરદાન માગ્યું હતું તે જેમ શ્રીહરિએ સફળ કર્યું, તેમજ સ્વામીને પૂર્વજન્મમાં આપેલું વરદાન પ્રભુએ સાર્થક કર્યું.

♦ પ્રભુજીએ નામ પાડ્યું પ્રેમાનંદ :

વળી, એક સમયે સ્વામી મહારાજ પાસે કીર્તન ગાતા હતા તેમાં રચયિતા તરીકે 'ચંદ્રસખી' એવું નામ આવ્યું. ત્યારે મહારાજે પૂછ્યું કે, "આ ચંદ્રસખી કોણ થઈ ગયા ?" ત્યારે સ્વામી કહે, "તે રાજસ્થાનના શ્રીકૃષ્ણભક્ત અને કવિ હતા. તેમણે કીર્તનોના અંતિમ પદમાં **'ચંદ્રસખી ભજ બાળકૃષ્ણ છબી'** એવા ભાવવાળાં પદો કર્યાં છે." ત્યારે શ્રીજી કહે, "એ અવતારમાં ચંદ્રસખી તો આ અવતારમાં આ મારા 'પ્રેમસખી'. આજથી તમારા બે નામ - 'પ્રેમાનંદ' અને 'પ્રેમસખી'. એ બેય નામથી અમારાં કીર્તનો કરવાં." તે આજ્ઞા પ્રમાણે સ્વામીએ તે બેય નામથી કીર્તનો રચ્યાં છે. શ્રીહરિની કૃપાથી પ્રેમાનંદસ્વામી શીઘ્ર કવિ થયા. જે પ્રસંગે જેવાં કીર્તનો કરવાની આજ્ઞા કરે તે પ્રમાણે તેવાં કીર્તનો બનાવી મહારાજ પાસે ગાતા. શ્રીજી તેમને પ્રસન્ન થઈને પ્રસાદીનો થાળ, કોઈ સમયે પ્રસાદીનાં વસ્ત્રો તથા પુષ્પનો હાર વગેરે આપતા.

સં.૧૮૬૨ જેઠ વદ અમાસને દિવસે ગઢડામાં શ્રીજીમહારાજે એક સમ્રાટ રાજાનું દષ્ટાંત દઈ વાત કરી કે, "હું મારું દિવ્ય ઐશ્વર્ય છુપાવીને અક્ષરધામમાંથી અનેક જીવોનું કલ્યાણ કરવાં આહીં આવ્યો છું, પણ સંસારી

જીવો મને તથા મારા સંતોને નહીં ઓળખીને અપમાન કરે છે. તે જીવોના કરેલા ગુન્હા સામે અમે જોતા નથી. જો તેના ગુના સામે જોઈએ તો તેનો ઉદ્ધાર થાય જ નહીં. વળી, કેટલાક શુષ્કવેદાંતી છે તે અભિમાનમાં અંધ બની પ્રભુને ગણતા નથી અને મન ફાવે તેમ વર્તે છે. નિયમ-ધર્મનો ત્યાગ કરી પાપને માર્ગે જાય છે. માટે

મારા આશ્રિત છો જન જેહ, તેવા કોઈ થશો નહિ તેહ;
સુણી બોલ્યા સહુ શિર નામી, એવા નહીં થૈયે અહો સ્વામી.
પગલે પગલે ગુનેગાર, અમે છૈયે હે જગદાધાર !
રચ્યું પદ પ્રેમાનંદે તે વેરા, પ્રભુ મેં તો ગુનેગાર તેરા.
(હ.લી.૬/૧૦)

આ ભાવના સ્વામીએ ચાર પદો બનાવ્યા. અને શ્રીજીમહારાજ પાસે સંગીત સાથે આર્તભાવે **'મેં તો ગુનેગાર તેરા રે...'** એ ચાર પદ ગાયાં. તેને સાંભળીને શ્રીહરિ બહુ જ પ્રસન્ન થયા.

શ્રીહરિએ સ્વામીને વિશેષ સંગીતવિદ્યા શીખવા બુરહાનપુર મોકલ્યા હતા. ત્યાં તાપીદાસ બાવાજીના અખાડામાં રહીને સ્વામી શાસ્ત્રીય સંગીત શીખીને ગઢપુરમાં શ્રીહરિ પાસે આવ્યા.

એક સમયે સ્વામીએ **પાંચ ભાષાનું 'મોહન બેન બજાઈ'** એ પદ શ્રીજીમહારાજ પાસે સિતાર વગાડી ગાયું. તે સુણી મહારાજ બહુ રાજી થયા તેથી શ્રીહરિએ બુરાનપુરી સેલું આપ્યું. ત્યારે ભક્તોએ કહ્યું કે, "તે સાધુએ ન રખાય." પછી મહારાજે સુરતની જરિયાની ટોપી આપી. તેની પણ ના પાડી. પછી કચ્છી ટોપી આપી. તે લીધી ને બહુ સંતોષ પામ્યા.

ગઢપુરમાં લક્ષ્મીબાગમાં એક બોરસલીનું વૃક્ષ હતું. આ વૃક્ષનો છોડ પ્રેમાનંદસ્વામી વડતાલથી પોતાને માથે ઉપાડી અહીં લાવ્યા. ને તેમણે પોતાને હાથે જ ત્યાં રોપ્યો હતો. આ વૃક્ષ નીચે શ્રીહરિજી અનેકવાર બિરાજ્યા હતા. પ્રેમાનંદસ્વામી પાસે ઘણીવાર ત્યાં કીર્તન-ભક્તિ કરાવતા ને હિંડોળો બાંધી ઝૂલતા. આમ, શ્રીહરિએ ત્યાં અનેક લીલા કરી હતી.

વળી, જુનાગઢના નવાબે શ્રીજીમહારાજની પધરામણી પોતાના રાજમહેલમાં કરાવેલી ત્યારે શ્રીહરિની આજ્ઞાથી સ્વામીએ **'દિખલા દીદાર પ્યારા મહેબુબ હમારા'** એ બે પદો સંભળાવ્યાં. તેને સાંભળીને નવાબ આશ્ચર્ય પામ્યા ને કહ્યું કે, "આવું સંગીત મેં ક્યારેય સુણ્યું નહોતું." પછી કોઈ સમયે નવાબ પાસે ગ્વાલિયરના ગવૈયાઓ ગાવા આવ્યા હતા. ત્યારે નવાબે તેમને કહ્યું કે, "સ્વામિનારાયણ ભગવાનના સંત પ્રેમાનંદસ્વામીનું સંગીત સાંભળ્યા પછી મને બીજાનું સંગીત સાવ રસ વિનાનું લૂખ્ખું લાગે છે. તેથી હવે બીજાનું સંગીત સાંભળવાની રૂચિ જ થાતી નથી." આ સાંભળી ગવૈયાઓ ગઢપુરમાં આવ્યા અને પ્રેમાનંદસ્વામીનું સંગીત સંભળાવવા મહારાજને વિનંતી કરી. એટલે શ્રીહરિએ સ્વામીને ભૈરવી રાગ ગાવાની આજ્ઞા કરી.

બપોરનો સમય હતો. ગવૈયાઓ વિચાર કરવા લાગ્યા કે, 'ભૈરવી તો સવારમાં ગવાય, પણ આમને રાગની ખબર નહી હોય ?' વગેરે મનમાં તર્ક કરવા લાગ્યા. પરંતુ સ્વામી તો શ્રીહરિની આજ્ઞા મુજબ સારંગીના સૂરનો સાથ મીલાવીને ગાવા લાગ્યા. **'દરશ બિના મોરે તરસત નૈન...'** એ ગીત જેમ જામતું ગયું તેમ બપોર સમયે પણ સૌને પ્રભાત લાગવા માંડ્યું અને બપોરની ભૂખ સૌની ભાંગી ગઈ, મંગળા આરતીનો મંગલ સમય દેખાવા લાગ્યો, મંદ શીતળ પવન વહેવા લાગ્યો. આ પ્રમાણે પ્રેમાનંદસ્વામીનું આશ્ચર્યકારી સંગીત સાંભળી ગવૈયાઓ મહા વિસ્મય પામ્યા. પછી શ્રીહરિ તથા પ્રેમાનંદસ્વામીની બહુ પ્રશંસા કરીને કહ્યું કે, **"નવાબે જે વાત કરી હતી તે સાચી છે."** એમ કબુલ કરી પોતાને ઘેર ગયા.

એક સમયે સ્વામીના પૂર્વાશ્રમના પિતા સુરજરામ વિપ્ર ટેલ નાંખતાં ગઢપુર આવી ચડ્યા. ગામમાં બે-ત્રણ દિવસ ટેલ નાંખી ત્યારે તેમને કોઈએ કહ્યું કે, "ભૂદેવ ! આમ નકામા આંટા માર્યે તમારું કાંઈ નહી વળે. આ ગામમાં દાદા ખાચરના દરબારમાં પ્રગટ ભગવાન સ્વામિનારાયણ બિરાજે છે. ત્યાં જાઓ તો તમારો આંટો સફળ થઈ જશે."

પછી તે વિપ્ર દાદા ખાચરના દરબારમાં આવ્યા. ત્યારે વિ.સં. ૧૮૮૦ના મહાવદ ૧૪નો દિવસ હતો. તે વખતે શ્રીહરિ ઉગમણાબારના ઓરડાની ઓસરીએ બિરાજ્યા હતા. શ્વેત વસ્ત્રો ધાર્યા હતા. કંઠમાં તુલસીની નવી કંઠીઓ ને પુષ્પના હાર ધાર્યા હતા. પાઘમાં પીળા પુષ્પનો તોરો શોભતો હતો. સંત તથા દેશદેશના સત્સંગીની મોટી સભા ભરાઈને બેઠી હતી. તે સભામાં વિપ્ર સુરજરામ આવ્યા. શ્રીહરિજીને પગે લાગ્યા. શ્રીહરિએ પ્રેમથી પૂછ્યું કે, "બ્રહ્મદેવ, ક્યાં રહો છો ?" તો કહે, "પ્રથમ તો હું ઓગાન ગામમાં રહેતો. હમણાં ઘણા વખતથી અમદાવાદમાં રહું છું." શ્રીહરિ કહે, "શું કરો છો ? ને કેટલું ભણ્યા છો ?" ત્યારે તેમણે કહ્યું કે, "ટેલ નાખીને ગુજરાન કરું છું. બહુ ભણ્યો નથી, પણ દેવીના ગરબા બહુ સારા આવડે છે. તે ગાઈને લોકોને રાજી કરું છું." ત્યારે શ્રીજીમહારાજ કહે, "તે ગરબો અમને સંભળાવો." ત્યારે તે કહે, "મહારાજ ! તે તમારે સાંભળવા જેવો નથી. તેમાં તો દેવીનું સર્વોપરીપણું આવે." શ્રીજીમહારાજ કહે, "ભલે આવે, પણ અમારે સાંભળવો છે." પછી તેઓ ગરબો બોલ્યા કે,

માજી તારું મુખડું જોઈને આજ, મરોડ મટ્યો ચંદનો રે લોલ;
માજી તારું મુખડું જોવાને કાજ, આવે છે કુંવર નંદનો રે લોલ.
માજી તારા ગુણસાગરનો પાર, પામે નહીં શેષજી રે લોલ;

આ આખો ગરબો સાંભળીને શ્રીહરિ બોલ્યા કે, "બ્રહ્મદેવ ! તમે તો ગરબો બહુ સારો ગાયો." એ પછી શ્રીહરિએ સંતોને કહ્યું કે, **"આમાં દેવીનો સર્વોપરી મહિમા કહ્યો છે એમ અમારો સર્વોપરી મહિમા તો તમે કોઈએ ગાયો જ નહીં."** ત્યારે મુક્તમુનિ બોલ્યા, "એમ કેમ કહો છો ? અમે તો તમારો સર્વોપરી મહિમા જ ગાઈએ છીએ." તેવામાં પ્રેમાનંદસ્વામી બોલ્યા કે, "મહારાજ ! આજ્ઞા આપો તો આપના મહિમાના પદો હું ગાઉં." ત્યારે મહારાજ કહે, "ગાઓ." એ પછી સ્વામી ગાવા લાગ્યા,

વંદુ સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ.
જેને ભજતાં છૂટે ફંદ, કરે ભવ પારને રે લોલ.

એ આઠ પદ ગાયાં. તેને સાંભળીને શ્રીહરિજી બોલ્યા જે, “બહુ સારાં કીર્તન ગાયાં. આ કીર્તન સાંભળીને તો અમારા મનમાં એમ વિચાર થયો જે આવી રીતે એને ભગવાનની મૂર્તિનું ચિંતવન છે. માટે એ સાધુને ઊઠીને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરીએ. અને જેને ઘેર આવા પુરુષે જન્મ ધર્યો તેનાં માતા-પિતા પણ કૃતાર્થ થયાં જાણવાં.”

પછી મહારાજે સુરજરામને કહ્યું, “બીજું કોઈ પદ આવડે છે ? આવડતું હોય તો ગાવો.” તેથી સુરજરામે બીજી ગરબી ઉપાડી

મા પાવા તે ગઢથી ઉતર્યા, મહાકાળી રે.

ગરબી પૂરી થતાં જ મહારાજે પ્રેમાનંદસ્વામીને તે રાગનું કીર્તન ગાવા કહ્યું. તરત જ સ્વામીના કંઠમાંથી કાવ્યની સરવાણી વહેવા લાગી.

પુરુષોત્તમ પુરુણ બ્રહ્મ, સહજાનંદસ્વામી;
જેને ભજતાં છૂટે કર્મ, સહજાનંદસ્વામી.

એમ સ્વામીએ ગરબીના આઠ પદો ગાયા. તેમના પર શ્રીહરિની પ્રસન્નતાનો પાર ન રહ્યો. પછી શ્રીહરિએ સુરજરામને પૂછ્યું, “આ પ્રેમાનંદસ્વામીને તમે ઓળખો છો ? ” ત્યારે તેણે કહ્યું કે, “હું ઓળખતો નથી.” ત્યારે શ્રીહરિએ કહ્યું કે, “તમારે કોઈ સંતાન છે કે નહીં ?” ત્યારે સુરજરામનું મુખ પડી ગયું ને દુઃખી સ્વરે કહ્યું કે, “હે નાથ ! ભગવાને એક બાળક આપેલો, પણ ખોટી શંકા થવાથી એને મેં તજી દીધો. પરમેશ્વરનું એક દાન શંકાને કારણે પાછું ઠેલ્યું પછી બીજું પુત્રદાન કેમ મળે ? માટે હું નિઃસંતાન છું.” એમ કહેતાં જ સુરજરામની આંખો આંસુથી ભરાઈ ગઈ.

શ્રીહરિએ કહ્યું, “તજી દીધેલા એ બાળકને તમે ઓળખો ખરા ?” સુરજરામે કહ્યું, “ચહેરો તો કેમ કરી ઓળખું ? પરંતુ ત્રણ દિવસના એ નાના બાળને તજતા પહેલા મેં કુતૂહલથી તેના હાથ-પગની રેખાઓ જોઈ હતી. તેના હાથમાં ધ્વજ અને ચંદ્ર તથા ચરણમાં ઉર્ધ્વરેખા હતી એટલું યાદ છે.” શ્રીહરિએ કહ્યું, “આ પ્રેમાનંદસ્વામીના હાથ-પગની રેખા તમે જુઓ તો !”

સુરજરામે સ્વામીના હાથ-પગની રેખા જોઈ. હાથમાં ધ્વજ અને ચંદ્ર તથા ચરણમાં ઉર્ધ્વરેખા અને ભાલમાં ઉન્નત ભાગ્યરેખા જોઈ સુરજરામની મતિ મુંજાઈ ગઈ, 'શું આ મારો જ બાળક હશે..?!' કોઈ નિર્ણય ન કરી શક્યા તેથી ધીરે રહી કહ્યું, "હે મહારાજ ! કાંઈ સમજ્યામાં આવતું નથી. કેમ જે, તજી દીધેલો નાનો બાળ જીવતો ક્યાંથી હોય..?! પરંતુ રેખાઓ જોતા તો એ જ લાગે છે. માટે આપ જ કૃપા કરી સત્ય વાત કહો."

પછી શ્રીજીમહારાજે પ્રેમાનંદસ્વામીના જન્મની પૂરેપુરી વિગત તેને ઓળખાણ સાથે કરાવી કે, "આ પ્રેમાનંદસ્વામી તમારા પુત્ર છે અને આ મુક્તાનંદસ્વામી એ તમારા મોટાભાઈ આણંદરામભાઈના પુત્ર છે." તે સાંભળીને સુરજરામની આંખો ભીંજાઈ ગઈ ને શ્રીહરિનાં ચરણમાં પડીને પોતાની થયેલ ભૂલની કબૂલાત કરી. પોતાનો પુત્ર જીવતો છે અને પ્રગટ શ્રીહરિનો સંત બનેલો છે તેવું જાણી મનમાં ખૂબ આનંદ પામી બોલ્યા, **"હે મહારાજ ! તમે મારી પ્રથમની બધી જ વાત કહી બતાવી, માટે તમે તો સાક્ષાત્ અંતર્યામી પરમેશ્વર છો. મને પૂર્વનાં પાપથી મુક્ત કરજો અને અંત વખતે મારી સંભાળ લેજો."** પછી શ્રીહરિજીએ તેમને પોતાના આશ્રિત બનાવ્યા ને આજ્ઞા કરી કે, "આજથી **'સ્વામિનારાયણ'** એ નામનો જપ કરજો. અંત સમયે હું તમારી સંભાળ લઈશ."

ત્યારબાદ શ્રીહરિએ તેમને મિષ્ટાન્ન જમાડીને ઘણું દ્રવ્ય આપી પ્રસન્ન કર્યા. પછી વિપ્ર સુરજરામ શ્રીજીમહારાજને તથા પ્રેમાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી વિગેરે સંતોને પગે લાગીને પોતાને ઘેર ગયા. થોડા દિવસો પછી મહારાજ તેને દર્શન આપી પોતાના ધામમાં તેડી ગયા. આવા શ્રીહરિ મહા દયાળુ છે.

એકવાર શ્રીહરિ પ્રેમાનંદસ્વામીને સાથે લઈ ઘેલાના ઘાટે સ્નાન કરવા ગયા. **સ્વામીનો હાથ પકડી હરિવરે ઘેલામાં સ્નાન કર્યું.** પછી કાંઠે સભા ભરાણી. પ્રેમાનંદસ્વામી પાસે શ્રીહરિએ કીર્તન-ભક્તિ કરાવી. તે સમયે આકાશમાં અનંત દેવતાઓ તે ભક્તિ-સંગીત સાંભળવા પધાર્યા.

નારદજી અને તુંબરું વગેરે પણ આવ્યા. સ્વામીનું સંગીત સાંભળી તેમનો ગર્વ ગળી ગયો. **સ્વામી કીર્તન-ભક્તિમાં ગુલતાન બની દેહનું ભાન ભૂલી ગયા.** આવો તેમનો વિશુદ્ધ ભાવ જોઈ શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

તે સમયે નારદજીએ પ્રત્યક્ષ આવી શ્રીહરિને કહ્યું, "હે પ્રભુ ! દેવોના ગાયકરૂપે રહેલા એવા મેં આવું સંગીત પહેલા ક્યારેય કોઈની પાસે સાંભળ્યું નથી, તો બીજાઓએ તો સાંભળ્યું જ ક્યાંથી હોય ?!" ત્યારે શ્રીહરિ કહે, "હે નારદ ! આ પ્રેમાનંદમુનિએ પૂર્વે અતિ હર્ષથી મારી ઘણી જ આરાધના કરી હતી. હું જ તેમને વરદાન આપવા ગયો હતો અને મારા તે વરદાનને કારણે તેમને આવો મારામાં ગાઢ પ્રેમ છે, ભક્તિ છે. કેમ જે, **મારાં ચરણની સેવા કરનારા માટે શું દુર્લભ હોય ?!"** શ્રીહરિનાં આવાં વચન સાંભળી તમામ દેવો રોમાંચિત થઈ ગયા. પછી શ્રીહરિ અને સ્વામીને વંદન કરી પોતપોતાને સ્થાને ગયા.

પછી શ્રીહરિ કહે, "પ્રેમમૂર્તિ આ સંત સાથે અમે આંહીં સ્નાન કર્યું તેથી આ ઘાટનું **'પ્રેમાનંદઘાટ'** નામ પડશે. જે કોઈ અહીં સ્નાન કરી, અમારી મૂર્તિ સંભારી કીર્તન-ભક્તિ કરશે, સંગીતના વાજિંત્રોનું દાન કરશે તેમને મારું અખંડ સાનિધ્ય મળશે; તેના તમામ મનોરથો પૂર્ણ થશે. જેમ ગરૂડ આવતા જ સર્પો ભાગી જાય છે, તેમ ભક્તિપૂર્વક અહીં કોઈ સ્નાન કરશે તેના તમામ દોષો નાશ પામશે.

પ્રેમાનંદસ્વામીનો પ્રેમ અને કવિત્વશક્તિ અદ્‌ભુત હતી. જ્યારે શ્રીહરિ દાદા ખાચરને પરણાવવા ભટવદર જતા હતા. ત્યારે બારપટોળી ગામના પાદરે પીપળાના વૃક્ષ નીચે બપોરે રોકાયા. ત્યાં એક ભરવાડ ઝાડ પર ચડી મસ્તીથી લલકારતો હતો.

જાંબુડે જાઈશ મા ઘાયલ જાંબુડે જાઈશ મા;
જાંબુડે જા'તો ઘાયલ, જાંબુડા ખાઈશ મા.

આ રાગ સાંભળી શ્રીહરિ પ્રેમાનંદસ્વામીને કહે, "સ્વામી ! આ રાગ અમને બહુ જ ગમે છે. મહારાજની મરજીને પળવારમાં પરખી જનારા

પ્રેમાનંદસ્વામી સમજી ગયા અને તરત જ સ્વામીએ શ્રીહરિની મૂર્તિ હૈયામાં ધારી કીર્તન ઉપાડ્યું –

સોનેરી મોળિયું સુંદર, સોનેરી મોળિયું; સોનેરી મોળિયું, ધર્મકુંવરનું.

વળી, એકવાર શ્રીહરિ ગઢપુરમાં અક્ષર ઓરડીમાં બિરાજતા હતા. પ્રેમાનંદસ્વામી પાસે બેઠા હતા. તે સમયે જીવુબા, લાડુબા, રાજબા વગેરે બહેનો મહારાજ પાસે આવ્યા અને પ્રશ્ન કર્યો જે, "હે નાથ ! તમે ધામમાંથી શા માટે અહીં પધાર્યા છો ? તે અમને કહો." મહારાજે તેનો જવાબ આપ્યો. પ્રેમાનંદસ્વામીએ મહારાજની મૂર્તિ તથા તે વાતને કાળજામાં કોરી લીધી.

આ વાત કાવ્યમાં લખવાનું સ્વામી વિચારતા હતા. પરંતુ કેવી રીતે લખવું ? તે પ્રશ્ન હતો. સ્વામીના અંતરની જાણે અંતર્યામી શ્રીહરિ એકવાર સામે ચાલી તેમની ઓરડીએ પધાર્યા. તરત જ હલકતા હૈયાના શબ્દો મુખમાંથી સરી પડ્યા.

આજ મારે ઓરડે રે, આવ્યા અવિનાશી અલબેલ.

આ રીતે પોતાની ઓરડીએ પધારેલા પ્રિયતમ શ્રીહરિનાં સ્વરૂપનું વર્ણન બે પદમાં લખ્યું. ત્યાં મોટીબા આગળ મહારાજે નિજસ્વરૂપની વાત કરેલી તે યાદ આવી. તે કેમ લખવું..? એ વિચારમાં હતા ત્યાં પંક્તિનો સમય થયો. સ્વામી ઠાકોરજીનો પ્રસાદ લેવા પધાર્યા. ત્યાં પ્રેમીના કોડને પૂરનારા લાડકવાયા શ્રીહરિએ આવી બે પદ એ જ ઢાળમાં લખી નાખ્યા.

બોલ્યા શ્રીહરિ રે, સાંભળો નરનારી હરિજન.

આ પ્રેમાનંદસ્વામીની જીવનમૂડી જેવી સ્મૃતિ હતી. એકવાર તેમણે અહો ભાવ સાથે આ વાત નિષ્કુળાનંદસ્વામીને કરેલી. જેથી પ્રેમાનંદ સ્વામીની પ્રેમભક્તિના દર્શન કરાવતા આ પદો સત્સંગમાં અમર બન્યા.

શ્રીહરિ સ્વધામ જવા તૈયાર થયા ત્યારે દિલગીર હૃદયે જીવુબાએ મહારાજને પ્રાર્થના કરતા કહ્યું, "હે નાથ ! આપના અંતર્ધાન થયા પછી મારે ભોજનનો થાળ કોને જમાડવો ?" ત્યારે કરુણાભીના હૃદયે શ્રીહરિએ

કહ્યું, “હે મોટીબા ! આપ દિલગીર ન થાઓ. અત્યારની જેમ જ નિત્ય ઠાકોરજી માટે થાળ તૈયાર કરજો. અને પ્રથમ ગોપીનાથજી મહારાજને જમાડીને તે પ્રસાદી આ પ્રેમાનંદસ્વામીને જમાડજો, પછી તમે જમજો.” આ આજ્ઞા મુજબ શ્રીજીમહારાજ સ્વધામ ગયા બાદ મોટીબા કાયમ દેવોને થાળ ધરાવી પ્રથમ પ્રેમાનંદસ્વામીને પ્રસાદીનો થાળ જમાડ્યા પછી જ જમતા.

શ્રીજીમહારાજ સ્વધામ ગયા પછી પ્રેમાનંદસ્વામી ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજ પાસે વિરહના પદો ગાતા. શ્રીહરિ પાસે સ્વામી જ્યારે પ્રેમથી સંગીત સાથે કીર્તન ગાતા ત્યારે મહારાજ ખસતાં ખસતાં સ્વામી પાસે પહોંચી જતા ને સ્વામી સાથે તાલ લેતા.

ક્યારે હવે દેખું રે હરિ હસતા;
પ્રેમાનંદ આગે ગાયે જ્યારે આવે ઓરા ઓરા ખસતા.

આ પદ પુરું થતાં સ્વામીની આંખમાં અશ્રુની ધારા વહેતી. તે સમે મૂર્તિમાંથી શ્રીજીમહારાજ પ્રગટ થઈ પ્રેમાનંદસ્વામીને પ્રેમથી હાર પહેરાવતા અને ભાવથી ભેટતા ને કહેતા કે, **“હું ગયો નથી, આ મૂર્તિમાં અખંડ રહ્યો છું.”**

શ્રીજી સ્વધામ ગયા પછી એક પ્રસંગે સ્વામી વડતાલ કાર્તિકી સમૈયામાં આવ્યા હતા. તે પ્રસંગે એક સત્સંગી ત્યાં હાજર હતા. તેમણે વાત કરેલી કે, તે સમૈયામાં વીસ હજાર સત્સંગીઓ આવ્યા હતા. મંદિરની પાછળના ચોકમાં મંડપ બાંધ્યો હતો. તેમાં મંચ ઉપર બેસીને સ્વામીએ પોતાના સિતાર અને સારંગી સાથે **‘સજની શ્રીજી મુજને સાંભર્યા રે...’** એ પદો ગાયા હતા. જેમ જેમ સ્વામીના સૂરની ગતિ વધતી ગઈ તેમ તેમ ત્યાં બેઠેલા-ઊભેલા શ્રોતાઓનાં હૃદય ચિરાવા લાગ્યાં અને સૌના નેત્રોમાંથી અશ્રુઓ વહેવા લાગ્યા હતા. ચારેય પદ પૂર્ણ થયા ત્યાં તો સ્વામી પણ નિશ્ચેષ્ટ થઈને પૃથ્વી ઉપર ઢળી પડ્યા હતા. તે સભામાં એક પણ વ્યક્તિ એવો ન હતો કે જેની આંખોમાં આંસુ ન હોય. આમ પ્રેમાનંદસ્વામીએ પોતાના હૈયામાં ઉભરાતા પ્રેમરૂપી પ્રવાહમાં સહુને સ્નાન કરાવી પરાભક્તિથી તરબોળ કર્યા હતા.

એ જ પદોના સંબંધમાં કવિ દલપતરામભાઈની નોંધ પણ આ પ્રમાણેની છે. તેમને સ્વામીનો મેળાપ થયો હતો. સન્ ૧૮૬૧માં કવિ દલપતરામે લખેલ **'બુદ્ધિપ્રકાશ'** ગ્રંથમાં પ્રેમાનંદસ્વામીના જીવન વિશે તેમણે લખ્યું કે, "અમદાવાદમાં ભરાયેલા એક સમૈયામાં પ્રેમાનંદસ્વામીએ શ્રીજીના વિરહમાં **'સજની શ્રીજી મુજને સાંભર્યા રે...'** એ ગરબીઓ એવા ભાવ સાથે ગાઈ હતી કે ત્યાં એકઠા થયેલા હજારો સત્સંગીઓનાં નેત્રોમાંથી અશ્રુપ્રવાહ વહ્યો હતો, ને સ્વામીનો કંઠ પણ રૂંધાઈ ગયો હતો, તથા પોતે પણ પૃથ્વી ઉપર ઢળી પડ્યા હતા. એવો હતો એમનો નિષ્કામ પ્રેમ !! આવા પ્રેમે જ તેમનું **'પ્રેમસખી'** નામ સાર્થક કર્યું હતું.

પ્રેમાનંદસ્વામીએ સમય સમય પ્રમાણેનાં અસંખ્ય પદો રચ્યાં છે. જેમાંથી આપણે આ ગ્રંથમાં : (૧) ધ્યાનમંજરી (૨) વિવેકસાર (૩) શિક્ષાપત્રી (દોહાવલી) (૪) સર્ગનિસરણી (૫) ચોવીસ એકાદશી માહાત્મ્ય (૬) ઉન્મત્તગંગા માહાત્મ્ય (૭) શ્રીમદ્ભાગવત માહાત્મ્ય (૮) સત્યભામાનું રુષણું (૯) ગોપીનાથજીનો ગરબો (૧૦) શિવજીનો ગરબો (૧૧) શ્રીહરિસ્વરૂપધ્યાનસિદ્ધિ(પદ-૩૦). આટલા સ્વામીના અપ્રસિદ્ધ ગ્રંથોનો આમાં સમાવેશ કરાવેલો છે. તુલસી વિવાહનાં પદો તેમજ અન્ય પદો શ્રીસ્વામિનારાયણ મંદિર ભૂજ દ્વારા પ્રકાશિત થયેલ પ્રેમાનંદકાવ્ય ભાગ-૧ અને ૨માં ચાર હજારને આશરે પદો પ્રસિદ્ધ થયાં છે. હજુ સ્વામીનાં ઘણાંક અપ્રકાશિત પદો પણ છે.

સ્વામીશ્રીએ પોતાની છેલ્લી ઉંમરમાં સં.૧૯૧૦, ચૈત્ર વદ અમાસ, ગુરુવારે ગઢપુરમાં રચેલો ગ્રંથ એટલે **'ધ્યાનમંજરી.'** જેમાં કુલ ૯૨૭ દોહા, સોરઠા ને છંદ-છપઈ છે. (૧૬) 'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર.' આ ગ્રંથના ૬૮ અધ્યાય છે. ૩૮૫૭ દોહા-છંદ છે. સં.૧૯૧૧, કારતક વદ એકાદશી, સોમવારે ગઢપુરમાં દાદાખાચરના દરબારમાં આ ગ્રંથ પુરો થયો છે.

આ સમયમાં ગઢપુરમાં કોઠારી પદે પરમાનંદસ્વામી હતા. મંદિરનો આર્થિક વ્યવહાર ચલાવવો મુશ્કેલ હતો તેથી તેમણે રઘુવીરજી મહારાજને

આ વાત જણાવી. તેથી રઘુવીરજી મહારાજે ભાલ પ્રાંતના અણિયાળા ગામના મોઢ વણિક પુંજા શેઠને કહ્યું, "તમો ગઢપુર મંદિરનો વહીવટ કરવા જાવ." મોટા સંતો તથા આચાર્યશ્રીની ઇચ્છા જાણી પુંજા શેઠ પોતાની પાસે રહેલ તમામ મૂડી લઈ ગઢપુર આવ્યા. તન, મન, ધન સર્વસ્વ શ્રીહરિને સમર્પણ કરી ત્યાં જ રહ્યા. મંદિરની સેવામાં લાગી ગયા. હૃદયની શુદ્ધ ભાવના અને મોટા સંતોની કૃપાથી વહીવટીય ક્ષેત્રે ઘણો સુધારો થયો.

પરંતુ, અમુક સમય બાદ સંતસમાજમાં પરસ્પરની એકબીજાની મોટાઈ સહન ન કરી શકનાર, ઈર્ષાદિક દોષથી ઘેરાયેલ અમુક સંતોએ કોઠારી પુંજા શેઠને ચડાવ્યા કે, "અમો સહુ પંક્તિમાં સાથે જમીએ છીએ અને પ્રેમાનંદસ્વામી પોતાનાં આસને નિત્ય એકલા જમે છે. ગોપીનાથજી મહારાજનો થાળ પ્રથમ તેમને આસને પહોંચાડવામાં આવે છે. એકલા જમવું તે સાધુ માટે સ્વાદ કહેવાય અને સત્સંગની પ્રથાથી વિરુદ્ધ કહેવાય, માટે તે બંધ કરાવો તો સારુ."

થોડા દિવસો બાદ પુંજા શેઠ પ્રેમાનંદસ્વામીને એકાંતમાં મળ્યા અને તેમને પૂછ્યું કે, "તમો નિત્ય આસને એકલા જમો છો ?" સ્વામીએ સહજ સ્વભાવે કહ્યું, "હા, મોટીબા દયા કરીને થાળ મોકલાવે છે ને હું જમું છું." એટલે કોઠારી શેઠ કહે, "સ્વામી, તમારી વાત સાચી પણ સાધુ માટે એકલા જમવું તે બરાબર ન કહેવાય. માટે હવેથી તમારે પંક્તિમાં આવી જમી લેવું. કાલથી તમારે આસને થાળ નહીં આવે." સ્વામી કાંઈ બોલ્યા નહીં. શેઠ આટલું કહી ચાલ્યા ગયા.

બીજે દિવસે નિત્યના ક્રમ મુજબ મોટીબાએ થાળ મોકલ્યો, પરંતુ પ્રેમાનંદસ્વામીએ જમવાની ના કહી એટલે થાળ પાછો ગયો. સેવકોએ મોટીબાને કહ્યું, "આજે સ્વામી ન જમ્યા." મોટીબાએ તેનું કારણ તપાસ્યું તો સમાચાર મળ્યા કે કોઠારીશ્રીએ સ્વામીને આસને જમવાની ના કહી છે તેથી જ જમ્યા નથી. એટલે મોટીબા નારાજ થયા અને સહજ બોલ્યા, "પુંજો એટલે કચરો... તેને આ બાબતમાં શું ખબર પડે ? એ તો હમણે આવ્યા

છે અને મને તો મહારાજ ધામમાં ગયા ત્યારે આજ્ઞા કરતા ગયા છે કે, પ્રેમાનંદસ્વામીને જમાડીને જમજો." આટલું બોલી મોટીબા મૌન રહ્યા. તે દિવસે સ્વામી અને મોટીબા બન્નેને ઉપવાસ થયા. રાત્રે ખબર મળતા પુંજા શેઠ બન્ને પાસે ગયા, માફી માગી, સમાધાન કર્યું. પરંતુ નિત્ય વહાલાના વિરહે ઝૂરતા પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીને હવે જગત ઝેર બની ગયું, દેહ અને દુનિયા વેરાન વન જેવી લાગવા મંડી.

'શ્રીહરિકૃષ્ણનારાયણચરિત્ર' ગ્રંથ પૂરો થયા બાદ ચોથે દિવસે સં.૧૯૧૧ના કારતક વદ-૩૦ને દિવસે સવારે ૧૦.૦૦ વાગે સ્વામી બોલ્યા : **"આ મહારાજ અનંત મુક્તો સાથે મને તેડવા આવ્યા છે. હું હવે સદા શ્રીહરિની સેવામાં જાઉં છું."** એમ કહી આંખો મીંચી ગયા. આશરે ૭૫ વર્ષની ઉંમરે ભૌતિક દેહનો ત્યાગ કરી, દિવ્ય દેહ ધરી અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા. હાજર રહેલા ઘણા સંતો-ભક્તોને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થયાં. આમ સ્વામીશ્રી ગઢપુરમાં જ અક્ષરવાસી થયા હતા. આવા વિપુલ સાહિત્યનું સર્જન કરનાર પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામીનાં શ્રીચરણોમાં કોટી કોટી વંદના...

– સ્વામી જ્ઞાનજીવનદાસના
અતિ ભાવથી જય સ્વામિનારાયણ

અનુક્રમણિકા

ક્રમ	વિષય	પાન નં.

॥ मम इष्टदेव श्रीसहजानन्दस्वामीने नमो नमः ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

શ્રીહરિધ્યાનમંજરી

।। अथ श्रीहरिध्यानमञ्जरी लिख्यते ।।

દોહા : સર્વધામના ધામી પ્રભુ, શ્રીહરિ સુખાકાર;
સર્વોપરી અવતારીને, વંદું હું વારંવાર...૧

વાલા મુક્ત આપના, પ્રેમસખી પ્રેમાનંદ;
વંદન કરી હું એમને, પામું અતિ આનંદ...૨

શ્રીહરિ ધ્યાન મંજરી, લખ્યો સ્વામીએ ગ્રંથ;
સર્વે મુમુક્ષુ જીવનો, ઉજાળ્યો મોક્ષપંથ...૩

સમરી હરિ હૃદયમાં, પુરુષોત્તમ પરાત્પર;
પ્રેમાનંદ કૃત ગ્રંથનું, કરું છું ભાષાંતર...૪

રાજી થાજો વ્હાલા હરિ, સ્વામી પ્રેમાનંદ મન;
સંતો-ભક્તો રાજી થાજો, માંગુ હું જ્ઞાનજીવન...૫

પ્રકાશ : ૧

પ્રગટ ચરિત્ર કથન

(પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ મહાપ્રભુના અતિ પ્યારા અક્ષર-મુક્ત સદ્‌ગુરુ સંત શ્રીપ્રેમાનંદસ્વામી શ્રીહરિધ્યાનમંજરી ગ્રંથને લખતા થકા પ્રથમ પોતાના ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામીને વંદના કરવારૂપ મંગલાચરણ છ દોહા સુધી કરે છે.)

दोहा : वंदु धर्मसुत चरनरज, करन अमंगल दूर ।
हरन सकल संताप दुःख, शरणागत सुखपूर ।।१।।

સર્વે અમંગલને દૂર કરનારા, સકળ સંતાપ તથા દુઃખને નાશ કરનારા, શરણે આવેલા જીવોને સર્વે સુખો આપીને સુખી કરનારા; એવા ધર્મદેવના પુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરણની રજને હું પ્રેમાનંદસ્વામી વંદન કરું છું. ।।૧।।

सर्वोपरि अक्षर वर, ता मही अति रमनीय ।
रत्न सिंहासन उपरे, राजत वर कमनीय ।।२।।

સર્વોપરી, સર્વે ધામોમાં શ્રેષ્ઠ એવા પોતાના અક્ષરધામમાં અતિ રમણીય રત્નના સિંહાસન ઉપર અતિશય રૂપાળા એવા શ્રીહરિજી બિરાજમાન છે. એમને હું વંદન કરું છું. ।।૨।।

ब्रह्मरूप महामुक्त मिलि, नीरखत बदनसरोज ।
ले षोडश उपचार कर, पूजत पदअंभोज ।।३।।

બ્રહ્મરૂપ એવા મહામુક્તો મળીને એ પુરુષોત્તમનારાયણના વદન-કમળનું નિરખીને દર્શન કરે છે તથા સોળ પ્રકારની પૂજન સામગ્રી લઈને પરમાત્માનાં ચરણકમળનું પૂજન કરે છે; એવા શ્રીહરિને હું વંદન કરું છું. ।।૩।।

अगनित गुन कल्याणमय, मंडित विग्रह जास ।
दया नेह पूरित नयन, शोभा शील निवास ।।४।।

ગણાય નહિ એટલા કલ્યાણમય ગુણોથી જે શ્રીપુરુષોત્તમની મૂર્તિ શોભાયમાન છે, જેમનાં નેત્રોમાં દયા તથા સ્નેહ ભરેલાં છે તથા જે શ્રીહરિજી શોભા તથા સદ્સ્વભાવના-ચારિત્ર્યના નિવાસરૂપ છે; એમને હું વંદન કરું છું. ।।૪।।

अखिल भुवन कारन उभय, माया-पुरुष सुजान ।
तास नियंता प्रेरक, धर्मकुंवर भगवान ।।५।।

અનંત કોટિ બ્રહ્માંડના કારણ અને સર્વજ્ઞ એવા જે મહાપુરુષ તથા મહામાયા; આ બંનેના પ્રેરક તથા નિયંતા એવા ધર્મકુંવર ભગવાન શ્રીઘનશ્યામ મહારાજને હું વંદન કરું છું. ।।૫।।

प्रगट भये जनतारन, मारन मन्यु काम ।
धर्मकुंवर वर वरद शुभ, सत चिद आनंद नाम ।।६।।

અક્ષરધામનિવાસી એવા જે સર્વોપરી પુરુષોત્તમનારાયણ તે સં.૧૮૩૭ના ચૈત્ર સુદ નવમી તિથિએ છપૈયા ગામમાં ધર્મ-ભક્તિ થકી જીવાત્માને સંસૃતિથી ઉદ્ધારવા માટે પ્રગટ થયા. જેઓએ કામ-ક્રોધાદિ શત્રુઓનો નાશ કર્યો તથા (મારા શરણે આવેલા સર્વેને અંતકાળે હું પોતે તેડવા આવીને મારા અક્ષરધામમાં લઈ જઈશ. એવું) શ્રેષ્ઠ વરદાન આપ્યું અને જેમનું સત્, ચિત્ અને આનંદ કહેતા સચ્ચિદાનંદ એવું શુભ નામ છે; એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનને હું વંદન કરું છું. ।।૬।।

(હવે આ સાતમા દોહામાં પ્રેમાનંદસ્વામી પ્રભુજી પાસે અનુપમ એવી ભક્તિની માંગણી કરે છે.)

दीजे नाथ दया करी, श्री स्वामी सुखकंद ।
भक्ति चरन अनुपायिनी, मागत प्रेमानंद ।।७।।

સર્વે સુખના મૂળ એવા શ્રીસહજાનંદસ્વામી ! હે નાથ ! મારા ઉપર દયા કરી આપનાં ચરણકમળની કદિ નાશ ન પામે એવી અનુપમ ભક્તિ આપો; એવું હું પ્રેમાનંદ માંગું છું. ।।૭।।

(હવે આ આઠમા દોહામાં ગ્રંથકાર ગ્રંથનો આરંભ કરતા ગ્રંથ લખ્યાનો હેતુ જણાવે છે.)

यथामति आदर करुं, लखुं ग्रंथ सुखरूप ।
'ध्यानमंजरी' ध्यानहित, पावन परम अनूप ।।८।।

હું પ્રેમાનંદ મારી મતિ અનુસાર સુખરૂપ એવા ગ્રંથને લખવાનો આદર કરું છું. આ ગ્રંથનું નામ મેં **'શ્રીહરિધ્યાનમંજરી'** રાખ્યું છે. શ્રીહરિના આશ્રિતજનોને શ્રીહરિનું ધ્યાન થાય એ હેતુથી લખું છું. આ ધ્યાનમંજરી પરમ પાવનરૂપ છે અને અનુપ છે. ।।૮।।

(હવે બે છંદમાં શ્રીહરિ નવ રસમય હતા તથા એવાં એવાં કાર્ય કરી નવે રસ પોતે પ્રકટ કર્યા હતા, એ વાત વર્ણવીને સ્તુતિ કરે છે. તેમાં પ્રથમ છંદમાં કરુણારસ, શાંતરસ, હાસ્યરસ, શૃંગારરસ અને વીરરસનું વર્ણન કર્યું છે.)

छंद : हरिगीत

करुनारस बरसाय नेननि, शांत किये जनतानतं ।
हास्य करी हरे प्रान जनमन, श्रीधर्मतनय नमाम्यहं ।।
सिंगार रस करी ग्रहन तन निज, जन सुनयन निवासयं ।
ग्रही बीर हरी तनपीर जनकी, श्रीधर्मतनय नमाम्यहं ।।९।।

(૧) **કરુણારસ :** શ્રીહરિનાં નેત્રોમાંથી સદાય કરુણારસ વરસતો

અને તેથી અનંત જીવો શાંત – વાસના રહિત થઈ જતા. (૨) **શાંતરસ :** શ્રીહરિએ પોતાની કૃપાથી જ કંઈક જીવોને શાંત, કહેતાં વાસના બાળીને સુખી કર્યા. અથવા જે જે શ્રીહરિને શરણે આવી નમ્યા તેને શાંત કર્યા, કહેતાં સર્વે દુઃખ દૂર કરી સુખી કર્યા. એ રૂપ શાંતરસ પ્રગટ કર્યો. (૩) **હાસ્યરસ :** શ્રીહરિ હાસ્ય કરી જનનાં મન અને પ્રાણ હરિ લેતા; એમ હાસ્યરસ પ્રકટ કર્યો એવા શ્રીધર્મપુત્ર શ્રીહરિને હું નમસ્કાર કરું છું. (૪) **શૃંગારરસ :** વળી શ્રીહરિએ શરીરે શૃંગાર ગ્રહણ કરી પોતાના જનનાં નેત્રમાં જેઓએ નિવાસ કર્યો હતો. (૫) **વીરરસ :** વળી શ્રીહરિએ વીરરસ ગ્રહણ કરીને લોકોની સર્વે પીડા નાશ કરી હતી; એવા શ્રીધર્મપુત્ર ભગવાન સ્વામિનારાયણને હું નમન કરું છું. ॥૯॥

(હવે આ છંદમાં બિભત્સરસ, અદ્‌ભુતરસ, રૌદ્રરસ અને ભયાનકરસનું વર્ણન કર્યું છે.)

छंद – हरिगीत

ग्रही बिभछरस भुलाये भूपति, असुर कलिकलुषमयं ।
अद्‌भुत ग्रहीके देखाय आश्चर्य, श्रीधर्मतनय नमाम्यहं ॥
हरि रुद्ररस करी ग्रहन कीन, अधर्मसर्ग उछेदयं ।
भवपीर हरी ग्रहिके भयानक, श्रीधर्मतनय नमाम्यहं ॥१०॥

(૬) **બિભત્સરસ :** શ્રીહરિએ બિભત્સરસ ગ્રહણ કરીને કળિયુગના પાપમય આસુરી ગુરુઓ તથા રાજાઓને ભૂલા પાડ્યા, કહેતાં એની જ વિદ્યામાં ભૂલા પાડી અંદરો અંદર લડાવી નાશ કર્યા હતા. (૭) **અદ્‌ભુતરસ :** શ્રીહરિએ અનેક જીવોને અનેક રૂપે દર્શન દેવા તથા અવતારોને પોતામાંથી પ્રગટ કરવા તથા પોતામાં લીન કરવા; એ આદિક અનેક પરચાઓ આપવારૂપ અદ્‌ભુતરસ ગ્રહણ કરી સહુને અતિ આશ્ચર્ય પમાડ્યા હતા; એવા શ્રીધર્મપુત્ર શ્રીહરિને હું નમસ્કાર કરું છું.

(૮) **રૌદ્રરસ :** શ્રીહરિએ રોદ્રરસ ગ્રહણ કરીને અધર્મસર્ગનો

નાશ કર્યો હતો, અર્થાત્ સર્વે મનુષ્યોમાં રહેલો અધર્મી સ્વભાવ પોતે કોપાયમાન થઈ ટળાવ્યો ને ધર્મ-નિયમ પળાવ્યા હતા. (૯) **ભયાનકરસ :** વળી શ્રીહરિએ જીવોને ભવની પીડા ટળાવવા, તેને સુધારવા યમરાજારૂપે દર્શન દેવાં કે જીવોને જમપુરી-જમદૂત દેખાડી, ભય ઉપજાવીને સદ્ધર્મના માર્ગે લાવી તેની સર્વ ભવની, કહેતાં જન્મ-મરણની પીડા ટાળીને મોક્ષ કર્યો – એ રૂપ ભયાનકરસ ગ્રહણ કર્યો હતો; એવા શ્રીધર્મપુત્ર શ્રીહરિને હું નમન કરું છું. ॥૧૦॥

(હવે સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી પોતાના ઈષ્ટદેવ પ્રગટ પુરુષોત્તમ-નારાયણનો અતિશય ઉત્કર્ષ ઈચ્છતા થકા દાસધર્મને અનુરૂપ ચાર છંદમાં જયઘોષ કરે છે.)

छंद – छपय (जयघोष)

जे जे श्रीभक्तिनंदनकी, जे जे अखिल जगवंदनकी ।
जे जे धर्मसुतलालकी, जे जे स्वजन प्रतिपालकी ॥११॥

जे जे श्रीअक्षरनिवासिकी, जे जे अखंडसुखराशीकी ।
जे जे करुनामय लोचनकी, जे जे स्वजन भवमोचनकी ॥१२॥

શ્રીભક્તિનંદનનો જય થાઓ. તથા અખિલ જગતને વંદના કરવા યોગ્ય ધર્મપુત્ર શ્રીહરિજીનો જય થાઓ, જય થાઓ. તથા પોતાના આશ્રિત જનોનું પ્રતિપાલન કરનારા અને સદા અક્ષરધામના નિવાસી એવા પ્રગટ પ્રભુનો જય થાઓ, જય થાઓ. તથા જે શ્રીહરિ અખંડ સુખનો રાશી છે, વળી જેમનાં લોચન સદા કરુણામય છે અને નિજાશ્રિત જનોને ભવદુ:ખમાંથી છોડાવનારા છે; એવા શ્રીહરિનો જય થાઓ, જય થાઓ. ॥૧૧-૧૨॥

जे जे हरि सुखसागरकी, जे जे कृष्ण नटनागरकी ।
जे जे धर्मसुत प्यारेकी, जे जे संतदृगतारेकी ॥१३॥

जे जे अधर्म उच्छेदनकी, जे जे मायिक मतभेदनकी ।
जे जे जगति जयकारीकी, जे जे कृष्ण अवतारीकी ॥१४॥

વળી, સુખના સાગર એવા અનાદિ શ્રીકૃષ્ણ, નટનાગર, મને અતિ પ્યારા, શ્રીધર્મદેવના પુત્ર, સંતજનોની આંખોના તારા; એવા શ્રીહરિનો જય થાઓ અને અધર્મનો ઉચ્છેદ કરનારા તથા માયિક મતવાદીઓનું ભેદન(ખંડન) કરનારા તથા સર્વે જગતમાં જયકારી પ્રવર્તેલા સર્વાવતારી શ્રીહરિનો જય થાઓ, જય થાઓ. ॥૧૩-૧૪॥

(હવે શ્રીહરિનાં છ મંગલકારી નામોને પાપનાશક બતાવી ગ્રંથ રચવા માટે અનુરૂપ જ્ઞાન અને બુદ્ધિની યાચના બે ચોપાઈમાં કરે છે.)

चोपाई :

नाम सच्चिदानंद हरि राई, करुं प्रनाम चरनन चित लाई ।
नारायण हरिकृष्ण कहीजे, नीलकंठ घनश्याम लहीजे ॥१५॥

षडनामावली मंगलकारी, सुमरे सद्य देत अघ जारी ।
सुमरुं चरन हरन अग्याना, देहो ग्यानबुद्धि भगवाना ॥१६॥

હું પ્રેમાનંદસ્વામી શ્રીહરિનાં ચરણમાં ચિત્ત લગાવી પ્રણામ કરું છું. અને (૧) શ્રીસચ્ચિદાનંદ (૨) શ્રીહરિરાય (૩) શ્રીનારાયણ (૪) શ્રીહરિકૃષ્ણ (૫) શ્રીનીલકંઠ અને (૬) શ્રીઘનશ્યામ; એવા પ્રગટ પ્રભુનાં આ છ નામો મંગલકારી છે, સ્મરણ કરતાની સાથે જ તત્કાળ પાપોને બાળી દે છે; માટે આ છ નામોને સમરીને અજ્ઞાન હરનારા એવા શ્રીહરિનાં ચરણકમળનું ધ્યાન કરીને પ્રાર્થના કરું છું કે, હે ભગવાન ! મને ગ્રંથ રચવામાં પ્રકાશ પાડનારું જ્ઞાન તથા બુદ્ધિ આપો. ॥૧૫-૧૬॥

(હવે આ સત્તરમી ચોપાઈમાં વિમલ વાણીની માંગણી કરે છે.)

बसउ नाथ उर करहु प्रकाशा, दहहुं दोष कुरुं कुमति विनाशा ।
प्रेरहुं बानी बिमल सुरभूपा, बरनुं चिंत्य मूर्ति रसरूपा ॥१७॥

હે નાથ ! મારા હૃદયમાં વાસ કરો અને જ્ઞાન-બુદ્ધિનો પ્રકાશ કરો, મારા દોષ બાળો, કુમતિનો વિનાશ કરો. હે દેવાધિદેવ ! હું તમારી રસરૂપ એવી ધ્યેય મૂર્તિનું વર્ણન કરવા જઈ રહ્યો છું ત્યારે મને નિર્મળ વાણી પ્રેરો. ॥૧૭॥

(આ અઢારમી ચોપાઈમાં મનમાં સ્ફુરી આવેલા ગ્રંથની પ્રશંસા સાથે ફરી નામ ઘોષણા કરે છે.)

करुं ग्रंथ अति लघु अभिरामा, 'ध्यानमंजरी' ग्रंथको नामा ।
ध्यानमंजरी बिकसी स्वछंदा, हरि स्वरूपरस फुरी मकरंदा ॥१८॥

હું પ્રેમાનંદ અતિ નાનકડો સુંદર ગ્રંથ કરું છું, જેનું નામ મેં **'ધ્યાનમંજરી'** રાખ્યું છે. હરિસ્વરૂપના રસરૂપી પરાગરજ જેમાં મહેકે છે એવી ધ્યાનમંજરીરૂપી કમલિની સ્વચ્છંદપણે હરિઈચ્છાથી મારા હૃદયમાં ખીલી ઊઠી છે. ॥૧૮॥

(હવેની બે ચોપાઈ દ્વારા પોતાની અલ્પતા અને વર્ણનીય વિષયની મહત્તા સૂચવે છે.)

बुद्धि अल्प मन मोद अपारा, पंगु करत गिरि चढन बिचारा ।
नाथ क्रिपा बल उर मही आनी, करुं प्रयत्न में सारंगपानी ॥१९॥

મારી બુદ્ધિ અલ્પ છે, પણ ગ્રંથ લખવાનો મનમાં ઉત્સાહ અપાર છે. જેમ બિચારો પાંગળો પર્વત ચડવાની ઈચ્છા કરે એવી મારી સ્થિતિ છે. પરંતુ હે નાથ ! હે સારંગપાણી શ્રીહરિ ! આપની કૃપાનું બળ હૃદયમાં આણી હું પ્રયત્ન કરું છું. ॥૧૯॥

नाथ चरन पंकज शिर नाई, बरनुं सौम्यरूप सुखदाई ।
नील बरन तन छबी अथाहा, कौन कविमति करे अवगाहा ॥२०॥

હે નાથ ! આપનાં ચરણકમળમાં મસ્તક નમાવી સુખદાઈ અને

સૌમ્યરૂપ એવા આપનું વર્ણન કરું છું. આપના નીલ વર્ણવાળા શરીરની શોભા અપાર છે. કયા કવિની બુદ્ધિ એનો પાર પામે ?! અર્થાત્ કોઈપણ નહીં, તો હું તો ક્યાંથી પામું ?! ॥૨૦॥

(હવે બે ચોપાઈમાં તથા બે સોરઠામાં શ્રીહરિના ગુણોનું તથા રૂપનું વર્ણન કરે છે.)

सदा परम कारुण्य स्वभाउ, अति सौंदर्य रम्य सुरराउ ।
अति सौशिल्य वात्सल्यमुरारी, अति औदार्य बरणिव्रतधारी ॥२१॥

હે નાથ ! આપ સદા પરમ કરુણામય સ્વભાવવાળા છો. હે ઈશ્વરોના રાજા ! આપ અતિ રમણીય રૂપ સૌંદર્યવાળા છો. હે મુરારિ ! આપ અતિ સારા સ્વભાવવાળા કે સદ્વર્તનવાળા તથા વાત્સલ્યમૂર્તિ છો. હે વર્ણિવ્રતધારી શ્રીહરિ ! આપ અતિ ઉદાર છો. ॥૨૧॥

अति गांभीर्य गुनाकर भूपा, सद्गुणमंडित सत्यसरूपा ।
रमनीय कमनीय नमनीय स्वामी, शमनीय खलदमनीय बहुनामी ॥२२॥

હે રાજાધિરાજ મહારાજ ! આપ અતિ ગાંભીર્ય યુક્ત છો, સદ્ગુણોની ખાણરૂપ છો, સદ્ગુણોથી શોભો છો, સદા સત્યસ્વરૂપ છો, અતિ રૂપાળા છો, અતિ નમણા છો, સર્વના સ્વામી હોઈ સર્વને નમવા યોગ્ય છો. તથા હે બહુનામી ! આપ સજ્જનોને શાંતિ પમાડનારા છો અને દુર્જનોનું દમન કરનારા છો. ॥૨૨॥

सोरठा : कहा बरनु छबी सूर, धर्मकुंवर वरविग्रह शुभ ।
जीवन जोबनपुर, सकल लोक छबी कर भुवन ॥२३॥

હે ધર્મકુંવર ! આપની શ્રેષ્ઠ અને શુભ મૂર્તિ શોભાનો સૂર્ય છે. એનું હું શું વર્ણન કરું ?! હે મારા જીવન ! તમે છલકતું જોબન છો. સકલ લોકમાં શોભાનું ધામ છો. ॥૨૩॥

सुंदर वर कमनीय, रूप सागरसु निकसि मानु ।
डोलत रूप मनीय, निरखी थकीत निजजन नयन ॥२४॥

હે મહારાજ ! આપનું સુંદર, શ્રેષ્ઠ, નમણું રૂપ જાણે કે રૂપના સાગરમાંથી નીકળ્યું હોયને શું !! એવું મને લાગે છે. સાગરમાંથી જેમ ચળકતો રૂપાળો મણિ નીકળે અને તેને જોઈને સૌનાં મન ડોલી ઊઠે અને નેત્રો આશ્ચર્યચકિત થઈ જાય, તેમ નિજજનોનાં મન આપને જોઈને ડોલી ઊઠે છે તથા નેત્રો આશ્ચર્યચકિત થઈ જાય છે. ॥૨૪॥

(હવે બે દોહામાં પરમાત્માના પ્રાગટ્યનો હેતુ વર્ણવે છે.)

दोहा : पुरुषोत्तम अक्षरपति, अति करुना उर आनी ।
कलिबल ग्रही दितिसुत दनुज, पाये ब्रधि युं जानी ॥२५॥
देत कष्ट सुर साधुकु, अधर्म करत अपार ।
तिनहि बिनासन प्रगट भये, वृषकुल धर्मकुमार ॥२६॥

હે ધર્મકુમાર ! હાલમાં ભારતવર્ષમાં કળિકાળનું બળ ગ્રહણ કરી દૈત્યો-રાક્ષસો અતિશય વૃદ્ધિ પામી અપાર અધર્મ કરે છે. તથા દેવોને અને સાધુઓને ખૂબ કષ્ટ આપે છે; એમ જાણી પોતાના હૃદયમાં અતિ કરુણા આણીને અક્ષરધામના અધિપતિ એવા આપ પુરુષોત્તમ-નારાયણ તે રાક્ષસોને તથા અધર્મનો નાશ કરવા માટે ધર્મકુળમાં પ્રગટ થયા છો. ॥૨૫-૨૬॥

(હવે ત્રણ ચોપાઈમાં શ્રીહરિના જીવનકાર્યને વર્ણવે છે.)

चोपाई :
थाप्यो धर्म अधर्म उथापी, किन निकंदन कलिमल पापी ।
निगम विरोधी मायिक मतवादी, जिते जगति फिरी टारी उपादि ॥२७॥

શ્રીહરિએ પ્રગટ થઈને અધર્મનું ઉત્થાપન કરી ધર્મનું સ્થાપન કર્યું; કળિના મળરૂપ પાપીઓનું નિકંદન કર્યું, જગતમાં વિચરણ કરી કરીને

વેદ-વિરોધી માયિક મતવાદીઓને જીતીને તેના દ્વારા થતી ઉપાધિને ટાળી સૌ જનોને સુખી કર્યા. ॥૨૭॥

बिचरत अवनि स्वछंद सुजाना, तारे पतितजन दे निज ग्याना ।
निज स्वरूप सुख देत दयाला, निजजन हित धरी देह क्रिपाला ॥२८॥

સર્વજ્ઞ એવા શ્રીહરિએ સ્વતંત્રપણે અવની ઉપર વિચરણ કરીને કંઈક પતિત જનોને પોતાનું જ્ઞાન દઈને તાર્યા. અતિ દયાળુ એવા શ્રીહરિએ નિજસ્વરૂપનું સુખ દીધું : કારણ કે, અતિ કૃપા કરીને નિજાશ્રિતના હિત માટે જ શ્રીહરિએ દેહ ધર્યો છે. ॥૨૮॥

करत चरित निजजन हित नाथा, बिचरत मही मुनिगन ले साथा ।
करत बिहार बिबिध बहु भांति, लेत निरखी सुख जन एकांती ॥२९॥

સૌના નાથ એવા શ્રીહરિ નિજજનોના હિત માટે લીલા ચરિત્રો કરે છે. તથા મુનિગણને સાથે લઈને ધરતી પર વિચરે છે. શ્રીહરિ જ્યારે વિવિધ પ્રકારે વિચરણ કરે છે ત્યારે પોતાના એકાંતિક ભક્તો શ્રીહરિને નીરખી તથા સેવીને બહુ પ્રકારે સુખ લે છે. ॥૨૯॥

(હવે બે ચોપાઈમાં મહારાજના રૂપનું વર્ણન કરે છે.)

नव रसमय मूर्ति सुखकारी, तरुन रूप की बरनू छटारी ।
लावन्यता लखी रतिपति कोटि, रहेउ लजाय ग्रही ओटी ॥३०॥

શ્રીહરિની મૂર્તિ પૂર્વે કહ્યું તેમ નવ રસમય અતિ સુખકારી છે. તે તરુણરૂપની છટાનું હું વર્ણન કરું છું. શ્રીજીમહારાજની લાવણ્યતા – તેજસ્વી છતાં મૃદુતાપૂર્ણ સુંદરતા જોઈને કરોડો રતિપતિ લજાઈને ઓથ ગ્રહણ કરીને સંતાઈ રહે છે. ॥૩૦॥

त्रिभोवनकी छबी निजतनमांई, प्रगट करी प्रगटे प्रभु आई ।
मोही रहत सुर नर मुनि भूपा, त्रपत न होत लोचन लखी रूपा ॥३१॥

વળી, ત્રણ ભુવનની શોભા પોતાના તનમાં પ્રગટ કરીને પ્રભુ આ પૃથ્વી ઉપર પ્રગટ્યા છે. તેથી દેવો, મનુષ્યો, મુનિઓ અને રાજાઓ શ્રીહરિને જોઈને મોહી જાય છે; એવું શ્રીહરિનું રૂપ જોઈને તેઓનાં નેત્રો તૃપ્ત થતાં નથી. ॥૩૧॥

(હવે ત્રણ ચોપાઈમાં શ્રીહરિની કલ્યાણકારી તથા ધ્યાન કરવા યોગ્ય ક્રિયાનું વર્ણન કરે છે.)

चलत हंसगति रसभरी चारु, निरखी लटक तन मन ले वारु ।
चितवनी चलनी बोलनी मृदु बानी, सुनी मुनि श्रवन होत अघानी ।।३२।।

શ્રીહરિની હંસગતિ જેવી ચાલ અતિ રસ ભરેલી સુંદર છે. અને તેમનાં લટકાં જોઈને હું તો તન-મન વારી જાઉં છું. તેમની ચાલ ચિંતવવા જેવી છે તથા શ્રીહરિની બોલી અતિ મીઠી છે. એ વાણીને સાંભળીને મુનિઓનાં શ્રવણ પાપ રહિત થઈ જાય છે. ॥૩૨॥

लटक लटक लटकत हरि आवे, जन तन मन द्रग ताप समावे ।
हसत मंद मुद कृष्णमुरारि, दसन द्युति प्रसरत मुख बारी ।।३३।।

करसरोज महीं ग्रही रूमाला, दतकांति रोकत वृषलाला ।
छूटत द्रगते तेजसमूहा, हरत हे मुनिमन कल्मश कुहा ।।३४।।

મારો હરિ લટકાળો લટકંતો જ્યારે આવે (લટકાં કરતાં કરતાં આવે) ત્યારે જનોના તનના, મનના અને આંખોના તાપ સમાવી દે છે. શ્રીહરિ આનંદથી જ્યારે મંદમંદ હસતા હોય ત્યારે દાંતની કાંતિ મુખ બહાર પ્રસરી જાય છે, એ વખતે ધર્મપુત્ર શ્રીહરિ પોતાના કરકમળમાં રૂમાલ ગ્રહણ કરીને મુખ આડો રાખીને દંતકાંતિને રોકે છે. વળી, શ્રીહરિનાં નેત્રોમાંથી તેજનો સમૂહ છૂટે છે, એ મુનિઓના પાપરૂપ આવરણને દૂર કરી દે છે. ॥૩૩-૩૪॥

(હવે શ્રીહરિના સ્વરૂપનાં ચિહ્નોનું વર્ણન કરવા જતા બે સોરઠામાં

આછી ઝલક આપે છે.)

सोरठा : बरनुं लखी लवलेश, चिह्न चरन वर देहमहीं ।
पार न पावत शेषकु, सहस्रानन चितवतसु नित ॥३५॥
करत महामुनि ध्यान, चिंतत रहसि सुविरति ग्रही ।
अविरल मुनि विग्यान, ललित लक्ष्म छबी लखत चित ॥३६॥

શ્રીહરિનાં ચરણારવિંદમાં તથા શ્રેષ્ઠ શરીરમાં રહેલાં તિલ-ચિહ્નો મારી આંખે જોઈને તેનું લવલેશ વર્ણન કરું છું. શેષનારાયણ હજાર મુખે નિત્ય-નિયમિત ચિંતવે તોપણ તેનો પાર પામે નહીં. મોટામોટા સાધુ-સંતો નિવૃત્તિ ગ્રહણ કરીને અથવા માયિક પંચવિષયમાં અભાવરૂપ શ્રેષ્ઠ વૈરાગ્ય ગ્રહણ કરીને એકાંતમાં બેસીને એ તિલ-ચિહ્નોનું ધ્યાન-ચિંતન કરે છે. કામ-ક્રોધાદિક માયાના પરિવારથી કદિ ચળે નહિ એવા વિજ્ઞાની મુનિઓ શ્રીહરિનાં તિલ-ચિહ્નની શોભાને પોતાના ચિત્તમાં લખી રાખે છે. ॥૩૫-૩૬॥

(હવે આ દોહામાં ધ્યાનનો મહિમા કહે છે.)

दोहा : अष्टांग योग साधन सकल, सुक्रित अनंत प्रकार ।
सबको यह सिद्धांत है, हरिपद चिंतन सार ॥३७॥

અષ્ટાંગ યોગ આદિ સર્વે સાધન તથા અનંત પ્રકારના સુકૃત-પુણ્યો એ સર્વેનું ફળ એ જ છે કે ભગવાનનાં ચરણનું ચિંતન કરવું. અથવા સર્વે શાસ્ત્રોનો એ જ સિદ્ધાંત છે કે, 'સારમાં સાર શ્રીહરિનું ધ્યાન છે.' ॥૩૭॥

(હવે આ દોહામાં શ્રીહરિમાં પ્રેમ હોય તો જ ધ્યાન થાય તેમ બતાવે છે તથા ધ્યાનનું ફળ બ્રહ્મગતિ પ્રાપ્ત થાય એવું જણાવે છે.)

लहत सकल सुख सुमति नर, करी श्रीहरिपद नेह ।
पावत तन तजी ब्रह्मगति, नहि यामें संदेह ॥३८॥

સુમતિવાળા મનુષ્યો શ્રીહરિનાં ચરણારવિંદમાં પ્રેમ કરીને, અર્થાત્ પ્રેમવશાત્ શ્રીહરિનું અખંડ ધ્યાન થાતા સર્વે પ્રકારનું સુખ પામે છે અને દેહ તજીને બ્રહ્મગતિને પામે છે; એમાં કોઈ સંદેહ નથી. ॥૩૮॥

(હવે ત્રણ ચોપાઈમાં અક્ષરધામાધિપતિ સર્વકારણના કારણ સર્વાવતારી પુરુષોત્તમનારાયણનો મહિમા કહેવા પૂર્વક એ જ શ્રીહરિ ધરતી ઉપર દ્વિજકુળમાં પ્રગટ થયા અને દિવ્ય વિચરણ કર્યું એ વર્ણન કર્યું છે.)

चोपाई :

अक्षरपति अखिलगुरु स्वामी, पुरुषोत्तम पुरन बहुनामी ।
अक्षर मुक्त कोटि रस रीते, पूजत चरन पादुका प्रीते ॥३९॥

दिव्य तनुसु तडित् पट भ्राजे, रवि शशी कोटि निरखी छबी लाजे ।
तेजसमूह अतर्क्य प्रबीना, करी सर्व निज तनमहीं लीना ॥४०॥

प्रगट भये हरि द्विजकुल आई, भये धर्मसुत जनसुखदाई ।
दिव्य विहार दिव्य रसराशी, धरी नरतनु आये अविनाशी ॥४१॥

અક્ષરધામના અધિપતિ, સર્વેના ગુરુ અને સ્વામી પૂર્ણ પુરુષોત્તમ બહુનામી; એવા શ્રીહરિની ચરણ પાદુકા અક્ષરધામમાં અનંત કોટિ અક્ષરમુક્તો પૂર્ણ રસ પૂર્વક પ્રેમથી પૂજે છે. શ્રીહરિની દિવ્ય મૂર્તિમાં વિજળી જેવાં તેજસ્વી વસ્ત્ર શોભી રહ્યાં છે. કોટિ રવિ-શશી એ છબી નીરખીને લાજે છે. સર્વે કળાના નિધિ એવા શ્રીહરિની મૂર્તિનો તેજસમૂહ અતર્ક્ય છે. એવા સર્વે મહાતેજને પોતાની મૂર્તિમાં લીન કરીને અક્ષરધામમાંથી ભારત ભૂમિમાં ઉત્તર કોશલદેશ છપૈયાપુરમાં આવીને દ્વિજકુળમાં પ્રગટ થયા. સર્વ જનને સુખ દેનારા એવા તે પુરુષોત્તમનારાયણ ધર્મદેવના પુત્ર થયા છે. જેમનો વિહાર તથા આનંદ સમૂહ દિવ્ય જ છે એવા તે અવિનાશી પ્રભુ માનવદેહ ધારીને પ્રગટ થયા છે. ॥૩૯ થી ૪૧॥

(હવે ગ્રંથકાર પાંચ ચોપાઈમાં શ્રીહરિનું વિચરણ અને અનેક રીતે

નિજજનોને સુખ આપ્યું એનું વર્ણન કરે છે.)

वर्णीवेश वर धरी जगदीशा, विचरत करत बिहार मुनीशा ।
करत चरित जगपावनकारी, होत पुनित निरखी नरनारी ॥४२॥

જગતના ઈશ અને મુનિઓના પતિ એવા તે પરમાત્માએ શ્રેષ્ઠ વર્ણિવેષ ધારણ કરીને વનવિચરણમાં વિહાર કરતાં થકા વિશ્વને પાવન કરનારાં ચરિત્રો કર્યા છે; તેને નીરખીને અનેક નર-નારીઓ પવિત્ર થયાં છે. ॥૪૨॥

निज आश्रित जन कर जस प्रीति, देत हे सुख पलटी तन रीति ।
कबहुक धरत अलंकृति नाना, पहिरत कनक बसन भगवाना ॥४३॥

શ્રીહરિ નિજ આશ્રિતજનોને પોતાને વિશે જેવી પ્રીતિ હોય તેવાં સુખ વિધ વિધ રીતે શરીરની રીતભાત બદલાવીને દે છે; તેમાં ક્યારેક તો શ્રીહરિ અનેક પ્રકારનાં અલંકાર ધારણ કરે છે અને ક્યારેક સોનેરી વસ્ત્ર પહેરે છે. ॥૪૩॥

सजत मनि भूषन तनमांही, मदन जात छबी निरखी लजाई ।
अमित वसन पट रंजित पेरे, अरुन शाम पित हरित बहुतेरे ॥४४॥

શ્રીહરિ ક્યારેક પોતાના તનમાં મણિઓનાં ભૂષણ ધારણ કરે છે, ત્યારે શ્રીહરિની છબી જોઈને કામદેવ પણ લજાઈ જાય છે. ક્યારેક તો શ્રીહરિ રાતાં, કાળાં, પીળાં, લીલાં – એમ ભાત-ભાતના રંગથી રંગેલાં અનેક પ્રકારનાં વસ્ત્ર અને પટકાઓ પહેરે છે. ॥૪૪॥

सदा श्वेत पट पर रुचि भारी, सूक्ष्म सघन राखत तन धारी ।
कबहुक बहु गज रथ अश्व असवारी, कबहुक पनहि तजी चलत मुरारि ।।

પરંતુ શ્રીહરિને ઝીણાં અને ઘાટાં શ્વેત વસ્ત્રો ઉપર રુચિ વધારે હોવાથી તેને તન ઉપર વધારે ધારી રાખે છે. ક્યારેક તો બહુ હાથી,

રથ, ઘોડા વગેરેની અસવારી સજે છે. અને ક્યારેક તો શ્રીહરિ પગરખાં તજીને અડવાણે પગે ચાલે છે. ॥૪૫॥

येहि बिधि बिचरत दीनदयाला, प्रेरक माया पुरुष रु काला ।
देत महासुख सुरमुनिराजा, धर्यो कलेवर निज जन काजा ॥४६॥

આવી રીતે કાળ, માયા અને પુરુષના પ્રેરક અને દીનજનોને વિશે દયાવાળા શ્રીહરિ વિચરણ કરે છે; આ રીતે સુર-મુનિના રાજા એવા શ્રીહરિ સંતો-ભક્તોને મહાસુખ દે છે. કેમ જે, તેઓએ નિજજનોને કાજે જ નરદેહ ધારણ કર્યો છે. ॥૪૬॥

(હવે એક સોરઠામાં આવા મોટા શ્રીહરિને મનુષ્ય જેવા થયા હોવાથી અજ્ઞાનીઓ ઓળખતા નથી એમ કહે છે.)

सोरठा : सुरपूजित सर्वज्ञ, मनुषाकृति धरी फिरत मही ।
नहि जानत नर अज्ञ, नर नाटक लखी भ्रमत मन ॥४७॥

જેને દેવોએ પૂજ્યા છે એવા સર્વજ્ઞ શ્રીહરિ મનુષ્યાકૃતિ ધારણ કરીને પૃથ્વી પર વિચરે છે. એને અજ્ઞાની માણસો જાણતા નથી તેથી શ્રીહરિના નરનાટકને જોઈને તેઓનું મન ભ્રમી જાય છે. અર્થાત્ શ્રીજીનું દિવ્ય સામર્થ્ય – પરચા જોઈને થોડો નિશ્ચય થયો હોય એવું લાગે છે, પણ કોઈના ભાવ પૂરા કરવા પ્રેમીને રુચે તેવી મનુષ્યલીલા શ્રીહરિ જ કરે છે, તેને જોઈને તેઓ નિષ્ઠામાંથી પડી જાય છે. ॥૪૭॥

(આ સોરઠામાં શ્રીહરિની કળિયુગનાં નર-નારી પર થયેલી કરુણા વર્ણવી છે.)

करी करुना घनश्याम, कलिजुगके नरनारी पर ।
प्रगटे पुरन काम, करन अधम ओधार हित ॥४८॥

કળિયુગનાં નર-નારીઓ ઉપર કરુણા કરીને તથા અધમ જનોના ઉદ્ધાર માટે પૂર્ણકામ એવા શ્રીઘનશ્યામ પ્રગટ થયા છે. ॥૪૮॥

(હવે ગ્રંથકાર બે દોહામાં આગળના અધ્યાયમાં જે કહેવાના છે તેની વિષયસૂચિ વર્ણવે છે.)

दोहा : बरनुं तन छबी नाथकी, हरिजन हित हरखाई ।
श्रवन सुनत बांचत सुमति, मुद उपजत मनमांई ॥४९॥

प्रगट हरि तन चरित शुभ, रूप शील तन चिह्न ।
'ध्यानमंजरी' रसभरी, सुनो परम परवीन ॥५०॥

હું પ્રેમાનંદ અતિ હરખાઈને હરિભક્તોના કલ્યાણ માટે મારા નાથની શરીર શોભાને વર્ણવું છું. જેને શ્રવણે સાંભળતાં તથા વાંચતાં સુમતિ જનોના મનમાં આનંદ થશે. હે અતિ બુદ્ધિશાળી એવા ભક્તજનો ! પ્રગટ એવા શ્રીહરિનાં શુભ ચરિત્રો તથા સુંદર રૂપ તથા કલ્યાણકારી સ્વભાવ તથા મૂર્તિનાં તિલ-ચિહ્નોના વર્ણનથી સભર એવી રસભરી **'ધ્યાનમંજરી'** ગ્રંથને હવે સાંભળો. ॥૪૯-૫૦॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां प्रगटचरित्र कथन
नामा प्रथमः प्रकाशः ॥१॥

પ્રકાશ : ૨

શ્રીહરિનાં તિલ-ચિહ્નનું વર્ણન

(આ દ્વિતીય પ્રકાશમાં શ્રીહરિની મૂર્તિનાં તિલ-ચિહ્નો વચનામૃતના પરથારામાં દર્શાવ્યા મુજબ વિશેષ શરીરશોભા સાથે વર્ણવ્યાં છે.)

चोपाई :

बरनुं जुगलचरन सुखदाई, कोमल प्रष्ठ अरुन तलमांई ।
शोडष चिह्न नाम अघहारी, सुमरे हरत दोष भयभारी ॥१॥

હવે શ્રીહરિનાં સુખદાયી બન્ને ચરણનું વર્ણન કરું છું. શ્રીહરિનાં ચરણારવિંદનાં કોમળ અને ગુલાબી શ્રેષ્ઠ તળિયાંમાં પાપને નાશ કરનારાં સોળ ચિહ્નો છે, જેનું સ્મરણ કરવાથી ભારે દોષ અને ભયનો નાશ થાય છે. તે સોળ ચિહ્નોનાં નામો આ પ્રમાણે છે. ॥૧॥

दछन चरन तले रसरूपा, स्वस्ति अष्टकोन अंकुश अनूपा ।
पद्म ध्वजा अशनि अति सोहे, जव जांबु रेखा मन मोहे ॥२॥

नव चिह्न ललित मनोहर राजे, दछन पद तल में छबि छाजे ।
वाम चरनतल में सुखकारी, सप्त चिह्न लखी जाउं बलहारी ॥३॥

જમણા ચરણના તળે રસરૂપ અને અનુપ એવાં (૧) સ્વસ્તિક (૨) અષ્ટકોણ (૩) અંકુશ (૪) પદ્મ (૫) ધજા (૬) વજ્ર (૭) જવ (૮) જાંબુ અને (૯) ઊર્ધ્વરેખા. આ નવ ચિહ્નો અતિ શોભે છે અને તેનાં દર્શન કરનાર ભક્તજનના મનને મોહે એવાં છે. વળી, તે જમણા

ચરણારવિંદમાં જે આ અતિ સુંદર અને મનોહર નવ ચિહ્નો વિરાજે છે તેની કાંતિ ખૂબ સૂરત લાગે છે. હવે શ્રીહરિના ડાબા ચરણતળમાં જે સુખકારી સાત ચિહ્નો છે તેને જોતાં તો હું બલિહારી થઈ જાઉં છું. ।।૨-૩।।

अर्धचन्द्र नभ कलश रु चापा, गोपद हरे सकल संतापा ।
मछ निर्खी मन पावत मोदा, करत त्रिखुन छबि चित्त निरोधा ।।४।।

એનાં નામ આ પ્રમાણે છે : (૧) અર્ધચંદ્ર (૨) વ્યોમ (૩) કળશ (૪) ધનુષ્ય (૫) ગોપદ (૬) મચ્છ અને (૭) ત્રિકોણ. આ ચિહ્નો સકળ સંતાપને હરનારાં, તથા તેને જોઈને ભક્તજનનાં મન આનંદ પામે એવાં છે તથા તેની શોભા ચિત્તને નિરોધ કરાવનારી છે. ।।૪।।

ऊर्धरेख जुगपदमहीं देखुं, धन्य भाग्य चिंतन करी लेखुं ।
दछनपद अंगुष्ट नख पासा, राजत तिल मुनिम(न)कर वासा ।।५।।

એ બન્ને ચરણારવિંદનાં તળામાં ઊર્ધ્વરેખા હું દેખું છું. (પરથારો : તે કેવી છે ? તો અંગૂઠાની પાસેની જે આંગળીઓ તેની બેય કોરે નીકળી છે અને પાનીની બેય કોરે નીકળી છે.) એનું ચિંતન કરીને હું મારાં ધન્ય ભાગ્ય માનું છું. વળી, જમણા પગના અંગૂઠાના નખ પાસે મુનિનાં મનના વાસરૂપ એક તિલ બિરાજે છે. ।।૫।।

ये ही चरन अंगुष्ट नखमांई, चिह्न एक पावन सुखदाई ।
नखावली मनिगन छबि छाई, देखत रवि शशीज्योत लजाई ।।६।।

એ જ ચરણના અંગૂઠાના નખમાં એક સુખદાઈ પાવન ચિહ્ન છે. શ્રીહરિનાં બન્ને ચરણના દશેય નખની પંક્તિઓ મણિગણ જેવી શોભી રહી છે, જેને દેખતાં સૂર્ય-ચંદ્રની કાંતિ લજાઈ જાય છે. ।।૬।।

ता पर रोमराजि अति सोहे, जुगल चरन लखी मुनिमन मोहे ।
पावन जुगपद छबि अभिरामा, चर्चित मलयपुष्प सुखधामा ।।७।।

તે આંગળીઓ ઉપર રોમાવલિ અતિ શોભી રહી છે. અને સુખના ધામ એવાં એ બન્ને ચરણારવિંદનું સંતો-ભક્તોએ મલયાગર ચંદન ચર્ચીને તથા પુષ્પ ચડાવીને પૂજન કરેલું છે, પાવનકારી તે બન્ને ચરણોની શોભા અતિશય મનોહર છે. આવાં બન્ને ચરણને જોઈને મુનિઓનાં મન મોહી જાય છે. ।।૭।।

बर काश्मिर रंजित रसरूपा, राजत नवदल तुलसी अनूपा ।
अैसे चरन चित्तई उर आनुं, ध्यानमंजरी नाम बखानुं ।।८।।

શ્રેષ્ઠ કુમકુમથી રંગેલાં આનંદરૂપ એવાં એ ચરણારવિંદમાં અનુપમ તાજાં તુલસીનાં પાન શોભી રહ્યાં છે. આવાં ચરણને ચિત્તમાં ચિંતવીને હું હૃદયમાં ધારું છું. આ રીતે ધ્યાન ધરવામાં મદદરૂપ આ **'ધ્યાનમંજરી'** ગ્રંથને હું વખાણું છું, અર્થાત્ લખું છું. ।।૮।।

ये ही कारन मुनि जतन कराई, बन बसी कंद मूल फल खाई ।
सो यह चरन सुगम भये आजु, प्रगटे धर्मसुत सहित समाजु ।।९।।

આ ચરણારવિંદની પ્રાપ્તિને અર્થે તો મુનિઓ અતિ જતન કરીને વનમાં વસી કંદ, મૂળ અને ફળ ખાય છે, અર્થાત્ અતિ ઉગ્ર તપસ્યા કરે છે, છતાં તેઓને તે પ્રાપ્ત થતાં નથી. એવાં દુર્લભ એ ચરણારવિંદ આજે સુગમ થયા છે. કારણ કે, સર્વાવતારી પુરુષોત્તમનારાયણ પોતાના સર્વે સમાજ (પોતાનું અક્ષરધામ, સર્વે તેજ, સામર્થ્ય, સુખ અને અક્ષરમુક્તો) સાથે ધર્મદેવના પુત્રરૂપે આંહીં પ્રગટ થયા છે. ।।૯।।

सोरठा : अक्षरपति अविनाश, प्रगटे कलिमलमतहरन ।
मेटन दितिसुतत्रास, निजजन मन आनंद करन ।।१०।।

धर्यो नरविग्रह नाथ, शोभासागर सुखसदन ।
ग्रहे दीनजन हाथ, करी करुना कमलारवन ।।११।।

અક્ષરધામાધિપતિ અવિનાશી એવા પૂર્ણ પુરુષોત્તમનારાયણ કળિયુગના મળ જેવા મતપંથીઓનો નાશ કરવા તથા અસુરોના ત્રાસને મટાડવા તથા પોતાના આશ્રિતજનોનાં મનમાં અતિ આનંદ ઉપજાવવા માટે પ્રગટ થયા છે. સર્વના નાથ એવા શ્રીહરિએ શોભાનો સાગર તથા સુખના સદનરૂપ નરવિગ્રહ ધારણ કર્યો છે. અને કમલારમણ એવા શ્રીહરિએ દીનજનોના હાથ ગ્રહણ કરવા રૂપ અતિ કરુણા કરી છે. ॥૧૦-૧૧॥

(આટલો શ્રીહરિનાં ચરણારવિંદનો મહિમા કહેવા-પૂર્વક શ્રીહરિનું દયાસભર પ્રગટપણું અને દુર્લભતા વર્ણવી. હવે ફરી ૧૨મા દોહાથી તિલ-ચિહ્નો વર્ણવે છે.)

दोहा : रसभरी मूरत उर धरी, लखुं मनन करी चिह्न ।
रूप सुधासागर हरि, जलचर मों-मन मीन ॥१२॥

રસભરી શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારણ કરી તિલ-ચિહ્નોનું મનન કરીને લખું છું. મારે માટે શ્રીહરિની મૂર્તિ અમૃતનો મહાસાગર છે અને મારું મન એ અમૃતજળમાં વિહરનારું મચ્છ છે. ॥૧૨॥

बिन अवधि अंग चिह्नकी, चहत लेन मन पार ।
ज्युं चिरई रससिन्धुको, शोषन करत बिचार ॥१३॥

જેમ ચકલી અમૃતનો દરિયો આખોય પી જવાનો વિચાર કરે, એમ મારું મન અવધિ રહિત એવા શ્રીહરિની મૂર્તિનાં તિલ-ચિહ્નોનો પાર લેવા ચાહે છે. પરંતુ અમાપનું માપ કેમ લઈ શકાય ?! ॥૧૩॥

चोपाई :

दछिन पदे कनिष्ठामांई, बाहिर नख ढीग तिल सुखदाई ।
वामचरनमहीं चिह्न सोहाई, ऊर्ध्वरेख उभय पदमांही ॥१४॥
वाम ही भाग समीप ऊर्ध्वरेखे, निकट ही उभय श्याम चिह्न देखे ।
जुगल चरन अंगुरी नख देखा, अरुन ऊर्ध तेजवंत बिसेखा ॥१५॥

જમણા ચરણારવિંદની ટચલી આંગળીની બહાર, નખની સમીપે એક નાનો સુખદાઈ તિલ છે. શ્રીહરિનાં બન્ને ચરણારવિંદમાં ઊર્ધ્વરેખાનાં ચિહ્ન છે. ડાબા ચરણમાં ચિહ્નો શોભી રહ્યાં છે. ડાબા ચરણની ઊર્ધ્વરેખાથી ડાબી બાજુ નજીકમાં જ બે શ્યામ ચિહ્ન મેં જોયાં. વળી, બન્ને ચરણની આંગળીઓ તથા નખ જોયાં. તે કેવા છે ? તો રાતા, ઊપડતા અને અતિ તેજસ્વી છે. ॥૧૪-૧૫॥

उभय अंगुष्ठ अंगुरी पर जानो, सुक्षम रोमराजि परमानो ।
जुगल अंगुष्ठ अंगुरी पर सोहे, पादुका चिह्न मुनिमन मोहे ॥१६॥

બન્ને પગના અંગૂઠા તથા આંગળીઓ ઉપર સૂક્ષ્મ રોમનાં ચિહ્ન છે. બન્ને પગના અંગૂઠા અને તેની પાસેની આંગળી વચ્ચે પાદુકાના ઘસારાનાં ચિહ્ન શોભી રહ્યાં છે. તેને જોઈને મુનિઓનાં મન મોહી રહ્યાં છે. ॥૧૬॥

जुगल चरन पेनी अति चारुं, गुल्फें जुगल देखी उर धारुं ।
गुल्फें निकट बाहिर सुखरूपा, आसन घर्षन चिह्न अनूपा ॥१७॥

બન્ને ચરણની પાનીઓ અતિ સુંદર છે તથા બન્ને ઘૂંટી દેખીને ઉરમાં ધારું છું. બન્ને પગની ઘૂંટીની નજીક, બહારને ભાગે અતિશય સુખરૂપ આસનના ઘસારાનાં અનુપમ ચિહ્નો છે. ॥૧૭॥

दछनपदे नली पर नीको, तिल एक सुंदर भुवन छबिको ।
कोमल जंग जुगल छबिधामा, जनमन ताही करत बिसरामा ॥१८॥

જમણા પગના નળા ઉપર એક તિલ ખરેખર શોભાના ધામરૂપ સુંદર છે. બન્ને ચરણની પિંડીઓ કોમળ અને શોભાનું ધામ છે. પ્રેમી ભક્તોનું મન ત્યાં વિશ્રામ કરે છે. ॥૧૮॥

जानु जुगल छबि वर सुखदाई, निरखत जनमनमोद बढाई ।
वामे पद गुल्फें पर जानो, पंच परव ऊंचे परमानो ॥१९॥

नली पर तिल एक हे सुखराशी, निरखत निजजन प्रेम प्रकाशी ।
ते ही तिल निकट एक तिल छोटा, निरखत भक्त जानी जग खोटा ।।२०।।

બન્ને ઢીંચણની શોભા શ્રેષ્ઠ અને સુખદાઈ છે, તે જોતાં જ લોકોનાં મનમાં આનંદ વધારે છે. ડાબા પગની ઘૂંટી ઉપર પાંચ તસુ ઊંચે નળા ઉપર સુખના રાશિ સમો એક તિલ છે. પ્રેમી ભક્તો એ તિલને પ્રેમથી શોધીને નીરખે છે. તે તિલની નજીક એક નાનો તિલ છે. જગતને ખોટું જાણીને ભક્તજનો આ તિલને જોયા જ કરે છે. ।।૧૯-૨૦।।

अनुपम कोमल उरुं तरुं रंभा, सेवत सदा श्रीजगदंबा ।
खगपति प्रष्टे लसत जुगजोरी, रखत पीठ पर मानकी घोरी ।।२१।।

શ્રીહરિના બન્ને સાથળ અતિશય કોમળ, કેળના સ્થંભ જેવા અનુપમ છે. તે સાથળને સદાય જગદંબા = લક્ષ્મીજી સેવે છે. પક્ષીરાજ ગરુડની પીઠ ઉપર બન્ને સાથળ જોડાઈને વિલસી રહ્યા છે. તે સાથળને માણકી ઘોડી પોતાની પીઠ ઉપર ધારણ કરે છે. ।।૨૧।।

सोरठा : कहा बरनुं रसरूप, उरु अनुपम छबि सुखसदन ।
सेवत परम अनूप, सेवक जन मन मुदित अति ।।२२।।

અહો ! રસરૂપ એવા સાથળનું હું શું વર્ણન કરું ? તે તો અનુપમ શોભાયમાન છે અને સુખનું ઘર છે. તે સાથળને અતિ ભાગ્યશાળી એવા પરમ સેવક જનો મનમાં અતિ આનંદ પામીને સેવે છે. ।।૨૨।।

उभय सक्थि अति सार, करत अत्तर मरदन बरनी ।
उभय उरु वर बाहार, चिह्न जुगल जन मनहरन ।।२३।।

શ્રીહરિના બન્ને સાથળને અતિ સારમાં સાર જાણી શ્રીમુકુંદવર્ણી પ્રેમથી અત્તરમર્દન કરે છે. બન્ને શ્રેષ્ઠ સાથળની બહારના ભાગે જનના મનને હરનારાં એક એક ચિહ્ન છે. (પરથારા પ્રમાણે આ બાબતને આ રીતે

સમજવી. એક (ખાંપો વાગ્યાનું) ચિહ્ન જમણા સાથળના બહારના ભાગે છે તથા ડાબા પગના ઘૂંટણના બહારના ભાગે એક ચિહ્ન છે.) ॥૨૩॥

दोहा : गति मराल वर गयंद सम, कटि केसरी सम छींन ।
पेरत कटि कसी श्वेत पट, परे शाम जुगचिह्न ॥२४॥

શ્રીજીમહારાજની ચાલ રાજહંસ જેવી અને મદઝરતા શ્રેષ્ઠ હાથીના જેવી છે. અને કેડ કેસરી સિંહના જેવી પાતળી છે. શ્રીહરિ પોતાની કેડ ઉપર કસીને શ્વેત ધોતી પહેરે છે. તેથી કેડે બન્ને બાજુ ધોતીઘસારાનાં એક એક ચિહ્ન પડી ગયાં છે. ॥૨૪॥

कटि छटा देखी केसरी, बनमें बसो लजाय ।
सो कटि शाम सोयामनी, निरखत जन हरखाय ॥२५॥

જાણે કે શ્રીહરિની પાતળી કેડની શોભા જોઈને કેસરી સિંહ લજાઈને વનમાં વાસ કરવા જતો રહ્યો હોયને શું ! એવું લાગી રહ્યું છે; એવી એ શ્યામ સોયામણી કેડને જોઈને હરિભક્તો બહુ હરખાય છે. ॥૨૫॥

चोपाई :
शीतल सदा उदर छबि छाजे, कोमलता लखी कमलनी लाजे ।
तामही त्रिवली लसत सुखरूपा, निरखी न होत त्रपत मुनि भूपा ॥२६॥

શ્રીહરિના સદાયે શીતળ એવા ઉદરની શોભા અતિશય છે. વળી, એ પેટની કોમળતા જોઈને તો કમલિની શરમાઈ જાય છે; એવા ઉદરમાં સુખરૂપ અને શોભિતા ત્રણ વળ પડે છે, તેને નીરખતાં શ્રેષ્ઠ મુનિઓને તૃપ્તિ થતી નથી. ॥૨૬॥

नलिन नाभि गंभीर व्रतूला, जुगल तिल राजत जुग कुला ।
नाभि निकट तिल दछिन भागे, वाम भागे तनि दूर हि लागे ॥२७॥

શ્રીહરિની કમળ જેવી ઊંડી ગોળ નાભી છે. તેની બન્ને કોરે બે

તિલ શોભે છે. તેનો વિવેક આ રીતે સમજવો જે, નાભિથી નજીક જમણી કોરે કાંઠા ઉપર એક તિલ છે અને ડાબે કોરે થોડોક દૂર એક તિલ છે. ॥૨૭॥

दछिन कुंखीमें तिल एक मोटा, ता समीपे एक तिल है छोटा ।
ऊर्ध नाभिते तिल हे तीनो, निरखत जन करी नेह नवीनो ॥२८॥

શ્રીહરિની જમણી કૂખમાં એક મોટો તિલ છે. તેની સમીપે એક બીજો નાનો તિલ છે. નાભિની ઉપર બે તસુને છેટે ત્રણ તિલ છે. તે તિલનાં ત્રાજવાંને નિત્ય નિત્ય નવા નેહથી પ્રેમીઓ નીરખે છે. ॥૨૮॥

जुगल जुगल नल उपर जानो, एक बिचमें लखी उर आनो ।
ता ते ऊर्ध परव जुग दूरे, लघु एक तिल भयो सुखपूरे ॥२९॥

તેનો વિવેક આ રીતે સમજવો : બે નળ ઉપર એક એક તિલ છે અને એક વચ્ચે છે. તેનાથી ઉપર બે તસુ છેટે નાનો એક તિલ છે, તે ભક્તજનોને સુખિયા કરે છે. ॥૨૯॥

वाम भागे पुनि सरस सोहाई, कुंखी बगल बिच अति सुखदाई ।
सुंदर च्यार तिलावलि सोहे, पुनि लघु च्यार बाहिर मन मोहे ॥३०॥

અને ડાબે પડખે કુખથી ઊંચે ને બગલથી હેઠે, વચ્ચે અતિ સુખદાયી મોટાં ચાર તિલની એક ઊભી હાર અતિશય શોભી રહી છે. વળી, તેની પાસે બાહેરલી કોરે એક બીજી નાનાં ચાર તિલની ઊભી હાર છે, તે સૌનાં મન મોહે છે. ॥૩૦॥

हृदय विशाल उन्नत अभिरामा, श्रीवछ चिह्न परम सुखधामा ।
पुनि उरमांहीं चिह्न एक देखा, अर्धचन्द्र आकार बिशेखा ॥३१॥

परव पांच विस्तार सो जानो, किंचित अरुन लखी उर आनो ।
ताके बीच तनिक हे दहीना, एक तिलकी छबि बने कही ना ॥३२॥

શ્રીહરિની વિશાળ છાતી ઊપડતી અને અતિ શોભાયમાન છે. તે છાતીમાં પરમસુખના ધામરૂપ રૂંવાડાંના લૂમખારૂપે શ્રીવત્સનું ચિહ્ન શોભી રહ્યું છે અને છાતીને વચ્ચે અર્ધચંદ્રને આકારે પાંચ તસુ પહોળું ને જરાક રાતું એવું એક મોટું ચિહ્ન મેં જોયું છે. તે જમણી કોરે કાંઈક વિશેષ ચઢતું છે, તેને જોઈને ધ્યાનમાં ધારો. એ ચિહ્નને વચ્ચે જરાક જમણીકોરે એક તિલ છે, તેની શોભા વર્ણવી શકાય એમ નથી. (આ તિલ પરથારામાં નથી.) ॥૩૧-૩૨॥

यह तिलते परव जुग जानो, तिल एक वाम भागे परमानो ।
ता ते वाम परव जुग दूरे, तिल एक चितवुं रही हजूरे ॥३३॥

તે તિલથી ડાબી કોરે બે આંગળને છેટે એક તિલ છે. તેથી ડાબી બાજુ બે તસુ છેટે એક તિલ છે, તેને હજુર રહી હું ચિંતવું છું. ॥૩૩॥

सोरठा : ते ही ते पुनि वाम भाग, वाम स्तनते परव जुग ।
एक तिल निरखन लाग, छाप चिह्न जुग स्तन उपर ॥३४॥

તેનાથી ડાબે ભાગે ડાબા સ્તનથી બે તસુ છેટે એક તિલ નીરખવા જેવો છે. અને બે સ્તનની ઉપર બે છાપનાં ચિહ્ન છે. ॥૩૪॥

दछिन भुज के पास, भितर वर मंगलकरन ।
मेटन भव रिपु त्रास, चार तिल पंक्ति सुभग ॥३५॥

હવે જમણી ભુજાની પાસે અંદરની બાજુ ઊભી ઓળે શ્રેષ્ઠ, મંગલ કરનારાં અને અંતરશત્રુઓનો ત્રાસ મટાડનારાં એવાં સુંદર ચાર તિલની પંક્તિ છે. ॥૩૫॥

दोहा : दछिन भुज के मूलते, निश्चे परव शुभ तीन ।
अशुभ हरन मंगल करन, एक छाप कर चिह्न ॥३६॥

દક્ષિણ ભુજાના મૂળથી નિશ્ચે ત્રણ તસુ હેઠું અશુભને હરનારું અને

મંગળ કરનારું એક છાપનું શુભ ચિહ્ન છે. ॥૩૬॥

छाप चिह्नते निकट शुभ, बाहिर अति छबिधाम ।
च्यार तिल सूक्ष्म सुखद, पंक्ति अति अभिराम ॥३७॥

આ છાપના ચિહ્નથી નજીક બહારલે ભાગે અતિ શોભાના ધામરૂપ, સુખને આપનારાં, અતિ મનોહર તથા શુભ એવાં સૂક્ષ્મ ચાર તિલની હાર છે. ॥૩૭॥

चोपाई :

भुजा जुगल आजानुं प्रजंता, चितवन करत हरखी नित संता ।
करिकर सम वर उभय उदारु, निरखी तन मन प्रान ले वारु ॥३८॥

શ્રીહરિના બન્ને હાથ ગોઠણ પર્યંત લાંબા છે. સંતો તેનું નિત્ય હરખીને ચિંતવન કરે છે. એ ઉદાર અને શ્રેષ્ઠ એવા બન્ને હાથ હાથીની સૂંઢ જેવા છે. એ કરવરને નીરખીને હું તન, મન અને પ્રાણ લઈ વારી જાઉં છું. ॥૩૮॥

बरनुं चिह्न जुगल भुजमांई, श्रवन सुनत जन मन पुलकाई ।
दछिन भुजमहीं चिह्न अनुपा, कुंनि शाम जुगल सुखरूपा ॥३९॥

બન્ને ભુજામાં રહેલાં ચિહ્નોનું વર્ણન કરું છું. તેને શ્રવણે સાંભળીને જનોનું મન હરખાય છે. બન્ને હાથની કોણીઓ શ્યામ અને સુખરૂપ છે. જમણી ભુજામાં રહેલાં તિલ-ચિહ્નો અનુપમ છે. ॥૩૯॥

करवर करभ कठिनतर पोंचा, जुगल तिल पोंचासु ऊंचा ।
करतल जुगल अरुन छबिधामा, ता महीं रेखा रसभरी शामा ॥४०॥

ભગવાન શ્રીહરિના બન્ને હાથ અને કરભ અતિ શ્રેષ્ઠ છે. અને કાંડાં અતિ કઠણ છે. અને જમણી કૂણીથી હેઠાં અને કાંડાથી ઊંચાં બે તિલ છે. બન્ને હાથની બન્ને હથેળીઓ ગુલાબી છે અને શોભાના

ધામરૂપ છે. અને તે હથેળીમાં રસભરી રેખાઓ રહી છે, તે થોડી થોડી શ્યામ જણાય છે. ॥૪૦॥

अंगुरी उभय करकी मनहरनी, नखमनिगन कीरनि मानुं तरनी ।
दहिना करकी कनिष्ठ अंगुरी, ताते तिल हे अर्ध तसु दूरी ॥४१॥

શ્રીહરિના બન્ને હાથની આંગળીઓ મનને હરે એવી છે. અને દશેય નખ તો મણિની પંક્તિ જેવા છે અને સૂર્યની કાંતિ સમાન તેજસ્વી છે. (પરથારામાં બે હાથના જે નખ તે રક્ત છે ને ઉપડતા છે ને તેજસ્વી છે. ને નખના જે અગ્રભાગ તે અતિ તીક્ષ્ણ છે.) જમણા હાથની ટચલી આંગળીના મૂળથી ઉપર અર્ધા આંગળને છેટે એક નાનો તિલ છે. ॥૪૧॥

वाम भुजा कर मूलसु नीचे, छाप चिह्न सोहत शुभ बीचे ।
वाम कुनिते परव जुग जानो, तिल एक उपर भाग प्रमानो ॥४२॥

ડાબી ભુજામાં મૂળથી ત્રણ તસુ હેઠું એક છાપનું શુભ ચિહ્ન શોભે છે. ડાબી કોણીથી બે તસુ હેઠો હાથને ઉપલે ભાગે એક તિલ છે. ॥૪૨॥

वाम पानि मध्या तर्जनीका, ता मध्य एक तिल हे नीका ।
येही अंगुष्ट पास अंगुरीमां, नख समीप तिल शोभा सीमा ॥४३॥

ડાબા હાથની અંગૂઠા પાસેની જે તર્જનીકા આંગળી તથા વચલી જે મધ્યમા આંગળી, તે બેયની વચ્ચે ઉત્તમ એક તિલ છે. અને એ અંગૂઠા પાસેની આંગળીના નખની પાસે માંહેલી કોરે એક નાનો તિલ શોભાની સીમારૂપ છે, અર્થાત્ સર્વોપરી શોભાયમાન છે. ॥૪૩॥

वाम पानि पोंचा पर सोहे, तिल एक अनुपम मुनिमन मोहे ।
उभय पानि अंगुरी नख लाली, उंचे तिछन तेज कर माली ॥४४॥

અને ડાબા હાથના પોંચા પર એક અનુપમ તિલ શોભી રહ્યો છે. તે મુનિઓનાં મનને મોહ પમાડે છે. અને બે હાથના નખ રક્ત છે ને

ઉપડતા છે ને તેજની માળા જેવા તેજસ્વી છે ને તે નખના જે અગ્રભાગ તે અતિ તીક્ષ્ણ છે. (બે હાથના જે તળાં તે રક્ત છે ને તે તળામાં જે રેખાઓ તે થોડી થોડી શ્યામ જણાય છે.) ॥૪૪॥

उभय पौंचासु अष्ट तसु दूरे, छाप चिह्न सोहत सुखपूरे ।
कंबु कंठ कौस्तुभमनि राजे, तिल जुग देखी मारमति लाजे ॥४५॥

અને બે હથેળીનાં મૂળથી ઉપર આઠ તસુ ઊંચાં બે છાપનાં ચિહ્ન છે, તે અતિ શોભી રહ્યાં છે. તથા જોનારા ભક્તજનને સુખથી ભરી દે છે. (અને બે કોણીઓ શ્યામ છે.) અને શ્રીહરિના શંખ જેવા કંઠમાં કૌસ્તુભમણિ શોભી રહ્યો છે. (અને તે કંઠના ખાડાની વચ્ચે એક તિલ છે અને એ તિલથી જરાક છેટે એક નાનો તિલ છે.) તે બે તિલ દેખી કામદેવની મતિ લાજે છે. ॥૪૫॥

सोरठा : तिल एक अति छबि धाम, वाम बाहु पर मन हरन ।
रोम सहित अभिराम, काम सकल पुरन करन ॥४६॥

અને અતિ શોભાના ધામરૂપ, સકલ કામનાને પૂરનારો, સુંદર મનને હરે એવો એક રોમે સહિત તિલ ડાબા બાહુ ઉપર (ડાબા ખભાથી બે આંગળ હેઠો વાંસામાં) છે. ॥૪૬॥

चिबुक परम सुखदेन, तेही नीचे एक तिल सरस ।
चिंतत मुनि दिनरेन, जानी सकल सुखकर सदन ॥४७॥

શ્રીહરિની ચિબુક પરમ સુખની દેનારી છે, તેની નીચે એક સરસ તિલ છે. સાધુઓ એ તિલને સર્વે સુખનું ઘર જાણી રાત-દિવસ ચિંતવે છે. ॥૪૭॥

दोहा : लखुं प्रष्टमहीं चिह्न तिल, हरन सकल संताप ।
जो जन चिंतत प्रीत करी, होत परम निष्पाप ॥४८॥

હવે વાંસામાં રહેલાં તિલ-ચિહ્નોને લખું છું, જે સકળ સંતાપને હરનારાં છે. જે જનો તેને પ્રેમે કરીને ચિંતવે તે પરમ નિષ્પાપ થઈ જાય છે. ॥૪૮॥

रोम सहित तिल ता निकट, तिल एक परम पुनीत ।
ता नीचे तिल तिसरो, निरखत मुनि करी प्रीत ॥४९॥

પૂર્વે કહ્યો જે રોમે સહિત તિલ, તેની નજીક-હેઠો પરમ પવિત્ર એક તિલ છે, તેની નીચે એક ત્રીજો તિલ છે. મુનિઓ તેને પ્રેમથી નીરખ્યા કરે છે. ॥૪૯॥

चोपाई :

मेरु दंडते वामही भागे, चिंतत संत परम अनुरागे ।
ग्रीवते नीचे परव जुग जानो, तिल एक निरखी सद्य उर आनो ॥५०॥

શ્રીહરિના વાંસામાં મેરુદંડથી ડાબી બાજુએ, ડોકથી નીચે બે તસુ છેટે એક તિલ છે. તેને નીરખીને હૃદયમાં આણો. આ તિલને સંતો પરમ અનુરાગે કરીને ચિંતવે છે. ॥૫૦॥

(સ્પષ્ટતા : ધ્યાન ચિંતામણિમાં તથા અમુક વચનામૃતના પરથારામાં આ તિલની જગ્યા મેરુદંડથી જમણી બાજુ બતાવવામાં આવી છે. એમાં એવું લાગે છે કે, શ્રીહરિની પાછળ જઈને જો જુએ તો મેરુંદંડથી જમણી બાજુ આ તિલનું દર્શન થાય, પરંતુ શ્રીહરિની સન્મુખ રહીને દર્શન કરતાં આ તિલ માટે જમણું-ડાબું વિચારતાં કરોડરજ્જુથી ડાબી બાજુ આ તિલ મનાય છે. કેમ જે, એકના એક પ્રેમાનંદસ્વામીએ ધ્યાનચિંતામણિમાં આ તિલને જમણી બાજુ કહ્યો ને ધ્યાનમંજરીમાં ડાબી બાજુએ કહ્યો છે. માટે શ્રીહરિને પાછળથી અથવા આગળથી જોવાથી જ આ ડાબી-જમણીનો તફાવત લખાયો છે. સન્મુખથી જો જુઓ કહેતાં વિચારો તો કરોડરજ્જુથી ડાબી બાજુ તે તિલનું સ્થાન મનાય અને જો શ્રીહરિની પાછળ જઈને વાંસામાં જુઓ તો કરોડરજ્જુથી જમણી બાજુ તે તિલ દેખાય.)

दछिन बाहु पर तिल एक झीना, चितवत संत जे ध्यान प्रवीना ।
दछिन प्रष्ट मध्य तिल चारी, मुनिमन थिर करी लेत हे धारी ।।५१।।

જમણા બાહુ પર એક ઝીણો તિલ છે. (પરથારા મુજબ આ તિલ જમણી ખરપડી ઉપર છે.) જે ધ્યાનપ્રવીણ સંતો છે, તેઓ તેને ચિંતવે છે. કરોડથી જમણી કોરે વાંસાની મધ્યે ચાર તિલ છે. મુનિઓ મનને સ્થિર કરી તેને હૃદયમાં ધારણ કરે છે. ।।૫૧।।

हसित बदन छबि कही न जाई, शरदपुनो शशी नीरखी लजाई ।
दसन द्युति छबि दमकत च्यारु, बिजुरी बीज कलिकुंद ले वारु ।।५२।।

શ્રીહરિના હસતાં મુખારવિંદની શોભા કહી જાતી નથી. અરે ! શરદપૂનમનો ચંદ્ર પણ તેને નીરખીને લજાઈ જાય છે. શ્રીહરિની ચમકતી દંતકાંતિની શોભા સુંદર છે. તે શોભા ઉપર વીજળી, દાડમનાં બીજ તથા મોગરાની કળીઓ લઈને વારી નાંખું એવી તે દંતપંક્તિ છે. ।।૫૨।।

मुख भीतर दाहिनी कोरे, डाढमें शाम चिह्न चित्त चोरे ।
शाम चिह्न जिह्वा पर जानो, निरखो धन्य भाग्य करी मानो ।।५३।।

શ્રીહરિના મુખની અંદર, જમણી કોરે હેઠલી પ્રથમની દાઢમાં ચિત્તને ચોરતું એવું શ્યામ ચિહ્ન છે. (અને જીહ્‌વા કમળના પત્ર સરખી રક્ત છે.) વળી, જીહ્‌વા ઉપર પણ શ્યામ ચિહ્ન છે, તે જાણીને અને તેનાં દર્શન કરીને હે ભક્તજનો ! તમારાં ધન્યભાગ્ય માનજો. ।।૫૩।।

अधर प्रवाल उठत मुखरेखे, सुफल होत दृग मुख छबि देखे ।
नासा किर मुनिमन मोहे, शिलिदाग नाक पर सोहे ।।५४।।

શ્રીહરિના હોઠ પ્રવાળા જેવા સુંદર છે તથા મુખ ઉપર ઝીણી રેખાઓ ઊઠે છે; આવી તે મુખની શોભા જોઈને નર-નારીઓની આંખો સફળ થાય છે. શુકચંચુ જેવી નાસિકા જોઈને મુનિઓનાં મન મોહે છે, એવી નાસિકા ઉપર શીળીનાં ઝીણાં ઝીણાં ચિહ્નો શોભી રહ્યાં છે. ।।૫૪।।

नासा निकट दछिने भागे, तिल एक प्रथुल रहो दृग आगे ।
याते निकट ऊर्ध दृग कोने, तिल एक निरखत भक्त सलोने ॥५५॥

નાસિકાની પાસે જમણી કોરે એક મોટો તિલ છે, તે હંમેશા મારી આંખ આગળ રહો. એ તિલથી ઊંચો ને આંખના ખૂણાથી હેઠો, પાસે જ એક નાનો તિલ છે. તેને પ્રેમી ભક્તો નીરખે છે. ॥૫૫॥

दया सनेह भरे जुग नेना, हरत ताप तन करत हें चेना ।
एसे शरद सरोज सम नेना, मुदित विलोकी संत दिनरेना ॥५६॥

શ્રીહરિનાં બન્ને નેત્રો દયા અને સ્નેહથી ભરેલાં છે. અમીદષ્ટિ કરીને જનોના તાપ હરે છે તથા સૌને તન-મનનાં સુખ-શાંતિ આપે છે; એવા શરદઋતુનાં કમળ જેવાં શ્રીહરિનાં નેત્રોને જોઈને સંતો રાત-દિવસ આનંદમાં રહે છે. ॥૫૬॥

जुगल नेन उपर रस भीनी, उठत रेख पलकन बिच झीनी ।
जुगल कपोल गोल छबि सीमा, निरखत संत राखी दृग नीमां ॥५७॥

એ બે નેત્રની જે હેઠલી અને ઊપલી રસભીની પાપણો, તેથી ઉપર અને હેઠે ઝીણી ઝીણી કરચલીઓ પડે છે. બન્ને કપોલ ગોળ શોભાની સીમારૂપ છે, તેને સંતો નીરખીને આંખોમાં રાખે છે. ॥૫૭॥

सोरठा : वाम श्रवन बिच श्याम, बिंदु सरस छबिकर भुवन ।
शोभीत शोभा धाम, काम सकल पुरन करन ॥५८॥

ડાબા કાનની માંહિલી કોરે શ્યામ બિંદુનું સરસ ચિહ્ન છે. એ ચિહ્ન અતિ રૂપાળું શોભાના ધામરૂપ અને દર્શન કરનારાના સકલ મનોરથોને પૂરનારું છે. ॥૫૮॥

जुगल श्रवन छबि देखी, जन मनमे आनंद द्रवत ।
जनम सुफल मुनि लेखी, राखत चितमहीं चिंतन करी ॥५९॥

બન્ને કાનની શોભા જોઈને લોકોનાં મનમાં બહુ આનંદ થાય છે. સાધુ-સંતો કર્ણશોભા જોઈને પોતાનો જન્મ સફળ માની ચિત્તમાં ચિંતવન કરીને રાખે છે. ॥૫૯॥.

दोहा : ललित भाल शोभा लखी, मूर्छित भयो मयंक ।
बश्यो लजायके गगन महीं, लिखी निज तन सकलंक ॥६०॥

શ્રીહરિના સુંદર કપાળની શોભા જોઈ ચંદ્રમા મૂર્છિત થઈ ગયો, પછી જ્યારે ભાનમાં આવ્યો ત્યારે પોતાનું તન કલંકવાળું જાણી મનોમન લજાઈને આકાશમાં જતો રહ્યો છે, તે હજી હેઠો આવ્યો નથી. ॥૬૦॥

लसत ललाटमें रसभरी, रेखा तिलकाकार ।
उन्नत भालमें उमंगी चली, मानुं सुरसज्ञि द्वेधार ॥६१॥

વિશાળ અને ઊપડતું સુંદર જે શ્રીહરિજીનું લલાટ, તેમાં તિલકને આકારે ઊભી રસભરી બે રેખાઓ છે. જાણે કે એ કપાળમાં સુરગંગાની બે ધારા ઉમંગથી ચાલી રહી હોય ને શું ! એવું લાગે છે. ॥૬૧॥

चोपाई :
पुनि ललाट बिच चिह्न हे एका, केश समीप दाहिने देखा ।
दछिन करनवेध पर जानो, तिल एक लघु निरखी उर आनो ॥६२॥

વળી, લલાટને વિશે જમણી કોરે કેશથી હેઠું, સમીપે એક ચિહ્ન મેં જોયું છે. અને જમણા કાનના કર્ણવેધ ઉપર, અર્થાત્ બુટ્ટી ઉપર એક નાનો તિલ છે એમ તમે જાણો. પછી તેને નીરખી-નીરખીને ઉરમાં ધારો. ॥૬૨॥

ब्रह्मरंध्र पर तिल एक सोहे, तनिक दीर्घ नीरखी मन मोहे ।
शिखासमीपएकतिलअविलोकी, निरखतसंतसरलचित्तशोखी ॥६३॥

તાળવાની ઉપર એક તિલ શોભી રહ્યો છે, તે જરાક લાંબો છે. તેને નીરખીને મુનિઓનાં મન મોહે છે. અને શીખાની આગળ, સમીપે એક

તિલ છે; તેનું અવલોકન કરીને સરળ ચિત્તવાળા પ્રેમી સંતો નીરખ્યા જ કરે છે. ॥૬૩॥

शिखाते पीछे दहिनी कोरे, तिल हे तिन देखत चित्त चोरे ।
येही बिन तिल सूक्ष्म है अपारा, हरितनमे जानो निरधारा ॥६४॥

શિખાની પછવાડે જમણી કોરે ત્રણ તિલ છે, તે જોતાં જ ચિત્તને ચોરે છે. અને એ વિના બીજા પણ ઝીણાં ઝીણાં તિલ શ્રીહરિની મૂર્તિમાં અપાર છે, એમ હે હરિભક્તો ! તમે ચોક્કસ જાણજ્યો. ॥૬૪॥

श्रीमहाराज रूप रसखानी, रसभरी मूर्ति मधुरी मुखबानी ।
सुंदरता रु मधुरता भारी, शोभाधाम पुष्ट तनु प्यारी ॥६५॥

શ્રીજીમહારાજની જે મૂર્તિ તે અતિશય સુંદરતા અને સુખની ખાણરૂપ છે. એમની મૂર્તિ સર્વ રસથી ભરેલી છે. એમના મુખની વાણી મધુર છે. આ રીતે અતિશય સુંદરતા અને મધુરતાએ યુક્ત એવી શ્રીહરિની પુષ્ટ અને પ્યારી મૂર્તિ શોભાનું ધામ છે. ॥૬૫॥

निरखत भक्त ज्युं चन्द्रचकोरा, हरत नेन मन धर्मकिशोरा ।
शांत स्वभाव जुक्त घनश्यामा, दया सुधा पूरित द्रगधामा ॥६६॥

જેમ ચંદ્રને ચકોર જોઈ રહે તેમ ભક્તજનો શ્રીહરિને જોઈ રહે છે. ધર્મકિશોર શ્રીહરિ દર્શન કરનારાનાં નેત્ર અને મનને પોતાની મૂર્તિમાં ખેંચી લે છે. એવા શ્રીઘનશ્યામ શાંત સ્વભાવે યુક્ત છે. એમની આંખોરૂપી ઘરમાં દયા અને અમૃત ભરેલાં છે. ॥૬૬॥

श्रीहरिकृष्ण मूर्ति परमानो, गोपीनाथ मूर्ति सम जानो ।
करचरनादिक अंग बखाने, सामुद्रिक शास्त्र परमाने ॥६७॥

દુર્ગપુર વિશે રહેલી શ્રીગોપીનાથજીની મૂર્તિ સમાન શ્રીહરિકૃષ્ણ પરમાત્માની મૂર્તિનું પરિમાણ છે, તેમ જાણો. અને શ્રીજીમહારાજનાં કર-

ચરણાદિક સર્વે અંગો સામુદ્રિક શાસ્ત્રમાં જેવાં વખાણવામાં આવ્યાં છે તે જ પ્રમાણે છે. ॥૬૭॥

येही विधि नखशिख रूप निहारी, लिखे चिह्न स्मृति अनुसारी ।
ज्युं दिनमे रजनी नहीं सामे, त्युं चतुराई चले नहि यामे ॥६८॥

किन अनुग्रह श्रीभगवाना, दिनी स्मर्ति बुद्धि अरु ग्याना ।
ज्युं उपजायो त्युं ही लिखानो, यामे कछु संदेह न जानो ॥६९॥

આ રીતે નખથી શિખા પર્યંત શ્રીહરિનું રૂપ નિહાળીને મેં મારી સ્મૃતિને અનુસારે આ તિલ-ચિહ્નો લખ્યાં છે. જેમ દિવસમાં રજની સમાતી નથી, તેમ આમાં ચતુરાઈ ચાલતી નથી. પરંતુ પ્રગટ ભગવાન શ્રીસહજાનંદસ્વામીએ જ મારા ઉપર અનુગ્રહ કરી આ વર્ણન કરી શકું એવી સ્મૃતિ, બુદ્ધિ અને જ્ઞાન મને આપ્યાં. તેથી મારા અંતરમાં રહીને શ્રીહરિએ જેમ ઉપજાવ્યું છે તેમ જ મારાથી લખાણું છે, આમાં કંઈ જ સંદેહ જાણશો નહીં. ॥૬૮-૬૯॥

सोरठा : मूर्ति मनुष्याकार, येही कारन सबको समुजी ।
निश्चे कियो निरधार, सब बातन सिद्धांत यह ॥७०॥

ज्युं चिंतामनि कोय, ग्रही करमें जो चिंतवे नर ।
सुफल होत हे सोय, यामे नहीं संदेह कछु ॥७१॥

આ મનુષ્યાકાર મૂર્તિને સર્વેનું કારણ સમજીને મેં(પ્રેમાનંદ સ્વામીએ) નક્કી નિરધાર કર્યો છે કે, 'સર્વે વાતનું આ જ સિદ્ધાંત છે જે, જેમ ચિંતામણિ કોઈ નર હાથમાં ગ્રહણ કરીને જે જે ચિંતવે તે તે તરત જ તેને પ્રાપ્ત થાય છે, તેમ શ્રીજીમહારાજની મૂર્તિ ચિંતામણિ સમાન છે. એનું ચિંતન કરનારાના સર્વે મનોરથ સફળ થાય છે; એમાં કંઈ જ સંદેહ નથી. ॥૭૦-૭૧॥

दोहा : युं हरिमूर्तिमें मन, राखत नर एकतार ।
लहत सकल सिद्धांतकु, क्रिपा करत मुरार ॥७२॥

આવી રીતે હરિમૂર્તિમાં કોઈ નર મનને એકતાર (અખંડ) રાખે તો શ્રીહરિજી મહારાજ તેના ઉપર કૃપા કરે છે, તેથી તે સર્વે સિદ્ધાંતને પામી જાય છે. અર્થાત્ ગહનમાં ગહન જીવ, માયા અને ઈશ્વરનું સર્વે સિદ્ધાંત જ્ઞાન તેને અનુભવાય છે. ॥૭૨॥

देखत निज पर आतमा, माया ब्रह्म रु धाम ।
प्रगट रूप चिंतन करी, होत हे पुरन काम ॥७३॥

શ્રીહરિની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાથી જે જે જોવાને ઈચ્છે તે તે, અર્થાત્ પોતાનો તથા પારકો આત્મા, માયા, બ્રહ્મ અને અક્ષરધામ (તથા જમપુરી આદિક) તત્કાળ દેખે છે; આ રીતે પ્રગટ પ્રમાણ શ્રીહરિની મૂર્તિનું ચિંતવન કરી જનો પૂર્ણકામ થાય છે. ॥૭૩॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरिशरीरे चिह्नवर्णन
नामा द्वितीयः प्रकाशः ॥२॥

પ્રકાશ : ૩

શ્રીહરિ ચેષ્ટા વર્ણન

(હવે ત્રણ ચોપાઈમાં પ્રેમાનંદસ્વામી શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનું વર્ણન કરવા જતા ભગવાનનું ધ્યાન કરી, નમન કરી, વર્ણનને અનુકૂળ બુદ્ધિની યાચના કરે છે તથા ચેષ્ટા-વર્ણનનો હેતુ કહે છે.)

चोपाई :

धर्मकुंवर छबी उरमहीं आनी, समरुं चरन नख चिह्न निशानी ।
करु प्रनाम मन वचन रु काया, करउ नाथ सेवक पर दाया ॥१॥

હે મારા ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામી ! આપની મૂર્તિને હૃદયમાં લાવીને ચરણથી શિખા પર્યંતનાં સર્વે તિલ-ચિહ્નની નિશાનીઓનું સ્મરણ કરું છું. અને મન, વચન અને દેહે કરીને આપને પ્રણામ કરું છું. હે નાથ ! આપનો સેવક હું જે પ્રેમાનંદ, તે મારી ઉપર આપ દયા કરો. ॥૧॥

बरनुं नाथ कर सहज स्वभाउ, प्रेरउ बुद्धि धर्मकुल राउ ।
सहज प्रकृति परम हितकारी, सुनी भव तरहि सकल नरनारी ॥२॥

હે ધર્મકુળરાય ! આપની સ્વાભાવિક ચેષ્ટાનું હવે વર્ણન કરવા જઈ રહ્યો છું. હે નાથ ! તેને અનુકૂળ બુદ્ધિ મારા હૃદયમાં પ્રેરો. આપ કહેશો કે, 'તમારે શા માટે વર્ણન કરવું છે ?' તો આપની સહજ પ્રકૃતિ સૌનું પરમ હિત કરનારી છે. તેને સાંભળીને સર્વે નરનારીઓ ભવજળ તરી જાય એવી છે. ॥૨॥

सब साधनसुकृत फल जानी, लखुं सहज चेष्टा उर आनी ।
भोरतें करी रजनी पर्यंता, सहज स्वभाव सुनी मिली संता ॥३॥

અરે ! સર્વે સાધનનું તથા પુણ્યનું એ જ ફળ છે એમ જાણીને આપની સહજ ચેષ્ટા ઉરમાં સંભારીને લખું છું. હે સર્વે સંતો ! સર્વે મળીને સાંભળો. સવારે ઊઠીને રાત્રીએ પોઢે ત્યાં સુધીની શ્રીહરિની સહજ સ્વાભાવિક પ્રકૃતિનું હું વર્ણન કરું છું. ॥૩॥

(હવે આ ચોથી ચોપાઈથી સ્વાભાવિક ચેષ્ટા લખવાનો પ્રારંભ કરે છે.)

श्रीहरिकृष्ण नियम नित्य राखी, रहे चार घटी रात्री बाकी ।
तेही अवसर उठी क्रिपानिधाना, करत दंतधावन भगवाना ॥४॥

કૃપાના નિધાન શ્રીહરિકૃષ્ણ ભગવાન દરરોજનું નિયમ રાખીને રાત્રી ચાર ઘટીકા બાકી રહે તે અવસરે (બ્રાહ્મમુહૂર્તમાં) ઊઠીને દાતણ કરે છે. ॥૪॥

यह एक सहज स्वभाव सदाई, ता पीछे सुंदर सुखदाई ।
करत स्नान शाम सुखकंदा, करे तनमर्दन वरणि मुकुंदा ॥५॥

આ શ્રીહરિનો કાયમનો સહજ સ્વભાવ હતો. ત્યારપછી સુખને આપનારા સુંદર મૂર્તિ શ્રીહરિ સ્નાન કરે છે. ત્યારે સુખના મૂળ એવા પ્યારા પ્રભુને શ્રીમુકુંદાનંદ વર્ણી શરીર ચોળીને સ્નાન કરાવે છે. ॥૫॥

(હવે ચાર ચોપાઈમાં સ્નાન કરી વસ્ત્ર પહેરી જમવા પધારે ત્યાં સુધીની ચેષ્ટા વર્ણવે છે.)

करी स्नान श्रीहरि दयाला, उज्जल सूक्ष्म श्वेत रूमाला ।
तेही करी लुछी शाम शरीरा, पुनि ठाडे होई परम सुधीरा ॥६॥

जो धोती पहीरी मुरारी, उभय उरु बिच ताय सुधारी ।
उभय पानि करी ताय निचोई, पुनि पुंछत सक्थी पग धोई ॥७॥

દયાળુ એવા શ્રીહરિ સ્નાન કરી ધોયેલો, શ્વેત, કોરો અને સૂક્ષ્મ

રૂમાલ લઈને તેણે કરી પોતાનું શ્યામ સુંદર શરીર લૂછે છે. પછી પરમ સુધીર એવા શ્રીહરિ ઊભા થઈને જે ધોતી પહેરી હોય તેને બન્ને સાથળ વચ્ચે ભેળી કરીને બન્ને હાથ વડે નીચોવે છે. પછી તેનાથી સાથળ અને પગને લૂછે છે. ॥૬-૭॥

पिछे सूक्ष्म सघन रु धोई, पेरत धोती कृपानिधि सोई ।
पेरत पट कटि कसी सुजाना, धर्मात्मज वररूपनिधाना ॥८॥

ત્યાર પછી કૃપાના નિધિ એવા સર્વજ્ઞ પ્રભુ ઘાટી, સૂક્ષ્મ ધોયેલી એવી કોરી ધોતી પહેરે છે. શ્રેષ્ઠ રૂપના નિધિ એવા ધર્મદેવના પુત્ર શ્રીહરિ જ્યારે ધોતી પહેરે છે ત્યારે પોતાની કેડ સંગાથે સારી પેઠે તાણીને પહેરે છે. ॥૮॥

सोरठा : अन्य श्वेत पट ओरी, श्रीभक्तिसुत सुखसदन ।
पेरी पादुका जोरी, जात नाथ भोजन करन ॥९॥

સુખના સદન અને સર્વના સ્વામી એવા શ્રીભક્તિમાતાના પુત્ર શ્રીહરિ ત્યારપછી બીજું ધોયેલું સૂક્ષ્મ વસ્ત્ર ઓઢીને (પોતાનો નિત્યવિધિ કરે છે) ત્યારપછી ચાખડીઓ પહેરીને (અક્ષર ઓરડીએથી દાદા ખાચરના દરબારના ઉગમણા બારની ઓસરીએ) જમવા પધારે છે. ॥૯॥

अति पवित्र आसन, बेठत ता पर धर्मसुत ।
किन सरस हरिजन, धूप अगरु करी दीपघृत ॥१०॥

ત્યારપછી ધર્મપુત્ર શ્રીહરિ પવિત્ર એવા (જમવા બેસવાના સ્થાનક પર જઈને) આસન ઉપર બેસે છે. હરિભક્તો ત્યાં સરસ અગરુનો ધૂપ અને ઘીનો દીવો કરે છે. ॥૧૦॥

दोहा : आसपास मुनि हरिजन, दरशन मन अभिलाख ।
निरखत करत विनोद मिली, मधुर वचन मुखभाख ॥११॥

અને સંતો-હરિભક્તો મનમાં દર્શનની અભિલાષાથી આસપાસ બેસીને દર્શન કરે છે. શ્રીહરિ મુખથી મધુરાં વચનો બોલીને તેઓની સાથે મળી વિનોદ કરે છે. ॥૧૧॥

ज्युं उडगन मिली उडपति, सेवत मन मुद आनी ।
त्युं निरखत मुनि हरिजन, हसी बोलत मृदु बानी ॥१२॥

જેમ તારાઓ ચંદ્રમાને મળી મનમાં આનંદ આણી સેવે છે તેમ શ્રીહરિરૂપ ચંદ્રમાને તારારૂપ સંતો-હરિભક્તો વીંટળાઈને નીરખે છે અને સેવે છે. શ્રીહરિ પણ તેઓની સેવાને અંગીકાર કરતા થકા હસતાં હસતાં મીઠી વાણી બોલીને તેઓને આનંદ પમાડે છે. ॥૧૨॥

(હવે ચાર ચોપાઈમાં શ્રીહરિની સ્વાભાવિક ભોજનલીલાનું વર્ણન કરે છે.)

चोपाई :

जिमत है हरिकृष्ण मुरारि, तब तेही अवसर हरि सुखकारी ।
ओढनको पट परम कृपालु, करनसु बाहिर राखी दयालु ॥१३॥

वाम चरन कर आसन ठानी, वाम पानि पुनि ता पर आनी ।
दछिंन चरन ठाडो हरि धारी, ता पर दहिना पानि पसारी ॥१४॥

जिमत पुनि पुनि पीवत पानी, सहज स्वभाव लेहो जन जानी ।
जिमत जणिस स्वादु जो होई, बेठे पास श्रेष्ठ जन कोई ॥१५॥

ताकुं देत नाथ करी प्रीति, पिछे आप जिमत रस रीति ।
जिमत खात डकार अघाई, फेरत उदर पर कर सुरराई ॥१६॥

સુખકારી, પરમ કૃપાળુ અને દયાળુ એવા હરિકૃષ્ણ હરિ જ્યારે જમે છે ત્યારે ઓઢવાનું વસ્ત્ર કાન ઉઘાડા રાખીને માથા ઉપર ઓઢે છે. અને ડાબા ચરણને આસન ઉપર વાળીને ડાબો હાથ તેના ઉપર રાખીને તથા જમણો ચરણ ઊભો રાખીને તેના ઉપર જમણો હાથ પસારીને

શ્રીહરિ જમે છે. અને જમતાં જમતાં વારે-વારે થોડું-થોડું પાણી પીવાનો શ્રીહરિનો સહજ સ્વભાવ છે. તે તમે લોકો જાણજ્યો.

અને જમતાં કોઈ સ્વાદિષ્ટ વાનગી જણાય તો પોતા પાસે બેઠેલા કોઈ શ્રેષ્ઠ ભક્તજનને પ્રેમે કરીને આપે (અથવા અપાવે) છે. ત્યારપછી પોતે રસરીતથી(પ્રેમથી) જમે છે. ત્યારબાદ દેવાધિદેવ શ્રીહરિ જમતાં જમતાં તૃપ્ત થઈને ઓડકાર ખાય છે તથા પેટ ઉપર હાથ ફેરવે છે. (એવો શ્રીહરિનો સહજ સ્વભાવ છે.) ။૧૩ થી ૧૬။

(હવે આ ચોપાઈમાં શ્રીહરિનો પ્રસાદી દેવાનો સ્વભાવ વર્ણવે છે.)

कबहुक प्रसन्न होई मुनिराया, संत हरिजन पर करी दाया ।
देत प्रसादी थाल बोलाई, अक्षरपति पुरुषोत्तम राई ॥१७॥

મુનિઓના પતિ એવા શ્રીહરિ ક્યારેક પ્રસન્ન થઈ સંત-હરિજન ઉપર દયા કરી તેમને બોલાવી પોતાની પ્રસાદીનો થાળ આપે છે (અથવા અપાવે છે); આવો અક્ષરપતિ પુરુષોત્તમરાયનો સહજ સ્વભાવ છે. ॥૧૭॥

(હવે આ ચોપાઈમાં ચળું કરવાની લીલા વર્ણવે છે.)

भोजन करी प्रक्षालत पानि, मुख प्रक्षालत रूपनिधानी ।
करत दंतशोधन भगवाना, रजतसली कर ग्रही सुजाना ॥१८॥

રૂપના નિધાન એવા શ્રીહરિ ભોજન કરી હાથ તથા મુખારવિંદ ધૂએ છે, અર્થાત્ ચળું કરે છે. (પછી કોગળા કરીને) સર્વજ્ઞ એવા શ્રીહરિ હાથમાં રૂપાની સળી લઈને દાંતને ખોતરે છે. (સાફ કરે છે.) ॥૧૮॥

(હવે ૧૯ થી ૨૫ કડી સુધી શ્રીહરિની પીરસણલીલાનું તથા સંતનાં પરમ ભાગ્યનું વર્ણન કરે છે.)

वाम बाहु पर पट हरि आनी, बांधत खेस कटि पर तानी ।
संत पंक्तिमें पिरसन काजा, चले कृपा करी श्रीमहाराजा ॥१९॥

ત્યારપછી રાજાધિરાજ શ્રીહરિ ખેસને ડાબા ખભા ઉપરથી કેડ સંગાથે તાણીને બાંધે છે અને કૃપા કરીને સંતોની પંક્તિમાં પીરસવા માટે પધારે છે. ॥૧૯॥

ले करमे मोदक घनशामा, पीरसत मोतीचुर ले नामा ।
घेबर खाजा बहुत बखांनी, शशकुली पीरसत मनमानी ॥२०॥

શ્રીઘનશ્યામ હાથમાં લાડુ લઈને 'લ્યો મોતીચૂર... લ્યો મોતીચૂર...' એમ નામ લઈ-લઈને ભાવથી પીરસે છે. એવી જ રીતે ક્યારેક ઘેબર-ખાજા બહુ વખાણીને આપે છે. કદીક મનમાની જલેબી પીરસે છે. ॥૨૦॥

सोरठा : दूधपाक सजाव बिरंज, बासुदी सरस अति ।
पीरसत अति उछाव, देत मोदक मुखमहि हसत ॥२१॥

ક્યારેક શ્રીહરિ દૂધપાક, બીરંજ, અતિ સરસ બાસુંદી અને ઉત્તમ પ્રકારનું દહીં અતિ ઉત્સાહથી પીરસે છે. અને ક્યારેક તો હસતાં હસતાં અતિ પ્રેમથી પોતાના પ્યારા પરમહંસને પોતાને હાથે મુખમાં લાડુ આપે છે. ॥૨૧॥

फिरते है वारमवार, पंक्तिमहि हरि धर्मसुत ।
करत हे मुख उच्चार, लेउं लाडु शशकुली सरस ॥२२॥

दोहा : निरखत नभ वेमान चढी, शिव ब्रह्मा सुरराज ।
बनसुत वरखी प्रसंशित, धन्य धन्य महाराज ॥२३॥

ધર્મસુત શ્રીહરિ પંક્તિમાં વારંવાર ફરે છે અને મુખથી બોલે છે : 'હે વાલા સંતો ! આ સરસ લાડુ લ્યો. આ જલેબી બહુ સરસ છે, થોડી લ્યો.' એવે સમે આકાશમાં વિમાને ચડી શિવ, બ્રહ્મા અને ઈન્દ્ર આવીને પુષ્પ વરસાવીને શ્રીહરિની પ્રશંસા કરતાં કહે છે કે, 'હે મહારાજ ! તમને

ધન્ય છે...ધન્ય છે.' ॥૨૨-૨૩॥

श्वेतद्वीपके मुक्त कहे, बद्रि निवासी साथ ।
वां हम तप करी मरी गये, यां रस बरसत नाथ ॥२४॥

વળી, બદરિકાશ્રમના અને શ્વેતદ્વીપના મુક્તો સાથે મળીને કહે છે કે ત્યાં અમે તપ કરી-કરીને મરી ગયા અને અહીં સર્વના નાથ શ્રીહરિ છયે રસોનો વરસાદ વરસાવે છે. ॥૨૪॥

चोपाई :

संत हरिजन हित सुखदाई, जिमावत परिवेशनमाई ।
श्रद्धा आदर प्रेम अपारा, फिरत पंक्तिमहीं वारमवारा ॥२५॥

સુખના દેનારા એવા શ્રીહરિને સાધુ-હરિભક્તોના ભલા માટે, તેમને જમાડવામાં તથા પીરસવામાં પોતાને શ્રદ્ધા, આદર અને પ્રેમ અપાર છે. તેથી જ શ્રીહરિ રાજી થઈને અતિ ઉત્સાહથી પંક્તિમાં વારંવાર ફરે છે. ॥૨૫॥

(હવે ૨૬ થી ૩૮ એમ તેર કડીઓમાં નદીમાં સંત-હરિભક્તની સાથે શ્રીહરિની સ્નાનલીલાનું વર્ણન કરે છે.)

कबहुक श्रीहरि धर्मकुमारा, बरखत बरखारितु जलधारा ।
कबहुक शरद स्वच्छ जल जानी, उन्मत्त सरि बहुत सुखदानी ॥२६॥

ધર્મકુમાર શ્રીહરિ ક્યારેક વરસતી વર્ષાઋતુની જલધારામાં તથા ક્યારેક શરદઋતુમાં બહુ સુખ દેનારી એવી ઘેલાનદીના જળને નિર્મળ જાણી સ્નાનાર્થે પધારે છે. ॥૨૬॥

निकट दुर्गपुर दछिंन पासा, पूर्व वाहिनी करे अघ नाशा ।
संत हरिजन संग ले स्वामी, करत स्नान नित्य बहुनामी ॥२७॥

તે ઘેલો દુર્ગપુરથી દક્ષિણ દિશામાં નજીક આવેલો છે. અઘને

નાશ કરનારું એવું એનું જળ પૂર્વદિશામાં વહે છે. સંતો-હરિભક્તોને સાથે લઈ બહુનામી એવા સહજાનંદસ્વામી ત્યાં નિત્ય સ્નાન કરે છે. ॥૨૭॥

सरिता नीर सराहत नाता, संत हरिजन आनंददाता ।
बहुत प्रकार करत जलक्रीडा, हसत हसावत जन तजी व्रीडा ॥२८॥

શ્રીહરિ તે નદીના જળને વખાણતા થકાં અને પોતાના પ્યારા સંત-હરિજનને આનંદ ઉપજાવતા થકાં તે ભક્તજન ભેળા બહુ પ્રકારે જળક્રીડા કરે છે, અને પોતાના પ્યારા સંતો-ભક્તોની સાથે લાજ-શરમ છોડીને બહુ હસે છે ને હસાવે છે. ॥૨૮॥

खलखलिया हे घाटको नामा, करत स्नान तहां घनशामा ।
कबहु उछालत जल सुखदाई, कबहु करत धुनी ताली बजाई ॥२९॥

ક્યારેક ખળખળિયા નામના ઘાટે શ્રીહરિ સ્નાન કરે છે. ક્યારેક સુખદાયી શ્રીહરિ જળ ઉછાળે છે અને ક્યારેક નદીમાં સ્નાન કરતાં તાળી પાડીને ધૂન બોલે છે (અને બોલાવે છે.) ॥૨૯॥

कबहु मारत डूबी जलमांई, नाक कान द्रग करसुं दबाई ।
बहुत बेर रहे डूबी मारी, ता पीछे निकसत भयहारी ॥३०॥
दहिना कर निज मुख पर फेरी, कुला करत सहज मुखतेरि ।
बहत शिष जल छत्राकारा, मानुं शेष आई फना बिस्तारा ॥३१॥

શ્રીહરિ ક્યારેક જળમાં ડૂબકી મારે છે ત્યારે નાક, કાન અને આંખોને પોતાના બન્ને હાથના અંગૂઠા તથા આંગળીઓથી દબાવીને ડૂબકી મારે છે અને બહુવાર સુધી પાણીમાં રહે છે. ત્યારપછી ભયહારી ભગવાન પાણીમાંથી બહાર નીકળે છે. ત્યારે પોતાના મુખારવિંદ ઉપર જમણા હાથને ફેરવીને મુખથી કોગળા કરવાનો સ્વભાવ છે. ક્યારેક (સહસ્રધરાએ) પાણીનો મોટો ધોધ શ્રીહરિના મસ્તક ઉપર છત્રાકારે પડે

છે. જાણે કે શેષજીએ આવીને પોતાની ફણાઓ વિસ્તારી ન હોય ! એવું લાગે છે. ॥૩૦-૩૧॥

कबहु प्रवाह मध्य जन नाता, जात इत उत अति पीटाता ।
ताही देखी हसत बहु भांती, क्रीडत संग ले संत एकांती ॥३२॥

ક્યારેક પ્રવાહની મધ્યે નાતાંનાતાં કોઈક ભક્તજન પાણીમાં આમતેમ અતિ પછડાતા તણાય ત્યારે તેને દેખીને શ્રીહરિ બહુ પ્રકારે હસે છે; એવી રીતે પોતાના એકાંતિક સંત-હરિભક્તોને સાથે લઈને ક્રીડા કરે છે. ॥૩૨॥

कबहुक प्रवाह मध्य हरि ठाडे, गावत पद करताली पाडे ।
अति उछाह सहित हरि गावे, यह छबी मुखते कही न जावे ॥३३॥

ક્યારેક શ્રીહરિ જળના પ્રવાહ મધ્યે ઊભા ઊભા હાથની તાળી પાડીને કીર્તન ગાય છે, ત્યારે અતિ ઉત્સાહ સહિત હરિ ગાતા હોય છે. એ છબી મુખથી કહી જાતી નથી. (પરથારો : અને ક્યારેક નદીના પ્રવાહને મધ્યે ઊભા રહ્યા થકા સાધુની પાસે તાળી વજાડીને કીર્તન ગવરાવે છે અને પોતે પણ ભેળા તાળી વજાડતા થકા ઉત્સાહે સહિત કીર્તન ગાય છે.) ॥૩૩॥

सोरठा : प्रथम हरि जलमांह, करत प्रवेश मंजन करन ।
पकरी निजजन बांह, होय बलिष्ठ प्रियतम सरस ॥३४॥

करी तनमंजन नाथ, निकसत बाहिर मुदित मन ।
पकरी हरिजन हाथ, निकसी ठाडे रहत त्रट ॥३५॥

જ્યારે શ્રીહરિ પ્રથમ જળમાં સ્નાન કરવા પ્રવેશ કરે છે, ત્યારે પોતાને પ્રિય એવા કોઈ શ્રેષ્ઠ બળવાન ભક્તજનના હાથને પોતાના હાથે કરીને ઝાલે છે. અને શ્રીહરિ સ્નાન કરીને આનંદિત થયા થકાં બહાર

નીકળે છે ત્યારે પણ એવી જ રીતે ભક્તજનનો હાથ પકડીને નદીની બહાર નીકળીને તટ ઉપર ઊભા રહે છે. ॥૩૪-૩૫॥

दोहा : निरखी बदन सुखसदनको, प्रफुलित मुनि-द्रग-कंज ।
ज्युं चकोर लखी चंदही, चले पिंजरा भंज ॥३६॥
निज दरशन करी हर्षजुत, एसे सब निज दास ।
निकसी बाहिर सलिलते, ठाडे भये अविनाश ॥३७॥

તે સમયે સુખના સદન એવા શ્રીહરિનું વદન નીરખીને મુનિજનોનાં નેત્રકમળ પ્રફુલ્લિત થાય છે. જેમ ચંદ્રને જોઈને ચકોર પીંજરું તોડીને ચાલી નીકળે, તેમ સંતોની દષ્ટિ સર્વે આવરણ તોડીને શ્રીહરિના સ્વરૂપમાં તણાઈ જાય છે. આવી રીતે પોતાને દર્શને કરીને હર્ષયુક્ત થયેલા એવા જે પોતાના સર્વે ભક્તજન તેમણે સહિત નદીના જળથી બહાર નીકળીને નદીના કાંઠા ઉપર અવિનાશી શ્રીહરિ ઊભા રહે છે. ॥૩૬-૩૭॥

चोपाई :

पहिरत धोती हरि हरखाई, जो पहीरा कटि पर पट तांई ।
उभय उरु बिच लेकर मांई, नीचोवत प्रथम ज्युं मुनिराई ॥३८॥
ले रूमाल अंगोछत अंगा, श्वेत धोती पहिरत उमंगा ।
पहिरत पट कटि तट पर ऐंची, लेत नाथ सब कर चित्त खेंची ॥३९॥

ત્યારપછી શ્રીહરિ હરખાઈને ધોતી પહેરે છે. તે કેવી રીતે ? તો જે પ્રથમ કેડ ઉપર વસ્ત્ર પહેર્યું હોય તે ભીના વસ્ત્રને બન્ને સાથળ વચ્ચે ભેળું કરીને મુનિઓના રાજા એવા શ્રીહરિ પ્રથમની જેમ નીચોવે છે. (ત્યારપછી તે નીચોવેલી ધોતીથી સાથળ તથા ચરણને લૂછીને) પછી રૂમાલ લઈને સર્વે અંગો લૂછે છે. પછી શ્વેત ધોતી ઉમંગથી પહેરે છે. તે કેવી રીતે ? તો જ્યારે સર્વના સ્વામી શ્રીહરિ પોતાની કેડ ઉપર ધોતીને સારી રીતે ખેંચીને પહેરે છે, ત્યારે તેઓ સર્વે ભક્તજનોના ચિત્તને

પોતાની મૂર્તિમાં ખેંચી લે છે. ॥૩૮-૩૯॥

श्वेत फेटा बांधत शिरनीके, धरत बीच छोगा सुसजीके ।
एक पेच फेंटाकर आनी, छियत भ्रुह बांधत अस जानी ॥४०॥

ત્યારબાદ શ્રીહરિ માથે ધોળો ફેંટો બાંધે છે અને માથે ફેંટો બાંધે છે ત્યારે ફેંટાના છેડાનું છોગલું વચ્ચે શોભે એમ રાખીને બાંધે છે. તથા ફેંટાના એક આટાનો પેચ ભ્રકુટિની પાપણ ઉપર સ્પર્શે એમ લાવીને બાંધે છે. એમ જાણો. ॥૪૦॥

सुंदर महिं श्वेत पट एका, वाम बाहु पर आनी बिसेखा ।
बांधत खेंची अखिल जग स्वामी, सुफल करत मुनि द्रग बहुनामी ॥४१॥

પછી અખિલ બ્રહ્માંડના સ્વામી એવા શ્રીહરિ પોતાના સુંદર શરીર ઉપર એક ધોળા ખેસને ડાબે ખભે નાખીને તે ખેસના છેડાને કેડ સંગાથે વિશેષ તાણીને બાંધે છે; આવી બહુનામીની સ્વાભાવિક પ્રકૃતિ જોઈને સાધુ-સંતો પોતાનાં નેત્રને સુફળ કરે છે. ॥૪૧॥

पीछे चंचल चडवा भारी, के केशर के मानकी प्यारी ।
के पंखाळी ताजन तीखी, के फुलमाल बांगलि नीकी ॥४२॥

होई असवार त्रिभोवन राजा, आवत है प्रभु सहित समाजा ।
मुनि हरिजन की भीर संग भारी, निरखत मुख पल निमिष निवारी ॥४३॥

ત્યારપછી ઘોડી ઉપર બેસવા શ્રીહરિ અતિ ઉતાવળા થાય છે. ક્યારેક તેઓ પ્યારી માણકી ઘોડી ઉપર અથવા કેસર, પંખાળી, તાજણ, તીખી, ફૂલમાળ અને સુંદર વાંગળી ઘોડી ઉપર અસવાર થઈને ત્રિભુવનના રાજા શ્રીહરિ સર્વે સમાજ સહિત (નદીએથી નિજ નિવાસસ્થાને) આવે છે ત્યારે સાધુ-સંતોની અને હરિભક્તોની પોતાની સાથે બહુ ભીડ હોય છે. એ સર્વે શ્રીહરિના મુખને પાપણનાં મટકાં રહિત થઈને નીરખે છે. ॥૪૨-૪૩॥

संवेष्टित निज जन चहु पासा, श्रीमुख दरसकी अति द्रगप्यासा ।
आवत निज दरसन रस पाता, निजजन द्रग आनंदकर दाता ॥४४॥

પોતાના શોભાયમાન મુખનાં દર્શન કરવા માટે અતિશય તરસ્યાં છે નેત્રો જેનાં એવા નિજજનોથી ચારેય બાજુ વીંટળાયેલા એવા શ્રીહરિ તેમને પોતાનાં દર્શનનો મહારસ પાતા થકાં અને તેમનાં નેત્રોને આનંદ ઉપજાવતા થકાં (ઉતારે) આવે છે. ॥૪૪॥

निजजन भुवनमें आई बिराजे, ज्युं उडुगनमें चंद छबी छाजे ।
अभयात्मज उत्तम निज दासा, किन तास घर नाथ निवासा ॥४५॥

પછી શ્રીહરિ પોતાને વિશે નિષ્ઠાવાળા એવા પોતાના પ્યારા ભક્તના ભુવનમાં આવીને બિરાજે છે. (અને સર્વે સંતો-ભક્તો શ્રીહરિને વીંટળાઈને બેસે છે ત્યારે) જેમ તારાઓની વચ્ચે ચંદ્રમા શોભે તેમ શ્રીહરિની મૂર્તિ અતિ શોભે છે. ગઢડાના એભલ દરબારના પુત્ર અને પોતાના દાસ એવા ઉત્તમરાજાના ઘરમાં નિવાસ કરીને સર્વના માલિક શ્રીહરિ રહ્યા છે. ॥૪૫॥

(હવે ચાર દોહા-સોરઠામાં શ્રીહરિનું દયા-ઉદારતા સભર સુલભપણું વર્ણવે છે.)

सोरठा : तजी अक्षर निजधाम, अखिल शक्तिधर धर्मसुत ।
आये पुरन काम, निजजन मन आनंद घन ॥४६॥

સર્વે શક્તિના ધારક અને નિજજનોને માટે આનંદઘન તથા પૂર્ણકામ એવા ધર્મપુત્ર શ્રીહરિ પોતાનું અક્ષરધામ તજીને આ પૃથ્વી પર અવતર્યા છે. ॥૪૬॥

देत अखंड आनंद, निजजन द्रगगोचर रसिक ।
श्रीहरि सहजानंद, भक्ताधीन हरि भक्तपति ॥४७॥

ભક્તપતિ હોવા છતાં ભક્તાધીન એવા રસિક મૂર્તિ શ્રીહરિ સહજાનંદ સ્વામી નિજજનોને દષ્ટિગોચર થયા થકાં અખંડ આનંદ આપે છે. ॥૪૭॥

दोहा : निज भक्तनहित अवनि पर, धर्यो देह हरि आय ।
करत सुफल निजजन नयन, सरस सुधारस पाय ॥४८॥

શ્રીહરિએ પોતાના અતિ પ્રેમી ભક્તોને ખાતર અહીં અવની ઉપર આવીને દેહ ધર્યો છે. એટલે જ પોતાની મૂર્તિનો દિવ્ય સુધારસ પાઈને નિજજનોનાં નયનને સફળ કરે છે. ॥૪૮॥

करत केली नवरस भरी, हरि उमंगी अनमाप ।
पोखत शशी जिमि सुमनबन, हरत विरह तन ताप ॥४९॥

અતિ અણમાપ ઉમંગી એવા શ્રીહરિ નવરસભરી લીલાઓ કરીને જેમ શશી સુમન-વનનું પોષણ કરે તેમ પ્યારા ભક્તોને પોતાના વિરહથી થતા તનના તાપને હરતા થકાં અતિ પોષણ કરે છે. ॥૪૯॥

(હવે પાંચ ચોપાઈમાં શ્રીહરિની ગજગતિ-ચાલનું વર્ણન કરે છે.)

चोपाई :
चलत ललित गति सहज स्वभाउ, धर्मकुंवर हरि सुरमुनिराउ ।
श्वेत उपरना श्वेत पिछोरी, कबहुक श्वेत शाल की जोरी ॥५०॥
वाम बाहु पर आडा डारी, चलत नाथ संतन सुखकारी ।
दहिना करमें राखी रूमाला, चलत डोलावत जनप्रतिपाला ॥५१॥

સુરમુનિના રાય એવા ધર્મકુંવર શ્રીહરિ સહજ સ્વભાવે અતિ સુંદર ગતિમાં ચાલે છે. સંતોના સુખકારી નાથ અને નિજજનોના પ્રતિપાળ એવા પ્રભુજી જ્યારે ચાલે છે ત્યારે ક્યારેક ધોળી પછેડીને અથવા ધોળા ખેસને અથવા ધોળી બે સાલની જોડીને ડાબા ખભા ઉપર આડસોડે નાખીને તથા જમણા હાથમાં રૂમાલ રાખીને તે હાથને હલાવતા થકાં ચાલે છે. ॥૫૦-૫૧॥

कबहुक वाम पानि भयहारी, सहज ही वाम कटि पर धारी ।
ले रूमाल दछिन करमांई, चलत डोलावत कर चतुराई ॥५२॥

ભયહારી ભગવાન ક્યારેક ડાબા હાથને સહજ સ્વભાવે જ ડાબી કેડ ઉપર રાખીને અને જમણા હાથમાં રૂમાલ લઈને તે હાથને ચતુરાઈથી હલાવતા થકાં ચાલે છે. ॥૫૨॥

श्रीमहाराज की सहज स्वभाई, चलत शीघ्रगति जन सुखदाई ।
शीघ्रगति जब चलत हे नाथा, दौरत जन पोचत नहि साथा ॥५३॥

નિજજનોને સુખ દેનારા એવા શ્રીજીમહારાજ જ્યારે ચાલે છે ત્યારે સહજ સ્વભાવે ઉતાવળા ચાલે છે અને જ્યારે નાથ શીઘ્રગતિએ ચાલે છે ત્યારે સાથે રહેલા જનો દોડે તોપણ સાથે પહોંચી શકતા નથી. (એવો ઉતાવળા ચાલવાનો શ્રીહરિનો સહજ સ્વભાવ છે.) ॥૫૩॥

पेरी पादुका चलत मुरारि, चटचट शब्द होत सुखकारी ।
कबहु नाथ कछु कार्य करावे, चलत मंदगति सहज स्वभावे ॥५४॥
तब ही नाथ निज दहिने हाथे, मारत मुष्टि दछिन उरु साथे ।
सहज स्वभाव मारत है धीरा, हरत नाथ निजजन द्रगपीरा ॥५५॥

જ્યારે શ્રીહરિ ચાખડી પહેરીને ચાલે છે ત્યારે ચાખડીના 'ચટચટ' એવા સુખકારી શબ્દો થાય છે. અને ક્યારેક તો પોતે કાંઈક કાર્ય કરવાને તત્પર થયા થકાં ઊભા હોય તથા સહજ સ્વભાવે ધીરે ધીરે ચાલતા હોય ત્યારે પોતાના જમણા હાથની મુઠ્ઠી વાળીને પોતાના જમણા સાથળમાં ધીરે ધીરે મારવાનો સહજ સ્વભાવ છે. શ્રીહરિ આવી સ્વાભાવિક લીલાનાં દર્શન કરાવી પોતાના પ્રેમી ભક્તોની આંખોની પીડા હરી લે છે. ॥૫૪-૫૫॥

(હવે દોઢ ચોપાઈમાં ધૂડ ઊડે ત્યારે નાકે રૂમાલ ધરવાની સ્વાભાવિક લીલા વર્ણવે છે.)

कबहुक तो श्रीहरि महाराजा, आवत हरिजन दरशन काजा ।
होत भीर हरिजनकी भारी, उडत गरद अतहि दुःखकारी ॥५६॥
ले रूमाल निजकर बहुनामी, नासा मुख आडा दे स्वामी ।

ક્યારેક તો મહારાજા એવા શ્રીહરિનાં દર્શન કરવા આવેલા હરિભક્તોની બહુ ભારે ભીડ થાય છે; એવે સમે જ્યારે અતિ દુઃખદાયી ધૂડ ઊડે છે ત્યારે બહુનામી સ્વામી પોતાના હાથમાં રૂમાલ લઈને નાસિકા તથા મુખારવિંદને આડો રૂમાલ દે છે એવો તેમને સહજ સ્વભાવ છે. ॥૫૬-૫૭ પૂર્વાર્ધ ॥

(અહીંથી સાડા અગિયાર કડીઓમાં શ્રીહરિની વિધ વિધ આસન ઉપર વિવિધ રીતે બેસવાની સહજ પ્રકૃતિનું તથા લીલા-ચરિત્રના મહિમાનું વર્ણન કરે છે.)

कबहुक सुंदर पलंग बिछाया, आय बेठत तापर मुनिराया ॥५७॥
सोरठा : येही विधि हरि सुखरूप, करत चेष्टा जन मन हरन ।
पावन परम अनुप, नीरखी हरख निजजन नयन ॥५८॥
आदि नारायन आय, करत चरित्र निर्गुन सुखद ।
नीरखत जन हरखाय, और मुनिनकु अगम अति ॥५९॥

મુનિરાય એવા શ્રીહરિ ક્યારેક તો સુંદર ઢોલિયો બિછાવ્યો હોય તે ઉપર બેસે છે; આવી રીતે સુખરૂપ એવા શ્રીહરિ નિજજનોનાં મન હરવા માટે ચેષ્ટાઓ કરે છે. આવી પરમ પાવનકારી અનુપમ ચેષ્ટાને નીરખી ભક્તજનોનાં નેણાં પ્રફુલ્લિત થાય છે. અક્ષરધામાધિપતિ આદિ-નારાયણ આ ધરતી ઉપર પ્રગટીને સુખને દેનારાં નિર્ગુણ ચરિત્રો કરે છે. એ પ્રગટ પ્રભુને યથાર્થ ઓળખીને આશરે થયેલા સંતો-ભક્તો એ ચરિત્રોને નીરખીને બહુ આનંદ લૂંટે છે. અન્ય સાધુ-સંતો-ભક્તોને આ પ્રગટ પ્રભુનાં ચરિત્રોનું દર્શન અતિ અગમ છે. ॥૫૭ ઉત્તરાર્ધથી ૫૯॥

दोहा : बरनुं चेष्टा नाथकी, अति पुनित मुद आनी ।
सुनत श्रवन आनंद करन, सब साधनफलदानी ॥६०॥
कहत सुगम हे अगम अति, समुजी परे तब ताये ।
मनुष्य भावकु परहरी, दिव्य भाव समुजाये ॥६१॥

હું પ્રેમાનંદ મારા સ્વામીની અતિ પવિત્ર ચેષ્ટાઓનું આનંદ પામી વર્ણન કરું છું. આ ચેષ્ટાનું શ્રવણ સર્વે સાધનના ફળને દેનારું છે અને કાનને આનંદિત કરનારું છે. આ ચેષ્ટાઓ કહેવામાં સુગમ છે, પરંતુ સમજવામાં અતિ અગમ છે. તેની યથાર્થ સમજણ પડે ત્યારે પ્રગટ એવા શ્રીહરિમાં મનુષ્યભાવનો ત્યાગ કરી દિવ્ય ભાવ સમજાય છે. ॥૬૦-૬૧॥

चोपाई :

कबहुक तो ओछाड सहिता, गुप्त दोरक बिछाय पुनिता ।
ता पर बैठत धर्मकुमारा, काल मायाकर प्रेरनहारा ॥६२॥
कबहुक दिव्य गदी पर आई, बैठत नीलकंठ सुखदाई ।
कबहुक व्रतुलाकार बिछौना, ता पर बैठत शाम सलोना ॥६३॥

કાળ-માયાને પ્રેરનારા એવા ધર્મકુંવર શ્રીહરિ ક્યારેક તો ઓછાડે સહિત પવિત્ર ગોદડું પાથર્યું હોય તે ઉપર બેસે છે. સુખદાયી નીલકંઠ પ્રભુ ક્યારેક તો દિવ્ય ગાદી ઉપર આવીને બેસે છે. અને ક્યારેક પિયુડો ચાકળા ઉપર બેસે છે. ॥૬૨-૬૩॥

कबहु पलंग पर तकिया निराला, ता पर बैठत जन प्रतिपाला ।
जब बैठत तबही सुखकारी, सिद्ध आसन करी हरि अघहारी ॥६४॥

જનપ્રતિપાળ શ્રીહરિ ક્યારેક પલંગ ઉપર સુંદર તકિયો પડ્યો હોય તેની ઉપર બેસે છે. અઘહારી અને સુખકારી એવા શ્રીહરિ જ્યારે બેસે છે ત્યારે બહુધા સિદ્ધાસનવાળી બેસે છે. ॥૬૪॥

कबहुक पट ले परम पुनिता, गोड बांधी बैठत मुनिमिता ।
बहुधा तो बैठत मुनिभूपा, तकिये उठींगन करी अनूपा ॥६५॥

મુનિઓના પ્યારા પરમ પવિત્ર પ્રભુ ક્યારેક તો વસ્ત્ર વડે ગોઠણને બાંધીને બેસે છે. મુનિઓના ભૂપ એવા અદ્વિતીય શ્રીહરિ જ્યારે જ્યારે બેસે ત્યારે બહુધા તો તકિયાનું ઓઠીંગણ કરીને બેસે છે. ॥૬૫॥

कबहु आप पलंग पर राजे, कबहु आसन उपर छाजे ।
तकिये ओठींगन दे मुरारि, जुगल चरन लंबा विस्तारी ॥६६॥

चरन उपर धरी चरन सुजाना, सहज स्वभाव बेठे भगवाना ।
कबहुक आप अखिल जगस्वामी, बेठे हि बैठे अंतरजामी ॥६७॥

वामचरन की मंगलकारी, ऊर्ध्वरेख उपर भयहारी ।
दहिना करकी अंगुरी एका, ठाडी फेरत नाथ बिशेका ॥६८॥

અને ક્યારેક તો ઢોલિયા ઉપર અથવા આસન ઉપર બેઠા થકાં તકિયાનું ઓઠીંગણ કરીને, પોતાના બન્ને પગને લાંબા કરીને ને પગ ઉપર પગને મૂકીને બેસવાનો સર્વજ્ઞ એવા ભગવાનનો સહજ સ્વભાવ છે. અખિલ જગના સ્વામી, અંતરયામી શ્રીહરિ ક્યારેક તો પોતે બેઠા થકાં ડાબા ચરણારવિંદની મંગલકારી અને ભયહારી ઊર્ધ્વરેખા ઉપર પોતાના જમણા હાથની એક આંગળીને ઊભી ફેરવે છે. ॥૬૬ થી ૬૮॥

(હવે ૬૯ થી ૭૨ સુધીની કડીઓમાં સ્વાભાવિક ચેષ્ટાનું મહિમા સહ ફળ વર્ણવવામાં આવ્યું છે.)

सोरठा : अैसे ही बहुत प्रकार, सहज प्रकृति हरिकी शुभ ।
रची आप किरतार, पोत भवाब्धि तरनकर ॥६९॥

फुरे जो यह अंतकाल, लहत परमगति सुमति नर ।
करे क्रिपा जो क्रिपाल, फिर न हो ही पुनरागमन ॥७०॥

શ્રીહરિની આવી રીતની બહુ પ્રકારની શુભ સહજ પ્રકૃતિ હતી. આ સ્વાભાવિક ચેષ્ટા શ્રીહરિએ પોતે જીવાત્માઓને ભવસાગર તરવાના નાવ સમાન કરી આપી છે. આ ચેષ્ટા જો અંતકાળે સ્ફૂરી આવે તો ગમે તેવો જીવ હોય તોપણ સુમતિવાળો બની પરમ ગતિને પામે છે. કૃપાળુ શ્રીહરિ જો કૃપા કરે તો ફરી આ લોકમાં જીવને પુનરાગમન થાય નહીં. ॥૬૯-૭૦॥

दोहा : हरिचेष्टा भवहरनी यह, करनी परम कल्यान ।
सुने नारी नर प्रीत करी, पावे पद निरवान ॥७१॥
सर्वोपरि अक्षर पद, तेही पर श्री घनश्याम ।
ते ही आय बरखत सुधा, पावन पुरन काम ॥७२॥

ભવદુઃખને હરનારી અને પરમ કલ્યાણ કરનારી પ્રગટ હરિની આ સ્વાભાવિક ક્રિયાઓનું જે કોઈ નરનારી પ્રેમથી શ્રવણ કરે, તે મોક્ષપદને પામે છે. સર્વોપરી જે અક્ષરધામ, તેનાથી પર શ્રીઘનશ્યામ તે જ પોતે પૂર્ણકામ હોવા છતાં અહીં આવીને આ પાવનકારી ચેષ્ટારૂપ અમૃતનો વરસાદ કરે છે. ॥૭૧-૭૨॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरिचेष्टा वर्णननामा
तृतीयः प्रकाशः ॥३॥

પ્રકાશ : ૪

શ્રીહરિ સહજ સ્વભાવ વર્ણન

(હવે બે ચોપાઈમાં શ્રીહરિની બાકી રહેલ ચેષ્ટાને કહેવા જતાં ચેષ્ટાનું માહાત્મ્ય વર્ણવે છે.)

चोपाई :

पुनि बरनुं चेष्टा सुखकारी, करत धर्मसुत जेही अघहारी ।
जो जन रहे हरिचरन हजूरी, सो जानत हय रस भरपुरी ॥१॥

जिन स्वपने ना सुना न देखा, सो का जाने यह रसरेखा ।
यह स्वरूप रस जिन जिन चाखा, अवर जाना तिन कुंभिपाका ॥२॥

વળી, શ્રીહરિ જે જે અઘહારી અને સુખકારી ચેષ્ટાઓ કરે છે, તેનું વર્ણન કરું છું. જે શ્રીહરિનાં ચરણની હજૂર રહે છે તે ભક્તજન આનંદરસથી ભરેલી આ શ્રીહરિની સહજ ક્રિયાઓને જાણે છે. જેણે સ્વપ્ને પણ પ્રગટ શ્રીહરિના સ્વરૂપને દેખ્યું-સૂણ્યું નથી તે શ્રીહરિની આ દિવ્ય ચેષ્ટાના રસને શું જાણે ? લેશ પણ ન જાણે. આ પ્રગટ શ્રીહરિના સ્વરૂપનો મહારસ આનંદ જેણે જેણે ચાખ્યો છે, તેણે બીજાં જે સુખો છે તેને કુંભીપાક નરક જેવાં જાણ્યાં છે. ॥૧-૨॥

(હવે ત્રણ ચોપાઈમાં શ્રીહરિ બેઠા થકાં જે વિશિષ્ટ ચેષ્ટાઓ કરે છે તેનું વર્ણન છે.)

कबहुं नाथ निज जिह्वा लाई, दसन बीच एक ओर दबाई ।
बेठत परम धीर मुनिराउ, धर्मकुंवरकर सहज स्वभाउ ॥३॥

પરમધીર એવા મુનિઓના રાજા મારો નાથ ક્યારેક પોતાની જીભને એક કોરના દાંત તળે દબાવીને બેસે છે; એવો ધર્મકુંવર શ્રીહરિનો સહજ સ્વભાવ છે. ॥૩॥

क्वचित् समय बेठत मुनिनाथा, निज ग्रीवा हरि ले निज हाथा ।
उभय ओर निज करसु मिरोरी, पटपट बोलावत बर जोरी ॥४॥

કોઈક સમયે મુનિઓના નાથ શ્રીહરિ બેઠા થકા પોતાની ડોકને પોતાના બે હાથે કરીને બેય કોર જોરથી મરડીને કડાકો બોલાવે છે. ॥૪॥

कबहुक ले हरि निजजन पासा, पीठ दबावत सकल निवासा ।
तब तकिया छाती तर आनी, पीठ दबावत हरि सुखदानी ॥५॥

સુખના દેનારા અને સકળ જડ-ચેતનના નિવાસરૂપ એવા શ્રીહરિ ક્યારેક તો પોતાના ભક્તજનની પાસે પોતાના વાંસાને દબાવરાવે છે ત્યારે છાતી નીચે તકિયો રાખીને દબાવરાવે છે. ॥૫॥

(હવે ચાર ચોપાઈમાં શ્રીહરિની માળા સંગાથેની વિશિષ્ટ ચેષ્ટાઓનું વર્ણન કરે છે.)

सहजे जब जहां बैठे स्वामी, तुलसीमाल कर ले सुखधामी ।
फेरत माला दीनदयाला, करत नाहि करते कछु चाला ॥६॥

સુખના ધામ એવા શ્રીજીમહારાજ જ્યાં જ્યાં સહેજે બેઠા હોય ત્યારે તુલસીની માળાને હાથમાં લઈને ફેરવે છે, પરંતુ હાથથી કંઈ પણ ચાળા કરતા નથી; એવો દીનદયાળુ શ્રીહરિનો સહજ સ્વભાવ છે. ॥૬॥

कबहुक नाथ खेल की नाई, ले माला वर कर जुगमाई ।
दोहर करी हरि रूपनिधानी, फेरत जुग मनिका हरि तांनी ॥७॥

રૂપના નિધાન મારા નાથ શ્રીહરિ ક્યારેક તો રમતની પેઠે તે માળાને પોતાના બન્ને શ્રેષ્ઠ હાથમાં બેવડી કરીને બે બે મણકાં ભેળાં

તાણી ફેરવે છે. ॥૭॥

फेरत खेंची माला जब तोरे, डारी देत पलंग पर होरे ।
आन माला जन देत हे लाई, फेरत हरि तेही बिधि ताई ॥८॥

વળી, મહારાજ ક્યારેક (કોઈક ભક્તની માળા માગી લઈને) ખેંચીને ફેરવતા થકા તોડી નાખે છે ત્યારે ધીમે રહીને પલંગ પર નાંખી દે છે. પછી કોઈક ભક્તજન બીજી માળા લાવીને આપે છે, ત્યારે તેવી રીતે જ હરિ તેને ફેરવે છે. ॥૮॥ (આ આઠમી ચોપાઈમાં આવતું વર્ણન ચેષ્ટામાં છે, પરથારામાં નથી.)

कबहुक माला करतलमांई, करत बात घसें सहज स्वभाई ।
जब माला करमां नहि होई, अंगुरी पर्व गिनत कर दोई ॥९॥

અને ક્યારેક તો વાતો કરતા કરતા તે માળાને ભેળી કરીને બે હાથના તળા વચ્ચે રાખીને ઘસે છે; એવો સહજ સ્વભાવ છે. અને ક્યારેક તો માળા ન હોય ત્યારે પોતાના બન્ને હાથની આંગળીઓના પર્વને ગણે છે. અર્થાત્ કરમાળા ફેરવે છે. ॥૯॥

(હવે ત્રણ કડીઓમાં શ્રીહરિના ધ્યાન સંબંધી સ્વભાવને વર્ણવે છે.)

कबहु मिची कमल जुग नेंना, करत ध्यान बेठे सुख देना ।
कबहुक द्रग खोली अविनाशी, करत ध्यान सुंदर सुखराशी ॥१०॥

સુખના રાશી અને સુખ દેનારા એવા અવિનાશી શ્રીહરિ ક્યારેક તો પોતાના બન્ને નેત્રકમળને મીંચીને ધ્યાન કરતા થકા બેસે છે. અને ક્યારેક તો સુંદર નેત્રકમળને ઉઘાડાં રાખીને ધ્યાન કરતા થકા બેસે છે. ॥૧૦॥

सोरठा : ये ही बिधि श्रीघनश्याम, ध्यानमुद्रा जुत रहत नित ।
करउ स मम उर धाम, अक्षर निवासी धर्मसुत ॥११॥

આવી રીતે શ્રીઘનશ્યામ નિત્ય ધ્યાન મુદ્રાએ યુક્ત રહે છે; એવા અક્ષરનિવાસી શ્રીધર્મસુત, તે મારા હૃદયને અક્ષરધામ કરો. અર્થાત્ અક્ષરધામમાં જેમ સદા વાસ કરી રહો છો તેમ મારા હૃદયમાં સદા વાસ કરીને રહો. ॥૧૧॥

कबहुक धर्म निकेत, ध्यान करत जागत चमकी ।
अति निजजन पर हेत, देत दरस सुखकर सदन ॥१२॥

ધર્મના આશ્રયરૂપ એવા શ્રીહરિ ક્યારેક તો ધ્યાન કરતા થકા ચમકીને જાગે છે. અને પોતાના પ્યારા ભક્તો ઉપર અતિ હેત હોવાને કારણે તેમને પ્રેમથી પોતાનું દર્શન આપે છે. ॥૧૨॥

(હવે બે દોહામાં શ્રીહરિ સંત પાસે સવાજિંત્ર કીર્તન-ભક્તિ કરાવે છે.)

दोहा : कबहुक मुनिकर वृन्द मिली, बैठत सन्मुख आय ।
करत गान आनंदमय, कर बाजंत्र बजाय ॥१३॥
बिना तंत्रि तबल ले, सारंगी और मंजीर ।
गावत मुनि स्वर ताल जुत, तान मान ले धीर ॥१४॥

ક્યારેક મુનિઓના વૃંદ મળીને શ્રીહરિ સન્મુખ આવીને બેસે છે. અને વિણા, તંત્રી, તબલા, સારંગી અને મંજીરા આદિક વાજિંત્રો સાથે; સંગીતના તાન-પલ્ટાએ સહિત; ધીર મુનિઓ સ્વર અને તાલ યુક્ત મધુર ગાવણું કરે છે. ॥૧૩-૧૪॥

(હવે આ બે ચોપાઈમાં શ્રીહરિના પ્રગટ આનંદરૂપ મહારસનો અને પ્રગટ શ્રીહરિનો મહિમા વર્ણવે છે.)

चोपाई :

यह रस जानत ब्रज की नारी, के जानत सनकादिक च्यारी ।
ये ही समुजी मुनि रहसि जाई, करत जत्न लव बिसरत नाई ॥१५॥

(આવી રીતે શ્રીહરિ આગળ ગાવું-વગાડવું વગેરે મહાસુખ સંતોએ માણ્યું છે.) આ રસને તો વ્રજની ગોપાંગનાઓ જાણે છે અથવા સનકાદિક ચાર જાણે છે, બીજા બધા જાણતા નથી; એમ સમજીને મુનિઓ એકાંતમાં જઈ જતન કરીને એ મહારસને માણે છે. અર્થાત્ શ્રીહરિ દ્વારા પ્રાપ્ત થયેલ આનંદને અખંડ સંભારી રાખે છે, લવ લેશ પણ ભૂલતા નથી. ॥૧૫॥

परम तत्त्व यह समुझी भुपाला, कियो त्याग गृह जग जंजाला ।
होय बिरक्त फिरे जगमांई, जिमि विहंग सेवे बन जाई ॥१६॥

આ પરમ તત્ત્વ સર્વોપરી શ્રીહરિના સ્વરૂપનો મહિમા જાણીને મોટા મોટા રાજાઓએ ઘરરૂપ જગત-જંજાળ કહેતાં રાજ્યસત્તા, ભોગ, સુખ, સંપત્તિ વગેરેનો ત્યાગ કર્યો. અને વૈરાગી બનીને જગતમાં ફર્યા અને પંખીની જેમ જ વન સેવ્યું, કહેતાં પક્ષીઓની જેમ જ કુદરતી આશ્રયે દેહ નિર્વાહ કર્યો. ॥૧૬॥

(આ બે ચોપાઈમાં શ્રીહરિનું કીર્તન-ભક્તિપ્રિયત્વ વર્ણવ્યું છે.)

सनमुख बैठी मुनि विग्यानी, गावत पद मूर्ति उर आनी ।
करत ध्यान तेही अवसर स्वामी, पदलालित्य सुनी बहुनामी ॥१७॥

ध्यान मुद्रा त्यजी तरत मुरारि, निकसत बाहिर जन सुखकारी ।
धन्य मुनि ! कही करत बडाई, गावत संग हरि चुटकी बजाई ॥१८॥

વિજ્ઞાની મુનિઓ શ્રીહરિની સન્મુખ બેસી પ્રગટ મૂર્તિ ઉરમાં ધારી જ્યારે કીર્તનગાન કરે છે ત્યારે બહુનામી સ્વામીશ્રી તે પદની સુંદરતા સૂણીને ક્યારેક ધ્યાન કરે છે. ત્યારપછી સુખકારી શ્રીહરિ તરત ધ્યાન તજીને બહાર નીકળે છે અને ‘અહો ! મુનિઓ તમને ધન્ય છે, તમે બહુ સરસ ગાવ છો.’ એમ ગાયક સંતોની પ્રશંસા કરીને પોતે પણ ચપટી વગાડીને સંતો ભેળા ગાવા લાગે છે. ॥૧૭-૧૮॥

(આ ચોપાઈમાં સંતો સાથે શ્રીહરિના રાસનું વર્ણન કર્યું છે.)

कबहु करत मुनि हल्लिस गाना, करतल ताली बजाय सुजाना ।
तब हरिवर करताली बजाई, गावत मुनिसंग अति मुद पाई ॥१९॥

ક્યારેક પ્રેમી સંતો ભેળા મળીને કીર્તન ગાતા થકા શ્રીહરિની આગળ હાથની તાળી વગાડીને રાસ લે છે, ત્યારે સર્વજ્ઞ એવા શ્રીહરિવર અતિ આનંદ પામીને પોતે પણ સંતોની સાથે તાળી વગાડીને રાસમાં ફરતા થકા ગાવા લાગે છે. ॥૧૯॥

(આ ચોપાઈમાં શ્રીહરિ કીર્તનગાનમાં ખેંચાઈ જતા એવા સ્વભાવનું વર્ણન કર્યું છે.)

करत गान आगे मुनि राई, सरस गति संगीत की लाई ।
प्रेम प्रवाह तब उर न समाई, खसत खसत आवत लगी चाई ॥२०॥

ક્યારેક શ્રેષ્ઠ મુનિઓ શ્રીહરિની આગળ સરસ ગતિમાં સંગીત વગાડીને કીર્તનગાન કરે છે ત્યારે શ્રીહરિના હૃદયમાં પ્રેમનો પ્રવાહ સમાતો નથી અને ખસતાં ખસતાં સંતોની સમીપે પહોંચી જાય છે. (કથા-કીર્તન સાંભળતાં વક્તા નજીક જતુ રહેવાય છે; એવો સહજ સ્વભાવ છે.) ॥૨૦॥

(હવે છ ચોપાઈમાં શ્રીહરિની કથા-વાર્તા સંબંધી પ્રેમ અને ઉત્સાહવાળી પ્રકૃતિનું વર્ણન કરે છે.)

कबहुक बाचत कथा पुरानी, बेठे हरि सनमुख मुद आनी ।
गलितार्थ रस तामहीं आवे, तब निजजनहीं आप समुजावे ॥२१॥

અને ક્યારેક તો પુરાણી કથા વાંચતા હોય ત્યારે શ્રીહરિ અતિ આનંદથી સન્મુખ બેસી કથા સાંભળે છે. કથામાં ક્યારેક ગૂઢ રહસ્ય વાત આવે ત્યારે અતિ દયા કરીને પોતાના સંતો-ભક્તોને તે ગૂઢ રહસ્યને પોતે સમજાવે છે. ॥૨૧॥

दूर बेठे कछु परे न चेना, खसीके पास आवत सुखदेना ।
करत बात प्रभु निजजन आगे, खसीके निकट जात अनुरागे ॥२२॥

સુખદેવાના સ્વભાવવાળા શ્રીહરિને દૂર એકલા બેઠા થકા કંઈ ચેન પડતું નહીં, તેથી ત્યાંથી ખસીને સંતો-હરિભક્તો પાસે આવીને પોતાના ભક્તો આગળ વાતો કરતા અને વાત કરતાં થકા અનુરાગ વશાત્ ખસતાં ખસતાં સંતો-ભક્તોની નજીક જવાનો શ્રીહરિનો સ્વભાવ છે. ॥૨૨॥

कथा बंचावत परम क्रिपाला, सुनत प्रेम करी दीनदयाला ।
बोलत मुखते बार ही बारा, 'हरे हरे' स्वर करत उच्चारा ॥२३॥

દીન ઉપર દયા કરનારા પરમ કૃપાળુ શ્રીહરિ જ્યારે કથા વંચાવતા હોય ત્યારે કથા સાંભળતા પ્રેમથી વચ્ચે મુખથી વારંવાર 'હરે...હરે...' એવો શબ્દ ઉચ્ચારણ કરે છે. ॥૨૩॥

अन्य क्रिया जे जे अघहारी, करत नाथ अति मंगलकारी ।
ताके बिषे अचानक कब हीं, कथा भरोसे बोलत तबही ॥२४॥

सोरठा : करत नाथ उच्चार, 'हरे' ए शब्द शशीमुखते ।
होत स्मृति तेही बार, निज समीप जन रहत नित ॥२५॥

तेही सनमुख अविलोकी, मंदमंद हरिवर हसत ।
सुंदर वर अति शोखी, कथा-कीर्तन कर व्यसन अति ॥२६॥

અને મારા નાથ શ્રીહરિ જનોના અઘહરનારી અને અતિ મંગલ કરનારી બીજી જે જે ક્રિયા કરતા હોય તેને વિશે પણ તે કથાને ભાને કરીને ક્યારેક તો અચાનક 'હરે...હરે...' એવા શબ્દનું ચંદ્ર જેવા મુખ થકી ઉચ્ચારણ કરે છે, ને તેની સ્મૃતિ થાય છે ત્યારે પોતા પાસે જે ભક્તજન નિત્ય રહેતા હોય તેની સામું જોઈને હરિવર મંદ મંદ હસે છે; એવી રીતે સુંદરવર શ્રીહરિ કથા-વાર્તા તથા કીર્તન-ભક્તિના અતિ શોખીન અને દૃઢ વ્યસની છે. ॥૨૪ થી ૨૬॥

(હવે ચાર કડીઓમાં શ્રીહરિ વાર્તા, કથા કે ગાન કરતા-કરાવતા હોય ત્યારે, કે કાંઈક વિચારતા હોય ત્યારે; આ ચાર બાબતમાં કોઈ ભોજનનું પૂછે, પૂજન કરવા આવે, કે હાર ચડાવે; તે ત્રણ વાનાં શ્રીહરિને બિલકુલ ગમતાં નહીં, તેનું સ્વામી વર્ણન કરે છે.)

दोहा : कबहु होय हरि मुदित मन, करत बात जन साथ ।
कबहु बंचावत कथा प्रभु, गान करावत नाथ ॥२७॥

कबहुक करत बिच्चार कछु, तेही अवसर कोई आय ।
पुछत भोजन करन को, अवसर भयो मुनिराय ॥२८॥

चोपाई :

पूजा करन काज कोई आवे, अथवा आय के हार चढावे ।
तब तेही उपर हरि सुखदाई, तनीक रीससी नेनमें लाई ॥२९॥

कहत सुनो रे पदातिदासा, आव न देहो कोई हम पासा ।
करो प्रतिबंध कोउ न आवे, हरिजन मात्र जो नाम धरावे ॥३०॥

શ્રીહરિ ક્યારેક અતિ પ્રસન્ન હોઈ હરિભક્તોની સાથે આનંદથી વાતો કરતા હોય અથવા ક્યારેક પ્રભુજી કથા વંચાવતા હોય અથવા મારા નાથ પ્યારા સંતો પાસે કીર્તન ગવરાવતા હોય અથવા ક્યારેક કંઈક વિચાર કરતા હોય; એવે અવસરે કોઈક આવીને ભોજન કરવાનું પૂછે કે, "હે મુનિરાય ! હવે ભોજનનો ટાઈમ થયો છે, તો ભોજન કરવા પધારશો ?" અથવા કોઈક ભક્તજન પૂજા કરવા આવે અથવા કોઈ આવીને હાર પહેરાવે, ત્યારે તેના ઉપર સુખદાઈ શ્રીહરિ નેણમાં જરીક રીસ જેવું લાવીને કહે જે, "અરે પાર્ષદો ! સાંભળો... કોઈને અમારી પાસે આવવા દેશો નહીં. જે કોઈ 'હરિભક્ત' એવું નામ ધરાવે, તે કોઈ અમારી પાસે આવે નહિ; એવો પ્રતિબંધ કરો." આવી સહજ પ્રકૃતિ હતી. ॥૨૭ થી ૩૦॥

(હવે ૩૧ થી સાડા છેતાલીસ કડી સુધી શ્રીહરિની વાર્તા કરવા સંબંધી વિવિધ સ્વાભાવિક પ્રકૃતિનું વર્ણન કર્યું છે.)

कबहुक कृष्ण कमलदल नेना, बैठे सदसि परम सुखदेना ।
हरिजन संतकी सभा अनूपा, ता बिच बैठे देवमुनिभूपा ॥३१॥

धर्म ज्ञान वैराग्य सहिता, भक्ति संबंधी परम पुनिता ।
बार्ता करत हे निजजन आगे, प्रेम पुलकी हरि अति अनुरागे ॥३२॥

કમળના પત્ર જેવી છે આંખો જેની અને સૌને પરમ સુખના દેનારા શ્રીહરિકૃષ્ણ મહારાજ ક્યારેક સભામાં બેઠા હોય અથવા દેવ-મુનિના ભૂપ શ્રીહરિ સંતો-ભક્તોની મોટી અનુપમ સભાની વચ્ચે બિરાજમાન હોય ત્યારે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સહિત ભક્તિ સંબંધી પરમ પવિત્ર વાર્તાને હરિજન આગળ પ્રેમથી, અતિ અનુરાગે, હરખાઈને કરતા હોય છે. ॥૩૧-૩૨॥

कबहु ग्यानघन बरसत धारा, सांख्य योग पंचरात्र विचारा ।
उपनिषद आदिक जो ग्रंथा, तिनकर रहस्य दोई भगवंता ॥३३॥

करत बात हरि अति मुद आनी, निजजन आगे सारंगपानि ।

ક્યારેક જ્ઞાનના વાદળા સમાન શ્રીહરિ જ્ઞાનામૃતધારાઓ વરસાવે છે. કેવી રીતે ? તો સાંખ્ય, યોગ, પંચરાત્ર અને ઉપનિષદ આદિક જે ગ્રંથો; તેને વિચારી, તેનું રહસ્ય ઉદ્ધૃત કરીને અતિ હરખાઈ શ્રીહરિ પોતાના પ્યારા ભક્તોને વાતો કરે છે. ॥૩૩-૩૪નો પૂર્વાર્ધ॥

कबहुक तो निज भक्तसभामें, बैठे नाथजी सुख विश्रामे ॥३४॥

निजजन कुं देवत भगवाना, धर्मादिक संबंधी ग्याना ।
तब तो हरि निज भुजा उठाई, पानी जुगलकर ताली बजाई ॥३५॥

रहो चुपाय कहत सुखदाई, कहत बात सबकु समुजाई ।

ક્યારેક તો સભામાં સુખ-શાંતિથી બેસીને તે નિજભક્તોને ધર્માદિક સંબંધી જ્ઞાન આપવું હોય ત્યારે પ્રથમ પોતાના બે ભુજ ઊંચા ઉપાડીને, બે હાથથી તાળી પાડીને, સર્વને 'છાના રહો' એમ કહીને સુખદાઈ વાર્તા સહુને સમજાવે છે. ॥૩૪ ઉત્તરાર્ધથી ૩૬ પૂર્વાર્ધ॥

कबहुक होत समैया भारी, जुरे भक्त अगनित नरनारी ॥३६॥

सोरठा : होत सभा अभिराम, दीर्घ सघन विस्तार जुत ।
तब तिन आगे शाम, करत बात धर्म आदि कर ॥३७॥

तब ठाडे होई ईश, मंच उपर वा पलंग पर ।
कर बजाय जगदीश, करत बात सुने उर सब ॥३८॥

અને ક્યારેક તો મોટો સમૈયો હોવાથી અગણિત નરનારી ભક્તો ભેળા થયા હોય ત્યારે સુંદર, લાંબી, સઘન અને વિસ્તારે સહિત સભા ભરાણી હોય તેની આગળ શ્રીહરિને ધર્માદિક સંબંધી વાત કરવી હોય ત્યારે છેટેથી પણ સંભળાય તેને અર્થે પોતે ઊભા થઈને અથવા મંચ ઉપર કે પલંગ ઉપર ચડીને, તાલી પાડીને, સર્વને છાના રાખીને વાર્તા કરે છે. તે વાર્તાને સાંભળીને સૌ ભક્તો ઉરમાં ધારે છે. ॥૩૬ ઉત્તરાર્ધથી ૩૮॥

दोहा : कबहुक तो आसक्त हरि, बात महीं लेलीन ।
होय एकाग्रह चित्त प्रभु, करत हे बात प्रवीन ॥३९॥

रहत न तनकी शुध तब, अंगवस्त्र खसी जाय ।
सुरत रहत नई ताहिकी, एसो सहज स्वभाय ॥४०॥

અને ક્યારેક સમર્થ અને અતિ ચતુર એવા શ્રીહરિ તે વાર્તા કરવાને વિશે અતિ પ્રીતિવાળા તથા તલ્લીન થયા હોઈ, એકાગ્ર ચિત્ત થયા થકા વાર્તા કરે છે ત્યારે તનની સુધ રહેતી નથી. તેથી પોતાને ઓઢવાનું વસ્ત્ર ખસી જાય તેનો પણ ખ્યાલ રહેતો નથી; તેવો સહજ સ્વભાવ છે. ॥૩૯-૪૦॥

चोपाई :

कबहुक भक्तसभा बिच स्वामी, भक्तवत्सल बैठे बहुनामी ।
निज मुख चंद्र निकट निजदासा, ज्युं चकोर चिंतवत चहुपासा ।।४१।।

ક્યારેક ભક્તવત્સલ એવા બહુનામી સ્વામી ભક્તજનની સભા વચ્ચે બેઠા હોય ત્યારે જેમ ચંદ્રમાને જોવા ચકોર તલસે છે તેમ પોતાના મુખરૂપી ચંદ્રમાની નજીક ચારેય બાજુ નિજભક્તો શ્રીહરિને જોવા આતુર નયણે બેસી રહે છે. ॥૪૧॥

मुनि हरिभक्त जक्तसुख त्यागी, श्रीहरिचरन कमल अनुरागी ।
मिलि परस्पर परम प्रवीरा, करत प्रश्न उत्तर महाधीरा ।।४२।।

विकट प्रश्न पुछत तब कोई, तेही कर समाधान न होई ।
तब सबकु आनंद उपजाई, करत आप उत्तर सुखदाई ।।४३।।

ક્યારેક તો શ્રીહરિનાં ચરણ-કમળમાં અતિ અનુરાગવાળા, જગતનાં સુખનો જેઓએ ત્યાગ કર્યો છે એવા અને પરમ-પ્રવિણ અને મહાધિરજવાળા મુનિઓ તથા હરિભક્તો પરસ્પર મળીને પ્રશ્ન-ઉત્તર કરે છે. ત્યારે કોઈક અતિ અઘરો પ્રશ્ન પૂછે, તેનું સમાધાન કોઈથી ન થાય ત્યારે બધાને આનંદ ઉપજાવતા થકા સુખદાતા શ્રીહરિ પોતે તેનો સુખરૂપ ઉત્તર આપે છે. ॥૪૨-૪૩॥

कबहुक तो सुंदर सुखकंदा, करत बात हरि सहजानंदा ।
तब ग्रहि करमें सुमनगुछ स्वामी, नहितो दीर्घपुष्प बहुनामी ।।४४।।

ताहे उभय करतल बिच लाई, मर्दन करत सहज मुनिराई ।

સર્વે સુખના કારણ, સહજાનંદસ્વામી, બહુનામી સુંદર શ્રીહરિને ક્યારેક તો વાત કરતા હોય ત્યારે ફૂલનો ગુચ્છ કે મોટું પુષ્પ હાથમાં લઈને, તેને પોતાના બન્ને હાથની હથેળી વચ્ચે રાખીને ચોળી નાખવાનો સહજ સ્વભાવ છે. ॥૪૪ થી ૪૫નો પૂર્વાર્ધ॥

कबहुक बात करत तब नाथा, ले रूमाल पल्लव निज हाथा ॥४५॥
ताहे मिरोरत करसुं मुरारि, सहज प्रकृति जन सुखकारी ।

મારા નાથ શ્રીહરિ ક્યારેક વાત કરતા હોય ત્યારે તેમને રૂમાલના છેડાને પોતાના હાથે કરીને વળ દેવાનો જન-સુખકારી સહજ સ્વભાવ છે. ॥૪૫ના ઉત્તરાર્ધથી ૪૬નો પૂર્વાર્ધ॥

(હવે સાડાચાર ચોપાઈમાં શ્રીહરિનો પૂજા અંગીકાર કરવાનો સહજ સ્વભાવ વર્ણવે છે.)

कबहुक उच्छव विषे सोहाये, बहुत देशते हरिजन आये ॥४६॥
तिनही आय करी प्रीत अपारा, पूजा किन बहुत उपचारा ।
अंगीकार करत क्रिपाला, महापूजा वर दीन दयाला ॥४७॥

અને ક્યારેક તો ઉત્સવને વિષે નાના પ્રકારના દેશથી આવ્યા જે પોતાના સોહામણા હરિભક્તો; તેમણે અપાર પ્રીત કરીને બહુ ઉપચારો-વાળી જે મોટી પૂજા કરી હોય, તે મહાપૂજાને દીનજન ઉપર દયાવાન અને શ્રેષ્ઠ કૃપાળુ શ્રીહરિ અંગીકાર કરે છે. ॥૪૬ના ઉત્તરાર્ધથી ૪૭॥

कबहुक उच्छवमें निज दासा, जुथ ही जुथ आये हुलासा ।
किन दरस करीके ज्युं प्रनामा, लाये पूजा अति अभिरामा ॥४८॥
अलंकार वस्त्र बहु भांती, पुष्पहार लाये करी खांती ।
आये धरावत आनी उमंगा, भूषन बसन हार बहुरंगा ॥४९॥
करत ग्रहन निज करसु सुजाना, हार लेत पगसु भगवाना ।
लेत छडीसु दूर जे होई, चंचल मूर्ति लेत मनमोई ॥५०॥

અને ક્યારેક તો ઉત્સવમાં ઘણાક નિજદાસો ટોળાં ને ટોળાં મળીને હુલ્લાસથી આવ્યા હોય; તેઓ દર્શન તથા પ્રણામ કરીને પોતપોતાની ભાવના પ્રમાણે અતિ સુંદર પૂજા સામગ્રી લઈને પૂજન કરવા આવે છે

ત્યારે બહુ પ્રકારનાં અને વિધ-વિધ રંગનાં વસ્ત્રાલંકારો તથા પુષ્પના હાર ખંતથી લાવ્યા હોય, તે ઉમંગ આણીને શ્રીહરિને ધરાવે છે; એમાં પુષ્પના હારને સર્વસુજાણ ભગવાન પોતાના બન્ને હાથથી ગ્રહણ કરે છે અથવા પગથી ગ્રહણ કરે છે અને દૂર હોય તો પોતાની છડીથી ગ્રહણ કરે છે, ત્યારે ચંચળમૂર્તિ શ્રીહરિ ભક્તજનોના મનને મોહી લે છે. ॥૪૮ થી ૫૦॥

(હવે આ બે સોરઠામાં શ્રીહરિની સુંદરતા અને સુખ દેવારૂપ ઉદારતાનું વર્ણન કરે છે.)

सोरठा : कहा बरनु छबी चारु, रसभरी मूरत मनहरनी ।
श्रीहरिकृष्ण उदारु, देत आनंद निजजन नयन ॥५१॥

અહો ! આ મનોહર રસભરી સુંદર છબીનું હું શું વર્ણન કરું ?! ઉદાર હરિકૃષ્ણ મહારાજ પોતાના સર્વે ભક્તજનોનાં નેત્રોને નિજદર્શન આપવારૂપ બહુ મોટો આનંદ આપે છે. ॥૫૧॥

प्रगट भये येही काज, करुन अरुन वारिज नयन ।
धर्मात्मज महाराज, निजजन मुनि आनंद करन ॥५२॥

લાલ કમળ જેવાં નેત્રોવાળાં ધર્મપુત્ર શ્રીહરિ કરુણા કરીને પોતાના સંતો-હરિભક્તોને સુખિયા કરવા માટે જ પ્રગટ થયા છે. ॥૫૨॥

(હવે આ બે દોહામાં શ્રીહરિએ પોતાની પ્રતિજ્ઞા સફળ કરી તેનો લવલેશ આપ્યો છે.)

दोहा : सत्य प्रतिज्ञ श्रीहरि, सत्यरूप दरसाय ।
असुरदर्पहरी सुख दियो, अति निजजन उर आय ॥५३॥

સત્યપ્રતિજ્ઞાવાળા શ્રીહરિએ અસુરોના અભિમાનનો નાશ કરી, પોતાના ભક્તજનોના ઉરમાં આવીને, પોતાનું સત્યરૂપ દર્શાવીને અતિશય આનંદ આપ્યો. ॥૫૩॥

सब प्रकार श्री धर्मसुत, हर्यो सकल भूभार ।
अति ऐश्वर्य दरसायके, किन विजय किरतार ॥५४॥

આવી રીતે ધર્મસુત શ્રીહરિએ આખી પૃથ્વીનો ભાર સર્વપ્રકારે હર્યો તથા સર્વકર્તા પ્રભુએ અતિ ઐશ્વર્ય બતાવીને દિગ્વિજય કર્યો. ।।૫૪।।

(વળી ચેષ્ટાનું વર્ણન કરતાં પ્રેમાનંદસ્વામી 'શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા તો અલૌકિક દિવ્ય ઐશ્વર્ય છે.' એમ બતાવે છે.)

चोपाई :

सुनो संत हरिजन एकचित्ता, बरनुं चेष्टा परम पुनिता ।
कथनमात्र चेष्टा हे नामा, परम दिव्य ऐश्वर्य अभिरामा ॥५५॥

હે સંતો ! હરિભક્તો ! એક ચિત્ત થઈને સાંભળો. શ્રીહરિની પરમ પવિત્ર ચેષ્ટાનું હું વર્ણન કરું છું. 'ચેષ્ટા' એવું નામ તો કહેવામાત્ર છે, પરંતુ આ શ્રીહરિની સ્વાભાવિક ક્રિયાઓ તો શ્રીહરિનું અતિ સુંદર એવું દિવ્ય અલૌકિક ઐશ્વર્ય છે. ।।૫૫।।

(હવે પાંચ ચોપાઈમાં સમાધિ સંબંધિ શ્રીહરિનું ઐશ્વર્ય બતાવે છે.)

कबहुक तो निज दरस देखाई, निजजनकुं सुंदर सुखदाई ।
करी करुना ज्युं कराय समाधि, ऊर्मिरहित नहीं आधिव्याधि ॥५६॥

ક્યારેક તો શ્રીહરિ અતિ કરુણા કરીને પોતાના પ્રેમી ભક્તોને પોતાનું સુંદર, સુખદાઈ દર્શન કરાવીને સમાધિ કરાવે છે. ભક્તને જ્યારે સમાધિ થાય છે, ત્યારે ષડ્ઊર્મિ રહિત થાતાં આધિ-વ્યાધિ વગેરે કોઈ દુ:ખ રહેતું નથી. ।।૫૬।।

बिन साधन बिन जोग अभ्यासा, होत निरोध हृदे परकासा ।
निज स्वरूप देखत हरि धामा, पावत जन शांति विश्रामा ॥५७॥

કોઈપણ સાધન વિના અને અષ્ટાંગ યોગના અભ્યાસ વિના

શ્રીહરિ ક્યારેક પોતાના દિવ્ય પ્રતાપથી ભક્તજનના હૃદયમાં પ્રાણનો નિરોધ કરાવીને પ્રકાશ દેખાડે છે. તથા ક્યારેક પોતાના અક્ષરધામમાં રહેલું પોતાનું કિશોર દિવ્ય સ્વરૂપ તેનાં દર્શન કરાવે છે, ત્યારે એવી ધામસ્થ એવી દિવ્ય મૂર્તિનાં સમાધિમાં ભક્તજનો દર્શન પામીને પરમ શાંતિરૂપ વિરામને પામતા. ।।૫૭।।

निज प्रताप बल अति दरसाई, निज जनकुं ज्यों समाधिमांई ।
प्राणरहित नहि तन कर भाना, पडी देह जिमी मृतक समाना ।।५८।।

तरत ताहे उठावत स्वामी, निजद्रष्टि करी अंतरजामी ।
अनंत भक्तकु येही प्रकारा, होत समाधि वार न पारा ।।५९।।

ક્યારેક પોતાના જનને જે સમાધિ કરાવી હોય તેમાં પોતાનું અતિ ઐશ્વર્ય-બળ દેખાડે છે. ત્યારે ભક્ત સમાધિમાં હોવાથી પ્રાણરહિત થતા તનનું ભાન ગુમાવે છે અને તેનો દેહ જેમ મડદું હોય તેમ પડ્યો હોય છે. ત્યારે અંતરયામી શ્રીસહજાનંદસ્વામી તરત તેને પોતાની દષ્ટિમાત્રે કરીને સમાધિમાંથી જગાડે છે; આવી રીતે અનંત ભક્તોને અનંતવાર સમાધિઓ કરાવી છે, તેનો પાર આવે તેમ નથી. ।।૫૮-૫૯।।

एक कालावच्छिन्न दयाला, उठावत सबकुं ततकाला ।
अमित प्रताप देखी जन जेहा, भये शरन तजी सकल संदेहा ।।६०।।

દયાળુ શ્રીહરિ ક્યારેક તો અનેક ભક્તને કાં પશુ-પક્ષી-પ્રાણીઓને એકી સાથે સમાધિ કરાવે છે. પછી પોતાની ઇચ્છાથી કે ભક્તોની પ્રાર્થનાથી તે સર્વને એકી સાથે સમાધિમાંથી જગાડે છે; એવો અમાપ પ્રતાપ જોઈને અનેક જીવાત્માઓ સર્વે શંકા-કુશંકાઓ છોડીને પ્રગટ પરમાત્માના શરણે થાય છે. ।।૬૦।।

(હવે દોઢ ચોપાઈમાં સભામાંથી કોઈ ભક્તને પોતાની પાસે બોલાવવાની ચેષ્ટાનું વર્ણન કરે છે.)

कबहुक सदसि बेठे होई, पास बोलावत निजजन कोई ।
करी नेत्र कर सान सुजाना, तर्जनी नाम अंगुरी करी साना ॥६१॥
लेत बोलाई निजजन नाथा, करी करुना सुंदर सुखपाथा ।

અને ક્યારેક તો સર્વજ્ઞ એવા મારા નાથ પોતે સભામાં બેઠા હોય અને કોઈક ભક્તજનને પોતાની પાસે બોલાવવો હોય ત્યારે નેત્રકમળની સાને કરીને અથવા ક્યારેક તર્જની આંગળીની સાને કરીને તે ભક્તને બોલાવી લે છે; એવી રીતે સુખના માર્ગરૂપ સુંદર શ્રીહરિને કરુણા કરીને પોતાના ભક્તજનને પાસે બોલાવી લેવાનો સહજ સ્વભાવ છે. ॥૬૧-૬૨નો પૂર્વાર્ધ॥

(હવેની દોઢ ચોપાઈમાં શ્રીહરિનું શીતલપ્રિયપણું વર્ણવે છે.)

कबहुक कुंद आदि अविनाशी, स्थल कमल शीतल सुखराशी ॥६२॥
शीतल निंबु वाले सुखदानी, बार बार द्रग छुवत जानी ।
ये सब सहज प्रकृति जानो, श्रवन मनन करी उरमहीं आनो ॥६३॥

ક્યારેક તો અવિનાશી, સુખરાશી, સુખદાની શ્રીહરિ મોગરા આદિક પુષ્પના હારને અથવા શીતળ ગુલાબના ફૂલને અથવા લીંબુ આદિક જે ફળ, તેને શીતળ જાણીને પોતાની આંખ ઉપર વારંવાર અડાડે છે. આ બધી શ્રીહરિની સહજ પ્રકૃતિ છે એમ જાણજો અને તેનું શ્રવણ, મનન કરીને હૃદયમાં ધ્યાન ધરજ્યો. (કેમ જે, તેનું ફળ તો પૂર્વે કહ્યું તેવું મોટું છે.) ॥૬૨ના ઉત્તરાર્ધથી ૬૩॥

(હવે શ્રીહરિને સદ્‌ગ્રંથ શ્રવણમાં રુચિ બહુ હતી તેનું વર્ણન કરે છે.)

कबहुक भगवत कथा कराई, सुनत आप संतन सुखदाई ।
कबहुक कथा आप हरि बांचे, निजकर रहस्य कहत दिल सांचे ॥६४॥

અને ક્યારેક તો શ્રીહરિ શ્રીમદ્‌ભાગવત આદિ સદ્‌ગ્રંથની કથા

કરાવીને સંતોને સુખદાઈ એવી એ કથાનું શ્રવણ કરે છે. અને ક્યારેક તે સદ્‌ગ્રંથને પોતે વાંચે છે અને સાચા દીલથી પોતાનું રહસ્ય કહે છે. ॥૬૪॥

(હવે ચાર કડીમાં અક્ષરપતિ પુરુષોત્તમનું મહિમાપૂર્વક પ્રગટપણું વર્ણવે છે.)

सोरठा : येही विधि अक्षराधार, प्रगट रूप धरी देत सुख ।
अनंत मुक्त सिरदार, निजजन हित भये प्रगट भुवि ॥६५॥

આવી રીતે અક્ષરધામના આધાર પુરુષોત્તમનારાયણ ધરતી ઉપર પોતાનું રૂપ પ્રગટ કરીને ભક્ત જનોને સુખડાં આપે છે. કારણ કે, અનંત મુક્તના સ્વામી નિજજનોનું હિત કરવા માટે જ ભૂમિ ઉપર પ્રગટ થયા છે. ॥૬૫॥

महिमा अपरमपार, कहां बरनुं मति थूल मम ।
जानत जाननहार, ब्रह्मपुरवासी मुक्त सब ॥६६॥

પ્રગટ એવા પુરુષોત્તમનારાયણનો મહિમા તો અપરંપાર છે. સ્થૂળ મતિવાળો હું શું વર્ણવી શકું ? જાણવાવાળા તો જાણે છે અને અક્ષરધામવાસી સર્વે મુક્તો તો શ્રીસ્વામિનારાયણ ભગવાનનો યથાર્થ મહિમા જાણે છે. ॥૬૬॥

दोहा : कहां पुरुषोत्तम अक्षरपति, धर्यो नर विग्रह आय ।
कहां जडमति जन जगतके, अघटित लई बनाय ॥६७॥

અહો ! ક્યાં અક્ષરપતિ પુરુષોત્તમ !! જેણે પૃથ્વી પર આવી મનુષ્ય-દેહ ધર્યો અને ક્યાં જગતના જડમતિ જીવ, કે એણે પુરુષોત્તમનારાયણ વિશે અવળું જ વિચાર્યું ને માન્યું, પણ સવળું લઈ શક્યા નહીં. ॥૬૭॥

कहा कहुं नरनारी के, पुन्य कहे नहीं जाय ।
लखी जोग त्रिभोवनपति, मन ही मन पछिताय ॥६८॥

અહો ! શું કહું ? કળિયુગના આ નરનારીઓનાં પુણ્ય કહ્યાં જાતા નથી. કેમ જે, આ લોકના મનુષ્યને પ્રગટ પુરુષોત્તમનારાયણનો જોગ થયો જાણીને ત્રણ ભુવનનો પતિ ઈન્દ્ર મનમાં ને મનમાં પસ્તાય છે કે, 'અરે રે..! અમે સ્વર્ગવાસી દેવતાઓ પ્રગટ પ્રભુના યોગથી વંચિત રહી ગયા.' ॥૬૮॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरि चेष्टा वर्णन
नामा चतुर्थः प्रकाशः ॥४॥

પ્રકાશ : ૫

શ્રીહરિ સહજ સ્વભાવ વર્ણન

(હવે ત્રણ ચોપાઈમાં અક્ષરધામાધિપતિ પુરુષોત્તમનારાયણનો મહિમા કહેવા પૂર્વક તે જ પોતે મનુષ્ય થઈને આવી ચેષ્ટાઓ કરે છે; એમ ભાર પૂર્વક ચેષ્ટાનો મહિમા ગાય છે.)

चोपाई :

कहा कहुं कछु कही न जाई, बिन बनवेकी सोई बनी आई ।
जेही कारन मुनि जतन कराई, स्वपनेहु दरशन पावत नांई ॥१॥

अज भव सुर शेषादि अपारा, ले करमें षोडश उपचारा ।
पादुका-पूजनकु मन मोदा, पावत नांहीं मौसर सोधा ॥२॥

सो साक्षात अवनी पर आई, करत केली निजजन ग्रहमाहीं ।
करत चेष्टा हरि विविध प्रकारा, शेष सहस्रमुख लहे न पारा ॥३॥

અહો શું કહું ! કાંઈ કહી શકાતું નથી !! ન બનવાનું તે બની ગયું. તે શું ? તો જેને માટે મોટા-મોટા ઋષિમુનિઓ ઘરબાર છોડી વનમાં વસી ઉગ્ર તપશ્ચર્યા સાથે ભજન વગેરે ઘણું જતન કરે છે તોપણ સ્વપ્નમાંય જેનાં દર્શન પામતા નથી અને બ્રહ્મા, શંકર આદિ દેવો તથા શેષનારાયણાદિક અપાર મોટાઓ સોળ પ્રકારના ઉપચારો હાથમાં લઈને તે પુરુષોત્તમનારાયણની પાદુકાનું પૂજન કરવા માટે મનમાં અપાર આનંદ સાથે મોકો શોધે છે, પણ તેઓને અવસર મળતો નથી. એવા અક્ષરપતિ પુરુષોત્તમનારાયણ તે પોતે સાક્ષાત્ અવની ઉપર આવીને પોતાના પ્યારા નિષ્ઠાવાન ભક્તજનોનાં ઘરોમાં અનેક પ્રકારની લીલા કરે છે. શ્રીહરિ

અનેક પ્રકારની અપાર ચેષ્ટાઓ કરે છે કે જેનો હજાર મુખથી ગાતાં ગાતાં શેષનારાયણ પણ પાર પામે નહીં. ॥૧-૨-૩॥

(હવે છ ચોપાઈમાં શ્રીહરિ દ્વારા કરાતી જનહિતકારી વિવિધ સત્ક્રિયાઓનું વર્ણન કરેલું છે. તે સત્ક્રિયાનાં નામ : (૧) ગ્રંથ શ્રવણ (૨) કથા વાંચન (૩) વાતો કરવી (૪) કીર્તન-ભક્તિ (૫) આયુષ્ય દાન (૬) સંત-વિપ્રને ભોજન (૭) મંદિર નિર્માણ (૮) અન્નક્ષેત્ર અને (૯) પાઠશાળા. આટલી સત્ક્રિયાનું અહીં વર્ણન છે.)

कबहुक तो निजजन सुखदाई, अद्‌भुत वात करत मुनिराई ।
सुनी श्रवने मुनिजन मुद पाई, करत प्रशंसा शीश डोलाई ॥४॥

ક્યારેક તો સંતપતિ શ્રીહરિ નિજજનને સુખ આપનારી અદ્‌ભુત વાતો કરે છે. તેને શ્રવણે સાંભળીને હર્ષિત થયેલા મુનિજનો માથું ડોલાવીને શ્રીહરિની પ્રશંસા કરે છે. ॥૪॥

कबहुं नाथ निज पद गवराई, गावत संत प्रेम उर लाई ।
कबहुक आयुष दे मुनि भूपा, साधु ब्राह्मणकु सुखरूपा ॥५॥

ક્યારેક તો મારો નાથ સંતો પાસે પોતાનાં કીર્તન ગવરાવે છે, ત્યારે સંતો હૃદયમાં પ્રેમ લાવીને ભક્તિપુત્ર પ્રગટ શ્રીહરિને રીઝવવા ભાવથી ગાય છે. ક્યારેક મુનિભૂપ સાધુ-બ્રાહ્મણને સુખરૂપ એવું આયુષ્ય આપે છે. અર્થાત્ કોઈનું આયુષ્ય ખૂટ્યું હોય તો તેને શ્રીહરિ લંબાવી આપતા. ॥૫॥

भोजन करावत अति मुद पाई, घ्रत प्रचुर मोदक जिवाई ।
अति अघाय साधु द्विज जिमे, प्रसन्न होत हरि लखी मनहींमें ॥६॥

અને ક્યારેક તો શ્રીહરિ અતિ આનંદ પામીને અતિશય ઘીવાળા લાડુ આદિનું સાધુ-બ્રાહ્મણોને ભોજન કરાવે છે. સાધુ-બ્રાહ્મણો અતિશય ધરાઈને જમે ત્યારે શ્રીહરિ તેમને જોઈને મનમાં બહુ રાજી થાય છે. ॥૬॥

मंदिर करावत हरि अति भारी, भूपति लखी रहे सबही हारी ।
निज सेवक पासे सुरराई, लक्षावधि द्रव्य खरचाई ॥७॥

મોટા રાજાઓ સર્વે જોઈને હારી જાય એવા શ્રીહરિ અતિ મોટાં મંદિરો કરાવે છે; એમાં પોતાના સેવકો પાસે દેવાધિદેવ શ્રીહરિ લાખો રૂપિયા ખર્ચાવે છે. ॥૭॥

अन्नक्षेत्र बहु बिधि कराये, साधु द्विज जिवत तहां आये ।
विद्याशाला बहुत बनाई, शास्त्रवेत्ता द्विज राखी मांई ॥८॥

विद्यादान हरि देत दयाला, द्विजजनकु प्रभु परम क्रिपाला ।
येही बिधि सत्‌क्रिया बहुभांति, तिनही करावत हरि करी खांति ॥९॥

સમર્થ અને દયાળુ એવા શ્રીહરિ જુદી-જુદી જગ્યાએ બહુ પ્રકારે અન્નક્ષેત્રો કરાવે છે; ત્યાં અનેક સાધુ-બ્રાહ્મણો આવીને ભોજન લે છે. અને બહુ પાઠશાળાઓનું ધરતી પર નિર્માણ કરી તેમાં શાસ્ત્રવેત્તા વિદ્વાન બ્રાહ્મણોને રાખી દ્વિજજનોને પરમ કૃપાળુ શ્રીહરિ વિદ્યાદાન આપે છે. આ રીતે ધરતી પર સદ્‌વિદ્યાનો બહોળો પ્રચાર કરે છે; આવી રીતે બહુ પ્રકારની સત્‌ક્રિયાઓ શ્રીહરિ ખંતથી કરાવે છે. ॥૮-૯॥

(હવે આ ચોપાઈમાં શ્રીહરિનું અનલસત્વ વર્ણવે છે.)

सत्‌क्रिया किये बिन स्वामी, बैठी न रहत कबहु बहुनामी ।
सहज प्रकृति हरिकी येही, कही लव शेष पार नहि तेही ॥१०॥

બહુનામી શ્રીહરિને સત્‌ક્રિયાઓ કર્યા વિના ક્યારેય બેસી રહેવું ગમતું નથી તેથી કંઈકને કંઈક સત્ક્રિયાઓ કરાવ્યા જ કરે છે. આવી શ્રીહરિની સહજ પ્રકૃતિ છે; તે મેં લવશેષ કહી, પરંતુ તેનો પાર આવે તેમ નથી.

(કેમ જે, શ્રીહરિની આવી સત્‌ક્રિયાઓ અનેક છે. જેમ કે, (૧) વિપ્રની ચોરાશી કરાવવી. (૨) યજ્ઞ કરવા. (૩) બ્રાહ્મણ-બટુકને

જનોઈ અપાવવી. (૪) કન્યાદાન કરાવવા. (૫) પૂર્તકર્મ જેવા કે; વાવ, કૂવા, તળાવ, ધર્મશાળા આદિ કરાવવું. (૬) ગ્રંથ નિર્માણ કરાવવા. (૭) નૂતન પદોની રચના કરાવવી. (૮) ઉત્સવ-સમૈયા કરવા. (૯) સાધુ-સંતોને શાસ્ત્રવિદ્યા તથા સંગીતવિદ્યાદિક વિદ્યા ભણાવવી. (૧૦) યોગકળા આદિકની પ્રવૃત્તિ કરવી. (૧૧) અધર્મ ઉત્થાપન અને ધર્મ સ્થાપન કરવું. (૧૨) તીર્થનો જીર્ણોદ્ધાર કરી તેનું ગૌરવ વધારી તીર્થયાત્રા કરવાનું મહત્વ વધારવું. (૧૩) દેવપૂજન પ્રર્વતાવવું. (૧૪) બ્રહ્મચર્યાદિક તથા ચાંદ્રાયણાદિક વ્રતાચરણ કરાવવું. (૧૫) સંત, બ્રહ્મચારી, પાર્ષદ અને હરિભક્તનું નિર્માણ કરવું. (૧૬) સાધુ, દેવ, બ્રાહ્મણ, ગાય, યજ્ઞ, તીર્થ, જપ-તપાદિકનો મહિમા પ્રવર્તાવવો. (૧૭) માતા, પિતા, ગુરુજનો, વૃદ્ધ અને માંદા તથા ગરીબની સેવાનું મહત્વ પ્રવર્તાવવું; આવી અનેક સત્ક્રિયાઓ કર્યા-કરાવ્યા વિના શ્રીહરિને રહેવાતું નથી.) ॥૧૦॥

(હવે ચાર કડીઓમાં પ્રેમાનંદસ્વામી પોતાની અલ્પતા અને અન્ય કવિઓની મહત્તા કહેવા પૂર્વક શ્રીહરિનાં ચરિત્રોનું અપારપણું વર્ણવે છે.)

सोरठा : वाल्मीकादि कवि तेह, सत कोटि बिस्तार कहि ।
तोहुं न पायो छेह, अल्प आयु मति अल्प मम ॥११॥

વાલ્મીકિ આદિક લાંબા આયુષ્યવાન સત્યયુગના મહાબુદ્ધિશાળી મોટા કવિઓએ બહુ કાળપર્યંત અતિ વિસ્તાર પૂર્વક શ્રીહરિનાં લીલા-ચરિત્રો કહ્યાં છે, તોપણ અંત પામ્યા નથી. તો મારી તો અલ્પ આયુષ્ય અને અલ્પમતિ છે, તો હું તો પાર પામું જ ક્યાંથી ?! ॥૧૧॥

कहां अगाध रस सिन्धु, श्रीहरि सहज स्वभाव वर ।
ज्युं चिरई मुख बिंदु, पान करी त्रपती लहत ॥१२॥

શ્રીહરિના શ્રેષ્ઠ સહજ સ્વભાવરૂપ અગાધ અમૃતનો સાગર ક્યાં ?

અને મારા જેવો અલ્પમતિ તથા અલ્પ આયુષ્યવાળો કવિ ક્યાં ? જેમ ચકલીનું મોઢું પાણીનું એક ટીપું પીને ધરાઈ રહે છે ને બાકીનું પાણી તો પડ્યું રહે છે, તેમ હું પણ ચકલી જેવો છું. તે આટલી શ્રીહરિની લીલા-ચેષ્ટા કહેવાની મારામાં માંડ માંડ શક્તિ છે અને બાકીનો અગાધ લીલામૃતસાગર તો એમને એમ વણ વર્ણવ્યો પડ્યો રહ્યો છે. ॥૧૨॥

दोहा : आदि कवि खग अनल सम, तिनही न लीनो थाह ।
मो मतिगति जिमि पिपिलिका, कत अकास अवगाह ॥१३॥

આગળના મોટા મોટા કવિઓ તો અનળ પક્ષી જેવા છે. તેણે પણ શ્રીહરિનાં લીલાચરિત્રોરૂપી આકાશનો અંત લીધો નથી, તો મારી ગતિ અને મતિ તો કીડી જેવી છે. મારાથી આકાશમાં પ્રવેશ જ ક્યાંથી થાય ? ॥૧૩॥

नहि पौरुष कछु बुद्धिबल, नहीं साधन कर साथ ।
चात्रुक प्रेमानंद हे, स्वांत जलद हे नाथ ॥१४॥

મારામાં કાંઈ પુરુષ પ્રયત્ન કરવાનું બળ નથી તથા કાંઈ બુદ્ધિબળ નથી અને સાધનનો એવો કોઈ સાથ નથી. હું પ્રેમાનંદ તો નાનું એવું ચાતક પક્ષી છું અને મારે માટે સ્વાતિ નક્ષત્રરૂપી જળ દેનારા એકમાત્ર મારો પિયુ શ્રીસહજાનંદસ્વામી છે. અર્થાત્ ચાતક પક્ષી બીજા નક્ષત્રોમાં અપાર વરસાદ વરસતો હોય છતાંય તેના જળનું એક ટીપું પણ મોઢામાં મૂકે નહીં; તેમ હું પ્રેમાનંદ મારા હરિવર શ્રીસહજાનંદસ્વામી સિવાય બીજા કોઈની એક પણ વાત કહેવા માગતો નથી. મને મારા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્ર ગાવવાં-કહેવામાં જ રસ છે, બીજી કોઈ વાતમાં નહીં. ॥૧૪॥

(હવે આ ચોપાઈમાં પ્રેમાનંદસ્વામી અન્ય કવિઓ કરતાં પોતાને સહેતુક વધારે ભાગ્યશાળી કહે છે.)

चोपाई :

और कविनते मैं अस मानु, मोर भाग्य सम आन न जानु ।
आन कवि श्रवने सुनि गाये, में द्रग देखी बरनि सुनाये ॥१५॥

બીજા કવિઓ કરતા હું મને ભાગ્યશાળી માનું છું, મારી સમાન અન્ય કવિ ભાગ્યશાળી નથી. કેમ જે, તે કવિઓને પ્રગટ પ્રભુનો યોગ નહિ હોવાથી તેમણે ભગવાનનાં ચરિત્રો સાંભળીને ગાયા છે અને મેં તો પ્રત્યક્ષ પ્રભુની સ્વાભાવિક ચેષ્ટા આદિક ચરિત્રો મારી સગી આંખે જોઈને લખ્યાં છે. અને પ્રગટ પરમાત્માને ગાઈ સંભળાવ્યાં છે. ॥૧૫॥

(હવે આ ચોપાઈમાં પ્રેમાનંદસ્વામી પરમાત્માના સ્વરૂપ સંબંધી જ વર્ણનને સહેતુક અતિ મહત્ત્વ આપે છે.)

आन कवि ग्रंथ रचे ज्युं नाना, अति विस्तार बहुत आख्याना ।
धर्म अर्थ कही काम विस्तारा, लोक भोग फल बरनि अपारा ॥१६॥

અન્ય કવિઓએ જે અનેક પ્રકારના ગ્રંથો રચ્યા છે, તે અન્ય રાજા વગેરેનાં બહુ વિસ્તારવાળા આખ્યાનોથી સભર લખ્યાં છે. અને એમાં ભગવાનના ધામ સિવાયના બીજા જે લોક તથા તે લોક સંબંધી જે ભોગ તે છે ફળ જેનું એવી ધર્મ, અર્થ અને કામની વિસ્તારે સહિત અપાર કથાઓ વર્ણવીને કહી છે. અર્થાત્ ભગવાનની દિવ્ય ચેષ્ટાઓનો મહા આનંદરસ ઓછો વર્ણવ્યો છે. અને નિષ્કામ ભક્તિનું વિસ્તારે સહિત વર્ણન નથી કર્યું, તેથી તે ગ્રંથોને સાંભળીને લોકો સકામ કર્મોને જ કર્તવ્યપણે માનીને એમાં જ રચ્યા-પચ્યા રહેતાં ભગવદ્પ્રાપ્તિરૂપ મોક્ષના માર્ગને છાંડી જાય છે. ॥૧૬॥

(હવે આ ચોપાઈમાં 'આવી શ્રેષ્ઠ ભગવદ્ક્રિયાઓને અન્ય કવિઓએ નથી વર્ણવી.' તેમ કહે છે.)

हरि स्वरूप चेष्टारस सारा, जेही सुनी होत जीव भवपारा ।
सो ना बरनी कतहुं कविभूपा, सब कर सार परम रसरूपा ॥१७॥

ભગવાનના સ્વરૂપ સંબંધી ચેષ્ટાઓનો આનંદ જ સારમાં સાર છે; કેમ જે એ ભગવદ્‌ચરિત્રોને સાંભળીને જીવાત્માઓ સહેજે સહેજે ભવસાગરને તરે છે અને પરમ મોક્ષરૂપ પરમાત્માને પામે છે. આવી સર્વે સારમાં સાર અને શ્રેષ્ઠ આનંદરૂપ એવી જે પરમાત્માની સ્વાભાવિક ચેષ્ટાઓ, તેનું વર્ણન પૂર્વે થયા જે શ્રેષ્ઠ કવિઓ તેમણે કોઈએ કર્યું નથી. ॥૧૭॥

(હવે આ ચોપાઈમાં 'આ ચેષ્ટાથી જીવ અમર થાય જ.' એમ કહે છે.)

करत जानी कोउ अमृत पाना, होत अमर जो पिये अजाना ।
यह अमृत कर सहज सुभाउ, अमर किये बिन रहे न काउ ॥१८॥

કોઈ જાણે-અજાણે અમૃતનું પાન કરે તો તે નિશ્ચે અમર થાય છે, તેમ જાણે-અજાણે પણ શ્રીહરિની આ સ્વાભાવિક ચેષ્ટારૂપ અમૃતનું પાન કરે તે કોઈ અમર થયા વિના રહે નહીં ॥૧૮॥

(હવે આ ચોપાઈમાં પ્રેમાનંદસ્વામી 'મુક્તિદા હરિચેષ્ટારૂપ અમૃતનો જ મારે આહાર કરવો છે.' એમ કહે છે.)

येही विधि हरि स्वरूप कर रीति, होय मुक्त सुमरे करी प्रीति ।
अस समुझी मै किन बिच्यारा, तजी तक्र करुं अमृत अहारा ॥१९॥

આ પ્રમાણે ભગવદ્‌સ્વરૂપ સંબંધી અલૌકિક રીત હોવાથી જે કોઈ જીવાત્મા ભગવાનના સ્વરૂપસંબંધી સહજ ચેષ્ટા, ચરિત્રો આદિને પ્રીત કરીને સ્મરણ કરે તો નિશ્ચે માયાથી મૂકાય જાય છે અને અક્ષરધામને પામીને ભગવાનના મહા આનંદને ભોગવે છે. એવું સમજીને મેં વિચાર કર્યો જે, 'ભગવાનના સ્વરૂપ સંબંધ વિનાની અન્ય કથારૂપ છાસનો ત્યાગ કરી મારે તો કેવળ ભગવત્સ્વરૂપ સંબંધી અમૃતનો જ આહાર કરવો છે.' ॥૧૯॥

(હવે 'આ ચેષ્ટા વર્ણનમાં જ મારી જીભ અને વાણીની સફળતા છે.' એમ વર્ણવે છે.)

सत्य स्वरूप बरनुं अस जानी, करु सफल रसना अरु बानी ।
भक्तिधर्मसुत श्रीमहाराजा, किन अनुग्रह मोही निवाजा ॥२०॥

એવું જાણી સત્યસ્વરૂપ પ્રગટ પરમાત્માનું વર્ણન કરી મારી વાણી તથા જીભને સફળ કરું છું. અને એ પણ મારી મેળે મનધાર્યું કરતો નથી. કેમ જે, ભક્તિધર્મના પુત્ર શ્રીજીમહારાજે મારી ઉપર રાજી થઈને આ બધું વર્ણન કરવાની આજ્ઞા કરવારૂપ અપાર કરુણા કરી છે. ॥૨૦॥

(હવે છ કડીઓમાં શ્રીહરિએ પ્રેમાનંદસ્વામીને જે જે વર્ણન કરવાની આજ્ઞા કરી છે, તેની સૂચી વર્ણવે છે. જેમ કે (૧) લીલા-ચરિત્રો (૨) સ્વરૂપ મહિમા (૩) તિલ-ચિહ્ન મહિમા (૪) સ્વભાવ વર્ણન (૫) ગુણ વર્ણન (૬) ઐશ્વર્ય-પ્રતાપ વર્ણન (૭) ધર્મવંશ મહિમા (૮) સંત મહિમા (૯) સત્સંગ મહિમા અને (૯) ત્યાગી-ગૃહીની ભિન્ન-ભિન્ન ધર્મરીતિનું વર્ણન.)

मो पर क्रिपा क्रिपानिधि किनी, निजजन जानी आग्या मोहे दीनी ।
में यह विग्रह धरी अनूपा, लीला किन परम रसरूपा ॥२१॥

बरनउ ताय करी विस्तारा, प्राकृत पद भाषा रससारा ।
नख शिख मोर स्वरूप रु चिह्ना, रूप शील गुन प्रक्रति प्रवीना ॥२२॥

કૃપાનિધિ શ્રીહરિએ મારા ઉપર બહુ કૃપા કરી. તે શું ? તો મને પોતાનો જાણીને આજ્ઞા કરી જે, "હે પ્રેમાનંદ ! મેં આ અનુપમ મનુષ્યદેહ ધારણ કરીને જીવાત્માઓનાં કલ્યાણ માટે પરમ આનંદકારી જે જે લીલા-ચરિત્ર કર્યા છે. તેનું તમે હિન્દી, ગુજરાતી તથા વ્રજભાષા વગેરે પ્રાકૃતભાષામાં રસસભર પદ રચના કરી, ખૂબ વિસ્તારથી વર્ણન કરજ્યો. અને નખથી શિખા પર્યંત મારી મૂર્તિનું તથા મારી મૂર્તિના તિલ-ચિહ્નોનું તથા મારી મૂર્તિના સૌંદર્યનું તથા મારા પ્રવીણ સ્વભાવનું તથા

મારા ભગવાનપણાના ગુણોનું તથા મારી માનુષી પ્રકૃતિનું તમે વિસ્તારથી વર્ણન કરજો.” ॥૨૧-૨૨॥

मम प्रताप ऐश्वर्य वखानी, करउ विख्यात भाग बड मानी ।
धर्मवंश कर महातम भारी, मोर संत महिमा अघहारी ।।२३।।

વળી હે પ્રેમાનંદસ્વામી ! મારા ઐશ્વર્ય-પ્રતાપ તથા ધર્મવંશનો મહિમા અતિશય છે તથા મારા સંતનો મહિમા પાપનો નાશ કરનારો છે. તેથી તેનો મહિમા તમે મનમાં મોટાં ભાગ્ય માની, પદરચનામાં તેના વખાણ કરીને પૃથ્વી પર વિખ્યાત કરો. ॥૨૩॥

मम भक्तन कर संग बखानो, येही सतसंग शुद्ध करी जानो ।
येहि बिन आज मोक्ष कउं नाई, बिन सतसंग जिय नरके जाई ।।२४।।

મારા ભક્તના સંગનું માહાત્મ્ય તમે ગાવો અને એને જ સત્સંગનું શુદ્ધ સ્વરૂપ જાણજ્યો. કેમ જે, તેના વિના આજે મોક્ષ ક્યાંય નથી. સત્સંગ વિના તો જીવ નરકમાં જાય છે. ॥૨૪॥

सोरठा : धर्म रीति सुखरूप, ग्रही त्यागी कर भिन्न भिन्न ।
बरनन करी अनूप, विदित करउ महिशु भग मति ।।२५।।

जेही सुनी सुमति लोक, शरन ग्रही मम संत कर ।
होही तुरत अविशोक, करी समाश्रय संत कर ।।२६।।

ભાગ્યશાળી બુદ્ધિવાળા હે પ્રેમાનંદસ્વામી ! ગૃહસ્થ તથા ત્યાગીઓની અલગ-અલગ સુખરૂપ અને અનુપ એવી ધર્મરીતિનું વર્ણન કરી પૃથ્વી પર તેને વિખ્યાત કરો. કેમ જે, એને સાંભળીને સુમતિ લોકો મારું અને મારા સંતનું શરણ ગ્રહણ કરીને, સંતનો સમાગમ કરીને તરત શોકરહિત થશે અને સુખને પામશે. ॥૨૫-૨૬॥

(હવે બે દોહામાં ‘મેં શ્રીહરિની આજ્ઞાથી આ ગ્રંથ અખંડ વૃત્તિ સૌને સિદ્ધ થાય તે હેતુથી લખ્યો છે.’ એમ ગ્રંથલેખનનો હેતુ જણાવે છે.)

दोहा : श्रीहरिआग्या शीश धरी, मोर मति अनुसार ।
'ध्यानमंजरी' रस भरी, बरनुं सब हितकार ।।२७।।

આ રીતે શ્રીહરિએ મને આજ્ઞા કરી, તે શ્રીહરિની આજ્ઞા શીશ ધરી મારી મતિ અનુસારે સૌનું હિત કરનાર અને મહાઆનંદ ભરેલા એવા **'ધ્યાનમંજરી'** ગ્રંથની રચના કરું છું. ।।૨૭।।

अखंड व्रत्ति हरिरूप महीं, राखत संत सुजान ।
साधनमात्रते कठिन है, श्रीमुख बचन प्रमान ।।२८।।

શ્રીહરિના હૃદગત અભિપ્રાયને સારી રીતે જાણનારા સંતો શ્રીહરિની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખે છે. 'ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તે સર્વે સાધનમાં અતિ કઠણ સાધન છે.' એમ શ્રીહરિએ પહેલા જ વચનામૃતમાં પોતાના મુખથી પ્રમાણરૂપ વચન કહ્યું છે. માટે સારમાં સાર શ્રીહરિની મૂર્તિમાં સર્વ સાધનના સારભૂત અખંડ વૃત્તિરૂપ કઠીન સાધન સિદ્ધ કરવામાં સર્વે સંતો-ભક્તોને મદદરૂપ થાય તેવા હેતુથી આ **'ધ્યાનમંજરી'** ગ્રંથનું આલેખન કરું છું. ।।૨૮।।

(હવે બે ચોપાઈમાં કોઈપણ કાર્ય શીઘ્ર પૂરું કરાવવાનો શ્રીહરિનો સ્વભાવ વર્ણવે છે.)

चोपाई :

बरनुं ध्यान अखिल अघहारी, प्रगट रूप चेष्टा सुखकारी ।
कबहुक तो श्रीधर्मकुमारा, धर्म भक्ति संबंधी बिचारा ।।२९।।

जेही जेही कारज आदर ठाना, पुरन करावन ताय सुजाना ।
येही बिच्चार अति उर लाई, शीघ्र करावत पुरन ताई ।।३०।।

સર્વે પાપોનો નાશ કરનારી, પ્રગટરૂપ શ્રીજીમહારાજની સુખકારી ચેષ્ટાનું ધ્યાન કરવા માટે વર્ણન કરું છું. ક્યારેક તો સર્વજ્ઞ એવા ધર્મકુમાર ભક્તિ-ધર્મ સંબંધી વિચાર કરીને જે જે કાર્યોનો આરંભ કરે છે, તેને

પૂર્ણ કરવાનો અતિ વિચાર મનમાં લાવીને જલ્દી પૂરું કરાવે છે; એવો શ્રીહરિનો સહજ સ્વભાવ છે. ॥૨૯-૩૦॥

(હવે બે ચોપાઈમાં 'છીંકલીલા' વર્ણવી છે.)

कबहुक तो वृषवंशके भूपा, छींक खात सुंदर सुखरूपा ।
ले नक्तक प्रथमही करमांई, मुख समीप राखी सुखदाई ॥३१॥

दूर सुनाय शब्द परछंदा, येही बिधि छींक खात सुखकंदा ।
जब जब छींक धर्मसुत खावे, दो तिन छींक भेले हि आवे ॥३२॥

ધર્મકુળના રાજા શ્રીહરિ ક્યારેક તો સુંદર છીંક ખાય છે ત્યારે પ્રથમથી જ રૂમાલ હાથમાં લઈને, મુખ સમીપે રાખીને, જેના શબ્દ-પરછંદા દૂર સુધી સંભળાય એવી રીતે ઊંચેથી છીંક ખાય છે. સુખના કારણ અને સુખના દેનારા ધર્મસુતને જ્યારે જ્યારે છીંક આવે ત્યારે બે-ત્રણ છીંક ભેળી આવતી; એવો શ્રીહરિનો સહજ સ્વભાવ છે. ॥૩૧-૩૨॥

(હવે આ ચોપાઈમાં 'જંભનલીલા'નું વર્ણન કરે છે.)

जब जब ज्रंभन लेत मुरारि, 'हरि हरि' शब्द करत उचारी ।
तेही समय निज करसु क्रिपाला, लोचन मर्दन करत दयाला ॥३३॥

અને દયાળુ શ્રીહરિ જ્યારે જ્યારે બગાસું ખાય છે ત્યારે 'હરિ હરિ' એવા શબ્દનું ઉચ્ચારણ કરતા થકા પોતાના કરકમળથી નેત્રકમળને બે-ત્રણવાર ચોળે છે. ॥૩૩॥

(હવે આ ચોપાઈમાં શ્રીહરિનું 'નિષ્કામસેવાપ્રિયત્વ' વર્ણવે છે.)

जो निष्काम भक्त हे भारी, तिनही किन सेवा सुखकारी ।
ताके विषे बहुत रुचि जाकी, सहज प्रकृति हरिकी भाखी ॥३४॥

જે અતિશય નિષ્કામ ભક્ત હોય તેની કરેલી સેવામાં સુખકારી શ્રીહરિને બહુ જ રુચિ રહે છે. એવો શ્રીહરિનો સહજ સ્વભાવ છે,

તે મેં કહ્યો. ॥૩૪॥

(હવે આ ચોપાઈમાં શ્રીહરિની 'હાસ્યલીલા' વર્ણવે છે.)

कबहु कछुक रमुज करी स्वामी, हसत बहुत तब अंतरजामी ।
ले नक्तक करमें मुनिराया, दे मुख आडे हसत करी दाया ॥३५॥

ક્યારેક અંતરયામી મુનિરાય દયા કરીને કંઈક રમુજ કરીને અતિશય હસે છે, ત્યારે હાથે કરીને પોતાના રૂમાલને મુખે આડો દઈને હસે છે. ॥૩૫॥

(હવે ત્રણ ચોપાઈમાં પ્રસન્ન થયેલા શ્રીહરિની 'ભેટણલીલા'નું વર્ણન કરે છે.)

कबहुक प्रदेशते आये संता, के कोई प्रियतम भक्त अत्यंता ।
तिनही विलोकी प्रमुदित नाथा, तुर्त ऊठी भेटत भरी बाथा ॥३६॥

ક્યારેક તો મારો નાથ દેશાંતરથી પોતાના સમીપે આવ્યા જે સાધુ તથા પોતાને અતિ પ્રિય એવા જે ભક્તજન, તેમને જોઈને પ્રસન્ન થયા થકા તત્કાળ ઊઠીને તેમને બાથમાં લઈને ભેટે છે. (અને તેમને તે તે દેશના સમાચાર પૂછે છે.) ॥૩૬॥

कबहुक उच्छव होत समैया, आये संत सबे सुखदैया ।
रही हरि पास जात भयहारी, देश प्रदेश आग्या अनुसारी ॥३७॥
अैसे साधु परम उपगारी, परम दयाल जक्त हितकारी ।
तिनही सादर श्री महाराजा, भेटत ऊठी गरीब निवाजा ॥३८॥

ક્યારેક તો સુખદાયી શ્રીહરિ સમૈયા ઉપર આવેલા સર્વે સંત પોતાની સમીપે રહી, સમૈયાનો સુંદર લાભ લઈ, પોતાની આજ્ઞા અનુસારે દેશ-પ્રદેશમાં અજ્ઞ જનોને ઉપદેશ કરી તેમના જન્મ-મરણનો ભય હરવા જ્યારે જાય છે; ત્યારે સર્વે જગતનું હિત કરનારા, પરમ ઉપકારી એવા

મહા દયાળુ સંતોને ગરીબનિવાજ શ્રીજીમહારાજ અતિ આદરે સહિત તત્કાળ ઊઠીને ભેટે છે. ॥૩૭-૩૮॥

सोरठा : सहजहि सहजानंद, आनंद रस बरसत रहत ।
सदयहृदय सुखकंद, नेहसुधा द्रवत नयन ॥३९॥

મારા ઈષ્ટદેવ શ્રીસહજાનંદસ્વામી સહજ સ્વભાવે જ આનંદ રસ વરસાવતા રહે છે. દયાળુ હૃદયના, સુખના કારણ, શ્રીહરિનાં નેત્રમાંથી હંમેશા સ્નેહરૂપ અમૃતની ધારા વહ્યા કરે છે. ॥૩૯॥

प्रथमहि धर्मकुमार, प्रगट किन विग्रह तबही ।
करी गुन अंगीकार, उंच्यालीस रु तीस मिली ॥४०॥

ધર્મકુંવર શ્રીસ્વામિનારાયણ ભગવાને આ વખતે સહુ પ્રથમવાર જ મનુષ્યદેહ ધારણ કર્યો છે ત્યારે ભાગવતના પહેલા સ્કંધના સોળમાં અધ્યાયમાં પૃથ્વી અને ધર્મના સંવાદમાં કહ્યાં એવાં જે રાજારૂપ પ્રગટ પ્રભુના ઓગણચાલીશ ગુણો તથા એકાદશ સ્કંધમાં શ્રીકૃષ્ણ અને ઉદ્ધવના સંવાદમાં કહ્યાં એવાં સાધુરૂપ શ્રીહરિના ત્રીસ ગુણો; તે સર્વે સદ્‌ગુણોને અંગીકાર કર્યા છે. ॥૪૦॥

दोहा : ये सद्‌गुन घनशाम के, सब सुखकर विश्राम ।
राखत जन उर जत्न करी, लहत सो सुख अभिराम ॥४१॥

निष्काम रु निर्मन्यु पुनि, निर्लोभ रु निर्मानु ।
निर्स्नेह निर्स्वाद मिली, निरदंभादिक जानु ॥४२॥

चोपाई :

ये सद्‌गुन सब हरिमहि राजे, क्रिपा करी निजजन हि निवाजे ।
लीन हरि अवतार अनेका, यह रूप सम सुना न देखा ॥४३॥

એ પ્રગટ પ્રભુ ઘનશ્યામના સર્વે સદ્‌ગુણ સર્વે સુખના વિશ્રામરૂપ

છે. જે મનુષ્ય તે સદ્‌ગુણોને જતન કરીને પોતાના ઉરમાં રાખે છે, તે મનુષ્ય શ્રેષ્ઠતમ સુખને પામે છે. નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ, નિઃસ્વાદ, અક્રોધ તથા નિર્દંભ આદિક જે જે સદ્‌ગુણો છે, તે સર્વે સદ્‌ગુણો શ્રીહરિની મૂર્તિમાં સદા રહે છે. તે સદ્‌ગુણો નિજાશ્રિતજનોને કેવળ કૃપા કરીને આપે છે. શ્રીહરિએ અવતારો તો ઘણા લીધા, પરંતુ **આ અવતાર સમાન કોઈ અવતાર સાંભળ્યો કે દેખ્યો નથી.** ॥૪૧ થી ૪૩॥

सबगुन पुरन क्रिपानिधाना, एक रसना कहा करुं बखाना ।
करत बिहार बिश्वहितकारी, निजजन हित भक्तभयहारी ॥४४॥

સર્વે સદ્‌ગુણથી પૂર્ણ, કૃપાના નિધાન એવા શ્રીહરિના એક જીભે હું કેટલા વખાણ કરું ? વિશ્વનું હિત કરનારા અને ભક્તનો ભય હરનારા પ્રગટ શ્રીહરિ નિજજનોના હિત માટે પૃથ્વી ઉપર વિચરણ કરે છે. ॥૪૪॥

अति करुनारस वरसत आज्यु, निजसंतन पर क्रिपा निवाज्युं ।
खानपान भोजन विधि नाना, दरस परस दे परम सुजाना ॥४५॥

આ વખતે સર્વાવતારી શ્રીહરિ અતિ કરુણારસ વરસાવે છે. પરમ સુજાણ શ્રીહરિ પોતાના પ્યારા સંતો ઊપર કૃપા કરીને અનેક પ્રકારના ખાન-પાન-ભોજન જમાડીને તથા પોતાનાં દર્શન-સ્પર્શ આપીને અતિશય સુખિયા કરે છે. ॥૪૫॥

(હવે સાત ચોપાઈમાં શ્રીહરિની નિજભક્ત ઉપર પ્રસન્નતા દર્શાવતી વિવિધ ક્રિયાઓનું વર્ણન કરે છે.)

कबहुक निज संतन पर स्वामी, प्रसन्न होई हरि अंतरजामी ।
करसरोज जुग अभय उदारु, धरत शीश पर जन हितकारु ॥४६॥

ક્યારેક અંતર્યામી, જનહિતકારી સ્વામી પોતાના પ્યારા સંતો ઉપર રાજી થઈને પોતાના ઉદાર એવા બન્ને કરકમળને સંતોના માથે મૂકે છે. ॥૪૬॥

कबहुक प्रसन्न होई महाराजा, सज्जन उरमें गरीबनिवाजा ।
ललित पदाब्ज धरत हरखाई, का कहुं करुना कही न जाई ॥४७॥

ગરીબનિવાજ મહારાજ ક્યારેક તો પ્રસન્ન થઈને સંતો-ભક્તોની છાતિમાં હરખાઈને પોતાના સુંદર ચરણારવિંદ આપે છે. અહો..! અહો..! મારા પિયુડાની કરુણા શું કહું ? કહી જાતી નથી ! ॥૪૭॥

कबहुक तो निजजन हरखाई, नाथ बचन पर बलबल जाई ।
तत्पर होय आग्या अनुसारी, ऐसे भक्त परम हितकारी ॥४८॥
अथवा बहु विधि आग्या मानी, आये भक्त परम विग्यानी ।
ताही विलोकी कमलदलनेना, होई प्रसन्न परम सुखदेना ॥४९॥
ताके हृदयबीच भगवाना, निज पदपंकज धरत सुजाना ।
कबहुक प्रसन्न होई अविनाशी, देत प्रसादी थाल सुखराशी ॥५०॥

ક્યારેક પોતાના ભક્તજન પોતાની આજ્ઞા પાળીને પોતાના વચનો ઉપર ટૂક ટૂક થઈને આવ્યા હોય, અથવા પોતાની આજ્ઞા પાળવામાં તત્પર થયા હોય, અથવા પોતાની બહુ પ્રકારની આજ્ઞા માનીને આવ્યા હોય; એવા પરમ વિજ્ઞાની ભક્તને જોઈને પરમ સુખ દેવાના સ્વભાવવાળા શ્રીહરિ પ્રસન્ન થઈને તેમની છાતિમાં પોતાના ચરણકમળ ધરે છે. અને ક્યારેક એવા ભક્તજન ઉપર પ્રસન્ન થઈ સુખરાશી અવિનાશી એવા શ્રીહરિ તેમને પોતાના થાળની પ્રસાદી આપે છે. ॥૪૮ થી ૫૦॥

कबहुक निज भक्तन पर नाथा, प्रसन्न होई संतन सुखपाथा ।
देत प्रसादी हार निकासी, सुमनमाल उरते अविनाशी ॥५१॥

ક્યારેક તો પોતાના ભક્તજન ઉપર પ્રસન્ન થઈને સંતો માટે સુખના માર્ગરૂપ, અવિનાશી શ્રીહરિ પોતાના કંઠમાંથી પુષ્પની માળા ઉતારીને તે પ્રસાદીનો હાર તેને આપે છે. ॥૫૧॥

सुमन शेखर भुजबंध उतारी, देत दयाल दया उर धारी ।
कबहुक प्रसन्न होई हरिराया, देत वस्त्र भूषन करी दाया ॥५२॥

ક્યારેક તો દયાળુ એવા શ્રીહરિ પ્રસન્ન થઈને દિલમાં દયા લાવી પોતાના ભક્તજનને પુષ્પના તોરા તથા બાજુબંધ ઉતારી આપે છે. તથા પોતાનાં વસ્ત્રાભૂષણ દયા કરીને આપે છે. ॥૫૨॥

(હવે બે કડીમાં પ્રગટ શ્રીહરિની દયા, સ્નેહ અને ઉદારતાનું વિશેષપણું વર્ણવે છે.)

सोरठा : त्रिभोवनते अकुलाय, दया स्नेह उदारपन ।
श्रीहरि हृदय समाय, रहत सदा करी सदन निज ॥५३॥

દયા, સ્નેહ અને ઉદારપણાને ક્યાંય રહેવાની જગ્યા ન મળતા ત્રિભુવનમાંથી અકળાઈને, શ્રીહરિના હૃદયમાં સમાઈને, સદા પોતાનું ઘર માનીને રહે છે. ॥૫૩॥

जिमि उमंगी घनवारी, बरखी भरत सरि सर अवनी ।
तेही बिधि जन सुखकारी, द्रवत सुधारस भक्त पर ॥५४॥

જેમ વાદળા ઉમંગમાં આવીને વરસી વરસીને નદી, તળાવ અને આખી પૃથ્વી ભરી દે, તે જ પ્રમાણે જનસુખકારી શ્રીહરિ પોતાના ભક્ત ઉપર નિજમૂર્તિના સુખામૃતને વરસાવે છે. ॥૫૪॥

(હવે અઢી કડીમાં શ્રીહરિના ઉદાર સ્વભાવની વિશેષતા વર્ણવે છે.)

दोहा : अतहि उदार स्वभाव वर, श्रीहरि कर अघहारी ।
निज प्रियतम होय बस्तु कछु, घनमोली अति भारी ॥५५॥

तदपि ताकु देन को, करी संकल्प मुरार ।
देत विलोकी पात्रजन, रंच न लागत बार ॥५६॥

चोपाई : सहज स्वभाव हरि को अैसो, हरिजन कुं उर राखन तैसो ।

એટલા માટે ઉદાર, શ્રેષ્ઠ સ્વભાવના, પાપનાશક શ્રીહરિ પોતાને જે અતિ વહાલી વસ્તુ હોય વળી, બહુ મુલ્યવાળી હોય; તોપણ કોઈને દઈ દેવાનો મનમાં સંકલ્પ થતા જ તે સત્પાત્ર જનને જોઈને તરત જ આપી દે છે, પરંતુ રંચ પણ વાર લગાડતા નથી. શ્રીહરિનો આવો સહજ સ્વભાવ છે, જે હરિભક્તોને પણ હૃદયમાં રાખવા જેવો છે. ।।૫૫ થી ૫૭ પૂર્વાર્ધ।।

(હવે અઢી ચોપાઈમાં શ્રીહરિની 'ટચાકાલીલા' વર્ણવે છે.)

कबउक तो सुंदर सुखदाई, कहा बरनुं अति चंचलताई ।।५७।।

निज कर चरन हरनभय नाना, अरुन अंगुरी लखी नेन लोभाना ।
हस्तकमल की अंगुरी मिरोरी, फोरत नाथ करी बरजोरी ।।५८।।

कबहुक फोरत आप सुजाना, निजजन पास कबउक भगवाना ।
चरन कमल की अंगुरी दासा, फोरत पटपट होत उलासा ।।५९।।

સુખદાઈ શ્રીહરિની અતિ ચંચળતાને હું શું વર્ણવું ? મારાથી વર્ણવી જાતી નથી ! અનેક પ્રકારના ભયને હરનારાં પોતાનાં હસ્ત અને ચરણ છે; એવાં કર-ચરણની લાલ-ગુલાબી આંગળિયો જોઈને નેત્રો લોભાઈ જાય છે. આ ચંચળ શ્રીહરિ ક્યારેક તો પોતાના હાથ-પગની આંગળીઓને બળથી મરડીને ટચાકિયા ફોડે છે. એમાં ક્યારેક પોતે ફોડે છે અને ક્યારેક પ્રેમીભક્તો પાસે ફોડાવે છે ત્યારે 'પટ...પટ... પટ...' એમ ટચાકા ફૂટે છે, તેથી ભક્તજનો આનંદ પામે છે. ।।૫૭ ઉત્તરાર્ધથી ૫૯।।

(હવે દોઢ ચોપાઈમાં શ્રીહરિની દયાળુતા વર્ણવે છે.)

कबउक तो हरि दीनदयाला, प्रानीमात्र कु परम क्रिपाला ।
देखी दुःखी अरु सुनी सुजाना, दयाजुक्त होई क्रिपानिधाना ।।६०।।
बोलत 'राम राम' मुख बानी, सहज प्रकृति करे दुःखहानि ।

દીનજનોને વિષે દયાવાળા, કૃપાનિધાન શ્રીહરિને કોઈપણ પ્રાણીને

દુઃખિયો જોઈને અથવા સાંભળીને દયા યુક્ત થઈને મુખથી 'રામ.. રામ..રામ..' એવી રીતે બોલવાનો સ્વભાવ છે. ॥૬૦-૬૧ પૂર્વાર્ધ॥

(હવે સાડા ત્રણ ચોપાઈમાં શ્રીહરિનું પરદુઃખભંજનપણું વર્ણવ્યું છે.)

कबउक तो कोउ नर वपुधारी, देखी दुःखी हरिकृष्ण मुरारि ॥६१॥

दयावेष्ट होई निज चितमांई, पावत खेद चिंता उर लाई ।
होय प्रसन्न धर्मसुत स्वामी, टारत दुःख तरत बहुनामी ॥६२॥

अन्न-वस्त्र आदिक कछु मागे, देत ताहे हरि करी अनुरागे ।
अन्य पदार्थ मेहेंगा होई, देत हे नाथ मंगाय के सोई ॥६३॥

येही प्रकार करी परउपगारा, बिधि कर लेख कु मेटनहारा ।
देत मोछ परलोक पहुंचावे, सदयहृदय हरि कु श्रुति गावे ॥६४॥

પરદુઃખ હરવાના સહજ સ્વભાવવાળા ધર્મસુત બહુનામી શ્રીહરિકૃષ્ણ મહારાજ ક્યારેક તો કોઈક શરીરધારી જીવને દુઃખી દેખીને દયાવાળા હોઈ પોતાના ચિત્તમાં ખેદને પામતા થકા ઉરમાં ચિંતા લાવીને, તેના ઉપર પ્રસન્ન થઈને તરત તેનું દુઃખ ટાળે છે. કેવી રીતે ? તો અન્ન-વસ્ત્રાદિક કાંઈક માંગે તો તેને શ્રીહરિ બહુ જ પ્રેમથી આપે છે. અને વળી અન્ય પદાર્થ મોંઘું હોય તોય મગાવીને તે પદાર્થ મારો નાથ તેને આપે છે; એવી રીતે કૃપાનિધાન સમર્થ શ્રીહરિ પરોપકાર કરીને વિધિના લેખને મિટાવનારા છે અને મોક્ષ આપીને જીવને પરલોક પહોંચાડે છે, તેથી જ શ્રુતિ પરમાત્માને દયાળુ હૃદયવાળા ગાય છે. ॥૬૧ ઉત્તરાર્ધથી ૬૪॥

(હવે બે ચોપાઈમાં 'અહિંસાપ્રિયત્વ' વર્ણવે છે.)

कबहुक पशु पंखी जिय जंता, हनत क्रुर करी कोप अत्यंता ।
देखी न सकत दयावंत भारी, धर्मवंश भुषन अवतारी ॥६५॥

हां हां करत तुरत ऊठी धाई, नाथ निवारत करुना लाई ।
धर्मवंशी कर सहज स्वभाउ, निरदई देखा सुना न नाउ ॥६६॥

ધર્મવંશના ભૂષણ, અવતારી, મારો નાથ અત્યંત દયાળુ હોવાથી ક્યારેક કોઈ ક્રૂર માણસ અત્યંત ક્રોધ કરીને પશુ-પંખી આદિક કોઈક જીવ-જંતુ મારે તેને નહિ દેખી શકતાં 'હા..હા..' કરતા કરુણા લાવી, તરત ઊભા થઈ, દોડીને તેને નિવારે છે. ધર્મવંશી શ્રીજીમહારાજનો એવો સહજ સ્વભાવ છે કે, એમને ક્યારેય નિર્દય દેખ્યા કે સાંભળ્યા નથી. ॥૬૫-૬૬॥

(હવે આ કડીમાં 'ધર્મસર્ગારિવિંદને અથવા ધર્મવંશસરોજને સંપૂર્ણ વિકસાવનાર સૂર્યરૂપી શ્રીહરિ જ છે.' એવું વર્ણન કરે છે.)

सोरठा : अक्षरपति अविनाश, प्रगटे धर्मकुलनलिन रवि ।
धर्मवंश प्रकाश, अवनि पर अविचल करन ॥६७॥

અક્ષરપતિ અવિનાશી શ્રીપુરુષોત્તમનારાયણ ધર્મકુળરૂપી કમળને ખીલવવા તથા ધર્મવંશનો પ્રકાશ અવની ઉપર અવિચળ કરવા માટે ધર્મવંશમાં સૂર્યની જેમ પ્રગટ થયા છે. અર્થાત્ જેમ કમળ સૂર્યથી ખીલે છે, તેમ એકાંતિક ધર્મની સ્થાપના શ્રીહરિથી થાય છે અને ધર્મવંશનો મહિમા પ્રકાશ પણ શ્રીહરિથી થાય છે. ॥૬૭॥

(હવે આ કડીમાં પ્રગટ પ્રભુના સંતો-ભક્તોનું જનકલ્યાણકારીપણું વર્ણવે છે.)

धर्मवंशी द्विजराज, संत हरिजन सुभग मति ।
प्रसंग तेही कर आज, मोक्ष सबही नरनारी कर ॥६८॥

શ્રીહરિએ ધર્મવંશમાં સ્થાપન કરેલા આચાર્યો તથા પરમ એકાંતિક સંતો તથા હરિભક્તો પ્રગટ પ્રભુને પામી-સેવીને અતિ મહાન ભાગ્યશાળી થયા છે, તેથી એમના પ્રસંગમાં આજ જે કોઈ નરનારી આવે, તે સર્વેનો

મોક્ષ થાય છે. ॥૬૮॥

(હવે આ દોહામાં શ્રીહરિએ ભવસાગર તરવા નિજવચનરૂપ સેતુ રચ્યો છે તથા સંતરૂપ મોક્ષનાં પગથિયાં રચ્યા છે. તે વર્ણવે છે.)

दोहा : रची आजु भवउदधि पर, वचन सेतु भगवान ।
नैष्ठिक व्रत जुत संत दृढ, रचेउ सरस सोपान ॥६९॥

આ વખતે શ્રીસ્વામિનારાયણ ભગવાને આ ભવસાગરને તરવા માટે નિજવચનરૂપ સેતુ રચી આપ્યો છે. અને વળી પોતાના દઢ નૈષ્ઠિક બ્રહ્મચર્યે યુક્ત સાધુરૂપ સરસ મોક્ષનાં પગથિયાં રચી આપ્યાં છે. ॥૬૯॥

(હવે આ દોહામાં શ્રીહરિ નિજપ્રતાપે વગર શ્રમે મોક્ષપદ દેવા અઢળ ઢળ્યા છે તે વર્ણવે છે.)

निज पदरज सुप्रतापबल, अगनित नर त्रिय वृंद ।
लहत परमपद बिन ही श्रम, अढर ढरेउ सुखकंद ॥७०॥

સર્વે સુખના મૂળ શ્રીહરિ આ અવતારે અતિ રાજી થઈને કેવળ પોતાની પદરજના અતિ પ્રતાપબળે કરીને આ સંસારના અગણિત નર-નારીઓને વગર મહેનતે મફતમાં અક્ષરધામરૂપ પરમપદને પમાડે છે; એવા અઢળ ઢળ્યા છે. ॥૭૦॥

इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरि सहजस्वभाव वर्णन
नामा पंचमः प्रकाशः ॥५॥

પ્રકાશ : ૬

શ્રીહરિ સહજ સ્વભાવ તથા સ્તુતિ વર્ણન

(હવે આ ચોપાઈમાં શ્રીહરિનું નૈષ્ઠિકવ્રતપ્રિયત્વ વર્ણવે છે.)

चोपाई :

नरनाटक धरी कृष्णक्रिपाला, बिचरत मही रतिपति कर काला ।
नारायण नैष्ठिक व्रतधारी, नैष्ठिक किन अनंत नरनारी ॥१॥

કામદેવના કાળ, નરનાટકધારી કૃપાળુ નારાયણે નૈષ્ઠિક વ્રત ધારણ કરી, પૃથ્વી પર વિચરણ કરીને અનંત નર-નારીઓને નિષ્કામી કર્યા છે. ॥૧॥

(હવે ત્રણ ચોપાઈમાં પ્રગટ શ્રીહરિ નિજપ્રતિજ્ઞાની ઘોષણા કરે છે.)

आजु प्रगट होई येही पनु लीना, मारु मार मोह रिपु झीना ।
अधर्म बंस करुं उछेदा, एकांतिक धर्म करुं पैदा ॥२॥

આ વખતે પુરુષોત્તમનારાયણે ધરતી ઉપર પ્રગટ થઈને આવી પ્રતિજ્ઞા લીધી છે. કેવી ? તો "જીવાત્માને મોક્ષને માર્ગે અતિ વિઘ્ન કરનારા એવા કામ, ક્રોધ, લોભ, મોહ, સ્વાદ, સ્નેહ વગેરે અંતઃશત્રુઓનો હું મારા પ્રતાપે વિનાશ કરીશ; એવી રીતે અધર્મવંશનો ઉચ્છેદ કરીને ધરતી ઉપર એકાંતિક ધર્મને પ્રગટ કરીશ." ॥૨॥

कामकुमति निज चेष्टा मांई, करत पराजय सुर मुनिराई ।
तेही विधि में निज चेष्टा दाखी, मारु मोहदल दृढ व्रत राखी ॥३॥

"કુમતિ કામદેવ પોતાની સહજ ચેષ્ટામાં જ દેવ, ઋષિમુનિ, રાજાઓને તરત પરાજિત કરી દે છે. એવી જ રીતે હું પણ દૃઢ પ્રતિજ્ઞા-પૂર્વક કહું છું કે, 'મારી સહજ ચેષ્ટાએ કરીને જ કામ, ક્રોધ, મોહાદિક અંતઃશત્રુના દળનો નિશ્ચે નાશ કરીશ." ॥૩॥

सत्य प्रतिज्ञा जानउं मेरी, फेरुं आन जगति वृष केरी ।
तो में किन भक्ति पयपाना, ना तर जानहुं झुठ सुजाना ॥४॥

"હે ડાહ્યા માણસો ! આ મારી પ્રતિજ્ઞા તમે સત્ય જાણજો કે, 'હું પૃથ્વી ઉપર ધર્મની આણ ફેરવીશ, કહેતાં ધર્મસર્ગનું ગૌરવ વધારવા પૂર્વક ધર્મસ્થાપન કરીશ; તો જ મેં મારી માતા ભક્તિદેવીનું દૂધપાન કર્યું ગણાય, નહિતર તમે મને ખોટો જાણજો." ॥૪॥

(હવે આ છ ચોપાઈમાં પ્રેમાનંદસ્વામી આવી પ્રતિજ્ઞા ઘોષિત કરનાર શ્રીહરિએ એ જ પ્રમાણે સંપૂર્ણ કરી બતાવ્યું. એવું શ્રીહરિનું સત્યપ્રતિજ્ઞાપણું પ્રશંસાપૂર્વક વર્ણવે છે.)

विदित प्रताप आजु अद्‌भुता, जिते सहज माया कर पूता ।
बिन साधन बिन जोग अभ्यासा, नैष्ठिक किये मुनि निजदासा ।।५।।

આજે શ્રીહરિનો અદ્‌ભુત પ્રતાપ સર્વ કોઈ જનો જાણે છે. તે શું ? તો સહજ સ્વભાવે જ શ્રીહરિએ માયાના પરિવાર એવા અધર્મસર્ગને જીતી લીધો. શ્રીહરિએ નિજ પ્રતાપથી પોતાને શરણે આવેલા અનેક સાધુઓને કોઈપણ સાધન કર્યા વગર તથા અષ્ટાંગ યોગનો અભ્યાસ કર્યા વગર નૈષ્ઠિક ઊર્ધ્વરેતા બ્રહ્મચારી કર્યા છે. ॥૫॥

(આ ચોપાઈમાં અવતારી શ્રીહરિનું શ્રેષ્ઠત્વ પ્રસ્થાપિત કરે છે.)

भयेउ अवनि अवतार अनेका, काउ न खेंची अचल व्रतरेखा ।
सहज स्वभाव चेष्टामहीं आजु, कामादिक रिपु किन पराजु ।।६।।

આ પૃથ્વી ઉપર અનેક અવતારો થયા, પરંતુ કોઈએ અચળ એવી પંચવર્તમાનરૂપી મર્યાદા બાંધી નથી. આજ તો અવતારી શ્રીહરિએ સહજ સ્વાભાવિક ચેષ્ટાએ કરીને જ કામાદિક શત્રુઓનો પરાજય કર્યો છે. ॥૬॥

(આ બે ચોપાઈમાં અંતઃશત્રુઓનું પ્રબળપણું વર્ણવે છે.)

हिरण्यकशिपु हिरण्याक्ष से बांके, काम क्रोध के नोकर भांके ।
कुंभकरन दशवदन प्रवीना, मार मन्यु कर रैयत दीना ॥७॥

દેવોને જીતીને ત્રિલોકીનું રાજ્ય કરનાર એવો હિરણ્યકશિપુ તથા પૃથ્વીને લઈને ભાગી જનાર હિરણ્યાક્ષ જેવા રાક્ષસબંકાઓ પણ કામ-ક્રોધના નોકર કહેવાયા. વળી, જેને દરિયો ગોઠણ સુધી થતો એવા માથાભારે કુંભકર્ણ તથા ચારે વેદમાં પ્રવિણ અને હિમાલયને હાથે કરીને ધ્રુજાવનાર રાવણને કામ-ક્રોધે મળીને દીન એવી રૈયત જેવા કરી દીધા. ॥૭॥

दंतवक्र शिशुपाल रु कंसा, मदन रोष मिली किये निर्बंशा ।
अैसे शुभट देखी जग त्रासे, मदन जीती बस किन त्रियासे ॥८॥

મહા માથાભારે દંતવક્ર અને શિશુપાલ એ બન્ને ભાઈઓને તથા જેને રણમેદાને જોઈને ઈન્દ્રાદિક દેવો પણ બીને ભાગી જતા એવા ઉગ્રસેનના પુત્ર મથુરાધીશ કંસને કામ અને ક્રોધે મળીને નિર્વંશ કર્યા. આવા શૂરવીર લડવૈયા જોઈને આખું જગત ત્રાસી જતું; એવા બાહોશ અસુરોને પણ કામદેવે જીતીને સ્ત્રીઓને આધિન કરી મૂક્યા. ॥૮॥

अस माया कर सुत बलवंता, मदनादिक मायावी अत्यंता ।
तिनही जिती आजु बहुनामी, डारे प्रेज धर्मसुत स्वामी ॥९॥

આ વખતે ધર્મપુત્ર બહુનામી શ્રીહરિએ માયાના મહાબળવાન માયાવી એવા કામ, ક્રોધ, લોભાદિક પુત્રોને જીતીને પોતાના સેવક બનાવી દીધા. ॥૯॥

(આ ચોપાઈમાં 'મંદમતિ મુર્ખાઓ હંમેશાં લાભથી વંચિત રહે છે.' એમ કહે છે.)

अस प्रताप जग सब जाने, मूढ मंदमति तदपि न माने ।
जस तस नाहीं बात अति झीनी, थूलबुद्धि नर शके न चीनी ॥१०॥

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આવો મહાન પ્રતાપ આખી દુનિયામાં સર્વે જનો જાણે છે, તોય પણ મંદમતિ એવા મુર્ખ માણસો માને નહીં. આ વાત જેવી તેવી નથી, અતિ અલૌકિક-ઝીણી વાત છે; તેને જાડી બુદ્ધિવાળા માણસો પકડી શકે નહીં. ॥૧૦॥

(હવે આ બે સોરઠામાં રૂપક કહ્યું છે તેમાં શ્રીહરિને સૂર્ય, મતપંથને અંધારું, સત્જનોને કમળ અને અસુરરાજાઓને પોયણા કહી શ્રીહરિનો પ્રતાપ વર્ણવ્યો છે.)

सोरठा : श्रीहरि धर्मकुमार, आदिनारायण अक्षरपति ।
लीन तेही अवतार, तपत प्रबल भुवि तरनि सम ॥११॥

काप्यो विविध मतध्वांत, प्रफुलित भये संतनलिन बन ।
भयेउ भूपति विभ्रांत, सकुचि रहे खल नलिनी जिमी ॥१२॥

અક્ષરધામના અધિપતિ આદિનારાયણ એવા શ્રીહરિએ ધરતી ઉપર ધર્મકુંવરરૂપે અવતાર ધારણ કર્યો અને આજે આખી પૃથ્વીમાં સૂર્યની સમાન પ્રબળપણે તપી રહ્યા છે; કહેતાં પોતાનો અતિ પ્રબળ પ્રતાપ આખી પૃથ્વીમાં વિસ્તાર્યો તથા મતપંથરૂપ અંધારું ટાળી નાખ્યું અને સંતરૂપી કમળોનું વન પ્રફુલ્લિત થયું. મોટા મોટા અસુર રાજાઓ વિભ્રાંત થઈને જેમ સૂર્ય ઊગતાં પોયણાઓ કરમાય તેમ કરમાય ગયા. ॥૧૧-૧૨॥

(હવે આ બે દોહામાં શ્રીહરિના પ્રતાપને જોઈને વિસ્મય પામેલા સર્વેની શ્રીહરિને વિશે થયેલી કલ્પનાને વર્ણવે છે.)

दोहा : अति अतर्क्य ऐश्वर्यमय, चेष्टा हरिकी जानी ।
विस्मित भये सब नारी नर, स्वर्गपति भुव प्रानी ॥१३॥

कोउ कहे मायापति, कोउ कहे सिद्ध सुरेश ।
कोई कहे सर्वज्ञगति, करे परकाय प्रवेश ॥१४॥

અતિ અતર્ક્ય ઐશ્વર્યમય શ્રીહરિની ક્રિયાઓ જોઈ-જાણીને સ્વર્ગપતિ ઇન્દ્ર આદિક દેવાતાઓ તથા પૃથ્વીના સર્વે પ્રાણીઓ અને સર્વે નર-નારીઓ વિસ્મિત થઈ ગયા. અને તેથી કોઈ કહે, 'આ સ્વામિનારાયણ તો માયાપતિ છે.' કોઈ કહે, 'આ તો કોઈ મોટા દેવ છે.' કોઈ કહે, 'એ તો સિદ્ધ છે તથા અંતર્યામી છે.' કોઈ કહે, 'એમની સર્વત્ર ગતિ છે અને પરકાયામાં પણ પ્રવેશ કરે છે.' એમ લોકો વાતો કરવા લાગ્યા. ॥૧૩-૧૪॥

(હવે આ ચોપાઈમાં 'શ્રીહરિની લીલાને જોઈને કોને મોહ ન થાય ?' એમ કહે છે.)

चोपाई :

इमि खेचर भूचर कर जंता, लखी लीला विस्मित अत्यंता ।
मानुषलीला लखी अद्‌भुता, कोन न होत मोहबस पूता ॥१५॥

આ પ્રમાણે આકાશવાસી દેવો તથા ભૂતળવાસી મનુષ્યો અથવા તો ખેચર-ભૂચર જીવો શ્રીહરિની લીલા જોઈને અત્યંત વિસ્મિત થયાં. અદ્‌ભુત આશ્ચર્યકારી માનુષીલીલા જોઈને કોણ એવો સપૂત છે કે તે મોહવશ ન થાય ? કહેતાં સર્વને મોહ થાય જ. ॥૧૫॥

(હવે આ ચોપાઈમાં અક્ષરધામનું સ્વરૂપ અને અહીં દેખાતું જે મનુષ્યસ્વરૂપ; તે બન્ને એક જ છે, એમ કહે છે.)

ईश्वर आप अखिल जगस्वामी, लीन रूप मानुष बहुनामी ।
दिव्यरूप करी लीन सुजाना, निजस्वरूप मांही भगवाना ॥१६॥

અખિલ જગતના સ્વામી, ઈશ્વરોના પણ ઈશ્વર, બહુનામી એવા શ્રીપુરુષોત્તમનારાયણે પોતે અતિ કૃપા કરીને અક્ષરધામસ્થ દિવ્યસ્વરૂપને પોતાના સ્વરૂપમાં સમાવીને પૃથ્વી ઉપર મનુષ્યરૂપ પ્રગટ કર્યું. અર્થાત્ એ જ અક્ષરધામસ્થ પુરુષોત્તમનારાયણ કેવળ કૃપા કરીને જનોના ઉદ્ધાર માટે પૃથ્વીલોકમાં મનુષ્યરૂપે દેખાયા. ॥૧૬॥

(હવે આ ચોપાઈમાં શ્રીહરિની લીલાનો મહિમા કહે છે.)

करत बिहार दिव्य रसरासि, जेही सुनी मिटत सकल भवफांसी ।
सहज स्वभाव प्रकृति कहिये, लीला चेष्टा एक ही लहिये ॥१७॥

દિવ્ય આનંદના સમૂહરૂપ શ્રીહરિ જનકલ્યાણાર્થે પૃથ્વી ઉપર લીલા-ચરિત્ર કરે છે. એ લીલાચરિત્રોને કહેવાં-સાંભળવાંથી જીવ-પ્રાણીમાત્રની જન્મ-મરણરૂપ સર્વે ભવફાંસીનો નાશ થાય છે. શ્રીહરિનો સહજ સ્વભાવ કહો, પ્રકૃતિ કહો, લીલા કહો કે ચેષ્ટા કહો; આ સર્વે એક જ છે, માત્ર નામ જુદાં છે. ॥૧૭॥

(હવે આ ત્રણ ચોપાઈમાં 'શ્રીહરિને ભક્તોની નિંદા કરનારા ગમતા નથી.' એમ કહે છે.)

बरनु ताय रही कछु बाकी, विविधि भांति भिन्न भिन्न समाकी ।
कबहुक क्रिपासिंधु क्रिपाला, निज समीप कोई भक्त मराला ॥१८॥
निज जनकी वा संतकी आई, बोलत बानी दोषजुत लाई ।
चुगल होय करे चुगली निंदा, सुनि ताहे लोचन अरविंदा ॥१९॥
अति अनखाय कुचायके नाथा, करत अनादर जनसुखपाथा ।
निंदत ताहे करी तिरस्कारा, कठिन बचन कही धर्मकुमारा ॥२०॥

હવે જે સ્વાભાવિક ચેષ્ટા કંઈક બાકી રહી છે, તે જુદા જુદા સમયની વિવિધ ભાતની ચેષ્ટાને હું વર્ણવું છું. ક્યારેક પોતાની સમીપે આવીને

કોઈ ભક્ત કે સંત પોતાના કોઈ હરિભક્તની કે સંતની દોષેયુક્ત વાણી બોલે છે – ચાડિયો થઈને ચાડી-નિંદા કરે છે – ત્યારે તેને સાંભળીને, અતિ રોષ કરીને, કચવાઈ જઈને અતિ દયાળુ મારો નાથ તેનો અનાદર કરે છે. અને જનો માટે સુખના માર્ગ જેવા કમળનેત્ર ધર્મકુમાર તેને કઠણ વચન કહી, તિરસ્કાર કરીને તેની નિંદા કરે છે. ॥૧૮ થી ૨૦॥

(હવે દસ કડીમાં સ્વેચ્છાથી પોતાના શરીરે રોગ ગ્રહણ કરી સંતોની વિનંતિથી દૂર કરે છે અને સૌને આનંદ ઉપજાવે છે; એવી લીલા વર્ણવે છે.)

कबहुक तो हरि निज तनमांही, मनुष्यभाव दरसावन चाही ।
कछुक बिथा ज्वर पीर जनाई, अैंडत डिल भुजा झटकाई ॥२१॥

ક્યારેક તો શ્રીહરિ પોતાના શરીરમાં ચાહીને મનુષ્યભાવ દેખાડતા થકા કંઈક કસર જણાવે છે અથવા તાવની પીડા જણાવે છે, ત્યારે શ્રીહરિનું અશક્ત શરીર અને હાથ ધ્રુજે છે. ॥૨૧॥

वाम पानि कर अंगुरी जोरी, दहिना कर की नारी टटोरी ।
हरि कहत कछु कसुर है आजु, बैठे पास वर संत समाजु ॥२२॥
तिनहि देखावत निजकर स्वामी, देखत कर नारी शिर नामी ।
बरतत अबहि काल अति क्रूरा, नाथ शरीरमें कसुर प्रचूरा ॥२३॥
तेही कारन बिपरित है काला, सतसंग कर तुम नाथ दयाला ।
सब कर जीवन प्रान सुजाना, सतसंग मीन नीर तुम प्राना ॥२४॥

અને ક્યારેક તો ડાબા હાથની બે આંગળી વડે જમણા હાથની નાડી જોઈને શ્રીહરિ કહે છે કે, "આજ મારે શરીરે કંઈક કસર છે." એમ કહીને પાસે બેઠેલા સંતસમાજમાં શ્રેષ્ઠ, કહેતાં નાડીના જાણકાર કોઈ મુક્તાનંદસ્વામી જેવા સંતને પોતાના હાથની નાડી બતાવે છે. તે સંત શ્રીહરિના હાથની નાડી જોઈને મસ્તક નમાવીને કહે છે, "હે નાથ !

અત્યારે સર્વે સત્સંગીઓને અતિ ક્રૂર કાળ વર્તે છે. કારણ કે, આપને શરીરે અતિ કસર છે તેથી જ વિપરીત કાળ છે. હે દયાળુ નાથ ! તમે સર્વે સત્સંગીના જીવનપ્રાણ છો. હે સર્વજ્ઞ મારા પ્રાણ ! સર્વે સત્સંગ મીન સમાન છે અને આપ તો નીર સમાન છો." ॥૨૨ થી ૨૪॥

सोरठा : होई हे परम सुखचेन, तव तनमहीं अशरनशरन ।
तब सबहि दिनरेन, मगन रहत सतसंगी सब ॥२५॥

"હે અશરણશરણ ! આપના શરીરમાં જ્યારે પરમ સુખ-શાંતિ હોય ત્યારે સર્વે સત્સંગીઓ રાત્રી-દિવસ આનંદમાં રહે છે. ॥૨૫॥

तव मुख शरद मयंक, नीरखी मुदित निजजन नयन ।
जिमी चकोर तजी शंक, लखी शशिछबी मन मगन नित ॥२६॥

જેમ ચકોર શરદપૂનમના ચંદ્રની શોભા જોઈને શંકા તજીને નિત્ય મનમાં મગન રહે છે, તેમ આપના મુખરૂપી શરદચંદ્રને નીરખીને નિજજનના નેત્રો આનંદિત રહે છે." ॥૨૬॥

दोहा : हरन सकल संताप तन, करन परम आनंद ।
पोखन निजजन सुमनबन, तव मुख शरद सुचंद ॥२७॥

"હે મહારાજ ! શરદઋતુના સુંદર ચંદ્ર જેવું આપનું મુખારવિંદ અમારા તનના સર્વે સંતાપો નાશ કરે છે અને પરમ આનંદ આપે છે અને નિજભક્તોરૂપી ફૂલોના બગીચાનું પોષણ કરે છે." ॥૨૭॥

बचन सुधारस सरस नित, बरसत धर्मकिशोर ।
पान करत त्रपति न लहत, निजजन कुमुद चकोर ॥२८॥

"શારદપૂર્ણચંદ્ર હે ધર્મકિશોર ! આપ નિત્ય સરસ વચનરૂપી અમૃતનો વરસાદ વરસાવો છો; નિજજનરૂપી ચકોરો એ સુધારસનું પાન કરતા તૃપ્ત જ થતાં નથી." ॥૨૮॥

चोपाई :

येही कारन सुर नर मुनिराया, करउ नाथ निजजन पर दाया ।
जिय उरमउ आनंद उपजाई, करी हरि दूर पीर तन माई ॥२९॥

"તે માટે હે સુરનરમુનિના રાજા મારા નાથ ! નિજજન ઉપર દયા કરો..દયા કરો.." એમ સંતસમાજે પ્રાર્થના કરી; તેને સાંભળીને શ્રીહરિએ તન પીડા દૂર કરી અને સર્વેના જીવમાં આનંદ ઉપજાવ્યો. ॥૨૯॥

शीतल सभा संतकी सोहे, तव शशीबदन नीरखी मन मोहे ।
बिनयजुक्त सुनी संतकी बानी, हसत मंदमुख सारंगपानि ॥३०॥

"હે નાથ ! આપના મુખચંદ્રને નીરખીને શીતળ થયેલી સર્વ સંતસભા શોભી રહી છે અને આપમાં સૌનું મન મોહી રહ્યું છે." (એનું કારણ આપના શરીરે કસરરૂપ જે ભૂંડો કાળ હતો તે આપે દૂર કર્યો એ જ છે.) આવી વિનયયુક્ત સંતની વાણી સાંભળીને શ્રીહરિ મંદમંદમુખે હસવા લાગ્યા. ॥૩૦॥

(હવે ત્રણ ચોપાઈમાં શ્રીહરિની સભામાંથી ઊઠવાની રીત વર્ણવે છે.)

उठत सभाते शाम सुजाना, बोलत मृदु बचन भगवाना ।
'जय सच्चिदानंद' उच्चारी, मुखते मंजूल बचन मुरारि ॥३१॥
अथवा उचरत सुंदर शामा, 'जय स्वामिनारायण' नामा ।
जोरी पानि संतनकु स्वामी, नमस्कार करी अंतरजामी ॥३२॥

અને શ્યામ સુજાણ અંતર્યામી ભગવાન સભામાંથી ઊઠે છે ત્યારે 'જય સચ્ચિદાનંદ' એવો મુખથી મંજુલ શબ્દ ઉચ્ચારી ઊઠે છે અથવા 'જય સ્વામિનારાયણ' એમ કહી બે હાથ જોડી, સંતોને નમસ્કાર કરી, સર્વના સ્વામી શ્રીહરિને સભામાંથી ઊઠવાનો સ્વભાવ છે. ॥૩૧-૩૨॥

सहज स्वभाव हरिको येहा, बरसत नेननी अमृत मेहा ।
सहज स्वभाव कही कछुं गावुं, सुनत होहि मन अति उछाउं ॥३३॥

સહજ સ્વભાવે જીવ-પ્રાણી ઉપર દયાવાળા શ્રીહરિનાં નયનોમાંથી અમૃતનો વરસાદ વરસે છે; આવા સહજ સ્વભાવને હજુ કાંઈક ગાવ, જેને સાંભળવાથી મનમાં અતિ આનંદ થાય. ॥૩૩॥

(હવે પાંચ ચોપાઈમાં અશ્વ અસવારી લીલાનું વર્ણન કરે છે.)

चलत पंथ जब होई असवारा, चढी मानकी धर्मकुमारा ।
तब तो कबहुक अंतरजामी, करी लीला सहजही बहुनामी ॥३४॥

वडवा ग्रीवा पर धरी पाउं, यह चेष्टा निरखी बलजाउं ।
एक चरन लंबा विस्तारी, अश्व चलावत भवभयहारी ॥३५॥

ધર્મકુમાર માણકી ઘોડી ઉપર અસવાર થઈને જ્યારે માર્ગે ચાલે છે ત્યારે ક્યારેક તો સહજ લીલાએ કરીને ઘોડીની ડોક ઉપર એક ચરણ લાંબો રાખી ભવભયહારી ઘોડી ચલાવે છે. આ ચેષ્ટાને નીરખીને હું બલહારી જાઉં છું. ॥૩૪-૩૫॥

जब अश्व हि दौरत अविनाशी, कटिपट कसी शाम सुखराशी ।
मरुत वेग सम गति बिलोकी, त्रपत न होत भक्तदृग शोखी ॥३६॥

અવિનાશી સુખના સાગર શ્રીહરિ કેડે ખેસને દૃઢ બાંધીને જ્યારે અશ્વ દોડાવે છે ત્યારે વાયુના વેગ જેવી અશ્વની ગતિ જોઈને પ્રેમીભક્તોનાં નેત્રો તૃપ્તિ પામતા નથી. ॥૩૬॥

वडवा वेग लखी उर्गारि, रहे सकुची निजगर्व ही टारी ।
अश्विनी कर अति वेग प्रचंडा, मानु फीरी अई हें अबही ब्रह्मंडा ॥३७॥

માણકી ઘોડીનો વેગ જોઈને ગરુડજી પણ પોતાનો ગર્વ ટાળીને સંકોચાઈ રહેતો. શ્રીહરિની માણકી ઘોડીનો અતિ પ્રચંડ વેગ હતો. જાણે

કે, 'હમણાં જ આખું બ્રહ્માંડ ફરીને આવશે !!' એવું લાગતું. ॥૩૭॥

सैथल पाग जात शिर छूटी, परत सुमनशेखर तब तूटी ।
दौरत हरिजन लेनही काजा, मानु चाप शर छूटे समाजा ॥३८॥

જ્યારે શ્રીજીમહારાજ આવી રીતે માણકીને વેગથી દોડાવતાં ત્યારે પોતે માથે બાંધેલી પાઘ શિથિલ થઈને છૂટી જતી અને પાઘમાં લગાવેલા ફૂલના તોરા તૂટી પડતા. તે તોરાને લેવા માટે પ્રેમી હરિભક્તો એવા દોડતાં કે, 'જાણે ધનુષ્યમાંથી બાણ છૂટ્યા ન હોય !' એવું લાગતું. ॥૩૮॥

(હવે આ બે સોરઠામાં શ્રીહરિની ચેષ્ટાને દિવ્ય આનંદકારી અને ધ્યેયરૂપ વર્ણવે છે.)

सोरठा : येही प्रकार अघहारी, सहज प्रकृति हरनी भव ।
करत ध्यान उर धारी, हरिजन मन आनंद करनी ॥३९॥

આવી રીતે અઘહારી શ્રીહરિની સહજ સ્વાભાવિક લીલા મેં વર્ણવી, તે જન્મ-મૃત્યુના ભયને હરનારી છે. આને ઉરમાં ધારી જે ચિંતવે છે એવા ભક્તજનોના મનને આનંદની દેનારી છે. ॥૩૯॥

नख शिख दिव्य स्वरूप, दिव्य हसनी चलनी बोलनी ।
रहसि जाय मुनि भूप, चिंतन करत मुदित मनहीं ॥४०॥

શ્રીહરિનું સ્વરૂપ નખશિખ દિવ્ય છે. એટલું જ નહિ તેમનું હસવું, ચાલવું, બોલવું સર્વે દિવ્ય છે. તેથી મુનિઓ અને રાજાઓ એકાંતે બેસી, તેનું ચિંતવન કરી મનમાં આનંદ પામે છે. ॥૪૦॥

(હવે આ બે દોહામાં શ્રીહરિની ચેષ્ટાને ચિંતવનાર લક્ષ્મી જેવો ભક્ત થઈ શ્રીહરિની સેવામાં રહે છે; એવો મહિમા કહે છે.)

दोहा : दिव्य रूप घनश्यामकी, चेष्टा परम पुनीत ।
जे जन मोह प्रमाद तजी, करत मनन एकचित्त ॥४१॥

सो पावत गति परम अति, होत एकांतिक दास ।
पद्मा सम होई पार्षद, रहत प्रानपति पास ॥४२॥

પ્રગટ દિવ્ય રૂપ શ્રીઘનશ્યામ મહારાજની પરમ પવિત્ર એવી માનુષી ક્રિયાઓનું જે કોઈ માનવ મોહ અને પ્રમાદ તજીને, એકાગ્ર ચિત્ત થઈને, મનન કરે છે તે શ્રીહરિનો એકાંતિક દાસ થઈને અતિ પરમ ગતિને પામે છે. અને શ્રીલક્ષ્મીજી જેવો શ્રીહરિનો પાર્ષદ થઈને પ્રાણપતિ એવા શ્રીહરિની પાસે રહે છે. ॥૪૧-૪૨॥

(હવે પાંચ ચોપાઈમાં 'કલ્યાણકારી સર્વે સાધનોમાં પ્રગટ શ્રીહરિની માનુષી ક્રિયાઓનું ધ્યાન કરવું એ જ શ્રેષ્ઠ છે.' એવું સમજી મેં (પ્રેમાનંદ સ્વામીએ) ભક્તોને ધ્યાનમાં સાનુકૂળ પડે તે હેતુથી આ ચેષ્ટા વર્ણવી છે; એમ કહે છે.)

चोपाई :

हरिचेष्टा सम ध्यान न आना, सब साधन कर फल में जाना ।
सम दमादि साधन जे अपारा, प्राणायाम रु प्रत्याहारा ॥४३॥
पुनि चौरासी आसन साधे, खटसंपत्ति मनही आराधे ।
तदपि न होही चित्त निरोधा, पावत नाहि परम मन मोदा ॥४४॥
हरि चेष्टा चिंतवे करी प्रीति, सद्य होही जन जियमें स्थिति ।
पावत शांति चित्त मन दोई, तजी चपलाई होत निर्मोई ॥४५॥

શ્રીહરિની ચેષ્ટા સમાન અન્ય કોઈ શ્રેષ્ઠ ધ્યાન નથી. આ તો સર્વે સાધનનું ફળ છે, એમ હું માનું છું. કોઈ જીવ પરમેશ્વરને પામ્યાના શમ-દમાદિક અપાર સાધન કરે; વળી પ્રાણાયામ, પ્રત્યાહાર કે ચોર્યાશી આસન સાધે અથવા ષટ્સંપત્તિ કહેતાં શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન – આ છ કલ્યાણકારી ગુણોને સિદ્ધ કરે, તોય પણ ચિત્તનો નિરોધ થતો નથી અને સાધકના મનમાં પરમ

આનંદ આવતો નથી; પરંતુ પ્રગટ શ્રીહરિની ચેષ્ટાનું પ્રીતિએ કરીને જો ચિંતવન કરે તો તત્કાળ ચિંતવનારાના જીવમાં સ્થિતિ બંધાય છે. તથા મન અને ચિત્ત બંને નિર્મોહી થઈને, ચપળતા તજીને, પરમ શાંતિને પામે છે. ॥૪૩ થી ૪૫॥

येही कारन में मनमें बिच्यारी, बरनुं चेष्टा जनहितकारी ।
येही स्वरूप चिंतन कर मूला, परत भक्त कु सानुकूला ॥४६॥

ધ્યાનનું મૂળ એવું આ પ્રગટ શ્રીહરિનું સ્વરૂપ ચિંતવવામાં હરિભક્તોને સાનુકૂળ પડે એવું કારણ મનમાં વિચારી જનહિતકારી ચેષ્ટાને હું વર્ણવું છું. ॥૪૬॥

हरत फिरत हरि डोलत बोले, साधन और न आवत तोले ।
उठत बेठत करत बिहारा, खात पियत कर पर उपगारा ॥४७॥

શ્રીહરિનું હરવું, ફરવું, ડોલવું, બોલવું, ઊઠવું, બેસવું, ખાવું, પીવું, બીજા ઉપર ઉપકાર કરવો; એ આદિક સર્વે ક્રિયાઓના ચિંતવન સમાન બીજું કોઈ સાધન તેની તોલે ન આવે. ॥૪૭॥

(હવે ચાર ચોપાઈમાં શ્રીહરિની 'પોઢણલીલા'નું વર્ણન કર્યું છે.)

सोवत समे प्रथम तेही बेरी, निज कर अंगुरि भाल बीच फेरी ।
मानुं तिलक करनकी नाई, ठाडी राखी फेरत सुखदाई ॥४८॥

સુખદાઈ શ્રીહરિ જ્યારે સૂવે ત્યારે પ્રથમ જાગતા થકા પોતાના હાથની જે આંગળિયો તેને ઊભી રાખીને ભાલને વિષે તિલક કરતા હોય તેમ ફેરવે છે. ॥૪૮॥

जब सुवे तब परम सनेई, निज माला हरि मागी लेई ।
दहिना करमें माला धारी, फेरत फेरत सुवत मुरारी ॥४९॥

પરમ સ્નેહી શ્રીહરિ જ્યારે સૂવે ત્યારે પોતાની માળા માગી લઈને,

તે માળાને જમણા હાથમાં ધારીને ફેરવતાં ફેરવતાં સૂવાનો શ્રીહરિનો સ્વભાવ છે. ॥૪૯॥

पौडतहिमें कृष्ण कृपाला, रखत खुला निज बदन बिशाला ।
श्रीहरि कर यह सहज स्वभाउ, निरखत जन अति परम उछाउ ॥५०॥

શ્રીજીમહારાજ જ્યારે પોઢે ત્યારે પોતાનું વિશાળ મુખારવિંદ ખુલ્લું રાખીને બાકીના શરીરે ઓઢીને સૂવે છે. શ્રીહરિનો આવો સહજ સ્વભાવ છે. શ્રીહરિના આવા પોઢેલા સ્વરૂપનાં દર્શન કરીને પ્રેમીભક્તો અતિ અપાર આનંદ પામે છે. ॥૫૦॥

भर निद्रा महीं पौडे होई, तब अजानत निछुवे कोई ।
तब मनु जागत होई सुजाना, 'के होई ?' पुछत श्रीभगवाना ॥५१॥

શ્રીહરિ જ્યારે ભરનિદ્રામાં પોઢ્યા હોય ત્યારે અજાણતા કોઈ તેમને અડી જાય ત્યારે ઝબકીને તરત જ જાગી જાય છે અને 'કોણ છે ?' એવું પૂછે છે. એવો શ્રીહરિનો સહજ સ્વભાવ છે. ॥૫૧॥

(આ ચોપાઈમાં શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટાનું અપારપણું કહે છે.)

येही प्रकार श्रीहरि उर लाई, सहज स्वाभाविक चेष्टा गाई ।
निज बुद्धि स्मृति अनुसारा, लिखी एक लव रही अपारा ॥५२॥

આવી રીતે મેં (પ્રેમાનંદસ્વામીએ) શ્રીહરિને હૃદયમાં લાવીને શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા ગાઈ છે. મારી બુદ્ધિ અને સ્મૃતિ અનુસારે લવલેશમાત્ર લખી છે અને અન્ય અપાર ક્રિયાઓ બાકી રહી છે. ॥૫૨॥

(આ બે સોરઠામાં 'આ ચેષ્ટા મેં તમારે ધ્યાન કરવા લખી છે, માટે ધ્યાન કરજો.' એમ કહે છે.)

सोरठा : प्रथम लिखे सब चिह्न, श्रीमहाराज के अंग कर ।
चेष्टा ललित नवीन, सब प्रकार करी मनन मन ॥५३॥

करी नित्य प्रति सब याद, ध्यान करउ सब सुमतिजन ।
तजी मन सकल प्रमाद, राखउ चित्त हरिरूप महीं ॥५४॥

પ્રથમ મેં શ્રીજીમહારાજની મૂર્તિના સર્વે તિલ-ચિહ્નો લખ્યા. પછી સર્વ પ્રકારે મનમાં મનન કરીને નવીન સુંદર ચેષ્ટાઓ લખી છે. હે સર્વે સુમતિજનો ! તેને સર્વેને નિત્ય યાદ કરીને ધ્યાન કરજ્યો અને મનનો સર્વે પ્રમાદ ત્યાગ કરીને ચિત્તને શ્રીહરિના સ્વરૂપમાં જોડી રાખજો. ॥૫૩-૫૪॥

(આ બે દોહામાં આ ચેષ્ટાનું ફળ બતાવે છે.)

दोहा : चिह्न रु चेष्टा याद करी, करत ध्यान करी हेत ।
प्रसन्न होई ते भक्त पर, श्रीहरि दरसन देत ॥५५॥

निज दरसन दे दास कु, राखत अपनी पास ।
देत महासुख मुदित होई, प्रेम विवश अविनाश ॥५६॥

સર્વે તિલ-ચિહ્નો અને ચેષ્ટાને યાદ કરી જે હેતે સહિત ધ્યાન કરે છે, તે ભક્ત ઉપર પ્રસન્ન થઈને શ્રીહરિ તેને દર્શન દે છે. પોતાના દર્શન દઈને તે પ્રેમીભક્તને સદાય પોતાની પાસે રાખે છે. પ્રેમ વિવશ થયેલા અવિનાશી શ્રીહરિ અતિ રાજી થઈ તેને મહાસુખ આપે છે. ॥૫૫-૫૬॥

(હવે અધ્યાયાન્ત સુધી પ્રેમાનંદસ્વામી સ્તુતિ કરે છે.)

छंद : हरिगीत :

जय अक्षरधाम निवासी श्रीहरिकृष्ण दिव्य नराकृति ।
कोट्यर्क इन्दु कांति तव एक रोम तेज समाव्रती ॥
जय सच्चिदानंद विग्रह जय आदिपुरुष परात्पर ।
जय अक्षरात्मक मुक्त कोटि पदाब्ज पूजित सुंदर ॥५७॥

હે અક્ષરધામ નિવાસી શ્રીપુરુષોત્તમનારાયણ ! તમારો જય થાઓ, જય થાઓ. દિવ્ય પ્રગટ નરાકૃતિ શ્રીહરિકૃષ્ણ મહારાજ ! તમારો જય

થાઓ, જય થાઓ. કોટી કોટી સૂર્ય-ચંદ્રના તેજ સમાન તેજ તમારા એક એક રોમમાં સમાયેલું છે; એવા પરમ તેજસ્વી શ્રીહરિ તમારો જય થાઓ, જય થાઓ. હે સચ્ચિદાનંદ મૂર્તિ ! તમારો જય થાઓ. હે પરાત્પર આદિપુરુષ ! તમારો જય થાઓ. અક્ષરબ્રહ્માત્મક એવા અનંત મુક્તોએ આપના સુંદર ચરણારવિંદનું પૂજન કરેલું છે; એવા આપનો જય થાઓ. ॥૫૭॥

जय काल माया प्रधान आदिक सर्गप्रेरक श्रीहरि ।
जय करन पोषन पालन संहार तव शक्ति करि ॥
जय अमित विश्वाधार व्यापक स्वतंत्र सर्वज्ञ ज्युं ।
वर्णीन्द्रवेष पुनीत नैष्ठिक व्रतधर वर त्यज्ञ ज्युं ॥५८॥

કાળ, માયા, પ્રધાનપુરુષ આદિક સર્ગના પ્રેરક એવા શ્રીહરિ તમારો જય થાઓ. તમારી શક્તિ વડે સર્વેનું પાલન, પોષણ અને સંહારના કરનારા તમારો જય થાઓ, જય થાઓ. અનંત કોટી વિશ્વના આધાર, સર્વમાં વ્યાપક, સદા સ્વતંત્ર અને સર્વજ્ઞ એવા આપનો સદા જય હો. હે વર્ણીન્દ્રવેષ શ્રીહરિ ! પવિત્ર એવા નૈષ્ઠિક વ્રતને ધરનારા શ્રેષ્ઠ ત્યાગી અથવા તો સર્વજ્ઞ હોવા છતાં અજ્ઞ જનોની જેમ વર્તી મનુષ્યલીલા કરનારા એવા આપનો જય થાઓ. ॥૫૮॥

कलिकाल व्याल कराल अति मतिग्रसित नरत्रिय व्रंद ज्युं ।
करुणाद्र लोचन जन विमोचन लिन पनुं सुखकंद ज्युं ॥
करी नाथ अतही अनुग्रह देई दरस परस दयानिधि ।
किन पावन नेह निभावन मेटे अंक लिखे विधि ॥५९॥

કળીકાળરૂપી અતિ વિકરાળ સર્પના દંશથી જીવોની મતિ નાશ પામી છે એવા નર-નારીઓના સમૂહ ઉપર અતિ કરુણાથી ભીના લોચનવાળા થઈને, તેઓને ભવાટવીના મહાદુઃખમાંથી છોડાવાની પ્રતિજ્ઞા લીધી

છે; એવા સુખના કારણ શ્રીહરિ આપનો જય હો. હે દયાનિધિ નાથ! અતિશય અનુગ્રહ કરીને જીવાત્માઓને આપનાં દર્શન-સ્પર્શનું સુખ આપી, સદા એમની સાથે સ્નેહનો નાતો નિભાવીને સર્વે પાપો, દોષો, સ્વભાવો બાળીને પાવન કર્યા; આવું વિધિના લેખ ઉપર મેખ મારવારૂપ કાર્ય જેઓએ કર્યું છે એવા આપનો જય હો. ॥૫૯॥

जय जय नारायन नीलकंठ हरिकृष्ण सहजानंद ज्युं ।
कृष्ण हरि करी दया देउं वांछित सुखकंद ज्युं ॥
जय वासुदेव सुरेन्द्र स्वामी अभय कर शिर धारीए ।
हे वरद वर देई दासकु निज बचन सत्य करी पारीए ॥६०॥

હે નારાયણ ! નિલકંઠ ! હરિકૃષ્ણ ! સહજાનંદ ! કૃષ્ણ ! હરિ ! તમારો જય થાઓ, જય થાઓ. હે સુખના કારણ એવા શ્રીહરિ ! દયા કરીને મને વાંછિત વર આપો. હે વાસુદેવ ! ઈશ્વરોના પણ સ્વામી ! આપનો જય થાઓ. હે વરદાન દેનારા શ્રીહરિ ! આપના અભય કરકમળ મારે માથે મૂકીને, આ તમારા દાસને શ્રેષ્ઠ વરદાન દઈને તમારું વચન સત્ય કરીને પાળો. ॥૬૦॥

करी विनय हरि कर जोरी मागुं सोई अनुग्रह कीजीए ।
घनश्याम जन विश्राम पुरनकाम पुरन कीजीए ॥
करी नेह देउ दयानिधि पदत्रानवाहक जानीके ।
पद वंदी प्रेमानंद मागत कृपासिन्धु पिछानिके ॥६१॥

હે ઘનશ્યામ ! હરિ ! વિનય કરી બે હાથ જોડી આપની પાસે માગું છું, તે આપવા મારા માથે અનુગ્રહ કરો. હે સર્વના વિશ્રામરૂપ પૂર્ણકામ શ્રીહરિ ! આપમાં સદા મને વિશ્રામ આપી મારો મનોરથ પૂર્ણ કરો. હે દયાનિધિ ! આપને કૃપાના સાગર તરીકે ઓળખીને આપનાં ચરણારવિંદમાં વંદના કરીને હું (પ્રેમાનંદ) આપની પાસે માગું છું, તે

આપનો પગરખાં ઉપાડનારો દાસ જાણીને દયા કરીને આપો. ॥૬૧॥

सोरठा : सुनी प्रार्थना नाथ, पुरउ मनोरथ सकल मम ।
करउ दया मम माथ, विभो बरखी दृगनेह नव ॥६२॥

હે મારા નાથ ! મારી આ પ્રાર્થના સાંભળી મારા બધા જ મનોરથ પૂરા કરો. હે વિભો ! આપના સ્નેહ ભરેલા નેત્રકમળમાંથી નિત્ય નવો પ્રેમ વરસાવવારૂપ મારા માથે દયા કરો. ॥૬૨॥

जिमि नव घन करी नेह, सुनी करुना के किय कर ।
बरखत बिन संदेह, जानि सुहृद रु सनेही निज ॥६३॥

જેમ અષાઢી મેઘ આના ઉપર વરસું કે આના ઉપર ન વરસું; એવો કોઈપણ સંદેહ રાખ્યા વિના એક સરખો અનરાધાર વરસે છે. તેમ કરુણા કરી મારી પ્રાર્થના સાંભળીને, મને આપનો સુહૃદ અથવા સ્નેહી જાણીને મારા ઉપર તમારા સ્નેહની વર્ષા કરો. ॥૬૩॥

दोहा : ज्युं पोषत शशी शीतगुन, लखी चकोर निज मीत ।
त्युं करी करुना प्रेरउ, निज गुन परम पुनीत ॥६४॥

જેમ ચંદ્ર પોતાના પ્રિયતમ ચકોરને જોઈને પોતાના શીત ગુણથી તેનું પોષણ કરે છે; તેમ કરુણા કરીને પોતાના પરમ કલ્યાણકારી ગુણોને મારામાં પ્રેરો. ॥૬૪॥

ज्युं सागरमही छीप पर, लखी चातक निज दास ।
अविगत आय सनेह वश, जलधर पुरत आस ॥६५॥

चोपाई :

त्युं अनुचर जानी निज नाथा, हरउ प्यास पुरन सुखपाथा ।
करउ दया दीनन दुःखहारी, सिंचउ सरस क्रिपारस वारि ॥६६॥

જેમ સાગરમાં રહેલી છીપ(સ્વાતિ નક્ષત્રનું ઊછળીને પાણી

પીનારી માછલી) ઉપર તથા પોતાનો દાસ જાણીને ચાતક પક્ષી ઉપર સ્વાતિ નક્ષત્રમાં મેઘ સ્નેહવશાત્ અચાનક આવીને તેની આશા પૂરે છે. એમ મને તમારો અનુચર જાણીને હે મારા નાથ ! હે સુખપાથ ! મારી આપના સુખની પ્યાસ સંપૂર્ણપણે હરો. દીનજનોના દુઃખ હરનારા ! મારા ઉપર દયા કરી, આપના કૃપારૂપી રસનો સરસ વરસાદ કરી, મારું સિંચન કરો. ॥૬૫-૬૬॥

कमलनयन करुना रस भीने, पर उपगार करन परबीने ।
करी करुना अमृत दृग हेरी, शीतल करउ शांति गुण प्रेरी ॥६७॥

હે શ્રીહરિ ! આપના કમળ સમાન નેત્રો કરુણારસથી ભીના છે, પરોપકાર કરવામાં કુશળ છે. કરુણા કરીને અમૃતભરી દ્રષ્ટિથી નીરખીને, શાંતિ નામનો ગુણ પ્રેરી, મને શીતલ કરો. ॥૬૭॥

तुम समरथ संतन प्रतिपाला, जयों चाहो सोई करउ दयाला ।
तव करुना ते कहा नहि होई, होत हे कुलिश कमल सम सोई ।।६८।।

સંતોનું પ્રતિપાલન કરનારા હે દયાળુ શ્રીહરિ ! આપ તો અતિ સમર્થ છો, જે ચાહો તે બધુ જ કરી શકો છો. તમારી કરુણાથી શું ન થાય ? વજ્ર પણ કમળ સમાન કોમળ થઈ જાય છે. (અર્થાત્ વજ્ર જેવા કઠોર હૈયાના જીવ પણ સાધુ જેવા સરળ બની જાય છે.) ॥૬૮॥

पद्मपानि जे कर शिर धारो, सोउ करत त्रिभोवन उजियारो ।
तुम जैसे जे कर शिर स्वामी, का न होई तासु बहुनामी ॥६९॥
तव करुनाते क्रिपानिधाना, सिंधु कीन अंजलिमें पाना ।
पंगु उल्लंघत मेरु ब्रह्मंडा, उचरत मूक गिर्वान प्रचंडा ॥७०॥

હે બહુનામી ! આપના કમળ જેવા હાથ જેના માથે મૂકો છો, તે ત્રિભુવનને પ્રકાશિત કરવા સમર્થ થાય છે. તમારા જેવા જેને માથે

સ્વામી હોય તેનાથી શું ન થાય ? અર્થાત્ જે ધારે તે બધું જ કરી શકે છે. જેમ કે, હે કૃપાનિધાન ! આપની કરુણાથી અગત્સ્ય મુનિએ અંજલિમાં સમુદ્રનું પાન કર્યું હતું. વળી, આપની કૃપાથી પાંગળો માણસ પણ મેરુ પર્વત અને બ્રહ્માંડને પણ ઓળંગી જાય અને મૂંગો માણસ સંસ્કૃત ભાષાને જોરદાર બોલી શકે. ॥૬૯-૭૦॥

तव करुनाते भवाब्धि भारी, होत वछपदवत सुखकारी ।
करुना करी जेहि सनमुख हेरो, सद्य मिटत तेहि कर भवफेरो ॥७१॥

હે શ્રીહરિ ! જેમ કોઈ ગાયના વાછડાના પગલાને સરળતાથી ઠેકી જાય, તેમ જીવાત્માઓ અતિ ગહન-વિશાળ એવા ભવસાગરને પણ આપની કરુણાથી સહેલાઈથી તરી જાય છે. કરુણા કરી આપ જેની સામું જુઓ છો તેમનો ભવફેરો તરત મટી જાય છે. ॥૭૧॥

लखी तव भ्रकुटि कटाक्ष क्रिपाला, कंपत अति थरथरथर काला ।
तव दृगसे न लखी मुनिराया, नृत्यत नटी नृतकी ज्युं माया ॥७२॥

હે કૃપાળુ ! આપની ભ્રૂકુટિના કટાક્ષને જોઈને મહાકાળ પણ થર થર થર અતિ કંપે છે. હે મુનિરાય શ્રીહરિ ! જેના ઉપર તમારી કૃપાદષ્ટિ નથી પડી તેને માયા નચાવે છે, જેમ નાચનારી સ્ત્રીને પુરુષો નચાવે તેમ. ॥૭૨॥

तव प्रसाद अज सृजत संसारा, करत गौरीपति सकल संहारा ।
तव करुनाते रमापति पोषे, अल्प महत जिय सबही संतोषे ॥७३॥

આપની કૃપાથી બ્રહ્માજી આ સંસારને સર્જે છે. આપની કૃપાથી રમાપતિ વિષ્ણુ તેનું પોષણ કરે છે. અને આપની કૃપાથી ગૌરીપતિ શંકર સકલ સંસારનો નાશ કરે છે. આપની કૃપાથી નાના-મોટા તમામ જીવો સંતોષાય છે. ॥૭૩॥

तव प्रताप बल पवनकुमारा, सहज उलंघेउ सिंधु अपारा ।
तव प्रताप उर धरी उर्गारी, निष्फल किन वज्रवेग भारी ॥७४॥

આપના પ્રતાપના બળથી પવનસુત હનુમાનજી સહજમાં અપાર સમુદ્રને સહજમાં ઓળંગી ગયા. આપના પ્રતાપને ઉરમાં ધારી ગરૂડજીએ વજ્રના અતિશય વેગને નિષ્ફળ બનાવી દીધો. ॥૭૪॥

प्रगट चरन नख छबी उर आनी, बिचरत मही परम विग्यानी ।
तेही कर रविसुत लेत न नाउ, परत काल माया मिल पाउ ॥७५॥

હે પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિ ! આપના ચરણારવિંદના નખની શોભાને હૃદયમાં ધારીને પરમ વિજ્ઞાની સંતો જીવાત્માઓનાં કલ્યાણ અર્થે ધરતી પર વિચરણ કરે છે. આવા સંતોનું યમરાજા નામ લેતા નથી અને કાળ-માયા મળીને પગમાં પડે છે. ॥૭૫॥

अस प्रताप में लखी सुरराया, करत प्रार्थना मन वच काया ।
अब में जो मागुं सोई देउ, नाथ करी सेवक पर नेउ ॥७६॥

હે દેવાધિદેવ શ્રીહરિ ! આવો તમારો પ્રતાપ જોઈને હું(પ્રેમાનંદ સ્વામી) મન, કર્મ, વચને પ્રાર્થના કરું છું. તો હવે હું જે જે માંગું તે તમારો સેવક જાણી, સ્નેહ આણી હે નાથ ! તે તે આપવાની કૃપા કરો. ॥૭૬॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरि सहजस्वभाव तथा
स्तुतिबरणन नामा षष्ठः प्रकाशः ॥६॥

પ્રકાશ : ૭

શ્રીહરિ પ્રાર્થના ગુણવર્ણન

(હવે આ બે સોરઠામાં શ્રીહરિનું સ્વરૂપ વેદો અને શાસ્ત્રોથી જાણવા યોગ્ય છે, એમ કહેવા પૂર્વક 'હે ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિ ! તમે ભગવાન છો, માટે તમારી પાસે વરદાન માગું છું.' એમ કહે છે.)

सोरठा : मूर्ति तव सुखकंद, परम तत्त्व हे दिव्य वर ।
उपनिषद अरु छंद, तेही करी जानन जोग नित ॥१॥

હે સર્વ સુખના કારણ શ્રીહરિ ! તમારી મૂર્તિ પરમ તત્ત્વ છે, દિવ્ય છે અને શ્રેષ્ઠ છે. તે વેદ-વેદાંત આદિ શાસ્ત્રોએ કરીને નિત્ય જાણવા યોગ્ય છે. ॥૧॥

करुनानिधि करतार, भक्तिधर्मसुत सुखसदन ।
प्रणत हुं बारमबार, अब मांगु सोई देउ वर ॥२॥

હે કરુણાનિધિ ! હે સર્વકર્તા ! હે સુખના ધામ ! હે ધર્મ-ભક્તિના પુત્ર ! હું વારંવાર પ્રણામ કરીને હવે જે માગું તે વર મને કૃપા કરી આપો. ॥૨॥

(હવે આ બે દોહામાં 'તમારા સિવાય સર્વે ભિખારી છે. તે ભિખારી પાસે શું માગવું ?' એમ કહે છે.)

दोहा : आसा दीनदयाल की, और सब शाक-बनीक ।
तिन दीननपें जाचवो, में अब खेंची लीक ॥३॥

હે નાથ ! મારે તો દીનદયાળુ એક આપની જ આશા છે અને બીજા બધા તો શાક-બકાલું વેચનાર જેવા અસમર્થ છે. તે ગરીબને યાચવો તે બાબતમાં મેં ચોકડી મારી દીધી છે. કેમ જે, ગરીબ પાસે શું માગવું ? ॥૩॥

सब ही भिखारी रावरे, कहावत पुरन काम ।
ज्युं फोसीकी फोफुने, तीसमार धर्यो नाम ॥४॥

હે સ્વામિનારાયણ ભગવાન ! તમારા સિવાય બધા ભિખારી, રાવળિયા નોકર જેવા છે; પરંતુ તમારી પાસેથી થોડું-ઘણું પામીને રાજા-મહારાજા ને પૂર્ણકામ કહેવાય છે અને બીજા બધા તેને યાચતા ફરે છે. જેમ ફોસીની ફઈએ ફોસીનું 'બહાદૂર' નામ પાડ્યું તેના જેવું અર્થહીન છે. ॥૪॥

(હવે આ બે ચોપાઈમાં 'મને તમારા સુખની અતિ તૃષ્ણા છે, તેનો સંપૂર્ણ નાશ થાય એટલો બધો તમારો આનંદ આપો.' એમ માગે છે.)

चोपाई :

हे स्वामिन हे हरिदयाला, हे हरिकृष्ण परम क्रिपाला ।
हे नारायण अंतरजामी, नीलकंठ मुक्तिवर स्वामी ॥५॥

करउ नाथ मम दीनता दूरी, देउ धनद ! मोहे धन भरपूरी ।
तोरो तरत मम तृष्णापासा, बहुरी मांगन रहे न आशा ॥६॥

હે સ્વામિન્ ! હે દયાળુ હરિ ! હે પરમકૃપાળુ હરિકૃષ્ણ ! હે અંતર્યામી નારાયણ ! હે નીલકંઠ ! હે મોક્ષરૂપી વર દેનારા સ્વામી ! અથવા આત્યંતિક મુક્તિના સ્વામી ! હે મારા નાથ ! મારી દીનતા દૂર કરો. હે ધનના દેનારા ! મને તમારી મૂર્તિના મહાઆનંદરૂપી ધન ભરપૂર આપો. અને મારો તૃષ્ણાપાશ તરત જ તોડી નાખો, જેથી કરીને બહુ માગવાની આશા જ ન રહે. ॥૫-૬॥

(હવે આ ચોપાઈમાં નિર્વિકલ્પ નિશ્ચયની માંગણી કરે છે.)

एक तो यह मांगुं कर जोरी, सुनो श्रवन दे बिनती मोरी ।
निर्विकल्प अति उत्तम होई, तव स्वरूप कर निश्चे सोई ॥७॥

હે શ્રીહરિ ! શ્રવણ દઈને મારી વિનંતિ સાંભળો. એક તો હું હાથ જોડીને આ વર માગું છું કે, 'મને તમારા સ્વરૂપનો અતિ ઉત્તમ એવો નિર્વિકલ્પ નિશ્ચય આપો.' ॥૭॥

(હવે બે ચોપાઈમાં 'તમારા સુખ સિવાયનું સુખ સ્વપ્નામાંય ન દેશો.' એમ માગે છે.)

हे सुखसागर ! समरथ स्वामी, तव संबंधी सुख बहुनामी ।
तव मूर्ति संबंधते होई, सो सुख देउ दयानिधि मोई ॥८॥

હે સુખસાગર ! હે બહુનામી સમર્થ સ્વામી ! તમારા સંબંધી સુખ તો તમારી મૂર્તિના સંબંધથી જ પ્રાપ્ત થાય, તો હે દયાનિધિ ! દયા કરીને મને એ સુખ આપો. ॥૮॥

सो सबते उत्तम में जाना, सोई देउ मोहे क्रिपानिधाना ।
यह सुख बिना ज्यो और क्रिपाला, सो स्वपने ना देउ दयाला ॥९॥

તે તમારી મૂર્તિ સંબંધી સુખ મેં સૌ કરતાં ઉત્તમ માન્યું છે, તો હે કૃપાનિધાન ! એ જ સુખ દયા કરીને મને આપો. એ સુખ સિવાય જે બીજાં સુખ છે તે સ્વપ્ને પણ મને હે દયાળુ ! દેશો નહીં. ॥૯॥

(હવે બે ચોપાઈમાં 'તમારી મૂર્તિ સિવાયના સર્વે માયિક આકાર મને તુચ્છ અને દુ:ખરૂપ જણાયા કરે.' એમ માંગણી કરે છે.)

हे हरे ! एक तव आकारा, सो मोहे अति प्रानते प्यारा ।
तेही बिना सकल लोकमें जेई, माया निर्मित माईक तेई ॥१०॥
सो सब होउ तुच्छ दुःखरूपा, यह मोहे देउ सुरमुनि भूपा ।
धर्मभक्ति सुत हे अविनाशी, हे हरिकृष्ण सकल सुखराशी ॥११॥

સુરમુનિના રાજા, સકળ સુખના રાશિ હે હરિકૃષ્ણ ! ધર્મ-ભક્તિના પુત્ર હે અવિનાશી શ્રીહરિ ! એક તમારો આકાર મને અતિ પ્રાણથી પ્યારો રહે અને તે વિના સર્વે લોકમાં જે માયા નિર્મિત માયિક આકારો છે, તે સર્વે દુઃખરૂપ અને તુચ્છ થઈ જાય તેવો વર મને આપો. ॥૧૦-૧૧॥

(હવે આ ચોપાઈમાં એકાંતિકી ભક્તિ માગે છે.)

तव महात्म्य ग्यान करी जुक्ता, करत सकल एकांतिक मुक्ता ।
सोउ एकांतिकी भक्ति तुमारी, सो मोहे देउ दया दिल धारी ॥१२॥

તમારા માહાત્મ્યજ્ઞાને યુક્ત એવી જે તમારી એકાંતિકી ભક્તિ કે જે સર્વે એકાંતિક મુક્તો કરે છે, તે મને દિલમાં દયા ધારીને આપો. ॥૧૨॥

(હવે બે ચોપાઈમાં 'તમારી ભક્તિમાં વિઘ્નરૂપ અધર્મસર્ગથી ઉગારજો.' એમ માગે છે.)

काम लोभ अरु स्वाद सनेहा, मान क्रोध मोहादिक जेहा ।
ये सब दोषन कर जे ताता, अधर्म नाम परम विख्याता ॥१३॥
अधर्म सर्ग परम दुःखदाई, तव एकांतिकी भक्ति माई ।
सब विधि बिघन हि करने वारे, ईतने बचावउ नाथ हमारे ॥१४॥

અને કામ, લોભ, સ્વાદ, સ્નેહ, માન, ક્રોધ અને મોહાદિક જે સર્વે દોષો અને પરમ વિઘ્ન કરનારો અધર્મ નામનો એનો બાપ એ સર્વે અધર્મસર્ગ પરમ દુઃખદાયી છે અને તમારી એકાંતિકી ભક્તિ કરવામાં સર્વ પ્રકારે વિઘ્ન જ કરવાવાળો છે. હે મારા નાથ ! તેનાથી મને બચાવી લેજો. ॥૧૩-૧૪॥

(હવે આ બે સોરઠામાં 'અધર્મસર્ગથી ઉગારવારૂપ અભયદાન આપો.' એમ માગે છે.)

सोरठा : लीजे नाथ बचाय, अधर्मसर्गते सकल बिधि ।
करी रक्षा मुनिराय, अभय करउ अविचल सुखद ॥१५॥

હે નાથ ! અધર્મસર્ગથી સર્વ પ્રકારે બચાવી લેજો. અવિચલ સુખના દેનારા હે મુનિરાય ! તે અંતઃશત્રુથી મારી રક્ષા કરી મને નિર્ભય કરો. ॥૧૫॥

अभयदान हे येही, अधर्मते लेउ जतन करी ।
सुनिये शाम सनेही, हरिजन कर सिद्धांत यह ॥१६॥

હે શ્યામ સ્નેહી ! તમે અમ હરિભક્તોનો સિદ્ધાંત સાંભળો. અધર્મના પાશમાંથી આપ અમ સૌ આશ્રિતોને છોડાવો એ જ અમારા માટે અભયદાન છે. ॥૧૬॥

(હવે આ બે દોહામાં 'પૂર્વના ભક્તોએ આ જ માગ્યું છે, બીજું નહિ અને હું પણ એ જ માગું છું.' એમ કહે છે.)

दोहा : प्रह्लादादिक भक्त प्रभु, परसी पावन पाय ।
करी विनय येही मागेउ, आन मांग्यो कछु नाय ॥१७॥

હે પ્રભુ ! પ્રહ્લાદ આદિક જે આગળ ભક્ત થયા તેણે આપના પાવનકારી ચરણોનો સ્પર્શ કરીને વિનય કરી આ જ માગ્યું છે, અન્ય કશું માગ્યું નથી. ॥૧૭॥

येही प्रार्थना मोर हरि, नाहिन आन बिच्यार ।
भक्तमनोरथ पूरन, सुरतरु नाथ उदार ॥१८॥

હે ઉદાર મારા નાથ ! આપ તો સુરતરુની જેમ ભક્ત મનોરથને પૂરનારા છો. હે હરિ ! મારી આ જ પ્રાર્થના છે, અન્ય કોઈ વિચાર નથી; કહેતાં બીજી કોઈ ઈચ્છા નથી. ॥૧૮॥

(હવે આ અઢી ચોપાઈમાં સમહિમ ધર્મસર્ગનું વર્ણન કરી એમાં, મારી મતિ અતિ દૃઢ રાખજો, એમ કહે છે.)

चोपाई :

ग्यान वैराग्य विवेक बिच्यारा, ब्रह्मचर्य पुनि अष्ट प्रकारा ।
अहिंसा श्रद्धादिक सोई, ये सुंदर सद्‌गुन प्रभु होई ॥१९॥
धर्मसर्ग ये जनसुखदाई, तव एकांतिकी भक्तिमांई ।
परम सहायरूप हे स्वामी, धर्मसर्ग यह अंतरजामी ॥२०॥
येही विषे प्रभु मोर मनीषा, राखउ दृढ करी हरि जगदीशा ।

હે જગતના સ્વામી શ્રીહરિ ! જ્ઞાન, વૈરાગ્ય, વિવેક, સદ્‌વિચાર, અષ્ટપ્રકારનું બ્રહ્મચર્ય, અહિંસા અને શ્રદ્ધાદિક જે સુંદર સદ્‌ગુણો છે, તે જનોને સુખદાઈ એવો ધર્મસર્ગ છે અને તમારી એકાંતિકી ભક્તિમાં પરમ સહાયરૂપ છે. માટે હે અંતર્યામી સ્વામી ! આ ધર્મસર્ગમાં હંમેશાં મારી બુદ્ધિ દઢ કરીને રાખજો. ॥૧૯ થી ૨૧નો પૂર્વાર્ધ॥

(હવે આ દોઢ ચોપાઈમાં ધર્મવાળા એકાંતિક ભક્તનો સંગ માગે છે.)

धर्मवर्म हे धर्म निवासा, तुमकुं प्रिये अैसे तव दासा ॥२१॥
एकांतिक सज्जन कर संगा, देउ नाथ मोहे करी उमंगा ।
देउ निरंतर जनप्रतिपाला, येही प्रार्थना मोर दयाला ॥२२॥

હે ધર્મના કવચરૂપ ! હે ધર્મના નિવાસરૂપ શ્રીહરિ ! અથવા ધર્મરૂપી કવચ જેણે પહેર્યું છે અને ધર્મમાં જેઓનો વાસ છે અથવા ધર્મનો જેનામાં વાસ છે એવા હે ધર્મધામ ! તમારા દાસ જે તમને બહુ પ્રિય છે. એવા તમારા એકાંતિક ભક્તનો રાજી થઈને મને સદા સંગ દેજો. હે ભક્તજન પ્રતિપાળ દયાળુ શ્રીહરિ ! આ મારી પ્રાર્થના છે. ॥૨૧ ઉત્તરાર્ધથી ૨૨॥

(હવે બે ચોપાઈમાં સત્સંગનો મહિમા કહેવા પૂર્વક સત્સંગની માંગણી કરે છે.)

सतपुरुषन कर संग सुरेशा, चाहत अज भव सुर मुनि शेषा ।
सब संतन मिली अति अनुरागा, तुमरी पास पुनिपुनि यह मागा ॥२३॥

એવા તમારા પ્યારા સત્પુરુષનો સંગ બ્રહ્મા, શંકર, દેવો, ઈન્દ્ર, શેષજી અને ઋષિમુનિઓ સદા ચાહે છે. અને વળી સર્વ સંતોએ મળીને અતિ અનુરાગથી તમારી પાસે વારે વારે આ જ માગ્યું છે. ॥૨૩॥

सतसंगत मुक्ति कर द्वारा, तव पद प्रीत बढावनहारा ।
यह मोहे देउ नाथ करी नेहा, प्रार्थना है दीन कर येहा ॥२४॥

સત્સંગ તો મુક્તિનું દ્વાર છે અને તમારાં ચરણારવિંદમાં પ્રીતિ વધારનાર છે. હે નાથ ! મારા ઉપર રાજી થઈને મને એવો સત્સંગ દેજો; એવી મુજ ગરીબની તમને પ્રાર્થના છે. ॥૨૪॥

(હવે પાંચ કડીમાં પ્રસિદ્ધ ચાર કુસંગનો મને સંગ ન દેશો, એમ માગે છે.)

तव पद विमुख कुमति ग्रही त्यागी, तव उपासना तजी अभागी ।
ब्रह्मज्ञानरत परम खलेशा, शुष्क ज्ञान कथी करत कलेशा ॥२५॥

तिन कर संग कबहु मोहे स्वामी, स्वप्ने न देउ अंतरजामी ।
पुनि वामीसंग येही बिधि नाथा, स्वप्ने न होये मागुं यह गाथा ॥२६॥

पुनि नास्तिक हे कर्मउपासी, स्वप्ने प्रसंग तजो अविनासी ।
धर्मभ्रष्ट पुनि कुंडक नामा, तिन कर संग परम दुःखधामा ॥२७॥

હે સર્વોપરી સ્વામિનારાયણ ભગવાન ! તમારાં ચરણારવિંદથી વિમુખ એવા કુમતિ ગૃહસ્થ કે ત્યાગી હોય તેઓ તમારા સ્વરૂપની ઉપાસના તજી અભાગિયાઓ બ્રહ્મજ્ઞાનમાં રચ્યા-પચ્યા રહે છે; એવા પરમ ખલેશો (એટલે દુષ્ટના રાજા જેવા) શુષ્કજ્ઞાન કથી કથીને ક્લેશ પામે છે. હે અંતર્યામી સ્વામી ! એવાનો સંગ મને ક્યારેય સ્વપ્નામાં પણ ન દેશો. વળી, એ જ પ્રકારે હે નાથ ! વામમાર્ગીનો સંગ પણ મને સ્વપ્નેય દેશો નહીં, એવું માગું છું. વળી હે અવિનાશી ! નાસ્તિક જે કર્મ ઉપાસીઓ તેમનો પ્રસંગ પણ મને સ્વપ્નામાંય ન થજો. અને વળી, ધર્મભ્રષ્ટી કુંડાપંથી નામનો જે કુસંગ, તેનો સંગ તો પરમ દુઃખનું ધામ છે. ॥૨૫ થી ૨૭॥

सोरठा : जेही प्रकार मोहे नाथ, संग न होये ये सबन कर ।
करउ क्रिपा मम माथ, दयासिंधु जन सुखसदन ॥२८॥

હે દયાસિંધુ ! હે સર્વના સુખધામ ! હે મારા નાથ ! જે પ્રકારે આ ગણાવ્યા તે સર્વેનો સંગ મને ન થાય એવી મારા માથે કૃપા કરજો. ॥૨૮॥

इन कुमतिन कर संग, नर्कपंथ कहे श्रुति सकल ।
निगम राह करी भंग, वर्तत शिश्नोदर भरन ॥२९॥

આ સર્વે કુમતિનો સંગ નરકનો માર્ગ છે તેમ સર્વે શ્રુતિ કહે છે. આ સર્વે કુસંગીઓ વેદમાર્ગનો ભંગ કરીને શિશ્ન અને ઉદર ભરવા પરાયણ જ વર્તે છે. ॥૨૯॥

(હવે બે દોહામાં 'મારું ભક્તપણું સદા નિર્દોષ રહો.' એમ માગે છે.)

दोहा : हे नाथ हे भक्तपति, हे स्वामिन सुखसिंधु ।
करुं प्रार्थना जोरी कर, सुनिये पुरन इन्दु ॥३०॥

मोहीमें तव भक्तपन, तामहिं कहुं लवलेश ।
कबहु कोई प्रकार प्रभु, दोष न रहे अशेष ॥३१॥

હે નાથ ! હે ભક્તપતિ ! હે સુખના સાગર સ્વામી ! હે પૂર્ણચંદ્ર શ્રીહરિ ! સાંભળો, હું હાથ જોડી પ્રાર્થના કરું છું કે, 'મારામાં તમારું જે ભક્તપણું છે તેમાં લવલેશ પણ ક્યારેય કોઈપણ પ્રકારનો દોષ ન રહી જાય એવું માગું છું.' ॥૩૦-૩૧॥

(હવે આ ચોપાઈમાં પોતાનું એકઆશ્રયપણું અને કિંકરપણું વર્ણવી કૃપા માગે છે.)

चोपाई :
मैं भक्त तव चरन उपासी, एक चरन बिना और न आसी ।
येही बिधि किंकर रावरो जानी, करउ अनुग्रह सारंगपानि ॥३२॥

હું તમારા ચરણનો ઉપાસી ભક્ત છું, એક તમારાં ચરણ વિના બીજી કોઈ આશા નથી; એ પ્રમાણે મને તમારો કિંકર, રાવળિયો જાણી હે રાજાધિરાજ ! મારા પર અનુગ્રહ કરો. ॥૩૨॥

(હવે આ ચોપાઈમાં 'મને નિર્દોષ કરી નિર્ભય કરો.' એમ માગે છે.)

कछु ओगुन कोई दोष दयाला, रहन न देउ रंच क्रिपाला ।
ये ही प्रार्थना मोरी मानी, करउ नाथ भक्तभयहानी ॥३३॥

હે કૃપાળુ હરિ ! મારામાં કોઈ અવગુણ કે કોઈ દોષ રંચ જેટલોય રહેવા દેશો નહીં. હે નાથ ! આ મારી પ્રાર્થના માની તમારો ભક્ત એવો મને નિર્ભય કરો. ॥૩૩॥

(હવે આ ચાર ચોપાઈમાં દ્રોહના દુઃખનું પ્રાબલ્ય વર્ણવવાપૂર્વક, તે મારાથી ભૂલ્યે ન થાય, એવું માગે છે.)

तुमरो हरि तव भक्तको द्रोहा, करे जिय तन तुर्त बिछोहा ।
द्रोहानल अति दारुन भारी, करत नाश जन जियही जारी ॥३४॥

હે મહારાજ ! તમારો અને તમારા વા'લા ભક્તનો દ્રોહ તો જીવને અને શરીરને વિયોગ કરાવે એવો છે. એટલું જ નહિ પરંતુ આ દ્રોહરૂપી અગ્નિ તો અતિ ભયાનક છે. કેમ જે, એ તો દ્રોહ કરનારના જીવને પણ બાળી નાશ કરી નાખે છે. અર્થાત્ દ્રોહી પર્વતાદિ જડ દેહને પામે છે. ॥૩૪॥

यह सम पाप नहि हे आना, श्रीमुख बचन सुना हम काना ।
प्रायश्चित द्रोह कर नाई, स्मृति श्रुति कहा सों खाई ॥३५॥

'આ દ્રોહ સમાન અન્ય કોઈ પાપ નથી.' એમ આપ શ્રીહરિનાં મુખનાં વચન મેં મારા સગા કાને સાંભળ્યાં છે. વળી 'દ્રોહનું કોઈ પ્રાયશ્ચિત્ત નથી.' એમ શ્રુતિ-સ્મૃતિ પણ સમ ખાઈને કહે છે. ॥૩૫॥

येही कारन मैं दीन अनाथा, करुं प्रार्थना धरी पद माथा ।
कबहु भूले द्रोह न होये, यह वरदान देउ प्रभु मोये ॥३६॥

એ કારણથી હું દીન-અનાથ આપનાં ચરણારવિંદ માથે ધરીને પ્રાર્થના કરું છું કે, 'મારાથી ભૂલે પણ તમારો અને તમારા સંતો-ભક્તોનો દ્રોહ ન થાય.' હે પ્રભુ ! મને આ વરદાન આપો. ॥૩૬॥

करी बिनय मैं मागुं ये ही, देउ दया करी परम सनेही ।
तुमरो हरि तव जन कर द्रोई, ता कर नाहि ठिकाना कोई ॥३७॥

હે પરમ સ્નેહી શ્રીહરિ ! તમારો અને તમારા ભક્તના દ્રોહ કરનારનું કાંઈ ઠેકાણું રહેતું નથી. માટે હું વિનય કરીને એ જ માગું છું કે, મારાથી ક્યારેય દ્રોહ ન થાય. એ દયા કરીને મને આપજો. ॥૩૭॥

(હવે આ ચાર ચોપાઈમાં સેવા તથા સેવામાં પ્રીતિ માગે છે.)

सुनउ कमल लोचन भगवाना, एक प्रार्थना हे मम आना ।
करउ सुफल संतन सुखदाई, तुम सम आन दयावंत नाई ॥३८॥

क्रिपासिंधु तव चरनकी सेवा, देउ मोहे दया करी देवा ।
अहोनिश इछा रहे सेवाकी, रहे मगन मन ज्युं मधमाखी ॥३९॥

तेही बिना अन्य पदारथ मांई, रंच वासना रही न ज्यांई ।
अन्य बासना करी सब दूरी, राखउ मन तव चरन हजूरी ॥४०॥

येही दया दीन पर कीजे, प्रार्थना प्रभु मन धरी लीजे ।
इतर वासना करी सब हानि, सेवारति दीजे बडदानी ॥४१॥

હે કમળલોચન ભગવાન ! સાંભળો, મારી એક બીજી પ્રાર્થના છે. હે સંતોના સુખદાયી ! તમારાં જેવો બીજો કોઈ દયાળુ નથી. માટે મારી આ પ્રાર્થના સફળ કરો. તે પ્રાર્થના કઈ ? તો હે કૃપાસિંધુ દેવ ! તમારાં ચરણારવિંદની સેવા મને દયા કરીને આપો.

જેમ મધમાખી સદાય કમળના ફૂલનો રસ ચૂસવામાં મગ્ન રહે છે, એમ રાત્રી-દિવસ મને તમારાં ચરણકમળની સેવાની જ એક ઈચ્છા રહે અને એમાં જ મારું મન નિમગ્ન રહે. એ વિના અન્ય પદાર્થમાં એક રંચમાત્ર વાસના ન રહી જાય. અન્ય સર્વે વાસના દૂર કરી મારું મન તમારાં ચરણ-કમળમાં જ હાજર રાખજો. આવી દયા મુજ ગરીબ ઉપર કરજો. હે પ્રભુ ! આ મારી પ્રાર્થના મન ધરી લેજો. બીજી સર્વે વાસનાનો નાશ કરી હે મહા દાનેશ્વર ! તમારી જ સેવામાં ગાઢ પ્રીતિ આપજો. ॥૩૮ થી ૪૧॥

(હવે બે સોરઠામાં અહંબુદ્ધિની દુષ્ટતા વર્ણવવાપૂર્વક તેને દૂર કરવાની પ્રાર્થના કરે છે.)

सोरठा : कारन सूक्ष्म थूल, तिन देह मम भिन्न भिन्न ।
अहंबुद्धि कर मूल, कबहु न होये देहमति ॥४२॥
करी करुना सुखकंद, नाथ निवारउ देहमति ।
प्रानीमात्र मतिमंद, मरत पचत देहबुद्धि करी ॥४३॥

અહંબુદ્ધિનું મૂળ એવા સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ જે મારા ભિન્ન ભિન્ન ત્રણેય દેહમાં ક્યારેય દેહભાવ ન થાય. હે સુખકંદ નાથ ! કરુણા કરીને મારો દેહભાવ નિવારણ કરો. આ સમગ્ર સંસારમાં મતિમંદ પ્રાણીમાત્ર દેહાભિમાને કરીને જ દુઃખિયા થકા મરે છે, ક્યારેય સુખી થતાં નથી. ॥૪૨-૪૩॥

(હવે બે દોહામાં દૈહિક મમત્વબુદ્ધિનો ત્યાગ કરવાની માંગણી કરે છે.)

दोहा : तन संबंधी पदार्थ, तिन महीं सबही प्रकार ।
कबहु न होये ममत्व मम, देहो धर्मकुमार ॥४४॥

હે ધર્મકુમાર ! શરીર સંબંધી જે જે પદાર્થ છે તેમાં કોઈ પણ પ્રકારનો ક્યારેય મને મમત્વ ન થાય, એવું વરદાન આપો. ॥૪૪॥

यह पदार्थ प्रिय परम, यह मम जन हितकारी ।
यह प्रकार की ममत्व मति, देउ नाथ निवारी ॥४५॥

આ પદાર્થ મારું પરમ પ્રિય છે. આ વ્યક્તિ મારા પરમ હિતકારી છે; આવા પ્રકારની મારી મમત્વબુદ્ધિને હે નાથ ! નાશ કરજો. એવું વરદાન માગું છું. ॥૪૫॥

(હવે આ ચોપાઈમાં તમારા પ્યારા સંતોમાં અહંબુદ્ધિ તથા મમત્વબુદ્ધિ આપજો, એવું માગે છે.)

चोपाई :

अब देउ मोहे दयानिधाना, अहं ममत्वबुद्धि भगवाना ।
तव एकांतिक संत उदारा, तिन मही होउ सबही प्रकारा ॥४६॥

હે દયાનિધાન ભગવાન ! હવે મને તમારા ઉદાર એકાંતિક સંતમાં સર્વ પ્રકારે અહંબુદ્ધિ તથા મમત્વબુદ્ધિ થાય એવું વરદાન આપો. ॥૪૬॥

(હવે બે ચોપાઈમાં મારે તમે જ સર્વસ્વ છો, એમ કહે છે.)

यह प्रार्थना मम उर धारी, करउ क्रिपा भव संकट हारी ।
मात तात मम बंधु सनेही, देह प्रान मम जीवत येही ॥४७॥

જન્મ-મરણરૂપ સંકટને હરનારા હે શ્રીજીમહારાજ ! મારી આ પ્રાર્થના ઉરમાં ધરજો. **મારે તો માતા, પિતા, ભાઈ, સ્નેહી, દેહ, પ્રાણ અને મારું જીવન તમે એક જ છો.** ॥૪૭॥

संत हरिजनमें यह भांति, देउ नेह नाथ करी खांती ।
यह बिन आन मागुं करी प्यारा, करउ नाथ मोहे पनही प्रहारा ॥४८॥

હે નાથ ! આ પ્રકારનો સંત-હરિભક્તમાં સ્નેહ દયા કરીને આપજો. આ સિવાયનું બીજું કાંઈપણ પ્યાર કરીને માગું તો હે નાથ ! મને પગરખું મારજો ॥૪૮॥

(હવે આ ચોપાઈમાં અક્ષરબ્રહ્મ સાથે એકાત્મભાવ માગે છે.)

हे हरिकृष्ण ! समर्थ स्वामी, अब यह देउ अंतरजामी ।
ब्रह्म साथ ऐकात्मक भावा, सबविधि मोर जीवात्मा पावा ॥४९॥

હે હરિકૃષ્ણ ! હે મારા સમર્થ સ્વામી ! હે હરિ ! હે અંતર્યામી ! હવે એવો વર માગું છું કે, મારા જીવાત્માને સર્વ પ્રકારે અક્ષરબ્રહ્મ સાથે એકાત્મભાવ આપો. ॥૪૯॥

(હવે બે ચોપાઈમાં બ્રાહ્મીભક્તિની માંગણી કરે છે.)

ब्रह्मस्वरूप होई मैं बहुनामी, परब्रह्म तुम सब सुखधामी ।
तव चरननमें मम रसरूपा, सबसु अधिकतर अतही अनूपा ॥५०॥
दृढतर नेह भक्ति अनुपाई, होउ अचल मन बचन रु काई ।
येही दान देउ महाराजा, भक्तवछल हरि गरीबनिवाजा ॥५१॥

હે બહુનામી શ્રીહરિ ! હું બ્રહ્મસ્વરૂપ છું અને તમે સર્વે સુખના ધામ પરબ્રહ્મ પરમાત્મા છો. એટલા માટે સર્વથી અતિ અધિક, અનુપ અને રસરૂપ એવાં તમારાં ચરણારવિંદમાં મને ચળે નહિ એવી અને મન, કર્મ, વચને નાશ ન થાય એવી દઢ પ્રેમભક્તિ આપો. હે ગરીબનિવાજ હરિ ! ભક્તવત્સલ મહારાજ ! મેં આ માગ્યું એ જ વરદાન કૃપા કરીને મને આપો. ॥૫૦-૫૧॥

(હવે આ બે ચોપાઈમાં શ્રીહરિના સુખનું અને દર્શનનું માહાત્મ્ય વર્ણવે છે.)

सो तुम कैसे हो सुखरासी, भक्ति धर्मसुत अक्षरनिवासी ।
तव दासन को मैं हुं दासा, देई दरस नित राखी पासा ॥५२॥

અને તમે કેવા સુખરાશી છો ? તો અક્ષરધામના નિવાસી છો, છતાં ધર્મ-ભક્તિના પુત્ર તરીકે પ્રગટ આનંદ છો. હે નાથ ! હું તો તમારા

દાસનો દાસ છું. મને દર્શન દઈ નિત્ય તમારી સેવામાં પાસે રાખજો. ।।૫૨।।

सो तव दरशन कैसा स्वामी, स्वप्ने न लहत कुटिल खल कामी ।
अनंत जन्म सुक्रित कर संचा, तेही पुन्य करी पावत रंचा ।।५३।।

અને તમારું દર્શન કેવું છે ? તો કુટિલ, ખળ અને કામી એવા માણસોને સ્વપ્નામાં પણ ન થાય એવું છે. અને જેના અનંત જન્મનાં સુકૃત ભેળાં થયાં હોય તે પુણ્યે કરીને તે જીવાત્માને તમારું દર્શન ક્ષણવાર થાય છે. ।।૫૩।।

(હવે આ બે ચોપાઈમાં 'બ્રહ્મરૂપ એકાંતિક મુક્તોએ આપ પાસે જે જે માગ્યું છે, એ સર્વે હું માગું છું.' એમ કહે છે.)

तव दरसन महिमा सब भांती, जानत ब्रह्मरूप एकांती ।
सो एकांतिक जन नित मागा, तव दर्शन करी के अनुरागा ।।५४।।

सो मोहे देउ दया करी नाथा, करी करुना राखी नित साथा ।
यह अभिलाखा पुरउ मेरी, भक्तवछल करुना दृग हेरी ।।५५।।

તમારા દર્શનનો મહિમા બ્રહ્મરૂપ એવા એકાંતિક ભક્તો સર્વ પ્રકારે જાણે છે. એવા જે એકાંતિક ભક્તો તેણે તમારાં દર્શન કરીને અતિ પ્રેમથી જે જે માંગણીઓ નિત્ય-પ્રત્યે કરી હોય તે મને દયા કરીને આપજો. અને હે નાથ ! મારા ઉપર હંમેશાં કરુણા રાખીને મને નિત્ય સાથે રાખજો. હે ભક્તવત્સલ ! મારા ઉપર કરુણાદષ્ટિ કરી આ મારી અભિલાષા પૂરી કરો. ।।૫૪-૫૫।।

(હવે આ બે સોરઠામાં 'તમારી પાસે ગુણો છે અને કરુણા પણ છે; માટે મને આપી શકશો એવી આશા છે.' એમ કહે છે.)

सोरठा : भक्ति-धर्मसुत शाम, हे हरिकृष्ण भक्तवछल ।
करी स्तुति परनाम, जाचुं बार ही बार हरि ।।५६।।

मागेउ मैं तव पास, ये सब गुन करुनाभुवन ।
देउ मोहे अविनाश, दया आनी जानी क्रपिन ॥५७॥

હે ભક્તિ-ધર્મના પુત્ર હરિકૃષ્ણ ! હું સ્તુતિ-પ્રણામ કરીને વારંવાર તમારી પાસે યાચના કરું છું. આપ તો આ સર્વે ગુણોના તથા કરુણાના ધામ છો, માટે તમારી પાસે માગું છું. હે અવિનાશી મહારાજ ! મને લાચાર જાણી, દિલમાં દયા આણી આ સર્વે ગુણો આપો. ॥૫૬-૫૭॥

(હવે આ બે દોહામાં, રોજ પૂજા કર્યા પછી હરિભક્તોએ આ કહ્યું એવું માગવું, બીજું નાશવંત માગવું નહિ, એમ કહે છે.)

दोहा : भक्ति-धर्मसुत श्रीहरि, तिन कर भक्त जे होई ।
दिन दिन प्रति पूजन करी, हरिभक्त सब कोई ॥५८॥

यह सब गुन कहे स्तुति करी, सो मागउ हरि पास ।
और न मागउ नाशवंत, शुभमति सब हरिदास ॥५९॥

ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિના જે એકાંતિક ભક્તો હોય તે સર્વે હરિભક્તોએ નિત્ય પ્રત્યે પૂજા કરી શ્રીહરિ પાસે સ્તુતિ કરી આ સર્વે ગુણ માગવા; પરંતુ સર્વે શુભમતિવાળા હરિભક્તોએ બીજું કાંઈ નાશવંત માગવું નહીં ॥૫૮-૫૯॥

(હવે આ બે હરિગીત છંદમાં 'પ્રાર્થના સાથે પુરુષપ્રયત્ન પણ અવશ્ય કરવો.' એમ કહે છે.)

हरिगीत :

तजि मोह मान प्रमाद आलस छल कपट खल कुटिलता ।
ग्रहऊ कहे सब सदगुन क्षमा दयादि सूशीलता ॥
जेहि भांति सदगुन निजमहिं आवे सो आदर किजिए ।
परंतु केवल मागीके होई आलसु ना रीजिए ॥६०॥

મોહ, માન, પ્રમાદ, આળસ, છળ, કપટ, ખળતા, કુટિલતાનો ત્યાગ કરી આગળ કહ્યા એવા ક્ષમા, દયા, સુશીલતા વગેરે સદ્‌ગુણોને ગ્રહણ કરવા; એમાં જે રીતે તે સદ્‌ગુણો પોતામાં આવે તેવો આદર-પ્રયત્ન કરવો, પરંતુ કેવળ માગીને આળસુ ન રહેવું. ॥૬૦॥

यह विनय मानी कविनको उर धारी सब हरिदास ज्युं ।
सावधान होई वर्त्तउ हरिजन सब अविनाश ज्युं ॥
करिये ज्युं जत्न शनै शनै निशि वासर सब शुभमति ।
तब करे क्रिपा क्रिपाल श्रीहरि दास पर भक्तपति ॥६१॥

પ્રેમાનંદસ્વામી કહે છે કે, મુજ કવિની આ વિનંતિને ઉરમાં ધારી-માનીને અવિનાશી શ્રીહરિના સર્વે હરિભક્તોએ હરિના દાસની જેમ જ નિત્ય સાવધાની પૂર્વક વર્તવું. આવી રીતે સર્વે શુભ મતિવાળા હરિભક્તો જ્યારે રાત્રી-દિવસ ધીમે ધીમે અવગુણ ત્યાગવાનો અને ગુણ લાવવાનો પ્રયત્ન કરે, ત્યારે ભક્તપતિ કૃપાળુ શ્રીહરિ જરૂર કૃપા કરે. ॥૬૧॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरिप्रार्थना गुणवर्णन
नामा सप्तमः प्रकाशः ॥७॥

પ્રકાશ : ૮

શ્રીહરિની મૂર્તિનાં અસાધારણ લક્ષણોનું વર્ણન

(આ પ્રકાશમાં સ્વામીએ શ્રીહરિના પુરુષોત્તમપણાનાં તેર લક્ષણો વર્ણવ્યાં છે.)

दोहा : चरन जुगल वंदन करी, प्रगटरुप सुखकारी ।
यथामति लछन्न कहुं, स्वयं मूर्ति उर धारी ॥१॥

પ્રગટરૂપ સુખકારી શ્રીહરિના જુગલચરણમાં વંદન કરી સાક્ષાત્ મૂર્તિ ઉરમાં ધારી બુદ્ધિ પ્રમાણે પુરુષોત્તમપણાનાં લક્ષણો કહું છું. ॥૧॥

मछ कछ वराहादि सब, श्रीहरि के अवतार ।
बरने विविध ऐश्वर्यजुत, व्यास मुनि करी प्यार ॥२॥

શ્રીવ્યાસમુનિએ શ્રીહરિના મચ્છ, કચ્છ, વરાહાદિક સર્વે અવતારનું પ્રેમથી ઐશ્વર્યયુક્ત વિવિધ રીતે વર્ણન કર્યું છે. ॥૨॥

सोरठा : सबसु अनंत अपार, ऐश्वर्य श्रीकृष्णमहिं ।
जानत जाननहार, जाय मिले श्रीकृष्ण प्रभु ॥३॥

તે સર્વે અવતારોમાં શ્રીકૃષ્ણ ભગવાનને વિશે ઐશ્વર્ય અનંત અપાર છે. તે જાણતા હોય તે જાણે છે કે જેઓ શ્રીકૃષ્ણ પ્રભુને પ્રત્યક્ષ મળેલા છે. ॥૩॥

होय कोउ मतिमान, लखी लछन समुझे सुमति ।
का जाने नर आन, स्वयं मूर्ति प्रसंग बिन ॥४॥

કોઈ મતિમાન સુમતિ નર હોય તે લક્ષણો દ્વારા સમજી શકે છે. અન્ય નર શું જાણે ? કે જેઓને પ્રત્યક્ષ મૂર્તિ શ્રીપુરુષોત્તમનારાયણનો પ્રત્યક્ષ પ્રસંગ પ્રાપ્ત થયો નથી. ॥૪॥

चोपाई :
सुनउ चित्त दे संत हरिदासा, अक्षरपति बरनुं अविनाशा ।
भये अनंत अवनि अवतारा, नाम रुप गुन अनंत प्रकारा ॥५॥
सो श्रीकृष्ण भक्त हितकारी, किन चरित्र असुर संहारी ।
संत रुप वा राजारूपा, जलचर बनचर अति अनूपा ॥६॥

હે સંતો ! હે હરિભક્તો ! આપ સર્વે ચિત્ત દઈને સાંભળો. હું પ્રેમાનંદ અક્ષરધામના અધિપતિ શ્રીપુરુષોત્તમનારાયણનાં અવિનાશી એવાં તેર લક્ષણોનું વર્ણન કરું છું. આ ધરતી ઉપર પુરુષોત્તમનારાયણના અનંત અવતાર થયા છે. જેમનાં નામ, રૂપ, ગુણ અનંત પ્રકારનાં છે. તે ભક્તના હિતકારી અને અસુરજનોના નાશ કરવાવાળા શ્રીકૃષ્ણ પરમાત્માએ સંતરૂપે અથવા રાજારૂપે અથવા જલચર બની અથવા વનચર બની અતિ અનુપમ એવાં ચરિત્રો કર્યાં છે. ॥૫-૬॥

जहां जस काज तहां तेहिभांति, कोउ वपु उग्र कोउ अतिशांति ।
संत रुप जन करत उधारा, अन्य रुप करे असुर संहारा ॥७॥

જ્યાં જેવું કાર્ય ત્યાં તેવા પ્રકારનું શરીર ગ્રહણ કરે છે. કોઈ

અવતારમાં ઉગ્ર તો કોઈ અવતારમાં અતિ શાંત મૂર્તિ ધારણ કરે છે. ક્યારેક સાધુરૂપે થઈને જનોના ઉદ્ધાર કરે છે અને ક્યારેક અન્ય રૂપ ધારણ કરીને અસુરોનો સંહાર કરે છે. ॥૭॥

सबही रूप हरि कर जानो, इन महि भेद रंचजि न आनो ।
दिव्य रूप सब धरी हरिराया, करत नाश जन कारन माया ॥८॥

આ સર્વે અવતાર શ્રીહરિના છે એમ જાણો. એમાં રંચમાત્ર પણ ભેદ ન લાવો. શ્રીહરિરાય આવા સર્વે દિવ્યરૂપ ધારણ કરીને જીવાત્માના કારણ શરીરરૂપ માયામય અજ્ઞાનનો નાશ કરે છે. ॥૮॥

प्रकृति-पुरुष अग्या धरी शीशा, रची प्रधान पुनि तत्त्व चोवीसा ।
स्रजत हें अनंत पिंड-ब्रह्मांडा, जरा स्वेद उद्भिज रु अंडा ॥९॥

પૂર્ણ પુરુષોત્તમની આજ્ઞાને માથે ચડાવીને પ્રકૃતિ અને પુરુષ પ્રધાન-પુરુષની રચના કરે છે. પછી ચોવીસ તત્ત્વોનું સર્જન કરે છે. ત્યાર પછી અનંત પિંડ-બ્રહ્માંડોની રચના કરે છે. એમાં જરાયુજ, સ્વેદજ, ઉદ્ભિજ અને અંડજ એમ ચાર પ્રકારની સૃષ્ટિ કરે છે. ॥૯॥

जेही कर भ्रकुटि कटाक्ष निहारी, कंपत काल रु माया ठारी ।
स्थिति उद्भव प्रलय स्वरूपा, जेहि कर लीला परम अनूपा ॥१०॥
सो पुरुषोत्तम अक्षर नियंता, सो श्रीकृष्ण जानो बुद्धिवंता ।
आदिनारायण अंतरजामी, जानउ सोई सहजानंद स्वामी ॥११॥

જેમની ભ્રકૂટિના કટાક્ષને જોઈને કાળ થરથર કંપે છે અને માયા દૂર રહે છે અને વળી જે ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયરૂપ પરમ અનુપ લીલા કરે છે એવા તે અક્ષરધામના નિયંતા શ્રીકૃષ્ણ પુરુષોત્તમ અંતર્યામી આદિનારાયણ તે જ સહજાનંદસ્વામી છે; એમ બુદ્ધિમાન જનો જાણો. ॥૧૦-૧૧॥

सो द्विजकुल प्रगटे प्रभु आई, धर्म-भक्ति गृहे जन सुखदाई ।
स्वयं आप अवतारी आये, निज प्रताप बहु विधि दरसाये ॥१२॥

એ જ પ્રભુ આ ધરતી ઉપર આવીને દ્વિજકુળમાં ધર્મ-ભક્તિને ઘેર સર્વજનોને આત્યંતિક કલ્યાણરૂપ સુખ દેવા માટે પ્રગટ થયા છે. આ વખતે સ્વયં પોતે અવતારી આવ્યા છે. તેમણે પોતાનો પ્રતાપ બહુ વિધિ દેખાડ્યો છે. ॥૧૨॥

सब अवतार की रीति जानी, लिखी पुरानें नाहिन छानी ।
आजु छटा कछु हें अति न्यारी, सब प्रकार जानउ अति भारी ॥१३॥

સર્વે અવતારની રીતિ પુરાણોમાં લખી છે તે છાની નથી, તેને જાણી. પરંતુ આ વખતની છટા કાંઈક અતિશે ન્યારી છે. તેને સર્વ પ્રકારે યથાર્થ જાણવી અતિ ભારે છે. ॥૧૩॥

बुद्धिवंत जन सो सुनी लेउ, कछु लवलेश बरनी कहुं तेउ ।
स्वयं आज मूर्ति कर जानो, असाधारण लछन पहिचानो ॥१४॥

માટે હે બુદ્ધિવાળા જનો ! તે ઐશ્વર્ય-પ્રતાપને કંઈક લવલેશ વર્ણવીને કહું છું તેને તમે સાંભળો. આ વખતની આ પ્રગટ મૂર્તિને જાણો અને તેમનાં અસાધારણ લક્ષણને ઓળખો. ॥૧૪॥

सोरठा : बरनुं कछु लवलेश, मम बुद्धि अनुसार कर ।
पार न पावत शेष, दशशत रसना रटत नित ॥१५॥

મારી બુદ્ધિને અનુસારે હું પ્રેમાનંદસ્વામી કંઈક લવલેશ જેટલું વર્ણન કરું છું. પરંતુ એ પુરુષોત્તમ અવતારી શ્રીહરિના યથાર્થ મહિમાના પારને તો હજાર જીભથી નિરંતર રટતા એવા શેષનારાયણ પણ પામતા નથી. ॥૧૫॥

सबसुं अनोखी रीत, पूरन पुरुषोत्तमही कर ।
पावन परम पुनित, अतहि अलौकिक सरस वर ॥१६॥

ધરતી ઉપર પ્રગટ થયેલા પૂર્ણ પુરુષોત્તમ અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની રીત તો સર્વે અવતારોથી નોખી છે. આ વખતની રીત પરમ પાવનકારી છે, પૂર્ણકારી છે, અલૌકિક છે, સુંદર છે અને અતિ શ્રેષ્ઠ છે. ॥૧૬॥

दोहा : सुनी श्रवन मुमुक्षु नर, अति आश्चर्य होई जात ।
चरित्र दिव्य कौतुकमय, करत नाथ दिनरात ॥१७॥

આ ઐશ્વર્ય પ્રતાપને મુમુક્ષુજન સાંભળે તો અતિ આશ્ચર્ય પામે છે. એવાં કૌતુકમય દિવ્ય ચરિત્રો શ્રીહરિ રાત્રિ-દિવસ કરે છે. ॥૧૭॥

सो बरनुं दृग देखके, श्रवने सुनी ना लेश ।
बसउ उर अक्षरपति, धरी मनरंजन वेष ॥१८॥

તે ઐશ્વર્ય-પ્રતાપરૂપ ચરિત્રને મારી સગી આંખે જોઈને વર્ણવું છું. આમાં શ્રવણે સાંભળેલું લેશ પણ નથી. હે અક્ષરપતિ શ્રીહરિ ! મારા મનને આનંદ થાય એવો વેશ ધારણ કરી મારા ઉરમાં વાસ કરો. જેથી હું તમારાં ચરિત્રોનું યથાર્થ વર્ણન કરી શકું. ॥૧૮॥

(અહીંથી મહારાજનાં અસાધારણ ૧૩ લક્ષણો શરૂ થાય છે.)

चोपाई :
प्रथम भये अवतारा ताई, निज मूर्ति महिं देत देखाई ।
पुनि वैकुंठादिक जो धामा, तिनमहिं दिव्यरूप अभिरामा ॥१९॥

सो मूर्तिमहिं रहे अनूपा, दिव्य प्रताप परम रसरूपा ।
पुनि पार्षदजुत निज तनमांई, सब जनकुं देखावत चाई ॥२०॥

(૧) પ્રથમ થયા જે અવતારો તે સર્વેને પોતાની મૂર્તિમાં દેખાડી દે છે.

(૨) વળી વૈકુંઠાદિક ધામને વિશે રહ્યાં એવાં સુંદર-દિવ્ય સ્વરૂપો અને તે મૂર્તિઓમાં રહેલાં દિવ્ય અનુપમ પરમ રસરૂપ એવાં ઐશ્વર્યો બહુ જનોને સહજમાં બતાવે છે. વળી પોતાની મૂર્તિમાં પાર્ષદો(મુક્તો)એ સહિત સર્વે જનોને ઉમંગથી ઐશ્વર્ય દેખાડે છે. ॥૧૯-૨૦॥

पात्र कुपात्र जीव जो तारे, ताकुं नाथ समाधि कराये ।
निज मूर्तिमहिं अंतर्जामी, चित्त निरोध करावत स्वामी ॥२१॥

(૩) વળી જેવા તેવા, પાત્ર-કુપાત્ર જીવોને પણ સમાધિ કરાવીને અંતર્યામી સર્વેના સ્વામી શ્રીહરિ પોતાની મૂર્તિમાં ચિત્તનો નિરોધ અષ્ટાંગયોગ સિદ્ધ કર્યા વિના પણ કરાવે છે. ॥૨૧॥

अन्य अवतार धरी विधि नाना, किन जीव कर जस कल्याना ।
पुनि किन जन चित्त निरोधा, दिन प्रानीकुं ग्यान प्रबोधा ॥२२॥
तेही प्रकार निज भक्तन द्वारा, देखावत अैश्वर्य अपारा ।
असाधारण लछन कर रीति, सुनी लेउ सज्जन करी प्रीति ॥२३॥

(૪) હે સજ્જનો ! આ અવતારી શ્રીહરિનાં અસાધારણ લક્ષણની રીતિ પ્રેમથી સાંભળો. નાના પ્રકારના અન્ય અવતારો ધરીને જેવું જીવોનું કલ્યાણ કર્યું, વળી જેવો ચિત્તનો નિરોધ કરાવ્યો, વળી જેવું જીવોને જ્ઞાન પ્રકાશી આપ્યું; એવી રીતે તો પોતાના ભક્ત દ્વારા અપાર ઐશ્વર્ય જણાવ્યું. ॥૨૨-૨૩॥

पुनि सुनी लेउ सकल परवीना, अवतारी कर लछन कीना ।
अनंत कोटि रवि-चंद्र समाना, अक्षरधाम हें तेज निधाना ॥२४॥
तामहिं दिव्य सिंघासन सोहे, उपमा कहे अैसो कवि को हे ।
तामहिं राजत श्रीमहाराजा, वेष्टित अगनित मुक्त समाजा ॥२५॥

(૫) હે સર્વે પ્રવીણ જનો ! સાંભળો. હજુ અવતારીનાં લક્ષણ કહું

છું. અનંતકોટી સૂર્ય-ચંદ્રના તેજ સમાન અક્ષરધામ તેજના નિધાનરૂપ છે. તેની મધ્યે દિવ્ય સિંહાસન શોભી રહ્યું છે. તેની ઉપમા કહે એવો કવિ કોણ છે ? તે સિંહાસનમાં રાજાધિરાજ શ્રીહરિ અગણિત મુક્ત સમાજની મધ્યે વીંટાઈને બિરાજે છે. ॥૨૪-૨૫॥

ऐसे दिव्यरूप सुखकंदा, लाजत लखी कोटि रवि चंदा ।
सो दरशन जस तस नरनारी, तिनहिं देखावत भव भयहारी ॥२६॥

એવા દિવ્યરૂપ સુખકંદ શ્રીહરિજીને જોઈને કોટી સૂર્ય-ચંદ્ર લાજે છે. એવાં દર્શન જેવા તેવા નરનારીને ભવભયહારી ભગવાન શ્રીહરિ એક ક્ષણમાં કૃપા કરીને કરાવે છે. ॥૨૬॥

होय प्रसन्न सहज सुखकारी, गीनत न दोष अदोष मुरारि ।
दिव्य दरस निज देत दयाला, अढर ढरे निजजन प्रतिपाला ॥२७॥

સુખકારી એવા શ્રીહરિ સહજ સ્વભાવે અતિ પ્રસન્ન થઈને જીવના દોષ-અદોષને જોયા વિના કેવળ દયા કરીને પોતાનું દિવ્ય દર્શન આપે છે. એવા નિજજનોના પ્રતિપાળ શ્રીહરિ અઢળ ઢળ્યા છે. ॥૨૭॥

निज प्रताप कर प्रबल खुमारी, प्रगटे आजु आप अवतारी ।
अस प्रताप अवतारन माई, कबहु श्रवने सुना कहुं नाई ॥२८॥

આ વખતે પોતે અવતારી શ્રીહરિએ પ્રગટ થઈને નિજપ્રતાપની પ્રબળ ખુમારી પ્રગટ કરી છે. આવો પ્રતાપ કોઈ અવતારમાં ક્યારેય, ક્યાંય કાને સાંભળ્યો નથી. ॥૨૮॥

सोरठा : मनुष्याकृति महिं नाथ, देखावत अति प्रोढपन ।
सुंदरवर सुखपाथ, बुद्धि चातुरी कर सदन ॥२९॥

સર્વાવતારી પુરુષોત્તમનારાયણે મનુષ્યાકૃતિ ધારણ કરીને પ્રબળ પ્રતાપ દેખાડ્યો. સુખના રાજમાર્ગરૂપ શ્રીહરિ તો બુદ્ધિચાતુર્યના

ધામ છે. ॥૨૯॥

गीरा सरस गंभीर, अति गौरवता अर्थवत ।
व्यर्थ न वदत सुधीर, मित हितवचन अमित सुखद ॥३०॥

શ્રીસ્વામિનારાયણ ભગવાન રસવાળી, ગંભીર, અતિ ગૌરવવાળી, સુંદર અર્થવાળી વાણી બોલે છે. અને વળી અતિશય ધીરજવાળા સહજાનંદ સ્વામી ક્યારેય વ્યર્થ બોલતા નથી. થોડું બોલે છે પરંતુ હિતકર બોલે છે. અને તે અપાર સુખનું દેનારું થાય છે. ॥૩૦॥

दोहा : अति कुशाग्र बुद्धिबल, निपुन शास्त्रार्थ मांय ।
बचन रचन सुनी श्रवन बिधि, अकल चर्क होई जाय ॥३१॥

ભક્તોના કલ્યાણને કરનારી કુશાગ્રબુદ્ધિનું બળ જેઓમાં છે તથા સત્શાસ્ત્રોના ગુઢાર્થોને ઊકેલવામાં અતિશે નિપુણ છે. અવતારી શ્રીહરિની યુક્તિયુક્ત વચનોની રચના શ્રવણે સાંભળીને ચાર વેદો જેના મુખમાંથી નીકળ્યા એવા બ્રહ્માની બુદ્ધિ પણ ચૂરેચૂરા થઈ જાય છે. ॥૩૧॥

वचन मुक्ता बरसत वदन, जिमी बरसत अमी चंद ।
संत चकोर हंस ग्रहत मिली, टारी पलक पल द्वंद ॥३२॥

શ્રીજીમહારાજના મુખમાંથી વચનરૂપી મોતીડાંઓનો વરસાદ થતો હતો. જાણે કે ચંદ્રમા શીતળ અમૃત વરસાવે છે. હંસ જેમ મોતી ઝીલવા અને ચકોર જેમ ચાંદની ઝીલવા મટકા રહિત થઈ હરપળ તત્પર રહે છે તેમ પરમહંસો સર્વકાળે શ્રીહરિનાં વચનો ઝીલવા, કે'તાં અમલમાં મૂકવા તત્પર રહે છે. ॥૩૨॥

चोपाई :
प्रथम शास्त्रमहिं कहे कवि ज्ञानी, धर्म ज्ञान वैराग्य बखानी ।
पुनि भक्ति अरु योग बिच्यारा, सांख्य वेदांत बहु प्रकारा ॥३३॥

तिन शास्त्रन कर मत स्वरूपा, करत निरुपन आप अनूपा ।
पुनि तिन कर प्रतिपादनहारे, करत शास्त्र हरि जग उजियारे ॥३४॥

तबते पूर्व शास्त्रसु न्यारी, चमत्कार आवत अति भारी ।
सहजे सबकी समझमें आवे, अति स्पष्ट कहिके दरसावे ॥३५॥

જ્ઞાની કવિઓએ પૂર્વે શાસ્ત્રોમાં કહેલાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા યોગ, સાંખ્ય અને વેદાંતાદિક શાસ્ત્રોના મતોને વખાણી તેમના સ્વરૂપનું પ્રતિપાદન જ્યારે પોતે અનુપમ રીતે કરે તથા તેમના પ્રતિપાદનનાં શાસ્ત્રો રચે કે રચાવે ત્યારે પૂર્વેનાં શાસ્ત્રો થકી તેમાં બહુ ભારે ચમત્કાર આવે અને તે સહેજે સર્વના સમજ્યામાં આવે એવી રીતે અતિ સ્પષ્ટ કરી દેખાડે. તેથી એ વાર્તા શાસ્ત્રમાં જેની બુદ્ધિ પૂગતી હોય તેને યથાર્થ જાણ્યામાં આવે. ॥૩૩ થી ૩૫॥

दे दृष्टांत विविध विधि स्वामी, करत सिद्धांत सरल बहुनामी ।
तेही रहस्य शास्त्रन में होई, समुझत बुद्धिमान सो कोई ॥३६॥

બહુનામી એવા શ્રીહરિ વિવિધ પ્રકારે દષ્ટાંતો આપીને સામાન્ય મનુષ્યને પણ સહેજે સમજાય જાય એવી રીતે બહુ સરલતાથી સિદ્ધાંતોનું પ્રતિપાદન કરે છે. તે રહસ્ય શાસ્ત્રમાં હોય તેને કોઈ બુદ્ધિશાળી મનુષ્ય જ માંડ માંડ સમજી શકે છે. ॥૩૬॥

हरि जब करत बात अस भांती, अल्पमति समझत करी खांती ।
लाय बात महिं चीज अत्यंता, करत मूर्ति ठाडी भगवंता ॥३७॥

શ્રીહરિ જ્યારે આવી રીતે વાત કરે છે ત્યારે અલ્પમતિ મનુષ્યો પણ સહેલાઈથી સમજી શકે છે. વળી શ્રીહરિ પોતાની વાતોમાં યુક્તિઓ અને તર્કોને અત્યંત લાવીને એવી તો વાત કરે છે કે સાંભળનારાના મનમાં મૂર્તિ ખડી કરી દેતા. ॥૩૭॥

सुनत संत हरिजन मतिमाना, समुझी रहस्य बहु करत बखाना ।
'धन्य ईश्वर !' कही पर हे पैया, तुम बिनु अस कोउ जानत नैया ।।३८।।

બુદ્ધિવાળા સંતો તથા હરિભક્તો એ વાર્તાને સાંભળીને એનું રહસ્ય સમજી બહુ વખાણ કરે છે કે, 'અહો..!! ધન્ય ઈશ્વર..!! અહો..!! ધન્ય ધન્ય પ્રભુ..!! તમારા વિના આવું કોઈ જાણે નહિ.' એમ કહી શ્રીહરિના ચરણમાં પડતા હતા. ॥૩૮॥

पुनि सुनी लेउ सकल हरिदासा, हरि स्वरुप कर एक तमासा ।
जे निरखत मूर्ति भरी नेना, होत परम आनंद सुख चेना ।।३९।।

હે સર્વે હરિભક્તો ! શ્રીહરિના સ્વરૂપની એક વિલક્ષણતા ફરી સાંભળો. જે જે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિને નેણાં ભરીને નીરખતા, તેને તરત જ અંતરમાં સુખ, શાંતિ અને પરમ આનંદ થતો. ॥૩૯॥

जे नर नारी देव द्विज ज्ञाति, मूरख चतुर रु जाति-कुजाति ।
होत आकर्षन मन अरु प्राना, खेंचत लोह ज्युं चमकपखाना ।।४०।।

त्युं निजदर्शन मात्रे नाथा, अनेक जीव कर मन एकासाथा ।
अविलोकी मूर्ति सुखदाई, मन अरु प्रान जात खेंचाई ।।४१।।

આ સંસારમાં દેવો અથવા બ્રાહ્મણાદિક સર્વે જાતિઓનાં નર-નારીઓ મૂરખ હોય કે ચતુર હોય, જાતવાન હોય કે કુજાતિ હોય પરંતુ શ્રીહરિનાં જે કોઈ દર્શન કરતા એનાં મન અને પ્રાણ જેમ લોહચુંબકમાં લોઢું તણાય તેમ તણાય જતા હતા. એવી રીતે પોતાનાં દર્શનમાત્રે કરીને સર્વોપરી શ્રીહરિની સુખદાઈ મૂર્તિમાં અનેક જીવોનાં મન અને પ્રાણની વૃત્તિઓ એકી સાથે ખેંચાઈ જાય છે. ॥૪૦-૪૧॥

सहज हे चमत्कार हरिमांई, देखत लोह चमकपे जाई ।
हरि मूर्ति कर सहज स्वभाउ, अस लछन ना मिले अन्य काउ ।।४२।।

આવો લોહચુંબકના જેવો શ્રીહરિની મૂર્તિમાં સહજ ચમત્કાર દેખાય છે. શ્રીહરિની મૂર્તિનાં આ સ્વાભાવિક લક્ષણ છે. આવાં અલૌકિક લક્ષણ અન્ય કોઈ અવતારમાં જોવા મળતાં નથી. માટે શ્રીહરિ સર્વોપરી અવતારી શ્રીપુરુષોત્તમનારાયણ છે. ।।૪૨।।

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां श्रीहरिध्यानमंजर्यां श्रीहरि स्वयंमूर्ति असाधारण लक्षणबरनन नामा अष्टमः प्रकाश : ।।८।।

પ્રકાશ : ૯

શ્રીહરિની મૂર્તિનાં અસાધારણ લક્ષણોનું વર્ણન

सोरठा : जानउ येही प्रकार, असाधारण लछन अनंत ।
ज्युं सिंधुमहिं सार, भरेउ रत्न बहुभांति कर ॥१॥

જેમ સાગરમાં શ્રેષ્ઠ એવાં અનેક પ્રકારનાં રત્ન ભરેલાં છે એમ જ મહાસાગર સમા શ્રીહરિના સ્વરૂપમાં અનેક અસાધારણ લક્ષણરૂપી રત્નો સમાયેલાં છે, તેને જાણો. ॥૧॥

ज्युं चिंतामनिमांय, रहे सहज गुन सरस नित ।
जो चिंतवत जन ताय, करत परम आनंदमय ॥२॥

જેમ ચિંતામણિમાં અનેક શ્રેષ્ઠ ગુણો સહજ સ્વભાવે હંમેશાં રહે છે, જે જન જે જે ચિંતવે તે તે તેને આપીને પરમ આનંદમય બનાવે છે. તેમ શ્રીજીમહારાજના સ્વરૂપનો જે આશ્રય કરે તે તેમની મૂર્તિના પ્રતાપથી મનવાંછિત સુખને પામે છે. ॥૨॥

दोहा : कथन मात्र दृष्टान्त हे, जड चिद् कर गुन भिन्न ।
कहां रवि कहां खद्योतद्युति, जानउ परम प्रवीन ॥३॥

પરંતુ આ તો કથનમાત્ર દૃષ્ટાંત છે. કેમ જે, જડના અને ચૈતન્યના ગુણો જુદા જુદા હોય છે. કારણ કે ક્યાં સૂર્ય અને ક્યાં ખદ્યોત ? બન્નેના પ્રકાશમાં ઘણો જ ફેર છે તેને અતિ પ્રવીણ હોય તે સમજે છે જે, 'ક્યાં ભગવાન સ્વામિનારાયણની મહા સમર્થ અલૌકિક દિવ્ય આનંદદાયી મૂર્તિ ને ક્યાં જડ એવી ચિંતામણિ ? એમાં તો અતિ ભેદ છે.' ॥૩॥

ऐसे श्रीहरि धर्मसुत, अखिल ऐश्वर्य जुक्त ।
कहा बरनुं कई अल्पमति, जानत श्रुति मुनि मुक्त ॥४॥

આવા સર્વાવતારી ધર્મદેવના પુત્ર શ્રીહરિકૃષ્ણ મહારાજનું અખિલ ઐશ્વર્યે સંપન્ન એવું સ્વરૂપ હું અલ્પમતિ કેવી રીતે વર્ણવી શકું ? અને તે સ્વરૂપને તો શ્રુતિઓ મહામુનિઓ અને મહામુક્તો પણ થોડું ઘણું જાણે છે અને 'નેતિ-નેતિ' કહે છે. ॥૪॥

छंद : मोतीदाम :
जय आदिनारायण सर्वोपरि, जय सच्चिदानंद आनंद हरि ।
जय ज्योतिनिधान सदा सदनं, जय माया सर्गकरं कदनं ॥५॥

આદિનારાયણ એવા સર્વોપરી શ્રીહરિનો જય હો. સત્, ચિત્, આનંદ એવા ધર્મપુત્ર શ્રીહરિનો જય હો. અક્ષરધામમાં અતિશય તેજોમય એવા દિવ્ય પ્રકારના પૂંજમાં સદા બિરાજમાન શ્રીહરિનો જય હો. માયાના સર્ગને ઉત્પન્ન કરનારા તથા તેનો સંહાર કરનાર એવા શ્રીહરિનો જય હો. ॥૫॥

जय दिव्य नराकृति शाम सदा, प्रगटे निजभक्त हरं विपदा ।
जय देव श्रीभक्तिधर्म तनयं, जय दिव्य प्रताप भुवि जनयं ॥६॥

દિવ્ય નરાકૃતિ ધરનારા સદા ઘનશ્યામ મૂર્તિ એવા તમે જય પામો. પોતાના પ્યારા ભક્તોની સર્વે વિપદાને હરવા માટે શ્રીભક્તિ-ધર્મના પુત્રરૂપે પ્રગટ થયેલા આદિ દેવ આપે પોતાનો દિવ્ય પ્રતાપ ધરતી ઉપર અતિશય પ્રગટ કર્યો છે એવા તમારો જય થાઓ. ॥૬॥

जय कोटिक मार मदं हरनं, जय कृष्ण हरि अशरन शरनं ।
जय राजीवलोचन नीलतनं, जय पूरन चंद्र समं वदनं ॥७॥

કોટિ કામદેવના મદને હરનારા, જેનું કોઈ શરણ નથી એવા જનોને શરણે લઈ સર્વે દુઃખને હરીને મહાસુખને દેનારા તમારો જય થાઓ. રાતા કમળ સમાન આંખોવાળા, શ્યામ શરીરવાળા, પૂનમના પૂર્ણચંદ્ર સમાન મુખવાળા આપનો જય હો. ॥૭॥

बरनुं लछन रसरूपवरं, कौतुकमय निजजन शांतिकरं ।
धरी दिव्य नराकृति नाथ हरि, तारत जन दिव्य चरित्र करी ॥८॥

આ પૃથ્વી ઉપર શ્રેષ્ઠ મનુષ્યરૂપ ધારણ કરીને અનેક કૌતુકમય લીલાઓ કરીને ભક્તજનોને શાંતિ પમાડનારા શ્રીહરિનાં શ્રેષ્ઠ રસરૂપ એવાં દિવ્ય લક્ષણોનું વર્ણન કરું છું. હે નાથ ! હે હરિ ! તમે દિવ્ય મનુષ્ય-સ્વરૂપ ધારણ કરી દિવ્ય ચરિત્રો કરી અનેક જનોને તાર્યા છે. ॥૮॥

दोहा : असाधारण लछन्नको, श्रीहरि सिंधु अगाध ।
करी विर्तक मो मन लिखत, लछन वर निर्बाध ॥९॥

સર્વોપરી શ્રીહરિ અસાધારણ લક્ષણના અગાધ સમુદ્ર છે. મારા મનમાં અતિશય વિચાર-વિમર્શ કરીને શ્રીહરિનાં શ્રેષ્ઠ, નિર્દોષ અસાધારણ લક્ષણો લખું છું. ॥૯॥

जे जन श्रीहरिकृष्ण को, करत हे आश्रय मात्र ।
लहत परमपद दिव्य गति, होत हे सद्गुन पात्र ॥१०॥

જે જીવ હરિકૃષ્ણ મહારાજનો આશ્રયમાત્ર કરે તેણે કરીને પણ તે પરમપદરૂપ દિવ્ય ગતિને પામે એવો સદ્ગુણપાત્ર બની જાય છે. ॥૧૦॥

सोरठा : ताकुं दीनोनाथ, लेन ही आवत अंत समय ।
निज पार्षद लई साथ, रथ वेमान मुनि अश्व गज ॥११॥
अैसे दीन दयाल, भक्ति धर्मसुत कृष्ण हरि ।
निजपन के प्रतिपाल, शरणागत वछल बरद ॥१२॥

અને તેને દીનાનાથ શ્રીહરિ અંત સમયે રથ, વિમાન, સંતો, અશ્વો, હાથીઓ તથા નિજ પાર્ષદોને સાથે લઈને તેડવા આવે છે. આવા ભક્તિ-ધર્મના પુત્ર હરિકૃષ્ણ મહારાજ દીનદયાળુ છે. જેઓ કલ્યાણનું વરદાન દેનારા છે અને તે વરદાનરૂપ પોતાની પ્રતિજ્ઞાનું દઢપણે પાલન કરનારા અને શરણાગતવત્સલ છે. ॥૧૧-૧૨॥

चोपाई :

पुनि सब जन आग्या अनुसारी, वर्तत अनंत जीव नरनारी ।
निज निज धर्म जुक्त बडभागी, धर्म ज्ञान भक्ति अनुरागी ॥१३॥

વળી આ સહજાનંદસ્વામીના અલૌકિક પ્રતાપને તો જુઓ ? અનંત જીવ નરનારીઓ એમની આજ્ઞા અનુસારે જ વર્તે છે. પોતાના ધર્મે યુક્ત વર્તતા તે બડભાગી નરનારીઓને ધર્મ, જ્ઞાન અને ભક્તિમાં અનુરાગ થાય છે. ॥૧૩॥

मन क्रम वचन आग्या शिरधारी, वर्तत नर त्रिय प्रेम खुमारी ।
नारी पुरुष व्रध तरु बाला, दृढ वर्तत तजी डर जम काला ॥१४॥

શ્રીસહજાનંદસ્વામીનાં દિવ્ય દર્શન અને બોધથી પામેલી પ્રેમની ખુમારીને કારણે સર્વે પુરુષો તથા સર્વે સ્ત્રીઓ નિષ્ઠાને જોરે મન-કર્મ-વચને સર્વે આજ્ઞાઓને શિરે ધારી દઢપણે પાળે છે. વૃદ્ધ, યુવાન અને

બાળ એવાં સર્વે નરનારીઓ યમ અને કાળનો સર્વ પ્રકારે ભય તજીને દઢપણે પ્રગટ હરિની આજ્ઞામાં વર્તે છે. ॥૧૪॥

(આ શ્રીહરિનું લાખો માણસોને પ્રેમથી નિજ આજ્ઞામાં વર્તાવવારૂપ અતિ અલૌકિક અસાધારણ લક્ષણ છે.)

अस श्रीहरि कर बचन प्रतापी, भये असंख्य नर त्रिया निष्पापी ।
वचन प्रताप धरी उर मांई, जीत्यो मार सकल मुनिराई ॥१५॥

આવા શ્રીહરિનાં વચનના પ્રતાપથી અસંખ્ય નરનારીઓ નિષ્પાપી થયાં. તથા વચનના પ્રતાપને ઉરમાં ધારી સર્વ સંતોએ વિશ્વ વિજેતા કામ નામના શત્રુનો પરાજય કર્યો. આવો તો શ્રીહરિના વચનનો અલૌકિક પ્રતાપ છે. ॥૧૫॥

श्रीहरि बचन शक्ति बलवाना, किये निष्कामी नारीनर नाना ।
परम पुरुष कर बचन प्रभाउ, उठत न मार मन्यु उर दाउ ॥१६॥

શ્રીહરિના વચનરૂપી શક્તિ બળવાન છે કે, જેણે અનેક નરનારીઓને મહા નિષ્કામી કર્યા. પરમ પુરુષ પરમાત્માના વચનના પ્રભાવથી કામ-ક્રોધરૂપી અંતઃશત્રુઓ ફરીવાર હૃદયમાં ઊઠતા નહીં. ॥૧૬॥

असाधारन लछन पहिचानो, स्वयंरूप यह कारन जानो ।
अस बल आन बचन में नाई, जानी लेउ सज्जन मनमांई ॥१७॥

આવા અસાધારણ લક્ષણનું કારણ તો આ સ્વયં પ્રગટ શ્રીહરિને જાણો. આવું બળ અન્યના વચનમાં હોય નહીં. હે સજ્જનો ! આ વાત મનમાં સમજજો. ॥૧૭॥

पुनि सुनउ हरिजन अरु संता, स्वयं मूर्ति प्रताप अत्यंता ।
निज मूर्ति संबंधकुं पाई, दिव्य भई वस्तु समुदाई ॥१८॥

હે સર્વે સંતો ને હરિભક્તો ! વળી સાંભળો પ્રગટ મૂર્તિ શ્રીહરિનો પ્રતાપ અત્યંત છે. પોતાની મૂર્તિના સંબંધને પામીને સર્વે વસ્તુનો સમુદાય દિવ્ય થયો છે. ॥૧૮॥

चंदन पुष्प रु पट अलंकारा, जड चैतन्य द्रव्य अनंत अपारा ।
तेही कर दरस परसते होई, अंतरदृष्टि स्थिति (जन) सोई ॥१९॥
होत प्रानीकुं लक्ष अभिरामा, देखत ब्रह्मपुरादिक धामा ।
देखत दिव्य वैभव पुनि नाना, दिव्य सेवक सुखमय स्वस्थाना ॥२०॥

તે વસ્તુનાં નામ કહે છે. ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકાર વગેરે તથા અનંત અપાર જડ-ચૈતન્ય દ્રવ્ય દિવ્ય થઈ જાય છે તથા તે દિવ્ય વસ્તુના દર્શનમાત્રે કરીને તથા સ્પર્શમાત્રે કરીને તત્કાળ જીવને અંતરદષ્ટિ થઈ જાય છે અને પ્રાણધારીઓને લક્ષ થાય છે. તેમાં સુંદર બ્રહ્મપુરાદિક ધામ દેખાઈ આવે છે. વળી અનેક પ્રકારના દિવ્ય વૈભવોને દેખે છે. અને શ્રીહરિના દિવ્ય પાર્ષદોને તથા તેમનાં સુખમય સ્થાનોને દેખે છે. ॥૧૯-૨૦॥

पुनि ये स्वरूप संबंधि बानी, कहत बिदेशमें कोउ मुद आनी ।
सुनत प्रानि आश्चर्य होई आवे, कछुक अलौकि देखी सुख पावे ॥२१॥

વળી, સર્વાવતારી શ્રીહરિનાં સ્વરૂપ સંબંધી વાતો કોઈ અતિ આનંદથી વિદેશમાં જઈને કહે છે તેને સુણતાં જ જીવાત્માઓને અતિ આશ્ચર્ય થઈ આવે છે. અને મનુષ્યોને કંઈક અલૌકિકપણું દેખાઈ આવતાં અતિ આનંદ પામે છે. ॥૨૧॥

पुरुषोत्तम मूर्ति महिं देखो, असाधारण लछन यह लेखो ।
अति आश्चर्य बात हे येहा, अति रसरूप बढावत नेहा ॥२२॥

જુઓ, સર્વાવતારી પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિની મૂર્તિમાં આ અસાધારણ લક્ષણો છે તેને જાણો. આ વાત અતિ આશ્ચર્યકારી છે. અતિ

રસરૂપ છે. શ્રીહરિના સ્વરૂપમાં અતિશય હેત વધારે છે. ॥૨૨॥

सोरठा : स्वयंरूप संबंध, अति साधन कल्यान कर ।
सद्य कटत भवफंद, बिन साधन जन तरत भव ॥२३॥

કલ્યાણનું અતિ મુખ્ય સાધન પ્રગટ ભગવાનની મૂર્તિનો સંબંધ છે. એ સંબંધ તત્કાળ જીવોનાં ભવબંધન કાપે છે. એ સંબંધથી કોઈ પણ સાધન કર્યા વિના જીવ જન્મ-મરણને તરે છે. ॥૨૩॥

होत हे परम पुनित, हरि स्वरूप संबंध करी ।
उपजत ता पर प्रीत, होये पदारथ यदपि जड ॥२४॥

શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિનો જેને સંબંધ થાય છે તે જન તેમની મૂર્તિના સંબંધથી પરમ પવિત્ર બને છે. શ્રીહરિના સંબંધમાં આવનાર જડ પદાર્થ હોય તોપણ તેના ઉપર સૌને પ્રીત થાય છે. ॥૨૪॥

दोहा : श्रीहरि स्वयं संबंधते, पशु पक्षी द्रुम ताय ।
नमत अमर नर मुनि सकल, जोरी पानि शिर नाय ॥२५॥

સ્વયં પ્રગટ અવતારી શ્રીહરિના સંબંધમાં આવનાર એવાં પશુ, પક્ષી, ઝાડ અને લતાઓને દેવતાઓ, મનુષ્યો, સર્વે મુનિઓ હાથ જોડી માથું નમાવીને વંદન કરે છે. ॥૨૫॥

होत उत्तम मध्यम मिटी, महत संबंध प्रताप ।
ज्युं भोयंग विषरुप तोउ, किये भूषन भव आप ॥२६॥

મોટા પુરુષના સંબંધનો પ્રતાપ એવો છે કે પ્રાણી મધ્યમ મટીને ઉત્તમ બને છે. જુઓ, વિષરૂપ સર્પ શંકરે ગળામાં ધારણ કરતાં ભૂષણરૂપ બનીને મોટી પદવીને પામ્યા છે ને સૌ એનાં દર્શન કરે છે એવું એને માન મળે છે. આમ અલ્પ જીવો પણ શ્રીહરિના સંબંધથી મોટી પદવી પામે છે. ॥૨૬॥

चोपाई :

सुनउ सकल सज्जन बुधिवंता, जेहि सुनि होत सकल भवअंता ।
प्रगट रूप उपासक आई, असाधारण लछन सुनु भाई ॥२७॥

સર્વે બુદ્ધિવાળા સજ્જનો સાંભળો. જેને સાંભળવાથી જન્મ-મરણનો અંત આવે છે. હે પ્રગટ સ્વરૂપના ઉપાસકો ! તમે અહીંયાં આવીને પ્રગટ મૂર્તિ શ્રીહરિનાં અસાધારણ લક્ષણો સાંભળો ભાઈ. ॥૨૭॥

श्रीपुरुषोत्तम अक्षरनिवासी, अक्षर आप अखंड अविनाशी ।
अक्षरधाम के मुक्त स्वछंदा, भये सकल विधि अति निर्बंधा ॥२८॥

मूल प्रकृति पुरुष स्वरूपा, पुरुष प्रधान कर रूप अनूपा ।
पुनि विराट सो ईश्वर कईए, जीवात्मा सो जीवहि लईए ॥२९॥

इन सब कर निरूपन न्यारा, भेद सहित करी विविध प्रकारा ।
पुनि अैश्वर्य सहित भिन्नभिन्ना, कहत सरल करी हरि प्रवीना ॥३०॥

અક્ષરધામ નિવાસી શ્રીપુરુષોત્તમનારાયણ તથા અખંડ અવિનાશી એવું પોતે અક્ષરધામ તથા અક્ષરધામના સ્વતંત્ર મહામુક્તો કે જેઓ સર્વે પ્રકારે અતિ નિર્દોષ બન્યા છે. તથા મૂળ પ્રકૃતિ અને મૂળ પુરુષ તથા પ્રધાનપુરુષ કે જેઓના રૂપ અનુપમ છે. વળી વિરાટનારાયણ કે જેઓને ઈશ્વર કહીએ અને જીવાત્મા કે તેને જીવ કહીએ; આ સર્વેના રૂપનું ભેદે સહિત ને ઐશ્વર્યે સહિત વિવિધ પ્રકારે નોખું નોખું સ્પષ્ટપણે પોતે સકલ નિરૂપણ કરી દેખાડે એવા શ્રીહરિ પ્રવીણ છે. ॥૨૮ થી ૩૦॥

अैश्वर्य जुत तिन कर रूपा, देखावत और ही मुनि भूपा ।
येहि विधि ज्ञान पाये हरि पासा, करत निरूपन प्रभु कर दासा ॥३१॥

વળી ઐશ્વર્યે યુક્ત તેમનાં સ્વરૂપોનું બીજા શ્રેષ્ઠ મુનિઓ પણ નિરૂપણ કરી દેખાડે છે. કોણ તે મુનિઓ ? તો જે શ્રીહરિ પાસેથી આવા

પ્રકારનું જ્ઞાન પામેલા છે તે પ્રગટ પ્રભુના દાસ પણ ભેદે સહિત નોખું નોખું તે સર્વેનું નિરૂપણ કરી દેખાડે છે. ॥૩૧॥

यह प्रकार की प्रवृत्ति होई, श्रीहरि पास सुनो सब कोई ।
कहा कही बरनुं रसना एका, लहत न शेष श्रुति इति छेका ॥३२॥

સર્વે કોઈ સાંભળો, અવતારી એવા પ્રગટ શ્રીહરિની પાસે જ આવા પ્રકારની પ્રવૃત્તિ હોય. પ્રગટ અવતારીના આવા અસાધારણ લક્ષણની વાતો હું પ્રેમાનંદસ્વામી એક જીભથી શું વર્ણવીને કહું ? શ્રીશેષનારાયણ હજાર જીભથી પણ વર્ણવી શકતા નથી અને શ્રુતિઓ તો થાકીને 'નેતિ નેતિ' કહે છે. ॥૩૨॥

पुनि सुनउ एक रहस्य अनूपा, हे रसरूप सुखद सुखरूपा ।
स्वयं मूर्ति कर लछन येहा, सुनि श्रवन मिटे सकल संदेहा ॥३३॥

વળી સાંભળો. એક અનુપમ રહસ્ય કહું છું. તે રહસ્ય રસરૂપ છે, સુખદાઈ છે અને સુખરૂપ છે. સ્વયં મૂર્તિનાં આ અસાધારણ લક્ષણો જે છે તેને શ્રવણે સાંભળતાં સર્વે સંદેહ મટી જાય છે; કે'તાં અંતરમાં એવો દૃઢ નિશ્ચય થઈ જાય છે કે, **'સ્વામિનારાયણ ભગવાન સર્વ અવતારના અવતારી શ્રીપુરુષોત્તમનારાયણ છે.'** ॥૩૩॥

विविध रूप के निज अवतारा, हे अगनित को लखि लहे पारा ।
सो सब होत आप महिं लीना, यह अति रहस्य सुनउ परवीना ॥३४॥

વિવિધ પ્રકારના જે પોતાના અગણિત અવતારો છે તેને જાણીને કોણ પાર પામે ? તે સર્વે અવતારો સર્વાવતારી એવા આપમાં લીન થાય છે. આ અતિ રહસ્યની વાત છે. તેને પ્રવીણ જનો સમજે છે. ॥૩૪॥

निज मूर्ति अवतारन मांई, लिन न होत देखत जन जाई ।
करत समाधि संत हरिदासा, देखत जाय के येहि तमासा ॥३५॥

સર્વે અવતારોની મૂર્તિ પોતાને વિશે લીન થાય છે પણ અવતારી એવા શ્રીહરિની મૂર્તિ કોઈ અવતારને વિશે લીન ન થાય. આવું જનોએ અક્ષરધામમાં જઈને જોયું છે. કેવી રીતે ? તો સંતોએ તથા હરિભક્તોએ સમાધિ કરીને અક્ષરધામમાં જઈને ત્યાં નજરે જોઈને આ વાતની ખાતરી કરેલી છે. ॥૩૫॥

आदिनारायन सब कर स्वामी, परम पुरुष एक बहुनामी ।
अक्षरातीत अकल अवतारी, वासुदेव विष्णु अघहारी ॥३६॥

સર્વેના સ્વામી પરમ પુરુષ બહુનામી એવા આદિનારાયણ એક છે (અવતારો તો અનેક છે) એવા સર્વે અવતારોના અવતારી અક્ષરાતીત શ્રીપુરુષોત્તમનારાયણ વાસુદેવ, વિષ્ણુ, અઘહારી એવે નામે કહેવાય છે. એ જ ભક્તિધર્મના પુત્ર શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. ॥૩૬॥

सोरठा : अखिल ऐश्वर्य सहित, प्रगट भये अब अवनी हरि ।
पुरुषोत्तम करी प्रीत, निजजन हित धरी देह नर ॥३७॥

એવા અવતારી અક્ષરધામાધિપતિ શ્રીપુરુષોત્તમનારાયણ સર્વે ઐશ્વર્ય સહિત હાલ અવની ઉપર પ્રગટ થયા છે. જેઓએ પોતાના જનોનું હિત કરવા પ્રેમથી મનુષ્યાકૃતિ ધારણ કરી છે. ॥૩૭॥

करत हे विविध प्रकार, नरनाटक धरी चरित नित ।
निजजन हरखी अपार, निरखत नित करी नेह नव ॥३८॥

તે પ્રગટ શ્રીહરિ નરનાટક ધરી વિવિધ પ્રકારનાં નિત્ય ચરિત્ર કરે છે. તેને પોતાના આશ્રિતો અતિ હરખભર્યા નિત્ય નિત્ય નવા નેહથી નીરખ્યા કરે છે. ॥૩૮॥

दोहा : अजित अकल अवितर्क्य तनु, धरी हरि प्रगटे आजु ।
करत केली कौतुकमय, असूर विमोहन काजु ॥३९॥

અજિત, અકળ અને અતર્ક્ય એવું દિવ્ય સ્વરૂપ ધરીને આજ અવતારી પુરુષોત્તમ પોતે પ્રગટ થયા છે અને અસુરોને મોહ પમાડવા માટે આશ્ચર્યકારી ચરિત્રો કરે છે. ॥૩૯॥

महा बलवंत दुर्जय अति, अगनित रिपू असूर ।
किन पराजय सकल विधि, डारि वदनमहिं धूर ॥४०॥

મહા બળિયા કોઈથી જિતાય નહિ એવા અગણિત અસુર રિપુઓનો આ વખતે સર્વ રીતે પરાજય કરીને એના મોઢામાં ધૂડ નાખી છે. આવાં અસાધારણ લક્ષણવાળા ધર્મપુત્ર સર્વાવતારી શ્રીસહજાનંદસ્વામી છે. ॥૪૦॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरि स्वयंमूर्ति असाधारण
लक्षणवर्णन नामा नवमः प्रकाशः ॥९॥

પ્રકાશ : ૧૦

શ્રીહરિકૃષ્ણ માનસી પૂજા વર્ણન

(હવે આ અધ્યાયમાં પ્રત્યક્ષ પૂજા અને માનસી પૂજાની વિગત આપવા પૂર્વક માનસી પૂજાનું સવિસ્તાર વર્ણન કરે છે.)

चोपाई :

सुनउ संत हरिजन करी नेहा, बरनुं सरस भक्तिबिधि तेहा ।
भक्तिधर्मसुत हरि बहुनामी, प्रगटरूप सहजानंद स्वामी ॥१॥

હે સંતો ! હે હરિભક્તો ! સહુ પ્રેમથી સાંભળો હું પ્રેમાનંદસ્વામી ભક્તિધર્મના પુત્ર પ્રગટરૂપ સહજાનંદસ્વામીની ભક્તિ કરવાની વિધિનું સરસ વર્ણન કરું છું. ॥૧॥

सो श्रीवासुदेव भगवंता, प्रगटे अवनी उद्धारन जंता ।
तिनकर भक्त एकांतिक होई, करत नेह करी भक्ति सोई ॥२॥

તે અક્ષરધામાધિપતિ આદિનારાયણ શ્રીવાસુદેવ ભગવાન અનંત જનોનો ઉદ્ધાર કરવા માટે અવનિ ઉપર સહજાનંદસ્વામીરૂપે પ્રગટ થયા છે. તે પ્રગટ પ્રભુના એકાંતિક ભક્ત થઈ લાખો લોકો પ્રગટ પુરુષોત્તમની પ્રેમથી ભક્તિ કરે છે. ॥૨॥

पुजा करत प्रीत करी प्यारा, बाह्याभिंतर उभय प्रकारा ।
करत प्रीतिपुर्वक सुप्रवीना, गदगद होई प्रेमभर भीना ॥३॥

પ્રગટ શ્રીહરિમાં પ્રીતિ કરીને પ્યારા અતિ પ્રવીણ એકાંતિક ભક્તો

બાહ્ય-આભ્યંતર (પ્રત્યક્ષ પૂજા તથા માનસી પૂજા) આ બન્ને પ્રકારે પ્રેમ ભરેલા હૃદયે ગદ્ગદ થઈ અતિ પ્રીતિપૂર્વક પૂજા કરે છે. ॥૩॥

करत प्रगट पूजा विधि नाना, बहु उपचार ग्रही के सयाना ।
यथाप्राप्त फल जल दल फूला, करत भक्तजन सानुकूला ॥४॥

બે પ્રકારની પૂજામાં પ્રત્યક્ષ પૂજાવિધિ તો અનેક પ્રકારના બહુ ઉપચારો ગ્રહણ કરીને ડાહ્યા હરિભક્તો પ્રેમથી કરે છે. એમાં દેશકાળ પ્રમાણે પ્રાપ્ત થયેલાં ફળ, જળ, પત્ર, ફૂલ વગેરે સાનુકૂળ હોય તેવું ભક્તજન શ્રીહરિને અર્પણ કરે છે. ॥૪॥

ग्रहि त्यागि कर रित अनोखी, करत विधिवत ग्रहिजन शोखी ।
त्यागी करत मानसी प्रीते, करी उपचार मनसि रस रीते ॥५॥

ગૃહસ્થ અને ત્યાગીઓની પૂજા કરવાની રીત અનોખી છે. તેમાં પ્રેમી ગૃહસ્થજન તો બહુ ઉપચારો વડે વિધિવત્ પ્રત્યક્ષ પૂજા કરે છે જ્યારે ત્યાગીઓ તો એવા ઉપચારોને મનમાં કલ્પીને પ્રેમથી રસપૂર્વક માનસીપૂજા કરે છે. ॥૫॥

बाहर भिंतर पूजा दोई, करत भक्तजन प्रफुलित होई ।
तब तिनकर फल एक हि जानो, बिना प्रीत फलभेद प्रमानो ॥६॥

પ્રત્યક્ષ પૂજા કે માનસી પૂજા આ બન્નેને ભક્તજનો પ્રેમપૂર્વક પ્રફુલ્લિત થઈને કરે તો બન્નેનું ફળ એક સરખું થાય છે; પણ જો પ્રેમપૂર્વક પૂજા ન થાય તો તેના ફળમાં ભેદ છે. ॥૬॥

पुजक प्रीतमें भेद विशेषा, मूर्तिभेद नाहिं लवलेषा ।
बाहर भिंतर पूजा कीजे, प्रेम पुलकी मूर्ति उर लीजे ॥७॥

પૂજક ભક્તના પ્રેમમાં ભેદ વિશેષ છે. પરંતુ પૂજ્ય એવા શ્રીહરિની મૂર્તિમાં લવલેશ ભેદ નથી. માટે બહાર પૂજા કરો કે ભીતર પૂજા કરો

પરંતુ પ્રેમથી પુલકિત થઈ મૂર્તિને હૃદયમાં ધારી પૂજા કરવી એ જ પૂજાનો શ્રેષ્ઠ પ્રકાર છે. ॥૭॥

गाढ प्रेम करी किजे सेवा, सा भक्ति जानो ततखेवा ।
अब मानस पूजाकी रीति, सुनी लेउ सज्जन करी प्रीति ॥८॥

શ્રીહરિની ગાઢ પ્રેમપૂર્વક સમયોચિત સેવા કરવી તેનું જ નામ ભક્તિ છે એમ જાણવું. હવે શ્રીહરિની માનસી પૂજાની રીત હું વર્ણવું છું તેને સર્વે સત્સંગીઓ હેતપૂર્વક સાંભળો. ॥૮॥

रितुभेद करि भिन्न उपचारा, भिन्न भिन्न पूजा प्रकारा ।
प्रावृट शिशिर ग्रिषम मांई, पूजन करउ प्रीति उपजाई ॥९॥

ઋતુ ઋતુ પ્રમાણે જુદા જુદા ઉપચારોથી કરાતી શ્રીહરિની પૂજાના જુદા જુદા પ્રકારો છે. શિયાળો, ઉનાળો અને ચોમાસું આ ઋતુમાં જુદા જુદા પ્રકારે શ્રીહરિની પૂજા પ્રીતિપૂર્વક કરવી. ॥૯॥

उष्ण कालकी रीत सुनीजे, नित प्रति पुजा यह बिधि कीजे ।
सुंदर सुमन बागबिच नीकी, सरस सेज रची वर फुलहीकी ॥१०॥

એમાં ઉષ્ણ ઋતુમાં પૂજા કરવાની રીતને સાંભળો. પછી ઉનાળામાં નિત્ય પ્રત્યે આ વિધિ પ્રમાણે નિત્ય પૂજા કરજો. સુગંધીમાન સુંદર ફૂલોથી શોભાયમાન એવા બગીચાની વચ્ચે ફૂલની સુંદર શ્રેષ્ઠ શય્યા મનમાં કલ્પવી. ॥૧૦॥

सोरठा : शीतल मंद सुगंध, चलत पवन त्रिविध सुखद ।
प्रसरित वर मकरंद, उडत फुवारे सुखकरन ॥११॥

અને શીતળ, મંદ અને સુગંધી એમ ત્રણ પ્રકારનો સુખદાયી પવન ચાલી રહ્યો છે. પુષ્પની સુંદર મહેક પ્રસરી રહી છે. પાણીના ફુવારા વાતાવરણમાં શીતળતા ફેલાવી રહ્યા છે. ॥૧૧॥

तहां राजत महाराज, सभा सहित श्री धर्मसुत ।
गावत संतसमाज, निज चरित्र ग्रही वाद्य कर ॥१२॥

આવા રમણીય સુંદર બગીચામાં સભા સહિત શ્રીધર્મપુત્ર શ્રીહરિ બિરાજમાન છે. અને સંતસમાજ શ્રીહરિનાં ચરિત્રોને વાજાંઓ હાથમાં લઈને સુંદર રાગ-તાલથી ગાઈ રહ્યા છે. આવું મનમાં ચિંતવવું. ॥૧૨॥

दोहा : के होय भुवन अटालिका, गोख झरोखामांइ ।
रचि पलंग वर सुमन कर, पधराईए प्रभु तांइ ॥१३॥

અથવા મનમાં આવું કલ્પવું, કોઈ શ્રેષ્ઠ ઘરની અટારી, ગોખ કે ઝરૂખામાં પલંગને સુંદર સુગંધીમાન પુષ્પ વગેરેથી શણગાર્યો હોય તેના ઉપર શ્રીહરિને પધરાવીને ઉરમાં ધારવા. ॥૧૩॥

रचि तट्टी त्रण मूलकी, अति सिंची शुभ वारि ।
शीतल सरस समीर हित, बांधिये कसि ले द्वारि ॥१४॥

ક્યારેક ઉનાળામાં શ્રીહરિને અર્થે શીતળ પવન લાવવા માટે મુલતાની ખસની ટટ્ટી(તૃણ તથા સુગંધી મૂળિયાંની ટટ્ટી)ને દરવાજે તાણીને બાંધી ને તેના ઉપર ઠંડું પાણી રેડ્યું હોય જેથી શીતળ પવન ઘરમાં આવવાથી શ્રીહરિને ગરમી ન લાગે આવું ધ્યાન કરવું. ॥૧૪॥

चोपाई :

प्रथम चोकि कंचनकी ढारी, लाई सुगंधी शितल वारी ।
स्नेह सुगंधी भरी कटोरे, तन मर्दन करी होरे होरे ॥१५॥

ले तन पर उष्णोदक नाई, पुनि मर्दन करी तैल छोडाई ।
पुनि शीतल सुगंधी वारी, होरे होरे तन पर डारी ॥१६॥

પહેલાં સોનાનો બાજોઠ ઢાળીને તે ઉપર શ્રીહરિને બેસારવા. પછી શીતળ સારું સુગંધીમાન પવિત્ર જળ લાવીને પછી એક કટોરામાં

સુગંધીમાન અત્તર લઈને વાલાજીને તેલ લગાવી ધીરે ધીરે મર્દન કરવું. ત્યાર પછી શ્રીહરિના શરીરે લગાવેલા તેલને થોડા ગરમ પાણીથી ચોળી ચોળીને સાફ કરતાં સ્નાન કરાવવું. પછી ફરીને શીતળ સુગંધીમાન પાણી રેડતાં રેડતાં ધીરે ધીરે હેતપૂર્વક સ્નાન કરાવવું. ॥૧૫-૧૬॥

नाई रहे तब तन अंगोछी, कर चरनादिक पटसुं पोंछी ।
सुंदर सघन किनी शुभ लाई, श्वेत धोती कटि पर पेराई ॥१७॥

શ્રીહરિને સ્નાન કરાવ્યા બાદ એમના શરીરને કોરા વસ્ત્રથી લૂછવું. અને હાથ-પગાદિક અંગને વસ્ત્રથી લૂછવાં. ત્યાર પછી સુંદર પવિત્ર ઘાટું શ્વેત ધોતિયું લાવીને શ્રીહરિને કેડ પર પહેરાવવું. ॥૧૭॥

शिर पर सूक्ष्म खेस ओढाई, दे रूमाल सुंदर करमाई ।
धरिये पादुका आगे लाई, पैरी चलत शाम सुखदाई ॥१८॥

ત્યાર પછી શ્રીહરિના મસ્તક ઉપર સુંદર સુંવાળો ખેસ ઓઢાડવો અને હાથમાં રૂપકડો રૂમાલ આપવો. અને ચરણ સમીપે ચાખડીઓ લાવીને મૂકવી. તે ચાખડીઓ પહેરીને ચાલતાં સુખદાઈ શ્રીઘનશ્યામજી પોતાને ઉતારે પધારે છે એવું ધ્યાન કરવું. ॥૧૮॥

ले मलियागर चौका दीजे, अग्र धूप घृत दीपक कीजे ।
तहां चंदन कर पाट बिछाई, ता पर मखमल गदि लाई ॥१९॥

શ્રીહરિ જ્યાં બિરાજમાન થવાના હોય તે જગ્યાને મલયાગર ચંદનથી લીપવી. પછી ત્યાં ચંદનનાં લાકડાંની પાટ પધરાવીને તેની ઉપર મખમલનું ગાદલું પાથરવું. (અને તકિયાઓ મૂકવા) પછી તે પાટની આગળ અગરબત્તીઓ અને ઘીના દીવાઓ કરવા. ॥૧૯॥

धरिये कंचन कलस भरीके, शितल जल शुभ गंगाजी के ।
ता पर धरिये एक आबखोरा, के एक अम्रती भार तनी थोरा ॥२०॥

સુવર્ણ કળશમાં ઉન્મત્તગંગાનું પવિત્ર શીતળ જળ ભરીને રાખવું. તે કળશ ઉપર થોડું પાણી સમાય એવું એક આબખોરું(નાની લોટી) મૂકવું. ॥૨૦॥

ता पर आये विराजे स्वामी, अखिल लोकपति अंतरजामी ।
अैसे सुंदर वर सुखदाई, तिन कर सुभग सबहि तनमांई ॥२१॥
घसी मलियागर भरे कटोरा, डारी कपुर अत्तर थोरा ।
सो चंदन ले प्रथम ललाटे, करिये अरचा हरख अपारे ॥२२॥
ता बिच काश्मिर चंद्रक कीजे, दे अक्षत उरमहिं लखी लिजे ।

તે ગાદી-તકિયાયુક્ત બિછાવેલ પાટ ઉપર શ્રીહરિજી આવી બિરાજમાન થયા. જે શ્રીહરિ સર્વે બ્રહ્માંડોના અધિપતિ છે. સર્વના અંતર્યામી છે. એવા સુંદર શ્રેષ્ઠ સુખના દાતા શ્રીહરિના સુંદર આખા શરીરમાં અપાર હરખથી ચંદનની અર્ચા કરવી. તે માટે મલિયાગર ચંદન ઘસીને તેમાં થોડું કપૂર અને અત્તર નાખીને કટોરો ભરી મેલવો. તેમાંથી સૌ પ્રથમ પ્યારા પ્રભુના લલાટમાં પ્રેમથી આડ (અર્ચા) કરવી. તેની મધ્યે શ્રેષ્ઠ કંકુનો ચાંદલો કરવો. તેના ઉપર ચોખા લગાડવા. ॥૨૧ થી ૨૩ પૂર્વાર્ધ॥

निरखी भाल छबी बार हि बारा, पुनि चरचि कर उभय उदारा ।।२३।।
निरखिये पुनि पुनि कर हरखाई, चरची हृदय उदर सुखदाई ।
पीठी पीन उरु वर जंघा, ललित चरन गुल्फें सुउत्तंगा ॥२४॥
सोरठा : करी तन चंदन राग, दे बिंदा बिच अरुन वर ।
मानी परम बडभाग, बार बार निरखिये सुभग ॥२५॥

આવી મૂર્તિ પોતાના હૃદયમાં કલ્પીને કંડારવી. આવી રીતે પૂજા કરીને શ્રીહરિનું પૂજેલું ભાલ વારંવાર નીરખવું. ત્યાર પછી ઉદાર એવા શ્રીહરિના બંને હાથે અર્ચા કરવી અને તે હાથને હરખતે હૈયે

વારંવાર નીરખવા. પછી છાતી ઉપર ચંદન ચર્ચવું. પછી સુખદાયી ઉદર ઉપર ચંદન ચર્ચવું. પછી પીઠ ઉપર, પુષ્ટ સાથળ ઉપર, શ્રેષ્ઠ પિંડી ઉપર, ચડિયાતી બન્ને ઘૂંટીઓ ઉપર અને બન્ને ચરણોમાં ચંદનનો અંગરાગ(લેપન) કરવો. પછી તેની વચ્ચે વચ્ચે લાલ શ્રેષ્ઠ ટપકાં(ચાંદલા) કરવાં. ॥૨૩ ઉત્તરાર્ધથી ૨૫॥

चरची वर काश्मीर, चरण जुगल वर पुष्ट तर ।
अविलोकी सुरुचिर, अरुन चरन छबी सुखसदन ॥२६॥

આવા ઉત્તમ અંગરાગવાળી સુંદર મૂર્તિને પોતાનાં શ્રેષ્ઠ ભાગ્ય માનીને વારંવાર નીરખવી. શ્રેષ્ઠ કાશ્મીર(કંકુ) બન્ને પ્યારા ચરણના તળિયે લગાડવું. અતિ સુંદર કંકુ લગાડેલા લાલ ચરણની સુખસદન છબીને વારંવાર નીરખવી. ॥૨૬॥

दोहा : अति सुगंधी वर सुमन कर, रची अमित अलंकार ।
स्थल कमल रु मालती, बकुल कुंदकलि सार ॥२७॥
चंपा जाति जुथिका, मल्लिका आदि अपार ।
रची भूषन बहु भांति के, पेरावउ करी प्यार ॥२८॥

ત્યાર પછી અતિ સુગંધીવાળા શ્રેષ્ઠ ફૂલના ઘણા અલંકારો રચવા. કેવાં ફૂલો ? તો ગુલાબ, માલતી, બકુલ, શ્રેષ્ઠ મોગરાની કળી, ચંપો, જૂઈ, જૂથિકા, મલ્લિકા વગેરે અપાર ફૂલોનાં બહુ પ્રકારનાં આભૂષણ રચીને અતિ પ્રેમથી પહેરાવવાં. ॥૨૭-૨૮॥

चोपाई :
कंकन अंगद हार बनाई, करन गुछ शेखर शिर लाई ।
उजवल पाग बिच शेखर सोहे, निरखी निरखी सुरमुनिमन मोहे ॥२९॥

ફૂલોનાં કંકણ, બાજુબંધ અને વિવિધ પ્રકારના હાર બનાવીને

શ્રીહરિને ધરાવવા. કાનમાં ગુચ્છ અને મસ્તકે તોરા ધરાવવા. શ્વેત પાઘમાં સુંદર તોરા શોભે છે તેને નીરખી નીરખીને દેવો અને મુનિઓનાં મન મોહી જાય છે. ॥૨૯॥

कुंद पुष्प सम श्वेत रु कीना, सूक्ष्म महलुक रु सरस नवीना ।
पाग पिछोरी सूक्षम धराई, निरखिये नाथ छबी पुलकाई ॥३०॥

સુગંધીમાન શ્વેત મોગરાના ફૂલમાંથી બનાવેલી સુંવાળી સરસ નવીન હળવી પાઘને તથા ફૂલની સૂક્ષ્મ પછેડી ધરાવીને શ્રીહરિની સુંદર છબીને અતિ હર્ષથી નીરખવી. ॥૩૦॥

पुनि भेटिये हरि भरी बाथा, एकवार द्वे वार निज नाथा ।
जस निज प्रेम नेह उरमांई, तेही प्रकार मिलिये उर लाई ॥३१॥

પછી ભાવથી બાથ ભીડીને ભેટવું. એક વાર ભેટવું, બે વાર ભેટવું એમ જેવો પોતાના હૃદયમાં પ્રેમભાવ ઊપજે તે પ્રમાણે પોતાના નાથને છાતીએ લગાવીને મળવું. ॥૩૧॥

पुनि प्रेम भर उर उपजाई, लिजे चरनकमल उर मांई ।
धरिये शिर उपर करी प्रीति, करिये चुंबन प्रीतिकी रीति ॥३२॥

અને વળી હૈયામાં ભરપૂર પ્રેમ ઉપજાવીને શ્રીહરિનાં ચરણકમળ પોતાની છાતીએ લેવાં. વળી પ્રેમ કરીને પોતાના મસ્તક ઉપર ધારવાં અને અતિ પ્રેમથી ચુંબન કરવું. ॥૩૨॥

चंदन सहित मिले भरी बाथी, भई अपनी चंदनजुत छाती ।
लिजे चरन शिष उर माई, कुमकुम जुक्त परम सुखदाई ॥३३॥

उठे उर शिर चिह्न अभिरामा, चंदन कुमकुम कर सुखधामा ।
हार परस भये उर बिच आई, उठे अंक उर बिच सुखदाई ॥३४॥

भये कृतार्थ आजु बडभागी, अस मानिये सज्जन ग्रही त्यागी ।

ચંદન સહિત એવી શ્રીહરિની મૂર્તિને બાથમાં ભરીને મળ્યા તેથી પોતાની છાતી ચંદનવાળી થઈ હોય તથા કુંકુમ યુક્ત પરમ સુખદાઈ ચરણને પોતાના માથા ઉપર લીધા. તેથી પોતાની છાતીએ તથા પોતાના માથા ઉપર ચંદન તથા કુંકુમનાં સુંદર સુખદાઈ ચિહ્ન ઊઠે. વળી શ્રીહરિના હારનો સ્પર્શ પોતાની છાતીમાં થયો. તેનાં સુખદાઈ ચિહ્નો પોતાની છાતીમાં પડે તેને જોઈને આજે હું કૃતાર્થ થયો, આજે હું ફાવી ગયો, મારા ભાગ્યનો પાર નહીં; એમ સત્સંગી ગૃહસ્થોએ અને ત્યાગી સંતોએ મનમાં માનવું. ॥૩૩-૩૪॥

श्रीखंडपंक रु हार प्रसादी, श्रीहरि अंग परस ये आदि ॥३५॥
भयो परस्पर निज तनमहीं जानो, पुरनकाम भये युं मानो ।
यह रस सुरमुनि स्वपने न जाने, सत्शास्त्र श्रुति दुर्लभ बखाने ॥३६॥

શ્રીહરિના અંગસ્પર્શને પામેલ ચંદનનો લેપ તથા પ્રસાદીના હારનો પોતાના અને મહારાજના અંગમાં પરસ્પર સંબંધ થયો તેથી હું પૂર્ણકામ થયો છું એમ માનવું. આવા સુખના લાભને તો દેવતાઓ અને મોટા ઋષિઓ સ્વપ્નામાંય જાણતા નથી. આવી પ્રાપ્તિને સત્શાસ્ત્રો અને વેદો અતિ દુર્લભ કહીને વખાણે છે. ॥૩૫-૩૬॥

अब कंचन चोकी धरी आगे, कंचन थार भरी अनुरागे ।
भक्ष्य भोज्य लेह्य चोस्य सुचारु, खटरस बिंजन च्यार प्रकारु ॥३७॥

ત્યાર પછી સોનાના બાજોઠ ઉપર સોનાનો થાળ પ્રેમથી આગળ ધરવો. કેવો થાળ ? તો જેમાં સુંદર ભક્ષ્ય, ભોજ્ય, લેહ્ય અને ચોસ્ય એવા ખટરસ ભોજન અને ઘણાં પ્રકારનાં સુંદર શાકો ભરેલાં હોય. (આવી રીતે થાળ આગળ મૂકીને શ્રીહરિને થાળ જમવાની પ્રાર્થના કરવી.) ॥૩૭॥

जिवत जीवन धर्म कुमारा, पियत पानी हरि बार ही बारा ।
चखन चातुरी कईह न जाई, निरखी जनमन रहत लोभाई ॥३८॥

સર્વના જીવન ધર્મકુમાર શ્રીહરિ ધીરે ધીરે થાળ જમવા લાગ્યા. જમતાં જમતાં વારે વારે પાણી પીવે છે. શ્રીહરિની ભોજન ચાખવાની ચતુરાઈ વર્ણવી ન શકાય એવી છે. જમતા શ્રીહરિને નીરખીને સર્વે જનોનાં મન લોભાઈ રહે છે. ॥૩૮॥

सोरठा : भरत कौरव अति थोर, रहत भराई कपोलमुख ।
निरखत भक्त चकोर, वदनचंद्र छबी अति सरस ॥३९॥

શ્રીહરિ ગલોફામાં આરામથી રાખી શકાય એવા અતિ નાના કોળિયા મુખમાં લઈને જમે છે. એ વખતે શ્રીહરિની ચંદ્રમા જેવા મુખકમળની અતિ સુંદર શોભાને ચકોરરૂપ ભક્તો જોઈ રહ્યા છે. ॥૩૯॥

का कहिये कछु बात, अति दुर्लभ सो भये सलभ ।
पुरुषोत्तम साक्षात, करुनारस बरसतसु नित ॥४०॥

અરે ! આ અવસરની શું વાત કરું ? અતિ દુર્લભ એવા સર્વાવતારી પુરુષોત્તમનારાયણ સુલભ થયા. સાક્ષાત્ શ્રીહરિ નિત્ય નિત્ય સૌના ઉપર કરુણારસને વરસાવે છે. ॥૪૦॥

दोहा : अचवन करी मुखवास ले, सुंदर बिरा पान ।
सरस सुसीतल सेज पर, राजत रूप निधान ॥४१॥

આવી રીતે શ્રીહરિ થાળ જમ્યા પછી સુંદર પાનબીડાનો મુખવાસ લે છે. પછી સુંદર શીતળ પલંગ ઉપર રૂપનિધાન શ્રીહરિ બિરાજમાન છે. ॥૪૧॥

ढोरत पवन पंखा ग्रही, निज जन हरख सहीत ।
प्रीते पूजा मानसी, उष्ण कालमें नीत ॥४२॥

પોતાના પ્રેમી સેવકો હરખભેર હૈયે હાથમાં પંખા લઈને શ્રીહરિને પવન ઢોળે છે. આવી રીતે ઉષ્ણઋતુમાં પ્રેમે સહિત નિત્ય માનસી

પૂજા કરવી. ॥૪૨॥

चोपाई :

अब सुनिये हरिजन करी प्रीति, शिशिर ऋतुमहीं पूजा रीति ।
मानसी पूजा हरिकी किजे, बरनुं रीत सो सब सुनी लिजे ॥४३॥

હે ભક્તજનો ! હવે શિયાળામાં કરવાની માનસી પૂજાની રીતિ કહું છું તેને પ્રેમથી સાંભળો. ॥૪૩॥

प्रथम करी तन मर्दन प्रीते, तैल सुगंधी ले रस रीते ।
कनक पीठ पर हरि बैठाई, उष्ण नीरसुं नाथ नवाई ॥४४॥

સૌ પ્રથમ સુગંધીમાન તેલ લઈ શ્રીહરિના શરીરનાં અંગેઅંગને ચોળવાં. ત્યારપછી શ્રીહરિને સુંદર સોનાના બાજોઠ ઉપર બેસાડીને ગરમ પાણીથી સ્નાન કરાવવું. ॥૪૪॥

दिजे करमें लेई रूमाला, अंग अंगोछत दीन दयाला ।
पुनि पेराईये श्वेत एक खेसा, पेरी पादुका चले सुरेसा ॥४५॥

શ્રીહરિજી સ્નાન કરી રહે એટલે એમના હાથમાં એક રૂમાલ આપવો. દીનદયાળુ શ્રીહરિ પોતાનાં અંગોઅંગ લૂછી રહે પછી એક શ્વેત ખેસ પહેરાવવો. પછી સર્વેશ્વર શ્રીહરિ પાદુકા પહેરીને મંદિરે પધારે છે એમ મનમાં ચિંતવવું. ॥૪૫॥

मंदिर बीच पलंग पर भारी, मखमलकी गदी एक डारी ।
ता पर श्वेत ओछाडी चोतारी, बांधी सेजबंध चंदनी भारी ॥४६॥

ता पर पधराई महाराजा, भक्तवछल हरि गरीब निवाजा ।
पुनि सुरवाल पेराई प्रीते, किनखाप कर अति रस रीते ॥४७॥

મંદિરમાં અતિ સુંદર પલંગ કે જેના ઉપર સેજબંધ લટકતા હોય, સુંદર ચંદરવો બાંધ્યો હોય આવા શોભાયમાન પલંગ ઉપર એક મખમલનું

ગાદલું પાથરી તેના ઉપર શ્વેત ચાદર ઓછાડી ભક્તવત્સલ ગરીબ નિવાજ રાજાધિરાજ શ્રીહરિને બિરાજમાન કરવા. પછી કિનખાબનો સુંદર સુરવાળ અતિ પ્રેમથી પહેરાવવો. ॥૪૬-૪૭॥

रेसमनाडी तामहीं सोहे, लटकत फुंमक लखी मन मोहे ।
ता पर आंगा सरस पेराई, किनखापका अति सुखदाई ॥४८॥

ता पर पट कटि कसे सोनेरी, प्रफुलित होत भक्तजन हेरी ।
पुनि बांधे शिर जरकसी चीरा, ओढे शाम दुपट्टा पीरा ॥४९॥

સુરવાળની રેશમી નાડી સુંદર શોભે છે. નાડીનાં લટકતાં ફૂમકાંને જોઈને ભક્તોનાં મન મોહે છે. આવા સુંદર સુરવાળ ઉપર કીનખાબનું અંગરખું સુખદાઈ એવા શ્રીહરિને ધારણ કરાવવું અને તેની ઉપર સોનેરી ભેટ કસીને બાંધવી. તેને જોઈને ભક્તજનો બહુ રાજી થાય છે. પછી મસ્તકે જરકશી પાઘ બાંધવી અને શ્રીહરિને પીળો દુપટ્ટો ઓઢાડવો. ॥૪૮-૪૯॥

कौस्तुभ विद्रुम मरकत माला, स्फटिक वैडुर्य रसाला ।
निलमणि सिंदुर्य सोहाई, बउत भांति मनिमाल धराई ॥५०॥

શ્રીહરિએ કૌસ્તુભમણિ ધારણ કર્યો છે. વળી પરવાળા, નીલમણિ, સ્ફટિક મણિ અને આસમાની રંગના હીરાના અમૂલ્ય હાર ધારણ કર્યા છે. વળી નીલમણિ અને સિંદુરી જેવા મણિથી ગૂંથેલાં રત્નોની શોભાયમાન મણિમાળા શ્રીહરિએ ધારણ કરી છે. ॥૫૦॥

पुनि पोखराज रूपना पिरोजा, कनकजटित लखि मोयो मनोजा ।
बहुत भांतिके रत्न प्रवाला, छीपसुत गज मुक्तामाला ॥५१॥

વળી, શ્રીહરિએ પોખરાજ રૂપના અને પિરોજા વગેરેથી જડેલો સોનાનો હાર ધારણ કર્યો છે તથા બહુ પ્રકારના રત્નપ્રવાળા, છીપમાં

થયેલા મોતી તથા ગજમોતીથી બનેલી મોતીની માળા ધારણ કરી છે. એવા શ્રીહરિના સ્વરૂપને જોઈને કામદેવ પણ મોહ પામ્યો છે. ।।૫૧।।

हाटक रजतमें जटित अनुपा, ए सब नंग परम रसरूपा ।
अंग अंग प्रति भूखन धारी, निरखीये छबी लाज जग टारी ।।५२।।

ચાંદીમાં અને સોનામાં આ બધા નંગ જડીને અનુપમ રસરૂપ સુંદર અલંકારો અંગોઅંગ પ્રતિ ધારણ કર્યા છે. એવા શ્રીહરિની છબિ લોકલાજ ટાળીને જોયા જ કરીએ. ।।૫૨।।

सोरठा : शिर धरे रत्नापीड, मकराकृति करन निलसत ।
भई मुनिजन की भीड, थकित लखी भये चित्रवत ।।५३।।

શ્રીહરિએ મસ્તક ઉપર રત્નજડીત મુગટ ધારણ કર્યો છે, કાનમાં મકરાકાર કુંડળ શોભી રહ્યા છે. શ્રીહરિની આવી મૂર્તિનાં દર્શન કરવા મુનિજનોની ભીડ જામે છે. શ્રીહરિનાં આવાં દર્શન કરીને મુનિઓ આશ્ચર્ય-ચકિત થઈને જાણે ચિત્રમાં દોર્યા હોય તેમ સ્થિર થઈ જાય છે. ।।૫૩।।

कंठाभरन रु हार, अंगद कंकन लसत कर ।
सजी भूषन तन सार, अंगअंग लखी धरिये उर ।।५४।।

શ્રીહરિ કંઠાભૂષણ અને હારથી શોભી રહ્યા છે અને બાજુબંધ અને કંકણથી શ્રીહરિના કર શોભી રહ્યા છે. આવાં શ્રેષ્ઠ ભૂષણો ધારણ કરેલી મૂર્તિનાં અંગોઅંગનાં દર્શન કરીને ઉરમાં ધારવાં. ।।૫૪।।

दोहा : दिव्य रत्नमय भूषन, कनक बसन अभिराम ।
सब अंग प्रति धराय के, निरखियें सुंदर शाम ।।५५।।

દિવ્ય રત્નમય ભૂષણો તથા સોના સરખાં ચળકતાં સુંદર વસ્ત્રો શ્રીહરિનાં બધાં જ અંગોમાં પ્રેમથી ધારણ કરાવીને સુંદરશ્યામ શ્રીહરિની મૂર્તિને ખૂબ નીરખવી. ।।૫૫।।

ले काश्मिर वर भाल बिच, चंद्रक एक बनाय ।
नख शिख छबी विलोकि के, लिजे सुख उर लाय ।।५६।।

કંકુ લઈને શ્રીહરિના શ્રેષ્ઠ કપાળમાં ચાંદલો કરીને પૂજા કરવી. પછી નખશિખ મૂર્તિને નીરખીને ઉરમાં લાવીને ખૂબ સુખ લેવું. ।।૫૬।।

भोजन सरस सुधारी के, खटरस च्यार प्रकार ।
धरिये आगे प्रीत करी, जिवत प्रान आधार ।।५७।।

ત્યાર પછી પ્રાણઆધાર શ્રીહરિને સુંદર રસવાળાં, ચોકસાઈથી ચોખ્ખી રીતે બનાવેલાં ચાર પ્રકારના છયે રસોએ યુક્ત સુંદર ભોજનનો થાળ પ્રેમથી આગળ ધરવો. અને શ્રીહરિ ધીરે ધીરે ભોજન જમે છે તેનાં ભાવથી દર્શન કરવા. ।।૫૭।।

(હવે ચોમાસાના ચાર મહિનામાં કરવામાં આવતી માનસી પૂજાનો પ્રકાર કહે છે.)

चोपाई :

च्यार मास बरखा रितुमांई, हरिजन सुनो सबे चित लाई ।
यह बिधि मानसी पूजा कीजे, सुनि श्रवने अंतर लखी लीजे ।।५८।।

હવે સર્વે હરિજનો ચિત્ત લગાવી સાંભળો. ચોમાસાની ઋતુના ચાર મહિનામાં જે પ્રકારે માનસી પૂજા કરવાની છે તેને શ્રવણે સાંભળીને અંતરમાં લખી લો. ।।૫૮।।

मनउ हरि कोउ गावते आये, निरखी छबी दृग आनंद पाये ।
श्वेत बसन तनमें सब भींजे, ये छबी सम कहां उपमा दिजे ।।५९।।

માનો કે શ્રીહરિ કોઈ ગામથી આવ્યા. (અને વરસાદ વરસતો હતો તેથી) તન ઉપર ધારેલાં શ્વેત વસ્ત્રો સર્વે પલળી ગયાં છે. આવી છબીને નેણે નીરખી નીરખીને આનંદ પામવો જે, ‘અહો ! આ છબીની સમાન

એવું કોણ છે કે જેની ઉપમા દઈએ !?' ॥૫૯॥

मनउ सुमनशर भव संग जाई, होई सुभटतर लई लराई ।
भयो रसबस श्रमवारि अनंगा, यह प्रकार सोहत श्रीरंगा ॥६०॥

પુષ્પના બાણ લઈને શંકરની સામે જઈને તેમની સાથે અતિ શૂરવીર થઈ કામદેવે લડાઈ લીધી અને તેથી પરસેવાથી સર્વે અંગો રસબસ થયાં હતાં. માનો એ જ પ્રકારે શ્રીહરિ શોભે છે. ॥૬૦॥

अथवा उन्मत्त गंगा मांई, मुनिवर सहित हरिवर जाई ।
गंगा नाई के अंतरजामी, आये सजल पटभर घर स्वामी ॥६१॥

અથવા મુનિવરની સાથે હરિવર ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા. અંતર્યામી એવા શ્રીહરિ ઘેલામાં સ્નાન કરીને જાણે ભીનાં કપડાં ભર જ ઘેર આવ્યા હોય ને શું ? એમ ચિંતવવું. ॥૬૧॥

सो पट सब लिजे उतराई, दिजे कुसुंमल अंबर लाई ।
सरस कुसुंबी तारजुत भारी, पेराई लीजे उर धारी ॥६२॥

તે ભીંજાયેલાં સર્વે વસ્ત્રો ઉતરાવીને સુંદર કસુંબલ વસ્ત્રો શ્રીહરિને ધારણ કરાવવાં. સુંદર, કસુંબી તારે યુક્ત કિંમતી વસ્ત્રો પાઘ વગેરે ધારણ કરાવી શ્રીહરિની મૂર્તિને ઉરમાં ધારવી. ॥૬૨॥

केसर चंदन सरस उतारी, कीजे खोर भाल बिच सारी ।
ता बीच दिजे कुमकुम बिंदा, सोहत नटवर सरस गोविंदा ॥६३॥

ત્યાર પછી ઉતારેલાં સુંદર કેસર-ચંદનથી શ્રીહરિના ભાલમાં સુંદર અર્ચા કરવી. તેને મધ્યે કુંકુમનો ચાંદલો કરવો. આવા શોભાયમાન સર્વાવતારી શ્રીહરિનું ધ્યાન કરવું. ॥૬૩॥

सुंदर सरस हवेली मांई, तामें सुंदर सेज बिछाई ।
राजत ता पर परम सुधीरा, धर्मकुंवर राम कर बीरा ॥६४॥

સુંદર સારી હવેલી હોય તેમાં સુંદર બિછાવેલી સેજ હોય તેના ઉપર રામપ્રતાપના ભાઈ અતિશે ધીર એવા ધર્મકુંવર શ્રીહરિ બિરાજમાન થયા, આમ મનમાં ધારવું. ॥૬૪॥

आगे कंचन चोकी ढारी, भरी सुंदर शीतल जल कठारी ।
खटरस सरस च्यारी प्रकारा, अपने मनकी रुचि अनुसारा ॥६५॥
कंचन थार भरी धरी आगे, जिवत नाथ करी अनुरागे ।
धूप रु दीप निराजन कीजे, यथा प्राप्त चितवी सुख लीजे ॥६६॥

શ્રીહરિની આગળ સોનાનો બાજોઠિયો ઢાળી શીતળ જળની સુંદર કઠારી ભરી, છ પ્રકારના રસવાળાં સ્વાદિષ્ટ ચાર પ્રકારનાં ભોજન કે, જે પોતાના મનમાં ખાવાને રુચતાં હોય એવાં સોનાના થાળમાં ભરી બાજોઠ ઉપર ધરવાં. ફરતા ધૂપ-દીપ કરવા. પ્રેમથી આરતી કરવી. અતિપ્રેમથી જમતા શ્રીહરિને ચિંતવીને ખૂબ સુખ લેવું. ॥૬૫-૬૬॥

यह प्रकारे जो भक्त परवीना, त्रय ऋतुमहिं पूजा भिन्न भिन्ना ।
प्रीत करी जन करे जो कोई, ता के हेत हरिसुं होई ॥६७॥

જે બુદ્ધિમાન ભક્તો આ પ્રકારે ત્રણેય ઋતુમાં ભિન્ન-ભિન્ન પ્રકારે પ્રેમથી પૂજા કરે તો તેઓને શ્રીહરિમાં હેત થાય છે. ॥૬૭॥

सोरठा : दृढ सनेह हरि साथ, बढत भक्त उर दिन-हि-दिन ।
भक्त नेह बस नाथ, बसत आय उर अखंड हरि ॥६८॥

આ પ્રકારે કરવાથી તે ભક્તજનને શ્રીહરિની સાથે દઢ સ્નેહ થાય છે અને તે સ્નેહ દિન-પ્રતિદિન વધતો જ જાય છે. પછી ભક્તના પ્રેમને વશ સર્વાત્મા શ્રીહરિ એના હૃદયમાં પ્રગટ થઈને અખંડ વાસ કરે છે. (અખંડ દર્શન આપે છે) ॥૬૮॥

होत एकांतिक दास, मानसिक प्रताप बल ।
होय हरिचरन निवास, तजे आस तन अहं ममत ॥६९॥

શ્રીહરિની આવી કલ્યાણકારી માનસીપૂજાના પ્રતાપ વડે ભક્તોને ખૂબ બળ મળે છે અને તે એકાંતિક દાસ બને છે. એવા ભક્તના અહં-મમત્વ, આશા-તૃષ્ણા નિર્મૂળ થઈ જાય છે અને એક શ્રીહરિના ચરણમાં જ તેનું મન નિત્ય રહે છે. ॥૬૯॥

दोहा : यह प्रकार नित भक्तजन, पंचकाल कर प्रीत ।
मानसी पूजा कीजिये, स्नेह सहित एक चित्त ॥७०॥

આ પ્રકારે નિત્ય પ્રત્યે સર્વ ભક્તજનોએ દિવસમાં પાંચવાર સ્નેહ સહિત એકચિત્તે માનસીપૂજા કરવી. ॥૭૦॥

सब साधन सिद्धांत हे, सब सुक्रित फल जानी ।
प्रेमानंद कहे कीजियो, प्रेम प्रीति उर आनी ॥७१॥

પ્રેમાનંદસ્વામી કહે, આ માનસીપૂજા તે સર્વ સાધન તથા સર્વે સુકૃતના ફળસ્વરૂપ જાણી ઉરમાં અતિ પ્રેમ આણીને સર્વે ભક્તજનો નિત્ય કરજો. આ સિદ્ધાંત વાર્તા છે. ॥૭૧॥

इति श्रीसहजानंदस्वामिशिष्य प्रेमानंदमुनिविरचितायां श्रीहरिध्यानमंजर्यां श्रीहरिकृष्ण मानसिकपूजावर्णन नामा दसम प्रकाशः ॥१०॥

પ્રકાશ : ૧૧

શ્રીહરિના સંતનામ વર્ણન

(હવે બે પ્રકાશમાં પ્રેમમૂર્તિ પ્રેમાનંદસ્વામી પુરુષોત્તમના પ્યારા બ્રહ્મચારીઓ તથા પરમહંસોનાં વિશેષણો સહિત નામોનું વર્ણન કરે છે.)

दोहा : सहजानंद महाराज के, अक्षर निवासी संत ।
करत हे पूजा मानसी, पंच काल करी खंत ॥१॥

શ્રીસહજાનંદસ્વામી મહારાજના અક્ષરમુક્ત સંતો પાંચેય કાળની માનસીપૂજા ખંતથી કરે છે. ॥૧॥

अक्षरपति हरिकृष्ण संग, धर्यो नरविग्रह आय ।
धरे नाम नंद अर्थजुत, सो कछु बरनुं सुनाय ॥२॥

અક્ષરાધિપતિ શ્રીહરિકૃષ્ણ મહારાજની સાથે આવીને જેમણે મનુષ્યદેહ ધાર્યો છે અને જેઓએ 'નંદ' પદાંત અર્થે યુક્ત નામ ધારણ કર્યાં છે. (એવા નંદસંતો આદિના) તે નામોનું કંઈક વર્ણન કરીને સંભળાવું છું. ॥૨॥

सोरठा : नाम सुनत सम होत, जरि छार अघओघ सब ।
उरमहीं होत उद्योत, दिव्य मूर्ति हरिकृष्ण कर ॥३॥

તે સંતોનાં નામો સાંભળવાથી કલ્યાણ થાય છે અને સર્વ પાપના

સમૂહો બળી જાય છે. વળી અંતરમાં દિવ્યમૂર્તિ એવા શ્રીહરિકૃષ્ણ મહારાજનો પ્રકાશ થાય છે. ॥૩॥

संत हरि हरिजन, ध्यानमूर्ति कहे श्रुति सकल ।
अर्पि चरन तनमन, सेवउ संत हरि हरन भव ॥४॥

ધ્યાનમૂર્તિ શ્રીહરિની સાથે સંતો અને હરિભક્તો પણ ધ્યાન કરવા યોગ્ય છે; એમ સકળ શ્રુતિઓ કહે છે. શ્રીહરિના ચરણમાં તન-મન સમર્પીને, જન્મ-મરણરૂપ સંસારને હરનારા શ્રીહરિ અને સંતોને સેવવા. ॥૪॥

ब्रह्मरूप सब संत, करत भक्ति हरि की सरस ।
सोहत संत अंत्यत, धर्म ज्ञान वैराग्य जुत ॥५॥

સર્વે સંતો બ્રહ્મરૂપે રહીને રસપૂર્વક શ્રીહરિની ભક્તિ કરે છે અને ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે યુક્ત હોવાથી અત્યંત શોભે છે. ॥૫॥

चोपाई :

ब्रह्मरूप तप त्याग सहिता, तिंनके लछन गावत गीता ।
हरि मूर्ति महिं रहत हें लीना, अैसे साधु परम प्रवीना ॥६॥

બ્રહ્મરૂપ વળી તપ-ત્યાગે યુક્ત સંતોનાં લક્ષણ ગીતા ગાય છે. એવા પરમ પ્રવીણ સંતો હરિમૂર્તિમાં લીન રહે છે. ॥૬॥

तिनकर नाम सुने हें काना, यथामति बरनुं करी ध्याना ।
श्री उद्धव देशिक शिर राजा, जिन कलिमें बांधी दृढ पाजा ॥७॥

उतरत भव नरनारी वृन्दा, भजत भक्तिसुत सहजानंदा ।
जिन निज मत जग थापन कीना, श्रुति स्मृति परमान प्रवीना ॥८॥

भुभ्रत तोरी ज्युं निकसी गंगा, त्युं उद्धवमत प्रगटए उत्तंगा ।
धर्म ज्ञान वैराग्य विवेका, यह खेंची सब मत्त शिररेखा ॥९॥

શ્રીહરિનું ધ્યાન કરીને એ નંદસંતોનાં નામ જે મેં કાને સાંભળ્યાં છે તે યથામતિ વર્ણવું છું. શ્રીઉદ્ધવજી સર્વે આચાર્યોમાં શ્રેષ્ઠ છે. (કેમ જે, એમને શ્રીકૃષ્ણ ભગવાને પ્રભાસપાટણમાં પોતાનું યથાર્થ જ્ઞાન આપીને જ્ઞાનાચાર્ય સ્થાપ્યા હતા.) જેમણે કળિયુગમાં ધર્મની દઢ પાળ બાંધી. (તે પાળ ઉપર ચાલીને) નરનારીના સમૂહો ભક્તિપુત્ર શ્રીસહજાનંદસ્વામીને ભજે છે અને ભવપાર ઊતરે છે. જેઓએ શ્રુતિ-સ્મૃતિના પ્રમાણરૂપ શ્રેષ્ઠ પોતાનો મત(સંપ્રદાય) જગતમાં સ્થાપન કર્યો. જેમ પહાડો તોડીને ગંગાજી પ્રકટ થયા તેમ જ (મતપંથરૂપી પહાડો તોડીને) શ્રેષ્ઠ એવો ઉદ્ધવ સંપ્રદાય રામાનંદસ્વામી દ્વારા પ્રગટ થયો. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, વિવેક વગેરે સર્વે મતપંથને માથે આ ઉદ્ધવ સંપ્રદાયે રેખા ખેંચી (અર્થાત્ સર્વશ્રેષ્ઠતા સાબિત કરી.) ॥૭ થી ૯॥

सो उद्धव रामानंद स्वामी, संतरूप बिचरे बहुनामी ।
भक्ति धर्मसुत सहजानंदा, तजि देह भये परम स्वछंदा ॥१०॥
भयो आत्रेय शाप तब दूरी, रहे श्री स्वामी चरन हजूरी ।

એવા જે ઉદ્ધવજી તે જ રામાનંદસ્વામીરૂપે હતા. તે સંતરૂપે ભક્તિધર્મના બહુનામી પુત્ર સહજાનંદસ્વામી ધરતી ઉપર વિચર્યા. (અર્થાત્ રામાનંદ સ્વામી દ્વારા શ્રીહરિએ શ્રેષ્ઠ ઉદ્ધવમત સ્થાપી કલ્યાણકારી મોક્ષ-માર્ગ ચલાવ્યો.) ત્યાર પછી રામાનંદસ્વામી દેહ છોડીને આ લોકમાંથી મુક્ત થયા ત્યારે દુર્વાસાનો શાપ દૂર થયો. અને શ્રીરામાનંદસ્વામી બદરિકાશ્રમમાં પોતાના સ્વામીના ચરણ હજૂરી થઈને રહ્યા. ॥૧૦-૧૧ પૂર્વાર્ધ॥

कछुक बटुक कर नाम अनूपा, बरनुं यथामति नैष्ठिक भूपा ॥११॥

(આવા તે રામાનંદસ્વામી દ્વારા પ્રસ્થાપિત ઉદ્ધવ સંપ્રદાયના) કેટલાક નૈષ્ઠિક વ્રતવાળાઓમાં શ્રેષ્ઠ એવા અનુપમ બ્રહ્મચારીઓનાં નામો હું પ્રેમાનંદસ્વામી મારી બુદ્ધિ પ્રમાણે વર્ણવું છું. ॥૧૧ ઉત્તરાર્ધ॥

नैष्ठिकेन्द्र बर्निन्द्र मुकुंदा, ब्रह्मचारी जयराम स्वछंदा ।
वासुदेवानंद प्रबीना, वैकुंठानंद हरि पद लीना ॥१२॥
बर्नि विष्णु महाव्रतभारी, हरिकृष्णानंद हरि पर वारी ।
हरियानंद बर्नि बडभागी, राघवानंद महा दृढ त्यागी ॥१३॥

સર્વે નૈષ્ઠિક બ્રહ્મચારીઓમાં અતિ શ્રેષ્ઠ એવા વર્ણીરાજ મુકુંદાનંદ (મૂળજી) બ્રહ્મચારી તથા જેરામ બ્રહ્મચારી તથા પ્રવીણ વાસુદેવાનંદ બ્રહ્મચારી તથા હરિપદમાં લીન વૈકુંઠાનંદ બ્રહ્મચારી, મહાવ્રતધારી વર્ણી વૈષ્ણવાનંદ બ્રહ્મચારી તથા હરિ ઉપર વારી ગયેલા હરિકૃષ્ણાનંદ બ્રહ્મચારી, મોટાં ભાગ્યવાળા હર્યાનંદ બ્રહ્મચારી, મહાન દઢ ત્યાગી રાઘવાનંદ બ્રહ્મચારી. ॥૧૨-૧૩॥

बर्निराज रनछोड बखाने, राज काज समर्थ सब जाने ।
ऋषि केशवानंद हे नामा, रामकृष्ण बर्नि गुनधामा ॥१४॥

રાજકાજને સર્વ રીતે જાણનારા વખાણવા યોગ્ય સમર્થ રણછોડાનંદ બ્રહ્મચારી, ઋષિકેશવાનંદ બ્રહ્મચારી, ગુણનું ધામ એવા રામકૃષ્ણાનંદ બ્રહ્મચારી. ॥૧૪॥

जगन्नाथ बर्निवर नामा, नारायनानंद सुखधामा ।
गोविंदानंद बर्नि गोपाला, आनंदानंद भजे वृषलाला ॥१५॥
गिरिधरानंद नाम अघहारी, भजत धर्मसुत कृष्ण मुरारि ।
अनंतानंद अखिलगुन पूरा, भजे भक्ति सुत रही हजूरा ॥१६॥

વર્ણીશ્રેષ્ઠ જગન્નાથાનંદ બ્રહ્મચારી, નારાયણાનંદ બ્રહ્મચારી, ગોવિંદાનંદ બ્રહ્મચારી, ગોપાલાનંદ બ્રહ્મચારી, આનંદાનંદ બ્રહ્મચારી, ગિરિધરાનંદ બ્રહ્મચારી, સર્વ ગુણોથી પૂર્ણ અનંતાનંદ બ્રહ્મચારી – આ સર્વે બ્રહ્મચારી ધર્મપુત્ર પ્રગટ હરિકૃષ્ણ શ્રીહરિની હજૂરમાં રહીને તેમની ભક્તિ કરતા હતા. ॥૧૫-૧૬॥

दोहा : पुरुषोत्तमानंद महामति, निपुन शास्त्र अर्थमांई ।
भजे धर्मसुत प्रीत करी, चरने चित्त लगाई ॥१७॥
बर्नि उदारानंद व्रती, नृसिंहानंद नाम ।
धर्मस्वरूपानंद जति, भजत सदा घनशाम ॥१८॥

સર્વ શાસ્ત્રોમાં નિપુણ એવા પુરુષોત્તમાનંદ બ્રહ્મચારી કે જે ધર્મસુત શ્રીહરિમાં દૃઢ પ્રીતિ કરી, ચરણમાં ચિત્ત લગાવીને શ્રીહરિને અખંડ ભજે છે. દૃઢ વ્રતવાળા ઉદારાનંદ બ્રહ્મચારી, નૃસિંહાનંદ બ્રહ્મચારી, સદા ઘનશ્યામને ભજનારા જતિ ધર્મસ્વરૂપાનંદ બ્રહ્મચારી. ॥૧૭-૧૮॥

सोरठा : शान्तानंद सुखरूप, नीलकंठानंद भजत हरि ।
बर्नि परम अनूप, भजे धर्मसुत प्रगट प्रभु ॥१९॥
बर्नि अचिंत्यानंद, कृष्णानंद बर्नि शुभग ।
पुरुषानंद स्वछंद, सुखानंद भजे नाथपद ॥२०॥

સુખરૂપ હરિને ભજતા એવા શાંતાનંદ બ્રહ્મચારી, નીલકંઠાનંદ બ્રહ્મચારી, પરમ શ્રેષ્ઠ આ વર્ણીઓ પ્રગટ પ્રભુના આશ્રિત હતા. અચિંત્યાનંદ બ્રહ્મચારી, અતિ ભાગ્યશાળી કૃષ્ણાનંદ બ્રહ્મચારી, પુરુષાનંદ બ્રહ્મચારી, શ્રીહરિના ચરણને ભજતા સુખાનંદ બ્રહ્મચારી. ॥૧૯-૨૦॥

चोपाई :
शुकप्रकाशानंद सुजाना, भजे घनशामानंद भगवाना ।
हरियानंद हरि पर वारी, महानैष्ठिक सबहि ब्रह्मचारी ॥२१॥
बर्नि बिरक्त अखंडानंदा, भजत शाम तोरी सब फंदा ।
माधवानंद महागुनधामा, आत्मानंद भजत घनशामा ॥२२॥
लक्ष्मीनारायनानंद कहावे, केशवानंद हरिगुन गावे ।
पूर्नानंद प्रभुकुं प्यारा, ईश्वरानंद ईश उर धारा ॥२३॥

સારું જાણનાર શુકપ્રકાશાનંદ બ્રહ્મચારી, ઘનશ્યામને ભજતા ઘનશ્યામાનંદ બ્રહ્મચારી, હરિ પર વારી ગયેલા હર્ષાનંદ બ્રહ્મચારી, વૈરાગ્યવાન સર્વે ફંદને તોડી ભગવાનને ભજનારા વૈરાગ્યવાન અખંડાનંદ બ્રહ્મચારી, મહાગુણોનું ધામ માધવાનંદ બ્રહ્મચારી, આત્માનંદ બ્રહ્મચારી, લક્ષ્મીનારાયણાનંદ બ્રહ્મચારી, કેશવાનંદ બ્રહ્મચારી, પ્રભુને પ્યારા પૂર્ણાનંદ બ્રહ્મચારી, ઈશ્વરાનંદ બ્રહ્મચારી – આ સર્વે મહા નૈષ્ઠિક બ્રહ્મચારી હતા અને પ્રગટ શ્રીહરિ ઉપર મોહી અખંડ હરિગુણ ગાતા હતા. ॥૨૧ થી ૨૩॥

बिजयानंद महाव्रतधारी, त्याग किंन जग समझी बिच्यारी ।
त्रिकमानंद त्यागी सब तृष्णा, त्यागानंद भजत हरिकृष्णा ॥२४॥

सुब्रतानंद महाव्रत लीना, उर धरी हरि और तजी दीना ।
जयानंद बर्नि बडभागी, जाकी प्रीत प्रभु संग लागी ॥२५॥

જેણે સમજી વિચારી જગતનો ત્યાગ કર્યો છે એવા મહાવ્રતધારી વિજયાનંદ બ્રહ્મચારી, જેણે સર્વ તૃષ્ણા ત્યાગી છે એવા ત્રિકમાનંદ બ્રહ્મચારી, હરિકૃષ્ણને ભજતા ત્યાગાનંદ બ્રહ્મચારી, જેઓએ ભગવાનને હૃદયમાં ધારી બીજું બધું જ તજી દીધું છે તથા મહાવ્રતમાં લીન રહેનારા એવા સુવ્રતાનંદ બ્રહ્મચારી અને જેની પ્રીત પ્રભુ સાથે લાગી છે એવા બડભાગી જયાનંદ બ્રહ્મચારી. ॥૨૪-૨૫॥

ज्ञानप्रकाशानंद सुजाना, अनुपमानंद भजे भगवाना ।
एक एक नाममें जानो अनेका, बर्नि वृंद सबहि हम देखा ॥२६॥

જ્ઞાનપ્રકાશાનંદ બ્રહ્મચારી, અનુપમાનંદ બ્રહ્મચારી, એક-એક નામના અનેક વર્ણીઓ જાણજો. ડાહ્યા ને ભગવાનને ભજતા એવા આ સર્વે બ્રહ્મચારીઓને મેં જોયા છે. ॥૨૬॥

अष्ट प्रकार ब्रह्मचर्य राखी, बिचरत महि प्रभुपद अभिलाखी ।
धर्म ज्ञान तप-त्याग सहीता, रसना जित अचल अनिकेता ।।२७।।

भक्ति-धर्म सुत चरन उपासी, विद्या बिनय ज्ञान सुखरासी ।
भजत सदा सहजानंद स्वामी, बर्नि वृंद महा निष्कामी ।।२८।।

અષ્ટ પ્રકારનું બ્રહ્મચર્ય રાખી ભગવત્ચરણ સેવાના અનુરાગી છે, ધરતી ઉપર વિચરતા એવા, ધર્મ-જ્ઞાન તપસ્યાએ યુક્ત જેમણે અચળપણે રસના ઇન્દ્રિય જીતી છે, જેમણે કેવળ શ્રીહરિ માટે જ ઘર છોડ્યું છે, અને જે ભક્તિ-ધર્મના પુત્ર પ્રગટ શ્રીહરિચરણના જ ઉપાસી તથા વિદ્યા-વિનય-જ્ઞાનના સુખરાશી એવા અખંડ પ્રગટ પ્રભુ શ્રીસહજાનંદસ્વામીને ભજનારા આ સર્વે મહાનિષ્કામી બ્રહ્મચારીઓ હતા. ।।૨૭-૨૮।।

(આટલા બ્રહ્મચારીઓનાં નામ લખ્યાં પછી હવે સ્વામી સંતોનાં ગુણો તથા નામો લખે છે.)

प्रगट स्वरूप दरस जिन कीना, तिन कर नाम लिखि हम लीना ।
अब बरनुं संतनकर नामा, सुनी जन होत परम निष्कामा ।।२९।।

भाई रामदासजी नामा, धर्म रु ज्ञान त्याग तप धामा ।
संतदास तन गति स्वछंदा, अखिल लोक बिचरत निर्बंधा ।।३०।।

જેઓએ પ્રગટ સ્વરૂપ શ્રીહરિના દર્શન જેણે કર્યા છે એવા બ્રહ્મચારીઓનાં નામ મેં લખ્યાં. હવે સંતોનાં નામોનું વર્ણન કરું છું. જેને સાંભળીને માણસો પરમ નિષ્કામી બને. ધર્મ, જ્ઞાન, ત્યાગ અને તપના ધામરૂપ ભાઈ રામદાસજીસ્વામી, સર્વે લોકમાં નિર્બંધપણે વિચરનારા, જેમના શરીરની ગતિ સ્વતંત્ર હતી એવા સંતદાસસ્વામી. ।।૨૯-૩૦।।

महामुक्त मुक्तानंद स्वामी, ब्रह्मानंद मुनि महानिष्कामी ।
तरनि तुल्य उभय कविराउ, बुद्धि विधि ज्ञान दरियाउ ।।३१।।

नित्यानंद मुनि ज्ञान प्रविना, मुनि गोपाल ब्रह्मसुख लीना ।
चैतन्यानंद महाव्रतधारी, शुक मुनि सरस बाल ब्रह्मचारी ॥३२॥

મહામુક્ત મુક્તાનંદસ્વામી, મહા નિષ્કામી બ્રહ્માનંદસ્વામી આ બન્ને કવિઓ સૂર્ય તુલ્ય હતા અને બુદ્ધિમાં બ્રહ્મા સમાન અને જ્ઞાનમાં સાગર સમાન હતા. શ્રેષ્ઠ જ્ઞાન ધરાવનાર નિત્યાનંદસ્વામી, બ્રહ્મ સુખમાં લીન રહેનારા ગોપાળાનંદસ્વામી, મહાવ્રતધારી ચૈતન્યાનંદસ્વામી, શ્રેષ્ઠ બાલ બ્રહ્મચારી શુકમુનિ. ॥૩૧-૩૨॥

व्यापकानंद स्वरूपानंदा, सत्तारूप सदा स्वछंदा ।
मुनि आनंद भक्तिरत भारी, योगानंद मुनि योगखुमारी ॥३३॥
सुखानंद मति अचल स्वरूपा, निरंजनानंद महामुनि भूपा ।
गोविंदानंद गर्व रहिता, शांतानंद गुन शान्त सहिता ॥३४॥

સત્તારૂપે અને સદા સ્વતંત્ર રહેનારા વ્યાપકાનંદસ્વામી તથા સ્વરૂપાનંદ સ્વામી, ભક્તિમાં રત રહેનારા આનંદાનંદસ્વામી, યોગ ખુમારીવાળા યોગાનંદસ્વામી, ભગવત્સ્વરૂપમાં અચળ મતિવાળા સુખાનંદસ્વામી, મહામુનિઓમાં શ્રેષ્ઠ નિરંજનાનંદસ્વામી, ગર્વ રહિત ગોવિંદાનંદસ્વામી, શાંતગુણે યુક્ત શાંતાનંદસ્વામી. ॥૩૩-૩૪॥

दोहा : एक नाम महि जानहु, और नाम अगनीत ।
लिखते शेष रु शारदा, सकुचत परम पुनीत ॥३५॥
सब लिखते मम पहुंच नहिं, लिखुं तहु एक एक नाम ।
यह मम मानस ध्यान हैं, संत नाम सुखधाम ॥३६॥

એક નામમાં બીજા અગણિત નામો જાણજો. જેનું વર્ણન કરતાં શેષનારાયણ અને શારદામાતા સંકોચને પામે એટલા અપાર નામો છે. આ પરમ પુનિત બધાં નામો લખવાની મારી પહોંચ નથી, માટે એક એક

નામ લખું છું. સંતોનાં નામ સુખના ધામ સમાન છે. આ મારું માનસ ધ્યાન છે. ॥૩૫-૩૬॥

सोरठा : दिव्य हें नाम रु रूप, अैसे निर्गुन संत कर ।
सब बिधि परम अनूप, ज्युं बरास कर मूर्ति वर ॥३७॥

पामर पतित मलीन, अैसो जन आवत शरन ।
ताहे करत कुलीन, निर्गुन पदवी देत संत ॥३८॥

આવા નિર્ગુણ સંતોનાં નામ અને રૂપ દિવ્ય છે. સર્વે પ્રકારે શ્રેષ્ઠ અને અનુપ છે. જેમ શ્રેષ્ઠ ભીમસેની કપૂરની મૂર્તિ હોય એવા છે. પામર, પતિત અને મલિન એવો કોઈ જીવ આ સંતને શરણે આવે તો તેવાને પણ તરત કુળવાન બનાવીને નિર્ગુણ પદવી આપે છે. ॥૩૭-૩૮॥

चोपाई :
अैसे संतकर नाम संभारी, लिखतहुं मोर मति अनुसारी ।
संत दयाल दयाकर धामा, प्रेरत बुद्धि बानि अभिरामा ॥३९॥

આવા સંતનાં નામ સંભારી મારી બુદ્ધિને અનુસારે હું લખું છું. દયાના ધામ દયાળુ સંતો મારી સુંદર વાણી અને બુદ્ધિને પ્રેરો. તેથી હું તમારાં નામો લખી શકું. ॥૩૯॥

संत चरन पंकज शिर नाई, लिखुं नाम मनमोद बढाई ।
नाम अद्वैतानंद सुजाना, अच्युतानंद परम गुनवाना ॥४०॥

आत्मानंद अनंतानंदा, अचिंत्यानंद हरे भव फंदा ।
वीर्यअमोघ अमोघानंदा, अखंडानंद भजे ब्रजचंदा ॥४१॥

સંતોનાં ચરણકમળની રજ માથે ચડાવી, મનમાં અતિ આનંદ પામી નામ લખું છું. સુજાણ અદ્વૈતાનંદસ્વામી, શ્રેષ્ઠ ગુણવાન અચ્યુતાનંદ સ્વામી, આત્માનંદસ્વામી, અનંતાનંદસ્વામી, ભવફંદ હરનાર અચિંત્યાનંદ

સ્વામી, જેનું અમોઘ સામર્થ્ય છે એવા અમોઘાનંદસ્વામી, અખંડ હરિ ભજતા અખંડાનંદસ્વામી. ॥૪૦-૪૧॥

अद्भुतानंद नंद अरिहंता, गोपालानंद तारत जंता ।
अनुभवानंद नंद अरूपा, अक्षरानंद महामुनि भूपा ॥४२॥
आधारानंद नंद अपारा, अष्टावक्र भजत प्रभु प्यारा ।
आदित्यानंद नंद उदारा, अचलानंद उर धर्मकुमारा ॥४३॥

અદ્ભૂતાનંદસ્વામી, અરિહંતાનંદસ્વામી, જીવ તારનાર ગોપાળા-નંદસ્વામી, અનુભવાનંદસ્વામી, અરૂપાનંદસ્વામી, મહા શ્રેષ્ઠ અક્ષરાનંદ સ્વામી, આધારાનંદસ્વામી, અપારાનંદસ્વામી, પ્યારા પ્રભુને ભજતા અષ્ટવક્રાનંદસ્વામી, આદિત્યાનંદસ્વામી, ઉદારાનંદસ્વામી જેના હૃદયમાં ધર્મકુંવર છે એવા અચલાનંદસ્વામી. ॥૪૦-૪૧॥

अवधूतानंद भजे अविनाशी, नाम अजन्मानंद सुखराशी ।
अखिलानंद वर मुनि अजिता, अमूर्तानंद है परम पुनिता ॥४४॥
अखिलब्रह्मांडेश्वरानंद भारी, आकाशानंद अति अविकारी ।
ॐकारानंद वीर्यानंदा, वैष्णवानंद भजत सुखकंदा ॥४५॥

અવિનાશીનું ભજન કરતા અવધૂતાનંદસ્વામી, સુખના રાશી અજન્માનંદસ્વામી, અખિલાનંદસ્વામી, શ્રેષ્ઠ મુનિ અજિતાનંદસ્વામી, પરમ પવિત્ર અમૂર્તાનંદસ્વામી, મહાસંત અખિલબ્રહ્માંડેશ્વરાનંદસ્વામી, અતિ નિર્વિકારી આકાશાનંદસ્વામી, ૐકારાનંદસ્વામી, વીર્યાનંદસ્વામી, સુખકંદ શ્રીહરિને ભજતા એવા વૈષ્ણવાનંદસ્વામી. ॥૪૪-૪૫॥

मुनि विश्वासचैतन्यानंदा, वैराग्यानंद भजे सुखकंदा ।
वल्लभानंद मुनि विश्वरूपा, स्वयंप्रकाशानंद अनूपा ॥४६॥
प्रज्ञानंद परमानंद दोई, सदानंद भजे हरिमुद होई ।
परम चैतन्यानंद मुनिराया, वेदांतानंद प्रभु मनभाया ॥४७॥

वैकुंठानंद हरि वस कीना, कैवल्यानंद परम प्रवीना ।
कृष्णानंद भजे कृष्ण मुरारी, महानुभावानंद प्रभुपर वारी ॥४८॥

વિશ્વાસચૈતન્યાનંદસ્વામી, વૈરાગ્યાનંદસ્વામી, વલ્લભાનંદસ્વામી, વિશ્વરૂપાનંદસ્વામી, અનુપમ સ્વયંપ્રકાશાનંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી બે પરમાનંદસ્વામી, આનંદથી હરિ ભજતા સદાનંદસ્વામી, મુનિઓમાં શ્રેષ્ઠ પરમચૈતન્યાનંદસ્વામી, પ્રભુને પ્યારા વેદાંતાનંદસ્વામી, હરિ વશ કરનાર વૈકુંઠાનંદસ્વામી, અતિ ડાહ્યા કૈવલ્યાનંદસ્વામી, પ્રગટ હરિ ભજતા કૃષ્ણાનંદસ્વામી, પ્રભુ પર ફિદા થઈ ગયેલા મહાનુભાવાનંદ સ્વામી. ॥૪૬ થી ૪૮॥

दोहा : ज्ञानानंद मुकुंदानंदा, भगवदानंद मुनीश ।
शिवानंद भागेश्वरा, भजे सदा जगदीश ॥४९॥

शांतानंद मुनि राघवा, अक्रोधानंद नाम ।
त्रिकमानंद त्रिविक्रमा, तत्त्वानंद भजे श्याम ॥५०॥

મુનિ શ્રેષ્ઠ જ્ઞાનાનંદસ્વામી, મુકુંદાનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, સદા હરિ ભજતા શિવાનંદસ્વામી, ભાગેશ્વરાનંદસ્વામી, શાંતાનંદસ્વામી, રાઘવાનંદસ્વામી, અક્રોધાનંદસ્વામી, ત્રિકમાનંદસ્વામી, ત્રિવિક્રમાનંદ સ્વામી, તત્ત્વાનંદસ્વામી. ॥૪૯-૫૦॥

सोरठा : तद्रूपानंद संत, निजबोधानंद निजानंद ।
भजे सदा भगवंत, सच्चिदानंद सुखकर सदन ॥५१॥

निर्लोभानंद ग्यानि, नेमानंद निर्मान मुनि ।
निष्कामानंद जानी, किंन त्याग रिपु मदन मद ॥५२॥

તદ્રૂપાનંદસ્વામી, નિજબોધાનંદસ્વામી, નિજાનંદસ્વામી, સુખના સદન અને સદા ભગવાનને ભજતા એવા સચ્ચિદાનંદસ્વામી, જ્ઞાની

નિર્લોભાનંદસ્વામી, નિર્માની નેમાનંદસ્વામી, નિષ્કામાનંદસ્વામી, આ સર્વે મુનિઓએ ત્યાગના દુશ્મન એવા કામદેવના મદને ઉતાર્યો હતો. ॥૫૧-૫૨॥

चोपाई:

निर्स्वादानंद जित्यो स्वादा, निष्प्रेयानंद तज्यो प्रमादा ।
नरनारायणानंद सुजाना, कौशिकानंद मुनि कल्याना ॥५३॥
जिज्ञासानंद जुक्तानंदा, जक्तखंडानंद भजे जगवंदा ।
जगदीशानंद जग विख्याता, चिन्मयानंद दीनजन त्राता ॥५४॥

સ્વાદ જીતનાર નિર્સ્વાદાનંદસ્વામી, પ્રમાદને તજનાર નિષ્પ્રેયાનંદ સ્વામી, સુજાણ નરનારાયણાનંદસ્વામી, કૌશિકાનંદસ્વામી, કલ્યાણાનંદ સ્વામી, જિજ્ઞાસાનંદસ્વામી, જુક્તાનંદસ્વામી, વિશ્વવંદનીય જક્તખંડાનંદ સ્વામી, જગતમાં વિખ્યાત જગદીશાનંદસ્વામી, દીનજન રક્ષક ચિન્મયાનંદ સ્વામી. ॥૫૩-૫૪॥

चिदानंद चैतन्य निवासी, ईश्वरानंद भजे अविनाशी ।
परमेश्वरानंद प्रभुपद वासा, बलभद्रानंद तजी अन्य आशा ॥५५॥
दयानंद करे दुःख सब दूरी, दयालानंद भजन भरपूरी ।
भजनानंद भजे धर्मकुमारा, हरियानंद हरिपर तन वारा ॥५६॥

ચૈતન્ય નિવાસી ચિદાનંદસ્વામી, અવિનાશી શ્રીહરિને ભજનારા ઈશ્વરાનંદસ્વામી, પ્રભુપદવાસી પરમેશ્વરાનંદસ્વામી, હરિ વિનાની અન્ય આશા તજનાર બલભદ્રાનંદસ્વામી, સર્વે દુઃખ દૂર કરનારા દયાનંદસ્વામી, ભજનમાં ભરપૂર દયાળાનંદસ્વામી, પ્રગટ ધર્મકુમાર ભજનાર ભજનાનંદસ્વામી, જેણે હરિ ઉપર દેહ વારી નાખ્યો છે એવા હર્યાનંદસ્વામી. ॥૫૫-૫૬॥

नरहरियानंद नाथकुं प्यारा, धर्मानंद धर्म उर धारा ।
परमधर्मानंद प्रगट उपासी, पुरुषोत्तमानंद सुखरासी ॥५७॥
प्रकाशानंद प्रेमप्रकाशी, त्यागानंद भजत अविनाशी ।
सिद्धानंद सिद्धगति पाये, शंकरानंद शरन चली आये ॥५८॥

નાથને પ્યારા નરહરિયાનંદસ્વામી, ધર્મને હૃદયમાં ધરનારા ધર્માનંદ સ્વામી, પ્રગટ ઉપાસી પરમધર્માનંદસ્વામી, સુખરાશી પુરુષોત્તમાનંદ સ્વામી, પ્રેમનો પ્રકાશ કરનારા પ્રકાશાનંદસ્વામી, અવિનાશીને ભજનારા ત્યાગાનંદસ્વામી, સિદ્ધગતિ પામેલા સિદ્ધાનંદસ્વામી, હરિ શરણે ચાલી આવેલ શંકરાનંદસ્વામી. ॥૫૭-૫૮॥

सर्वे सत्येश्वरानंद स्वामी, सत्यानंद महा निष्कामी ।
सज्जनानंद संत सुखरूपा, क्रिपानंद महामुनि भूपा ॥५९॥
केशवानंद भजत घनशामा, प्रभुतानंद प्रभुपद विश्रामा ।
कपिलेश्वरानंद शुभ नामा, माधवानंद महागुन धामा ॥६०॥

સર્વે સત્યેશ્વરાનંદસ્વામી, મહા નિષ્કામી સત્યાનંદસ્વામી, સુખરૂપ સંત સજ્જનાનંદસ્વામી, મહા મુનિઓમાં શ્રેષ્ઠ કૃપાનંદસ્વામી, કેશવાનંદ સ્વામી, પ્રભુ પદે વિશ્રામવાળા વિશ્રામાનંદસ્વામી, કપિલેશ્વરાનંદસ્વામી, મહા ગુણનું ધામ માધવાનંદસ્વામી. ॥૫૯-૬૦॥

महापुरुषानंद महाव्रतधारी, सत्क्रियानंद समरथ भारी ।
धीरानंद धीर उर लाई, ध्यानानंद रहे ध्यान लगाई ॥६१॥
दृष्टप्रकाशानंद महाजोगी, प्रभानंद प्रभुपदरस भोगी ।
पुरुषानंद प्रभु कुं प्यारा, सांख्यानंद करे तत्त्व विच्यारा ॥६२॥

મહાવ્રતધારી મહાપુરુષાનંદસ્વામી, અતિ સમર્થ સત્ક્રિયાનંદસ્વામી, ધીરજવાળા ધીરાનંદસ્વામી, ધ્યાનમાં રહેનારા ધ્યાનાનંદસ્વામી, મહાજોગી

દષ્ટપ્રકાશાનંદસ્વામી, પ્રભુપદરસના ભોગી પ્રભાનંદસ્વામી, પ્રભુપ્યારા પુરુષાનંદસ્વામી, તત્ત્વ વિચારક સાંખ્યાનંદસ્વામી. ॥૬૧-૬૨॥

बिरक्तानंद रस उपजाई, बरनत धर्मकुवर गुन गाई ।
परजेशानंद दिल दरियावा, करत अभय जन शरने आवा ॥६३॥

ठाकरानंद भजत वृषलाला, तजी चपल मन चित्त कर चाला ।
रघुनाथानंद भजे सुखकंदा, गावत गुन मुनि प्रेमानंदा ॥६४॥

રસ ઉપજાવીને ધર્મકુંવરના ગુણ ગાઈને વર્ણન કરતા વિરક્તાનંદ સ્વામી, શરણે આવેલા જીવને અભય કરનારા એવા દયાળુ દિલના પ્રજેશાનંદસ્વામી, ચંચળ મન તથા ચિત્તના ચાળા તજી પ્રગટ ધર્મપુત્રને ભજતા ઠાકરાનંદસ્વામી, સુખકંદ શ્રીહરિને ભજતા રઘુનાથાનંદસ્વામી, આ બધા શ્રેષ્ઠ મુનિઓના ગુણ પ્રેમાનંદસ્વામી ગાય છે. ॥૬૩-૬૪॥

इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरिना संतनामवर्णननाम
एकादशो प्रकाशः ॥११॥

પ્રકાશ : ૧૨

શ્રીહરિના સંતનામ વર્ણન

(આ પ્રકાશમાં પણ સ્વામી પરમહંસોનાં વિશેષણો સહિત નામોનું વર્ણન કરે છે.)

दोहा : चिदानंद संत सरल मति, चिद्रूपानंद च्यारू ।
भास्करानंद मुनि भजत हरि, ऋषभानंद उदारु ॥१॥

रामरतनानंद रटत प्रभु, निर्गुणानंद अनूप ।
योगेश्वरानंद योगरत, सगुणानंद सुखरूप ॥२॥

સરળ મતિવાળા સંત ચિદાનંદસ્વામી, શ્રેષ્ઠ ચિદ્રૂપાનંદસ્વામી, સદા હરિ ભજનારા ભાસ્કરાનંદસ્વામી, ઉદાર ઋષભાનંદસ્વામી, પ્રભુ રટતા રામરત્નાનંદસ્વામી, અનુપમ નિર્ગુણાનંદસ્વામી, યોગમાં રત રહેનારા યોગેશ્વરાનંદસ્વામી, સુખરૂપ સંત સગુણાનંદસ્વામી. ॥૧-૨॥

सोरठा : गुणातीतानंद संत, भजत धर्मसुत नेह नव ।
धर्म ज्ञान गुणवंत, नृसिंहानंद अचल मति ॥३॥

निर्द्वन्द्वानंद धीर, निरालंबानंद भजत हरि ।
विदेहानंद महावीर, निर्संदेहानंद संत ॥४॥

નિત્ય નવો નવો નેહ કરીને પ્રગટ પ્રભુને ભજતા સંત ગુણાતીતાનંદ સ્વામી, ધર્મ-જ્ઞાનાદિ ગુણવાળા અને અચલ મતિવાળા નૃસિંહાનંદસ્વામી, ધીર પુરુષ નિર્દ્વન્દ્વાનંદસ્વામી, નિરાલંબાનંદસ્વામી, મહાવીર વિદેહાનંદ સ્વામી, નિઃસંદેહાનંદસ્વામી. ॥૩-૪॥

चोपाईः विज्ञानानंद महाव्रतधारी, विश्वासानंद प्रभु पर वारी ।
देवानंद देहसु न्यारा, निर्विकार मुनि भया भवपारा ॥५॥

મહાવ્રતધારી વિજ્ઞાનાનંદસ્વામી, પ્રભુપદ પર વારી જનારા વિશ્વાસાનંદસ્વામી, દેહથી ન્યારા રહેનારા દેવાનંદસ્વામી. આ સર્વે નિર્વિકાર મુનિઓ ભવપાર થયા છે. ॥૫॥

दिप्तानंद वासुदेवानंदा, निर्पेक्षानंद भजे व्रजचंदा ।
गणेशानंद मुनि गोतीता, लक्षमणानंद वर नंद अजीता ॥६॥

દિપ્તાનંદસ્વામી, વાસુદેવાનંદસ્વામી, શ્રીહરિને ભજતા નિરપેક્ષાનંદ સ્વામી, ગણેશાનંદ સ્વામી, ગોતિતાનંદસ્વામી, શ્રેષ્ઠ લક્ષ્મણાનંદસ્વામી, અજીતાનંદસ્વામી. ॥૬॥

निलकंठानंद हरि मन भावे, निव्रतानंद प्रभु गुन गावे ।
अशोकानंद भजत अविनाशी, आज्ञानंद प्रभु विसवासी ॥७॥

अविनाशानंद भद्रानंदा, भावानंद भजत सुखकंदा ।
भूधरानंद भवानंद दोई, अछेद्य आत्मानंद निर्मोई ॥८॥

હરિને પ્યારા નિલકંઠાનંદસ્વામી, પ્રભુગુણ ગાતા નિવ્રતાનંદ સ્વામી, અવિનાશીને ભજતા અશોકાનંદસ્વામી, પ્રભુના વિશ્વાસી આજ્ઞાનંદ સ્વામી, અવિનાશાનંદસ્વામી, ભદ્રાનંદસ્વામી, સુખકંદ શ્રીહરિને ભજતા ભાવાનંદસ્વામી, ભૂધરાનંદસ્વામી, ભવાનંદસ્વામી બે, નિર્મોહી અછેદ્યા-નંદસ્વામી, આત્માનંદસ્વામી. ॥૭-૮॥

मायातितानंद मुनेशा, भजत धर्मसुत मंजुकेशा ।
रामानुजानंद सुजाना, सुखानंद मुनि भजे भगवाना ॥९॥

हंसानंद हरिकुं प्यारा, हरिभजनानंद परम उदारा ।
हयग्रिवानंद हरि स्वरूपा, प्रद्युम्नानंद परम अनूपा ॥१०॥

મુનિશ્રેષ્ઠ માયાતીતાનંદસ્વામી, મંજુકેશાનંદસ્વામી, સુજાણ રામાનુજાનંદસ્વામી, સુખાનંદસ્વામી, શ્રીહરિના પ્યારા હંસાનંદસ્વામી, પરમ ઉદાર હરિભજનાનંદસ્વામી, ભગવત્સ્વરૂપ હયગ્રીવાનંદસ્વામી, હરિસ્વરૂપાનંદસ્વામી પરમ અનુપ પ્રદ્યુમ્નાનંદસ્વામી; આ સર્વે સંતો ભાવથી ધર્મપુત્ર શ્રીહરિને ભજતા. ||૯-૧૦||

प्रतोषानंद परम सुजाना, सूर्यानंद सूर्य समाना ।
नरोत्तमानंद उत्तम नामा, नारायना नंद सुखधामा ।।११।।
निर्मलानंद कर निर्मल मेधा, परमात्मानंद अछेद अभेदा ।
परशान्तानंद सुख उपजावे, मुक्त आत्मानंद मन भावे ।।१२।।

અતિ ડાહ્યા પ્રતોષાનંદસ્વામી, સૂર્ય સમાન તેજસ્વી સૂર્યાનંદસ્વામી, અતિ ઉત્તમ નરોત્તમાનંદસ્વામી, સુખધામ નારાયણાનંદસ્વામી, નિર્મળ અને બુદ્ધિશાળી નિર્મળાનંદસ્વામી, પરમાત્માનંદસ્વામી, અછેદ્યાનંદ સ્વામી, અભેદાનંદસ્વામી, સુખ ઉપજાવતા પ્રશાંતાનંદસ્વામી, મનગમતા મહામુક્ત આત્માનંદસ્વામી. ||૧૧-૧૨||

सवित्रानंद सत्येश्वरानंदा, सुज्ञानानंद भजे गोविंदा ।
यज्ञनाथानंद अंतरजामी, जोगेश्वरानंद भजे श्रीस्वामी ।।१३।।
प्रबोधानंद परम पद पावा, रामचंद्रानंद हरिगुन गावा ।
रमेश्वरानंद भजे सुखकंदा, रासमंडलेश्वरा मुनिदा ।।१४।।

શ્રીસ્વામિનારાયણ ભગવાનને ભજનારા સવિત્રાનંદસ્વામી, સત્યેશ્વરાનંદસ્વામી, સુજ્ઞાનાનંદસ્વામી, અંતર્યામી યજ્ઞનાથાનંદસ્વામી, જોગેશ્વરાનંદ સ્વામી, પરમપદ પામેલા પ્રબોધાનંદસ્વામી, હરિગુણ ગાવામાં હોશિયાર રામચંદ્રાનંદસ્વામી, સુખકંદ શ્રીહરિને ભજનાર રમેશ્વરાનંદસ્વામી અને મુનિઓમાં શ્રેષ્ઠ રાસમંડલેશ્વરાનંદસ્વામી. ||૧૩-૧૪||

दोहा : प्रभवानंद पद्मनाभानंद, विश्वआत्मानंद सोय ।
सुदेहानंद सर्वज्ञानंद, भजे हरि मुद होय ॥१५॥
स्वस्वरूपानंद सरस मुनि, जोगानंद शुभ नाम ।
जज्ञनिवासानंद मुनि, भजे हरि घनश्याम ॥१६॥

પ્રભવાનંદસ્વામી, પદ્મનાભાનંદસ્વામી, વિશ્વાત્માનંદસ્વામી, સુદેહાનંદસ્વામી, સર્વજ્ઞાનંદસ્વામી, શ્રેષ્ઠ સંત સ્વસ્વરૂપાનંદસ્વામી, જોગાનંદસ્વામી અને ઘનશ્યામ મહારાજને ભજનારા યજ્ઞનિવાસાનંદ સ્વામી. ॥૧૫-૧૬॥

सोरठा : यज्ञस्वरूपानंद, अजितानंदजी जितेन्द्रीय ।
तपश्यानंद मुनिभूप, त्रिगुणातितानंद मुनि ॥१७॥
जक्त प्रकाशानंद, गोलोकेश्वरानंद मुनि ।
गवेन्द्रानंद स्वछंद, श्वेतद्विपानंद नाम शुभ ॥१८॥

યજ્ઞસ્વરૂપાનંદસ્વામી, જિતેન્દ્રિય અજિતાનંદસ્વામી, મુનિશ્રેષ્ઠ તપસ્યાનંદસ્વામી, ત્રિગુણાતીતાનંદસ્વામી, જક્તપ્રકાશાનંદસ્વામી, ગોલોકેશ્વરાનંદસ્વામી, ગવેન્દ્રાનંદસ્વામી, શ્વેતદ્વીપાનંદસ્વામી; આ સંતો મુક્તપણે વિચરતા. ॥૧૭-૧૮॥

चोपाईः तुरियानंद वर नाम नवीना, तुरियातितानंद प्रवीना ।
पतितपावनानंद मुनिशा, वामनानंद भजे जगदीशा ॥१९॥
मुनिविविकानंद बखानुं, दृढ व्रतानंद मुनि सो जानु ।
श्री गुरुचरनरतानंद नामा, निर्विशेषरानंद अकामा ॥२०॥

નવીન નામવાળા મુનિઓમાં શ્રેષ્ઠ તુર્યાનંદસ્વામી, અતિ હોશિયાર તુર્યાતિતાનંદસ્વામી, પતિતપાવનાનંદસ્વામી, વામનાનંદસ્વામી, વખાણવા જેવા વિવેકાનંદસ્વામી, દઢવ્રતાનંદસ્વામી, શ્રીગુરુચરણરતાનંદસ્વામી

અને અતિ નિષ્કામી નિર્વિશેષાનંદસ્વામી; આ સહુ સંતો ભાવથી ભગવાન ભજતા. ॥૧૯-૨૦॥

अनिरुधानंद अभेदानंदा, मधुसुदनानंद सुखकंदा ।
मंगलानंद मोहानंद दोई, अव्ययआत्मानंद मुनि सोई ॥२१॥

सुव्रतानंद शाम सुख राता, संसित व्रतानंद सुखदाता ।
ज्ञानवल्लभानंद उदारा, बिच्यारानंद रु विश्वाधारा ॥२२॥

અનિરુદ્ધાનંદસ્વામી, અભેદાનંદસ્વામી, મધુસુદનાનંદસ્વામી, મંગલાનંદસ્વામી, બે મોહાનંદસ્વામી, અવ્યયઆત્માનંદસ્વામી, ભગવાનના સુખમાં જ નિમગ્ન એવા સુવ્રતાનંદસ્વામી, સુખ દેનારા સંસિતવ્રતાનંદસ્વામી, ઉદાર જ્ઞાનવલ્લભાનંદ સ્વામી, વિચારાનંદસ્વામી, વિશ્વાધારાનંદસ્વામી. ॥૨૧-૨૨॥

ज्ञानार्णवानंद हे नामा, क्षमानंद मुनि सदा अकामा ।
सुखदानंद नाम घनशामा, जोगेश्वरानंद गुनधामा ॥२३॥

जिष्णवानंद अवदातानंदा, अति प्रकाशानंद स्वछंदा ।
मुक्तिदानंद ब्रदानंद कहिये, सुपर्णानंद सुनी सुखहिये ॥२४॥

જ્ઞાનાર્ણવાનંદસ્વામી, સદા નિષ્કામી ક્ષમાનંદસ્વામી, સુખદાનંદસ્વામી, ઘનશામાનંદસ્વામી, ગુણધામ જોગેશ્વરાનંદસ્વામી, જીષ્ણવાનંદસ્વામી, અવદાતાનંદસ્વામી, અતિપ્રકાશાનંદસ્વામી, મુક્તિદાનંદસ્વામી, વ્રદાનંદ-સ્વામી, નામ સાંભળતાં જ સુખ થાય એવા સુપર્ણાનંદસ્વામી. ॥૨૩-૨૪॥

श्रीनिवासानंद मुनिराया, बालमुकुंदानंद कही गाया ।
प्रभासभास्करानंद सुजाना, सुशीलानंद भजे भगवाना ॥२५॥

मनोहरानंद मुनि आरोगी, आकाशनिवासानंद महाजोगी ।
प्रसादानंद दहरानंदा, पवित्रानंद भजे सुखकंदा ॥२६॥

મુનિરાજ શ્રીનિવાસાનંદસ્વામી, બાલમુકુંદાનંદસ્વામી, પ્રભાસ-ભાસ્કરાનંદસ્વામી, સુશીલાનંદસ્વામી, અંતરથી અરોગી મનોહરાનંદ સ્વામી, મહાયોગી આકાશનિવાસાનંદસ્વામી, પ્રસાદાનંદસ્વામી, દહરાનંદ સ્વામી, પવિત્રાનંદસ્વામી; આ સર્વે સંતો સુખકંદ શ્રીહરિને ભાવથી ભજતા. ॥૨૫-૨૬॥

परम कैवल्यानंद मुनि भूपा, पद्मधरानंदानंद अनूपा।
भूमानंद भजत महाराजा, भक्तेश्वरानंद गरीबनिवाजा ॥२७॥
सत्यधर्मानंद आनंदकारी, अनुपमानंद भजे मुरारी ।
अक्षरनिवासानंद कहावे, गदाधरानंद हरिगुन गावे ॥२८॥

મુનિશ્રેષ્ઠ પરમકૈવલ્યાનંદસ્વામી, અજોડ પદ્મધરાનંદસ્વામી, શ્રીજી-મહારાજને સદા ભજનારા ભૂમાનંદસ્વામી, ગરીબના બેલી ભક્તેશ્વરા-નંદસ્વામી, આનંદકારી સત્યધર્માનંદસ્વામી, અનુપમાનંદ સ્વામી, અક્ષર-નિવાસાનંદસ્વામી, ગદાધરાનંદસ્વામી; આ સહુ સંતો ભાવથી ભગવાન ભજતા ને હરિગુણ ગાતા. ॥૨૭-૨૮॥

दोहा : करुनानंद हरिकृष्ण रत, शंखधरानंद नाम ।
सर्वप्रकाशानंद मुनि, सुखप्रकाश सुखधाम ॥२९॥
चिदाकाशा चतुरात्मानंद, चतुर भुजानंद भारी ।
हिरण्यगर्भानंद हरि भजे, मुनि प्रकाश व्रतधारी ॥३०॥

શ્રીહરિકૃષ્ણ મહારાજમાં રત રહેનારા કરુણાનંદસ્વામી, શંખધરાનંદ સ્વામી, સુખનો પ્રકાશ કરનારા સુખધામ સર્વપ્રકાશાનંદસ્વામી, ચિદાકાશા-નંદસ્વામી, ચતુરાત્માનંદસ્વામી, શ્રેષ્ઠ ચતુરભુજાનંદસ્વામી, હિરણ્ય-ગર્ભાનંદસ્વામી, મહાવ્રતધારી પ્રકાશાનંદસ્વામી; આ સંતો શ્રીહરિનું ભજન કરતા. ॥૨૯-૩૦॥

सोरठा : बंसीधरानंद संत, मायाजितानंद मुनि ।
पुनितानंद महंत, शून्यातीतानंद शुभ ।।३१।।
प्रेमानंद गुनी गाय, मुदित नाम कछु संत कर ।
अनंत हे एक मांय, नाम रासि को सकत कई ।।३२।।

બંસીધરાનંદસ્વામી, માયાજીતાનંદસ્વામી, પુનિતાનંદસ્વામી, મહંત શૂન્યાતીતાનંદસ્વામી આવી રીતે આનંદિત મન થઈને પ્રેમાનંદ સ્વામી થોડાક સંતોનાં નામ ગાય છે. એક નામના અનંત સંત છે. આ નામનો સમૂહ એટલો અપાર છે કે તેને કોણ ગાઈ શકે ? ।।૩૧-૩૨।।

चोपाई :
धामानंद करत प्रभु ध्याना, रामशर्नानंद मुनि विग्याना ।
पुंडरिकाक्षानंद कहावे, प्रानदानंद प्रभु मन भावे ।।३३।।
प्रधानपुरुषेश्वरानंदा, प्रतापानंद भजे सुखकंदा ।
पावनानंद हे पावनरूपा, प्रकाशानंद परम अनूपा ।।३४।।

પ્રભુનું ધ્યાન ધરતા ધામાનંદસ્વામી, વિજ્ઞાની રામશરણાનંદ સ્વામી, પુંડરિકાક્ષાનંદસ્વામી, પ્રભુમનભાવન પ્રાણદાનંદસ્વામી, પ્રધાન-પુરુષેશ્વરાનંદસ્વામી, પ્રતાપાનંદસ્વામી, પાવનરૂપ પાવનાનંદસ્વામી, પરમ અનુપ પ્રકાશાનંદસ્વામી; આ સંતો ભાવથી સુખકારી શ્રીહરિને ભજતા. ।।૩૩-૩૪।।

प्रथीतानंद प्रमेष्टानंदा, प्रमोदानंद प्रभु कर बंदा ।
पुण्यकीर्त्यानंद सुजाना, पुण्यानंद भजे भगवाना ।।३५।।
कृत्प्रज्ञानंद संत बडभागी, करुनानंद हरिपद अनुरागी ।
क्रोधहानंद प्रभुकुं प्यारा, कुमोदानंद फिरत जग न्यारा ।।३६।।

પ્રથીતાનંદસ્વામી, પ્રમેષ્ટાનંદસ્વામી, પ્રભુના બંદા પ્રમોદાનંદસ્વામી,

જ્ઞાની પુણ્યકીર્ત્યાનંદસ્વામી, પુણ્યાનંદસ્વામી, બડભાગી સંત કૃત્પ્રજ્ઞાનંદ સ્વામી, હરિપદ અનુરાગી કરુણાનંદસ્વામી, પ્રભુના પ્યારા ક્રોધહાનંદ સ્વામી, જગથી ન્યારા રહી ફરનારા કુમોદાનંદસ્વામી વગેરે સંતો ભાવથી ભગવાન ભજતા. ॥૩૫-૩૬॥

लोकाध्यक्षानंद कहीये, विधात्रानंद लखी उर लहीये ।
विश्रामानंद प्रभु विश्वासी, वृषाकप्यानंद सुखरासी ॥३७॥
विश्वानंद विश्वक्रमानंदा, विष्वक्सेनानंद स्वछंदा ।
बेदानंद चउ वेद बखाने, बेदांगानंद हरिसुख जाने ॥३८॥

લોકાધ્યક્ષાનંદસ્વામી, હૃદયમાં લખી લેવા જેવા વિધાત્રાનંદ સ્વામી, પ્રભુના વિશ્વાસી વિશ્રામાનંદસ્વામી, સુખરાશી વૃષાકપ્યાનંદ સ્વામી, વિશ્વાનંદસ્વામી, વિશ્વક્રમાનંદસ્વામી, વિષ્વક્સેનાનંદસ્વામી, ચારેય વેદ વખાણે એવા વેદાનંદસ્વામી, શ્રીહરિના સુખને જાણે એવા વેદાંગાનંદસ્વામી. ॥૩૭-૩૮॥

विजयानंद विजय जग कीना, विश्रुतानंद परम प्रवीना ।
विश्वानंद विश्वमहिं व्यापा, बर्दनानंद जगति जस थापा ॥३९॥
विविक्तानंद मुनि मतवारा, विशिष्टानंद भजे धर्मकुमारा ।
निर्मछरानंद मुनि भारी, विवृतानंद भजे भयहारी ॥४०॥

જેણે જગત ઉપર વિજય કર્યો છે એવા વિજયાનંદસ્વામી, પરમ પ્રવીણ વિશ્રુતાનંદસ્વામી, વિશ્વમાં વ્યાપેલા વિશ્વાનંદસ્વામી, જગતમાં જશ સ્થાપનારા વર્દ્દનાનંદસ્વામી, શ્રીહરિની મસ્તીમાં જીવનાર વિવિક્તાનંદ સ્વામી, વિશિષ્ટાનંદસ્વામી, નિર્મચ્છરાનંદસ્વામી, વિવૃતાનંદસ્વામી; આ સંતો ભયહારી ધર્મકુમારને ભજનારા હતા. ॥૩૯-૪૦॥

धर्माध्यक्षानंद बखाना, ध्रुवानंद भजे पुरुष पुराना ।
थीरानंद गही थिरताई, स्थविष्टानंद भजे व्रजराई ॥४१॥

**अप्रमेयानंद आत्मग्यानी, तद्रूपानंद मुनि गुनखानी ।
वसुदानंद भजत वासुदेवा, व्यवसायानंद करे पद सेवा ॥४२॥**

ધર્માધ્યક્ષાનંદસ્વામી, ધ્રુવાનંદસ્વામી, સ્થિરાનંદસ્વામી, સ્થવિષ્ટાનંદ સ્વામી; આ સંતો આદિપુરુષ એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનને સ્થિરતા રાખીને ભજતા. આત્મજ્ઞાની અપ્રમેયાનંદસ્વામી, ગુણોની ખાણ તદ્રૂપાનંદ સ્વામી, વાસુદેવને ભજનાર વસુદાનંદસ્વામી, શ્રીહરિના પદની સેવા કરનારા વ્યવસાયાનંદસ્વામી હતા. ॥૪૧-૪૨॥

**शांतगुनानंद मुनि महाध्यानी, मुनिश्वरानंद मुनि विग्यानी ।
हरिप्रसादानंद हजूरी, करत न नाथ नेनतें दूरी ॥४३॥
संतोषानंद संत अनूपा, भजत शामसुंदर सुखरूपा ।
लक्ष्मीनारायणानंद कहावे, लिखी नाम प्रेमानंद गावे ॥४४॥**

મહાધ્યાની શાંતગુણાનંદસ્વામી, વિજ્ઞાની સંત મુનિશ્વરાનંદસ્વામી, શ્રીહરિને પોતાના નેણથી દૂર નહિ કરનારા હજૂરી સંત હરિપ્રસાદાનંદસ્વામી, અજોડ સંત સંતોષાનંદસ્વામી તથા લક્ષ્મીનારાયણાનંદાદિક સંતો સ્નેહથી સુખરૂપ સુંદર શ્યામ શ્રીહરિનું ભજન કરતા. તેથી પ્રેમાનંદસ્વામી ગુણગાન કરે છે. ॥૪૩-૪૪॥

**इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनिविरचितायां
श्रीहरिध्यानमंजर्यां श्रीहरिना संतनामवर्णन
नाम द्वादशः प्रकाशः ॥१२॥**

પ્રકાશ : ૧૩

બ્રહ્મચારી સંતનામ વર્ણન

(આ પ્રકાશમાં સ્વામી ૩૯ પંક્તિઓ સુધી પરમહંસોનાં વિશેષણો સહિત નામોનું વર્ણન કરે છે.)

दोहा : बिद्यानंद बिशमानंद, विशालानंद होई ।
विमुक्तानंद संतके, करुं पान पद धोई ।।१।।

विशोकानंद महामुनि, विश्वमूर्त्यानंद नाम ।
हिरन्मयानंद हरि भजे, नंदानंद सुखधाम ।।२।।

વિદ્યાનંદસ્વામી, વિશમાનંદસ્વામી, વિશાલાનંદસ્વામી અને વિમુક્તાનંદસ્વામી, આ સર્વે સંતના ચરણ ધોઈને ચરણોદકનું પાન કરું ! મહામુનિ વિશોકાનંદસ્વામી, વિશ્વમૂર્ત્યાનંદસ્વામી, હિરણ્યમયાનંદ સ્વામી, નંદાનંદસ્વામી. ।।૧-૨।।

सोरठा : नैकरूपानंद भूप, नंदनानंद भजे धर्मसुत ।
मुनि निष्कुल अनूप, मानसी करत सकल संत ।।३।।

करत मानसी ध्यान, श्रीहरि सहजानंद कर ।
मुनिवर मुक्त सुजान, नाम सुनत जरे सकल अघ ।।४।।

નૈકરૂપાનંદસ્વામી, નંદનાનંદસ્વામી અને જેઓને સર્વે સંતો માનસી પૂજામાં યાદ કરે છે એવા અનુપમ નિષ્કુળાનંદસ્વામી. જેઓ શ્રીહરિ સહજાનંદની હંમેશા માનસીપૂજા અને ધ્યાન ધરે છે એવા મુક્ત જ્ઞાની મુનિવરનાં નામ સાંભળવાથી સર્વે પાપ બળી જાય છે. ॥૩-૪॥

चोपाई :

अनादि सिधनानंद कहीजे, अग्राह्यानंद नाम लहीजे ।
उत्तमानंद मुनि परम अनूपा, अछेदानंद भजे सुखरूपा ॥५॥

अलिंगानंद रु अनघानंदा, अतिन्द्रियानंद भजे सुखकंदा ।
अनिर्देशानंद नाम उदारु, अनिलानंद भजे धर्मकुमारु ॥६॥

અનાદિ સિધનાનંદસ્વામી, અગ્રાહ્યાનંદસ્વામી, પરમ અનુપમ ઉત્તમાનંદસ્વામી, અછેદાનંદસ્વામી, અલિંગાનંદસ્વામી, અનઘાનંદસ્વામી, અતિન્દ્રિયાનંદસ્વામી, ઉદાર અનિર્દેશાનંદસ્વામી, અનિલાનંદસ્વામી ; આ સહુ સંતો સુખકંદ ધર્મકુંવર શ્રીહરિને ભજે છે. ॥૫-૬॥

उदारानंद मति अति उदारा, असंख्येयानंद प्रभुकुं प्यारा ।
अतुलानंद अतुल्य सुख पावा, अनंतजिदानंद हरिमन भावा ॥७॥

अव्यक्तरूपानंद नाम कहावे, अकामानंद हरिगुन गावे ।
आदिदेवानंद सुजाना, अनुकुलानंद भजे भगवाना ॥८॥

અતિ ઉદાર બુદ્ધિવાળા ઉદારાનંદસ્વામી, પ્રભુને પ્યારા અસંખ્યેયાનંદ સ્વામી, શ્રીહરિનું અપાર સુખ પામેલા અતુલાનંદસ્વામી, શ્રીહરિ મન-ભાવન અનંતજિદાનંદસ્વામી, અવ્યક્તરૂપાનંદસ્વામી, અકામાનંદસ્વામી, આદિદેવાનંદસ્વામી, અનુકુલાનંદસ્વામી; આ સહુ સંતો શ્રીહરિના ગુણ ગાય છે ને ભજે છે. ॥૭-૮॥

अयोनिजानंद हे एक नामा, अक्षोभ्यानंद महागुन धामा ।
उद्धवानंद मुनि महा त्यागी, ईज्यानंद महा बडभागी ॥९॥

आदित्यवर्नानंद मुनिशा, ईशानंद भजे जगदीशा ।
उदारात्मानंद कहावे, अजित्यानंद प्रभु पद शिर नावे ॥१०॥

અયોનિજાનંદસ્વામી, મહા ગુણોના ધામ અક્ષોભ્યાનંદસ્વામી, મહા ત્યાગી ઉદ્‌ભવાનંદસ્વામી, મહા ભાગ્યશાળી ઈજ્યાનંદસ્વામી, મુનિ શ્રેષ્ઠ આદિત્યવર્ણાનંદસ્વામી, ઈશાનંદસ્વામી, ઉદારાત્માનંદસ્વામી, એક પ્રભુના પદે શિર નમાવનારા અજીત્યાનંદસ્વામી. ॥૯-૧૦॥

मुनि उपेन्द्रानंद अनूपा, हरि भजे भये सदा सुखरूपा ।
श्रुत्यानंद मुनि अघहारी, भजे धर्मसुत समजी बिच्चारी ॥११॥
ईश्वेश्वरानंद बखानुं, दुर्लभानंद लिखी उर आनुं ।
दुरधर्षानंद संत कहावे, वसुदेवानंद हरिगुन गावे ॥१२॥

અનુપમ ઉપેન્દ્રાનંદસ્વામી, શ્રીહરિને ભજીને સદા સુખરૂપ બનેલા શ્રુત્યાનંદસ્વામી, પાપને હરનારા અને સમજી-વિચારી ધર્મસુતને ભજનારા ઈશ્વેશ્વરાનંદસ્વામી, અંતરમાં કંડારવા જેવા દુર્લભાનંદસ્વામી, દુરધર્ષાનંદ સ્વામી, વસુદેવાનંદસ્વામી. ॥૧૧-૧૨॥

दुर्मर्षनानंद सुनी लीजे, दक्षानंद पर बलिबलि जीजे ।
दर्पहानंद दर्पते दूरी, दुर्जयानंद भजत भरपूरी ॥१३॥
दिव्य मूर्त्यानंद मुनिराई, भूतावासानंद सुखदाई ।
ब्रह्मण्यानंद नाम अनूपा, भक्तवत्सलानंद सुखरूपा ॥१४॥

દુર્મર્ષનાનંદસ્વામી, જેના પર વારી વારી જઈએ એવા દક્ષાનંદ સ્વામી, અભિમાનથી દૂર રહેનારા દર્પહાનંદસ્વામી, ભજનમાં ભરપૂર રહેનારા દુર્જયાનંદસ્વામી, મુનિરાજ દિવ્યમૂર્ત્યાનંદસ્વામી, સુખદાયી ભૂતાવાસાનંદસ્વામી, અનુપમ બ્રહ્મણ્યાનંદસ્વામી અને સહુને સુખરૂપ થનારા ભક્તવત્સલાનંદસ્વામી. ॥૧૩-૧૪॥

हरिभूषनानंद हजूरी, भावानंद भजन भरपूरी ।
भूगर्भानंद भजे मुकुंदा, परम विवेकी भूमानंदा ॥१५॥

હજૂરી હરિભૂષનાનંદસ્વામી, ભજનથી ભરપૂર રહેનારા ભાવાનંદ સ્વામી, ભૂગર્ભાનંદસ્વામી, પરમ વિવેકી ભૂમાનંદસ્વામી. ॥૧૫॥

दोहा : मुनि भ्राजिष्णवानंद लिखी, लखुं अनिमेषानंद ।
महानंदानंद महामुनि, गुरुगम्या जगवंद ॥१६॥
महेश्वरानंद मुक्त हे, महोत्सवानंद ग्यानी ।
महेष्वासानंद महामति, महाशक्त्या महादानी ॥१७॥

હૃદયમાં લખી લેવા જેવા ભ્રાજિષ્ણવાનંદસ્વામી, અનિમેષાનંદ સ્વામી, મહામુનિ મહાનંદાનંદસ્વામી, ગુરુગમ્યાનંદસ્વામી, મહામુક્ત મહેશ્વરાનંદસ્વામી, જ્ઞાની મહોત્સવાનંદસ્વામી, મહાબુદ્ધિશાળી મહેષ્વાસા-નંદસ્વામી, મહા દાનવીર મહાશક્ત્યાનંદસ્વામી. ॥૧૬-૧૭॥

सोरठा : महाभागानंद वंदी, महेन्द्रानंद कर परसी पद ।
महामखा आनंदी, ज्ञानगम्यानंद गाये गुन ॥१८॥
महाकर्मानंद नाम, महाभूतानंद संत शुभ ।
शुद्धानंद सुखधाम, धन्यानंद धरे ध्यान नित ॥१९॥

વંદનીય મહાભાગાનંદસ્વામી, પૂજનીય મહેન્દ્રાનંદસ્વામી, આનંદી મહામખાનંદસ્વામી, શ્રીહરિના ગુણ ગાનારા જ્ઞાનગમ્યાનંદસ્વામી, મહાકર્માનંદસ્વામી, મહાભૂતાનંદસ્વામી, સુખધામ શુદ્ધાનંદસ્વામી, નિત્ય ધ્યાન ધરનારા ધન્યાનંદસ્વામી. ॥૧૮-૧૯॥

चोपाई :
धरनीधरानंद मुनि अनूपा, ध्रतात्मानंद हे सुखरूपा ।
धर्मउपानंद परम प्रबीना, धनंजयानंद हरिपद लीना ॥२०॥

त्रिलोकेशानंद हे नामा, शत्कर्त्रानंद मुनि अभिरामा ।
संवत्सरानंद मुनि कहीये, समात्मानंद सुनी सुख लहीये ॥२१॥

અનુપ ધરણીધરાનંદસ્વામી, સહુને સુખરૂપ થનારા ધ્રતાત્માનંદ સ્વામી, પરમ પ્રવીણ ધર્મોપાનંદસ્વામી, શ્રીહરિના ચરણમાં લીન રહેનારા ધનંજયાનંદસ્વામી, ત્રિલોકેશાનંદસ્વામી, શત્કર્ત્રાનંદસ્વામી, સંવત્સરાનંદસ્વામી, નામ સાંભળવાથી જ સુખ થાય એવા સમાત્માનંદ સ્વામી. ॥૨૦-૨૧॥

सहस्रशिर्षानंद मुनिराया, सामगानंद हरि चित्त लाया ।
सर्ववीदानंद मुनि महाजोगी, सहिष्णवानंद सदा अरोगी ॥२२॥
सत्त्वस्थानंद समर्थ संता, सहस्राक्षानंद भजे अनंता ।
सिद्धर्थानंद सदा आनंदी, सिद्धसंकल्पानंद कुं बंदी ॥२३॥

મુનિરાજ સહસ્રશિર્ષાનંદસ્વામી, શ્રીહરિમાં ચિત્ત રાખનારા સામગાનંદસ્વામી, મહાયોગી સર્વવીદાનંદસ્વામી, અંતરથી સદા અરોગી સહિષ્ણવાનંદસ્વામી, સમર્થ સંત સત્ત્વસ્થાનંદસ્વામી, સહસ્રાક્ષાનંદ સ્વામી, સદા આનંદી સિદ્ધાર્થાનંદસ્વામી, વંદનીય સિદ્ધસંકલ્પાનંદ સ્વામી. ॥૨૨-૨૩॥

सत्यप्राक्रमानंद संत कहावे, सिद्धिदानंद हरि गुन गावे ।
श्रुतिसागरानंद नमामी, सत्यक्रतानंद भजे श्रीस्वामी ॥२४॥
सन्यासानंद मुनि महात्यागी, श्रीगर्भानंद प्रभु अनुरागी ।
शत्रुहानंद निरभे होई, भजे धर्मसुत पद चित्त प्रोई ॥२५॥

સત્યપરાક્રમાનંદસ્વામી, હરિગુણ ગાવામાં હોશિયાર સિદ્ધિદાનંદ સ્વામી, વંદનીય શ્રુતિસાગરાનંદસ્વામી, સત્યકૃતાનંદસ્વામી, મહાત્યાગી સન્યાસાનંદસ્વામી, પ્રભુપદમાં અનુરાગી શ્રીગર્ભાનંદસ્વામી, નિર્ભય

થઈને ધર્મસુત શ્રીહરિના ચરણે ચિત્ત લાવીને ભજનારા શત્રુહાનંદ સ્વામી. ॥૨૪-૨૫॥

मुनि सुदर्शनानंद हे नीका, हरिकृष्णानंद संत हरिका ।
सुमुखानंद रु सुक्ष्मानंदा, शुभागानंद भजे जगवंदा ॥२६॥
शान्तिदानंद भजे घनशामा, सत्यकीर्त्यानंद पुरनकामा ।
सिद्धिदानंद भजे मुरारी, श्रुतिसागरानंद भयहारी ॥२७॥

શ્રેષ્ઠ સુદર્શનાનંદસ્વામી, હરિકૃષ્ણાનંદસ્વામી, સુમુખાનંદ સ્વામી, સૂક્ષ્માનંદસ્વામી, શુભાગાનંદસ્વામી, શાંતિદાનંદસ્વામી, પૂર્ણકામ સત્ય-કીર્ત્યાનંદસ્વામી, સિદ્ધિદાનંદસ્વામી, શ્રુતિસાગરાનંદસ્વામી; આ સંતો ભયહારી ભગવાનને ભજતા. ॥૨૬-૨૭॥

सत्यकृतानंद हरि कर दासा, संन्यासानंद भजे अविनाशा ।
श्रीगर्भानंद हरिगुन गावे, शत्रुहानंद आनंद पावे ॥२८॥
सुदर्शनानंद हरिरस भोगी, श्रीहरिकृष्णानंद महाजोगी ।
सुमुखानंद हरिमुख जोई, सुक्ष्मानंद रहा मन मोई ॥२९॥

અવિનાશી શ્રીહરિનું દાસભાવે ભજન કરનારા સત્યકૃતાનંદસ્વામી, સંન્યાસાનંદસ્વામી, હરિગુણ ગાનારા શ્રીગર્ભાનંદસ્વામી, પ્રગટ પ્રભુની પ્રાપ્તિથી આનંદ પામેલ શત્રુહાનંદસ્વામી, હરિરસના ભોગી સુદર્શનાનંદ સ્વામી, મહાયોગી શ્રીહરિકૃષ્ણાનંદસ્વામી, શ્રીહરિનું મુખ જોઈ જેનું મન મોહી રહ્યું છે એવા સુમુખાનંદસ્વામી તથા સૂક્ષ્માનંદસ્વામી. ॥૨૮-૨૯॥

दोहा : शुभागानंद महामुनि, शांतिदानंद संत ।
सत्यकीर्त्यानंद सरस भजे, स्वामी चरन नच्च्यंत ॥३०॥

सुलभानंद मुनि सुखसदन, सदा रहत भरपूर ।
सत्यसंधानंद मुनि सदा, दुरिजन ते रहे दूर ॥३१॥

મહામુનિ શુભાગાનંદસ્વામી, શાંતિદાનંદસ્વામી, શ્રીસહજાનંદ સ્વામીના ચરણો નચિંત થઈને રસપૂર્વક ભજે છે એવા સત્યકીર્ત્યાનંદ સ્વામી, સદા ભજનમાં ભરપૂર રહેનારા સુખસદન સુલભાનંદસ્વામી, સદા દુર્જનથી દૂર રહેનારા સત્યસંધાનંદસ્વામી. ॥૩૦-૩૧॥

सोरठा : मुनि सत्यधर्मानंद, भजत हे सतत धर्मसुत ।
सद्गत्यानंद फंद, तोरत जग जनमात्र कर ॥३२॥
सुनेत्रानंद नाम, सद्भूतानंद भजत हरि ।
शन्यानंद गुन ग्राम, गावत प्रतिदिन नाथ कर ॥३३॥

ધર્મસુત શ્રીહરિને સતત ભજનારા સત્યધર્માનંદસ્વામી, જગતના જીવમાત્રના ફંદ(બંધન) તોડનારા સદ્ગત્યાનંદસ્વામી, સુનેત્રાનંદસ્વામી, સદ્ભૂતાનંદસ્વામી, સદ્ગુણોના ભંડાર અને નિત્ય શ્રીહરિના ગુણ ગાનાર શન્યાનંદસ્વામી. ॥૩૨-૩૩॥

चोपाई :
सत्त्वानंद भजत श्रीस्वामी, सांख्यानंद दीन दुःख वामी ।
सुक्रतानंद सुक्रत फल पावा, जयेष्टानंद हरि भजे निदावा ॥३४॥
सुधर्मानंद धर्म सुशीला, चतुरात्मानंद चिंतवत लीला ।
चतुरवेदानंद शरन हरिको, चतुर्व्युहानंद चलत डरीके ॥३५॥

ધર્મસુતને સતત ભજનારા સત્ત્વાનંદસ્વામી, દીનજનોનાં દુઃખ ટાળનાર સાંખ્યાનંદસ્વામી, સુકૃતનું ફળ પામેલા સુકૃતાનંદસ્વામી, નિત્ય હરિ ભજનારા જયેષ્ટાનંદસ્વામી, ધર્મમાં સુશીલ સુધર્માનંદસ્વામી, અખંડ શ્રીહરિની લીલા ચિંતવતા ચતુરાત્માનંદસ્વામી, શ્રીહરિને જ શરણે રહેનારા ચતુરવેદાનંદસ્વામી, અધર્મથી ડરીને ચાલનારા ચતુર્વ્યૂહાનંદ સ્વામી. ॥૩૪-૩૫॥

शाश्वतानंद हरि पर वारी, हृषिकेशानंद जात बलिहारी ।
छिंनसंशयानंद सयाना, जीतक्रोधानंद गुननिधाना ॥३६॥

योगेशानंद योग विच्यारी, त्रिलोकानंद हरि पर वारी ।
बुद्धानंद बुद्धि बलवाना, लोकनाथानंद परम सयाना ॥३७॥

શ્રીહરિ પર સર્વસ્વ વારી નાખનારા શાશ્વતાનંદસ્વામી, હૃષિકેશાનંદ સ્વામી, સમજુ છિંનસંશયાનંદસ્વામી, ગુણનિધાન જીતક્રોધાનંદસ્વામી, યોગનો વિચાર કરનાર યોગેશાનંદસ્વામી, ત્રિલોકાનંદસ્વામી, બુદ્ધિથી બળવાન બુદ્ધાનંદસ્વામી, પરમ ચતુર લોકનાથાનંદસ્વામી; પ્રેમાનંદ સ્વામી કહે, આ સહુ સંતો પર હું બલિહારી જાઉં છું. ॥૩૬-૩૭॥

रासेश्वरानंद रास विलोकी, तन मन प्रान लीन हरि रोकी ।
यज्ञानंद यज्ञपति पेखी, जयानंद आनंद हरि देखी ॥३८॥

निर्मछरानंद तजी माना, निवृत्तानंद भजे भगवाना ।
परमहंसानंद आदिक नामा, बरने अथामति सब सुखधामा ॥३९॥

તન-મન-પ્રાણ લીન કરી હરિમાં રાખનાર અને દિવ્ય રાસનાં દર્શન કરનાર રાસેશ્વરાનંદસ્વામી, યજ્ઞપતિ ભગવાનને જોનાર યજ્ઞાનંદ સ્વામી, શ્રીહરિને દેખીને આનંદ પામનાર જયાનંદસ્વામી, માનનો ત્યાગ કરનાર નિર્મત્સરાનંદસ્વામી, નિવૃત્તાનંદસ્વામી, પરમહંસાનંદસ્વામી આદિક પરમહંસોનાં બધાં સુખધામ નામો મેં પ્રેમાનંદસ્વામીએ યથામતિ વર્ણવ્યાં છે. ॥૩૮-૩૯॥

(હવે સ્વામી સંતોનાં લક્ષણો અને મહિમા નિજછટામાં લખે છે.)

एक एक नाममें जानो अनेका, लिखा कछुक हम सुना रु देखा ।
ए सब नाम सकल अघहारी, पुनित होत सुमरे नरनारी ॥४०॥

સ્વામી કહે છે, એક એક નામના અનેક સંતો હતા, એમ જાણવું.

એમાંથી મેં કાંઈક નામો સાંભળેલાં ને દેખેલા તે પ્રમાણે લખ્યાં છે. આ બધાં નામો સકળ પાપને હરનારાં છે અને જે કોઈ સમરે તે નર-નારીઓને પાવન કરનારાં છે. ॥૪૦॥

ए सब संत प्रभु प्रगट उपासी, हरिसंग आये अक्षरनिवासी ।
अवनी आय मनुष्य तनु धारा, किन पतितजन कर उद्धारा ॥४१॥

આ સર્વે સંતો પ્રગટ પ્રભુના ઉપાસક છે. અને અક્ષરધામના નિવાસી છે. સર્વાવતારી શ્રીહરિની સાથે મનુષ્યતન ધારી અવનિ ઉપર આવ્યા છે. તેમણે પ્રગટ શ્રીહરિનો સંબંધ કરાવી અનેક પતિત જીવોનો ઉદ્ધાર કર્યો છે. ॥૪૧॥

ए सब दिव्य नाम अरु रूपा, महा परताप जुक्त मुनिभूपा ।
निजप्रताप अवनी जिन थापा, नास किन सब कलिमल पापा ॥४२॥

આ સર્વે સંતોનાં નામો અને રૂપો દિવ્ય છે. આ શ્રેષ્ઠ મુનિઓ મહાપ્રતાપે યુક્ત છે. એમણે પોતાનો પ્રતાપ અવનિ ઉપર સ્થાપીને અનેક જીવોનાં કળિયુગના મળ સમા સર્વે પાપોનો નાશ કર્યો છે. ॥૪૨॥

श्रुति विरोधी माईक मत जे ते, किंन उछेदन जगति ते ते ।
अधर्म कर जे सकल परिवारा, छेदन किन ज्युं काष्टा कोठारा ।।४३।।

અને વેદવિરોધી જે માયિક મતપંથ હતા તેમનો જગતમાંથી ઉચ્છેદ કર્યો છે. વળી જેમ કુહાડો કાષ્ઠનું છેદન કરે તેમ અધર્મના સકળ પરિવારનું છેદન કર્યું છે. ॥૪૩॥

दोहा : धर्मतनय पदपद्मबल, किन वर्म तन मांय ।
लिन लराई शत्रु संग, महाशुभट मुनिराय ।।४४।।
धर्मकुंवर छबी सांवरी, नखशिख आनंदरूप ।
चिंतत पूजत उर महीं, पंचकाल मुनि भूप ।।४५।।

પ્રગટ ભગવાન ધર્મપુત્ર સર્વાવતારી શ્રીહરિનાં ચરણકમળનું બળ એ જ જેણે શરીરમાં બખતર પહેર્યું છે, એવા મહા યોદ્ધા આ મુનિ શ્રેષ્ઠોએ અંતઃશત્રુ સાથે લડાઈ લીધી. વળી આ શ્રેષ્ઠ મુનિઓ ધર્મકુંવર પ્રગટ હરિની આનંદરૂપ સુંદર છબીને નખશિખ ચિંતવીને પોતાના હૃદયમાં પાંચ સમય પ્રેમથી પૂજે છે. ॥૪૪-૪૫॥

सोरठा : अति प्रताप उर मांय, श्रीहरिकृष्ण चरन कर ।
अति आतुर अनखाय, करत बिमर्दन शत्रु सब ॥४६॥

શ્રીહરિકૃષ્ણ મહારાજના ચરણનો ઉરમાં અતિ પ્રતાપ ગ્રહણ કરીને અતિ દુઃખરૂપ સર્વે શત્રુને દુષ્ટ જાણીને નાશ કર્યા. ॥૪૬॥

विजय किन कलिकाल, कामादिक रिपु किन बस ।
ग्रसित दीन जन व्याल, लिन छोडाई नारी नर ॥४७॥

ઘોર કળિકાળમાં કામાદિક શત્રુઓ પર વિજય કરી તેઓને વશ કર્યા. દીનજનોને ગળી જનાર કામાદિક શત્રુરૂપી સર્પના મુખમાંથી અનેક નરનારીઓને આ સંતોએ છોડાવી લીધાં. ॥૪૭॥

चोपाई :
ऐसे संत परम हितकारी, बरनुं लव महिमा उर धारी ।
संत सरल चित्त परम दयाला, परदुःख देखी दुःखित ततकाला ॥४८॥

આવા પરમ હિતકારી સંતોનો મહિમા ઉરમાં ધારીને માત્ર લવ જેટલો જ વર્ણવું છું. સંત સરળ ચિત્તવાળા અને પરમ દયાળુ છે. પારકું દુઃખ દેખીને દુઃખિત થયેલા સંતો તત્કાળ તેમને દુઃખથી છોડાવે છે. ॥૪૮॥

दया नेह भर पुरित नेंना, पर उपगार करत दिन-रेंना ।
परगुन अनु पर्बत करी माने, निजगुन गिरिसम अनु करी जाने ॥४९॥

દયા અને સ્નેહથી ભરપૂર ભરેલી જેમની આંખો છે એવા આ

સંતો રાત્રિ-દિવસ પરોપકાર કરનારા છે. બીજાના અણુ સરખા ગુણને પર્વત જેવડો માને છે અને પોતાના પર્વત જેવા ગુણને અણુ સરખો માને છે. ॥૪૯॥

हरि पद अचल बास एक टेका, वज्र महि महीं ज्युं पवी मेखा ।
प्रनय रसनया धृत हरि प्यारा, लव निमिषार्ध करत नहिं न्यारा ॥५०॥

વજ્રની પૃથ્વીમાં જેમ વજ્રની ખીલી ચોડી હોય તેમ હરિનાં ચરણારવિંદમાં અચળપણે વાસ કરવો એ જ એક ટેકવાળા છે. પ્રેમરસથી હૃદયમાં ધારણ કરેલા પ્યારા હરિને એક લવ કે મટકાના અર્ધકાળ જેટલો સમય પણ નહિ ભૂલનારા એવા આ સંતો છે. ॥૫૦॥

धर्मकुंवर छबी निज तन प्राना, ज्युं जल मीन रहत मस्ताना ।
बिनु देखे पल परत न चेंना, मनि बिना फनी बिकल दिनरेंना ॥५१॥

જેમ મીન જળમાં જ મસ્તાન રહે છે. જળ વિના તેના પ્રાણ ટકતા નથી, તેમ જ આ સંતોને ધર્મકુંવર શ્રીહરિની છબી જ નિજ તન પ્રાણ છે. જેમ મણિ વિના મણિધર સાપ રાત્રી-દિવસ વ્યાકુળ રહે છે તેમ જ આ સંતો શ્રીહરિની મૂર્તિને દેખ્યા વિના એક પળ પણ સુખચેન અનુભવતા નથી. ॥૫૧॥

घन अविलोकी मगन ज्युं मोरा, शर्द शशी लिखी मगन चकोरा ।
ज्युं चात्रुक जल स्वांत सनेहा, ज्युं जल बिना शकुलिकर देहा ।॥५२॥

युं श्रीहरि पद संतकी प्रीति, परम विवेक अचल परतीति ।
नेम प्रेम जुत्त दृढ व्रत अंगा, कंपत थरथर निरखी अनंगा ॥५३॥

જેમ મેઘ જોઈને મોર રાજી થાય છે, જેમ શરદ પૂનમના ચંદ્રને જોઈને ચકોર રાજી થાય છે, જેમ સ્વાતિના જળમાં ચાતકને સ્નેહ હોય છે; વળી, જેમ જળ વિના માછલીનો દેહ રહે નહિ, એમ જ શ્રીહરિના

ચરણમાં આ સંતોને પ્રીતિ છે. પરમ વિવેક અને અચળ પ્રતીતિ છે. નિયમ અને પ્રેમેયુક્ત દઢપણે વ્રત પાળવાના અંગવાળા આ સંતોને નીરખીને કામદેવ પણ થરથર કંપે છે. ॥૫૨-૫૩॥

भक्ति-धर्मसुत चरन संभारी, बिचरत अवनी अचल व्रतधारी ।
मोह मान रिपु मारी हठावा, मन्यु नाम सुनी निकट न आवा ॥५४॥

ભક્તિ-ધર્મના પુત્ર શ્રીહરિનાં ચરણકમળને સંભારનારા અને અચળવ્રત ધરનારા સંતો અવની ઉપર વિચરે છે. જેમણે મોહ-માન આદિ રિપુઓને મારીને હટાવી દીધા છે. એ જોઈને ક્રોધ નામનો શત્રુ તો એવો બીનો કે પાસે આવ્યો જ નહીં. ॥૫૪॥

लोभ आंचिक बुजरत सो नाई, नारी नागनी जानी डराई ।
अष्ट भांति त्यागी मैथुना, किन तुल्युष्ट सम रूपा सुना ॥५५॥

લોભ જેવા બળવાન અંતઃશત્રુ પણ એમની પાસે ગરીબ થઈ ગયા. સ્ત્રી કલ્યાણના માર્ગમાં વિઘ્નરૂપ છે, એમ સમજી કાળી નાગણ જેવી સમજતા. અષ્ટ પ્રકારના મૈથુનનો ત્યાગ રાખતા અને સોના-રૂપાને તો એણે નકારી વસ્તુ તુલ્ય માન્યા છે. ॥૫૫॥

रसना जित जगति जयकारी, नाहिं काउ संग जगमें यारी ।
धर्मकुल भूषन भगवाना, सहजानंद प्रभु रूपनिधाना ॥५६॥

तिन कर शिष्य सबही ए संता, जीवन मुक्त महा बुद्धिवंता ।
तेही कारन लिखी नाम सुनावा, प्रगट हरि संतन गुन गावा ॥५७॥

જગતમાં જેણે પોતાનો જય કર્યો છે, એવી રસના જીતી છે. જગતમાં કોઈની સાથે આસક્તિથી નહિ બંધાયેલા મહા બુદ્ધિશાળી સંતો રૂપનિધાન ધર્મકુળભૂષણ ભગવાન સહજાનંદસ્વામીના શિષ્યો છે. એમનાં નામ લખી સુણાવ્યાં. કેમ જે, પ્રગટ હરિ અને પ્રગટ સંતના ગુણ ગાવા માટે

જ નામ-ગુણ લખ્યાં છે. ।।૫૬-૫૭।।

सोरठा : संत हरि एकरूप, सुधरे कारज संत मिले ।
ता ते मर्म अनूप, कठिन रहस्य सुनि समझे तब ।।५८।।
सकल शास्त्र सिद्धांत, युं समझत मुनि तत्त्व वित् ।
बरनत कवि करी खांत, उपनिषद कर रहस्य यह ।।५९।।

સંત અને હરિ એકરૂપ છે એથી સંત મળતાં જ જીવનું કારજ સુધરે છે. આ કઠીન રહસ્ય સાંભળીને જો સમજીએ તો આ ખરેખર અનુપમ રહસ્ય છે. સર્વે શાસ્ત્રોનો સિદ્ધાંત તત્ત્વને જાણનારા મુનિઓ આવી રીતે જ સમજે છે. ઉપનિષદનું આ રહસ્ય મોટા વિદ્વાન કવિઓ ચીવટ રાખી આ પ્રમાણે જ વર્ણવે છે. (માટે શ્રીહરિના અખંડ મૂર્તિધારી સંતને શ્રીહરિની સાથે અખંડ એકાત્મભાવ રહે છે. એથી જ વચનામૃત સા.૧૦માં શ્રીહરિ કહે છે, "એવા સંતનાં દર્શન થાય ત્યારે સાક્ષાત્ શ્રીહરિનાં દર્શન થયાં એમ સમજવું.") ।।૫૮-૫૯।।

दोहा : संतहृदय महिं हरि बसे, ज्युं बिजुरी घनमांई ।
संत बसे हरिचरनमें, मधुकर ज्युं लपटाई ।।६०।।

જેમ વાદળાંમાં વીજળી રહી છે તેમ એવા સંતના હૃદયમાં અખંડ હરિ રહ્યા છે. જેમ કમળમાં ભમરો લપટાઈ રહે છે, તેમ સંત શ્રીહરિનાં ચરણકમળમાં લોભાઈ રહે છે. ।।૬૦।।

संत अंग हरि अंगी हे, जेसे देह महिं जीउ ।
सुमन बास जिमि मिलि रही, ज्युं पयमांहि घीउ ।।६१।।

જેમ દેહમાં જીવ રહે છે, પુષ્પમાં સુગંધ રહે છે અને દૂધમાં ઘી રહે છે; તેમ સંતમાં ઓતપ્રોત શ્રીહરિ રહે છે. તેથી સંત અંગ છે અને શ્રીહરિ અંગી છે. ।।૬૧।।

चोपाईः

ऐसे ब्रह्मविद् मुनि ग्यानि, करत ध्यान हरिपद उर आनी ।
ब्रह्मरूप परब्रह्म उपासी, धर्मकुंवर पदपद्म निवासी ॥६२॥

આવા બ્રહ્મને જાણનારા જ્ઞાની મુનિઓ પરમાત્માનાં ચરણકમળને હૃદયમાં ધારી ધ્યાન કરે છે. બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની ઉપાસના કરે છે. એવી રીતે ધર્મકુંવર સર્વાવતારી શ્રીહરિનાં ચરણકમળમાં નિવાસ કરીને રહે છે. ॥૬૨॥

रटत नाम नारायण स्वामी, सासोस्वास चरन शिरनामी ।
अक्षररूप होई मुनि भूपा, करत भक्ति हरिकी सुखरूपा ॥६३॥

અને શ્રીહરિના ચરણમાં શીશ નમાવીને અર્થાત્ દાસભાવે શ્વાસોચ્છ્વાસ અખંડ **સ્વામિનારાયણ...સ્વામિનારાયણ..** નામ રટે છે. વળી આ ઉત્તમ મુનિઓ અક્ષરરૂપ થઈને શ્રીહરિની સુખરૂપ એવી ભક્તિ અખંડ કરે છે. ॥૬૩॥

विचरत अवनि आग्या अनुसारी, धर्मकुंवर मूर्ति उर धारी ।
ले ले नाम गीने गुरु जे ते, मंडल सहित जानो मुनि ते ते ॥६४॥

ધર્મકુંવર શ્રીહરિની મૂર્તિને હૃદયમાં ધારીને તેમની આજ્ઞા અનુસાર ધરતી ઉપર વિચરે છે એવા જે જે ગુરુજનો, તેમનાં નામ લઈ લઈ મેં લખી ગણાવ્યાં છે. તે તે મુનિઓને મંડળ સહિત જાણજો. અર્થાત્ મંડળધારી ગુરુજનોનાં જ નામ લખ્યાં છે. ॥૬૪॥

निजनिज मंडल सहित सुजाना, बिचरत अवनि अखिल गुनवाना ।
दीनदयाल देत उपदेशा, काटत जन कर कर्म अशेषा ॥६५॥

સર્વ ગુણના ધામરૂપ આ સુજ્ઞ સંતો પોતપોતાનાં મંડળ સાથે પૃથ્વી પર વિચરે છે. અતિ દયાળુ સંતો જનોને ઉપદેશ આપે છે અને તેમનાં

તમામ કર્મોનાં બંધનોને કાપી મહા સુખ આપે છે. ॥૬૫॥

देत अभय जनकुं जसवंता, पर उपगारी सदा ए संता ।
धर्म ज्ञान भक्ति वैरागा, तिनकर सदन मुनि बडभागा ॥६६॥

આવા મહા યશવાળા સંતો જનોને અભય વરદાન આપે છે. સદાને માટે આવા પરોપકારી આ સંતો છે. આવા બડભાગી શ્રેષ્ઠ સંતો ધર્મ-જ્ઞાન-વૈરાગ્યે યુક્ત ભક્તિનાં ધામ છે. ॥૬૬॥

सबगुन पुरन संत सुजाना, श्रुतिस्मृति सब करत बखाना ।
निगमागम उपनिषद गावे, बरनत लछन मोद न मावे ॥६७॥

સર્વે સદ્‌ગુણ સંપન્ન સુજ્ઞ સંતોનાં શ્રુતિ-સ્મૃતિ આદિ સર્વે વખાણ કરે છે. વળી નિગમ(વેદ) આગમ(પુરાણો) અને ઉપનિષદ આવા સંતોના ગુણ ગાય છે. પ્રેમાનંદસ્વામી કહે, આવા સંતોનાં લક્ષણોનું વર્ણન કરતાં મારા હૈયામાં આનંદ સમાતો નથી. ॥૬૭॥

एकांतिक सज्जन कर महिमा, कहां बरनुं सब सद्‌गुन सीमा ।
करत सकल सद्‌ग्रंथ प्रमाना, सद्‌गुन भुषन संतसयाना ॥६८॥

સર્વે સદ્‌ગુણની સીમારૂપ એકાંતિક સંતોનો મહિમા હું શું વખાણું ? સદ્‌ગુણના ભૂષણરૂપ સમજુ સંતોનું સર્વે સદ્‌ગ્રંથો પ્રમાણ કરે છે. ॥૬૮॥

देखी आज्यु अनोखी रीति, सुनी श्रवन मन उपजत प्रीति ।
भये अवनी अगनित अवतारा, तब तब सबहि संत तनु धारा ॥६९॥

आज छटा अति लगत अनोखी, बरतत संत सरल चित्त शोखी ।
श्वेतद्विप ब्रह्मपुरकी रीति, सो प्रभु प्रगट किन करी प्रीति ॥७०॥

આજની રીત અનોખી છે. આવી રીત શ્રવણે સાંભળીને મનમાં બહુ હેત થાય છે. જોકે અવનિ ઉપર ભગવાનના અગણિત અવતારો થયા છે, ત્યારે ત્યારે સર્વ સંતોએ દેહ ધર્યા છે; પણ આજની છટા તો

અતિશય અલગ લાગે છે. આજના સંતો સરળ ચિત્તવાળા અને એક ભગવાનનાં જ ચરણકમળના શોખીન હોય કેવળ ભગવાનમય જીવન જીવે છે. અહો..! આજ ઘોર કળિમાં શ્વેતદ્વીપ અને બ્રહ્મપુર ધામની રીતિ કેવળ દયા કરીને શ્રીહરિએ આંહીં પ્રવર્તાવી છે. ॥૬૯-૭૦॥

त्यागी गृही वर्णि व्रतधारी, बरतत सधवा बिधवा नारी ।
निजनिज धर्म प्रमान प्रबीना, बरतत दिनदिन उमंग नवीना ॥७१॥

સર્વે ત્યાગીઓ, સર્વે ગૃહસ્થો, સર્વે નૈષ્ઠિક વ્રતધારી વર્ણીઓ, તથા સધવા-વિધવા નારીઓ આજ પોતપોતાના ધર્મ પ્રમાણે દિન-દિન પ્રતિ નવીન ઉમંગ લાવીને સાવધાનપણે વર્તે છે. ॥૭૧॥

दोहा : धर्मकुंवर हरिकृष्णने, अति करुना उर आनी ।
बांधी सेतु भवाब्धि पर, बिन श्रम उतरत प्रानी ॥७२॥

સર્વાવતારી ધર્મકુંવર શ્રીહરિકૃષ્ણ મહારાજે અતિ કરુણા હૃદયમાં લાવીને ભવસાગર ઉપર સેતુ બાંધી આપ્યો છે. જેથી સર્વે પ્રાણી વગર પરિશ્રમે ભવસાગર પાર ઊતરે છે. ॥૭૨॥

भिन्न धर्मजन सबहि कर, रचे सरस सोपान ।
उतरत नारी पुरुष सब, होत तुरत कल्यान ॥७३॥

શ્રીહરિએ ભિન્ન ભિન્ન ધર્મના સર્વજનો માટે સુંદર સોપાન રચ્યાં છે. જેથી સર્વે નારી અને પુરુષો તરત જ ભવસાગર ઊતરી શ્રીહરિના ધામમાં જવા રૂપ પરમ કલ્યાણને પામે છે. ॥૭૩॥

सोरठा : आये अक्षरपति आप, संत सहित करुना भुवन ।
कियो उद्धव मत थाप, रीत चलाई नवीन सब ॥७४॥

सुनी न कुबहु कान, रीत अलौकिक सरस अति ।
करत निगम परमान, धर्मवंशी कियो बिदित जग ॥७५॥

કરુણાના ધામ એવા અક્ષરપતિ સર્વાવતારી શ્રીપુરુષોત્તમ નારાયણ પોતે, પોતાના અક્ષરમુક્ત સંતો સહિત આ ધરતી ઉપર આવ્યા. અને ઉદ્ધવ મતની સ્થાપના કરી. અને જીવના આત્યંતિક કલ્યાણ માટે સર્વે નવીન રીત ચલાવી. એવી અતિ સરસ અલૌકિક રીત ક્યારેય કાને સાંભળી નથી. વળી, વેદ પ્રમાણે પ્રમાણભુત પોતે ચલાવેલી રીત ધર્મવંશી શ્રીહરિએ સર્વે જગતમાં જાહેર કરી. ॥૭૪-૭૫॥

इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनिविरचितायां श्रीहरिध्यानमंजर्यां श्रीहरिना संतनामवर्णन नामा त्रियोदशो प्रकाशः ॥१३॥

પ્રકાશ : ૧૪

શ્રીહરિ અને સંતના ગુણો તથા મહિમા વર્ણન

दोहा : उदयो धर्मसुत भास्कर, संत कुमुद कल्हार ।
प्रफुलित छिंनछिंन निरखी रवि, मिट्यो मायिक अंधियार ॥१॥

ધર્મપુત્ર શ્રીહરિજી રૂપી સૂર્ય ઉદય થયો. એમને જોઈને સંતરૂપ કમળ ખીલી ઊઠ્યાં અને અસંતરૂપી પોયણાઓ મૂરઝાઈ ગયા અને સર્વે માયિક અંધારું દૂર થયું. ॥૧॥

संत हे रश्मि दिनेश की, दुःसह सही नई जाय ।
दहत कामी कुमति बन, रहे खल उलूक लूकाय ॥२॥

સહન ન કરી શકાય એવો આકરો સહજાનંદ સૂરજનો પ્રકાશ છે. તેણે કામી, ક્રોધી, લોભીરૂપી કુમતિઓનાં વન બાળી નાખ્યાં અને ખળ પુરુષરૂપી ઘુવડો સંતાઈ ગયાં. ॥૨॥

सोरठा : अधम उलूका मतवादी, किंन पलायन पापमति ।
उपजी उर अति ब्याधी, तरती तेज न सकेउ सही ॥३॥

પાપ મતિવાળા અધમ મતવાદીઓરૂપી ઘુવડો પલાયન કરી ગયાં. તેમના હૃદયમાં અતિ વ્યાધી ઊપજી; કેમ જે, તેઓ સહજાનંદ સૂરજનો પ્રતાપ સહન કરી શક્યા નહીં. ॥૩॥

उलूक लुके खल जाय, अधर्म गिरिगह्वरन मही ।
परे मेद मुर्छाय, कामी वामी चौर सब ।।४।।

તે ખળરૂપી ઘુવડો અધર્મરૂપી પર્વતની ગુફામાં જઈને સંતાણાં. કામી-વામી મતપંથી સર્વ ચોરો મૂર્છિત જેવા મંદ પડી ગયા. ।।૪।।

चोपाई :

माया तिमिर टार्यो तपी भानु, एक रसना का कही बखानुं ।
पाये मनसि मुमुक्षु मोदा, आये शरन चली करत विनोदा ।।५।।

આ સહજાનંદ સૂરજે તપીને (પોતાનો અતિ પ્રતાપ પ્રગટ કરીને) માયારૂપી અંધારું નાશ કર્યું. તેનાં વખાણ એક જીભે હું કેટલાંક કરું ! અને મુમુક્ષુ આત્માઓ તો મનમાં અતિશે આનંદ પામ્યા અને રાજી થયા થકા સામે ચાલીને શ્રીહરિના શરણે આવ્યા. ।।૫।।

अति प्रताप छायो जगमांई, लिखी भूपति मन रहे मुर्छाई ।
चहु दिशि बिदित भयो बिस्तारा, प्रफुलित भयो धर्म परिवारा ।।६।।

શ્રીહરિનો મહા મોટો પ્રતાપ સર્વે જગતમાં વ્યાપી ગયો. તેને જોઈને આસુરી રાજાઓ મનમાં મૂંઝાઈને બેસી રહ્યા. શ્રીહરિનાં ઐશ્વર્ય પ્રતાપનો વિસ્તાર સર્વે દિશામાં જાણીતો થયો, તેથી જ્ઞાન-વૈરાગ્યાદિક ધર્મપરિવાર અતિશય પ્રફુલ્લિત થયો. ।।૬।।

सज्जन षट्पद करत गुंजारा, निजजन अर्बिंद बिकशे अपारा ।
गावत जस कवि कोविद ग्यानी, बोलत पिक ज्युं मधुरीसी बानी ।।७।।

સંતોરૂપી ભમરાઓ ગુંજારવ કરવા લાગ્યા. શ્રીહરિનાં આશ્રિત-રૂપી કમળો અતિશય ખીલી ઊઠ્યાં. કોયલ જેવી મધુરી વાણી બોલીને અતિ બુદ્ધિશાળી જ્ઞાની કવિઓ સ્વામિનારાયણ ભગવાનનો યશ ગાવા લાગ્યા. ।।૭।।

धर्मबंस जस चहु दिशि छाया, आगमनिगम शेष शिव गाया ।
धर्मवंस महिमा अति भारी, प्रगटे धर्मकुल कृष्ण मुरारि ॥८॥

સર્વે વેદો અને સર્વે શાસ્ત્રો તથા શેષ-શિવ આદિ સર્વે ભક્તો જેમનો અખંડ મહિમા ગાય છે એવા સર્વાવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજ ધર્મદેવના કુળમાં પ્રગટ થયા તેથી ધર્મકુળનો અતિ શ્રેષ્ઠ મહિમા સર્વે દિશાઓમાં છવાઈ ગયો. ॥૮॥

धर्मभक्ति भये तात रु माता, भये पुत्र श्रीहरि साक्षाता ।
धर्मबंस सुरपूजीत ताते, बंदत सुरमुनि मिलि हरखाते ॥९॥

શ્રીહરિનાં ધર્મદેવ પિતા અને ભક્તિદેવી માતા બન્યાં. કેમ જે, શ્રીહરિ સાક્ષાત્ એમના પુત્ર તરીકે પ્રગટ્યા અને તેથી જ ધર્મવંશ દેવતાઓને પણ પૂજ્ય બન્યો અને સર્વે દેવો અને મુનિઓ મળીને હરખાતે હૈયે ધર્મકુળને વંદન કરે છે. ॥૯॥

प्रगटे धर्मकुल श्रीहरि आई, ताते महिमा कयो न जाई ।
धर्मबंस सम और न आज्यु, प्रगटे धर्मग्रहे श्रीमहाराज्यु ॥१०॥

શ્રીહરિ ધર્મકુળમાં આવીને પ્રગટ થયા તેથી ધર્મકુળનો મહિમા કહી શકાતો નથી. ધર્મવંશ સમાન ભાગ્યશાળી આજ બીજું કોઈ નથી. કેમ જે, ધર્મદેવના ઘરમાં સર્વોપરી શ્રીહરિકૃષ્ણ મહારાજ પ્રગટ થયા છે. ॥૧૦॥

धर्मबंसी घर आजु कल्याना, तेहि बिना प्रानी भ्रमत भव नाना ।
धर्मबंसी बिना आन उपासे, ता कर जन्म मृत्यु नहिं नासे ॥११॥

આજે ધર્મવંશી એવા શ્રીસ્વામિનારાયણ ભગવાનના શરણે જવાથી જ કલ્યાણ થાય છે; એ વિના તો અનેક જન્મ લઈ લખચોરાશીમાં આથડવાનું છે. ધર્મકુળમાં પ્રગટ થયેલા શ્રીહરિ વિના અન્યને ઉપાસવાથી આત્યંતિક કલ્યાણરૂપ મોક્ષ થવાનો નથી. ॥૧૧॥

धर्मबंस आश्रय बिना प्रानी, भटकत भव रु पचत चहु खानी ।
स्वपुरुषार्थ बल ग्रही जंता, त्यागी तरे ताहत भव अंता ॥१२॥

ધર્મવંશી શ્રીહરિના આશ્રય વિના સર્વે જીવો ભવાટવીમાં ભટકે છે અને ઉદ્‌ભીજ, અંડજ, સ્વેદજ અને જરાયુજ – આ ચાર પ્રકારની ખાણમાં જન્મ-મૃત્યુરૂપ દુઃખ પામે છે. સમુદ્ર તરવો હોય તો વહાણની જરૂર પડે છે. જીવો ભગવદ્‌આશ્રયરૂપી વહાણને તજીને ભવસાગરને તરવા ઈચ્છે છે. પરંતુ **ભગવદ્‌આશ્રય વિના પોતાના પુરુષાર્થના બળને ગ્રહણ કરીને કોઈ જીવ ભવસાગરને તરી શકતા નથી.** ॥૧૨॥

साधन बल ज्या कर मन माई, तरत सिंधु श्व लांगुल ग्राही ।
धर्मा–आश्रय बिना साधनकारी, कुटत कुकस मथत ज्युं वारि ॥१३॥

પોતાના સાધનનું બળ જ્યાં સુધી મનમાં હોય ત્યાં સુધી જેમ કૂતરાનું પૂંછડું પકડીને સમુદ્ર તરવા નીકળે તેવો ડાહ્યો જાણવો. શ્રીહરિના આશ્રય વિના સાધન કરનારા તો ફૂંસાં ધોકાવે છે અને પાણી વલોવે છે અર્થાત્ એમનું સાધન નિરર્થક છે. ॥૧૩॥

धर्मबंस पुनि हरि कर संता, तिनकर शरन ग्रहत बुधिवंता ।
सो जानउ चतुर परबीना, अपना काज सुधारी लीना ॥१४॥

બુદ્ધિશાળી મનુષ્યો શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા એમના સંતોનું શરણું સ્વીકારે છે; તે સાચા ચતુર અને હોશિયાર છે, એમ જાણવું. કેમ જે, તેણે પોતાનું કાર્ય સુધારી લીધું. ॥૧૪॥

दोहा : धर्म आश्रय पुनि संतसंग, हरिपद अचल प्रतीति ।
जात सो प्रानी ब्रह्मपुर, सकल अशुभहि जीती ॥१५॥

સત્ય ધર્મનો આશ્રય કરનાર અને સાચા સંતનો સંગ કરનાર અને શ્રીહરિનો દૃઢ વિશ્વાસ કરનાર જીવો સર્વ અશુભને જીતીને અક્ષરધામમાં

જાય છે. ॥૧૫॥

नाम रटन हरिकृष्ण को, गावत चरित्र संभारी ।
करे भक्ति रही धर्ममें, हरि अग्या शिर धारी ॥१६॥

सो अधिकारी मोक्षको, गुनातित कहेताय ।
चिंतत चित्त नित धर्मसुत, रसना आन न गाय ॥१७॥

ભગવાન શ્રીહરિનાં મંગળકારી નામોનું રટણ કરે અને તેમનાં ચરિત્રોને સંભારીને ગાય, **શ્રીહરિની આજ્ઞા શિરે ધારી ધર્મમાં રહીને ભક્તિ કરે, તે મોક્ષનો અધિકારી છે,** તેને ગુણાતીત મુક્ત કહેવાય. એવા મુક્તોનું ચિત્ત નિત્ય ધર્મપુત્ર શ્રીહરિનું ચિંતવન કરે અને એવા મુક્તની જીભ શ્રીહરિ અને એમના સંતો સિવાય બીજા કોઈના ગુણ ગાય નહીં. ॥૧૬-૧૭॥

बरनुं लछन संत के, उद्धव मत अनुसार ।
सुनत त्रिबिधि नासत अघ, होत प्रानी भवपार ॥१८॥

હવે હું પ્રેમાનંદસ્વામી ઉદ્ધવમતને અનુસારે સંતોનાં લક્ષણોનું વર્ણન કરું છું, જેને સાંભળવાથી ત્રિવિધ પાપ નાશ પામે છે અને પ્રાણી ભવપાર થાય છે. ॥૧૮॥

सोरठा : धर्मबंस के संत, सद्‌गुन मंडित शुभग तन ।
महामुक्त जसवंत, सदलछन लछीत शुभग ॥१९॥

ધર્મવંશી શ્રીહરિના સાધુ તો સર્વે સદ્‌ગુણોથી શોભાયમાન છે. સારાં લક્ષણોથી યુક્ત ભાગ્યશાળી મહામુક્ત સંતોનો યશ સર્વત્ર ફેલાયો છે. ॥૧૯॥

श्रीमुख श्रीहरि राय, बरने लछन संतकर ।
सो बरनुं हित लाय, सुनीये हरिजन प्रीत करी ॥२०॥

શ્રીહરિરાયે સંતોનાં લક્ષણ શ્રીમુખથી વર્ણવ્યાં છે. એ જ લક્ષણોને સર્વનું હિત વિચારીને વર્ણવું છું. હે હરિભક્તો ! માટે તમે પ્રેમથી સાંભળો. ॥૨૦॥

चोपाई :

बरनुं कछु तन लछन ज्याके, श्रीनारायन श्रीमुखे भाखे ।
संत स्वभाव हे परम दयालु, सहत हे पर अपराध सयालु ॥२१॥

પ્રથમ સંતોનાં થોડાંક શરીર લક્ષણ વર્ણવું છું કે જે મેં શ્રીહરિનાં મુખેથી સાંભળેલાં છે. સંતોનો સ્વભાવ પરમ દયાળુ છે. ડાહ્યા સંતો બીજાના અપરાધ સહન કરે છે. ॥૨૧॥

करत सहन शित उष्ण सदाई, ईछत हित जन कर मनमांई ।
काउ कर गुनमें दोष न आने, सदा शांत कहि श्रुति बखाने ॥२२॥

વળી, ટાઢ તથા તડકો સદાય સહન કરે છે. મનમાં હંમેશાં લોકોનું હિત ઈચ્છે છે. કોઈના ગુણમાં દોષ નથી જોતા. સંતો સદા શાંત હોય છે. આવા સંતોનાં વેદો વખાણ કરે છે. ॥૨૨॥

अजात शत्रु सरल स्वभाउ, मछर रहित सदा मुनिराउ ।
पर सन्मान देखी मुद पावे, प्रफुलित होत तपी नहिं जावे ॥२३॥
सदा निरवैर परम निरमानी, देत मान आनहि महा ग्यानी ।
हित मित प्रिये तम बोलत बानी, सुनते जन सुख उपजत कांनी ॥२४॥

જેઓને મન કોઈ શત્રુ નથી, સરળ સ્વભાવવાળા છે, સદાય મત્સર રહિત રહે છે આવા શ્રેષ્ઠ મુનિઓ બીજાનું સન્માન દેખી રાજી થાય છે. સદા આનંદમાં રહે છે પણ તપી જાતા નથી. સંતોને કોઈની સાથે ક્યારેય વેર હોતું નથી. મહા જ્ઞાની સંતો પોતે પરમ નિર્માની રહે છે, પરંતુ બીજાને માન આપે છે. સામાને પ્રિય લાગે તેવી હિતકારી,

સાચી, મીઠી અને મિતવાણી બોલે છે.(ઓછું બોલે છે.) તેને સાંભળતાં જનોના અંતરમાં સુખ ઊપજે છે. ॥૨૩-૨૪॥

जित्यो मार मन्यु मद लोभा, साधु भूषन भूषित शोभा ।
देह बुधि ते दूर सदाई, अहं ब्रह्म समुझत मनमांई ॥२५॥
देह संबंधी पदारथ जे ते, दुःखदाई जानत हे ते ते ।
स्वधर्म जुक्त सदा बुधिवंता, जति दुर्लभ ऐसे संता ॥२६॥

સંતોએ કામ, ક્રોધ, મદ, લોભ અને સ્વાદ જીત્યો છે. નિર્માન, નિષ્કામ, નિર્લોભ, નિઃસ્નેહ અને નિઃસ્વાદ જેવાં આભૂષણોથી સંતો શોભે છે. દેહબુદ્ધિને દૂર કરી સદાય પોતાને 'હું અક્ષરબ્રહ્મ છું.' એમ મનમાં સમજે છે, જે જે દેહસંબંધી પદાર્થ છે તેને દુઃખદાયી જાણે છે. બુદ્ધિવાળા સંતો સદા સ્વધર્મ યુક્ત છે. આવા ઉર્ધ્વરેતા સંતો દુર્લભ છે. ॥૨૫-૨૬॥

सदा पवित्र दंभ नहिं लेशा, दमत हें इन्द्रि मनकुं हमेशा ।
जितेन्द्रिय परमाद रहिता, धीरजवंत जगत कर मीता ॥२७॥
हरष रु शोक मान अपमाना, न करे पराभव सुखदुःख नाना ।
श्रवन चक्षु त्वक् रसना घ्राना, ज्ञान इन्द्रि जानउ सुजाना ॥२८॥
पायु उपस्थ वाक् पद पानि, कर्मेन्द्रि यह जानउ ग्यानी ।
ईनकी चंचलता तें दूरी, रहत सदा आनंद भरपूरी ॥२९॥

સદા પવિત્ર રહે છે, લેશ પણ દંભ કરતા નથી, હંમેશાં ઇન્દ્રિયો અને મનને દમે છે. જીતેન્દ્રિય પ્રમાદ રહિત, ધીરજવાળા અને સર્વ જગતના મિત્ર છે. હર્ષ-શોક, માન-અપમાન, સુખ અને દુઃખ જેમને પરાભવ કરતા નથી. કાન, આંખ, ચામડી, જીભ અને નાક; આને જ્ઞાન ઇન્દ્રિયો જાણો. હાથ, પગ, વાણી, ગુદા અને શિશ્ન; આ કર્મ ઇન્દ્રિયો

છે. સુજ્ઞ જ્ઞાની સંતો આ સર્વે ઇન્દ્રિયોની ચંચળતાએ રહિત છે અને સદા આનંદમાં રહે છે. ||૨૭-૨૮-૨૯||

स्वधर्मजुक्त हे तन निर्वाहा, सदा संतोषी भजत श्रीनाहा ।
अधिक पदारथ संग्र न जाके, जानी असार संत नहिं राखे ।।३०।।

સંતો પોતાના ધર્મમાં રહીને શરીર નિર્વાહ કરે છે. સદા સંતોષી હોય છે. સ્નેહથી શ્રીહરિનું અખંડ ભજન કરે છે. જરૂરિયાતથી વધારે પદાર્થનો સંગ્રહ કરતા નથી, અસાર જાણીને રાખતા નથી. ||૩૦||

दोहा : देत हे प्रानीमात्र कुं, धर्मादिक कर ग्यान ।
ताके विषे प्रविन हे, अैसे संत सुजान ।।३१।।
करत हे प्रानीमात्र पर, यथा योग्य उपगार ।
आत्मस्वरूपे निष्टमति, हरिपद प्रीत अपार ।।३२।।

પ્રાણીમાત્રને ધર્માદિકનું જ્ઞાન આપે છે. આવા જ્ઞાની સંતો તે વિષયમાં પ્રવીણ છે. પ્રાણીમાત્ર ઉપર યથાયોગ્ય ઉપકાર કરે છે. આત્મસ્વરૂપમાં નિષ્ઠાવાળી મતિવાળા છે. શ્રીહરિના ચરણમાં અપાર પ્રીતિવાળા છે. ||૩૧-૩૨||

सोरठा : निर्भय श्रद्धावान, सदा उदारु करत तप ।
अैसे संत सुजान, पापकर्म ते रहित नित ।।३३।।
माईक पदार्थ मात्र, तास अपेक्षा रहित शुभ ।
देत ज्ञान लिखी पात्र, द्युतादिक व्यसन रहित ।।३४।।

નિર્ભય, શ્રદ્ધાવાન, સદા ઉદાર, તપસ્વી આવા ડાહ્યા સંતો નિત્ય પાપકર્મથી રહિત છે. માયિક પદાર્થમાત્રની અપેક્ષાએ રહિત રહે છે. દ્યુતાદિક વ્યસને રહિત છે અને પાત્રને દેખીને શુભ જ્ઞાન આપે છે. ||૩૩-૩૪||

चोपाई :

किन त्याग कुकथा प्रसंगा, ग्राम्य बात न करे शुद्ध अंगा ।
सदशास्त्रन कर व्यसन सदाई, रटत नाम हरि कर उरमांई ॥३५॥

ખરાબ વાતોના પ્રસંગનો ત્યાગ કરનારા છે. શુદ્ધ અંગવાળા સંતો ગ્રામ્યવાર્તા કરતા નથી. સત્શાસ્ત્રના સદાય વ્યસની છે. ઉરમાં હરિનું નામ રટે છે. ॥૩૫॥

पंच विषय आसक्ति रहीता, आस्तिक हरिपद प्रेम सहिता ।
सत अरु असत बिवेक बिच्यारा, तास जुक्त मुनि परम उदारा ॥३६॥

પંચવિષયની આસક્તિએ રહિત છે. આસ્તિક અને હરિચરણમાં પ્રેમવાળા છે. સત્-અસત્‌ના વિવેકવાળા, વિચારવાન છે, તેણે યુક્ત પરમ ઉદાર સંતો છે. ॥૩૬॥

मद्य मांस संसर्ग रहिता, दृढ ब्रत जुक्त हे परम पुनिता ।
काउकी चुगली करत न चोरी, गुप्त बात काउकी थोरी ॥३७॥

करत प्रसिद्ध न आनके आगे, भजत धर्मसुत अति अनुरागे ।
निद्राजित जित आहार सदाई, भजत शामसुंदर मुद पाई ॥३८॥

મદ્ય-માંસના સંસર્ગે રહિત, દૃઢ વ્રતવાળા, પરમ પવિત્ર, ચાડી ચૂગલી રહિત, ચોરી નહિં કરનારા, કોઈની ખાનગી વાતને કોઈની આગળ થોડીક પણ પ્રસિદ્ધ નહિ કરનારા, ધર્મપુત્ર શ્રીહરિને અતિ અનુરાગથી અખંડ ભજનારા, નિદ્રાને તથા આહારને સદા જીતનારા અને આનંદે સહિત શ્યામસુંદર શ્રીહરિને ભજનારા છે. ॥૩૭-૩૮॥

निज प्रारब्ध प्रमाने पावे, देशकाल अनुसारे आवे ।
मिलत पदारथ जस जेहि काला, मानत परम संतोष दयाला ॥३९॥

स्थिर बुद्धि स्वधर्म मांई, हिंसा रहित हे वृत्ति सदाई ।
तृष्णा रहित सदा सुखरूपा, धर्मकुंवर पद प्रीत अनूपा ॥४०॥

દેશકાળ અનુસારે પોતાનાં પ્રારબ્ધ પ્રમાણે જે કાળે જે પદાર્થ મળી આવે તેનાથી જ પરમ સંતોષ માનવાવાળા, પોતાના ધર્મમાં સ્થિર બુદ્ધિ વાળા, સદાય હિંસા રહિત વૃત્તિવાળા, તૃષ્ણા રહિત, સદા સુખરૂપ ધર્મકુંવરનાં ચરણારવિંદમાં અનુપ પ્રીતિવાળા. ॥૩૯-૪૦॥

निज तनमें सुखदुःख हि जाने, तेहि बिधि सुखदुःख अन्य कर माने ।
सतशास्त्रन विषे बरजित ताये, करत ताये मुनि परम लजाये ॥४१॥

પોતાના શરીરમાં થયેલાં સુખ-દુઃખની સમાન અન્યનાં સુખ-દુઃખને જાણે છે. સત્શાસ્ત્રને વિષે જે કાર્યનો નિષેધ કર્યો હોય તેને કરતા અતિ લજાય છે. ॥૪૧॥

निज मुख करत न निजहि बखाना, परकी निंदा रहित सुजाना ।
सद्ग्रंथनमें जेहि बिधि भाखा, निज निष्काम ब्रह्मचर्य राखा ॥४२॥

ताय यथार्थ पालनहारा, यम नेम जुक्त संत मतवारा ।
जित आसन जित प्रान पुनिता, हरिपद दृढ आश्रय प्रतीति ॥४३॥

પોતાના મુખથી પોતાનાં વખાણ કરતા નથી અને બીજાની નિંદા કરતા નથી. સત્શાસ્ત્રમાં કહ્યું છે એવી રીતે પોતાનું નિષ્કામવ્રત કહેતાં બ્રહ્મચર્ય રાખનારા, યમ-નિયમનું યથાર્થ પાલન કરનારા, આસનજીત, પ્રાણજીત, શ્રીહરિનાં ચરણારવિંદના દઢ આશ્રય 'વિશ્વાસ'-વાળા. ॥૪૨-૪૩॥

हरिकी नवधा भक्ति अनूपा, तेहि परायन सब मुनिभूपा ।
श्रीहरि अर्थे निरंतर संता, करत क्रिया सब अति हरखंता ॥४४॥

સર્વે શ્રેષ્ઠ મુનિઓ શ્રીહરિની અનુપમ નવધા ભક્તિપરાયણ રહે

છે. માત્ર શ્રીહરિને અર્થે જ રાજી થઈને સર્વે ક્રિયા કરે છે. ॥૪૪॥

दोहा : हरिकृष्ण भगवानके, अवतार चरित्र ताय ।
श्रवन करत नित हर्षजुत, पुनि निसदिन तेहि गाय ॥४५॥

धर्मात्मज भगवानकी, मूर्ति कर जे ध्यान ।
तेही परायन वरतत, अैसे संत सुजान ॥४६॥

सोरठा : व्यर्थ जात नहिं काल, श्रीहरिकृष्णकी भक्तिबिन ।
क्षन भर मुनि मराल, बिसरत नाहिं रूप हरि ॥४७॥

अस लछन संपन्न, जानो साधु भक्तजन ।
सेवउ अर्पी मन, संतचरन सुखकर सदन ॥४८॥

અવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજનાં અવતાર-ચરિત્રોને હર્ષે યુક્ત રાત્રી-દિવસ શ્રવણ કરે છે અને ગાય છે. ધર્મપુત્ર શ્રીહરિની મૂર્તિના ધ્યાન પરાયણ જ રહે છે. હરિની ભક્તિ વિના વ્યર્થ કાળ વિતાવતા નથી. શ્રીહરિની મૂર્તિને એક પળ પણ વિસારતા નથી. હે ભક્તજનો ! આવાં લક્ષણે યુક્ત હોય તેને તમે સંત જાણો. આવા સંતના ચરણને સુખનું ધામ જાણી મન અર્પીને સેવવા. ॥૪૫ થી ૪૮॥

चोपाई :

अैसे लछन जुत जे साधु, तिनकर संग सदा निर्बाधु ।
संत समागम करी के होई, श्रीहरि ज्ञान महात्मय दोई ॥४९॥

આવાં લક્ષણે યુક્ત સાધુનો સમાગમ સદાય નિર્બાધ છે. આવા સાધુનો સમાગમ કરવાથી શ્રીહરિનું જ્ઞાન અને મહાત્મ્ય બન્ને થાય છે. ॥૪૯॥

धर्म ज्ञान वैराग्य बिवेका, इन करी युक्त जे भक्ति विशेखा ।
ताहे मुमुक्षु निश्चे पावे, श्रीहरिकृष्ण चरन चित लावे ॥५०॥

ધર્મ-જ્ઞાન-વૈરાગ્ય આદિ સદ્‌ગુણોએ યુક્ત જે ભક્તિ વિશેષ તેને આવા સાધુના સમાગમથી મુમુક્ષુજન નિશ્ચય પામે છે અને હરિકૃષ્ણ ભગવાનના ચરણમાં ચિત્ત લાગે છે. ।।૫૦।।

ऐसे साधु संग तें प्रानी, धर्मकुंवर कर महातम जानी ।
ऐसे भक्ति प्राप्त जब होई, ताकी रीत सुनो सब कोई ।।५१।।

આવા સાધુના સંગથી મુમુક્ષુ આત્માઓ ધર્મકુંવર શ્રીહરિનું માહાત્મય જાણે છે. પછી એવી ઉત્તમ ભક્તિ જીવોને પ્રાપ્ત થાય છે તેની રીતને સાંભળો. ।।૫૧।।

साधु संगते होत विवेका, होत प्राप्त सद्‌गुन अनेका ।
वाराहादिक अवतारन केरा, होत चरित्र श्रवन बहु तेरा ।।५२।।

श्रीहरि कर अति आश्चर्यकारी, ऐसे चरित्र परम अघहारी ।
तिनकर श्रवन होत बहु भांति, मिले संत जब परम एकांति ।।५३।।

આવા સાધુના સંગથી સર્વ પ્રકારનો વિવેક પ્રાપ્ત થાય છે વળી અનેક પ્રકારના સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. વળી વરાહાદિક અવતારના બહુ પ્રકારે ચરિત્ર શ્રવણ થાય છે અને વળી શ્રીહરિનાં સર્વ પાપ હરનારા અતિ આશ્ચર્યકારી એવા જે શ્રેષ્ઠ ચરિત્રો તેનું શ્રવણ જ્યારે આવા પરમ એકાંતિક સંતો મળે ત્યારે બહુ પ્રકારે થાય છે. ।।૫૨-૫૩।।

गौलोक अक्षरपुर नामा, वैकुंठादिक भगवत धामा ।
तिनके विषे हरि कर मानो, अनंत ऐश्वर्य रहा सो जानो ।।५४।।

सो ऐश्वर्य अनंत सुखदाई, साधु संग ते जाना जाई ।
क्षिरब्धि मध्य ज्योति समूहा, तेही करि व्याप्त छबिकर उहा ।।५५।।

श्वेतद्विपपद अति अघहारी, माहात्म्य ता कर अति बडभारी ।
साधु संग ते सोउ जनाये, बेद पुरान शास्त्र सब गाये ।।५६।।

ગોલોક, વૈકુંઠ અને અક્ષરધામ આદિક ધામોનો મહિમા અને તે ધામોમાં રહેલાં અનંત સુખદાયી ઐશ્વર્યો આવા સાધુના સંગથી જાણ્યામાં આવે છે. ક્ષીરસાગરની મધ્યે તેજના સમૂહથી વ્યાપી શોભાના સ્થાનરૂપ અતિ અઘહારી, અતિ ભારે, શ્રેષ્ઠ, શ્વેતદ્વીપ ધામ છે, તેનો મહિમા પણ આવા સાધુના સંગથી જ જાણ્યામાં આવે છે. એમ ચાર વેદો, અઢાર પુરાણો અને સર્વે શાસ્ત્રો કહે છે. ॥૫૪ થી ૫૬॥

भरतखंड महिं अनंत अपारा, भगवत धाम अलौकिक न्यारा ।
ब्रंदाबन द्वारीका धामा, बद्रिकाश्रम सुखविश्रामा ॥५७॥
तिनकर महिमा कहा न जाई, सोउ साधु करी जनाई ।
अैसे साधु परमपद रूपा, करत रंकहि राव अनूपा ॥५८॥

અને વળી ભરતખંડમાં પણ સૌથી ન્યારા અલૌકિક ભગવાનનાં સુખ અને વિશ્રામનાં સ્થાનરૂપ ધામ અપાર છે. જેવાં કે વૃંદાવન, દ્વારિકા, બદરિકાશ્રમ વગેરે. તેમનો મહિમા કહ્યો જાય નહીં એટલો બધો છે. તે આવા સાધુ દ્વારા જાણ્યામાં આવે છે. માટે આવા સાધુ તો પરમપદ(મોક્ષ)રૂપ છે. આવા સંતો રાજી થઈને રાંક જીવોને પણ જેની ઉપમા ન આપી શકાય એવાં રાજા બનાવે છે. ॥૫૭-૫૮॥

दोहा : संत चिंतामनि कल्पतरु, कामधेनु सुखपुर ।
संत अनुग्रह तें मिले, जो चाहो सो जरूर ॥५९॥
संत चरन सेवत सदा, अष्टसिधि नवनिध ।
संत कृपातें होत है, सब पुरुषार्थ सिद्ध ॥६०॥

સર્વ પ્રકારના સુખને આપે એવા આ સંતો ચિંતામણિ કલ્પતરુ અને કામદુઘા ગાય સમાન છે. સંતના અનુગ્રહથી જે ઈચ્છો તે જરૂર મળે છે આવા સંતના ચરણની સેવા તો અષ્ટસિદ્ધિ અને નવનિધિ કાયમ કરે છે. સંતની કૃપાથી સર્વે પ્રકારના પુરુષાર્થ સિદ્ધ થાય છે. ॥૫૯-૬૦॥

सोरठा : संत चरन परताप, अजामेल आदिक अधम ।
किंन परम निष्पाप, दिन अचल पदवी अमर ॥६१॥

ध्रुव प्रह्लाद पुनीत, भये संत प्रसाद करी ।
ओरहि जन अगनीत, पाये अमित सुख सकल मिली ॥६२॥

અજામેલ આદિ અધમ જીવો પણ સંતના ચરણના પ્રતાપથી ઉદ્ધાર પામ્યા છે. એવા પાપીજનોને સંતોએ પરમ નિષ્પાપ કરીને અચલ અમર પદવી આપી છે. સંતની કૃપાથી જ ધ્રુવ અને પ્રહ્લાદ પવિત્ર થયા છે. અને બીજા પણ અગણિત જનો આવા સંતને મળી સેવીને સર્વ પ્રકારના સુખો અતિશય પામ્યા છે. ॥૬૧-૬૨॥

चोपाई :

पुनी भर्तखंड मांहि जानो, महा पुण्य क्षेत्र परमानो ।
पुलहा-आश्रम मुक्त नाथा, ईन आदिक क्षेत्र सुखपाथा ॥६३॥

जमुना जाह्नवी आदिक भारी, राजत तीर्थ अति अघहारी ।
अैसे क्षेत्र तीर्थ प्रमानो, धर्मात्मज संबंध तें जानो ॥६४॥

ईन कर महातम अति अभिरामा, आश्चर्यकारी परम सुखधामा ।
सो महातम फल अखिल अत्यंता, साधुसंगतें जानत जंता ॥६५॥

અને વળી ભરતખંડમાં મોટાં મોટાં પુણ્યક્ષેત્રો છે. જેવાં કે પુલહાશ્રમ, મુક્તનાથ વગેરે વગેરે. એ આદિક પુણ્યક્ષેત્રો સુખના માર્ગ રૂપ છે તથા યમુના, ગંગા આદિ પાપને નાશ કરનારાં શ્રેષ્ઠ તીર્થો છે. આવાં ક્ષેત્રોને તીર્થ જાણવાં. શાથી ? તો તેમને ભગવાનનો સંબંધ થયો છે તેથી. એવાં તીર્થક્ષેત્રનો આશ્ચર્યકારી, પરમ સુખના ધામરૂપ અને અતિશય પવિત્ર મહિમા છે. તેનું સર્વ પ્રકારે માહાત્મ્ય જાણવાથી પણ અત્યંત ફળ થાય છે. આ તીર્થક્ષેત્રનું એવું માહાત્મ્ય જીવોને સાધુના સંગથી જાણ્યામાં આવે છે. ॥૬૩ થી ૬૫॥

यह प्रकार साधु संग पाई, श्रीहरि चरित्र श्रवनमें आई ।
धर्मकुंवर माहात्म्य बऊ भांती, सोउ सुनावत जन एकांती ॥६६॥

महात्म जानी हरिपद प्रीति, होत हें अविचल परम प्रतीति ।
धर्म ज्ञान वैराग्य सहिता, तीन अंग जुत परम पुनिता ॥६७॥

होत है भक्ति धर्मसुत मांई, अति निर्विघ्न परम सुखदाई ।
सो भक्ति हरि सेवा जानो, मिले तबही धन्य भाग्य प्रमानो ॥६८॥

આવી રીતે સાધુનો સંગ પામીને શ્રીહરિનાં ચરિત્ર સાંભળ્યામાં આવે છે. તે એકાંતિક સાધુઓ બહુ પ્રકારે ધર્મકુંવર શ્રીહરિનું માહાત્મ્ય સંભળાવે છે. તે માહાત્મ્ય જાણવાથી ભગવાનનાં ચરણારવિંદમાં પ્રીતિ થાય છે અને પરમાત્મામાં ડગે નહિ એવો શ્રેષ્ઠ વિશ્વાસ થાય છે અને સર્વાવતારી ધર્મપુત્ર શ્રીહરિમાં ધર્મ-જ્ઞાન અને વૈરાગ્યરૂપ ત્રણ અંગોએ યુક્ત પરમ પવિત્ર અતિ સુખદાઈ સંપૂર્ણ નિર્વિઘ્ન એવી ભક્તિ થાય છે. અને તે ભક્તિ તો પ્રેમે કરીને ભગવાનની સેવા કરવી એને જાણવી. જો એવી સેવાભક્તિ મળે તો પોતાનાં મોટાં ભાગ્ય માનજો. ॥૬૬ થી ૬૮॥

ऐसे लछन ज्युत जे संता, परम एकांति मुक्त महंता ।
हरिक्रिपा कर भाजन जानो, मुक्ति द्वार लिखी उर आनो ॥६९॥

ऐसे संत मिलत जब जाई, भव संसृति अघपुंज नसाई ।
ऐसे संत समागम पावा, तब मानू भवकर अंत आवा ॥७०॥

એવા લક્ષણે યુક્ત જે સાધુ છે, તે જ પરમ મુક્ત અને એ જ દુનિયામાં મહાન છે. તેઓ શ્રીહરિની કૃપાના પરમ પાત્ર છે. આવા સંતોને મુક્તિનાં દ્વાર જાણી તેમનો મહિમા હૃદયમાં ધારણ કરવો. આવા સંતો ફરતાં ફરતાં જે જીવને આવી મળે છે તેના જન્મ-મરણરૂપ સંસૃતિ અને સર્વે પાપ સમૂહોનો નાશ કરે છે. જીવ જ્યારે આવા સંતનો સમાગમ પામે છે ત્યારે હું માનું કે એના જન્મ-મરણનો અંત આવ્યો. ॥૬૯-૭૦॥

INDEX

अैसे संत कर दुर्लभ संगा, वदन शास्त्र श्रुति परम उमंगा ।
अैसे संत परम अघहारी, ईनकर महातम बदत मुरारि ॥७१॥

ईनके दरश परस करी होई, मुक्ति च्यार लहत जन सोई ।
नति मात्रतें होवत नासा, अघकर ओघ मिटत भव पासा ॥७२॥

આવા સંતનો સમાગમ અતિશય દુર્લભ છે. એવી રીતે સર્વે શાસ્ત્રો અને વેદો અતિ ઉમંગથી કહે છે. આવા સંત તો પરમ અઘહારી છે. તેમનો મહિમા તો ખુદ પરમાત્મા ગાય છે. તેમનાં દર્શ-સ્પર્શ કરવાથી જનો ચાર પ્રકારની મુક્તિ પામે છે. માત્ર નમન કરવાથી પણ સર્વે પાપના ઓઘેઓઘા નાશ થઈ જાય છે અને જીવનું ભવબંધન છૂટી જાય છે. ॥૭૧-૭૨॥

दोहा : संत मिले तब हरि मिले, यामें नहिं संदेह ।
पावत प्रानी परम पद, बढत हे प्रभु पद नेह ॥७३॥

संतक्रिपातें होत हे, पामर परम पुनीत ।
ज्युं कीट होत हे भ्रंग सम, सेवत दृढ करि प्रीत ॥७४॥

'આવા સંત મળ્યા એટલે હરિ મળ્યા.' આમાં જરાય સંશય નથી. કેમ જે, તેથી જ પ્રગટ પ્રભુમાં અતિશય સ્નેહ વધે છે અને તેથી જ જીવો અક્ષરધામરૂપ શ્રેષ્ઠ પદને પામે છે. સંતની કૃપાથી પામર જીવો પણ પરમ પવિત્ર થાય છે. જેમ ઈયળ ભમરીના સંગથી ભમરી થાય છે તેમ અતિશય દૃઢ પ્રીતિએ કરીને સંતોને સેવે છે ત્યારે તે જીવ પણ સંત સમાન બને છે. ॥૭૩-૭૪॥

सोरठा : संत संग लव मात्र, तुल्य तन ता सम सकल सुख ।
धरिये तुला एक पात्र, सप्त स्वर्ग अपवर्ग कर ॥७५॥

होत न हरि पद नेह, अैसे संत कर संग बिन ।
मिटत न मोह मति देह, होत न भक्ति नाथ पद ॥७६॥

સત્સંગના લવમાત્ર ફળને એક તુલામાં મૂકીએ તથા સામેના પલ્લામાં સાત સ્વર્ગ અને તેમનાં સર્વ સુખો અને મોક્ષને મૂકીએ, તોપણ લવ સત્સંગનું ફળવાળુ પલ્લું નીચે નમી જાય છે. આવા સાધુનો સમાગમ કર્યા વિના ભગવાનનાં ચરણારવિંદમાં પ્રેમ થાતો નથી, મોહ મટતો નથી, દેહબુદ્ધિ જતી નથી અને શ્રીહરિના ચરણની સેવા પ્રાપ્ત થતી નથી. ॥૭૫-૭૬॥

चोपाई :

अैसे संत मुक्ति कर दाता, पूजत देव नाई पद माथा ।
अैसे संत सेवतें होई, सद्य मुक्ति डारत अघ धोई ॥७७॥

करी प्रीत कोउ भोजन करावे, ता कर संसृति रहन न पावे ।
पूजत साधु करी विवेका, लहत परम पद सो हम देखा ॥७८॥

આવા સાધુને મોક્ષના દાતા કહ્યા છે. આવા સાધુના ચરણમાં માથું નમાવીને દેવો પણ એમની પૂજા કરે છે. આવા સાધુને સેવતાં જ સર્વે પાપો ધોવાઈ જાય છે અને તત્કાળ મુક્તિ મળે છે. આવા સાધુને કોઈ પ્રેમથી ભોજન કરાવે તો તેને સંસૃતિ રહી શકતી નથી. સાધુને વિવેકથી કોઈ પૂજે છે તો તે પરમપદ પામે છે, તે મેં જોયું છે. ॥૭૭-૭૮॥

कंदमूल फल पुष्प ले आगे, धरत कोउ जन अति अनुरागे ।
सो जिंयत सज्जन रुचि लाई, होत पुण्य सो अंत सहाई ॥७९॥

रविनंदनकर दूत कहावे, वंदन करी तुरत फीरी जावे ।
अैसे संत कर तेज प्रभाउ, जानत काल रविसुत राउ ॥८०॥

કોઈ માણસ આવા સંતની આગળ કંદમૂળ, ફળ કે પુષ્પ લાવી પ્રેમથી અર્પણ કરે છે અને સંતો રુચિ લાવી એને જમે છે તેનું મહાપુણ્ય એ જીવને અંત સમયે સહાય કરે છે. સૂર્યના દીકરા યમરાજાના દૂતો તેને જોઈને વંદન કરી પાછા જાય છે. આવા સંતોના બળને તથા પ્રભાવને યમરાજા અને કાળ જાણે છે. ॥૭૯-૮૦॥

बहुत जन्म कर पाप समूहा, दारून दोष अमित कलि कूहा ।
संत प्रताप अनल कर ज्वाला, करते हे नास जारी ततकाला ॥८१॥

अनंत प्रकार वासना सूली, नास करत संत खोदी समूली ।
हरि कर हृदय संतहि जानो, श्रीमुख वचन सत्य करी मानो ॥८२॥

બહુ જન્મનાં પાપસમૂહો, દારૂણ દોષો અને માપ વિનાના કળિયુગના ક્લેશો સંતોના પ્રતાપરૂપ અગ્નિની જ્વાળા વડે તત્કાળ બળીને ભષ્મ થઈ જાય છે. અનંત પ્રકારની વાસનારૂપી શૂળોને સંતો સમૂળ ખોદીને નાશ કરે છે. **साधवो हृदयं मम्** । મારું હૃદય તો સંત જ છે, એમ જાણો. એવું શ્રીમુખનું વચન સત્ય કરીને માનવું. ॥૮૧-૮૨॥

हरि अपराध करत जन कोई, सद्य निवाजत साधु सोई ।
संत अपराध करत कोउ रंचा, हनत ताय शर सांधी प्रतंचा ॥८३॥

देत संतकुं रति दुःख कोई, सही नई सकत रमापति सोई ।
संतद्रोही कहुं बचन न पावे, बंस सहित हरि मारी नसावे ॥८४॥

શ્રીહરિનો કોઈ અપરાધ કરે તો સંતો તેનું તરત જ નિવારણ કરે છે; પણ સંતનો જરી જેટલોય કોઈ અપરાધ કરે તો શ્રીહરિ એવા જીવનું ધનુષ્યબાણથી નિશાન સાધી તેનો નાશ કરે છે. **કોઈ સંતને રંચમાત્ર દુઃખ આપે તેને પણ શ્રીહરિ સહન કરી શકતા નથી.** સંતનો દ્રોહી કોઈ બચવા પામ્યો નથી. એના વંશે સહિત શ્રીહરિ તેનો નાશ કરી નાખે છે. ॥૮૩-૮૪॥

पतंग बस पावक जिमि जारे, संतद्रोही हरि येहि विधि मारे ।
अैसे संत हरिकुं प्यारा, धरत संतहित हरि अवतारा ॥८५॥

अैसे संत चरनमें आई, तीरथ मात्र रहत मुद पाई ।
गंगा जमुना चरन पखारे, चरन परसी निज पातक जारे ॥८६॥

જેમ અગ્નિ પતંગિયાંને બાળી નાખે છે, એમ શ્રીહરિ સંત-દ્રોહીને મારી નાખે છે. કેમ જે, એવા સંત હરિને બહુ પ્યારા છે અને એવા સંતોનું હિત કરવા તો શ્રીહરિ ધરતી ઉપર અવતાર લે છે. એવા સંતના ચરણમાં આવીને સર્વે તીર્થો આનંદથી વાસ કરીને રહે છે. ગંગા-યમુના તો ચરણ ધૂએ છે અને એવા સંતના ચરણસ્પર્શી પોતાનાં પાપ બાળે છે. ॥૮૫-૮૬॥

दोहा : अैसे संत समागम, मन क्रम करे जो कोई ।
लहत अचल अपवर्ग सुख, संत प्रतापे सोई ॥८७॥
सकल अर्थ सिद्ध होत है, संत समागम पाय ।
संत क्रिपा प्रसादतें, सकल दोष दुःख जाय ॥८८॥

આવા સંતનો સમાગમ કોઈ મન-કર્મ-વચને કરે તો તે સંતના પ્રતાપથી અચળ સુખરૂપ આત્યંતિક મોક્ષને પામે છે. સંતનો સમાગમ પામવાથી સર્વ અર્થની સિદ્ધિ થાય છે. સંતના કૃપાપ્રસાદથી સર્વ દુઃખો અને દોષો જતા રહે છે. ॥૮૭-૮૮॥

सोरठा : यथामति लवलेश, बरन्यो महिमा संतकर ।
पार न पावत शेष, सहस्र वदन करी कहत नित ॥८९॥
लछन बरनें लगार, मोर मति अनुसार कर ।
सद्गुन कर भंडार, संत चिंतामनि कल्पतरु ॥९०॥

મેં પ્રેમાનંદસ્વામીએ આવો સંતનો મહિમા લવલેશ જેટલો વર્ણવ્યો છે હજાર મુખે શેષજી રોજે રોજ કહે છે તોપણ તે પાર પામતા નથી; તો હું શું વર્ણવી શકું ? મેં તો મારી મતિ અનુસારે જરાક લક્ષણ વર્ણવ્યાં છે. બાકી, સંતો તો સર્વે સદ્‌ગુણોના ભંડાર છે અને જીવોને માટે ચિંતામણિ તથા કલ્પવૃક્ષ જેવા છે. ॥૮૯-૯૦॥

चोपाई :

पुरुषोत्तम हरिकृष्ण दयाला, भक्तिधर्मसुत जन प्रतिपाला ।
अनंत भुवनपति अक्षरनिवासी, भये नररूप नाथ अविनाशी ॥९१॥

सुंदर रूप छबी तनमांई, निरखी रतिपति कोटि लजाई ।
सो मूर्ति नखसिख उर आनी, बरने चिह्न सकल सुखदानी ॥९२॥

અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ સર્વના સ્વામી અવિનાશી શ્રીપુરુષોત્તમ-નારાયણ કેવળ દયાએ કરીને અધર્મ થકી જનોનું રક્ષણ કરી તેમને લાડ લડાવવા છપૈયામાં ધર્મ-ભક્તિના પુત્ર તરીકે મનુષ્યરૂપે પ્રગટ થયા. કેવું એ રૂપ હતું ? તો કરોડો કામદેવ જોઈને લજાઈ જાય એવું સુંદર શ્રીહરિએ શરીર ધાર્યું હતું. એ દિવ્યમૂર્તિને નખથી શિખા પર્યંત હૃદયમાં ચિંતવન કરીને સકળ સુખને આપનારાં એવાં તિલચિહ્નોનું વર્ણન કર્યું. ॥૯૧-૯૨॥

प्रथम लिखें सब चिह्न संभारी, अंग अंग प्रति मंगलकारी ।
लिखा तदनंतर सहज स्वभाऊ, चेष्टा सुखद हरत उरदाऊ ॥९३॥

लिखी प्रार्थना पुनि करी प्रीति, हरिजन हित नित करी रस रीति ।
तदनंतर में लिखे सुखधामा, असाधारण लछन अभिरामा ॥९४॥

એમાં પ્રથમ સર્વના મંગળને કરનારા શ્રીહરિનાં અંગોઅંગમાં રહેલાં એવાં સર્વે ચિહ્નો સંભારીને લખ્યાં. ત્યાર પછી હૃદયની અશાંતિને હરે એવી અને સુખને કરે એવી શ્રીહરિની સ્વાભાવિક ચેષ્ટા લખી. ત્યાર પછી હરિજનના હિત માટે નિત્ય પ્રભુને કરવા જેવી પ્રાર્થના મેં પ્રેમથી લખી. અને ત્યાર પછી પુરુષોત્તમનારાયણ અવતારી શ્રીપ્રગટ હરિકૃષ્ણ મહારાજનાં સુંદર સુખનાં ધામ એવાં અસાધારણ લક્ષણો લખ્યાં. ॥૯૩-૯૪॥

तदनंतर लिखी करी बिच्यारा, मानसी पूजा सबहि प्रकारा ।
त्रय रितु महिं सब न्यारी न्यारी, पंचकाल करे हरि उरधारी ॥९५॥

करत मानसी संत सुधीरा, बिधि सहित बर्नि महावीरा ।
तिनकर नाम लिखे करी खांती, भिन्न हि भिन्न करी बहु भांती ।।९६।।

ત્યાર પછી સર્વ પ્રકારે વિચાર કરી માનસી પૂજા લખી, કે જે ત્રણેય ઋતુઓમાં જુદી જુદી કરવાની હોય છે. તે દિવસમાં પાંચવાર શ્રીહરિને હૃદયમાં ધારીને સર્વે હરિઆશ્રિતોએ કરવી. જે પાંચકાળની પાંચેય માનસીઓ સારી ધીરજવાળા મહા શૂરવીર સંતો પ્રેમથી કરે છે એનું વિધિ સહિત મેં વર્ણન કર્યું. ॥૯૫-૯૬॥

लिखा कछुक संतन कर महिमा, सुनी तरत जन भवनदी भीमा ।
धर्म बंसकर महिमा गावा, करी बरनन मन आनंद पावा ।।९७।।

धर्मबंस सतसंग कर मूला, महिमा सुनी मिटत भवसूला ।
संतन के लछन अघहारी, बरने उद्धव मत अनुसारी ।।९८।।

निगम पुरान शेष शुक गाये, सोउ यथामति बरनि सुनाये ।
तदनंतर कछु महिमा भाखा, यह रस रसना नौतम चाखा ।।९९।।

श्रवन सुनत त्रप्ति नहिं होई, सुनी हरिजन मन हरखित सोई ।
प्रगट संत कर महिमा भारी, डारत भव कर मूल उखारी ।।१००।।

ત્યાર પછી એવાં સંતોનાં નામો બહુ પ્રકારે જુદાં જુદાં ચીવટ રાખીને લખ્યાં. પછી સંતનો કંઈક મહિમા લખ્યો કે, જેને સાંભળીને જન્મ-મરણરૂપ ભયંકર નદીને જનો તરી જાય છે. ત્યાર પછી ધર્મવંશનો મહિમા ગાયો. તેનું વર્ણન કરીને મન આનંદ પામ્યું. ધર્મવંશ તો સત્સંગનું મૂળ છે. એનો મહિમા સાંભળીને ભવદુઃખ મટે છે. સંતોનાં પાપ નાશ કરનારાં લક્ષણ ઉદ્ધવ સંપ્રદાયને અનુસારે મેં વર્ણન કર્યાં છે, કે જે લક્ષણો વેદોમાં, પુરાણોમાં, શેષ-શુકાદિએ કહેલાં છે; તે જ લક્ષણો મેં મારી બુદ્ધિ પ્રમાણે વર્ણન કરી સંભળાવ્યાં છે.

ત્યાર પછી કાંઈક મહિમા કહ્યો એ રસ રસનાએ નવીન ચાખ્યો

છે. શ્રવણે સાંભળતાં તૃપ્તિ થઈ નથી. અને તેને સાંભળીને હરિજનોનાં મન હર્ષિત થયાં. કેમ જે, પ્રગટ સંતોનો મહિમા અતિશય શ્રેષ્ઠ કલ્યાણકારી છે.(એને જીવમાં સમજીને દઢ કરે) તો જન્મ-મરણનાં મૂળ ઉખાડી નાખે છે. ॥૯૭ થી ૧૦૦॥

दोहा : ज्युं रस लोभी मधुकरा, लेत हें नलिन सुगंध ।
त्युं सुनि त्रपत न होत हे, सुमति सज्जन व्रंद ॥१०१॥
परगट लीला रसभरी, मुदित होतही सब संत ।
या कारन रच्यो जत्न करी, ध्यानमंजरी ग्रंथ ॥१०२॥

જેમ રસના લોભી ભમરાઓ કમળની સુગંધ લીધા જ કરે છે એમ જ સુમતિ સાધુજનોનો સમૂહ આ મહિમાને સાંભળતાં તૃપ્ત થાતો નથી. પ્રગટ પુરુષોત્તમની રસભરી લીલાને સર્વે સંતો સાંભળીને અતિશય આનંદ પામે જ છે. એટલા માટે મેં પ્રેમાનંદસ્વામીએ મહેનત કરીને આ **'ધ્યાનમંજરી'** ગ્રંથ રચ્યો છે. ॥૧૦૧-૧૦૨॥

सोरठा : सुने नेह करी कोई, ग्रंथ सरस यह सरल शुभ ।
होत मुदित मन सोई, उपजत प्रभुपद प्रीत नई ॥१०३॥
लीला ललित अनूप, लिखी प्रगट दृग देखी शुभ ।
परम तत्त्व रसरूप, सुनि मुनि प्रफुलित रहत नित ॥१०४॥

સરસ, સરળ અને શુભ એવા આ ગ્રંથને કોઈ સ્નેહથી સાંભળે તો તેને મનમાં અતિશય આનંદ પ્રાપ્ત થાય છે અને શ્રીહરિમાં નવી પ્રીત ઉપજે છે. પ્રગટ શ્રીહરિકૃષ્ણ મહારાજની અનુપમ સુંદર શુભ લીલાને મેં પ્રગટ મારી આંખે જોઈને લખી છે. પ્રગટ પુરુષોત્તમનારાયણના લીલારસરૂપ પરમ તત્ત્વને સાંભળી મુનિઓ હંમેશાં પ્રફુલ્લિત રહે છે. ॥૧૦૩-૧૦૪॥

चोपाई :

ध्यानमंजरी ग्रंथ अनूपा, लीला लिखी परम सुखरूपा ।
सुनी सज्जन मन मोद बढावे, धर्मकुंवर छबी उर फुरी आवे ।।१०५।।

'ધ્યાનમંજરી' નામનો અનુપમ ગ્રંથ લખીને શ્રીહરિની પરમ સુખરૂપ લીલા લખી છે જેને સાંભળતાં સર્વ સંતોના મનમાં આનંદ વધે અને ધર્મકુંવર શ્રીહરિની દિવ્ય મૂર્તિ હૃદયમાં સ્ફૂરી આવે. (એટલો જ મારે ગ્રંથ લખ્યાનો હેતુ છે). ॥૧૦૫॥

सुने ग्रंथ यह करी अति प्यारा, बढत नाथ पद नेहा अपारा ।
धर्मकुंवर कर प्रगट आकारा, दैवत परम सार कर सारा ।।१०६।।

આ ગ્રંથને અતિ પ્રેમે કરીને કોઈ સાંભળે તો તેને પ્રગટ શ્રીહરિનાં ચરણકમળમાં અપાર પ્રેમ વધે છે. ભૂતળ ઉપર પ્રગટ થયેલા ધર્મકુંવર અવતારી શ્રીહરિકૃષ્ણ મહારાજનો પ્રગટ આકાર(મૂર્તિ) સર્વે સારનું સાર છે અને એ જ પરમ દૈવત છે. ॥૧૦૬॥

नाम रूप लीला अघहारी, डारत अधर्म मूल उखारी ।
यह कारन में हर्ष उर लाई, नखशिख चिह्न रु चेष्टा गाई ।।१०७।।

ભગવાનનાં નામ, રૂપ અને લીલા સર્વ પાપને નાશ કરનારી છે અને અધર્મનાં મૂળ ઉખાડી નાખે છે; તે કારણથી મેં હરખાતે હૈયે શ્રીહરિની મૂર્તિનાં નખથી શિખા પર્યંતનાં તિલચિહ્નો અને તેમની સ્વાભાવિક ચેષ્ટા ગાઈ છે. ॥૧૦૭॥

ग्रंथ सुनत श्रीधर्मकुमारा, भासत हृद उर दृगतारा ।
सुखमय मूर्ति अति रसरूपा, आनंद सिंधु धर्मसुत भूपा ।।१०८।।

ગ્રંથ સાંભળતાં જ શ્રીધર્મકુમાર ઈદમ્ ઉરમાં સાંભરી આવે, કેવા ધર્મકુંવર ? તો મારા નેણના તારા સમાન અતિ રસરૂપ સુખમય મૂર્તિ,

આનંદના સાગર, સર્વથી શ્રેષ્ઠ એવા શ્રીધર્મકુંવર છે. ॥૧૦૮॥

यह ग्रंथ कर फल हे एही, श्रवन सुनत फुरे शाम सनेही ।
यह कारन में धर्यो सुखधामा, ध्यानमंजरी ग्रंथको नामा ॥१०९॥

આ ગ્રંથનું ફળ તો આવું છે, કેવું ? તો શ્રવણે સાંભળતાં જ સ્નેહી શ્રીહરિની મૂર્તિ હૃદયમાં સ્ફૂરી આવે છે અને એટલા માટે જ મેં આ ગ્રંથનું સુખધામ નામ **'ધ્યાનમંજરી'** એવું રાખ્યું છે. ॥૧૦૯॥

ज्यो यह ग्रंथ सुने रु सुनावे, प्रफुलित होई प्रेम करी गावे ।
होत ताय फल अति अविनाशी, बढत प्रेम हरिपद सुखराशी ॥११०॥

જે કોઈ આ ગ્રંથને સાંભળે અને સંભળાવે અને કોઈ હૃદયમાં હર્ષ લાવી આનંદીત થઈ પ્રેમથી ગાય તો તેને અતિશય અવિનાશી એવું ફળ થાય છે. અને વળી સુખના રાશી એવા શ્રીહરિની મૂર્તિમાં અતિશય પ્રેમ વધી જાય છે. ॥૧૧૦॥

प्रगट बात सब हिया मांई, नाहिं प्रोक्ष रंच भर गाई ।
यह कारन दुरिजन कुं न देना, यह मर्म सज्जन सुनि लेना ॥१११॥

આ ગ્રંથમાં હૈયામાં રહેલી સર્વ પ્રગટ વાત લખી છે. પરોક્ષ વાત એક રતિભાર પણ ગાઈ નથી. એટલા માટે દુરિજનને કોઈ આ ગ્રંથ દેશો નહીં. આ રહસ્ય સર્વ સાધુ-સત્સંગી સાંભળી લેજો. ॥૧૧૧॥

भोजन सरस खीर सम नाई, श्वान सकत नहीं उदर पच्याई ।
यह कारन कुमति कर जाई, देखत दोष प्रगट रसमांई ॥११२॥

કોઈ ભોજન ખીર સમાન નથી, પરંતુ શ્વાન પોતાના ઉદરમાં તેને પચાવી શકતું નથી; એટલા માટે આ ગ્રંથ જો કુમતિ માણસના હાથમાં જાય તો તે પ્રગટ ભગવાનની આવી રસરૂપ લીલામાં દોષ દેખે છે. ॥૧૧૨॥

धर्मबंसी जन हरि कर दासा, सुनो सुनावो आनी हुलासा ।
ध्यानमंजरी ध्यान स्वरूपा, हरिजनकुं सुखरूप अनूपा ॥११३॥

ધર્મવંશી એવા શ્રીહરિના આશ્રિતજનો આ ગ્રંથને હૃદયમાં હુલ્લાસ આણીને વાંચો, સાંભળો અને સંભળાવો. ધ્યાનમંજરી ગ્રંથ ધ્યાનસ્વરૂપ છે. સર્વે હરિભક્તોને અનુપમ સુખરૂપ છે. કોઈ સકામ ભાવનાથી જો સાંભળશે તો તે નરનારી ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થને નક્કી પામશે. ॥૧૧૩॥

सुने सकामी जन नरनारी, पावे धर्म अर्थ फल च्यारी ।
निष्कामी जन सुने सुनावे, धर्मकुंवर उरमें फुरी आवे ॥११४॥

અને કોઈ નિષ્કામ હરિભક્ત આ ગ્રંથને સુણશે કે સંભળાવશે તો એના હૃદયમાં ધર્મકુંવર શ્રીહરિ પ્રગટ થઈ આવશે. (અને સદા વાસ કરીને રહેશે.) ॥૧૧૪॥

दोहा : नाम दुर्गपुर सुखसदन, उन्मत्त सरिता तीर ।
लिख्यो ग्रंथ तहां बास बसी, पूरन परम रुचीर ॥११५॥

સુખધામ એવા દુર્ગપુર નામના ગામમાં ઉન્મત્તગંગાને તીરે ત્યાં વાસ વસીને પૂર્ણ શ્રેષ્ઠ સુંદર આ ગ્રંથ મેં પ્રેમાનંદસ્વામીએ લખ્યો છે. ॥૧૧૫॥

ध्यानमंजरी प्रगट भई, सजजन तन सिंगार ।
प्रगट रूप गुन रस भरी, करन पतित भवपार ॥११६॥

સંતજનોના શરીરના શણગારરૂપ આ **'ધ્યાનમંજરી'** પ્રગટ થઈ છે. જેમાં પ્રગટ ભગવાનનાં રૂપ-ગુણનો રસ ભર્યો છે અને સર્વે પતિતોને ભવપાર કરે છે. ॥૧૧૬॥

दोहा चोपाई सोरठा, छंद हरत भव त्रास ।
किंन चतुर्दश ग्रंथ महिं, सुंदर सरस प्रकाश ॥११७॥

દોહા, ચોપાઈ, સોરઠા અને છંદ જન્મમરણના ત્રાસને હરે એવા લખ્યા છે. અને તેના આ ગ્રંથમાં સુંદર-સરસ ચૌદ પ્રકાશ(અધ્યાય) કર્યા છે. ॥૧૧૭॥

संवत १९१० उनिस रु अंक दश, असित पक्ष गुरुवार ।
तिथि कुहू चैतर वदि, रितु वसंत सुखसार ॥११८॥
भयो ग्रंथ संपुरन, ता दिन परम पुनित ।
ध्यानमंजरी रची शुभग, प्रेमानंद करी प्रीत ॥११९॥

આ ગ્રંથ સંવત્ ૧૯૧૦ વસંતઋતુમાં ચૈત્ર વદ ચૌદશે યુક્ત અમાવાસ્યાને ગુરુવારે સંપૂર્ણ થયો છે. પરમ પવિત્ર સર્વ સુખના સાર-રૂપ આ **'ધ્યાનમંજરી'** ભાગ્યશાળી એવા પ્રેમાનંદસ્વામીએ પ્રીત કરીને રચી છે. ॥૧૧૮-૧૧૯॥

सोरठा : दोहा सोरठा छंद, रची चोपाई सरस वर ।
सरल परम प्रबंध, हरिजन हित रच्यो हर्ष जुत ॥१२०॥

દોહા, સોરઠા, છંદ અને સરસ-શ્રેષ્ઠ ચોપાઈ સરળ-શ્રેષ્ઠ પ્રબંધમાં રચી હરિજનના હિત અર્થે ધ્યાનમંજરી ગ્રંથ હરખાતે હૈયે લખ્યો છે. ॥૧૨૦॥

(તેની સંખ્યાનો આંકડો આપું છું.)

ता कर अंक प्रमानुं, चतुर पंच सत अंक गन ।
ता पर अधिक सो जानुं, ९२७
सप्त विंश अंक अवधि वर ॥१२१॥

દોહા, સોરઠા, ચોપાઈ અને છંદ મળીને કુલ નવસો સત્યાવીશની સંખ્યા કવિત્વની ભાષામાં પ્રેમાનંદસ્વામીએ જાણી વર્ણવી છે. અર્થાત્

આ **'ધ્યાનમંજરી'** ગ્રંથમાં કુલ નવસોને સત્યાવીશ દોહા અને સોરઠા આદિક છે. ॥૧૨૧॥

દોહા : તીર્થ ભૂમિ કુંડળમાં, ઉતાવળીને તીર;
ગુર્જર ભાષાંતર કર્યું, રાજી થજો રામવીર...૬

સંવતબેહજારછાસઠની, રામનવમીનો દન;
ચાહુ પ્રસન્નતા આપની, ભાવે હું જ્ઞાનજીવન...૭

इति श्रीसहजानंदस्वामी शिष्य प्रेमानंदमुनिविरचितायां श्रीहरि ध्यानमंजर्यां ब्रह्मचारी साधु नाम बरन नामा चतुर्दशो प्रकाशः ॥१४॥

ઈતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિત શ્રીહરિધ્યામંજરીગ્રંથનું ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

।। इति श्रीध्यानमंजरी ग्रंथ संपूरन ।।

॥ श्रीसहजानंदस्वामिने नमो नमः ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

વિવેકસાર

॥ अथ विवेक सार लिख्यते ॥

દોહા : સર્વોપરી મહારાજને, વંદુ હું વારંવાર;
વંદુ પ્રેમાનંદસ્વામીને, જેણે લખ્યો વિવેકસાર...૧

અનુપમ આ ગ્રંથ છે, નાનો છતાં મહાન;
આમાં એકાંતિક ધર્મ, વર્ણવી બતાવ્યું જ્ઞાન...૨

મુમુક્ષુને આ ગ્રંથનું, કરવું જોઈએ મનન;
માટે ગુજરાતી ભાષાંતર, કરું હું જ્ઞાનજીવન...૩

શ્રીહરિ ને સંતો-ભક્તો, રાજી થાજો મુજમાથ;
પાયે પડી વિનતિ કરું, વળી જોડું છું બે હાથ...૪

दोहा : वंदुं धर्मकुमार पद, सर्वशक्तिधर श्याम ।
देहो भक्ति एकान्तिकी, निजजन पूरनकाम ॥१॥

પોતાના આશ્રિતને પૂર્ણકામ કરનારા, સર્વે શક્તિને ધરનારા, ધર્મ-દેવના પુત્ર હે શ્રીસ્વામિનારાયણ ભગવાન ! આપનાં ચરણમાં હું પ્રેમાનંદ સ્વામી વંદન કરું છું. મને આપની એકાંતિકી ભક્તિ આપો. ॥૧॥

वरनुं प्रभुपद उर धरि, धर्म रु ग्यान विरक्ति ।
हरि के माहातम ग्यानजुत, एकांतिकी शुभ भक्ति ॥२॥

સ્વામિનારાયણ ભગવાનનાં ચરણકમળને મારા હૃદયકમળમાં ધારીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને શ્રીહરિની માહાત્મ્યજ્ઞાને યુક્ત એકાંતિકી શુદ્ધ ભક્તિનું વર્ણન કરું છું. ॥૨॥

लोभ काम रस स्वाद पुनि, स्नेह मान यह पांच ।
इनको जिते जतन करि, धर्म संत को साच ॥३॥

સંતોનો આ જ સાચો ધર્મ છે. શું ? તો લોભ, કામ, રસાસ્વાદ, સ્નેહ અને પાંચમો માન; આ પાંચ અંતઃશત્રુને જતન કરીને જીતવા. ॥૩॥

(હવે જ્ઞાનનિરૂપણ કરે છે.)

नाना दुःख विकारमय, देहिनको यह देह ।
ताते आत्मा भिन्न हें, निरविकार सुख गेह ॥४॥

સર્વ પ્રાણીઓનો દેહ અનેક પ્રકારનાં દુઃખ અને વિકારોથી ભરેલો છે, આત્મા તેનાથી જુદો છે, નિર્વિકાર છે, સુખરૂપ છે. ॥૪॥

अक्षर अज शाश्वत सदा, अछेद्य अभेद्य निरंश ।
देह इन्द्रिय मन बुद्धि सुर, प्रान प्रकाशक हंस ॥५॥

વળી, તે આત્મા કેવો છે ? તો અક્ષર છે, અજન્મા છે, શાશ્વત છે, સદા છેદાય નહિ અને ભેદાય નહિ એવો છે અને નિરંશ છે. તથા દેહ, ઇન્દ્રિયો, મન, બુદ્ધિ અને તેના દેવતા તથા પ્રાણનો પ્રકાશક છે. ॥૫॥

सडे नहि सो जलकरि, वह्नि दहे न ताय ।
मरुत करि सोसे नहि, अचल निर्लेप कहाय ॥६॥

અને જળે કરીને સડતો નથી, અગ્નિએ કરીને બળતો નથી, વાયુએ કરીને સુકાતો નથી, એવો આ આત્મા અચળ અને નિર્લેપ કહેવાય છે. ॥૬॥

जो गुन हे आत्मा महि, सो देहादौ नांहि ।
देहादिक महि दोष जो, सो नहि आत्मा मांहि ।।७।।

જે ગુણ આત્મામાં છે તે દેહાદિકમાં ક્યારેય નથી, દેહાદિકમાં જે દોષ છે તે આત્મામાં ક્યારેય નથી. ।।૭।।

यह लक्षण जुत जानिजे, आत्मा परम अनूप ।
सच्चिदानंद अक्षर महि, धरे भाव तदरूप ।।८।।

આવા લક્ષણે યુક્ત આત્માને જાણવો અને તે આત્માને શ્રેષ્ઠ, અનુપમ અને સચ્ચિદાનંદરૂપ એવા અક્ષરબ્રહ્મ સાથે ભાવનાથી એકરૂપ ધારવો અર્થાત્ હું અક્ષરબ્રહ્મ છું એમ માનવું. ।।૮।।

देहादिक गुन जीव महिं, आवत देह अध्यास ।
त्यों अक्षर उर धारते, सदगुण करत प्रकाश ।।९।।

જેમ દેહાધ્યાસ થાતા દેહાદિકના ગુણ જીવમાં આવે છે તેમ અક્ષરબ્રહ્મ સાથે આત્માની એકપણાની ભાવના કરવાથી અક્ષરના સર્વે ગુણો આત્મામાં પ્રગટ થઈ આવે છે. ।।૯।।

दृढ आत्मनिष्ठा येहि, बरन्यो अनुपम ग्यान ।
संत संमत वैराग्य को, लछन कहुं बखान ।।१०।।

એને જ દૃઢ આત્મનિષ્ઠા કહેવાય. આવી રીતે જ્ઞાનનું સ્વરૂપ વર્ણવ્યું. હવે સર્વે સંતને સંમત એવું વૈરાગ્યનું લક્ષણ વખાણીને કહું છું. ।।૧૦।।

(હવે વૈરાગ્યનું લક્ષણ કહે છે.)

प्रथम अपनो ओर को, जानि देह स्वरूप ।
चर्म पेशि मल जुक्त हें, सब प्रकार दुःख कूप ।।११।।

પ્રથમ પોતાનું અને બીજાના દેહનું સ્વરૂપ જાણવું જે, દેહ, ચર્મપેશી

અને મળથી યુક્ત છે, અને સર્વ પ્રકારના દુઃખનો કૂપ છે. ॥૧૧॥

त्वचा मांस अस्थि रुधिर, मज्जा मेद रु नाडी ।
जरा रोग मल मुत्र जुत, तांसु प्रीति छाडी ॥१२॥

વળી ત્વચા, માંસ, હાડકાં, લોહી, મજ્જા, મેદ, નાડીઓ તથા અનેક રોગ અને મળ-મૂત્રે યુક્ત છે તથા ગઢપણે યુક્ત છે. આત્માએ એમાંથી પ્રીતિ તોડવી. ॥૧૨॥

नृपति नाम जो देह को, होत कृमि विटछार ।
एसे तन आसक्त जन, पुनि पुनि भ्रमत संसार ॥१३॥

જે દેહનું 'રાજા' એવું નામ છે તે પણ અંતે કૃમિ, વિષ્ટા, અને રાખ થઈ જાય છે. અર્થાત્ મરણ પછી દેહ પડ્યો રહે તો દેહ સડીને કૃમિ કહેતાં જીવડાં થઈ જાય છે. અને માંસાહારી પ્રાણી એ મડદાને ખાઈ જાય તો તેની વિષ્ટા થઈ જાય છે. અને અગ્નિમાં બાળી નાખે તો તે દેહની રાખ થઈ જાય છે. એવા શરીરમાં જે આસક્તિ રાખે છે તે ફરી ફરી સંસારમાં ભમે છે, અર્થાત્ વારંવાર જન્મ-મરણ પામે છે. ॥૧૩॥

चोरासिलख जातिके, धरत जीव तन जाय ।
उदभिज अंडज स्वेद जर, च्यार खानि के मांय ॥१४॥

એમાં ઉદ્‌ભિજ, અંડજ, સ્વેદજ અને જરાયુજ આ ચાર ખાણમાં જઈને ચોરાશી લાખ જાતના જીવ વારંવાર જન્મ ધરે છે. ॥૧૪॥

नर या तन करि शुभअशुभ, कर्म करत मुद आनि ।
स्वर्गमृत्यु पाताल में, भ्रमत पुनि पुनि प्रानि ॥१५॥

નર અથવા નારીનું શરીર ધારણ કરી અતિ આનંદે યુક્ત થઈ શુભ-અશુભ કર્મને કરે છે; એના ફળ સ્વરૂપે સ્વર્ગ, મૃત્યુ અને પાતાળમાં વારંવાર દેહ ધરીને ભમે છે. ॥૧૫॥

अशुभ कर्म करि नरक में, पचत हे बहुत प्रकार ।
अवश्य जन्म निंदित धरे, पशु खग कीट अपार ॥१६॥

અશુભ કર્મે કરીને બહુવાર નરકમાં પીડા ભોગવે છે; પછી પશુ, પક્ષી અને કીટ જેવા અપાર નિંદિત જન્મ અવશ્ય ધારણ કરે છે. ॥૧૬॥

कबहुं होत शुभ कर्म करि, प्रानि भूतळ भूप ।
कबहुं लहत पाताळ सुख, कबहुं स्वर्ग अनूप ॥१७॥

ક્યારેક શુભ કર્મે કરીને પ્રાણી પૃથ્વી ઉપર રાજા થાય છે, ક્યારેક પાતાળનું સુખ પામે છે, ક્યારેક અનુપમ સ્વર્ગનું સુખ પામે છે. ॥૧૭॥

नाशवंत ए सब हि सुख, कहत शास्त्र मुनि मुक्त ।
काम लोभ भय ईर्षा, क्रोधादिक करि जुक्त ॥१८॥

શાસ્ત્રો, મુનિઓ અને મુક્તો એ સર્વે આ સુખને નાશવંત કહે છે. અને એ સર્વે સુખ કામ, લોભ, ભય, ઈર્ષા અને ક્રોધાદિકે કરીને યુક્ત છે. ॥૧૮॥

ब्रह्मा के दिन एक में, परत चौद सुरपाल ।
सो विधि प्राकृत प्रलय में, होत नाश ततकाल ॥१९॥

पकृति पुरुष तें उपनो, स्थावर जंगम जेहुं ।
यत्कींचित सब जानिये, काळ चविना तेहुं ॥२०॥

બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઈન્દ્રનો નાશ થાય છે. એ બ્રહ્મા પણ પ્રાકૃત-પ્રલયમાં તત્કાળ નાશ પામે છે. પ્રકૃતિ-પુરુષમાંથી ઉત્પન્ન થયા એવા જે સ્થાવર-જંગમ યત્કિંચિત સર્વેને કાળનો કોળિયો જાણવા. ॥૧૯-૨૦॥

नाशवंत नित कष्ट जुत, येहि प्रकार सब जानि ।
देहादिक में रुचि नहि, यह वैराग्य वखानि ॥२१॥

આ પ્રકારે નાશવંત અને નિત્ય કષ્ટે યુક્ત સર્વને જાણીને દેહાદિકમાં રુચિ રાખવી નહિ, એનું નામ શ્રેષ્ઠ વૈરાગ્ય છે. ॥૨૧॥

(હવે ભક્તિનું લક્ષણ કહે છે.)

वासुदेव अवतार हि, महातम ग्यान सहीत ।
प्रीतिजुक्त सेवा करे, सोउ भक्ति कहीत ॥२२॥

પૂર્ણ પુરુષોત્તમ ભગવાન વાસુદેવના અવતારમાં માહાત્મ્યજ્ઞાને યુક્ત જે પ્રીતિ અને એ પ્રીતિએ સહિત શ્રીહરિની જે સેવા કરવી તેને ભક્તિ કહે છે. ॥૨૨॥

श्वेतद्विप वैकुंठ पुनि, ब्रह्ममोल गोलोक ।
तहां संपत सबहि दिव्य हे, दिव्य भक्त अविशोक ॥२३॥

શ્વેતદ્વિપ, વૈકુંઠ, ગોલોક અને બ્રહ્મમહોલમાં સર્વે સંપત્તિ દિવ્ય છે; તથા શોકે રહિત દિવ્ય ભક્ત છે. ॥૨૩॥

निज ईच्छा नर तन धरि, विचरत श्रीभगवान ।
तिन जुक्त जानि हरि भजे, सोउ महातम ग्यान ॥२४॥

તે મુક્તોએ સહિત પોતાની ઇચ્છાથી નરતન ધારણ કરીને અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન વિચરે છે. તે પ્રગટ ભગવાનને દિવ્ય જાણીને જે ભજે છે તેને માહાત્મ્યજ્ઞાને યુક્ત ભક્તિ કહેવાય. ॥૨૪॥

युं हरि जानि के करे, भक्ति नव हि प्रकार ।
प्रेम जुक्त मुद आनि सो, भक्ति लछन सार ॥२५॥

એમ ભગવાનને પ્રગટ જાણીને નવ પ્રકારે પ્રેમેયુક્ત હૃદયમાં આનંદ આણીને એમની ભક્તિ કરવી, એ ભક્તિનું શ્રેષ્ઠ લક્ષણ છે. ॥૨૫॥

युं भक्ति हरि कि सदा, ग्यान वैराग्ये जुक्त ।
स्वधर्म में रहिके करे, भक्त एकांतिक मुक्त ॥२६॥

આવી રીતે જ્ઞાન, વૈરાગ્યયુક્ત સદ્ધર્મમાં રહીને સદા હરિની ભક્તિ કરે તે ભક્ત એકાંતિક મુક્ત છે. ॥૨૬॥

एसे साधु सोइ हे, सद्गुरु जग सुखकारि ।
तिनके दर्शन मात्र सों, नासत अघ अति भारि ॥२७॥

એવા સાધુ જ જગતને સુખ આપનારા સદ્‌ગુરુ છે. એમનાં દર્શન માત્રથી અતિ મોટાં પાપો પણ નાશ પામે છે. ॥૨૭॥

साधन करे स्व मोक्ष के, स्व धरम जुक्त सदाय ।
एसे सद्गुरु संतके, लछन गीता गाय ॥२८॥

પોતાના મોક્ષને માટે જે હંમેશાં સદ્ધર્મે યુક્ત સાધનો કરે છે, એવા સદ્‌ગુરુ સંતનાં લક્ષણ ગીતા ગાય છે. ॥૨૮॥

नर भव भ्रमत जो कर्मवश, बंधन छूटो चाय ।
एसे साधु सेवहि, मन कर्म वच मुद पाय ॥२९॥

કર્મવશ આ સંસારમાં ભટકતા જીવ જો તે બંધનમાંથી છૂટવા ઈચ્છે તો આવા સાધુને મન-કર્મ-વચને આનંદ પામીને સેવે. ॥૨૯॥

(હવે સંત-અસંત કે ભક્ત-અભક્તનાં લક્ષણો કહે છે.)

साधु उभय प्रकार के, अल्प बुद्धि बहु बुद्ध ।
बहु बुद्धि सो सेवहि, सत देशादिक शुद्ध ॥३०॥

સાધુ બે પ્રકારના છે : એક અલ્પ બુદ્ધિવાળા અને બીજા બહુ બુદ્ધિ વાળા. એમાં બહુ બુદ્ધિવાળા શુદ્ધ સંતને સેવવા તથા રૂડા દેશકાળાદિક સેવવા. ॥૩૦॥

प्रोक्ष भये हरि तदपि सो, प्रत्यक्ष वत जानत ।
हरि भय करि निज धर्म में, सब विधि वरतत संत ॥३१॥

સંત શ્રીહરિને પરોક્ષ થયા હોય તોપણ પ્રત્યક્ષવત જ જાણે છે. અને ભગવાનનો ભય રાખી સર્વ પ્રકારે પોતાના ધર્મમાં વર્તે છે. ॥૩૧॥

अंतरजामि जानहि, सबविधि मेरो पाप ।
युं भय मानि प्रथम ज्युं, वरतत साधु आप ॥३२॥

વળી, અંતર્યામી ભગવાન સર્વ પ્રકારે મારું પાપ જાણે છે, એમ પ્રથમથી જ ભય પામીને સાધુ પોતાનો ધર્મ પાળે છે. ॥૩૨॥

हरि माहातमबल ग्रहन करि, निर्भय हु जे मंद ।
सेवत देशादिक असत, निरंकुश नर अंध ॥३३॥
तिनकुं अधरम तुरत निज, वंस सहित ले जीति ।
धर्म भ्रष्ट होई जात हें, जमपुर करिके अनीति ॥३४॥

અને જે અલ્પ બુદ્ધિવાળા મંદ સાધુ છે તે શ્રીહરિના માહાત્મ્ય બળને ગ્રહણ કરીને નિર્ભય થઈને ભૂંડા અસત્ દેશાદિકને સેવે છે; ને તે અજ્ઞાની નિરંકુશપણે વર્તે છે, એવાને પોતાના વંશે સહિત અધર્મ તરત જીતી લે છે. તેથી જ તે ધર્મભ્રષ્ટ થઈ જાય છે અને અનીતિ કરીને જમપુરીમાં જાય છે. ॥૩૩-૩૪॥

द्विविध भक्त में प्रथम कहे, धर्म जुक्त जे संत ।
परम प्रीत तें सेवियो, जो मुमुक्षु मतिमंत ॥३५॥

મેં કહ્યાં જે બહુ બુદ્ધિવાળા અને અલ્પ બુદ્ધિવાળા મંદભક્ત એમાં પ્રથમ કહ્યા જે ધર્મેયુક્ત સાધુ તેને અતિ પ્રેમથી સેવવા; એવા સંતને ઓળખીને જે પ્રેમથી સેવી લે તે મુમુક્ષુ બુદ્ધિશાળી છે. ॥૩૫॥

ब्रह्मचर्य आदिक सुबे, नियम न तजे सयान ।
एसे ज्ञानि भक्त के, वश हे श्रीभगवान ॥३६॥

ડાહ્યા સાધુ બ્રહ્મચર્ય આદિક સર્વે નિયમને તજતા નથી. એવા જ્ઞાનીભક્તને શ્રીભગવાન વશ રહે છે. ॥૩૬॥

जिते अधर्म सर्ग न, भक्त नाम भय हिन ।
तजे ताहि महापापि ज्युं, जो मुमुक्षु परवीन ॥३७॥

ભક્ત એવું નામ ધર્યું હોય અને ભય રહિત થઈને અધર્મ સર્ગને જીતે નહીં, એવાને મહાપાપી જેવા જાણી જે તજી દે છે તે મુમુક્ષુ ચતુર છે. ॥૩૭॥

एसे नर सेवन करि, होत नहि कल्यान ।
श्रीपति हरि रिजे नहि, केवल धर्म कि हान ॥३८॥

એવા નરને સેવવાથી કલ્યાણ થાતું નથી, શ્રીહરિ રાજી થતા નથી પણ કેવળ ધર્મની હાની થાય છે. ॥૩૮॥

सत्पुरुषन के संग करि, बढत भक्ति अरु धर्म ।
नीच संग नासत दोउ, लागत कुछित कर्म ॥३९॥

સત્પુરુષના સંગે કરી ધર્મ અને ભક્તિ બન્ને વધે છે. નીચનો સંગ કરવાથી બન્નેનો નાશ થાય છે, અને કેવળ નિંદિત કર્મ લાગે છે. ॥૩૯॥

या कारन जो शुभ मति, सब प्रकार करि सोय ।
प्रेमानंद कहे त्यागियो, अधर्म जुक्त जो होय ॥४०॥

એટલા માટે જે શુભ મતિવાળા હોય તેમણે અધર્મે યુક્ત જે હોય તેનો સર્વપ્રકારે ત્યાગ કરવો જોઈએ. એમ હું પ્રેમાનંદસ્વામી કહું છું. ॥૪૦॥

श्रीमुख सहजानंद प्रभु, कहे जो एकांतिक धर्म ।
सो संक्षेप सो करि कहे, जानि जथाविधि धर्म ॥४१॥

શ્રીસહજાનંદ મહાપ્રભુએ પોતાના શ્રીમુખથી જે એકાંતિક ધર્મ

કહ્યો છે. તે એકાંતિક ધર્મના યથાર્થ મર્મને જાણીને મેં પ્રેમાનંદસ્વામીએ સંક્ષેપમાં આ ગ્રંથ કહ્યો છે. ॥૪૧॥

एहिविधि बरन्या ग्रंथ यह, सब विवेक को सार ।
एकांतिक को प्रिय सदा, प्रेमानंद निरधार ॥४२॥

આ પ્રકારે આ ગ્રંથ મેં રચ્યો છે. જે સર્વે વિવેકના સારરૂપ છે. માટે એનું નામ **'વિવેકસાર'** એવું સાર્થક છે. પ્રેમાનંદસ્વામી કહે, આ ગ્રંથ શ્રીહરિના એકાંતિક સંતો-ભક્તોને હંમેશાં નક્કી પ્રિય જ લાગશે. ॥૪૨॥

भक्ति एकांतिकी जो चहे, सो याको करि प्रीत ।
पठन श्रवन सब किजयो, प्रेमानंद नितनित ॥४३॥

જે સંતો-ભક્તો શ્રીહરિની એકાંતિક ભક્તિ ઈચ્છે છે તેમણે સર્વેએ પ્રીતિએ કરીને રોજે-રોજ આ ગ્રંથનું પઠન-શ્રવણ કરવું; એમ પ્રેમાનંદસ્વામી કહે છે. ॥૪૩॥

દોહા : સંવત બે હજાર છાસઠની, અષાઢી પુનમ દન;
ભાષાંતર કર્યું શ્રીહરિ, રાજી કરવા જ્ઞાનજીવન...૫

।। इति श्रीसहजानंदस्वामि शिष्य प्रेमानंदमुनि
विरचितो विवेकसार संपूर्णः ।।

ઈતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રેમાનંદમુનિ
વિરચિત વિવેકસારગ્રંથનું ગુજરાતી ભાષાંતર સંપૂર્ણ.

श्रीसहजानंदस्वामी सत्य छे

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

શિક્ષાપત્રી (દોહાવલી)

॥ अथ शिक्षापत्री दोहा लिख्यते ॥

(શ્રીહરિની આજ્ઞાથી સ્વામીશ્રીએ શિક્ષાપત્રીનું હિંદીભાષામાં ભાષાંતર પોતાની શૈલીમાં દોહાઓ બનાવીને કર્યું છે.)

दोहा :

मंगलकरन श्रीनाथजी, विघ्नहरन घनश्याम ।
भक्तिधर्म सुत उर बसो, निज जन पूरनकाम ॥१॥

काम क्रोध लोभादि सब, अधर्म बंस कहाय ।
तिनहि विनामन[१]धर्मसुत, प्रगट भये कलिमांय ॥२॥

कलिमल मत नाना विधि, मायातम अग्यान ।
ताहि निकंदन प्रगट भये, भक्तिधर्म सुत भान ॥३॥

अति प्रताप आनंदनिधि, सौम्यरूप महाराज ।
सोई सहजानंद मम गुरु, इष्ट मोर शिरताज ॥४॥

अनंत जीव उद्धार हित, निज मूर्ति सम कीन ।
शिक्षापत्री अनूप यह, सहजानंद प्रवीन ॥५॥

क्षीर सिंधु मथि काढी जिमि, सुधा हरि सुर काज ।
त्यों जनहित सद्‌ग्रंथ मथि, पत्री काढी मुनिराज ॥६॥

१.નામ મટાડી દેવા અર્થાત્ વિનાશ કરવા

सो यह पत्रि संसकृत, जानी श्री महाराज ।
स्वामी मोये अग्या[१] दई, प्राकृत करने काज ॥७॥

भाषा करत हुं दोहरा, हरिचरने चित लाय ।
देहो बानि विमल मति, भक्तिधर्म सुत राय ॥८॥

प्रथम आपने[२] इष्ट को, स्वामि सहजानंद ।
करत मंगलाचरन यह, ध्यानरूप सुखकंद ॥९॥

वाम भाग रासेश्वरी, रमा वसत उर मांय ।
वृंदावन विहरत सदा, कृष्न सकल गुन राय ॥१०॥

मोरमुगट मोरली अधर, पितांबर कटि सार ।
ऐसे हरि को ध्यान उर, करत हुं वारंवार ॥११॥

सत्संगी सब देश के, तुम प्रति परम रसाल ।
लिखत हुं शिक्षापत्री यह, वसहुं गाम वरताल ॥१२॥

श्रीधर्मात्मज विप्रवर, पांडे रामप्रताप ।
छोटे इच्छाराम मम, बंधू हे निष्पाप ॥१३॥

तिनके पुत्र हे सुमति दोउ, अवधप्रसाद रघुवीर ।
हम अपने दत्तपुत्र करी, माने धर्ममग धीर ॥१४॥

मंदिर देशविभाग करी, सब सत्संगी सोय ।
तिनके आचारज हमे, करिके स्थापे दोय ॥१५॥

मुकुंदानंद आदि सबें, नैष्टिक बरणि जोय ।
मयाराम भट आदि दे[३], गृहस्थ हरिजन होय ॥१६॥

सधवा विधवा नारी सब, मम आश्रित मतिमान ।
मुक्तानंद आदि सबे, साधु परम सुजान ॥१७॥

१.આજ્ઞા २.પોતાના ૩.સર્વે

श्रीनारायन नामको, सुमरन सहित उचार ।
तुम सबके निज धर्म की, रक्षा करने हार ॥१८॥

करत हे शास्त्र प्रमान जेही, ऐसे बचन अगाद[1] ।
सत्संगी सब बांचियो, मोरे आशीर्वाद ॥१९॥

पत्री लीखी जेही कारने, सुनियो सब मम जन ।
उर धारो अति प्रीत सो, एकाग्रह करी मन ॥२०॥

तुम सबही के जीव की हित करनारी होई ।
लिखि यह पत्रि प्रयत्न करी, सुनो सबहि चित प्रोई ॥२१॥

श्रीमद्‌भागवत आदि सद्ग्रंथ मोक्ष प्रवीन ।
सबही जीव के मोक्ष हित, प्रतिपादन तेहि कीन ॥२२॥

सदाचार एसे सर्वे, शुभमति पालत जोय ।
लोक प्रलोक में सबहि बिधि, महासुख पावत सोय ॥२३॥

सदाचार जो उलंघिके, वर्त्तत कुमति जंत ।
सो सब यह परलोक महि, पावत कष्ट अत्यंत ॥२४॥

या कारन तुम सबही जन, शिष्य हमारे सोई ।
पत्रि प्रमाने प्रीत सो, रहनो तत्पर होई ॥२५॥

मम आश्रित सत्संगी सब, शुभमति परम सयान ।
हिंसा प्राणि मात्रकी, कबहु न करनी जान ॥२६॥

खटमल पिसु वा लिख जुं, सुक्षम जंतु जेहि ।
नरनारी कोउ जानी के, घात न करनी तेहि ॥२७॥

देव पितृ के जज्ञ हित, अजा मृगादिक जंत ।
मम आश्रित सत्संगी सो, नाहि हने बुद्धिवंत ॥२८॥

૧.અનેક

श्रुति पुरान सद्ग्रंथमें, लिखत ऋषि यह मर्म ।
करो अहिंसा यज्ञ नित, बडो अहिंसा धर्म ॥२९॥

नारी धन अरु राज्य की, प्राप्ति कारन कोय ।
हिंसा कोउ मनुष्य की, कबहुं न करनी सोय ॥३०॥

गंगादिक कोउ तीर्थ महिं, क्रोध विवश पुनि होय ।
आत्मघात करनी नहीं, मम आश्रित जन कोय ॥३१॥

नाहीं अयोग्याचरण ते, विष अरु फांसि खाय ।
आत्मघात कोउ भात्य सो, ना करनी कहुं जाय ॥३२॥

यज्ञ उच्छिष्ट आमिष सोउ, करनो सब विधि त्याग ।
आपत महिं खानो नहीं, मम आश्रित बडभाग ॥३३॥

सुरा सो तिन प्रकार की, मद्य एकादश जाति ।
यद्यपि देव निवेद्य सोई, त्यागो सबही भांति ॥३४॥

निज पर ते होई जात कहुं, कर्म अयोग्य कुसंग ।
शस्त्रादिकसे क्रोध करी, ना छेद हुं कोउ अंग ॥३५॥

चोरी कर्म करनो नहीं, पुन्य करन के हेत ।
काष्ठ पत्र पुष्पादि कछुं, विन मागे नहिं लेत ॥३६॥

मम आश्रित सत्संगी सब, स्वधर्म रत नर नारी ।
व्यभिचार करनो नहीं, जानि पाप अति भारी ॥३७॥

जंत्र-मंत्र पुनि किमिया, जुंवा रु चोपाट खेल ।
व्यसनमात्र सब त्यागियें, व्यसनि को संग मेल ॥३८॥

गांजा भांग माजम मफर, मादक वस्तु जोये ।
खान-पान ताको तजो, जानि पापमय सोय ॥३९॥

जाके घर को अन्न जल, ग्रहन जोग्य नहिं होय ।

हरिप्रसाद महिमा लखी, कबहुं न लेनो सोय ॥४०॥

जगन्नाथ प्रसाद सो, लेनो पुरी के मांय ।
तेहि बिन कऊं न लिजियें, मम अग्या उर लाय ॥४१॥

मम आश्रित सत्संगी सब, काऊ के शिर जाय ।
मिथ्या दोष न दीजिये, निज स्वारथ चित लाय ॥४२॥

कबहु न देनि काहुकुं, गारी मम जन कोय ।
भजियें गिरिधरलाल पद, शुद्ध शील मन होय ॥४३॥

देव तीर्थ ब्राह्मण सती, साधु बेद अघहानी ।
इनकी निंदा ना करो, ना सुनियो दे कानी ॥४४॥

सुरा मांस जेहि देव कुं, धरत नैवेद्य बनाय ।
मारत जंतु अजादि जन, जाके आगे लाय ॥४५॥

जो नैवेद्य तेहि देव को, कबहु न खाओ कोय ।
मम आश्रित सत्संगी जन, तजो सबहि विधि सोय ॥४६॥

शिवालयादिक सुर सदन, चलत देखी मग मांय ।
आदर तें तेहि प्रणति करि, किजे दरशन जाय ॥४७॥

निज वर्णाश्रमधर्म को, कबहु न करनो त्याग ।
त्युं परधर्माचरन पुनि, ना करनो बडभाग ॥४८॥

पाखंडधर्म सो पाप हे, कल्पित सो दुःखरूप ।
मम जन ताको त्यागिये, जानि सदा भवकूप ॥४९॥

श्रीकृष्ण भक्ति निज धर्म तें, गिरत सुनत जेहि बात ।
ताके मुख की वारता, कथा न सुननी तात ॥५०॥

उपजत निज पर द्रोह जेहि, बोले सत्य बचन ।
एसौ सत्य न बोलनो, सुनियो सब मम जन ॥५१॥

लांच न लेनि काहूकी, तजो कृतघ्नि संग ।
भजो श्रीराधारमन पद, आनी अधिक उमंग ॥५२॥

पापि कामि चौरमती, व्यसनी धूरत क्रूर ।
पाखंडी खट दुष्ट को, तजनो संग जरूर ॥५३॥

भक्ति ज्ञान की ओट लें, त्रिय धन रस आसक्त ।
एसे पापि प्रानि को, तजो संग मम भक्त ॥५४॥

खंडत युक्ति बनायके, कृष्ण कृष्ण अवतार ।
एसे शास्त्र न मानियें, ना सुनिये करि प्यार ॥५५॥

बिन छाने[१] पिनो नहीं, पानी दूध रु घीव ।
स्नानादिक करनो नहीं, जेहि जल सुक्ष्म जीव ॥५६॥

दारू मांस मिलायकें, औषध दीनो लाय ।
ताकुं कबहूं न खाईयें, दिजें तूरत बहाय ॥५७॥

जानि नहीं जा बैद की, रहनी रीत आचार ।
ताको दियो न खाइये, औषध दीजे डार ॥५८॥

लोक शास्त्र सबही मिली, जेहि स्थल वर्जित होय ।
जिर्न देवालय आदि हे, सर सरिता तट सोय ॥५९॥

अन्न जूक्त जो क्षत्र[२] हे, बाग वृक्ष की छांय ।
तहां मल मुत्र न किजिये, थुंकनोहु पुनि नाय ॥६०॥

सत्संगी सबहि सुनो, यह अग्या हे मोर ।
तहां न गिरनो निकसनो, जो मारग होये चोर ॥६१॥

काहु की जग्या महिं, करनो होय निवास ।
तेहि पति को पुछे बिना, ना उतरे मम दास ॥६२॥

१.ગાળ્યા વિના २.ખેતર

सत्संगी जो पुरुष सब, सुनो मोर उपदेश ।
ग्यान बात बनिता मुखे, कबहु न सुननी लेश ॥६३॥

नारि से पुनि नृपति से, नृप के चाकर संग ।
बाद कोउ करनो नहिं, जानि मान को भंग ॥६४॥

ना करनो अपमान तेहि, गुरु श्रेष्ठ जो होय ।
लोक प्रतिष्ठित शस्त्रधर, विद्यावान जो कोय ॥६५॥

बिन विच्यार ततकाल कछुं, कारज करनो नाय ।
धर्म सबंधि काज जेहि, करो सद्य जन ताय ॥६६॥

विद्या पढिसो पढावनि, ओरन कुं करी प्रीत ।
मम जन करो अति प्रीतसुं, संत समागम नीत ॥६७॥

गुरु देव नृप दरस हित, रीते[1] हाथ न जाय ।
विश्वासघात पुनि ना करे, स्वमुख स्वजस नहिं गाय ॥६८॥

जेहि वस्त्र पहिरे करी, दृश्य होय निज अंग ।
ऐसे वस्त्र न पहिर हि, ज्याको मोर प्रसंग ॥६९॥

धर्म रहित श्रीकृष्ण की, भक्ति कोई प्रकार ।
मम जन कों करनि नहिं, बचन मोर उर धार ॥७०॥

अग्यानि निंदा करे, ताके भय बडभाग ।
सेवा भक्ति कृष्ण की, कबहु न करनी त्याग ॥७१॥

उत्सव में वा नित्यप्रति, कृष्ण के मंदिर मांय ।
पुरुषमात्र मम भक्त कोउ, नारि कुं छुवत नाय ॥७२॥

नारीमात्र कोउ पुरुष कुं, छुवे न जानि अनीत[2] ।
मंदिरसुं उतरे तबे, रहे सब सब कि रीत ॥७३॥

१.ખાલી २.નાશવંત

धर्मवंसि आचार्य तें , कृष्ण कि दिक्षा पाय ।
ब्राह्मण क्षत्रिय वैश्य जन, मम आश्रित हि कहाय ।।७४।।

सो धारे नित्य तुलसि की, जुगल कंठी गल मांय ।
भुजा भाल उरमां करे, उर्ध्वपुंड्र मुद पाय ।।७५।।

गोपीचंदन को सुभग, तिलक बनावे सोय ।
अथवा हरि पुजत बध्यो, केशर चंदन जोय ।।७६।।

ताको तिलक बनायकें, चंद्रक शुभ तेहि मांय ।
ताहि द्रव्य को किजियें, मम जन अति मुद पाय ।।७७।।

राधा रमा प्रसादि को, जो कुंकुम सुखरूप ।
ताको चंद्रक कीजीयें, चंद्राकाकार अनूप ।।७८।।

कृष्ण भक्त सतशुद्र पुनि, स्वधर्म जुक्त हें जेहि ।
तुलसीमाल धरि तिलक करे, त्रैवर्णिक जिमि तेहि ।।७९।।

तिनहिं बिना हरिभक्त कोउ, अन्य शूद्र हें जेहू ।
चंदनादि शुभ काष्ट कि, कंठि दोहर[१] तेहू ।।८०।।

हरिप्रसादि करी कंठ में, धारे मम जन जोय ।
तिलक बिना करे भाल में, केवल चंद्रक सोय ।।८१।।

त्रिपुंड अरु रुद्राक्ष दोउ, निज कुल में चलि आइ ।
ऐसे द्विज सत्संगी मम, तजो न कबहुं ताई ।।८२।।

नारायन महादेव दोउ, जानो एक हि रूप ।
बेद महिं ब्रह्मरूप करि, वर्णन किये अनूप ।।८३।।

आपद्धर्म यथा विधि, शास्त्र कह्यो समुझाय ।
मम आश्रित मुख्य ना ग्रहो, अल्प आपदा मांय ।।८४।।

१.બેવડી

रवि उगे पहिलें उठे, सत्संगी जो होय ।
चिंतन करि श्रीकृष्ण को, करे शौचविधि सोय ॥८५॥
एक ठिकाने बेठिकें,दातुंन करे उचीत ।
करी स्नान शुचि जल विषे, पहिरे वस्त्र पुनीत ॥८६॥
शुद्ध भूमि शुचि आसने, सावकास सुविचार ।
बेठि पुरव उत्तर मुख, अचमन करे त्रि वार ॥८७॥
उर्ध्वपुंड्र चंद्रक सहित, मम जन करे विशाल ।
नारि सुहागनी कर हि नित, कुंकुम चंद्रक भाल ॥८८॥
तिलक रु बिंदा भाल महिं, न करे विधवा नार ।
कृष्ण कि पूजा मानसी, सबहि करे करि प्यार ॥८९॥
राधावर श्रीकृष्ण की, चित्रित प्रतिमा जेहि ।
नमस्कार आदर सहित, नित प्रति करनो तेहि ॥९०॥
कृष्णमंत्र को शक्ति जुत, जप करनो करि प्रीत ।
ता पिछें व्यवहार निज, करनो जेहि जो उचीत ॥९१॥
अंबरीष सम भक्त जे, आत्म निवेदि अनूप ।
स्नानादिक पहिलें करि, पूजत कृष्ण स्वरूप ॥९२॥
धातु अरु पाषान की, मूर्त्ति पूजत जेहि ।
तथा श्रीशालिगराम कुं, पूजे वैष्णव तेहि ॥९३॥
यथा प्राप्त उपचार ग्रही, पूजत नंदकुमार ।
अष्टाक्षर श्रीकृष्ण को, मंत्र जपे करी प्यार ॥९४॥
स्तोत्रादिक श्रीकृष्ण के, ममजन परम प्रवीन ।
करे पाठ निज शक्ति जुत, प्रित सहित प्रतिदीन ॥९५॥
जो न पढ्यो कोउ संस्कृत, सो सबहि मम दास ।

भाषा ग्रंथ रु किरतन, वांचे परम हुलास ॥९६॥
करी नैवेद्य श्रीकृष्ण कुं, जिमे प्रसादि अन्न ।
कृष्ण की सेवा में रहे, तत्पर होइ मम जन ॥९७॥
आत्मनिवेदी भक्तकी, क्रिया सबहि सुखरूप ।
निर्गुन कृष्ण संबंध तें, निर्गुन होत अनूप ॥९८॥
तातें आत्मनिवेदि सोउ, निर्गुन भक्त कहात ।
श्रुति पुरान सद्ग्रंथ को, मर्म येहि साक्षात ॥९९॥
नरनारी मम भक्त जो, आत्मनिवेदि होय ।
बिन अर्पित श्रीकृष्णाकुं, जलहु न पिवे सोय ॥१००॥
पत्र कंद फल आदि कछु, कृष्ण प्रसाद कहाय ।
जिमत आत्मनिवेदी सोई, बिन नैवेद्य न खाय ॥१०१॥
दीर्घ आपदा वृद्धपन, प्राप्त होत जब आय ।
देनि सेवा कृष्ण की, अन्य भक्त कुं जाय ॥१०२॥
सो पिछे वरने[1] सदा, निज सामृथ परमान ।
पट प्रतिमा दरशन करे, धरे कृष्ण को ध्यान ॥१०३॥
आचारज महाराजने, दियो जो कृष्ण स्वरूप ।
तिनहि प्रतिष्ठा कर दई, सोई परम अनूप ॥१०४॥
परम प्रित सोई सेवनो, इष्ट मानि अघहानी ।
इतर रूप श्रीकृष्ण के, वंदन करने जानी ॥१०५।
सत्संगी सब नारि नर, तरुन वृद्ध अरु बाल ।
हरि मंदिर में नित प्रति, जानो सायं काल ॥१०६॥
राधापति श्रीकृष्ण को, अघ नाशन जो नाम ।

१.આચરણ કરે; વર્તે

उंचे स्वर सुं गावनो, सदा परम सुखधाम ।।१०७।।

कमल नयन श्रीकृष्ण की, करनी कथा रु बात ।
सुननि आदर सहित नीत, जानि सुखद साक्षात ।।१०८।।

उछव दिन श्रीकृष्ण के, मंगल परव कहाय ।
करने कीर्त्तन कृष्ण के, शुभ बाजंत्र बजाय ।।१०९।।

मम आश्रित सत्संगी तुम, सुनो सबहि करि प्रीत ।
नित्यप्रति करनो यह बिधी, प्रथम कहि जेहि रीत ।।११०।।

संस्कृत प्राकृत ग्रंथ को, करनो नित अभ्यास ।
निज बुधि अनुसार सों, जो होवे मम दास ।।१११।।

जेसो गुन जा मनुष्य महिं, तेसे हि कारज्य मांहि ।
करि विच्यार तेहि प्रेरनो, अन्य रित सुं नाहिं ।।११२।।

अन्न वस्त्र आदिक करि, निज सेवक सब जान ।
यथा योग्य संभावना, नित करें पोंच प्रमान ।।११३।।

जो जन जेसो ताहिकुं, तैसे हि बचन बोलाय ।
देशकाल को अनुसरी, अन्य रीत करि नाय ।।११४।।

गुरु नृप वृद्ध त्यागि तपी, विद्यावान हे जेही ।
आवत देखि विनय जुक्त, सनमुख उठनो तेहि ।।११५।।

मधुरे वचन बोलाय तेहि, करनो अति सनमान ।
ममजन एहि विधि वरतनो, त्यजि के निज अभिमान ।।११६।।

कबहुं देव गुरु नृप निकट, सभा महिं मतिमानु ।
वीरासन बेठे नहीं, वसन न बांधे जानु ।।११७।।

ममजन निज आचार्य सुं, कबहुं न करे विवाद ।
अन धन पट करि शक्तिजुत, पुजे तजी प्रमाद ।।११८।।

आचारज आवत सुनि, मम आश्रित मुद पाय ।
आदर जुत ततकाल तेहि, सनमुख जानो धाय ॥११९॥

आचारज जब गाम तें, चले ज्युं होय हुलास ।
गाम तें बाहिर सबहि मिलि, पहोचाबहुं मम दास ॥१२०॥

बहुत हे फल जेहि कर्म में, धर्म रहित जो होय ।
कबहुं ताको आचरन, करो न मम जन कोय ॥१२१॥

धर्म देत हें सब बिधी, सब पुरुषार्थ दान ।
ताते कोउ फल लोभ करी, धर्म न तजो सयान ॥१२२॥

महत पुरुष भये प्रथम जेहि, अशुभाचरन जो कीन ।
ताय तजि ग्रहनो सदा, तेहि कृत धर्म प्रवीन ॥१२३॥

गुह्य बात सो काहु की, कबहुं न करनि प्रकाश ।
जो जन जेसो ताहि त्यों, पुज्य मानो मम दास ॥१२४॥

समदृष्टि करी कबहुं कोउ, यह मेरी मरजाद ।
नाहिं उलंघहु मोर जन, आनि प्रबल प्रमाद ॥१२५॥

अधिक नियम मम जन सबें, धारे चातुर मास ।
निबल एक श्रावन महिं, धारे परम हुलास ॥१२६॥

अधिक नियम सो कहत हुं, सुनो सबहि चित लाय ।
करनि सुननि हरीकथा, गुण किर्त्तन पुनि गाय ॥१२७॥

महापुजा पुनि मंत्र जप, स्तोत्र पाठ सुखरूप ।
परिकरमा अरु प्रणति नित, करनी परम अनूप ॥१२८॥

इतने उत्तम नियम हम, माने सुखद अपार ।
तिन मर्दिसुं[1] एक भक्तिजुत, उर धारो करि प्यार ॥१२९॥

१.ચિંતન-મનન કરીને

सब एकादशी कृष्ण के, जन्म दिवस शिवरात ।
ता दिन ब्रत उछव सहित, करने सब साक्षात ॥१३०॥
दिन में निद्रा ना करे, जा दिन होय उपवास ।
मैथुन जिमि दिन निंद सो, जन व्रत को होय नास ॥१३१॥
सब वैष्नव के भूप जो, वल्लभाचार्य सुत जेहि ।
विठ्ठलेश निर्णय कियो, व्रत उछव को तेहि ॥१३२॥
करने ताकुं अनुसरी, सब उछव व्रत सार ।
तिन कहि सेवा कृष्ण की, सो ग्रहनि करी प्यार ॥१३३॥
द्वारिकादि जो तीर्थ तेहि, जात्रा सब मम दास ।
यथा विधि निज शक्तिजुत, करनि परम हुलास ॥१३४॥
मम आश्रित जन सबहि सो, निज सामृथ परमान ।
दयावान होई दीन पर, बरतहुं परम सुजान ॥१३५॥
विष्नु शिव अरु गणपति, भानु गिरिजा जेहि ।
पंचदेव यह पुज्य करी, मानो मम जन तेहि ॥१३६॥
भैरव भूत ग्रहादि को, होत उपद्रव आय ।
तब नारायणकवच को, जप करनो हित लाय ॥१३७॥
अथवा श्रीहनुमान को, मंत्र जपे बडभाग ।
क्षुद्र देव के मंत्र को, करनो सब विधि त्याग ॥१३८॥
चंद्र रवि के ग्रहण में, सबें क्रिया करी त्याग ।
शुचि होय श्रीकृष्ण को, मंत्र जपे बडभाग ॥१३९॥
मुक्ति होय जब ग्रहण की, बसन सहित सब नहाय ।
गृहस्थ दान दे शक्ति जुत, अन्य पूजे हरिराय ॥१४०॥
च्यार बरन के मनुष्य सब, मम आश्रित नरनारी ।

सुतक जन्म रु मरन को, निज सबंध अनुसारी ॥१४१॥

तुम सबहि कुं पालनो, यथा शास्त्र करि तेहि ।
भजो सुखद श्रीकृष्णपद, शुभ मति ममजन जेहि ॥१४२॥

सम दम तुष्टि क्षमादि गुन, इन जुत रहे द्विज जोय ।
शौर्य धैर्य गुन जुत रहे, मम जन क्षत्रि होय ॥१४३॥

कृशि वणिज व्याजादि जे, वृत्ति वैश्य ग्रहे सार ।
शुद्र करे विप्रादि की, सेवा सबहि प्रकार ॥१४४॥

गृह्यसूत्र अनुसार ते, आह्निक अरु संस्कार ।
श्राद्ध यथाविधि द्विज करो, शक्ति जुत सुविचार ॥१४५॥

जान अजाने होत कछू, अल्प महत कोई पाप ।
निज शक्ति जुत ताहि को, करो निवारन आप ॥१४६॥

चहु वेद अरु व्यास के, सूत्र सबें श्रुतिसार ।
महापुराण श्रीभागवत, करत हें जन उद्धार ॥१४७॥

महाभारत महिं विष्नु को, सहस्रनाम परमान ।
भगवद्गीता विदुर की, निति सब सुखखान ॥१४८॥

स्कंदपुरान के मध्य हे, वैष्नव खंड अनूप ।
वासुदेव महातम शुभग, ता महिं अति सुखरूप ॥१४९॥

याज्ञवल्क्य ऋषि की स्मृति, धर्म शास्त्र के माहिं ।
एहि अष्ट सतशास्त्र सो, मोरे ईष्ट कहांहि ॥१५०॥

इन ग्रंथन को श्रवन नित्य, करो सबहि चित प्रोय ।
निज हित इछित शिष्य मम, धारो मन में सोय ॥१५१॥

मम आश्रित जो विप्रवर, सुनो सबहि चित लाय ।
पढो पढावो वांचियो, ओरनको समुझाय ॥१५२॥

इन ग्रंथन महिं जो कहे, आचार रु व्यवहार ।
पाप निवारण तिनको, सब विधि निर्णयकार ॥१५३॥
मिताक्षरा टीका सहित, याज्ञवल्क्य स्मृति जेहि ।
ग्रहन करउ मम जन सबे, मम अग्या हे येहि ॥१५४॥
तिन महिं श्रीभागवत के, उभय स्कंध अधिक ।
कृष्न को महातम जानने, दशम रु पंचमनीक ॥१५५॥
पंचम दशम स्कंध दोउ, याज्ञवल्क्य स्मृति जोय ।
अनुक्रम सो मम शास्त्र हे, भक्ति जोगधर्म सोय ॥१५६॥
दशम हे भक्तिग्रंथ मम, पंचम जोग को शास्त्र ।
धर्मशास्त्र याज्ञवल्क्य स्मृति, जानो मम जनमात्र ॥१५७॥
रामानुज कृत भाष्य हे, व्याससूत्र पर जेहि ।
भगवद्गीता भाष्य मम, ग्रंथ अध्यातम एहि ॥१५८॥
हरि वृष भक्ति विरक्ति को, अति उत्कर्ष कहंत ।
इन ग्रंथन में बचन अस, सो मोये प्रिय हें अत्यंत ॥१५९॥
इतर बचन तें मानने, एसे बचन प्रधान ।
करो हरिभक्ति धर्मजुत, ग्रंथ को रहस्य सयान ॥१६०॥
सदाचार श्रुति स्मृति कहे, जानउ धर्म स्वरूप ।
महातम जुत हरि में अति, स्नेह सो भक्ति अनूप ॥१६१॥
कृष्न विना कहुं प्रित नहिं, तेहि वैराग्य बखान ।
जीव रु माया इश के, रूप बोध सो ग्यान ॥१६२॥
अणु सम सुक्ष्म हृदयस्थित, ज्ञाता चैतन्यरूप ।
ज्ञान शक्ति करी देह महिं, व्यापी रह्यो अनूप ॥१६३॥
नित्य सनातन कर्म वश, अजर अमर अविनास ।

अछेद्यादि लछन सहित, जानो जीव मम दास ॥१६४॥

त्रिगुणात्मक तमरूप पुनि, कृष्न शक्ति हे जेहि ।
देहादिक में जीव को, अहं मम कारन एहि ॥१६५॥

माया को यह रूप हे, जानो मम जन सोय ।
हरि आश्रित जेहि तरत हे, ओर तरत नहिं कोय ॥१६६॥

हिय[1] में जीव ज्युं जीव महिं, रहे जो अंतरजामी ।
स्ववश देत सब कर्मफल, जानो इश बहुनामी ॥१६७॥

सो ईश्वर श्रीकृष्न हे, पुरुषोत्तम परब्रह्म ।
अपने इष्ट उपास्य हे, अवतारी यह मर्म ॥१६८॥

सो श्रीकृष्न जब सोह हि, राधा सहित सुजान ।
तब तेहि राधाकृष्न कहि, गावत भक्त सयान ॥१६९॥

रुकमणि रूप रमा सहित, जब राजत प्रभु सोय ।
लक्ष्मीनारायण तबें, कहत भक्त सब कोय ॥१७०॥

सोई जब अर्जुन जुक्त तब, नरनारायण श्याम ।
बलभद्रादिक योग करि, तेहि तेहि परत हे नाम ॥१७१॥

कबहु भक्त राधादि एहि, राजत कृष्न के पास ।
कबहु स्नेह करि हरि में रहे, तब एकहि अविनास ॥१७२॥

येहि कारन श्रीकृष्न के, सब स्वरूप महिं कोय ।
सब प्रकार करी मोर जन, भेद न जानो सोय ॥१७३॥

चतुर्बाहु पुनि अष्टभुज, सहस्र भुजादिक जेहि ।
द्विभुज कृष्न भगवान की, इछा करी हे तेहि ॥१७४॥

तेहि श्रीकृष्नकी भक्ति भुवि, करो मनुष्य सब जोय ।

१.હૃદય

भक्ति विना कल्याण को, साधन ओर न कोय ॥१७५॥

गुनि पुरुष के गुनन को, येहि परम फल होई ।
भक्ति अचल श्रीकृष्न महिं, सतसंगति ये दोई ॥१७६॥

कृष्न भक्ति सतसंग बिनु, यद्यपि होय विद्वान ।
तदपि अधोगति लहत हे, कहत हे वेद पुरान ॥१७७॥

कृष्न कृष्न अवतार जेहि, करनो तिनको ध्यान ।
त्यों प्रतिमा श्रीकृष्न की, ताको ध्यान प्रमान ॥१७८॥

तेहि विन सुरनर आदि जन, कृष्न भक्त जो होय ।
ब्रह्मवित होय तदपि तेहि, ध्यान न करनो कोय ॥१७९॥

त्रय वपु प्रथक जीवातमा, जानि ब्रह्म स्वरूप ।
ब्रह्मरूप होय कृष्न की, भक्ति करो अनूप ॥१८०॥

श्रीभागवत पुरान को, स्कंध दशम श्रुतिसार ।
नित प्रति आदर करी सुनो, के वर्ष में एक वार ॥१८१॥

जो पंडित सो प्रेम करी, बांचे नित ही नित ।
के बरसे में एकवार तेहि, कथा करे करी प्रीत ॥१८२॥

तेहि दशम स्कंध को, पुरश्चरन हे जेहि ।
पुन्य स्थान में शक्ति जुत, करो करावो तेहि ॥१८३॥

विष्नुसहस्रनामादि को, पुरश्चरन करवाई ।
निज सामृथ परमान करी, मनवांछित फल पाई ॥१८४॥

सुरनर ते आपद पडे, रोगादिक दुःख मांय ।
निज पर की रक्षा बने, बरतो जन युं सदाय ॥१८५॥

पाप निवारन जानहु, आचार रु व्यवहार ।
देशकाल वय जाति धन, सामर्थ के अनुसार ॥१८६॥

मत सुविशिष्टाद्वैत मम, ईष्ट धाम गोलोक ।
ब्रह्म होय हरि सेव तहां, जानो मुक्ति विशोक ॥१८७॥

मम आश्रित नरनारी के, कहे धर्म सामान ।
अब विशेष जो धर्म हे, सोई कहुं शुभ जान ॥१८८॥

धर्मवंशि आचार्य अरु, तिनकी पत्नी जेहु ।
तीन के धर्म विशेष सब, सुनो प्रथम कहुं तेहु ॥१८९॥

जेष्ठ अनुज मम बंधु के, पुत्र धर्म जुत धीर ।
पांडे अवधप्रसाद जु, पांडे श्री रघुवीर ॥१९०॥

सो समिप संबंध बिन, नारी मात्र कुं लेश ।
कबहुं कृष्न के मंत्र को, नाहिं करे उपदेश ॥१९१॥

बिन सबंध कोउ नारीसुं, छुवे न बोले सोय ।
क्रुर कर्म कुं ना करे, रखे न थापन कोय ॥१९२॥

काहु के व्यवहार महिं, ना होवे जामीन ।
भिख मागि आपद कटे, करज न करे प्रवीन ॥१९३॥

शिष्य अन्न दियो धर्म हित, ताहि बेचनो नाय ।
जुनो दे लेनो नयो, सो बेच्यो न कहाय ॥१९४॥

धर्मबंसि दोउ भ्रात सो, भादो सुदी जो चोथ ।
ता दिन पुजे गनपति, करीके मोदक बहोत ॥१९५॥

चतुर्दशी आसो वदी, ता दिन ले उपचार ।
पुजन श्रीहनुमान को, करनो करी अति प्यार ॥१९६॥

सब मम जन के धर्म की, रक्षा करने काज ।
थापे हम आचार्य करी, दोउ भ्रात द्विजराज ॥१९७॥

तातें ए दोउ भ्रात सो, जो मुमुक्षु होय ताय ।

देवे दीक्षा कृष्न की, तास मोक्ष हित लाय ॥१९८॥
निज आश्रित सत्संगी को, जेसो जेहि अधिकार ।
तिनको तेसे हि राखने, स्वधर्म अनुसार ॥१९९॥
धर्मवंशी आचार्य जो, संत कुं मानत सोय ।
सद् ग्रंथन अभ्यास नित, करेजु ततपर होय ॥२००॥
मोटे मंदिर माहिं हम, स्थापन किये जो देव ।
लक्ष्मीनारायण आदि के, करनी यथाविधि सेव ॥२०१॥
हरि मंदिर प्रति आवहि, अन्नारथि जो जन्न ।
अन्नदान दे शक्ति जुत, करनो ताय प्रसन्न ॥२०२॥
विद्या हित शाला रची, विप्र राखी विद्वान ।
सद्विद्या प्रवृति करो, अति सुक्रत तेहिं जान ॥२०३॥
अवधप्रसाद रघुवीर की, नारी परम प्रवीन ।
वर्ते नित निज नाथ की, अग्या महिं आधीन ॥२०४॥
निज पति की अग्या करी, कृष्न मंत्र उपदेश ।
करनो नारीमात्र को, नर को नाहिं न लेश ॥२०५॥
निज समीप संबंध विन, पुरुष कुं छुवे नाहिं ।
ना बोले ता संग पुनि, मुख न देखावे ताहि ॥२०६॥
आचारज तेहि नारी के, कहे जु धर्म विशेष ।
अब ग्रहस्थ हरिभक्त के, कहतहुं धर्म अशेष ॥२०७॥
मम आश्रित ग्रहस्थाश्रमि, पुरुष मात्र जो होय ।
निज समीप संबंध बिन, छुवे न बिधवा कोय ॥२०८॥
सुता मात निज बहिन पुनि, जोबन वय जुत अंग ।
आपत बिन एकांत महिं, रहे न ताके संग ॥२०९॥

सदा रहे निज धर्म जुत, ग्रहस्थ भक्त गुणवान ।
कबहु न करे सो काहुकुं, निज नारी को दान ॥२१०॥

जेहि नारी को नृपतिसुं, कोउ विधि होय मिलाप ।
एसी त्रिय को मोर जन, तजो संग लखि पाप ॥२११॥

ग्रहस्थाश्रमि के ग्रह विषे, अतिथि आवे ताय ।
अन्नादिक सो शक्ति जुत, सेवे प्रित लगाय ॥२१२॥

होमादिक श्राद्धादि पुनि, देव पितर के कर्म ।
जथा जोग्य निज शक्तिजुत, करनो तेहि लखि मम ॥२१३॥

मात पिता गुरु रोगी की, सेवा करनी नीत ।
जीवत लों[1] निज शक्तिजुत, गृहीजन को करी प्रीत ॥२१४॥

निज वर्णाश्रम उचित जो, उद्यम होय अनूप ।
यथा शक्ति करे ताहि को, भजे श्याम सुखरूप ॥२१५॥

कृषिवृत्ति मम जन सबें, दयावंत हरिदास ।
वृषण छेद सो वृषभ के, कबहु न करे सहास ॥२१६॥

यथा शक्ति अरु समय लखी, निजघर खरच प्रमान ।
अन्न द्रव्य संग्रह करो, तृण हु ग्रहो पशुवान ॥२१७॥

तृण जल से संभावना, जितने की बनी आय ।
गो आदिक तितने हि पशु, रखने निज ग्रह मांय ॥२१८॥

शुभ साक्षी जुत लेख बिन, पुत्र मित्र संग कोय ।
भू धन को व्यवहार कोउ, न करो मोरजन सोय ॥२१९॥

आपके ओर के ब्याह में, द्रव्य ज्युं देनो होई ।
ताकि साक्षी जुत लेख बिना, बोली न करनि कोई ॥२२०॥

१.જીવન પર્યંત

निज धन उपज प्रमान नित, खरच करो जन जेहि ।
उपज तें अधिक जो खरच हे, दुःखप्रद जानो तेहि ॥२२१॥

निज व्यवहार में द्रव्य की, उपज खपत हे ताय ।
लिखे संभारि नित्य प्रति, अक्षर शुद्ध बनाय ॥२२२॥

ग्रहस्थाश्रमि ममजन सबें, शुभमति परम सुजान ।
निज वृति उद्यम करी, प्राप्त होय धन धान ॥२२३॥

तमहिं सो श्रीकृष्न कुं, अर्पे दशमो भाग ।
दुर्बल होय सो वीशमो, अर्पे चरने लाग ॥२२४॥

व्रत एकादशि आदिको, उद्यापन हे जोय ।
यथाशास्त्र करो शक्तिजुत, वांछित फलप्रद सोय ॥२२५॥

शिव की पुजा श्रावन महिं, मम आश्रित जन जेहि ।
बिलिपत्र आदिक ग्रहि, करो करावो तेहि ॥२२६॥

निज आचारज तें तथा, हरिमंदिर तें कोय ।
करज्य न काढो कोउ विधि, मम आश्रित जन सोय ॥२२७॥

मंदिर अरु आचार्य तें, निज कारज्य हित जन्न ।
वाहनादि कोउ ना ग्रहो, भूषन पात्र बसन्न ॥२२८॥

हरि गुरु साधु दरस हित, चलते मारग माहिं ।
पुनि तेहि स्थल निजपुन्य हर, पर को अन्न न खाहि ॥२२९॥

अपनो काम करावने, बोलाये जो मजूर ।
कहे प्रमान सो ताहिकुं, देनो मुल्य जरूर ॥२३०॥

करज मागनो देवके[1], गुप्त न रखे सयान ।
बंस न छानो राखनो, तेहि विधि कन्यादान ॥२३१॥

१.દઈને

त्युं दुर्जन के संग पुनि, ना करनो व्यवहार ।
रहो सदा निज धर्म में, भजो श्रीनंदकुमार ॥२३२॥

रिपु राजा दुष्काल को, होत उपद्रव आय ।
लज्जा धन निज प्रान को, जेहितें नाश जनाय ॥२३३॥

तजे सद्य मम जन चतुर, जद्यपि मूल गरास ।
अति सुख होय ज्यां देश में, तहां जाइ करे निवास ॥२३४॥

गृहि धनाढ्य सो विष्नु के, करे अहिंसा याग ।
तीर्थ परव में संत द्विज, जिमावे बडभाग ॥२३५॥

सत्संगी धनवान जेहि, हरिमंदिर महिं जाय ।
महा उछव श्रीकृष्न के, करे सो प्रीत लगाय ॥२३६॥

देखी विप्र सुपात्र अति, विविध भाति दे दान ।
रहे सदा निज धर्म महिं, भजे सदा भगवान ॥२३७॥

धर्मशास्त्र को अनुसरी, मम आश्रित जो भूप ।
प्रजा पुत्र सम पाले भुवि, स्थापे धर्म अनूप ॥२३८॥

सप्त अंग हे राज्य के, स्वामि सुहृद अमात्य ।
कोश देश सेना दुर्ग, जानो भूप यह सात ॥२३९॥

साम दाम अरु भेद दंड, जानो चार उपाव ।
संधि विग्रह यान अरु, आसन द्वैधिभाव ॥२४०॥

कहे समाश्रय सहित यह, षट गुन निति सार ।
जानो सबहि चतुर नृप, नितिशास्त्र बिचार ॥२४१॥

चार पठावन के कहे, स्थानक नाना भेव ।
तिर्थ नाम करि कहत तेहि, जानो चतुर नर देव ॥२४२॥

अष्टा दश व्यवहार विद, पुरुष सभासद जेहि ।

चतुर नृपति लछन करी, जानो जथारथ तेहि ॥२४३॥
मनुष्य दंडने जोग्य हे, दंडने जोग्य न जोय ।
ताहि लखत लछन करी, परम चतुर नृप सोय ॥२४४॥
नारी सुहागनि निज पति, सेवे ईश्वर मानि ।
ल्कीब[१] अंध रोगी अधन, कटुक न बोले जानि ॥२४५॥
निज नाभि पुनि स्तन उरु, ना देखे नर कोय ।
बसन ओढिनिके रहे, सधवा नारि सोय ॥२४६॥
भांड भवाई देखने, कबहु न जाय प्रवीन ।
ता त्रिय को संग ना करे, जो होय लज्जा हीन ॥२४७॥
स्वैरिणी कामिनि पुंश्चली, एसी त्रिय को संग ।
पतिव्रता सो ना करे, मम आश्रित शुभ अंग ॥२४८॥
निज पति जाय विदेश तब, सतिसोहागनी नारी ।
सुंदर बसन रु आभरन, पहिरे नाहिं विच्यारी ॥२४९॥
परघर बैठन जाय नहिं, तजे विनोद रु हास ।
निज पति बीन नरमात्र सो, सब बिधि रहे उदास ॥२५०॥
अब मम आश्रित सबहि जो, विधवा नारी कहाय ।
सो सेवहि श्रीकृष्न कुं, पतिबुद्धि उर लाय ॥२५१॥
पिता पुत्र निज बंधु की, अग्या महिं रहे नीत ।
मन वश होइ वर्ते नहीं, रखे कृष्नपद प्रीत ॥२५२॥
निज समीप संबंध बिन, पुरुषमात्र जो होय ।
कबहु न छुवे काहु को, रहे शुद्ध मन सोय ॥२५३॥
निज समीप संबंध विन, तरुन पुरुष के संग ।

१.નપુંસક

बोले न अवश्य काज विन, विधवा जोबन अंग ॥२५४॥

स्तनय शीशु के परस को, नाहिन दोष विचार ।
पशुपरस सम ताहिकुं, जोनो विधवा नार ॥२५५॥

अवश्य काज महिं वृध संग, परस रु भाषण होय।
ताको दोष न जानियो, मम अग्या तें सोई ॥२५६॥

निज संबंध विन पुरुष तें, विद्या पढे न कोई ।
पुनि पुनि व्रत उपवास करी, दमे देह निज सोई ॥२५७॥

निज जीवन परजंत को, धन होवे घर मांहिं ।
सो धन धर्म निमितहु, विधवा खरचे नाहिं ॥२५८॥

अधिक होय निर्वाह सो, तब तेहि करे ज्युं दान ।
भजे श्रीराधारमन पद, विधवा परम सयान ॥२५९॥

विधवा नारी मात्र सो, जीमे एकहि वार ।
शयन करे भुव पर सदा, बिना रोग सुविच्यार ॥२६०॥

पशु पक्षादिक प्राणी सो, मैथुन जुत जो होय ।
ताहि न देखे दृष्टि भरी, विधवा नारी कोय ॥२६१॥

सधवा वैरागनि तथा, संन्यासनि को वेश ।
विधवा अंग न धारही, मानी मोर उपदेश ॥२६२॥

निज कुल देशाचार तें, जो होवे विपरीत ।
एसो वेश न धारही, विधवा परम पुनीत ॥२६३॥

पात करावे गर्भ को, एसी दुष्टा नारी ।
ताको संग रु परस तेहि, कबहु न करे विच्यारी ॥२६४॥

पुरुष के रसशृंगार की, बात करे नहिं कोई ।
चित दे कबहु ना सुने, विधवा त्रिय जो होई ॥२६५॥

निज सबंधि जो तरुन नर, विधवा जोबन अंग ।
आपत बिन एकांत महिं, रहे न ताके संग ॥२६६॥
होरी खेल न खेलही, फिरे न भूषन धारी ।
जरी जुक्त सुक्ष्म बसन, धरे न विधवा नारी ॥२६७॥
सधवा विधवा नारी सब, विन अंबर नहिं नहाय ।
निज रजदर्शन कोउ विधि, गुप्त न राखे ताय ॥२६८॥
जो होय नारी रजस्वला, अपने धर्म प्रवीन ।
वस्त्रादि अरु मनुष्य कुं, ना छुवे दिन तीन ॥२६९॥
चोथे दिन सो नहाय के, परस करे सब कोय ।
एसे रहे नित धर्म में, नारीमात्र जो होय ॥२७०॥
एसे गृहि नरनारी के, कहे जो धर्म विशेष ।
धर्मवंसी नरनारी सोउ, राखे यह उपदेश ॥२७१॥
मम आश्रित नैष्टिक व्रती, ब्रह्मचारी मतिमान ।
नारीन सुं बोले नहिं, छुवे न देखे जान ॥२७२॥
करे सुने कबहु नहिं, वर्णी त्रिय की बात ।
स्नानादिक तहां ना करे, जहां त्रिय आवत जात ॥२७३॥
चित्र रु काष्ठ पाषान की, नारी प्रतिमा होय ।
देवत्रिया प्रतिमा विना, छुवे न देखे कोय ॥२७४॥
त्रिय की प्रतिमा ना करे, नारी वसन छुवे नाहिं ।
मैथुनपर कोउ जंतु को, जानि न देखे ताहि ॥२७५॥
नारीवेश धरत पुरुष को, परस करे नहिं कोई ।
दर्शन भाषण ना करे, नैष्ठिक वर्णि सोई ॥२७६॥
नारी को उद्देश करी, हरिकीर्तन नहिं गाय ।

कथा बारता कृष्न की, करे न नारी सुनाय ॥२७७॥

ब्रह्मचर्य व्रत त्याग पर, निज गुरु वायक जेहु ।
ताहि न माने कोउ विधी, नैष्ठिक वर्णी तेहु ॥२७८॥

निज अतिढीग[1] कोउ नारीशठ, जब आवे करी जोर ।
तेहि सद्य बोलि निवारनि, तिरस्कार करी घोर ॥२७९॥

एतो आपत काल कहुं, प्राप्त होत जब आय ।
जात प्राण कोउ नारी के, कि निज प्राणहुं जाय ॥२८०॥

तव नारी को छुई पुनि, बोलीके मतिमान ।
करनि रक्षा नारी की, निज रक्षा त्युंहि जान ॥२८१॥

न करे मर्दन तैल को, शस्त्र न धरे सयान ।
वेश भयंकर ना करे, रसना जिते जान ॥२८२॥

ज्यां ब्राह्मण के घर विषे, नारी पिरसनहारी ।
ता घर भिक्षा करन हित, वर्णी न जाय विचारी ॥२८३॥

परीवेषण[2] करनार जहां, पुरुष होय तहां जाय ।
भिक्षा करन वर्णी सबें, मम अग्या उर लाय ॥२८४॥

वेद शास्त्र अभ्यास नित, करे निज गुरु की सेव ।
त्रिय जिमि त्रिय के संगि को, तजे संग ततखेव ॥२८५॥

चर्मवारी कोउ ना पिवे, विप्र जाति जो होय ।
लसुन पलांडु आदि दे, खाये अभक्ष न कोय ॥२८६॥

स्नान संधि गायत्रि जप, विष्नुपूजन जेहि ।
वैष्वदेव कीये विना, विप्र जिमे नहिं तेहि ॥२८७॥

युं नैष्ठिक ब्रह्मचारी के, कहे ज्युं धर्म विशेष ।

१.અતિ નજીક ૨.પીરસવાની ક્રિયા

अब मम आश्रित संत के, कहत हुं धर्म अशेष ॥२८८॥
मम आश्रित जो संत सब, वर्णी जिमी त्रय त्याग ।
पुनि त्रियसंगि संग को, करे त्याग बडभाग ॥२८९॥
काम क्रोध लोभादि जो, अंतरशत्रु कहाय ।
जिते तिनहि प्रयत्न करी, मम आश्रित मुनिराय ॥२९०॥
सब इंद्रिन जिते सदा, रसना सबहि प्रकार ।
आप न करहि करावहि, धनसंग्रह करी प्यार ॥२९१॥
शस्त्र पशु धन आदि सो, थापन रखे न कोई ।
धीरज कबहुं ना तजे, साधुजन मम सोई ॥२९२॥
निज स्थान होय बंधि जुत, ता महिं कोई प्रकार ।
कबहुं न आवन दीजिये, नारी पाप पहार ॥२९३॥
आपता बिन निशि ना चले, जो सोबत नहिं होय ।
एकाकी कहुं ना चले, बिन आपत मुनि कोय ॥२९४॥
बहुमूली पुनि चित्र जुत, बसन रु शाल दुशाल ।
रंग्यो कुसुंभा आदि तें, एसो वस्त्र विशाल ॥२९५॥
पर ईछा करी आपकुं, प्राप्त होत जो आय ।
नहिं धारे तेहि साधुजन, मम अग्या उर लाय ॥२९६॥
भिक्षा सभा प्रसंग बिन, ग्रहि के ग्रह नहिं जाय ।
भक्ति बिना श्रीकृष्न की, व्यर्थ काल न गमाय ॥२९७॥
जेहि ग्रहस्थ के घर विषे, नर होय पिरसनहार ।
इक्षणादि[1] जिहां नारी को, होत न कोउ प्रकार ॥२९८॥
एसो घर ज्या ग्रहस्थ को, ताके घर मम संत ।

१.દર્શનાદિ

जानो भोजन करनको, ना जानो कहुं अंत ॥२९९॥

एसो जोग न होय जब, तब कचो अन्न मागी ।
करे पाक निज हस्त सों, हरि चरने अनुरागी ॥३००॥

ऋषभदेव के सुत प्रथम, भये भरतनृप जेहि।
अन्य देह जडविप्र होई, भुवि वर्ति जिमि तेहि ॥३०१॥

तेहि विधि वर्तो साधु मम, परमहंस परवीन ।
धर्म ज्ञान वैराग्य जुत, हरि स्वरुप लेलीन ॥३०२॥

नैष्ठिक वर्णी साधु सब, तजे जतन करी ताय ।
अहिफेन[1] तांबुल पुनि, तमालादि नहिं खाय ॥३०३॥

गर्भाधानादिक सबें, संस्कार जे कहाय ।
ता महिं वर्णी संतजन, जिमे न कबहुं जाय ॥३०४॥

प्रेतश्राद्ध सब हि विषे, पुनि द्वादश दिन श्राद्ध ।
साधुजन कोउ ना जिमे, वर्णी मति अगाद्ध ॥३०५॥

रोगादिक आपत विना, दिन में सुबे न कोय ।
ग्राम्य वार्ता ना करे, सुने न साधु सोय ॥३०६॥

रोगादिक आपत बिना, खाट[2] न सोवे कोई ।
कपट रहित बरते सदा, साधु आगे सोई ॥३०७॥

कुमति जनको उगारी दे, पुनि ताडनहुं करंत ।
सहन करे तेहि सबहिको, हित इछे सोई संत ॥३०८॥

दुतकर्म पुनि ना करे, चुगली करे न कोय ।
चारचक्षु होवे नहिं, संत कहावे सोय ॥३०९॥

ममता स्वजनादिक विषे, अहंबुद्धि निज देह ।

१.અફીણ २.ખાટલા-પલંગ ઉપર

साधु तजे विच्यारीके, यामें नहिं संदेह ॥३१०॥
यह प्रकार संक्षेप हम, लिखे सबनके धर्म ।
दृढ करी राखहुं मोर जन, जानी जथारथ मर्म ॥३११॥
इनको जो विस्तार सब, सो जानहुं करी प्यार ।
संप्रदाय के ग्रंथ तें, मम आश्रित नरनार ॥३१२॥
सदशास्त्रन को सार सब, निज मति करी उधार ।
लिखी यह शिक्षापत्रि हम, जन वांछित देनार ॥३१३॥
ताते यह जो पत्री शुभ, मम जन तेहि अनुसार ।
सावधान वरतो सदा, नहिं मन इछा धार ॥३१४॥
यह प्रकार सो वरति हे, पुरुष रु नारी जेहि ।
चतुरवर्ग की सिद्धि को, निश्चे पावहि तेहि ॥३१५॥
जो यह पत्री अनुसरी, वर्तत नहिं नरनार ।
सो हमरे संप्रदाय सों, बाह्य हे विमुख लबार ॥३१६॥
प्रतिदिन शिक्षापत्री को, पाठ करे मम दास ।
पढ्यो नहिं सो सुनहि नित, आदर सहित हुलास ॥३१७॥
यह पत्री को ना मिले, बांचि सुनावनहार ।
तब नित प्रति अति आदरे, पुजो करीके प्यार ॥३१८॥
यह जो हमारी वानी हे, जानी हमारो रूप ।
मम आश्रित सब मानियो, आदर करी अनूप ॥३१९॥
दैवी जन कुं पत्री यह, देनी प्रीति आनी ।
ना द्यो आसुरीजीव कुं, यह मम अग्या मानी ॥३२०॥
संवत अढार बियासियो, महासुदी पंचमी सार ।
लिखी हम शिक्षापत्री यह, सब जीवन हितकार ॥३२१॥

निज आश्रित जनकी सबे, पिडा हरत दयाल ।
धर्म सहित जो भक्ति की, करत सदा प्रतिपाल ॥३२२॥

मनवांछित सुख देत नित, एसे कृष्न उदार ।
मम आश्रित जनके करो, मंगल अति विस्तार ॥३२३॥

यह पत्री महाराज की, निज मूर्ति सम मानी ।
सत्संगी उर धारीयो, जिय को जिवन जानी ॥३२४॥

धूप दीप आदिक ग्रहि, यथा प्राप्त उपचार ।
प्रेमानंद कहे पूजियो, यथाशक्ति करी प्यार ॥३२५॥

॥ इति श्रीसहजानन्दस्वामिशिष्य प्रेमानंदमुनि
विरचिता शिक्षापत्रीभाषा समाप्त ॥

॥ श्रीसहजानंदाय नमः ॥

प्रेममूर्ति सद्.श्रीप्रेमानंदस्वामी रचित

સર્ગ નિસરણી

॥ अथ सर्ग निसरणी लिख्यते ॥

(નિષ્કુળાનંદસ્વામી રચિત યમદંડનો સંક્ષિપ્ત સાર એટલે પ્રેમાનંદસ્વામી કૃત સર્ગ નિસરણી. વિષયથી વિમુખ અને હરિસન્મુખ થવા માટે આ ગ્રંથ અતિ ઉપયોગી છે.)

દોહા : વંદું ધર્મકુમાર પદ, અશરણ શરણ સદાય;
અંત સમે સંભારતાં, કરે તે સદ્ય સહાય..૧

સુહૃદ સનેહી સર્વેના, સ્વામી સહજાનંદ;
સંકટ હરે સંભારતાં, કાપે ભવના ફંદ..૨

અતિ કરુણા કરી પ્રાણીને, નરતન દીધું નાથ;
વિવિધ વિષેસુખ ભોગવવા, ચાલ્યો ઊંધે માથ..૩

લખચોરાશી જાતનાં, ટાળ્યાં દુઃખ બહુનામી;
જાણ્યું ભજશે મુજને, પણ ન ભજ્યો લૂણહરામી..૪

કરી અતિ કુકર્મ મંદ મતિ, પામ્યો મોત અભાગી;
પ્રેમાનંદ કે' જમપુરનાં, લીધાં દુઃખ મુખ માગી..૫

પદ-૧

પાપ કરતાં પાપી પ્રાણીનું, આયુષ આવી રયું રે, રામ;
ઘરનાં કે' છે ઓચિંતાનું, ભાઈને આ શું થયું રે, રામ..૧

આવ્યા જમદૂત દીધાં દરશન, જોતાં ધીરજ ખૂટી ગઈ રે, રામ;
મહાભયાનક રૂપ રવિસુતના, નીરખીને નાડિયું તૂટી રે, રામ..૨

છૂટી ગયા બંધ દસે દ્વારના, જીવને મહા ભય લાગ્યો રે, રામ;
વાત પીત કફ આવ્યા ભરાઈ, કંઠમાં ઘરડકો વાગ્યો રે, રામ..૩

પ્રાણતણા પરિયાણ થયા, ત્યાં જોવાં ઊભાં સગાં આવી રે, રામ;
સહુ કહે ભાઈના પ્રાણ નથી જાતા, આપો ગાય મગાવી રે, રામ..૪

કોઈ કહે રતિ સોનું મંગાવો, ભાઈના મુખમાં મેલો રે, રામ;
કોઈ કહે તુલસી દળ મેલો, અવસર છે હવે છેલો રે, રામ..૫

કોઈ કહે ગાયનું છાણ મંગાવો, તેનો તે ચોકો દેવરાવો રે, રામ;
કોઈ કહે તિલક કરો ગોપીચંદનું, કોઈ કહે ગંગાજળ પાવો રે, રામ..૬

મોટું કૂળ તે આવ્યાં સગાં બહુ, બોલે પરસ્પર વાણી રે, રામ;
ક્યાંથી જાશે ભાઈના પ્રાણ તે, કીધી છે પૂરી કમાણી રે, રામ..૭

ત્યારે જમે દેહમાં પેસીને ઝાલ્યો, મૂળદ્વારેથી કાઢ્યો બા'રે રે, રામ;
જીવ કાયાને કરીને નોખા, બાંધીને ચાલ્યા ત્યારે રે, રામ..૮

છ્યાશી હજાર ત્રણસો ત્રણ જોજન, મૃત્યુલોકથી છે દૂર રે, રામ;
દક્ષિણ દિશામાં જળ સ્થળ ને વચ્ચે, ધર્મરાયનું છે પુર રે, રામ..૯

જમપુરીમાં જઈ પુગાડ્યો, એક મુહૂરતને માંઈ રે, રામ;
પાપ પુન્ય પૂછી પ્રાણીનું પળમાં, તરત લાવ્યા પાછો આંઈ રે, રામ..૧૦

ડોક ઢળી ત્યારે હેઠો ઉતાર્યો, સગાં સહુ રોવાં લાગ્યાં રે, રામ;
વિકળ થયાં નિજ સ્વાર્થ સારુ, મહાદરિયે વા'ણ ભાગ્યાં રે, રામ..૧૧

લટ ત્રટ તોડે કર કંકણ ફોડે, ખંડિત થઈ મારી જોડ રે, રામ;
હું સોહાગણ આજ રંડાણી, પૂરા ન થયા મારા કોડ રે, રામ..૧૨

એમ પત્ની આવી પૂછે પતિને, શી ગતિ થાશે મારી રે, રામ;
તમે તો ચાલ્યા વાંસે છૈયાં છે નાનાં, કે'તા જાઓ સંભારી રે, રામ..૧૩

કોઈની પાસે છાનું છપાડ્યું, મેલ્યું હોયે કાંઈ ધન રે, રામ;
ચાલ્યા અચાનક આવ્યો રંડાપો, કેમ જાશે હવે દન રે, રામ..૧૪

આવ્યા ભાઈ બાપ બેઠા ઓશીકે, કરે રુદન બહુ પેર રે, રામ;
તમ છતાં કશી ચિંતા નો'તી, સુખે સૂઈ રે'તા ઘેર રે, રામ..૧૫

સ્વાર્થિયા લાગ્યા રોવા ને કૂટવા, પ્રાણીની પીડા ન જાણે રે, રામ;
તેં તો અમારો ભૂંડા અર્થ બગાડ્યો, શીદ મૂઓ તું કટાણે રે, રામ..૧૬

આવ્યા સહુ કાકા મામા પિતરાઈ, રુવે વિવા જેવા વિલાપ કરી રે, રામ;
દેખાદેખી કરે કકળાટ મોટો, અંતર પીડા નથી જરી રે, રામ..૧૭

આવી કાકી મામી માસી ભોજાઈ, બીજિયું લાખ હજારું રે, રામ;
માંડિયું કૂટવા બહુ સારા કહીને, લોક દેખાડવા સારુ રે, રામ..૧૮

કાંઈ ન માણ્યા તમે ઓયે ઓયે રાજવી, મોટા ભોગ ભુવન રે, રામ;
એક કહે બહુ ગરીબને પીડતો, ચપટી ન દીધું કોઈને અન્ન રે, રામ..૧૯

એક કહે આગે બહુ સુખ પામશે, જાશે તે જમને દ્વાર રે, રામ;
એક કહે બાઈ કર્યાં ભોગવશે, નથી બીજો નિરધાર રે, રામ..૨૦

એક કહે બાઈ જાશે સ્વર્ગમાં, જમના તેડા એને નો'ય રે, રામ;
બીજી કહે બાઈ એમ તું બોલમાં, એ તો હોય હોય હોય રે, રામ..૨૧

એક કહે બાઈ થાનારી તે તો થઈ, શીદ પકવો છો કૂટી છાતી રે, રામ;
ગયા તે તો કોઈ વળતા નથી, હવે પાછા એ વાટમાંથી રે, રામ..૨૨

એમ દેહને રોઈ કૂટી પીટી, ઝાંપા સુધી વળાવી રે, રામ;
એક બીજીને કહે ભલું પાપ ગયું, હસતી તાળી દેતી આવી રે, રામ..૨૩

ઠાઠડી સહિત ભેળો ઠોકીને બાળ્યો, સગા સર્વે ભેળા થૈને રે, રામ;
નથી બળતી હજી છાતી પાપીની, મારો ઘોદા વાંસ લૈને રે, રામ..૨૪

બાળી રાખ કરી લાગ્યા ના'વા ધોવા, બાયુ આવી રોતી રોતી રે, રામ;

રોતી જાય ને કહે બહુ સારા હતા, ક્યા ગયા હશો ભાઈ મોતી રે, રામ..૨૫

અણખપતા આંસુડા ખેરવે છે, ઉપર દે છે લીંટ લાળ રે, રામ;
નારી પુરુષ ધોઈ મેલ આપે છે, વળી વધારાના વાળ રે, રામ..૨૬

વળી આપે મારી ચાચડ માકડ, લીખ ને જૂવા ઘણી મારી રે, રામ;
જે સારુ મૂઓ કૂટી કૂટી તેણે, ભાતું બંધાવ્યું અતિ ભારી રે, રામ..૨૭

દા'ડાનો ભવાડો કર્યો વાંસે, મસકરા મળી ખાઈ ગયા રે, રામ;
જેને આપતા પ્રાણીને પૂગે, તે તો એમના એમ રહ્યા રે, રામ..૨૮

સાધુ બ્રાહ્મણ ને પુન્ય મારગે, રતી એક ના વવરાવ્યું રે, રામ;
એવે ઠેકાણે વાવર્યું પાછું ન ઊગે, પાપીનું કામ ન આવ્યું રે, રામ..૨૯

કાળા કેર કરી ભેળું કર્યું હતું, તેમાંથી રતી ન પામ્યો રે, રામ;
કપટ ચપટ દગા ઘાતું કરી, મહા દાખડે ધન ઝામ્યો રે, રામ..૩૦

નેવે બેઠો રુવે જુએ તમાસા, કાંઈ મારે કામ ન આવ્યું રે, રામ;
જેમ મેં તો વાડ વાવી પાઈને ખેતર, ગર્દભ પાસે ભેળાવ્યું રે, રામ..૩૧

દ્વાદશ દન સુધી નેવા પર રાખ્યો, પ્રેતનો દેહ ધરાવી રે, રામ;
પછે લીધો જમપુરીને મારગે, દાડો દપાડો ખવરાવી રે, રામ..૩૨

પેલું પગથિયું જીવે જોઈ નજરે, ચડ્યાનો આરંભ કીધો રે, રામ;
હવે જમે ગળે ફાંસી નાંખીને, મારી બાંધીને મોરે લીધો રે, રામ..૩૩

જમ કહે પ્રાણી ચાલ્યો આ મારગે, આગે પામીશ સુખ ભારી રે, રામ;
હવે પુતરજી આવ્યો અમારે હાથ, જોને થાયે વલે તારી રે, રામ..૩૪

કોઈક જમ તો ભરે છે બચકા, કાપી કાપી માંસ ખાય રે, રામ;
પડે પછાડે ત્રાહે ત્રાહે પોકારે, એ દુઃખ મુખે ન કે'વાય રે, રામ..૩૫

જમ કહે પાપી તારી કેડે અમે, બાર દિવસ રહ્યા ભૂખ્યા રે, રામ;
જાણ્યું જે કાંઈક પાપી કેડે પામશું, તું પર કોઈ ન થ્યું ક્યારે રે, રામ..૩૬

મારતાં ખાતાં એક માસ ચાલ્યો, આવ્યું એક જમનું શે'ર રે, રામ;
શે'ર જોઈને જીવ રાજી થયો પણ, આ તો થાશે કાળો કેર રે, રામ..૩૭

જમનું શે'ર ને રાજા જમ તેમાં, **યમપુર**[1] છે એનું નામ રે, રામ;
જોતા જીવને નાના મોટા સહુ, દોડ્યા લઈ લઈ ઠામ રે, રામ..૩૮

જેમ ગીધ દેખી મરેલ ઢોરને, આવે માંસ ખાવા ધાઈ રે, રામ;
તેમ નારી નર લોહી માંસ ખાવા, આવ્યા અતિ હરખાઈ રે, રામ..૩૯

આવ્યા રાજાના ચાકર દોડી, લાવ્ય અમારો ભાગ લેશું રે, રામ;
દાણ દરબારનું દેઈશ ત્યારે, યાંથી જાવા તુંને દેશું રે, રામ..૪૦

ચારે પાસેથી મંડ્યા કાપવા તેને, લીધાં લોઈનાં ઠામ ભરી રે, રામ;
મારે છરા છરી કાતા કટારી, દયા ન આવે કેને જરી રે, રામ..૪૧

અચેત થઈ પ્રાણી પડ્યો ધરણી પર, તન શુદ્ધ ગયો વીસરી રે, રામ;
પીડાએ કરી પ્રાણી મૂરછા પામ્યો, હવે જાણે ગયો મરી રે, રામ..૪૨

એમ પ્રાણી ચડ્યો પે'લું પગથિયું, બીજું ચડવાને કર્યો ત્યારી રે, રામ;
જમે ફેરવી હાથ કર્યો ઊભો, મોટી કાયા વધારી રે, રામ..૪૩

એવા ને એવા સોળ શેર આવશે, એક એકથી દુ:ખ અતિ રે, રામ;
તેનાં દુ:ખ કેવાં શેષ સમર્થ નહિ, શું કહું એક મુખથી રે, રામ..૪૪

વળી યાંથી લીધો પ્રાણીને આગે, મારતા તે મણા ન મળે રે, રામ;
રોતો રોતો વળી પડે પૃથ્વી પર, ઉઠાડી મારે હડસેલે રે, રામ..૪૫

બસે ને સડતાલીશ જોજન, જમ ચલાવે છે નિત્ય રે, રામ;
જેવાં જેવાં જેનાં પાપ તેવો દંડ, દીધાની એવી છે રીત્ય રે, રામ..૪૬

મર્મ ઠેકાણે મારે બહુ જમ, તેણે પાપી પિડાય રે, રામ;
પુન્ય હિણા કુકર્મીની ત્યાંતો, કોણ કરે રે સહાય રે, રામ..૪૭

જેમ મર્કટને મુંડા[1] બાંધે, એમ તે બાંધીને લીધો રે, રામ;
બહુ વિધ મારે ત્રાહિ પોકારે, અધમને આગે કીધો રે, રામ..૪૮

કહે જમકિંકર સુણ અભાગી, આ દુ:ખ કેમ તે ન જાણ્યું રે, રામ;
પાપ કરતાં પાછું જોયું નહીં, મનગમતું સુખ માણ્યું રે, રામ..૪૯

૧.મદારી

સંતપુરુષનું કહ્યું ન માન્યું, સત્શાસ્ત્રની આજ્ઞા લોપી રે, રામ;
ઉત્શ્રૃંખ થઈ વરત્યો અભાગી, પરનારી શું કરી પ્રીતિ રે, રામ..૫૦

હવે તેનું ફળ પામીશ પાપી, એમ કહીને જમ મારે રે, રામ;
લાવ્ય લબાડ હવે ભૂખ્યા થયા અમે, કર્યું હો પુન્ય તે સંભારે, રામ..૫૧

નૈ’તો ખાશું તુંને કાપીકાપીને, એમાં નૈ ફેર લગારે રે, રામ;
ભૂલે ચૂકે કાંઈક આપ્યું હશે તેં, આવ્યું સંભારતાં વહારે રે, રામ..૫૨

તેના કર્યા ભાગ ત્રણ તેમાંથી, એક ભાગ તે જમે લીધો રે, રામ;
બીજો ભાગ દીધો પ્રેતના ગણને, ત્રીજો પોતે ગ્રહણ કીધો રે, રામ..૫૩

એમ ચાલતા અઢાર દિન થયા, દ્વાદશ મોરનાએ માસ રે, રામ;
દોઢ માસે આવ્યું શેર **સૌરીપૂર**[૨], યમતણો તે નિવાસ રે, રામ..૫૪

તેનો રાજા છે નામે સૌવરી, વિચરે વિવિધ રૂપ ધરી રે, રામ;
પ્રેમાનંદ કહે અતિ ઘોર દેઈ, દેખી જાય પ્રાણી મરી રે, રામ..૫૫

પદ-૨

રાગ : ધોળ (જનમ્યા ત્યાંથી જરૂર જાણો...)

આવીને કહે તે પાપી પ્રાણી, લાગ અમારો લાવોજી;
લાગ દઈને દૂરમતિ યાંથી, પછી બહારે જાવોજી..૧

પછી શ્રાદ્ધ જે ત્રણ પક્ષનું, વાંસે કીધું હોયજી;
તે પુન્યમાંથી ત્રણ ભાગ કરી, એક લે તે સારો જોઈજી..૨

પછી ભાગ રહ્યા બે તેમાંથી, એક પ્રેતને દેવોજી;
છેલ્લા ભાગમાંથી આપી બીજા જમને, વધે તે પોતે લેવોજી..૩

પછી યાંથી દક્ષિણ દ્વારે, વાંસે કિંકર હજારેજી;
કાઢ્યો બારે ત્રીજે પગથિયે, ચઢિયો પ્રાણી ત્યારેજી..૪

વાટે આવ્યું વિકટ વન એક, અસિપત્ર તેનું નામજી;
તેનાં પાન પડ્યાં તન પર તૂટી, કાપ્યો ઠામો ઠામજી..૫

ત્યારે જમ કહે ચાલ ઉતાવળો, ક્યાંય નથી વિશ્રામજી;
તે વનથી વીંટાણું આવ્યું, **વિરેન્દ્રપુર**[૩] દુઃખ ધામજી..૬

લોહિયાળું તન દેખીને પંખી, આવ્યા ધાઈ અપારજી;
વજવાળાં મારવા માંડ્યા, ચાંચ તણા પ્રહારજી..૭

ખાવાં માંડ્યાં માંસ તે તનનું, અતિ આકળો કીધોજી;
ત્રાહિ ત્રાહિ પોકારે પણ, કેણે આડો હાથ ન દીધોજી..૮

બે માસ સુધી ચાલતા પ્રાણી, દુઃખ પામ્યો અતિ ભારેજી;
ચોથે પગથિયે ચઢિયો પ્રાણી, હાય રે હાય પોકારેજી..૯

આવ્યા દૂત તે જમના દેખી, લાવ્યને પાપી લાગજી;
નૈ તો તારું આ તન કાપી, લેશું અમારો ભાગજી..૧૦

ભેળા હતા જમકિંકર તે કહે, અમે ભૂખ્યા બહુ થયાજી;
અમે તો ખાશું તન તારું કાપી, અમને ના'વે દયાજી..૧૧

કહે પ્રાણી હું ક્યાંથી લાવું, મારે પાસ ન મળેજી;
ખાવા માંડ્યા જમ કાપીકાપીને, હાય હાય કરી કળકળેજી..૧૨

લીધો ભાગ તે માંસ કાપીને, રાજા ને તેના ચાકરેજી;
ખાધા માંસ ને પીધા લોહી, કાપી કાપી છરેજી..૧૩

મડદું થઈ જીવ પડ્યો ભોમી પર, સૂધબૂધ કશી ન રહીજી;
હાથ ફેરવીને કીધો સાજો, ચાલ્યા ત્યાંથી લઈજી..૧૪

અઢી માસ સુધી ચાલ્યા ત્યારે, આવ્યું **ગાંધર્વ પૂરજી**[૪];
તેમાં લાગ ભાગ સહુ લીધા, કાપી કર્યો ચકચૂરજી..૧૫

પાંચમે પગથિયે ચઢિયો પ્રાણી, માર ખાતો અભાગીજી;
ભજ્યો નહિ ભગવાન મંદમતિ, આ દુઃખ લીધું માંગીજી..૧૬

ચાલ્યો યાંથી માર બહુ ખાતા, ત્રણ માસ સુધી પ્રાણીજી;
ત્યારે આવ્યું **શૈલાગમ પુર**[૫], દારુણ દુઃખની ખાણીજી..૧૭

ત્યાં વરસે પાણાની વૃષ્ટિ, વજ સરીખા વાગેજી;

પડે તડાતડ પાપી ઉપર, હાય હાય કરી ભાગેજી..૧૮

આપ્યું હોય છત્ર-ઘર દ્વિજને, તે અહીં આવે કામેજી;
ચઢિયો ત્યાંથી છઠે પગથિયે, પ્રાણી બહુ દુઃખ પામેજી..૧૯

વળી વાંસે જો શ્રાદ્ધ કર્યું હોયે, તે પ્રાણી ત્યાં પામેજી;
ખાયે ખવરાવે જમ કિંકરને, સાતમું પગથિયું વિમેજી..૨૦

લીધો ત્યાંથી લબડધકે, મારતા ખાતા માંસજી;
ચોથે માસે સધાવ્યા **ક્રૂરપુર**[૬], ક્યાંય ન લીધો શ્વાસજી..૨૧

જો વાંસે એને શ્રાદ્ધ કરીને, આપ્યું હોય અન્નજી;
ભાવ કરી જમાડ્યા હોય, બ્રાહ્મણને ભોજનજી..૨૨

તે પુન્ય પ્રાણી પામે છે આંહીં, વહેંચી ત્રણે ભાગેજી;
ખાઈ ખવરાવી ચડિયો પ્રાણી, આઠમે પગથિયે આગેજી..૨૩

ચાલતા ચાલતા પાંચમે માંસે, પૂગ્યો **ક્રૌંચપુર**[૭] માંઈજી;
ત્યાં પણ આપ્યું હોયે જે વાંસે, તે પૂગે આવી આંઈજી..૨૪

વહેંચી ખાયે છે ત્રણે ભાગે, જમ પ્રેત ને પોતેજી;
ચડિયો નવમે પગથિયે પ્રાણી, મહા દુઃખ જોતે જોતેજી..૨૫

વળી ત્યાંથી ચાલતા જીવને, સાડા પાંચ માંસ થયાજી;
ત્યારે જમરા **વિચિત્રપુરમાં**[૮], ઝાલીને ઊભા રહ્યાજી..૨૬

નરતન પામી પ્રભુ ન ભજિયો, પાપી તુંને ધિક્કારજી;
સુખ ભોગવવા આંહીં તું આવ્યો, દે ફટકારો નરનારીજી..૨૭

લજાવણા ને લાગ લઈને, કાઢ્યો પુરને બહારજી;
દશમે પગથિયે ચડ્યો પ્રાણી, ભોગવી દુઃખ અપારજી..૨૮

એમ જીવને જમ મહાદુઃખ દેતા, વીતી ગયા ખટમાસજી;
ત્યારે આવ્યું **બાહ્વાપદપુર**[૯], અતિ દુઃખ તણો નિવાસજી..૨૯

તેને નિકટ વહે **વૈતરણી**, દુઃખ કહ્યું ન જાય જેનુંજી;
શત જોજન પ્રવાહ વહે છે, મહા વિકટ ઊતરવું તેનુંજી..૩૦

હાડ ચામ લોય માંસ મુવાળા, ભારે પૂરણ પાચ પરુ વે'જી;
વીંછી સર્પ આદિ ભર્યા જંતુ, જીવ કાંઠે ઊભો જુવેજી..૩૧

ઉપર ઊડે ખગ માંસ આહારી, તીક્ષ્ણ લોહ ચાંચવાળાજી;
અનંત ભાતના જંતુ ભર્યા છે, મહા દુઃખ દેવાવાળાજી..૩૨

ઉપર તપે વળી તીક્ષ્ણ ભાનું, તેણે કરી તન બળેજી;
વહે વૈતરણી અતિ દુઃખકરણી, ભયંકર ભમરી વળેજી..૩૩

આમા ઊતરવું પડશે પાપી, આપી હોયે ગાય તો સંભારજી;
ગાય આવે તો સુખે ઊતરે, નૈતો લાગશે વારજી..૩૪

ક્યાંથી આપી હોય ગાય, પછી એમાં ડબકાં મારેજી;
એકાદશમું પગથિયું પ્રાણી, આવી રીતે ચડિયો જ્યારેજી..૩૫

અતિ દુઃખે ઊતર્યો વૈતરણી, ત્યાંથી કીધો આગેજી;
મહા દુઃખ આપે જમના કિંકર, કટાણે ખાવા માગેજી..૩૬

એમ અતિ દુઃખ ભોગવતા જીવને, વીતી ગયા સાત માસજી;
ત્યારે પ્રાણી ઘોદા ખાતો, આવ્યો **દુઃખદપુર**[10] પાસજી..૩૭

એનાં દુઃખ કહ્યાંમાં ન આવે, કે'તાં થાકે મન વાણીજી;
અતિ દુઃખ ભોગવતો ચડિયો, બારમું પગથિયું પ્રાણીજી..૩૮

ત્યાંથી ચાલ્યો પુણ્ય હીણો, જીવ અષ્ટ માસ ગયા વીતીજી;
ત્યારે પુગ્યો **નાનાક્રંદન પુર**[11], એમાં છે અતિ ફજેતીજી..૩૯

નાના પ્રકારના દંડ આપે જમ, જીવ માર ખાઈ કાયોજી;
તેરમે પગથિયે ચડ્યો પ્રાણી, દુઃખનો પાર ન આવ્યોજી..૪૦

વળી ત્યાંથી લીધો જમદૂતે, માર દેતા બહુ પેરજી;
નવમે માસે ચાલતા આવ્યું, નામ છે **તપ્ત શે'રજી**[12]..૪૧

ચૌદમે પગથિયે ચઢિયો પ્રાણી, દુઃખનો ના'વે પારજી;
આ તો જરાક મારગમાં દુઃખ, જમપુર દુઃખ ભંડારજી..૪૨

ત્યાંથી ચાલ્યો દસમે માસે, આવ્યું **રૌદ્રપુર**[13] નામજી;

રૌદ્ર સરીખા ત્યાંના વાસી, બાલ વૃદ્ધ ને વામજી..૪૩

ધોડ્યા જોઈને ખાવા લાગ્યા, કાપી કાપીને માંસજી;
ભૂખ્યા જાણીએ ભાદર માસે, ભાલ દેશ ભૂમિના ડાંસજી..૪૪

એમ ચડ્યો પંદરમે પગથિયે, ખાતાં બહુ વિધ મારજી;
પ્રભુ ભજ્યા વિના પાપી પ્રાણીને, ન મળે સુખ લગારજી..૪૫

એમ પાપીને પીડતાં પીડતાં, વિત્યા માસ અગ્યારજી;
ત્યારે આવ્યો અતિ દુઃખ દેતો, **પયોવર્ષણ**[૧૪] મોજારજી..૪૬

ત્યાં તો ટાઢા હેમ સરીખા, વરસે વારી અખંડજી;
પલળી પ્રાણી થરથર કંપે, આપે ઉપર દંડજી..૪૭

આપી હોય ચાદર કામળી, તે ત્યાં આવે છે કામજી;
એમ ચડ્યો પ્રાણી સોળમે પગથિયે, માર ખાતા ઠામો ઠામજી..૪૮

ત્યાંથી ચાલતા વચમાં વીત્યા, સાડા એકાદશ માસજી;
પુગાડ્યો **શિતાઢ્ય પુરમાં**[૧૫], દુઃખતણો તે નિવાસજી..૪૯

વાયે વાયુ શિયાળા સરખો, શીતે થરથર કંપેજી;
ભૂખ્યા થાય ત્યારે જમરા કાપે, પ્રાણી ક્યાંયે ન જંપેજી..૫૦

આપ્યા હોય ગોદડાં ગાદલાં, સજ્યા કેરા જો દાનજી;
તો ત્યાં પામે ઓઢવાં પાથરવાં, નૈ તો થાય હેરાનજી..૫૧

ચઢિયો પ્રાણી સત્તરમે પગથિયે, કુટાતે પિટાતેજી;
ભોગવે ફળ જીવે જે જે કીધા, ડાબે જમણે હાથેજી..૫૨

ત્યાંથી કરી પ્રાણીને આગે, દેતા બહુ વિધ મારજી;
આવ્યું **પુર બહુભીતિ**[૧૬] નામે, વીત્યા માસ તે બારજી..૫૩

આતો આવ્યું શે'ર સોળમું, છેલ્લું અતિ દુઃખકારીજી;
લાખો જીવને મારે કાપે છે, થાય કોલાહલ ભારીજી..૫૪

જેમ સકંચે પીલે છે રૂને, તેમ થાય કળળાટજી;
જે જે પાપ કર્યા તે આવ્યા, હરિ ન ભજ્યા તે માટજી..૫૫

એમ અઢારમે પગથિયે ચઢિયો, મારગની નિસરણીજી;
આ તો અંક છે રાખતણા ભાઈ, હવે ભોગવશે કરણીજી..૫૬

હવે આવી સંયમની પુરી, ધર્મ તણી રાજધાનીજી;
કનકકોટ છબી ભુવન વિચિત્રિત, નિધિ એક શોભાનીજી..૫૭

સોના રૂપાના ત્રાંબા લોટાના, દરવાજા છે ચારજી;
રતન મણિ ને માણેક ને હીરે, જડિયો રાજ દરબારજી..૫૮

લીધો પાપીને લોહને દરવાજે, લાવ્યા ધર્મને આગેજી;
ધર્મરાય કહે પાપ પુન્ય જોઈ, લઈ જાઓ તે જોગેજી..૫૯

ઓગણિસમે પગથિયે પ્રાણી, પૂગ્યો હવે થાયે તે ખરીજી;
આવ્યા ચિત્રગુપ્ત તે જુવે છે, ખાતું જરીએ જરીજી..૬૦

પુન્ય તો પાપીએ કાંઈ ન કીધું, પાપનો વાર ન પારજી;
નાખો એને નરકકુંડમાં, છ લાખ ચોરાશી હજારજી..૬૧

ચઢિયો વીસમે પગથિયે પ્રાણી, થઈ નિસરણી પૂરીજી;
લખી લગારેક પીડા દિશમાત્ર, રહી છે ઘણી અધૂરીજી..૬૨

વર્ણવ્યાં દુઃખ લખી જમપુરનાં, વિધવિધનાં વિપરીતજી;
પ્રેમાનંદ એ ગાયે સાંભળે તેને, થાશે પ્રભુપદ પ્રીતજી..૬૩

॥ ઈતિ શ્રીસર્ગનિસરણી સંપૂર્ણમ્ ॥

श्रीस्वामिनारायण सत्य छे

॥ श्रीहरिकृष्णाय नमो नमः ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

ચોવીસ એકાદશી માહાત્મ્ય

॥ अथ श्रीएकादशी माहात्मनां पद आरभ्यते ॥

(સ્વામીશ્રીએ અઠ્યાશી પદ, ત્રણસો પંચાવન કડીઓ અને બાવીસ પ્રકારનાં રાગ-ઢાળ સાથે ચોવીસે એકાદશીની ઉત્પત્તિ, પૂજનની રીતિ વગેરે તેમજ તે કરવાથી થતું હરિમાં હેતરૂપી ફળનું સુંદર નિરૂપણ પ્રસ્તુત ગ્રંથમાં કરેલું છે.)

ઢાળ : મુજને વાલી તારી મૂરતિ (ધોળ)

પદ-૧

હેતે નમું હરિજનને રે, પ્રભુજીને લાગું પાય;
વાણી અનુપમ આપજો રે, શ્રીગોલોક પતિ રાય...હેતે૦ ૧

ઉદ્ધવ સ્વામીની આજ્ઞા રે, હર્ખે ચડાવું હું શીશ;
એકાદશીનાં વ્રત વર્ણવું રે, જન્મને રૂપ ચોવીસ...હેતે૦ ૨

વાલી સદા શ્રીઘનશ્યામને રે, એકાદશી તપ રૂપ;
ચોવીસ રૂપે થઈને વરી રે, સુંદરશ્યામ અનુપ...હેતે૦ ૩

જન્મ કહું એકાદશીનો રે, ધર્મકુંવર ગુણે જુક્ત;
કૃપા કરો પ્રેમાનંદને રે, હરિ હરિજન મુક્ત...હેતે૦ ૪

પદ-૨

હરિજન હેતે શું સાંભળો રે, એકાદશી આખ્યાન;
જેમ એકાદશી ઉપની રે, તે સંભળાવું ગુણગાન...હરિ૦ ૧
અસુર થયો એક સતજુગમાં રે, બળિયો અતિ મુરુ નામ;
નાડીજંઘનો તે દીકરો રે, તે વસે ચંદ્રાવતિ ગામ...હરિ૦ ૨
તપ કરી બ્રહ્માને આરાધિયા રે, વર પામ્યો તે અનહદ;
દેવ દાનવને જીતિયા રે, લેવા ઈન્દ્રનું આસન સદ્ય...હરિ૦ ૩
દેવ સર્વે તેની બીકથી રે, આવી વસ્યા ભૂમીમાંય;
પ્રેમાનંદ તે સંક્ષેપમાં રે, એકાદશી જનમ ગાય...હરિ૦ ૪

પદ-૩

દેવ થયા સર્વે દુઃખિયા રે, ધરણી વસ્યા બહુ કાળ;
સર્વે બ્રહ્માને શરણે ગયા રે, જ્યાં હતા પોતે કૃપાળ...દેવ૦ ૧
વદને કરી બહુ વિનંતી રે, અતિ દીન થઈને ઉદાસ;
દુઃખ પોતાના સૌએ વર્ણવ્યાં રે, અજ અવિનાશીને પાસ..દેવ૦ ૨
શિવ બ્રહ્મા ને સૌ દેવતા રે, ચાલ્યા કરીને વિચાર;
હરિ વિના હેતુ બીજો નહિ રે, આવા કષ્ટ સમે આધાર..દેવ૦ ૩
શ્રીગોલોકમાં સર્વે પોં'ચિયા રે, જ્યાં રહે હરિ સુખધામ;
રાધારમણ કહીએ તેહને રે, તેહ પ્રેમાનંદનો શ્યામ..દેવ૦ ૪

પદ-૪

શ્રીકૃષ્ણ જીવનને પામીનેરે, જ્યાં હતા શ્રી ભગવાન;
પ્રણતી કરીને પાયે લાગિયા રે, નીરખી થયા ગુલતાન...શ્રી૦ ૧
વિનંતી કરી બહુ કૃષ્ણની રે, ત્યારે પ્રસન્ન થયા મહારાજ;
આસન આપ્યાં બહુ આદરે રે,પૂછ્યા કુશલ સુખ સાજ...શ્રી૦ ૨
સર્વે નિવેદન કીધલું રે, દૈત્યપતિનું તે કર્મ;
દેખી પ્રભુ દેવ દુઃખિયા રે, સદા પ્રતિપાળણ ધર્મ...શ્રી૦ ૩

અભય આપ્યો વર દેવને રે, શ્રીહરિ થઈને પ્રસન્ન;
પ્રેમાનંદ કહે નાથજી રે, કીધું દૈત્ય માર્યાનું તે મન...શ્રી૦ ૪

પદ-૫

ઢાળ : પુરુષોત્તમ પ્રાણથી પ્યારા રે,આવો અંતરજામી (ધોળ)

ચાલ્યા દેવ સંગાથે મોરારી રે, વિઠ્ઠલ વનમાળી;
સુખદાયક અતિ સુહિતકારી રે, વિઠ્ઠલ વનમાળી...૧
જેની ચંદ્રાવતીપુરી નામ રે-વિ૦ ત્યાં ગયા શ્રીસુંદરશ્યામ રે-વિ૦ ૨
પાંચજન્ય શંખ જઈને વગાડ્યો રે..વિ૦ સુતો નાગ કાળો જગાડ્યો રે-વિ૦ ૩
શબ્દ સાંભળીને આવ્યો તત્કાળ રે..વિ૦ મુરુ નામ અસુર વિકરાળ ર-વિ૦ ૪
આવી ગરજ્યો તૃણવત લેખી રે-વિ૦ પ્રેમાનંદ કહે દેવને દેખી રે-વિ૦ ૫

પદ-૬

થયું યુદ્ધ પરસ્પર ભારી રે, વર્ણવ્યું ન જાએ ભાઈ;
બહુ શસ્ત્ર અસ્ત્ર ભયકારી રે, વર્ણવ્યું ન જાએ ભાઈ. ૧
થાએ ગદા પ્રહાર તડાકા રે-વર્ણ૦ પડે વજ્રપાત કડાકા રે-વર્ણ૦ ૨
કંપ્યા નગ અવની સમુંદર રે-વર્ણ૦ ભાગ્યો સુર સહિત પુરંદર રે-વર્ણ૦ ૩
લઈ ચક્ર સુદર્શન શ્યામ રે-વર્ણ૦ કીધો અતિ દારુણ સંગ્રામ રે..વર્ણ૦ ૪
થયાં સહસ્ર વર્ષ યુદ્ધ કરતાં રે-વર્ણ૦ પ્રેમાનંદ કે દૈત્યનો મદ હરતા રે-વર્ણ૦ ૫

પદ-૭

પુરુષોત્તમ અંતરજામી રે, બોલ્યા જગપતિ વાલો;
પ્રભુ સર્વે કળાના સ્વામી રે, બોલ્યા જગપતિ વાલો...૧
એના વધનો ઉપાય વિચારી રે-બો૦ યુદ્ધ કર્તા તે આળસ્યા મોરારી રે-બો૦ ૨
આવ્યા બદ્રીવનમાંય શ્યામ રે-બો૦ ત્યાં સિંઘવતી ગુફા એ નામ રે-બો૦ ૩
તેનો બાર જોજન વિસ્તાર રે-બો૦ તેમાં નીસર્યાનું એક દ્વાર રે-બો૦ ૪
આવ્યા બિના સરીખા દયાલ રે-બો૦ પ્રેમાનંદ કે' ભક્ત પ્રતિપાળ રે-બો૦ ૫

પદ-૮

તે ગુફામાંહીં ગિરધારી રે, પોઢ્યા પરબ્રહ્મ પોતે;
ત્યાં રાગ ને દ્વેષ નિવારી રે, પોઢ્યા પરબ્રહ્મ પોતે...૧
દસ ઈન્દ્રિ ને મન કરી લીન રે-પો૦ નિજ સ્વરૂપ વિષે પ્રવીણ રે-પો૦ ૨
ક્ષણ માત્ર તે સર્વાધાર રે-પો૦ કીધી યોગનિદ્રા સ્વીકાર રે-પો૦ ૩
આવ્યો વાંસે અસુર તત્કાળ રે-પો૦ દુર્જય મુરુ નામે વ્યાળ રે-પો૦ ૪
તેને દેખીને પોતે મોરારી રે-પો૦ પ્રેમાનંદ કે' ક્રોધે થયા ભારી રે..પો૦ ૫

પદ-૯

ઢાળ : એકલડા કેમ રે'વાય, તમ વિના વાલાજી (ગરબી)

સાંભળજો સૌ હરિજન, એકાદશી જન્મી છે;
દશ ઈન્દ્રિ ને હરિનું મન, એકાદશી જન્મી છે..૧
થયું તેમાંથી તેજ અનુપ-એકા૦ નીસર્યું અતિ પાવન રૂપ-એકા૦ ૨
તે તેજમાંથી એક નારી-એકા૦ નીસરી શોભા તનું ધારી-એકા૦ ૩
અતિ દિવ્ય સોળે શણગાર-એકા૦ કોટિ કામ જાય બલિહાર-એકા૦ ૪
પેર્યાં ભૂષણ વસ્ત્ર અમૂલ-એકા૦ નહીં સૂર્ય ચંદ્ર તે તુલ-એકા૦ ૫
કર શસ્ત્ર લઈ વિકરાળ-એકા૦ પ્રેમાનંદ કે' અસુરનો કાળ-એકા૦ ૬

પદ-૧૦

તે જોઈને અસુરપતિ ઘોર, મોહ્યો મંદમતિ;
મુરુ નામે દૈત્ય કઠોર, મોહ્યો મંદમતિ...૧
બોલ્યો અસુર આતુર થઈ વેણ-મોહ્યો૦ તું કોણ છું સુંદર નેણ-મોહ્યો૦ ૨
તારે શું રે કરવાનું છે કાજ-મોહ્યો૦ મને કહોને મેલી લાજ-મોહ્યો૦ ૩
આંહીં આવ્યા કેમ બડ ભાગ્ય-મોહ્યો૦ તમે છો અતિ વરવા લાગ્ય-મોહ્યો૦ ૪
થયો નારી રૂપમાંહીં અંધ-મોહ્યો૦ પ્રેમાનંદ કે' મોહ વશ મંદ-મોહ્યો૦ ૫

પદ-૧૧

બોલી કન્યા તે મહારૂપ, વરશે તે મુજને;
હોય અતિ શૂરવીર જે ભૂપ, વરશે તે મુજને...૧
જે કરે યુદ્ધ મુજ સાથ-વરશે૦ મને જીતે તે હોયે નાથ-વરશે૦ ૨
ત્યારે બોલ્યો અસુર અભિમાની-વરશે૦ થયો કાળને વશ અજ્ઞાની-વરશે૦ ૩
હું જીતું તમને નારી-વરશે૦ તમે થાઓ તરુણી ત્યારી-વરશે૦ ૪
થયું યુદ્ધ પરસ્પર ભારી-વરશે૦ લીધું અસુરનું શીશ ઉતારી-વરશે૦ ૫
થયો નાશ અસુર સરદાર-વરશે૦ પ્રેમાનંદ કે' થયો જેજેકાર-વરશે૦ ૬

પદ-૧૨

પછી ઊઠ્યા તે સુંદર શ્યામ, જોયું નજર ભરી;
ઊભી સન્મુખ શોભાધામ, જોયું નજર ભરી...૧
એ કન્યા પરમ અનુપ-જોયું૦ કરે શસ્ત્ર અસ્ત્ર સુખરૂપ-જોયું૦ ૨
ઊભી કરજોડીને પાસ-જોયું૦ બહુ શોભા શીલ નિવાસ-જોયું૦ ૩
મુવો દીઠો અસુર વિકરાળ-જોયું૦ સુરનર મુનિનો એ કાળ-જોયું૦ ૪
થયા રાજી જક્ત આધાર-જોયું૦ ભલો મુવો અસુર ભૂભાર-જોયું૦ ૫
તે જોઈને અંતરજામી-જોયું૦ બોલ્યા પ્રેમાનંદનો સ્વામી-જોયું૦ ૬

પદ-૧૩

ઢાળ : લટકાળા તારે લટકે રે લેરખડા હું લોભાણી

તું કોણ છો સુંદર નારી રે, પૂછે પ્રભુજી પ્રીત કરી;
રહી આયુધ કરમાં ધારી રે, પૂછે પ્રભુજી પ્રીત કરી...૧
શું નામ કહો સમજાવી રે-પૂ૦ કોણ ગામ તું ક્યાંથી આવી રે-પૂ૦ ૨
કોણ માત-પિતા છે તારાં રે-પૂ૦ આવી કરવા કાજ અમારા રે-પૂ૦ ૩
આ અસુર માર્યો કેણે રે-પૂ૦ કહો અબળા સુંદર વેણે રે-પૂ૦ ૪
થઈ અજાણ્યા અવિનાશી રે-પૂ૦ પ્રેમાનંદ પૂછે સુખરાશી રે-પૂ૦ ૫

પદ-૧૪

બોલી કરજોડીને નારી રે, જાણો છો અંતરજામી;
હું તો દાસી છું નાથ તમારી રે, જાણો છો અંતરજામી...૧
તમે અજાણ્યા થઈ અલબેલા રે-જા૦ શું પૂછો રંગના રેલા રે-જા૦ ૨
દશ ઈંદ્રી તમારું મન રે-જા૦ હું થઈ તેમાંથી જીવન રે-જા૦ ૩
મારું નામ એકાદશી સ્વામી રે-જા૦ કરો દયા મુજ પર બહુનામી રે-જા૦ ૪
આ દૈત્ય મુવો એને પાપે રે-જા૦ પ્રેમાનંદના નાથ પ્રતાપે રે-જા૦ ૫

પદ-૧૫

રાજી થયાં રાજીવ લોચન રે, માગ માગ વર એમ બોલ્યા;
સુખસાગર ભવદુઃખમોચન રે, માગ માગ વર એમ બોલ્યા...૧
તું જે માગ તે હું આલું રે-માગ૦ મારે તમથી નથી કાંઈ વાલું રે-માગ૦ ૨
તેં મોટું કામ કર્યું મારું રે-માગ૦ શું કરું અબળા હું તારું રે-માગ૦ ૩
અબળા ઓશિયાળો હું તારો રે-માગ૦ હું હાર્યો દોર્યો તમારો રે-માગ૦ ૪
થયા ભક્તાધિન મોરારી રે-માગ૦ પ્રેમાનંદ નેણા પરવારી રે-માગ૦ ૫

પદ-૧૬

ઘો રાજી થઈ ઘનશ્યામ રે, એ વર માગું મોહનજી;
તમે આપો પૂરણકામ રે, એ વર માગું મોહનજી...૧
મને જાણી પોતાની દાસ રે-એ૦ આપો નિજ અંગમાંઈ નિવાસ રે-એ૦ ૨
મારાં નામરૂપ ચોવીસ રે-એ૦ તમે ચોવીસ રૂપ ધરી ઈશ રે-એ૦ ૩
મને વરો શ્યામ સુખદાઈ રે-એ૦ કરો ત્રિભુવનમાં છતરાઈ રે-એ૦ ૪
મારાં વ્રત ઉત્સવ ભુવનમાં રે-એ૦ પ્રેમાનંદ કે'વિસ્તારો જનમાં રે-એ૦ ૫

પદ-૧૭

ત્યારે હસી બોલ્યા ઘનશ્યામ રે, કિયે ઠેકાણે સાહેલી;
તને આપું રહ્યાનું ઠામ રે, કિયે ઠેકાણે સાહેલી...૧

કમળા રહે વક્ષ:સ્થળમાં રે-કિ૦ તુલસી રહે ચરણ કમળમાં રે-કિ૦ ૨
ચાર ભુજામાં ચાર આયુધ રે-કિ૦ શંખ ચક્ર ગદા પદ્મ શુદ્ધ રે-કિ૦ ૩
પ્રેમાનંદ કે' નાથ હસીને રે-કિ૦ રહો ચોવીસે અંગે વસીને રે-કિ૦ ૪

પદ-૧૮

વળી બોલ્યા કુંજવિહારી રે, રાજી થૈને રંગભીનો;
તું વાલી છો મને પ્યારી રે, રાજી થઈને રંગભીનો...૧
હું તો ચોવીસે રૂપ ધરીને રે-રા૦ તને વરીશ પ્રીત કરીને રે-રા૦ ૨
તારા વ્રત ઉત્સવ કરી પ્રીતે રે-રા૦ પ્રવર્તાવીશ વિધિ સહિત રે-રા૦ ૩
એમ વર દઈને ભગવાન રે-રા૦ પધાર્યા કૃપાનિધાન રે-રા૦ ૪
એમ એકાદશી અવતર્યા રે-રા૦ પ્રેમાનંદના વહાલાને વર્યા રે-રા૦ ૫

પદ-૧૯

ઢાળ : એકાદશી આજનો દિન સારો રે

એકાદશી આજ આવી અતિ સારી રે, એ છે પ્રભુ કેશવને પ્યારી.એકા૦ ટેક.
માગશર માસે અજવાળી રે, મોક્ષદા નામે તે રૂપાળી રે;
ગાએ સૌ હરિજન દઈ તાળી...એકા૦ ૧
જઈએ સાથે હાર ગુંથી હેલી રે, નારંગીનું ફળ માંયે મેલી રે;
પૂજીએ શ્રીકેશવને વે'લી...એકા૦ ૨
જમાડીએ સરસ તળ્યા લાડુ રે, થાએ બેની હૈયામાંહિ ટાઢું રે;
માનીશ ઘણું ઘણુ સપાડું...એકા૦ ૩
સાત ધાનની દક્ષિણા દૈએ રે, વાલાજીનાં વારણિયા લૈએ રે;
પ્રેમાનંદ કે' ચરણમાં રૈએ...એકા૦ ૪

પદ-૨૦

એકાદશી આનંદ ઉત્સવ આજ રે, સંકર્ષણ પૂજીએ મહારાજ..એકા૦ ટેક.
માગશર માસે અંધિયારી રે, સફલા નામે સુખકારી રે;
સંકર્ષણ પ્રભુને છે પ્યારી...એકા૦ ૧

INDEX

પૂજીએ સંકર્ષણ પ્રીતે રે, સુનંદા સહિત રસ રીતે રે;
આવી વસે અલબેલો ચિત્તે...એકા૦ ૨

માનની મળી મંગલ ગાવો રે, જામફળ પૂજામાંહિ લાવો રે;
અગસ્થિનાં પુષ્પ તે પે'રાવો..એકા૦ ૩

લાડુ લાખણસાઈ જમવાને રે, સારું સોનુ જોઈ દ્યો દાને રે;
પ્રેમાનંદ કેરા વાલાને...એકા૦ ૪

પદ-૨૧

વ્રત આજ એકાદશીનું રહીએ રે, મુખે નામ નારાયણ કહીએ..વ્રત૦ ટેક.

એકાદશી આનંદનું ધામ રે, અંજવાળી નંદા છે નામ રે;
પોષ માસે હવી પૂર્ણકામ...વ્રત૦ ૧

પૂજીએ નારાયણ પ્રેમે આજ રે, કમલા સહિત મહારાજ રે;
સુફળ થાશે તે સર્વે કાજ...વ્રત૦ ૨

પેરાવિએ કમળના હાર રે, અનૂપમ આપીએ અનાર રે;
ચરણે લાગીએ વારંવાર...વ્રત૦ ૩

તે દિ' જમાડો ચુરમું હરિને રે, પિરસો ઘી તે વાટકા ભરીને રે;
પ્રેમાનંદ કહે પ્રીતિએ કરીને રે..વ્રત૦ ૪

પદ-૨૨

એકાદશી આજ આવી આલી રે, વાસુદેવસ્વામીને છે વ્હાલી રે..એકા૦ટેક.

આવી પોષ માસે અંધિયારી રે, તિલદા નામે મંગલકારી રે;
કરો વ્રત હરિજન નરનારી..એકા૦ ૧

ગુલાબના હાર ગુંથો ભારી રે, લાવો ફળ દ્રાક્ષ સુધી સારી રે;
પૂજો વાસુદેવ પિયા પ્યારી...એકા૦ ૨

ઘણા સારા ઘેબર કરીને રે, જમાડો વાસુદેવ હરિને રે;
આવો લાગ ક્યારે આવે ફરીને..એકા૦ ૩

અમોલિક વસ્ત્ર તે મંગાવો રે, વાસુદેવ પ્રભુને પહેરાવો રે;
પ્રેમાનંદ સંગે લીજીએ લાવો.એકા૦ ૪

પદ-૨૩

ઢાળ : કોડે કોડે એકાદશી કીજીએ રે

આવી એકાદશી માઘ માસની રે;
જગ તારણી જયા પાપ નાશની રે..આવી૦ ૧

અજવાળી આવી સુખ આપવા રે;
વ્રત કરે તેના દુઃખ કાપવા રે..આવી૦ ૨

પુણ્યવંતી સફલ દુઃખ મોચની રે;
પ્રભુ માધવતણે મન રોચની રે..આવી૦ ૩

વ્રત કરીને પૂજીએ શ્રીહરિ રે;
લાવો પૂજા સામગ્રી પ્રેમે કરી રે..આવી૦ ૪

પૂજો નિત્યા સહિત માધવને રે;
પ્રેમાનંદ કે ઉતારે પાર ભવને રે..આવી૦ ૫

પદ-૨૪

આજ એકાદશી રંગરેલની રે;
નિત્યાસક્તિ માધવ અલબેલની રે..આજ૦ ૧

નિત્યારૂપે તે રૂક્મણિ જાણીએ રે;
માધવરૂપે શ્રીકૃષ્ણ મન આણીએ રે..આજ૦ ૨

એમ જાણીને પૂજીએ પ્રીતશું રે;
ઈષ્ટદેવને અતિ રસરીતશું રે..આજ૦ ૩

અંગે ચર્ચો ચંદન અલબેલને રે;
રંગભીના માધવ રંગરેલને રે..આજ૦ ૪

પૂજા કરીને પ્રાણ વારી નાખીએ રે;
પ્રેમાનંદ કે નેણામાં રાખીએ રે..આજ૦ ૫

પદ-૨૫

એકાદશી આનંદનો દન છે રે;
મારે માધવ પૂજ્યાનું મન છે રે..એકા૦ ૧
માધવ પૂજીને મનમાં હરખીએ રે;
જુગલરૂપ નેણા ભરી નિરખીએ રે..એકા૦ ૨
બોરસડીના હાર બહું બે'કતા રે;
પહેરાવું પ્યારાને ઉરે લેકતા રે..એકા૦ ૩
પ્રેમે પૂજા પ્રભુજીની કીજીએ રે;
અર્ઘ્યદાન બીજોરુ દીજીએ રે..એકા૦ ૪
મંગલ થાળ ભરીને લાવીએ રે;
પ્રેમાનંદના વાલાને વધાવીએ રે..એકા૦ ૫

પદ-૨૬

આજ આવી એકાદશી પાવની રે;
પ્રભુ માધવ તણે મન ભાવની રે..આજ૦ ૧
વ્રત કરી એકાદશી નાઈએ રે;
પ્રભુ માધવ તણા ગુણ ગાઈએ રે..આજ૦ ૨
આજ જમવા માધવને તેડીએ રે;
પધરાવી પ્રભુજીને મેડીએ રે..આજ૦ ૩
માંડા ઘીમાં બોળીને જમાડીએ રે;
રસરીતે માધવને રમાડીએ રે..આજ૦ ૪
જમાડીને તે તિલ દાન દીજીએ રે;
પ્રેમાનંદના પ્યારાને રાજી કીજીએ રે..આજ૦ ૫

પદ-૨૭

ઢાળ : ગોરસ લઈને ગોપીકા ચાલી વેચવા કાજે (ગરબી)

માઘ માસે એકાદશી આનંદમાં આવી;
હરિજન ગાએ હેતે કરી, સૌને મન ભાવી..૧

વિજયા નામે વલ્લભા, પક્ષે તે અંધિયારી;
પ્રદ્યુમન ભગવાનને છે, અતિ અતિ પ્યારી..૨

વ્રત કરી હરિ પૂજીએ, પ્રદ્યુમન પ્યારો,
વિધિ સહિત પધરાવીએ, શ્રીકૃષ્ણ દુલારો..૩

ધિરૂપે રુક્મણી પૂજીએ, કરી પ્રીત અભંગી;
પ્રદ્યુમન રૂપે પૂજીએ, કૃષ્ણ નવરંગી..૪

વ્રત કરી વર માગીએ, પ્રભુજીને પાસ;
પ્રેમાનંદના નાથજી, રહેજો ઉરમાં વાસ..૫

પદ-૨૮

આવી આજ એકાદશી, વિજયા છે નામ પૂજીએ;
પરમ સોહામણી, આજ સુંદર શ્યામ..૧

તુલસી પ્રથમ ચડાવીએ, પૂજીને આલી;
પ્રદ્યુમન ભગવાનને, એ છે ઘણી વાલી..૨

કેસર ચંદન ચર્ચીએ, હરિને સર્વે અંગે;
પુષ્પ તે વિવિધ પ્રકારના, પહેરાવો ઉમંગે..૩

અર્ઘ્ય આપો તે નાથને, ફલ દાન જંબીર;
ભૂષણ વસન પે'રાવીએ હરિને શ્યામ શરીર..૪

શ્રીફળ મેલી શ્યામને, પ્રેમે લાગીએ પાય;
પ્રેમાનંદના નાથને નિરખી દુઃખ જાય..૫

પદ-૨૯

પુણ્ય પવિત્ર એકાદશી, આવી મંગલકારી;
મંગલ ગાવો માનની, આજ ઉત્સવ ભારી..૧

આજ આનંદ મારે અંતરે, હૈયે હર્ષ ન માયે;
જીવન જમવા તેડીએ, જગજીવન રાએ..૨

પ્રીત કરીને જમાડીએ, સુંદર સુંવાળી;
વ્યંજન વિવિધ પ્રકારનાં, લાવો ભરી થાળી..૩

હરિવર જમે હેતમાં, નિરખીએ નેણે;
બોલ દઈને બોલાવીએ, રૂડે મીઠડે વેણે..૪
મુખવાસ લઈ આપીએ, પ્રભુને પાન બીડી;
પ્રેમાનંદના નાથને, ભેટો ભુજામાં ભીડી..૫

પદ-૩૦

આજ એકાદશી આવતા, થઈ આનંદની એલી;
પૂજ્યા પરમેશ્વર પ્રીત શું, પ્રેમમાં થઈ ઘેલી..૧
જીવન જુક્તે જમ્યા જીયા, કરી ભાવ ઘણેરો;
લીધો લાખેણો લાભને, સૈયર મેં તો આ ફેરો..૨
મંદિર પધાર્યા માવજી, કૃપા કરી મુજ માથે;
જીવન જગદાધારને, જમાડ્યા મેં હાથે..૩
દીધા અમોલિક દાનને, રસિયાજીને રીતે;
પાદુકા સુંદર શ્યામને, પહેરાવી મેં પ્રીતે..૪
જોડી કર વર માગિયો, નાથ રાખજ્યો શરણે;
પ્રેમાનંદના નાથજી, વાસ આપજ્યો ચરણે..૫

પદ-૩૧

રાગ : ગરબી

આવી છે ફાગણ માસે એકાદશી-આ૦ હરિજન તણે મનડે વશી-આ૦ ૧
અંજવાલી આનંદકારણી-આ૦ પાપિયાને પાર ઉતારણિ-આ૦ ૨
ધાત્રી નામે પાપમોચની-આ૦ ગરૂડગામી ગોવિંદ મનરોચની-આ૦ ૩
એકાદશી વ્રત કીજીએ-આ૦ આજ અલભ્ય લાભ લીજીએ-આ૦ ૪
એકાદશી વ્રત નાઈએ-આ૦ પ્રેમાનંદ કે ગોવિંદ ગુણ ગાઈએ-આ૦ ૫

પદ-૩૨

આનંદ આજ એકાદશી વ્રત આવતાં-આ૦ ગોવિંદ ગોવિંદ ગુણ ગાવતા-આ૦ ૧

પૂજીએ ગોવિંદ ગુણ ધામને-આ૦ ચંદ્રાવતી સહિત શ્રીશ્યામને-આ૦ ૨
ચંદ્રાવતી રૂપ તે રુક્મણિ-આ૦ ગોવિંદ રૂપે શ્રીકૃષ્ણ ધણી-આ૦ ૩
પૂજીએ જુગલ સુખરૂપને-આ૦ ઈષ્ટદેવ પરમ અનુપને-આ૦ ૪
પ્રીતે હરિને પધરાવીએ-આ૦ પ્રેમાનંદના વાલાને વધાવીએ-આ૦ ૫

પદ-૩૩

ઉત્સવ આજ એકાદશી વ્રત કરીએ-ઉ૦ હરિને મૂગટે ફૂલ ભરીએ-ઉ૦ ૧
ગુંથિહે ગુલાબ કેરા હારને-ઉ૦ પહેરાવીએ પ્રાણ આધારને-ઉ૦ ૨
અબીલ ગુલાલ ઉડાવીએ-ઉ૦ ઝાંઝ મૃદંગ ગાઈએ બજાઈએ-ઉ૦ ૩
અબખોડ આપીએ અર્ઘ્યદાનને-ઉ૦ પૂજીએ ગોવિંદ ગુણવાનને-ઉ૦ ૪
હરખીએ ગોવિંદ મૂખ જોઈને-ઉ૦ પ્રેમાનંદ કે પીજીએ ચરણ ધોઈને-ઉ૦ ૫

પદ-૩૪

ઘણું છે હૈયે હેતે હરિને જમાડીએ-ઘ૦ અંતરનાં તાપ સમાડીએ-ઘ૦ ૧
હરિને પધરાવું મારે ઓરડે-ઘ૦ ચંદન ચડાવું તન ગોરડે-ઘ૦ ૨
પીરસું કંસાર કરી પ્રીતશું-ઘ૦ ઘીમાં ચોળીને રૂડી રીતશું-ઘ૦ ૩
હરિને જમાડી સુખ લીજીએ-ઘ૦ તિલના પાત્ર તે ભરી દિજીએ-ઘ૦ ૪
પ્રેમાનંદનો નાથ ભેટવા-ઘ૦ દુઃખના દિવસ દૂર મેટવા-ઘ૦ ૫

પદ-૩૫

રાગ : ગરબી

આવી એકાદશી વ્રત સાર, હરિજન હેતે કરો વ્રત એહનું;
નેણે નિરખો જગ આધાર, પાતક પ્રલય થાશે દેહનું..ટેક.
આવી ફાગણ માસે એકાદશી, પાપમોચની પાવન નામ..હરિ૦
અંધિયારી અધમ ઓધારણી, જગતારણી પૂરણકામ..હરિ૦ ૧
એનું વ્રત કરી હરિ પૂજીએ, અનિરૂદ્ધ નામે અલબેલ..હરિ૦
સદા શોભે હરિ સંગ માનની, સુશીલા સતી રંગરેલ..હરિ૦ ૨

સુશીલારૂપે તે પૂજીએ રાણી, રુકમણી આનંદ ધામ..હરિ૦
અનિરુદ્ધ રૂપે શ્રીકૃષ્ણને, પૂજો પ્રેમાનંદનો શ્યામ..હરિ૦ ૩

પદ-૩૬

પૂજો રાજીવ નેણ રસાલ, ઉત્સવ એકાદશીનો કીજીએ;
પહેરાવીએ મોતીડાની માળ, હરિ મુખ નિરખીને સુખ લીજીએ..ટેક.
હરિને કેસર ચંદન ચરચીએ; પહેરાવીએ ડોલરિયાના હાર..ઉ૦
આપો હરખે તે ફળ લઈ કાકડી, લઈએ વારણાં વારંવાર..ઉ૦ ૧
પધરાવો પ્રીતમજીને ઓરડે, જમાડો જીવનને કરી સેવ..ઉ૦
આપો તિલદાન, ગૌદાન નાથને, જમાડીને દેવના દેવ..ઉ૦ ૨
કરી પ્રીત પાતળિયાને રાખીએ, નેણામાં શ્યામ સુજાણ..ઉ૦
પ્રેમાનંદ કે' નવલ છબી ઉપરે, વારી નાખીએ તન મન પ્રાણ..ઉ૦ ૩

પદ-૩૭

ઢાળ : સખી ગોકુળ ગામના ચોકમાં રે

ચૈત્ર માસે આવી એકાદશી રે, અંજવાળી છે વિમળા નામ;
રમારમણ વૈકુંઠ નાથજી રે..ટેક.
વળી કામદા નામ કહે એહને રે, આપે વાંછિત ફળ સુખધામ..રમા૦ ૧
નરનારી કરો વ્રત એહનું રે, પૂજો રમા સહિત મોરાર..રમા૦
પૂજા કરીએ પ્રભુની પ્રીતશું રે, વિધિ સહિત ષોડશ ઉપચાર..રમા૦ ૨
અર્ઘ્ય આપો ઉત્તમ ફળ ચીભડાં રે, પુષ્પ લાવો પૂજાને કાજ...રમા૦
આંબા મોર અનુપમ આણીએ રે, મંગલકારી બીજા સર્વે સાજ...રમા૦ ૩
પ્રેમે પૂજા કરીને જમાડીએ રે, લાડુ દળના કરીને સાર...રમા૦
પ્રેમાનંદ કે' મનોહર મૂર્તિ રે, રહો ઉરમાં અખંડ નિરધાર...રમા૦ ૪

પદ-૩૮

આનંદકારી એકાદશી આવતા રે, આનંદ વાધ્યો અખંડ ઉરમાંય;
રમાકાંત રસિકવર પૂજીએ રે..ટેક.

આજ ઉત્સવ કરી આનંદમાં રે, નેણે નિરખો શ્રીવૈકુંઠરાય..રમા૦ ૧
ગુણ ગાઈએ રમા રણછોડના રે, ઝાંઝ મૃદંગ લઈ કરતાલ..રમા૦
ધૂપ દિપ મંગલમય આરતી રે, કરીએ વિનંતીએ વચન રસાળ..રમા૦ ૨
રમારૂપે તે પૂજીએ રુકમણિ રે, વિષ્ણુરૂપે શ્રીકૃષ્ણ કરતાર..રમા૦
રૂપ જુગલને રાખી ઉરમાં રે, ઉતરીએ તુરત ભવપાર..રમા૦ ૩
લઈ સર્વસ્વ સોપીએ શ્યામને રે, તન મન ધન વારીએ પ્રાણ..રમા૦
પ્રેમાનંદ કે' મન કર્મ વચને રે, થઈ રહીએ વાલાના વેચાણ..રમા૦ ૩

પદ-૩૯

પુરુષોત્તમ પ્રભુની એકાદશી રે, અવરુથની નામે નિષ્પાપ;
આજ આવી આનંદ ઓઘ વાળવા રે..ટેક.
એવા વ્રત કરે જે માનવી રે, તેના તરત ટાળે ભવ તાપ..આજ૦ ૧
ચૈત્ર માસે આવી જન તારવા રે, કૃષ્ણ પક્ષે કરવાને કલ્યાણ..આજ૦
કલ્યાણકારી કલીમેં એકાદશી રે, એમ ભાખે શ્રીવેદ પુરાણ..આજ૦ ૨
પૂજો પુરષોત્તમને પ્રીતશું રે, નંદાશક્તિ સહિત ભગવાન..આજ૦
નંદારૂપે તે રુકમણી પૂજીએ રે, પુરુષોત્તમ કૃષ્ણ ગુણવાન..આજ૦ ૩
ગુણ ગાઈએ જુગલ સુખરૂપના રે, ઉરમાંહી રાખીએ આઠો જામ..આજ૦
પ્રેમાનંદનો સ્વામી કૃપા કરે રે, આપે ભક્તિ અખંડ નિષ્કામ..આજ૦ ૪

પદ-૪૦

ભલે આવી એકાદશી આજની રે, મારે આનંદ ઉરમાં ન માય;
પુરુષોત્તમ પ્રભુને પૂજીએ રે..ટેક.
જેનો મહિમા વખાણે મહામુનિ રે, શેષ શારદા નિગમ નેતિ ગાય..પુરુ૦ ૧
કેસર ચંદન ચરચીએ પ્રીતશું રે, પહેરાવીએ ચંપાના હાર..પુરુ૦
અલંકાર પહેરાવીએ ઓપતા રે, અર્ઘ્ય આપીએ જાયફળ સાર..પુરુ૦ ૨
વડા કરીએ વાલાજીને કારણે રે, જમાડીએ જીવન કરી પ્રીત..પુરુ૦
મુખવાસે મનોહર એલચી રે, આપીએ ચરણે ધરી શીશ..પુરુ૦ ૩

જમાડીએ શ્રી જાદવરાયને રે, આપો ઉત્તમ પૃથ્વીના દાન..પુરુ૦
પ્રેમાનંદનો સ્વામી આજ શ્રીહરિ રે, થાઓ પ્રસન્ન પ્રગટ ભગવાન.પુરુ૦ ૪

પદ-૪૧

ઢાળ : વા'લા રમઝમ કરતાં કાન મારે ઘેર આવો રે

ધન્ય ધન્ય એકાદશી આજની, ભલે આવી રે;
મધુસુદન શ્રીમહારાજની, ભલે આવી રે...૧
અલબેલી આનંદધામ છે-ભલે૦ મનોહર મોહની નામ છે-ભલે૦ ૨
અતિ પાવન મંગલરૂપ છે-ભલે૦ એવી એકાદશી આ અનુપ છે-ભલે૦ ૩
વૈશાખે વિશ્વ ઓધારણી છે-ભલે૦ આ અવસર ભવદુઃખતારણી છે-ભલે૦ ૪
કરો ઉત્સવ અતિ આનંદમાં છે-ભલે૦ ચિત્ત રાખો કરુણાકંદમાં છે-ભલે૦ ૫
વળી મધુસુદન શ્યામને છે-ભલે૦ પ્રેમાનંદ કે' વારીએ નામને છે-ભલે૦ ૬

પદ-૪૨

એકાદશી ઉત્સવ આવતા, મન હરખ્યું રે;
હેતે હરિના ગુણ ગાવતા, મન હરખ્યું રે...૧
પૂજા કરવા તે સુખધામની-મન૦ માધવી મધુસુદન શ્યામની-મન૦ ૨
ઉર હાર પેરાવું લે'કતા-મન૦ ડોલરિયાના બહું બે'કતા-મન૦ ૩
અર્ઘ્યે ફણસનું ફળ આપવા-મન૦ નિરખીને દુઃખડા કાપવા-મન૦ ૪
કરી બિરંજ જમાડવા કાનને-મન૦ દેવા સેજલડીના દાનને-મન૦ ૫
હરિ મૂર્તિ અંતરમાં ધારવા-મન૦ પ્રેમાનંદ કે' કારજ સારવા-મન૦ ૬

પદ-૪૩

આવો હરિજન હરિરસ પીજીએ, સુખદાયી રે;
એકાદશીનો ઉત્સવ કીજીએ, સુખદાયી રે...૧
આ દુર્લભ અવસર આવિયો-સુખ૦ સાચો સત્સંગ તે સમજાવિયો-સુખ૦ ૨
અપરા નામે એકાદશી-સુખ૦ ભલે આવી નહિ ચિંતા કશી-સુખ૦ ૩

વૈશાખ માસે વાયરો આપવા-સુખ૦ ભલે આવી દુઃખ કાપવા-સુખ૦ ૪
આવી કૃષ્ણપક્ષે કામની-સુખ૦ અધોક્ષજને વાલી ભામની-સુખ૦ ૫
ત્રઈ સહિત અધોક્ષજ અર્ચીએ-સુખ૦ પ્રેમાનંદ કે દોલત ખર્ચીએ-સુખ૦ ૬

પદ-૪૪

મારે સુફળ આજની એકાદશી , હરિ પૂજીએ રે;
હરિ મૂર્તિ અંતરમાં વસી, હરિ પૂજીએ રે...૧
મેં તો અર્ઘ્ય આપી બહુ ફળી-હરિ૦ મારે ચિંતા તે સર્વે ટળી-હરિ૦ ૨
મેં તો પુષ્પ ચડાવ્યા કેતકી-હરિ૦ મારે બીક મટી ભૂત પ્રેતકી-હરિ૦ ૩
મેં તો મંદિર રાખ્યા રાત સખી-હરિ૦ જમાડ્યા દૂધ ને ભાત સખી-હરિ૦ ૪
મેં તો આપી ધેનું આવતી-હરિ૦ વળી વાછડિયું નાની ધાવતી-હરિ૦ ૫
દક્ષિણા દીધી હરિ કારણે-હરિ૦ પ્રેમાનંદ તો જાયે વારણે-હરિ૦ ૬

પદ-૪૫

ઢાળ : ગોપીનાથ આવો મારે ઓરડે

ધન્ય ધન્ય એકાદશી આજની, ભલે આવી રે જગ તારણહાર..ધન્ય૦ ૧
જેઠ માસે આવી જન તારવા, ઉતારવા રે ભવ સિંધુ અપાર...ધન્ય૦ ૨
આવી અધમ ઉધારવા કારણે, અંજવાળી રે નિર્જળા છે નામ...ધન્ય૦ ૩
તપરૂપ પ્રિય તપ પાવની, ત્રિવિક્રમને રે વાલી સુખધામ...ધન્ય૦ ૪
આજ એકાદશી વ્રત કીજીએ, પ્રીતે પૂજીએ રે ત્રિવિક્રમનાથ...ધન્ય૦ ૫
કાજુ કનક સિંહાસન ઉપરે, પદ્માક્ષિતે રે શોભે હરિ સાથ...ધન્ય૦ ૬
પદ્માક્ષિતે રુક્મણી જાણીએ, ત્રિવિક્રમ રે રૂપે કૃષ્ણ મોરાર...ધન્ય૦ ૭
પ્રેમાનંદ જુગલ છબી ઉપરે, લઈ વારું રે પ્રાણ વારંવાર...ધન્ય૦ ૮

પદ-૪૬

ધન્ય ધન્ય દિવસ ઘડી આજની, એકાદશી રે આવી આનંદરૂપ..ધન્ય૦ ૧
મારા નેણા શિતલ જોઈ શ્યામને, ત્રિવિક્રમ રે પ્રભુ પરમ અનુપ..ધન્ય૦ ૨

આજ આનંદ ઉત્સવ કીજીએ, જોઈ રીઝિએ ત્રિવિક્રમ શ્યામ..ધન્ય૦ ૩
ઘસી કેસર ચંદને પૂજીએ, સુખદાયક રે વાલો મંગલધામ..ધન્ય૦ ૪
ભરી મોતીના થાળે વધાવીએ, પહેરાવીએ રે ગૂંથી જૂઈના હાર..ધન્ય૦ ૫
મેલી ફળ આંબા કેરી આગળે, પાયે લાગીએ રે બેની વારંવાર..ધન્ય૦ ૬
દહીં ભાત જમાડીએ નાથને, મુખવાસ રે દીજીએ બીડીપાન..ધન્ય૦ ૭
પ્રેમાનંદ કે પ્રીતે કરી આપીએ, અમોલીક રે છત્ર કેરા દાન..ધન્ય૦ ૮

પદ-૪૭

ધન્ય આજ ઉત્સવ મારે આંગણે, એકાદશી રે ધન્ય આજનો દન..આજ૦ ૧
નેણા ભરી હરિવર નિરખતા, થયા પ્રફુલ્લિત રે હરિજનના મન..આજ૦ ૨
આજ એકાદશી જેષ્ઠમાસની, ઉપવાસીને રે આવી કરવા આનંદ..આજ૦ ૩
અંધારણી અધમ ઉધારણી, ભલે આવી રે કાપવા ભવ ફંદ..આજ૦ ૪
જોગી મુનિના જશ વિસ્તારવા, નામ જોગીણી રે આવી જોગનિધાન.આજ૦ ૫
આવી પાપીને પાર ઉતારવા, પ્રભુ નૃસિંહને રે વાલી ગુણવાન..આજ૦ ૬
આજ વ્રત કરી હરિ પૂજીએ રે, શક્તિ સહિત દયાળ..આજ૦ ૭
નૃસિંહરૂપે તે દીનાનાથજી, પ્રેમાનંદનો રે પ્રભુ પરમ કૃપાળ..આજ૦ ૮

પદ-૪૮

મારે આજ આનંદ ઘણો અંગમાં, અતિ ઉમંગે રે પૂજીએ ભગવાન.આજ૦ ૧
આજ એકાદશી વ્રત નાઈએ, મુખે ગાઈએ રે હરિના ગુણગાન..આજ૦ ૨
હરિને શક્તિ સહિત પધરાવીએ, નવરંગી રે પ્રભુ નૃસિંહનાથ..આજ૦ ૩
ભૂંગારરાજના હાર પે'રાવીએ, ભક્તિ સહિત રે જોડીને બેઉ હાથ..આજ૦ ૪
જાંબુ ફળ અમોલીક આણિએ, લઈ આપીએ રે પ્રભુને અર્ધ્યદાન..આજ૦ ૫
પેંડા કરી નૈવેદ્ય જમાડીએ, જમે જીવન રે વાલો કૃપાનિધાન..આજ૦ ૬
દીજે દાન જમાડી નાથને, જળ ધેનું રે શણગારીને સાર..આજ૦ ૭
નાથ નીરખી નેણાં મારા ઠરિયા, પ્રેમાનંદનો રે વાલો અધમ ઓધાર..આજ૦ ૮

પદ-૪૯

ઢાળ : આવો અળવીલા અલબેલ મંદિરિએ મારે (ગરબી)

અષાઢે આનંદરૂપ એકાદશી આવી;
અજવાળી પરમ અનુપ, હરિજનને ભાવી...ટેક.
શયનીનામ સદા સુખકારી;
હારે પ્રભુ વામનને અતિ પ્યારી રે..એકા૦ ૧
આનંદ ઉત્સવ કરીએ રે સજની;
હારે ગાઈયે હરિગુણ દિવસને રજની રે..એકા૦ ૨
શયનીનો દિવસ આજ અતિ સારો;
હારે વ્રત રાખી સર્વે નેમ ધારો રે..એકા૦ ૩
પૂજીએ વામન વ્રત કરીને;
હારે પ્રેમાનંદ કે ચિત્ત ધારીને રે..એકા૦ ૪

પદ-૫૦

આવી શયની એકાદશી આજ આનંદનું ધામ;
બલિ દ્વારે શ્રીમહારાજ,પોઢ્યા વામનજી શ્યામ..ટેક.
સૈયર આજ ઉત્સવ અતિ ભારી;
હારે પૂજો વામન કમલા પ્યારી રે...આજ૦ ૧
કમલારૂપે રુક્મણી રાણી;
હારે વામનરૂપે શ્રીસારંગપાણી રે...આજ૦ ૨
પૂજીએ રૂપ જુગલ સુખદાઈ;
હારે ભક્તિ સહિત કૃષ્ણ ગુણ ગાઈએ રે...આજ૦ ૩
પ્રેમાનંદ કહે પૂજીએ હરિને;
હારે નહિ આવીએ ભમવા ફરીને રે...આજ૦ ૪

પદ-૫૧

મારે વ્રત કર્યાનો કોડ,
એકાદશી રહીએ પૂજુ કમલા વામન જોડ...ટેક.

હેત ઘણું હૈયે પ્રીત કરી પધરાવું હરિને;
હારે લાવું મંગલ થાળ ભરીને રે...એકા૦ ૧
કેસર ચંદન ચર્ચુ હું પ્રીતે;
હારે કમલાવરને અતિ રસ રીતે રે...એકા૦ ૨
ઉત્તમ ફુલ અઘેડાનાં લાવું;
હારે ગૂંથી હાર હરિને પહેરાવું રે...એકા૦ ૩
પ્રેમાનંદના નાથને પ્યારા;
હારે અર્ઘ્યદાન દીજે શ્રીફળ સારા રે...એકા૦ ૪

પદ-૫૨

આવી શયની એકાદશી શાંત;
વામનને વાલી જમાડીએ કમલાકાંત...ટેક.
પ્રીત કરી આલી પુરી નૈવેદ્ય કરું સુખસારી,
હાં રે જમે પ્રીતમ કમલા પ્યારી રે...વામ૦ ૧
હરિવર જમે હૈયે હરખું,
હાં રે વા ઢોળું વાલાને નીરખું રે...વામ૦ ૨
સોનામાં શણગારીને ધેનું,
હાં રે દીજે દાન જમાડીને તેનું રે...વામ૦ ૩
પ્રેમાનંદના નાથને હેલી,
હાં રે ચરણે રહીએ ખોળે શિર મેલી રે..વામ૦ ૪

પદ-૫૩

ઢાળ : ગોકુલથી ગીરધર રે મથુરા જાઈ રહ્યા (ગરબી)

આજ અનોપમ રે, એકાદશી આનંદકારી;
છે પુણ્ય પવિત્ર રે, પ્રભુ અચ્યુતને પ્યારી...ટેક.
તે આવી અષાઢે રે, અંધારી આનંદધામ;
વ્રત કરીને ગાઈયે રે, કામીકા પાવન નામ...૧

ઉત્સવ અતિ કરીએ રે, અચ્યુતનો આનંદ આજ;
વિજયા સહિત રે, પૂજીએ શ્રીમહારાજ...૨
વિજયા સ્વરૂપ રે, રુકમણિ પૂજો પ્રીતે;
અચ્યુત સ્વરૂપે રે, શ્રીકૃષ્ણ સમરો નિત્યે...૩
પ્રેમાનંદનો વાલો રે, રુકમણિ રમણ મોરારી;
પ્રીતે શું પૂજી રે, અંતરમાં લીજે ધારી...૪

પદ-૫૪

આજ અગિયારસ રે હૈડે હરખ ન માંય;
પ્રીતે પધરાવું રે મંદિરમાં જાદવરાય...ટેક.
કેશર ચંદન લઈ રે અંગે ચરચું હરિને;
હાર પે'રાવું રે પુષ્પના પ્રીતે કરીને...૧
અર્ઘ્ય હું આપું રે બીલીના ફળ બહુ ગમતાં;
નેણે નિરખું નટવર રે પ્રભુજી જમતાં રમતાં...૨
જીવન જમાડું રે સુંદર હરિને કરી ખાજા;
રાખું મંદિરમાં રે પ્રીતમ કરી વાના ઝાઝાં...૩
દિજે દાન અતિ સુંદર રે દંપતીના વસ્ત્ર ઉતારી;
પ્રેમાનંદના વાલા રે ઉપર જાઉ બલહારી...૪

પદ-૫૫

શ્રાવણ માસે રે અજવાળી આનંદધામ;
પુણ્ય પવિત્ર રે પુત્રદા પાવન નામ...૧
આજ અનોપમ રે ઉત્સવ કરીએ સુખદાઈ;
વ્રત કરી પૂજીએ રે શ્રીધરના ગુણડા ગાઈ...૨
પ્રીતે પધરાવું રે શ્રીધરજી સુખ જાણી;
સુનંદ કહે છે રે શ્રીધર તે સારંગપાણી...૩
મારે મનડે વસિયા રે, શ્રીધરજી શામ સલુણો;
તેનો પ્રેમાનંદને રે કે આનંદ ઉર ઘણો...૪

પદ-૫૬

વળી પ્રીત કરીને રે કેશર ચંદન ઘસી લાવું,
ગુંથીને સુંદર રે કમળના હાર પેરાવું...૧
જીવન જમાડું રે કરી માલપુવા મનગમતા,
નેણાં ભરી નિરખું રે શ્રીધરને જમતા જમતા...૨
આપું અર્ઘ્ય સીતાફળ રે અતિ સુંદર સારા,
રીઝે રસિયોજી રે શ્રીધર પ્રભુ નાથ અમારા...૩
જીવન જમાડું રે દિજે ચાંખડિયું દાન,
પ્રેમાનંદનો સ્વામી રે પોતે પેરે શ્રીભગવાન...૪

પદ-૫૭

ઢાળ : હાંરે મારે આજ પ્રીતમ ઘેર આવશે

હાંરે ધન્ય ધન્ય એકાદશી આજની;
હારે આવી જનાર્દન શ્રીમહારાજની જીરે...ધન્ય૦ ૧
હારે આવી શ્રાવણ માસે સુખ આપવા;
હારે આવી કૃષ્ણપક્ષે દુઃખ કાપવા જીરે...ધન્ય૦ ૨
હારે અજા નામે આવી એકાદશી;
હારે જનાર્દન પ્રભુને મનડે વશી જીરે...ધન્ય૦ ૩
હારે આજ આનંદ ઉત્સવ કીજીએ;
હારે પ્રેમાનંદ કે' હરિ ઉરે લીજીએ જીરે...ધન્ય૦ ૪

પદ-૫૮

હારે આવી એકાદશી આનંદની;
હારે જનાર્દન પ્રભુ સુખકંદની જીરે...આવી૦ ૧
હારે આજ એકાદશી વ્રત નાઈએ;
હારે કરી ઉત્સવ હરિ ગુણ ગાઈએ જીરે...આવી૦ ૨
હારે અગર ચંદને તે ઓરડા લીપાવીએ;
હારે રૂડા મોતીના ચોક પુરાવીએ જીરે...આવી૦ ૩

હારે રૂડા તોરણ બંધાવીએ બારણે;
હારે પ્રેમાનંદના સ્વામીને કારણે જીરે...આવી૦ ૪

પદ-૫૯

હારે આજ એકાદશીનો દન છે;
હારે મારે પ્રભુ પુજ્યાનું મન છે જીરે...આજ૦ ૧
હારે પધરાવું પ્રભુજીને પ્રીતશું,
હારે સતી સુંદરી સહિત રૂડી રીતશું જીરે...આજ૦ ૨
હારે કેસર-ચંદન ચર્ચીને વધાવીએ,
હારે હાર સુંદર સેંણીના પેરાવીએ જીરે...આજ૦ ૩
હારે પાયે લાગીએ જોડી બેઉ હાથને,
હારે પ્રેમાનંદ કે' જનાર્દન નાથને જીરે...આજ૦ ૪

પદ-૬૦

હારે આજ આનંદ ઘણો મારા અંગમાં;
હારે મેં તો નોંતર્યા પ્રભુજી ઉમંગમાં જીરે...આજ૦ ૧
હારે અર્ઘ્ય આપીએ સોપારી વાંકડી;
હારે પાયે લાગી પેરાવીને ચાંખડી જીરે...આજ૦ ૨
હારે હું તો હેતે કરી હરિને વરી;
હારે થઈ મન ક્રમ વચને કરી જીરે...આજ૦ ૩
હારે પ્રેમાનંદ કે' જમાડી દીધા દાનને;
હારે ભેંસ આપી દુઝણી ભગવાનને જીરે...આજ૦ ૪

પદ-૬૧

ઢાળ : વાલા રમઝમ કરતા કાન મારે ઘેર આવો રે

આવી એકાદશી વ્રતસાર કોડે કોડે કરીએ રે;
ગુણ ગાઈએ કરી અતિ પ્યાર, ભવસાગર તરીએ રે...૧
આવી ભાદરવે ભરપુર કે આનંદકારી રે;
આવી કરવા પાતક દૂર કે ઉત્સવ ભારી રે...૨

અજવાળી છે આનંદરૂપ એકાદશી આવી રે;
એનું પદ્મા નામ અનુપ, હરિ મન ભાવી રે...૩
એના દેવ તે શ્રીઋષિકેશ, સુંદરવર છેલો રે;
પ્રેમાનંદ કે નટવર વેશ, ભજો નંદલાલો રે...૪

પદ-૬૨

મારે આનંદ અંગ ન માય, હરિ મુખ નિરખી રે;
મારે આંગણે ઉત્સવ થાય, રહી હું તો હરખી રે...૧
હું તો પૂજું ઋષિકેશ મીત, કે આનંદ કરતા રે;
અપરાજીતા શક્તિ સહિત, ભવદુઃખ હરવા રે...૨
લાવું કાંશ પુષ્પ અતિસાર, વાલાને વધાવા રે;
ગુંથી ઉજવલ સુંદર હાર, હરિને પેરાવા રે...૩
પધરાવું મંદિરમાંય, કે પ્રીત કરીને રે;
પ્રેમાનંદ તે આગે ગાય, કે નૃત્ય કરીને રે...૪

પદ-૬૩

મારે ઘણા રે દીવસનો કોડ, પ્રભુ પધરાવું રે;
હરિ જુગલ મનોહર જોડ, મોતીડે વધાવું રે...૧
હરિને ચર્ચુ ચંદન ખોર, કે શ્યામ શરીરે રે;
નિરખું જેમ ચંદ ચકોર, પ્રોવું ચિત્ત ધીરે રે...૨
જમાડું જીવન કરી થાળ, માણિગર માવાને;
તલસાંકળી પરમ રસાળ, રુચી ઉપજાવાને...૩
પાણી કનક કટોરે પાઉં, કે પ્રીતમ પ્યારાને;
પ્રેમાનંદ કે પ્રાણવારી જાઉં, આંખડલીના તારાને..૪

પદ-૬૪

ભલે આવી એકાદશી આજ, વાલાને વધાવા રે;
મારા સરિયાં સર્વે કાજ, મંદીર પધરાવા રે...૧

મેં તો અર્ઘ્ય આપ્યું અતિસાર, કાશી ફળ જોઈ રે;
લગી ચર્ણે તે વારમવાર, રૂપ જોઈ મોઈ રે...૨
જમાડીને જગનો આધાર, કરી દક્ષિણા વિધિ રે;
આપી બ્રહ્મપુરી સુખસાર, હરિએ હસી લીધી રે...૩
મારા પુન્યતણો કાંઈ પાર, કહ્યામાં નાવે રે;
હું તો ભેટી ભાવે મોરાર, પ્રેમાનંદ ગાવે રે...૪

પદ-૬૫

ઢાળ : રાસ રચ્યો નંદલાલ સખી જમુનાજીને આરે (ગરબી)

સખી એકાદશી વ્રતસાર, આવી આજ ભાદ્દુર માસે...સખી૦ ટેક.
ભાદ્દુર માસે આ એકાદશી, હરિજન રહો ઉપવાસે;
ગોવિંદના ગુણ ગાઓ રટો મુખે, શ્રીહરિ શ્વાસોશ્વાસે રે..આવી૦ ૧
ઈંદિરા નામે આવી એકાદશી, નામ લેતાં પાપ નાશે;
ગાયેં ઉપેંદ્ર હરિ અલબેલો, હરખ ભર્યા ઉલ્લાસે રે..આવી૦ ૨
કૃષ્ણપક્ષની કરો એકાદશી, જે જે ધારો તે થાશે;
અખંડ રહે મન હરિના ચરણમાં, રાખો એવી મન આશે રે..આવી૦ ૩
સર્વે સખી મળી ચાલો આપણે, પ્રીતમજીને પાસે;
પ્રેમાનંદના નાથને નિરખી, દુઃખ સર્વે દુર જાશે રે..આવી૦ ૪

પદ-૬૬

ઉત્સવ કરીએ આજ સખી, એકાદશી આવી...ઉત્સવ૦ ટેક.
આજ આનંદ ઘણો મારા મનમાં, પૂજું હરિ પધરાવી;
શુભગા સહિત ઉપેંદ્ર વધાવું, મોતીના થાળ મંગાવી રે..એકા૦ ૧
કેશર ચંદન પુષ્પ મનોહર, હિંડોળા ડોલાવું મન ભાવી;
શુભગા સહિત ઉપેંદ્ર પ્રભુને, પૂજું પ્રીત ઉર લાવી રે..એકા૦ ૨
પ્રીતે જમાડું પ્રીતમજીને, જલેબી સરસ બનાવી;
પ્રેમાનંદ કે' આગે હું ગાવું, તાલ મૃદંગ બજાવી રે..એકા૦ ૩

પદ-૬૭

આનંદનો દન આજ, એકાદશીમાઈએ...આનંદ૦ ટેક.
આજ આનંદે એકાદશી કરીએ, પ્રીતે હરિ ગુણ ગાઈએ;
નિરખી ઉપેન્દ્ર મનોહર છેલો, ચરણકમળ ચિત્ત લાઈએ રે..એકા૦ ૧
અગર ચંદનની ગાર કરીને, ઓરડિયા લીપાઈએ;
તોરણિયા બાંધી દ્વાર મનોહર, મોતીડે મંડપ છાઈએ રે..એકા૦ ૨
આનંદકારી ઉપેન્દ્ર વાલાને, મંદિરમાં પધરાઈએ;
અર્ઘ્ય આપી આમળા સુંદર, પૂજીને પાવન થાઈએ રે..એકા૦ ૩
શુભગા ઉપેન્દ્રની જોડ મનોહર, નિરખીને હરખાઈએ;
પ્રેમાનંદકે મન કર્મ વચને, હાથે વાલાને વેંચાઈએ રે..એકા૦ ૪

પદ-૬૮

એકાદશી પુણ્યરૂપ, આવી આજ આનંદકારી...એકા૦ ટેક.
આનંદકારી આવી એકાદશી, વ્રત કરો નરનારી;
પૂજીએ આજ ઉપેંદ્ર લાડિલો, સુંદરવર સુખકારી રે..આવી૦ ૧
શુભગા નામે પૂજીએ પ્રીતે, રુકમણિ રાજકુમારી;
રૂપ ઉપેન્દ્ર શ્યામ ધન સુંદર, કેશવ કુંજ વિહારી રે..આવી૦ ૨
પૂજીએ પ્રીતે જમાડીએ જીવન, દીજીએ દાન વિચારી;
કન્યાદાન અનોપમ આપી, તન મન નાખીએ વારી રે..આવી૦ ૩
ચંદન ચર્ચી હાર પે'રાવી, આરતી શુભગ ઉતારી;
પ્રેમાનંદના નાથને મળીએ, લોક લાજ ભય ટારી રે..આવી૦ ૪

પદ-૬૯

ઢાળ : આજ ગઈતી હું તો જમુનાના પાણી માથે (માલીંગડો)

આજ અનુપમ ઉત્સવ સજની, આવ્યો આનંદકારી રે;
આવી આજ એકાદશી નૌતમ, વ્રત કરો નરનારી રે...આજ૦ ૧
આસો માસે આવી એકાદશી, થયા રાજી વ્રતધારી રે;
પૂજીએ પદ્મનાભ પુરુષોત્તમ, મંગલમૂળ મોરારી રે...આજ૦ ૨

આસો માસે આવી અલબેલી, એકાદશી આનંદકારી રે;
પાશાંકુશા નામ અતિ સુંદર, પદ્મનાભને પ્યારી રે...આજ૦ ૩
પૂજીએ પુણ્યરૂપ અલબેલો, પદ્મનાભ ભયહારી રે;
પ્રેમાનંદ કહે પ્રાણ જીવન પર, તન મન નાખીએ વારી રે...આજ૦ ૪

પદ-૭૦

આજ એકાદશી આનંદનો દન, પ્રીતે હરિગુણ ગાઈએ રે;
પદ્મવતી સહિત મંદીરમાં, પદ્મનાભ પધરાઈએ રે...આજ૦ ૧
મંગલ ધુપ દિપ મણિ મુક્તા, મંગલ ચોક પુરાઈએ રે;
ચંદન પુષ્પ તે મંગલકારી, શમી પત્ર શુભ લાઈએ રે...આજ૦ ૨
પૂજીએ પદ્મનાભ સુંદરવર, નિરખીને પાવન થાઈએ રે;
આપીએ અર્ઘ્ય મીંઢળ અનુપમ, મોતીડેથી વધાઈએ રે...આજ૦ ૩
ગાઈએ ગુણ બેસીને આગે, તાલ મૃદંગ બજાઈએ રે;
પ્રેમાનંદ કે નિરખી નાથને, આ ભવે ફેર ન આઈયે રે...આજ૦ ૪

પદ-૭૧

આવી આજ એકાદશી ઉત્તમ, હરિજનને મન ભાવી રે;
કરીએ આજ અનુપમ ઉત્સવ, તાલ મૃદંગ બજાવી રે...આવી૦ ૧
પદ્મનાભ રૂપે પૂજીએ, કૃષ્ણ કમળદળ લોચન રે;
પદ્મવતી રૂપે પૂજીએ, રુકમણિ ભવ દુઃખ મોચન રે...આવી૦ ૨
પૂજીને જમાડીએ જીવનને, હરિસો થાળ ભરીને રે;
દૂધ ને સાકર કનક કટોરે, પાઉં પ્રીત કરીને રે...આવી૦ ૩
મુખવાસ આપું સુંદર મન, મોહન પાનબીડી બનાવી રે;
પ્રેમાનંદના નાથને લાડુ, દીજે દાન બોલાવી રે...આવી૦ ૪

પદ-૭૨

ધન્ય ધન્ય આજ એકાદશી આવી, આનંદ અંગન માય રે;
ઓસરીએ બેઠા અવિનાશી, આંગણે ઉત્સવ થાય રે...ધન્ય૦ ૧

નિરખી મુખ શ્રીકૃષ્ણ ચંદ્રનું, હરિજન રહ્યા હરખી રે;
ગાયે ગુણ ગોપીજન પ્રીતે, મગન મોહન મુખ નિરખી રે...ધન્ય૦ ૨
શુક નારદ સનકાદિક સરખા, મુનિવર જોવા આવ્યા રે;
નંદનો કુંવર જશોદાનો જીવન, મુનિવરને મન ભાવ્યા રે...ધન્ય૦ ૩
આજ મારા ભાગ્ય કહ્યામાં નાવે, નિગમ પુરાણ વખાણે રે;
ભલે મળ્યા પ્રેમાનંદનો સ્વામી, મોહનવર આ ટાણે રે...ધન્ય૦ ૪

પદ-૭૩

ઢાળ : હાંરે મારે આજ પ્રીતમ ઘેર આવશે

હારે આજ એકાદશી આનંદની,
હારે ભલે આવી હરિ સુખકંદની જીરે...આજ૦ ૧
હારે આવી આસો માસે જન તારણી;
હારે રમા નામે જગત ઓધારણી જીરે...આજ૦ ૨
હારે આવી કૃષ્ણ પક્ષે પાપ કાપવા;
હારે સુખકારી હરિનું સુખ આપવા જીરે...આજ૦ ૩
હારે આજ વ્રત એકાદશી કીજીએ;
હારે હરિને પૂજી સુખ બહુ લીજીએ જીરે...આજ૦ ૪
હારે વ્રત કરીને હરિ ગુણ ગાવીએ;
હારે પ્રેમાનંદના વાલાને પધરાવીએ જીરે...આ.૪

પદ-૭૪

હારે મારે આજ આનંદ ઘણો અંગમાં;
હારે હું તો પૂજું હરિને ઉમંગમાં જીરે...મારે૦ ૧
હારે અગર ચંદને તે ઓરડા લીપાવીએ;
હારે મોંઘા મોતીના ચોક પુરાવીએ જીરે...મારે૦ ૨
હારે હું તો તોરણ બંધાવું બારણે;
હારે વારી જાઉં વાલાજીને વારણે જીરે...મારે૦ ૩

હારે મારે આંગણે તે ઉત્સવ કીજીએ;
હારે હરિ પૂજીને સુખડાં લીજીએ જીરે...મારે૦ ૪
હારે કેસર ચંદન ઉતારું રસરીતશું;
હારે પ્રેમાનંદના વાલાને પૂજુ પ્રીતશું જીરે...મારે૦ ૫

પદ-૭૫

હારે આજ ધન્ય એકાદશીનો દન છે;
હારે મારે હરિવર પૂજ્યાનું મન છે જીરે...આજ૦ ૧
હારે હું તો પુષ્પ મગાવું અતિશે ઘણાં;
હારે સુંદર સાતપડા મોગરા તણા જીરે...આજ૦ ૨
હારે હું તો હાર ગુંથું હરખે ભરી;
હારે મારા પ્રભુને પેરાવું પ્રીતે કરી જીરે...આજ૦ ૩
હારે હું તો પૂજા કરુ હરિરાયની;
હારે હિરણ્ય શક્તિ સંગે સુખદાયની જીરે..આજ૦ ૪
હારે અર્ઘ્ય આપું કેળા સુખધામને;
હારે પ્રેમાનંદના વાલા ઘનશ્યામને જીરે...આજ૦ ૫

પદ-૭૬

હારે આવી એકાદશી હરખે ભરી;
હારે મેં તો નોતર્યા હરિ પ્રીતે કરી જીરે..આવી૦ ૧
હારે શક્તિ હિરણ્ય સહિત નોતર્યા હરિ;
હારે જમાડું કેળા કોડે કોડે કરી જીરે..આવી૦ ૨
હારે હિરણ્યારૂપે તે રુકમણિ જાણીએ;
હારે હરિરૂપે શ્રીકૃષ્ણ મન આણીએ જીરે..આવી૦ ૩
હારે જમાડીને દિજે પાત્ર દાનને;
હારે ઘણા ઘીનાં ભરીને ભગવાનને જીરે..આવી૦ ૪
હારે પ્રીતે પૂજીને પ્રાણ વારી નાખીએ;
હારે પ્રેમાનંદના વાલાને ઉરે રાખીએ જીરે..આવી૦ ૫

પદ-૭૭

ઢાળ : આવો હરિ મંદિરીએ મારે

એકાદશી અનુપ આનંદકારી;
પ્રબોધની રૂડું નામ છે, ઉત્સવ તો ભારી...ટેક.
એ કાર્તિક માસે કામની, આવી આનંદધામ;
વ્રત કરી હરિ પૂજીએ, દામોદર સુંદર શ્યામ...આવી૦ ૧
એ અજવાળી અલબેલડી, આવી શોભા પુર;
હરિજનને સુખ આપવા, વળી કરવા પાતક દુર...આવી૦ ૨
એ હરિજન સૌ હેતે કરી, ઉત્સવ કરીએ આજ;
ગાઈએ રાધાકાંતને, શ્રીદામોદર મહારાજ...આવી૦ ૩
એ રાધાવર રંગભીનડો, દામોદર સુખકંદ;
જુગલ મનોહર જોડ પુરણ, બલિહારી પ્રેમાનંદ...આવી૦ ૪

પદ-૭૮

ભલે આવી એકાદશી આજ, પ્રબોધની પ્યારી;
રાધા દામોદરની જોડ, પૂજો નરનારી...ટેક.
એ અગરે તે લીપો ઓરડા, મોતીડે પુરો ચોક;
તોરણ બંધાવો ટોડલે, અજવાળો અટારી ગોંખ...ભલે૦ ૧
એ મંગલ ગાવો માનની, સોળે સજો શણગાર;
રાધાવરને પૂજીએ, દામોદર જગ આધાર...ભલે૦ ૨
એ લાવો કેશવને કારણે, કુંભી પુષ્પ રસાળ;
પૂજી રાધાવરને પેરાવીએ, ઉરે મોતીની મંગલ માળ..ભલે૦ ૩
એ પ્રીત કરી પધરાવીએ, રાધા શ્યામ સુજાણ;
પ્રેમાનંદના નાથ પર, લઈ વારીએ તન-મન પ્રાણ..ભલે૦ ૪

પદ-૭૯

આજ એકાદશીનો દન, રહી હું તો હરખી;
મારે આનંદ અંગ ન માયે, હરિ મુખ નિરખી...ટેક.

એ કોડે કરીને નોતર્યા, જમવા રાધાનાથ;
લાડુ મોતીચુરના, હું તો પીરસું મારે હાથ...આજ૦ ૧
એ વિધવિધ કેરા કીધલાં, વ્યંજન શાક અનુપ;
પ્રીતે પીરસું નાથને, જમે સુરનર મુનિવર ભુપ...આજ૦ ૨
એ હળવી રહીને હેત મારે, પાણી કટોરે પાઉં;
જોઈ જોઈ જાદવરાયને, હું તો તન ધન વારણે જાઉં..આજ૦ ૩
એ ધન્ય ધન્ય ઘર મારું આંગણું, બેઠા હરિ મુનિરાય;
પ્રેમાનંદના નાથને, જોઈ નેણાં શીતળ થાય...આજ૦ ૪

પદ-૮૦

જમાડીને જાદવરાય, પૂજું હું તો પ્રીતે;
મુખવાસે બીડી પાન, આપું રસ રીતે...ટેક.
એ દામોદર સુખકંદને, ચંદન ચર્ચુ અંગ;
રાધા રસીલી માનની, રૂડી શોભે શામળિયાને સંગ.જમા૦ ૧
એ કમળ ફળ લઈ આપીએ, અર્ઘ્ય તે સુંદર સાર;
પાયે પ્રભુજીને લાગીએ, પે'રાવીને કુંભીના હાર..જમા૦ ૨
એ કેસર તિલક ભાલમાં રે, હૈડે સુંદર હાર;
શોભે મંદિરમાંય રે, બેઠા રાધા નંદકુમાર...જમા૦ ૩
એ પૂજી પ્રભુજીને આપીએ, ઢોલિયો દાન અનુપ;
પ્રેમાનંદના ઉરમાં, રહો જુગલ મનોહર રૂપ...જમા૦ ૪

પદ-૮૧

ઢાળ : તારો ચટક રંગીલો છેડલો અલબેલા રે

એકાદશી આવી રૂડી આજની, સુણ સાહેલી;
અંધિયારી પરમ અનુપ, આનંદની એલી રે..ટેક.
આવી કાર્તિક માસે કામની-સુણ૦ અભયા નામે સુખરૂપ...આનંદ૦ ૧
કરી વ્રત હરિ ગુણ ગાઈએ-સુણ૦ નરનારી સહુ હરિજન-આનં૦
રૂડો ઉત્સવ કરીએ આનંદમાં-સુણ૦ ધન્ય ધન્ય છે આજનો દન-આનં૦ ૨

સુખકારી શ્રી કૃષ્ણ ચંદ્રને-સુણ૦ એકાદશી આનંદધામ-આનં૦
પધરાવીએ આનંદકંદને-સુણ૦ પૂજીએ તે સુંદર શ્યામ-આનં૦ ૩
સાથે શોભે શક્તિ સુલક્ષણા-સુણ૦ શ્રીકૃષ્ણચંદ્રને સાથ-આનં૦
અલબેલાવરને પૂજીએ-સુણ૦ વાલો પ્રેમાનંદનો નાથ-આનં૦ ૪

પદ-૮૨

ધન્ય ધન્ય એકાદશી આજની, ભલે આવી રે;
અભયા નામે ગુણવાન, મનડે ભાવી રે...ટેક.
જગજીવન જમવા તેડીએ-ભલે૦ વાલો કેસરભીનો કાન-મનડે૦ ૧
હું તો ચંદને લીપું ઓરડા-ભલે૦ મણિ તોરણ બાંધ્યા દ્વાર-મનડે૦
હું તો ચોક પુરાવું મોતીએ-ભલે૦ બહુ ધુપ દીપ ઉપચાર-મનડે૦ ૨
હું તો શેરી વળાવી સજ્જ કરું-ભલે૦ હું તો ફૂલડાં વેરુ વાટ-મનડે૦
કરું કેશર કુંકુમ છાંટણાં-ભલે૦ મારો વાલો પધાર્યા તે માટ-મનડે૦ ૩
રૂડા મંગલ ગાવે માનની-ભલે૦ પૂજીએ તે પુરણચંદ-મનડે૦
શ્રીકૃષ્ણ કમલ મુખ ઉપરે-ભલે૦ બલિહારી પ્રેમાનંદ-મનડે૦ ૪

પદ-૮૩

મારે આનંદ અંગ ન માય, જોઈ અલબેલો રે;
હું તો પૂજુ શ્રીમોહનલાલ, રંગનો રેલો રે...ટેક.
હું તો ચંદન ચર્ચુ અંગમાં-જોઈ૦ કરું કેશર તિલક ભાલ-રંગ૦ ૧
રૂડા પુષ્પ મગાવું પુજવા-જોઈ૦ પહેરાવું સુંદર હાર-રંગ૦
કરું ભોજન હરિને ભાવતાં-જોઈ૦ જમાડું નંદકુમાર-રંગ૦ ૨
કરી બિરંજ જમાડું પ્રીતશું-જોઈ૦ વળી પીરસું મારે હાથ-રંગ૦
નાખું પવન વાલાને વિંઝણે-જોઈ૦ નેણા ભરીને નિરખું નાથ-રંગ૦ ૩
પાઉ પાણી કનક કટોરડે-જોઈ૦ જમાડું દૂધ અને ભાત-રંગ૦
પ્રેમાનંદનો વાલો છેલડો-જોઈ૦ કરે જમતાં જમતાં વાત-રંગ૦ ૪

પદ-૮૪

હું તો જમાડી જગ આધારને, જાઉ વારી રે;

મુખવાસ બીડી ને પાન, ગિરીવરધારી રે...ટેક.
સદા ફલ અર્ઘ્ય રૂડા આપીએ-જાઉ૦ કરી કેશવને સનમાન-ગિરી૦ ૧
એક વૃષભ અનુપમ આપીએ-જાઉ૦ અલબેલા વરને કાજ-ગિરી૦
વાલો પૂજીને એ વર માગીએ-જાઉ૦ મારે મંદિરીએ મહારાજ-ગિરી૦ ૨
જોઈ રૂપ મનોહર નાથનું-જાઉ૦ અંતરમાં રાખ્યા લાગ્ય-ગિરી૦
મારે સુફળ ફળી એકાદશી-જાઉ૦ મારાં ઉદે થયાં છે ભાગ્ય-ગિરી૦ ૩
મુને મળિયા મોહન મીઠડો-જાઉ૦ કૃષ્ણ જીવન ગોકુલચંદ-ગિરી૦
શ્રીકૃષ્ણ મનોહર ઉપરે-જાઉ૦ બલિહારી પ્રેમાનંદ-ગિરી૦ ૪

પદ-૮૫

ઢાળ : અવિનાશી આવો રે કે જમવા કૃષ્ણ હરિ (ગરબી)

ધન્ય ધન્ય સાહેલી રે, દિવસ મારે આજ તણો;
મારે અંગ ન માયે રે, કે આનંદ આજ ઘણો...૧
એકાદશી આવી રે, કે રહીએ હરખ ભર્યા;
નિરખી મનમોહન રે, કે કારજ સર્વ સર્યા...૨
આજ અધિક માસે રે, એકાદશી આવી છે;
પુરુષોત્તમજીને રે, કે મનડે ભાવી છે...૩
કમલા નામે પ્યારી રે, કે આનંદકારી છે;
કરીએ આજ સજની રે, ઉત્સવ ભારી છે...૪
પધરાવીએ પ્રીતે રે, કે પુરુષોત્તમ પ્યારો;
પ્રેમાનંદનો સ્વામી રે, છે આંખડલીનો તારો...૫

પદ-૮૬

સજની આજ ઉત્સવ રે, કોડે કોડે કરીએ;
નિરખી નટનાગર રે, કે અંતરમાં ઠરીએ...૧
એકાદશી આવી રે, કે આનંદની એલી;
આજ મેં અવિનાશી રે, નોતરિયા સાહેલી...૨

જમાડીએ જીવન રે, કે પ્યારો પ્રીત કરી;
પીરસું હું તો પ્રીતે રે, કે બિરંજ થાળ ભરી...૩
પકવાન મીઠાઈ રે, કે શાક તે સરસલાં;
ખીર સાકર માંઈ રે, કે ઝાઝાં ઘૃત ભલાં...૪
બહુનામી બેઠા રે, જમે મારી ઓસરીએ;
પ્રેમાનંદનો વા'લો રે, કે જોઈને ભવ તરીએ..૫

પદ-૮૭

જમાડીને આપું રે, કે બીડી પાન તણી;
મળવા ઉભી છું રે, કે હૈડે હરખભરી...૧
કેસર ને કુંકુમ રે, કે ચર્ચુ વાલાને;
ઉરે હાર પે'રાવું રે, કે નંદના લાલાને...૨
વળી પાઘડીમાં ખોસું રે, કે તોરા લટકતા;
મારા ચિત્તમાં ચોંટ્યા રે, ચાલ્ય ચાલે ચટકતાં...૩
તિલક રૂડું કીધું રે, કે ભાલે ભાવ કરી;
ચાંદલીએ ચોડ્યા રે, કે ચોખા પ્રેમ કરી...૪
આરતી ઉતારું રે, કે નટવર નાગરની;
પ્રેમાનંદ કે' નીરખું રે, છબી સુખ સાગરની...૫

પદ-૮૮

નિરખીને રાખ્યા રે, કે અંતરમાં રસિયો;
મારા મનમાં આવી રે, કે મોહનજી વસિયો...૧
પૂજ્યા મેં પ્રીતમ રે, કે રંગડાની રીતે;
ગુંથી હાર ગુલાબના રે, કે પેરાવ્યા પ્રીતે...૨
અર્ઘ્ય મેં તો આપ્યાં રે, કે શ્રીફળ જોઈ સારાં;
પ્રીતે પધરાવ્યા રે, કે પુરુષોત્તમ પ્યારા...૩
સુંદર જોઈ સુરભી રે, કે આપી છે દાને;
વાછડિયું સોતી રે, કે કૃષ્ણજીને વાને...૪

એકાદશી ગાઈ રે, સર્વે રીત જાણીને;
પ્રીતે પદ બાંધ્યા રે, કે સરસ વખાણીને...૫
સાંભળશે હેતે રે, કે પ્રીત કરી ગાશે;
પ્રેમાનંદનો સ્વામી રે, તે પરમ રાજી થાશે...૬

: દોહા :

વર્ણન કરી એકાદશી, આણી પરમ સનેહ;
શુકલ કૃષ્ણા પાવની, બાર માસની જેહ...૧
નામરૂપ ચોવિસ ધરી, વરી હરિ કરી હેત;
તે ગાયા સંક્ષેપ શું, દેવી દેવ સમેત...૨
બહુ પ્રકાર પૂજા વિધિ, વ્યંજન દાન પ્રકાર;
એકાદશી ચોવીસનાં, નામ કહ્યાં કરી પ્યાર...૩
પદ અઠ્યાશી પુનીતમેં, ગાયાં હરિ જગદીશ;
ચરણ ત્રણસો પંચાવન, ઢાળ સરળ બાવીશ...૪
દોહા પાંચ કરી ઉપરે, લખ્યો સર્વ સંકેત;
પ્રેમાનંદ કે પ્રસન્ન રહો, હરિજન હરિ સમેત...૫

॥ ઈતિ શ્રીસહજાનંદસ્વામી શિષ્ય પ્રેમાનંદમુનિ વિરચિતે શ્રીએકાદશી માહાત્મ્ય વર્ણન નામા પદ પૂરાં અઠ્યાશી સંપૂર્ણ સમાપ્તમ્ ॥

प्रेममूर्ति सद्.श्रीप्रेमानंदस्वामी रचित

ઉન્મતગંગા માહાત્મ્ય

।।अथ उन्मत्तगंगाजी माहात्म्यनां पद लख्यां छे ।।

(પ્રસ્તુત ગ્રંથમાં ભાગીરથી ગંગા અને ગઢપુરને ગોંદરે વહેતી ઉન્મત્તગંગાના સંવાદ છે. જેમાં સ્વામીશ્રીએ સર્વાવતારી શ્રીહરિનાં સર્વોપરી મહિમાને કારણે ઉન્મત્તગંગા(ઘેલા) નદીનો મહિમા ગંગાજી કરતા પણ સર્વોપરી રીતે વર્ણવ્યો છે.)

ઢાળ : સજની પૂછોને નંદજીનો લાલ

પદ-૧

વંદું શ્રીપુરુષોત્તમ રાય, પ્રગટ ઘનશ્યામને રે લોલ;
વંદું ચરણકમળ નખચંદ્ર, એ પૂરણ કામને રે લોલ..૧
વર્ણવું ઉન્મત્તગંગા માહાત્મ્ય, આણી ઉલ્લાસને રે લોલ;
આપો સુમતિ સુવાણી નાથ, કરો પ્રકાશને રે લોલ..૨
ગાવું યથામતિ કહી માહાત્મ્ય, શ્રીઉન્મત્તગંગને રે લોલ;
આણી સુવ્રતઋષિ પ્રતાપસિંહ, ભૂપ પ્રસંગને રે લોલ..૩
બોલ્યા સુવ્રતઋષિ સુણો ભૂપ, મહિમા ગંગાતણો રે લોલ;
પ્રેમાનંદ કહે બુદ્ધિ થોડી, મહિમા અતિ ઘણો રે લોલ..૪

પદ-૨

સાક્ષાત વાસુદેવ ભગવાન, પૂરણ પરમાત્મા રે લોલ;
માયા કાળ પુરુષના પ્રેરક, અક્ષરના આત્મા રે લોલ..૧

તે પુરુષોત્તમ પ્રગટ્યા આજ, અસંખ્ય જીવ તારવા રે લોલ;
ધાર્યો નર વિગ્રહ હરિરાય, અધમ ઓધારવા રે લોલ..૨
દેવા વાંછિત સુખ અવિનાશ, આશ્રિત નરનારને રે લોલ;
પ્રગટ્યા નિજજન અર્થે નાથ, ધર્યો અવતારને રે લોલ..૩
પ્રફુલ્લિત વદનસરોજ સુજાણ, મુક્તમુનિ સંગ લઈ રે લોલ;
પ્રેમાનંદ કહે કરતા વિનોદ, હાસ્યરસ રમત જઈ રે લોલ..૪

પદ-૩

ઉન્મત્તગંગાની મધ્યે નિત્ય, નાયે શ્રીનાથજી રે લોલ;
પાડે તાળી ગાયે કીર્તન, મુનિ લઈ સાથજી રે લોલ..૧
બોલી હેમસુતા[૧] પ્રત્યે ઉન્મત્ત, ગંગા અતિ પાવની રે લોલ;
દરશ પરસ દેઈ નિત જનનાં, પાપ નસાવની રે લોલ..૨
ગંગા સાંભળો એક પ્રસંગ કે, તમને કહું ખરો રે લોલ;
રીસ ન કરશો મુજપર લેશ કે, ધોખો નવ ધરો રે લોલ..૩
ધાર્યો વામનરૂપ અવતાર, બલિ છળવા હરિ રે લોલ;
પ્રેમાનંદ કહે ફોડ્યુ અંડ, ચરણનખે કરી રે લોલ..૪

પદ-૪

તે દિ' થયો તારે એકવાર, પરસ પદનખ તણો રે લોલ;
તે પદ પરસનો તારા મનમાં, અભિમાન અતિ ઘણો રે લોલ..૧
મારે તો અનંત ભુવનના કારણ, અક્ષર તેના પતિ રે લોલ;
સર્વે અવતારના અવતારીએ, કરી કરુણા અતિ રે લોલ..૨
પુરુષોત્તમનારાયણ સ્વામી, શ્રીસહજાનંદજી રે લોલ;
હરિજન મુનિ લઈ મુજમાં નાયે, આનંદકંદજી રે લોલ..૩
તોયે પણ મારે તેનો ગર્વ, કાંઈ જરીએ નથી રે લોલ;
પ્રેમાનંદ કહે ઉન્મત્ત સરિત, નદી ગંગા પ્રતિ રે લોલ..૪

૧.હિમાલયની પુત્રી

પદ-૫

વળી કહે સાલેમાળ સુતા, સાંભળ સુર સરી[1] રે લોલ;
આવડો ગર્વ તું શાને કાજ, અધિક રહી ધરી રે લોલ..૧
હું તો તારા જેવું માન કાંઈ, નથી બાઈ રાખતી રે લોલ;
સરવે નદી કરતાં હું અધિક, કહિ નથી દાખતી રે લોલ..૨
તારે તો અવતારી મારા નાથ, તેનો અવતાર જે રે લોલ;
એવા વામન વિપ્ર ઉપેન્દ્ર, કશ્યપકુમાર છે રે લોલ..૩
તેમના અંગૂઠાનો પરસ તે, એક જ વાર થયો રે લોલ;
પ્રેમાનંદ તેણે આવડો તુંને, ગર્વ આવી ગયો રે લોલ..૪

પદ-૬

ગંગા તું એમ માને છે મનમાં, અવની તળ વિશે રે લોલ;
હું જેવી તો હું છું એક, બીજી કોઈ નવ દીસે રે લોલ..૧
એવી જાતનું રાખ્યું માન, તે આજ સુધી રહ્યું રે લોલ;
આજથી એવું માન મેલી દેજે, એ મેં સત્ય કહ્યું રે લોલ..૨
એમ જાહ્નવી માન ખંડન કરતી, ઉન્મત્ત કામની રે લોલ;
શોભે અમરાર્ચિત અતિ પાવન, વાલી ઘનશ્યામની રે લોલ..૩
મોટા ભવ-બ્રહ્માદિક ઈશ્વર, તે તો વંદન કરે રે લોલ;
પ્રેમાનંદ કહે આપે મોક્ષ કે, જનપાતક હરે રે લોલ..૪

પદ-૭

એવી ઉન્મત્ત ગંગા નામ, સરિતા જસપાવની રે લોલ;
સુરમુનિ દ્વિજ સાધુ નરનાર, સહુને મન ભાવની રે લોલ..૧
દુર્ગનગરને દક્ષિણ ભાગે, શુધ ઉગમણી વહે રે લોલ;
ભૂવિ પર સઉથી અધિક જયકારી, જનપાતક દહે રે લોલ..૨
વળી તમે સાંભળો શુભમતિ ભૂપ કે, ઉન્મત્ત માહાત્મ્ય રે લોલ;
સાંભળતાંમાં નાસે તાપ, ત્રિવિધ અધ્યાત્મ રે લોલ..૩

૧.નદી

સર્વ જીવ તેમણે ધરી જન્મ, અનેક જે અઘ કર્યાં રે લોલ;
પ્રેમાનંદ કહે તે નિજ દરશન, માત્ર વતે હર્યા રે.લોલ..૪

પદ-૮

વળી એ ઉન્મત્તગંગાજીમાં, જે જે જન ના'ય છે રે લોલ;
તે નરનારીનાં જે પાપ, તરત નાશ થાય છે રે લોલ..૧
વળી એ ઉન્મત્તગંગા હેમસુતા, પ્રત્યે વાતડી કહે રે લોલ;
ગંગે તુજમાં જે જન ના'ય, તેનાં પાતક દહે રે લોલ..૨
મારું તો દર્શનમાત્ર કરે, જન આવી પ્રેમશું રે લોલ;
તેનાં અનેક જન્મનાં પાપ, કરું નાશ સત્ય કહું રે લોલ..૩
એવું મારે વિશે સામર્થ્ય, શ્રીસ્વામી સંબંધનું રે લોલ;
પ્રેમાનંદ કહે પ્રગટ પ્રમાણ, હરિ સુખકંદનું રે લોલ..૪

પદ-૯

ઢાળ : ચાલો સૈયરું જાઈએ જમના કાંઠડે રે

સુવ્રતમુનિ કહે સાંભળો ભૂપ શ્રવણ દઈ રે,
ઉન્મતગંગા માહાત્મ્ય, અતિ સાક્ષાત રે;
સાંભળતામાં સદ્ય કરે ભવ નાશને રે,
નહિ એ બીજી વાત જેવી એ વાત રે...સુવ્રત૦ ૧

વળી આ જગમાં સુરસરી વિના બીજી નદી રે,
પ્રગટ હરિના સંબંધ વિનાની અપાર રે;
નર્મદા આદિક લોકમાંઈ પ્રસિદ્ધ ઘણી રે,
તેમને શિક્ષા કરતા વારંવાર રે...સુવ્રત૦૨

પોતાના જળનો જે ઘોષ થાયે ઘણો રે,
તે રૂપી જાણે કરે છે જો વાદ રે;
બીજીને દેખાડે બળ પોતાતણું રે,
શ્વેતપણું ને સ્વચ્છપણું તે અગાધ રે...સુવ્રત૦ ૩

વળી એ ગંગા સહજ સ્વભાવે શ્વેત છે રે,

ધોવાયાં જે ના'તાં મુનિનાં તિલક રે;
તેણે કરીને પિત પાવન પ્રવાહ વહે રે,
પ્રેમાનંદ કે' વાન બદલે પલક પલક રે...સુવ્રત૦ ૪

પદ-૧૦

બ્રહ્મચારી સાધુ સંન્યાસી ના'ય છે રે,
ધોવે છે માંઈ વસ્ત્ર પરમ પુનિત રે;
તેણે કરી ધારે છે ભગવા વાનને રે,
એવી ઉન્મતગંગાની છે રીત રે...બ્રહ્મ૦ ૧

વળી હરિની પૂજા કરતા જે વધ્યાં રે,
કુંકુમ ચંદન એ પરસાદી મૃગસાર રે;
રાજાઓની રાણીએ તન લેપન કર્યાં રે,
તે બાયું માંઈ ના'યા કરી અતિ પ્યાર રે...બ્રહ્મ૦ ૨

તેણે કરીને ધોવાણું કંકું ચંદન રે,
કસ્તૂરીનો સુગંધ કહ્યો નવ જાયે રે;
થયો વર્ણ તેણે રાતો શ્યામ ગંગા તણો રે,
એ શોભા કવિ શી ઉપમા દઈ ગાયે રે...બ્રહ્મ૦ ૩

ત્રણ વિભાગે ના'તાં ગંગા નીરમાં રે,
સાધુ હરિજન બાયુંનાં જે વૃંદ રે;
સ્વામિનારાયણ શબ્દ ભળ્યો જળશબ્દમાં રે,
બલિહારી જાયે સાંભળી પ્રેમાનંદ રે...બ્રહ્મ૦ ૪

પદ-૧૧

હે રાજા વળી કહું તે સાંભળો પ્રીતશું રે,
ઉન્મતગંગા માહાત્મ્ય અતિ સુખરૂપ રે;
સંત હરિજન ના'તાં ઉચ્ચરે વદનથી રે,
સ્વામિનારાયણ નામ ધુની અનુપ રે...હે રાજા૦ ૧

જળનો શબ્દ ને જનનો શબ્દ ભેળો થઈ રે,
પાપી જીવનાં પાપ હરે તત્કાળ રે;

કુસંગીને લઈ જાતાં જમદૂતના રે,
કાનમાં શૂળી સમ લાગે વિકરાળ રે...હે રાજા૦ ૨

વળી આ ગંગા ઉન્મત નામ સાચું કરે રે,
પાપીનાં જે પાપ પુંજ અપાર રે;
શાસ્ત્રનાં જે પ્રાયશ્ચિત નવ ટળે રે,
તેનો કરે દરસ પરસે સંહાર રે...હે રાજા૦ ૩

યમરાજાના દૂત તણો જે દાખડો રે,
તેને મિથ્યા કરતાં ઉન્મતગંગ રે;
પ્રેમાનંદ કે' કરવો દંડ પાપી તણો રે,
તે ટાળે નિજ દરસ-પરસને પ્રસંગ રે...હે રાજા૦ ૪

પદ-૧૨

શું વર્ણવું અતિ મહિમા આ ગંગા તણો રે,
જેને પ્રગટ સ્વામી તણો સંબંધ રે;
પતિત જનનાં પાતક હરીને શુદ્ધ કરે રે,
આપે વાંછિત સ્વર્ગભોગ સ્વછંદ રે...શું વર્ણવું૦ ૧

દૂર દેશાંતર રે'નારા જે પ્રાણીને રે,
ઉન્મત્તગંગા જળનું બિંદુ એક રે;
મેલે મુખમાં લઈને મરણ સમે રે,
દેહ તજીને પામે સ્વર્ગ વિષેક રે...શું વર્ણવું૦ ૨

એ પુન્યે કરી દેવ થાયે દેવલોકમાં રે,
પામે પ્રાણી દિવ્યદેહ આકાર રે;
દેવત્રિયા તેને વરવાને વલખાં કરે રે,
સેવે પતિભાવે કરી પ્યાર રે...શું વર્ણવું૦ ૩

ઉન્મત્તગંગા તીરે રહેનારા કહું રે,
ખગ મૃગ આદિક તરુ ત્રણ ને વેલ રે;
પ્રેમાનંદ કહે દેહ તજી જાય સ્વર્ગમાં રે,
દેવત્રિયા સંગ કરે આનંદ ખેલ રે...શું વર્ણવું૦ ૪

પદ-૧૩

ઢાળ : ધર્મકુંવર ઘનશ્યામજી મારા પ્રાણ

સુવ્રત કહે સુણો ભૂપતિ ઉન્મત્તગંગાનું આજ, માહાત્મ્ય મોટું છે;
સંત-હરિજન સંગે લઈ, જેમાં નિત નાયે મહારાજ..માહા૦ ૧
નદીયું અવની ઉપરે, છે નવસેં નવ્વાણું નામ..માહા૦
ઉન્મત્ત સમ એકે નથી, પરમારથી પૂરણકામ..માહા૦ ૨
જેના જળમાં જીવ રહે, મચ્છ મગરાદિક વ્યાળ..માહા૦
તે સર્વે તજી દેહને, પામે સ્વર્ગલોક વિશાળ..માહા૦ ૩
એ જીવ આવતા જોઈને, થાયે દેવત્રિયાને જાણ..માહા૦
વરવા સારુ કેશ ગ્રહી, કરે છે ખેંચાતાણ..માહા૦ ૪
એક કહે આને હું વરી, કહે બીજી વરી હું જરૂર..માહા૦
પ્રેમાનંદ કહે દેવ ત્રિયા, જોઈ થાયે કામાતુર..માહા૦ ૫

પદ-૧૪

સુવ્રતમુનિ કહે સાંભળો, વાઘેલાવંશ વિખ્યાત, કીર્તિ ગંગાની;
ઉન્મતગંગાની જેમ છે, તેમ નથી કે'વાતી વાત..કીર્તિ૦ ૧
ભરતખંડમાં કઈ નદી, જે આવે ઉન્મત્ત તૂલ્ય..કીર્તિ૦
સૌથી મોટી જાહ્નવી, તેમાં ઉન્મત્ત કાઢે ભૂલ્ય..કીર્તિ૦ ૨
ઉન્મતગંગા કાંઠડે, જે મનુષ્ય શુદ્ધ પુણ્યવાન..કીર્તિ૦
કર્યાં ચાંદ્રાયણ આદિક, જે વ્રત જપ તપ સ્નાન..કીર્તિ૦ ૩
શ્રાદ્ધ દાન શુભક્રિયા કરે, તેને અવિનાશી પુણ્ય થાયે..કીર્તિ૦
આપે રવિને અંજલી, તે સહજે સ્વર્ગમાં જાયે..કીર્તિ૦ ૪
દેવ-મનુષ્ય પિતરી તણાં, જે તર્પણ કરે જઈ તીર..કીર્તિ૦
પ્રેમાનંદ કહે તે જન, પામે ધર્માદિક ફળ ધીર..કીર્તિ૦ ૫

પદ-૧૫

ઉન્મત્તગંગા સેવતાં, નર ધર્માદિક ફળ ચાર, સહેજે પામે છે;
બીજાં સાધન ક્રોડ છે, તે નાવે એની હાર..સહેજે૦ ૧

પશુહિંસાએ રહિત એવા, જગન બહુ પ્રકાર..સહેજે૦
જપ તપ વ્રત આદિક જે, બીજી શુભ ક્રિયા છે અપાર..સહેજે૦ ૨
તે કર્યા થકી જે ફળ પામે, પ્રાણી કરી નિરધાર..સહેજે૦
તે પુન્યથી થાયે સો ગણું, ઉન્મત નાયે એકવાર..સહેજે૦ ૩
ચાર વરણ આશ્રમ તણા, છે મોક્ષાર્થી જે જન..સહેજે૦
તે ઉન્મતગંગા નિરંતર, સેવે છે કરી શુદ્ધ મન..સહેજે૦ ૪
એવું ઉન્મતગંગા તણું, માહાત્મ્ય અતિ સહુથી સાર..સહેજે૦
પ્રેમાનંદનો નાથજી, એમાં નાયા બહુ કરી પ્યાર..સહેજે૦ ૫

પદ-૧૬

સુવ્રતમુનિ કહે સાંભળો, પ્રતાપસિંહ ભૂપાળ, માહાત્મ્ય ગંગાનું;
ઉન્મત્ત નાહી ષટ અક્ષર જપે, તેની પાસ ન આવે કાળ..માહા૦ ૧
બહુ ભાતે વર્ણન કર્યું, તમે સુવ્રતમુનિ અભિરામ..માહા૦
ઉન્મત્ત એવી જાતનું, તો ન ઘટે એનું નામ..માહા૦ ૨
એમ તમે કે'શો ભૂપતિ, ત્યાં કહું સાંભળો મીત..માહા૦
લોક વેદ શાસ્ત્ર થકી, કોઈ જે વરતે વિપરીત..માહા૦ ૩
ઉન્મત્ત શબ્દનો અર્થ છે, માટે નદી નામને માયે..માહા૦
ઉન્મત્ત શબ્દને પરહરી, ધરો રૂડું નામ સૌ ગાયે..માહા૦ ૪
એમ આશંકા ઉપજે તો, તે કહું સાંભળો ભૂપ..માહા૦
પ્રેમાનંદ એ નામમાં, છે મોટો મર્મ અનુપ..માહા૦ ૫

પદ-૧૭

ઉન્મત્તગંગા અર્થનો, કહું મહામોટો પ્રભાવ, સાંભળો શુદ્ધમતિ;
શ્રુતિ સ્મૃતિ ખટશાસ્ત્રનો, ત્યાં નવ ચાલ્યો ઉપાવ..સાંભળો૦ ૧
પંચ મહાપાતકે ભર્યા, એવા જગમાં જીવ અપાર..સાં૦
નિંદા કરવા જોગ્ય છે, જન લોક તણે વ્યવહાર..સાં૦ ૨
વર્ણાશ્રમ થકી પડી ગયા, એવા જે પાપી પ્રાણી..સાં૦
કોઈ ઉપાયે કરી સ્વર્ગમાં, જાવા જોગ્ય નહીં એમ જાણી..સાં૦ ૩

નિજ જળમાં નાવે કરી, પામે સ્વર્ગલોક તતકાળ..સાં૦
એટલા માટે મહાકવિએ, ધર્યું ઉન્મત્ત નામ વિશાળ..સાં૦ ૪
અગણિત જીવ ઓધારવા, ધર્યો મનુષ્ય તણો અવતાર..સાં૦
એવા શ્રીહરિકૃષ્ણ પર, જાયે પ્રેમાનંદ બલહાર..સાં૦ ૫

પદ-૧૮

પુરુષોત્તમ અક્ષરપતિ હરિ, અનંત ભુવનઆધાર, પોતે માની છે;
તેમણે પોતાની કરી, કીધો છે બહુ સતકાર, પોતે૦ ૧
તે માટે ઉન્મત્ત તણી, મોટપનો નાવે પાર..પોતે૦
સહસ્રાનન ચતુરાનન, વર્ણવે માહાત્મ્ય વાર વાર, પોતે૦ ૨
જેમ મહિમા ઉન્મત્તનો, તેમ કોઈએ નવ કહેવાય..પોતે૦
સંતહરિજન મંડળે સહિત, હરિ નીત નાયે એ માંય, પોતે૦ ૩
પ્રવેશ કરી મધ્ય જળ વિષે, ઉછાળે પરસ્પર નીર..પોતે૦
જુવે અમર આકાશમાં, કરે કુસુમવૃષ્ટિ મહાધીર, પોતે૦ ૪
કરે ક્રીડા બહુ જળ વિષે, ગાયે કીર્તન પરમ પુનિત..પોતે૦
પ્રેમાનંદ કહે ભૂવી વિશે, રહો અવિચળ અકળ અજીત, પોતે૦ ૫

॥ ઈતિ શ્રીઉન્મત્તગંગા માહાત્મ્ય વર્ણન કર્યું
એ નામે અષ્ટાદશ પદ સંપૂર્ણમ્ ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

શ્રીમદ્ભાગવત માહાત્મ્ય

(આ ગ્રંથમાં સ્વામીશ્રીએ શ્રીમદ્ભાગવતનો મહિમા આલેખ્યો છે.)

દોહા : શ્રીકૃષ્ણચંદ્ર રાધાપતિ, જ્યારે પધાર્યા ધામ;
ત્યારે શ્રીમદ્ભાગવત, સ્થાપન કર્યું ઘનશ્યામ...૧
પુરાણ શ્રીમદ્ભાગવત, માની આપ સ્વરૂપ;
તેમાં આપ બિરાજીયા, મૂર્તિ દિવ્ય અનૂપ...૨
રીત સનાતન મોક્ષની, રાખવા શ્રીમહારાજ;
ભાગવતરૂપે પ્રગટ્યા, કરવા જનનાં કાજ...૩
રીતિ સંત અસંતની, જણાવવા જગદીશ;
ભાગવતમાં આવી વસ્યા, દિવ્ય સ્વરૂપે ઈશ...૪
કળિમળ મતને કાપવા, કરવા અધમ ઓધાર;
કળિજુગમાં શ્રીકૃષ્ણનો, ભાગવતરૂપ અવતાર...૫

પદ-૧

રાગ : ગરબી, સોરઠા

જેને નિગમ નેતિ કહી ગાવે, શેષ શારદ પાર ન પાવે;
શિવ બ્રહ્મા ધરે નિત ધ્યાન, એવા શ્રીકૃષ્ણ ભગવાન...૧
કીધો અધર્મે તે પરવેષ, નથી ધર્મ ધરણી પર લેશ;
વ્યાપ્યો ઘોર કળિ એમ જાણી, વિચાર્યા તે શ્રીસારંગપાણી...૨
એમ જાણીને સુંદર શ્યામ, ધર્મ ભક્તિ ને જ્ઞાનનું ધામ;
દસ લક્ષણે સહિત વિશાળ, ધર્યું ભાગવતરૂપ કૃપાળ...૩

શ્રીભાગવત રૂપ અવતાર, સાક્ષાત શ્રી નંદકુમાર;
ધર્યું શ્રીમદ્‌ભાગવત નામ, શ્રીકૃષ્ણ લીલા ગુણનું ધામ...૪
નરનારી સેવો કરી ભાવ, એ છે ભવસિંધુ તરવાનું નાવ;
નાવ બેસીને ઊતરો પાર, પ્રેમાનંદનો સ્વામી કર્ણધાર...૫

પદ-૨

દોહા : કર્ણધાર શ્રીકૃષ્ણ છે, શ્રીમદ્ ભાગવત જહાજ;
અગણિત જન ઓધારવા, કર્યું પ્રગટ તે શ્રીમહારાજ.

: ચોપાઈ :

વેદ કલ્પતરુ ફળ એહ, એમાં શુકજીને ઘણો સનેહ;
અમૃતરસનો એ છે ભંડાર, એનું પાન કરો નરનાર...૧
પુરાણ અષ્ટાદશને જોઈ, શ્રુતિ સ્મૃતિ ને ભારત દોઈ;
વલોવ્યું વ્યાસે કરી પ્યાર, કાઢ્યું નવનીત ભાગવત સાર...૨
સર્વે શાસ્ત્ર તણો તે સિદ્ધાંત, એ માંહી સહુ વેદ વેદાંત;
એ તો કહાવે સમાધિભાષા, એને જાણે મુનિ શુક વ્યાસા...૩
બ્રહ્મનિષ્ઠ ને સમાધિવાન, અતિ પ્રેમે ભણ્યા આખ્યાન;
કહી મર્મ પરીક્ષિત તાર્યો, સર્વે કષ્ટ થકી ઉગાર્યો...૪
મુમુક્ષુ વિષયી ને પાપી, તેનાં તરત નાખે કર્મ કાપી;
પ્રેમાનંદ કે સુણે કરી પ્યાર, પામે ધર્માદિક ફળ ચાર...૫

પદ-૩

દોહા : નૌકા નવ પલ્લવ બની, શ્રીકૃષ્ણ ચરણ આધાર;
સુકીત જન માંહી બેસશે, ઊતરવા ભવ પાર.

: ચોપાઈ :

શ્રીભાગવત નામ પુરાણ, ભવસિંધુ તર્યાનું છે વાણ;
ચારે વર્ણને છે અધિકાર, કરી શ્રવણ તરો સંસાર...૧
ગોલોક ને જે અક્ષરધામ, વૈકુંઠ તે સુખ વિશ્રામ;
ત્યાં ચઢવાનું છે સોપાન, નરનારી સેવો તજી માન...૨

એને સેવે બ્રહ્મા શિવ ધ્યાની, સનકાદિક બ્રહ્મ વિજ્ઞાની;
મુનિ નારદ ને શુક વ્યાસ, તે તો એમાં રે' છે કરી વાસ...૩
ઋષિ નૈમિષારણ્યના વાસી, સનકાદિક સહસ્ર અઠ્યાસી;
સુત સંભળાવે છે અતિ પ્રીતે, બીજા શ્રવણ કરે એકચિત્તે...૪
ધ્રુવ પ્રહ્‌લાદ ને અમરીષ, પ્રિયવ્રત મનુ મુનિ ઈશ;
પીધો ભાગવતરસ કરી પ્રીતિ, પ્રેમાનંદ કે ગયા જગ જીતી...૫

પદ-૪

**દોહા : નિગમ કલ્પતરુથી પડ્યું, ભાગવત ફળ અતિ સાર;
શુક મુખ કરી અનુપમ થયું , એ રસિક પીઓ કરી પ્યાર.**

: ચોપાઈ :

પુરાણ શ્રીભાગવત નામ, તે તો કૃષ્ણલીલા રસધામ;
શુદ્ધ મને સેવો હરિ દાસ, પામો કૃષ્ણચરણમાં નિવાસ...૧
શ્રીભાગવત હરિરસ સાર, સર્વે સિદ્ધિ રૂપ ઉદાર;
એ તો કામધેનુ સુખકારી, આપે મનવાંછિત સુખ ભારી...૨
એતો ચિંતામણી છે અનૂપ, સર્વે સાધન તપફળરૂપ;
સર્વે સુક્તિનું ફળ એહ, સુણી હરિ સાથે વાધે સનેહ...૩
એમ જાણી પૂજો પધરાવો, પ્રેમ આણી વાંચો સંભળાવો;
રસરૂપ છે અતિ સુખકંદ, એમાં સદા વસે વ્રજચંદ...૪
ધર્મ અર્થ કામ અનુરાગી, પામે મોક્ષ મહા બડભાગી;
પ્રેમાનંદ કે સુણે શુદ્ધ મન, નરનારી તે તો ધન્ય ધન્ય...૫

।। ઈતિ શ્રીમદ્‌ભાગવત્‌ માહાત્મ્ય સંપૂર્ણમ્‌ ।।

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

સત્યભામાનું રૂષણું

॥ अथ सत्यभामानुं रुषणुं ॥

(પૌરાણિક આખ્યાન મુજબ સ્વામીશ્રીએ રીસાયેલ સત્યભામાને શ્રીકૃષ્ણ ભગવાન મનાવે છે; તેનું નિરૂપણ કરેલ છે.)

સાખી : રમાપતિ શ્રીનાથજી, અક્ષર પર અવિનાશ;
ગાવા ગુણ યદુનાથના, મનમાં કરું હુલાસ...૧

સત્રાજીત સુતા તણું, મિશ લઈ પરમ અનૂપ;
ગાવું ગુણ ગોવિંદના, મંગલમય રસરૂપ...૨

નવરસમય શ્રીનાથજી, રૂપસુધાનિધિ શ્યામ;
કંદર્પ દર્પ વિમોચન, નિજજન પૂરણકામ...૩

આવી વસો ઉર અજીત પ્રભુ, પ્રેરો વાણી વિશાળ;
ગાવું વિશદગુણ વિમલજશ, કૃપા કરો કૃપાળ..૪

નહિ બળ બુદ્ધિ ચાતુરી, તવ પ્રતાપબલ ઈશ;
વર્ણવું વાણી રસભરી, ધરી હરિ કરવર શીશ..૫

ષટદશ પદ ષટ દોહરા, ઢાળ ત્રણ પ્રકાર;
પ્રેમાનંદ કહે ગાઈએ, હરિચરણે ચિત્ત ધાર...૬

પદ-૧

ઢાળ : વિનતડી વ્રજનારની રે, કેજ્યો વાલાજીને

અક્ષરધામ નિવાસી શ્રીપતિ, શ્રીપુરુષોત્તમરાયેજી;
અખિલભુવનપતિ અંતરજામી, નિગમ નેતિ કહી ગાયે, લાગું પાયેજી...૧
માયાકાળ કર્મ ગુણ પ્રેરક, અખિલ શક્તિધર સ્વામીજી;
ભ્રૂકુટિવિલાસ જગતલય સંભવ, પાલક હરિ બહુનામી...લાગું૦ ૨
દિવ્ય વિહાર દિવ્ય રસરાશી, દિવ્યરૂપ મોરારીજી;
અસુર નિકંદન પ્રગટ્યા કલિમેં, યદુકુળ સુરા હિતકારી...લાગું૦ ૩
અનંત પતિતજન તારણ કારણ, કંદપદર્પ વિમોચનજી;
રાધાકાંત રસિકવર સુંદર, કૃષ્ણ કમળદળ લોચન...લાગું૦ ૪
વસુદેવને ઘેર જનમ લઈને, ગોકુલમાંયે પધાર્યાજી;
વરસ એકાદશ રહી વૃંદાવન, અસુર અપરિમિત માર્યા...લાગું૦ ૫
જઈને વાસી પુરી દ્વારકા, વર્યા અષ્ટ પટરાણીજી;
પ્રેમાનંદ કે' સોળે સહસ્ર ને, એકસો બીજી આણી...લાગું૦ ૬

પદ-૨

વળી કહી વર્ણવું દ્વારાપુરીને, જ્યાં વસે સુંદર શ્યામજી;
વિશ્વકર્માએ રચી વિચિત્ર, અતિ સુંદર છબીધામ, જોયા જેવીજી...૧
ચારે પાસ રત્નાકર સાગર, ત્યાં એક દ્વિપ મનોહરજી;
તે વચ્ચે વાસી પુરી દ્વારકા, ઈન્દ્રપુરી સમ સુંદર...જોયા૦ ૨
બાર જોજન વિસ્તારમાં કિલ્લો, નવલખ માંયે હવેલીજી;
છજા ગોખ ઝરુખા બારી, દરવાજા ને ડેલી...જોયા૦ ૩
ભાત ભાતનાં રત્ન પ્રવાળાં, પના પિરોજા ભારીજી;
ઈન્દ્રનીલમણિ વિદ્રુમ કૌસ્તુભ, સ્ફટિકમણિ છબી ન્યારી...જોયા૦ ૪
સોના-રૂપા નિગારમાં[1] ઈંટ્યું, હિરા-માણેકની સોહેજી;
હાટ બજાર ને રચ્યાં ચોવટાં, સુરપતિનાં મન મોહે...જોયા૦ ૫

૧.નકશીમાં

કૂવા વાવ તળાવ તે બાંધ્યાં, રત્નમણિએ કરી ખાંતેજી;
પ્રેમાનંદ કે' વિશ્વકર્માએ, રચ્યા વિચિત્ર કોઈ ભાતે...જોયા૦ ૬

પદ-૩

વળી વખાણું પુરી દ્વારિકા, શ્રીહરિની રાજધાનીજી;
અતિ રમણિક છબી ભુવનભુવન પ્રતિ, સચિપતિતે મનમાની, શોભા સુંદરજી.૧
ઘર-ઘર ભીતર ફૂલવાડીમાં, ફૂલ તણી છબી ન્યારીજી;
બકુલ કેતકી કમળ મોગરા, માલતી મન વશકારી...શોભા૦ ૨
સુરતરુ રંભા અંબ કદંબ પર, પિક બરહિ કરે શોરજી;
વન ઉપવન ને બાગ-બગીચા, બાહિર બહુ ઠોર...શોભા૦ ૩
પ્રફુલ્લિત કલ્પવૃક્ષનો પરિમલ, પહોંચ્યો સુરપુર માંઈજી;
મધુકર લોભી સુગંધ તણા બહુ, સ્વર્ગ થકી આવે આંઈ...શોભા૦ ૪
રચી મનોહર નગર દ્વારિકા, શોભા ન જાયે વખાણીજી;
વિશ્વકર્માનું ડા'પણ સર્વે, ચતુરાઈ અતિ આણી...શોભા૦ ૫
નવ શત સહસ્ર અષ્ટ એકસોના, ઘર-ઘરમાં બહુનામીજી;
રાજે રસિયો યોગકળા નિધિ, પ્રેમાનંદનો સ્વામી...શોભા૦ ૬

પદ-૪

એક સમે અજસુત મુનિ નારદ, કુશસ્થલી પ્રતિ આવ્યાજી;
પારિજાતનાં પુષ્પ સુગંધી, છાનાં મુનિવર લાવ્યા, કૌતુક જોવાજી...૧
શ્રીપતિ એક સર્વે રાણીઓના, ઘરમાં હરિ કેમ રાજેજી;
ભુવન ભુવન પ્રતિ ફરે મુનિ નારદ, લીલા જોવા કાજે...કૌતુક૦ ૨
ક્યાંઈક જમાડે દ્વિજવરને હરિ, ક્યાંઈક દે કન્યાદાનજી;
ક્યાંઈક જમે ક્યાંઈક રમે સોગઠે, જોગનિધિ ભગવાન...કૌતુક૦ ૩
ક્યાંઈક રમાડે નિજસુતને હરિ, ક્યાંઈક કરે એકાંતજી;
ક્યાંઈક ફેરવે અશ્વ ને ગજરથ, ક્યાંઈક પોઢ્યા નિરાંત...કૌતુક૦ ૪
ક્યાંઈક કરાવે તન અત્તર મર્દન, ક્યાંઈક બેઠા ચાવે પાનજી;

ક્યાંઈક મૂલવે હીરા-માણેક, ક્યાંઈક કરાવે ગાન...કૌતુક૦ ૫
એમ ફરે મુનિ નારદ ઘરઘર, ક્યાંઈ ભુવન નહિ ખાલીજી;
પ્રેમાનંદ કહે આચરજ પામ્યા મુનિ, થાક્યા ચાલી ચાલી...કૌતુક૦ ૬

પદ-૫

આઠ પટરાણીઓનાં મંદિર ફરતા, વચ્ચે મંડપ સભાનોજી;
શું દષ્ટાંત દઈને વર્ણવું, અંત નહિ ઉપમાનો, જોયા જેવોજી...૧
શિવ-બ્રહ્મા ને ઇન્દ્રાદિ મોટા, લોકપાળ જે કા'વેજી;
જે જે નિજ સંપત પરમાણે, ભેટ સામગ્રી લઈ આવે...જોયા૦ ૨
રત્નાકરે ભાત ભાતના, રત્નની ખાણ્યું ઉઘાડીજી;
હીરા-માણેક-મોતી જે જોઈએ, તેની ન કરી આડી...જોયા૦ ૩
વિશ્વકર્માનું ડા'પણ જેટલું, તે સર્વે વાવરિયુંજી;
જળ ત્યાં સ્થળ ને સ્થળ ત્યાં જળ, એવું મીનાકારી કામ કરીયું..જોયા૦ ૪
સુરપતિ ભૂપતિ લોકપાળ મુનિ, દર્શન કરવા આવેજી;
જોઈને રચના છબી અતિ નૌતમ, આનંદ ઉર ન સમાવે...જોયા૦ ૫
બેઠા સભામેં જાદવેન્દ્ર હરિ, ત્યાં મુનિ નારદ આવ્યાજી;
સભા સહિત હરિ ઊઠ્યા સનમુખ, પ્રેમાનંદ મન ભાવ્યા...જોયા૦ ૬

પદ-૬

અતિ સન્માને પૂજ્યા નારદને, પૂછ્યું કુશલ બેસારીજી;
મુનિવર પ્રણતી કરી પાય લાગ્યા, ધન્ય ઈશ્વર અવતારી, જાઉં બલહારિજી.૧
પારિજાતનાં પુષ્પ નારદે, શ્રીહરિને કર દીધાજી;
અતિ સુગંધવાન થઈ સભા સહુ, હરિએ હસીને લીધાં...જાઉં૦ ૨
વેંચી વેંચીને દીધાં રાણીઓને ઘરે, સત્યભામાનાં પોતે રાખ્યાંજી;
કૌતુક જોવા મુનિ નારદે, અમૃતમાં ઝેર નાખ્યાં...જાઉં૦ ૩
ઝાઝીવાર બેઠા મુનિ સભામાં, ઊઠ્યા કરી પ્રણામજી;
ચાલ્યા નારદ કલહકારી, સત્યભામાને ધામ...જાઉં૦ ૪

આવ્યા નારદ સત્યભામાને ઘેર, ઊઠ્યા સત્યભામા રાણીજી;
કનકકળશ લઈ ચરણ પખાળ્યાં, લઈ સુંદર શુદ્ધ પાણી...જાઉં૦ ૫
પૂજ્યા નારદને અતિ સનમાને, બેસારીને પાટેજી;
પ્રેમાનંદ કહે બોલ્યા નારદ, ઘર ઘાલવાને માટે...જાઉં૦ ૬

પદ-૭

સત્યભામા કહે સુણો મુનિ આવડો, શ્યો સુગંધ તમ પાસેજી;
સર્વે મંદિર ભરાઈ રહ્યું મારું, અતિ નૌતમ ફૂલવાસે, શું કહીં દાખુંજી૦ ૧
સુણો સત્યભામા વાત છે હેતની, કે'તાં નથી કેવાતીજી;
શું કહું બાઈ કે'વા જાવું ત્યાં, આવે ભરાઈ મારી છાતી..શું કહીં૦ ૨
પિતા તમારો સૂરજ દેવનો, ભક્તરાજ અતિ ભારીજી;
તેને અમારે અતિ મિત્રતા, જીવ એક દેહ ન્યારી...શું કહીં૦ ૩
તેનાં પુત્રી તમે સત્યભામા, તમ ઉપર મારે પ્રીતિજી;
હું શું જાણું જે એમ વાત છે, દીઠી મેં અતિ અનીતિ...શું કહીં૦ ૪
લાવ્યો હું અતિ હેત કરીને, સ્વર્ગ થકી તમ કાજેજી;
પુષ્પ લીધાં પારિજાતનાં, હું પાસેથી મહારાજે...શું કહીં૦ ૫
વેં'ચી આપ્યાં સૌ રાણિયુંને, જોતાં જોતાં આખીજી;
પ્રેમાનંદને નાથે તમ કાજે, પાંખડી એક ન રાખી...શું કહીં૦ ૬

પદ-૮

હું જાણતો જે હેત હરિને, હશે તમ ઉપર ભારીજી;
આંખે દીઠું સૌ કરતાં બાઈ, અણમાનીતિ તું નારી, શું ઘણું કહિયેજી...૧
અમને તો લાગ્યું દુઃખ હૈયામાં, વિષમપણું બહુ દીઠુંજી;
તમ પર હેત નથી જરી હરિને, બોલતાં હસે અતિ મીઠું...શું ઘણું૦ ૨
અમને તો નથી દેખી ખમાતું, જાશું સ્વર્ગ પ્રત્યે બાઈજી;
અમ પર રાખજો હેતપ્રીત તમે, પાળજો જૂની મિત્રાઈ...શું ઘણું૦ ૩
એમ સળગાવી નારદ સધાવ્યા, બોલી હેતે મૃદુ વાણીજી;

નારદનાં વેણ સુણી વજ્ર સમ, રોમે રોમે વેંધાણી...શું ઘણું૦ ૪
વસ્ત્ર આભૂષણ નાખ્યાં ઉતારી, દુઃખ તણો નહિ પારજી;
નાખી નિસાસા રુદન કરે, બહુ નેણે આંસુ ધાર...શું ઘણું૦ ૫
શોક્યું તણી સરસાઈ સાંભળી, લાગ્યું દુઃખ અતિશેજી;
પ્રેમાનંદ કહે થર થર કંપે, ડસે અધર અતિ રીશે...શું ઘણું૦ ૬

પદ-૯

ઢાળ : જેઠ માસે પરદેશ પધાર્યા પ્રીતમ તોડીને પ્રીત રે

જાણ્યું હરિયે ગયા છે નારદ, કરશે કાંઈક ઉતપાત રે;
ઊઠ્યા શ્યામ સભા તજી આવ્યા, કમલાપતિ સાક્ષાત રે...૧
આવીને જોયાં સત્યભામાને, પડી મૃતક સમ પ્યારી રે;
સુંદર સેજ તજી મૃગાનેણી, લોટે ધરણી સુકુમારી રે...૨
પૂછે શ્યામ સુણો સત્યભામા, કોણે દીધું દુઃખ તમને રે;
શા સારુ તમે રુદન કરો છો, તે કહી દાખો અમને રે...૩
સુર નર અસુરમાં જે કોઈ તમને, ચિંધે આંગળિયે નારી રે;
નખ લઈ કઢાવું કે મારું જીવથી, સત્ય પ્રતિજ્ઞા મારી રે... ૪
આંખ કાઢી હોય તો આંખ કઢાવું, ગાળ દીધી હોય તો મારું રે;
કાંટો લાગ્યો હોય તો વાડ બળાવું, સત્યભામા તમ સારુ રે...૫
હુંથી થયો હોય જો અપરાધ, તરત તજુ તે દોષ રે;
પ્રેમાનંદના નાથ પૂછે પ્યારી, સાચું બોલો તજી રોષ રે...૬

પદ-૧૦

વિનય કરે હરિ વારંવાર, સુંદરી સામું ન જોવે રે;
નાખી નિસાસા રુદન કરે બહુ, હાથે હરિ આંસુડાં લૂવે રે...૧
શોકે સુકાઈ ગયા છે અધર વર, આંજણ ધોવાણું આંસુવે રે;
શોક રાહુએ જાણે ગ્રહ્યો ચંદ્રને, અમૃત માંહિથી ચૂવે રે...૨
કમળનાળ જેમ ભાંગ્યું કરીએ, એમ પડી સત્યભામા રે;
છૂટા કેશ શિથિલ સર્વે અંગે, જુવે હરિ ઊભા સામા રે...૩

શોકાતુર વિલાપ કરે ત્રિયા, દૈવને કરે તિરસ્કાર રે;
એવડા અવળા શા લેખ લખ્યા મારા, શું મેં બગાડ્યું કીરતાર રે...૪
ધિક છે મારાં મા-બાપને, એમનું મેં અવળું શું કીધું રે;
આવે ઠેકાણે દેવી હતી ત્યારે, ઝેર કેમ નવ દીધું રે...૫
કપટી પતિ સાથે પડ્યું પાનું, હે જીવ હવે કેમ કરવું રે;
પ્રેમાનંદ કે' બોલે પ્રેમ પ્યારી, એ જીવ્યાથી ભલું મરવું રે...૬

પદ-૧૧

ત્રિભુવનનાથ વિચારે મનમેં, આવડું દુઃખ થયું શાનું રે;
કો કોઈ પટરાણીએ કરી મર્મ, વેણ માર્યું હશે છાનું રે...૧
બીજી દાસી કહે સુંદરવર, કાંઈક તે વાંક તમારો રે;
અવિનય કાંઈક બન્યો હશે તમથી, હરિવર મનમાં વિચારો રે...૨
નારદે આવીને કહ્યું કાંઈક, ત્યાંથી દુઃખ લાગ્યું ભારી રે;
વસ્ત્ર આભૂષણ ત્યાગ કરીને, લોટે છે ધરણી પ્યારી રે...૩
હરિ કહે એ ધુતારાનાં કામ, નારદજીએ ઘર ઘાલ્યું રે;
કલહ ઘાલી ગયો મારા ઘરમાં, બીજું કાંઈ નવ ચાલ્યું રે...૪
શ્યામ કહે સાંભળો સત્યભામા, દોષ ન લેશો મારો રે;
હું તો કોઈના દોષમાં ના'વું, દોષ થકી છું ન્યારો રે...૫
સત્યભામા મારો વાંક દેખાડીને, પછી અવગુણ લેજો રે;
પ્રેમાનંદનો નાથ કહે પ્યારી, કે'વું ઘટે તે કેજો રે...૬

પદ-૧૨

ઊઠ્યા સત્યભામા ધરી ધીર, બોલે કાંઈક ક્રૂર વાણી રે;
જાઓ જૂઠા બોલા ઠગારા, પ્રીત તમારી જાણી રે...૧
કાળા જેટલા કપટના ભરિયા, કપટ કળ્યામાં નાવે રે;
માંહી ઘાત્યે ભરી છાતડલી, ઉપર ભલું મનાવે રે...૨
કાળા કાગ વાઘ ને વ્યાળ, કપટ તણી એ ખાણ રે;
નમણ ઠમણ જાણે બહુ પેરે, લેવા પારકા પ્રાણ રે...૩

કાળો મોર બોલે બહુ મીઠું, વીંછી સર્પને ખાયે રે;
બોલે મીઠું ભલું મનાવાને, અંતર કપટ ન જાયે રે...૪

અહીં શું કામ છે જાઓ બીજીને ઘેર, તે તમને ઘણી વાલી રે;
જેને આપ્યાં ફૂલ વેં'ચીને, અમને પાંખડી ના આલી રે...૫

નારદ બિચારા મુજ સારુ જઈને, સ્વર્ગ થકી ફૂલ લાવ્યા રે;
પ્રેમાનંદના નાથ વહેંચ્યાં પરબારાં, અમે તો નજરમાં નાવ્યા રે...૬

પદ-૧૩

ઢાળ : ગોરસ લઈને ગોપકા ચાલી વેચવા કાજે

સમજ્યા વિના તમને, માનની લાગ્યું દુઃખ ભારી;
દારુણ દુઃખ પેદા કર્યું, કોઈને કહે પ્યારી...૧

ફૂલ તમારા ભાગનાં, મેં મોરથી લીધાં;
પછી બીજાના ભાગનાં ફૂલ વેં'ચીને દીધાં...૨

સત્યભામા મારે તમથી, બીજું ન કોઈ વાલું;
ભાગ તમારો આ રહ્યો, લ્યો તમને હું આલું...૩

સત્યભામાના હાથમાં હરિએ ફૂલ આપ્યાં;
રાજી થયાં રીસ ઊતરી, ફૂલ છાતીએ ચાંપ્યાં...૪

કાંતો તમારે આંગણે, સત્યભામા નારી;
ઝાડ રોપું આખું લાવીને, તે પ્રતિજ્ઞા મારી...૫

કા ંતો તમને ભામની સાથે લઈ જાઉં;
તમ દેખતાં પારિજાતનું વૃક્ષ ઉખાડી લાઉં...૬

રીસ ઉતારી રાજી કરી, પ્રેમાનંદના નાથે;
માન મેલી બોલ્યાં માનની, હસીને હરિ સાથે..૭

પદ-૧૪

દંપતિ બેઠા હળીમળી, કરે વચન વિનોદ;
બોલે રસભર્યાં વેણલાં, મન આણીને મોદ...૧

સત્યભામા તમે અમને, મેણાં બહુ માર્યાં;
કઠણ વચન કેતા કામની, મન કાંઈ ન વિચાર્યાં..૨
કાળા કહીને કવખોડિયા, કહો ગોરા શું સારા;
ગોરા કહાવે જેટલા, મિત્રને મારનારા...૩
ગોરા ચંદ્ર ચકોરને લાગે બહુ પ્યારા;
ચકોર તે મિત્ર દુઃખે કરી, ખાયે બળતાં અંગારા..૪
ગોરો ચંપો સોયામણો, ફૂલમાં બહુ વાસ;
મિત્ર ભમર ભૂખે મરે, નાવે ચંપાને પાસ...૫
ગોરું સોનું શોભે ઘણું, બળે અગ્નિમાં જાઈ;
મિત્ર સોહાગો સોના તણો, બળે ભેળો માંઈ...૬
ગોરાના ગુણ દાખવ્યા, તમને કહી પ્યારી;
પ્રેમાનંદના નાથજીએ, સાટું વાળ્યું વિચારી...૭

પદ-૧૫

કાળાના ગુણ સાંભળો સત્યભામાજી તમે;
સાચી માનજો માનની તમને જો ગમે...૧
કાળા કેશ સોયામણા, શિર શોભે ભારી;
માંહી ગૂંથે મણિ મોતીડા, ફૂલે માંગ સુધારી...૨
કાળી કીકી નેણમાં, તેણે કરી દેખાયે;
કીકી વિના તો કામની, સર્વે કાંણા કહેવાયે...૩
કાળું કાજલ આંખમાં, તમે આંજો છો બાળી;
કાળે ગુણે કરી આંખડી, રૂડી લાગે રૂપાળી...૪
કાળા મોર ને કોકીલા, બોલે મધુરી વાણી;
સાંભળતાં રાજી થાયે, સુરમુનિ વખાણી...૫
કાળો મૃગમદ માનની, કરો ખોર લલાટે;
દુર્લભ સુર નરનારીને, ન મળે દામ માટે...૬

કાળા તણા ગુણ કૃષ્ણજી, વર્ણવ્યા પ્રીત આણી;
પ્રેમાનંદ કે' રાજી થયા, સત્યભામા મહારાણી..૭

પદ-૧૬

સત્યભામાનું રુંષણું વર્ણવ્યું રસ રીતે,
ગાયો દ્વારિકાનાથનો મહિમા કરી પ્રીતે...૧
ગાયો વિહાર શ્રીકૃષ્ણનો, મન આણી હુલાસ;
રાજી થાશે સાંભળી, જે હરિના દાસ...૨
અક્ષરપતિ શ્રીનાથજી, અવની પર આવી;
દિવ્ય પ્રતાપ વિસ્તારિયો, કરુણા ઉર લાવી...૩
અગણિત જીવ ઓધારવા, કરુણા બહુ કીધી;
મુક્તિ ચાર પ્રકારની, તે અનાથોને દીધી...૪
ભારત વેદ પુરાણ સૌ, હરિના ગુણ ગાવે;
શેષ શારદ શુક નારદ, કોઈ પાર ન પાવે...૫
મહિમા યથાર્થ નાથનો, કોઈ વિરલા જાણે;
એકરસનાયે ગાઈને, કવિ શું રે વખાણે...૬
સત્યભામા શ્રીકૃષ્ણનો, એ વિહાર છે ભારી;
મનવાંછિત સુખ પામશે, જે ગાશે નરનારી...૭
એ પદ શીખે ને સાંભળે, ગાશે જે કરી પ્યાર;
પ્રેમાનંદનો નાથજી, તેનો કરશે ઉદ્ધાર...૮

॥ ઈતિ સત્યભામાનું રુંષણું વર્ણવ્યું એ નામે ખટદશ પદ સંપૂર્ણમ્ ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

ગોપીનાથજીનો ગરબો

॥ અથ ગોપીનાથજીનો ગરબો લખ્યો છે. ॥

પદ-૧

વંદું ગિરિધર ગોકુલચંદ ગોપીનાથજી રે,
વંદું ત્રિભોવન આનંદકંદ...ગોપી૦ ૧
ગાવું ગરબે ગુણ અભિરામ...ગોપી૦
આપો બુદ્ધિ સુંદર શ્યામ...ગોપી૦ ૨
તમે ગોલોકધામ નિવાસી...ગોપી૦
તમે છો વૃંદાવન વિલાસી...ગોપી૦ ૩
તમારો મહિમા અપરંપાર...ગોપી૦
તમારો નિગમ ન કરે નિર્ધાર...ગોપી૦ ૪
તમારું શિવ બ્રહ્મા ધરે ધ્યાન...ગોપી૦
તમારું સહસ્રવદન કરે ગાન...ગોપી૦ ૫
તમને મહામુની ઉર ધારે...ગોપી૦
શુક સનકાદિક પળ ન વિસારે...ગોપી૦ ૬
તમે છો અખિલ લોકપતિ ઈશ...ગોપી૦
તમે હરિ રચ્યાં તત્ત્વ ચોવીસ...ગોપી૦ ૭
તમે છો અનંત બ્રહ્માંડના કર્તા...ગોપી૦

તમે છો સૌના ભર્તા હર્તા...ગોપી૦ ૮

તમે હરિ જુગ-જુગ દિવ્ય સ્વરૂપ...ગોપી૦
ધારો અગણિત રૂપ અનુપ...ગોપી૦ ૯

તમે હરિ કમલાકાંત કહાવો...ગોપી૦
રાધારમણ ભક્તમન ભાવો...ગોપી૦ ૧૦

તમે હરિ ગઢપુર ભલે પધાર્યા...ગોપી૦
તમે સઉ જનનાં કારજ સાર્યાં...ગોપી૦ ૧૧

કીધું ગઢપુર ગોકુળધામ...ગોપી૦
ઘેલો જમુના પાવન નામ...ગોપી૦ ૧૨

ધન્ય ધન્ય ઉત્તમનો દરબાર...ગોપી૦
કીધો મુક્તિનો દાતાર...ગોપી૦ ૧૩

તમારે દર્શને દુ:ખ જાય...ગોપી૦
જનનાં પાતક પ્રલય થાય...ગોપી૦ ૧૪

તમારું નામ જપે નર કોય...ગોપી૦
તેને જન્મ મરણ નવ હોય...ગોપી૦ ૧૫

તમારો દીઠો બહુ પ્રતાપ...ગોપી૦
કીધાં નરનારી નિષ્પાપ...ગોપી૦ ૧૬

જે જન દર્શન કરવા આવે...ગોપી૦
ડગલે કોટી જગન ફળ પાવે...ગોપી૦ ૧૭

તમે છો દીન તણા દુ:ખભંજન...ગોપી૦
તમે છો માનીના મદગંજન...ગોપી૦ ૧૮

તમે છો દીન તણા પ્રતિપાળ...ગોપી૦
તમે છો કાળ તણા હરિ કાળ...ગોપી૦ ૧૯

તમને ભજે સકામી જન...ગોપી૦
આપો મનવાંછિત જીવન...ગોપી૦ ૨૦

આપો ધન પુત્ર ને પરિવાર...ગોપી૦
કાપો દુઃખ દારિદ્ર અપાર...ગોપી૦ ૨૧
આપો રિદ્ધિ સિદ્ધિ બહુ ભોગ...ગોપી૦
ટાળો ત્રિવિધતાપ ને રોગ...ગોપી૦ ૨૨
તમે છો કલ્પતરુ ભગવાન...ગોપી૦
આપો ઈચ્છીત કૃપાનિધાન...ગોપી૦ ૨૩
તમે છો કામધેનુ સુખપુર...ગોપી૦
તમે છો ચિંતામણિ ચતુર...ગોપી૦ ૨૪
તમને મેલીને અભિમાની...ગોપી૦
સેવે ભૈરવ ભૂત અજ્ઞાની...ગોપી૦ ૨૫
જ્યાં ત્યાં વત્સ ઘાલે માથું...ગોપી૦
પામે નિજ માતા વિન લાતું...ગોપી૦ ૨૬
સાચા માતપિતા છો તમે...ગોપી૦
સુખિયો થાયે તમને નમે...ગોપી૦ ૨૭
તમને નમ્યા વિના જે પ્રાણી...ગોપી૦
ભોગવે નરક ફરે ચાર ખાણી...ગોપી૦ ૨૮
મૂરખ મનુષ્ય તણી દેહ પામી...ગોપી૦
તમને ન ભજે તેહ લૂણહરામી...ગોપી૦ ૨૯
જાશે જમપુરમાં અભાગી...ગોપી૦
લીધા નરકકુંડ દુઃખભાગી...ગોપી૦ ૩૦
જમની આજ્ઞામાં નિત રે'શે...ગોપી૦
કાળ કર્મવશ મહાદુઃખ સહેશે...ગોપી૦ ૩૧
જે જન તમારા કે'વાયા...ગોપી૦
તેનું નામ ન લે કાળ માયા...ગોપી૦ ૩૨
તમારા ભુજદંડને અનુસર્યા...ગોપી૦
તેણે મહા શત્રુ વશ કર્યા...ગોપી૦ ૩૩

તે નર મહાસુખિયા સુખ માણે...ગોપી૦
કોઈની બીક ન મનમાં આણે...ગોપી૦ ૩૪
તમને નિષ્કામી જન પ્યારા...ગોપી૦
તે જન ન રહે તમથી ન્યારા...ગોપી૦ ૩૫
તમારાં ચરણકમળ વિના બીજે...ગોપી૦
એનું મન ક્યાંય નવ રીજે...ગોપી૦ ૩૬
તમારી સેવા વિના બડભાગી...ગોપી૦
બીજું કાંઈ નવ ઈચ્છે ત્યાગી...ગોપી૦ ૩૭
બીજા લોક ભોગ સુખ સારાં...ગોપી૦
જાણે નર્ક તુલ્ય નઠારાં...ગોપી૦ ૩૮
રિદ્ધિ સિદ્ધિ જોગ વિભૂતિ...ગોપી૦
સર્વે જાણે માયાહુતી...ગોપી૦ ૩૯
એવા સંત તણી બલિહારી...ગોપી૦
સર્વસ્વ જાયે પ્રેમાનંદ વારી...ગોપી૦ ૪૦

પદ-૨

રાગ : પરજદેશી

ચરણ વંદન કરી વર્ણવું શ્રીગોપીનાથ,
ગાવું ગરબો અભીરામ રે, જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ.
ઉન્મતગંગા તટે શોભતું શ્રીગોપીનાથ;
દુર્ગ પતન છબી ધામ રે જાદવરાય;
પ્રગટ બિરાજો આજ ગઢડે શ્રીગોપીનાથ.....૧
ઈંદ્રભુવન સમ શોભતો શ્રીગોપીનાથ;
ઉત્તમરાય તણો દરબાર રે જાદવરાય...પ્રગટ૦
ઉત્તમ દરબારના મધ્યમાં શ્રીગોપીનાથ;

મંદિર વિમાન આકાર રે જાદવરાય...પ્રગટ૦ ૨
મંદિર શોભા તે શું વર્ણવું શ્રીગોપીનાથ;
રવિરથ સરખો પ્રકાશ રે જાદવરાય...પ્રગટ૦
કનકકળશ ઉપર ઝળમળે શ્રીગોપીનાથ;
કનકધ્વજા ઊડે આકાશ રે જાદવરાય...પ્રગટ૦ ૩
નિત્ય તાંબાળું નોબત ગડગડે શ્રીગોપીનાથ;
પણવ ત્રાંસા શરણાઈ રે જાદવરાય...પ્રગટ૦
વાજે દુક્કડ સારંગિયું શ્રીગોપીનાથ;
ગાયે ગુણી આનંદ વધાઈ રે જાદવરાય...પ્રગટ૦ ૪
ચિત્ર વિચિત્ર શોભે મંડપ શ્રીગોપીનાથ;
શોભા કહી નવ જાય રે જાદવરાય...પ્રગટ૦
કનક કાંચનાં ઝાડ હાંડિયું શ્રીગોપીનાથ;
શોભા રહી અતિ છાય રે જાદવરાય...પ્રગટ૦ ૫
રત્ન સિંહાસન શોભતું શ્રીગોપીનાથ;
હીરા માણેકના જડાવ રે..જાદવરાય...પ્રગટ૦
સોનારૂપાની રચના ઘણી શ્રીગોપીનાથ;
રત્નતોરણના બણાવ રે જાદવરાય...પ્રગટ૦ ૬
શોભાસાગર તમે શ્રીહરિ શ્રીગોપીનાથ;
બિરાજો રાધાજી સહિત રે જાદવરાય...પ્રગટ૦
શું રે વખાણું શોભા રાજની શ્રીગોપીનાથ;
શણગાર શોભા નવી નિત રે જાદવરાય...પ્રગટ૦ ૭
એક દાડાની છબી વર્ણવું શ્રીગોપીનાથ;
સાંભળતાં જન રાજી થાય રે જાદવરાય...પ્રગટ૦
રત્નમુગટ માથે શોભતો શ્રીગોપીનાથ;
નીરખી રવિ ચંદ્ર લજાય રે જાદવરાય...પ્રગટ૦ ૮
રત્ન જડીત કાને કુંડળ શ્રીગોપીનાથ;

કેસર તિલક શોભે ભાલ રે જાદવરાય...પ્રગટ૦
પાનબીડિયું મુખ ચાવતા શ્રીગોપીનાથ;
શોભે અધર અરુણ રસાળ રે..જાદવરાય...પ્રગટ૦ ૯

ગળે ગળબંધ રત્ને જડ્યો શ્રીગોપીનાથ;
કનક કંઠી છબીદાર રે જાદવરાય...પ્રગટ૦
કનક કંઠલો હેમ હાંસડી શ્રીગોપીનાથ;
ઉરમાં ઉતરી રત્નહાર રે જાદવરાય...પ્રગટ૦ ૧૦

મોતીમાળા ઉર ડુગડુગી શ્રીગોપીનાથ;
ચંદનહારની શોભા સાર રે જાદવરાય...પ્રગટ૦
કૌસ્તુભમણી ને શ્રીવત્સ શોભતું શ્રીગોપીનાથ;
ઉરમાં અનેક અલંકાર રે..જાદવરાય...પ્રગટ૦ ૧૧

બાજુકાજુ તે રત્ને જડ્યાં શ્રીગોપીનાથ;
કનકપોંચી તે રત્ને જડીત રે જાદવરાય...પ્રગટ૦
કનકકડાં ને સોનાનાં સાંકળાં શ્રીગોપીનાથ;
વેઢ વીંટિયું ઘટીત રે જાદવરાય...પ્રગટ૦ ૧૨

કેડે કંદોરો કટીમેખલા શ્રીગોપીનાથ;
ચરણે ઝાંઝર ઝમકાર રે જાદવરાય...પ્રગટ૦
સોના તોડો સરસ શોભતો શ્રીગોપીનાથ;
ચરણે ચાખડિયું ઉદાર રે જાદવરાય...પ્રગટ૦ ૧૩

નખશિખા આભૂષણ ઓપતાં શ્રીગોપીનાથ;
શોભો છો શોભાધામ રે જાદવરાય...પ્રગટ૦
જરી પટકા ને જામા જરકશી શ્રીગોપીનાથ;
નીરખી લાજે કોટી કામ રે જાદવરાય...પ્રગટ૦ ૧૪

સુંદર ત્રિભંગી લાલ વાંકડા શ્રીગોપીનાથ;
શોભા તણા નિધાન રે જાદવરાય...પ્રગટ૦
અંતર ફોરે બહુ બે'કતા શ્રીગોપીનાથ;
રસિક સુંદર ભીનેવાન રે જાદવરાય...પ્રગટ૦ ૧૫

તરુણ મનોહર મૂર્તિ શ્રીગોપીનાથ;
સરસ ફૂલે ગરકાવ રે જાદવરાય...પ્રગટ૦
ગુચ્છ તોરા કલંગી વાંકડી શ્રીગોપીનાથ;
સર્વે સુમન શરપાવ રે જાદવરાય...પ્રગટ૦ ૧૬

સરસ વૈજંતીમાળા શોભતી શ્રીગોપીનાથ;
ગજરા બાજુ ગળે હાર રે જાદવરાય...પ્રગટ૦
કનક કટાર કેડે વાંકડો શ્રીગોપીનાથ;
સોનેરી ઢાલ તલવાર રે જાદવરાય...પ્રગટ૦ ૧૭

કનક મોરલી અધર ધરી શ્રીગોપીનાથ;
કનક છડી કર માંયે રે જાદવરાય...પ્રગટ૦
નખશિખ શોભા વર્ણવતાં શ્રીગોપીનાથ;
શેષ શારદ નારદ લજાયે રે જાદવરાય...પ્રગટ૦ ૧૮

શોભા જોઈને જન ઘેલડા શ્રીગોપીનાથ;
ગઢપુરવાસી નરનાર રે જાદવરાય...પ્રગટ૦
આવે જોવાને દેશોદેશના શ્રીગોપીનાથ;
નારી પુરુષ તે અપાર રે જાદવરાય...પ્રગટ૦ ૧૯

ભીડ ભરાય બહુ જનની શ્રીગોપીનાથ;
નિત્ય સમૈયો આઠો જામ રે જાદવરાય...પ્રગટ૦
નીરખી શોભાના સૂરને શ્રીગોપીનાથ;
પ્રેમાનંદ થયો પૂરણકામ રે જાદવરાય...પ્રગટ૦ ૨૦

પદ-૨

વામે અંગ રાજે રાણી રાધિકા શ્રીગોપીનાથ;
શોભાસાગર વાસુદેવ રે જાદવરાય...પ્રગટ૦
નરપતિ નમે આવી દેશના શ્રીગોપીનાથ;
ભાવે સહિત કરે સેવ રે જાદવરાય...પ્રગટ૦ ૨૧

આવે અમરપતિ દરશને શ્રીગોપીનાથ;

દેવાંગનાએ સહિત રે જાદવરાય...પ્રગટ૰
શિવ બ્રહ્મા ને શક્ર આદિક શ્રીગોપીનાથ;
બેસી વિમાને આવે નિત રે જાદવરાય...પ્રગટ૰ ૨૨

પ્રફુલ્લિત થઈને વારે તનમન શ્રીગોપીનાથ;
કરે પુષ્પનો વરસાદ રે જાદવરાય...પ્રગટ૰
ઊતરી વિમાનમાંથી હેઠળે શ્રીગોપીનાથ;
શોભા જોઈને રળિયાત રે જાદવરાય...પ્રગટ૰ ૨૩

મહામંત્ર ભણી કરે વિનતી શ્રીગોપીનાથ;
પઢે પ્રબંધ મુખે છંદ રે જાદવરાય...પ્રગટ૰
વર્ણવે પ્રતાપ જોઈ પ્રગટ શ્રીગોપીનાથ;
કહે ધન્ય સત્ ચિદ આનંદ રે જાદવરાય...પ્રગટ૰ ૨૪

ધર્યો નટવર નરવિગ્રહ શ્રીગોપીનાથ;
ગૂઢગતિ છો પૂરણકામ રે જાદવરાય...પ્રગટ૰
અનંત ભુવનપતિ આપ છો શ્રીગોપીનાથ;
તજી અક્ષર નિજ ધામ રે જાદવરાય...પ્રગટ૰ ૨૫

આવી બિરાજ્યા ગઢપુરમાં શ્રીગોપીનાથ;
નિજ જન અર્થે અવિનાશ રે જાદવરાય...પ્રગટ૰
અનંત ઐશ્વર્ય શક્તિ સહિત શ્રીગોપીનાથ;
પધાર્યા ધર્મનિવાસ રે જાદવરાય...પ્રગટ૰ ૨૬

વિનતી કરીને ગયા નિરઝરા શ્રીગોપીનાથ;
આવ્યા મહામુનિ વિગ્યાન રે જાદવરાય...પ્રગટ૰
નારદ સનકાદિ શુક વ્યાસજી શ્રીગોપીનાથ;
આવ્યા દરશને તજી ધ્યાન રે જાદવરાય...પ્રગટ૰ ૨૭

કરે કર જોડી ઊભા પ્રણતિ શ્રીગોપીનાથ;
દીધા દરશન દયાળ રે જાદવરાય...પ્રગટ૰
અધર્મનો વંશ માયિક મતને શ્રીગોપીનાથ;
કાઢ્યા કાપીને કૃપાળ રે જાદવરાય...પ્રગટ૰ ૨૮

કીધી રક્ષા ધર્મવંશની શ્રીગોપીનાથ;
ધર્મ-ભક્તિના કુમાર રે જાદવરાય...પ્રગટ૦
આપ્યાં મહાસુખ નિજ દાસને શ્રીગોપીનાથ;
કીધા અધમના ઓધાર રે જાદવરાય...પ્રગટ૦ ૨૯

અમિત પ્રતાપ વિસ્તારિયો શ્રીગોપીનાથ;
થાયે પરચા ગામોગામ રે જાદવરાય...પ્રગટ૦
કરો કોડ તેના પૂરણ શ્રીગોપીનાથ;
આપો ઈચ્છિત અભિરામ રે જાદવરાય...પ્રગટ૦ ૩૦

નિષ્કામી જનને આપો નિજપદ શ્રીગોપીનાથ;
સકામી જનને સારા ભોગ રે જાદવરાય...પ્રગટ૦
તમને ભજે તે પ્રાણીના શ્રીગોપીનાથ;
નાસે તન ત્રિવિધિ રોગ રે જાદવરાય...પ્રગટ૦ ૩૧

ધર્મભક્તિની શોભા શી કહું શ્રીગોપીનાથ;
નીરખી નરનારી નિહાલ રે જાદવરાય...પ્રગટ૦
જુગલ મનોહર મૂર્તિ શ્રીગોપીનાથ;
શાંત છે પરમ કૃપાળ રે જાદવરાય...પ્રગટ૦ ૩૨

ધર્મ-ભક્તિએ દયા બહુ કરી શ્રીગોપીનાથ;
દેખાડ્યો પ્રગટ પ્રતાપ રે જાદવરાય...પ્રગટ૦
કંક કીરાત આદિ બહુ જન શ્રીગોપીનાથ;
કીધા સર્વે નિષ્પાપ રે જાદવરાય...પ્રગટ૦ ૩૩

સુરા માંસ ચોરી પરત્રિયા શ્રીગોપીનાથ;
મેલાવ્યાં નિંદીત કર્મ રે જાદવરાય...પ્રગટ૦
અહિંસા આદિ નિજ સ્વધર્મ શ્રીગોપીનાથ;
વેદ વિહિત સ્થાપ્યો ધર્મ રે જાદવરાય...પ્રગટ૦ ૩૪

અધર્મી ગુરુ નૃપ ભેખને શ્રીગોપીનાથ;
પાડ્યા પાછા મારી મેખ રે જાદવરાય...પ્રગટ૦
લીધા સહુના શિશ છોડવી શ્રીગોપીનાથ;

મેટ્યા વિધાતાના લેખ રે જાદવરાય...પ્રગટ૦ ૩૫
મહિમા અપાર યશ કીર્તિ શ્રીગોપીનાથ;
નિગમ ન પામે પાર રે જાદવરાય...પ્રગટ૦
ધન્ય ધર્મભક્તિ માતને શ્રીગોપીનાથ;
કરે સૌ ભક્તિ નરનાર રે જાદવરાય...પ્રગટ૦ ૩૬
મોટો પ્રતાપ ધર્મ-ભક્તિનો શ્રીગોપીનાથ;
તેમના પુત્ર તમે શ્યામ રે જાદવરાય...પ્રગટ૦
કાળ માયા જમ કીંકર શ્રીગોપીનાથ;
કંપે તમારું સુણી નામ રે જાદવરાય...પ્રગટ૦ ૩૭
ગાયો ગરબો પૂરણ પ્રીત શું શ્રીગોપીનાથ;
કરવા સફળ અવતાર રે જાદવરાય...પ્રગટ૦
રાજી રેજો સંત શ્રીહરિ શ્રીગોપીનાથ;
ભક્તિ-ધર્મ પરિવાર રે જાદવરાય...પ્રગટ૦ ૩૮
જે કોઈ ગાયે ને પ્રીતે સાંભળે શ્રીગોપીનાથ;
પામે ધર્મ અર્થ મોક્ષ કામ રે જાદવરાય...પ્રગટ૦
નાસે દારીદ્ર દુઃખ દુઃર્મતી શ્રીગોપીનાથ;
પામે વાંછિત સ્વર્ગ ધામ રે જાદવરાય...પ્રગટ૦ ૩૯
ચરણ ચાલીસ પદ બેયમાં શ્રીગોપીનાથ;
ગાયો મહિમા શણગાર રે જાદવરાય...પ્રગટ૦
અખંડ બિરાજો એવા ઉરમેં શ્રીગોપીનાથ;
પ્રેમાનંદ માગે કરી પ્યાર રે જાદવરાય...પ્રગટ૦ ૪૦

॥ ઇતિ ગોપીનાથજીનો ગરબો સંપૂર્ણમ્ ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

શિવજીનો ગરબો

રાગ : ગરબો

પ્રથમ ગિરિજાપુત્રને પાય લાગીએ રે લોલ;
કર જોડીને વાણી માગીએ રે લોલ...૧

મહિમા ગાઈએ માહંત મહાદેવનો રે લોલ;
થાયે લાભ મોટો ચરણસેવનો રે લોલ...૨

શિવ શંકર ત્રંબક શાંબ મહાજતી રે લોલ;
મહાદેવ હર શંભુ ગૌરીપતિ રે લોલ...૩

નમીએ સહસ્રનામ તણા નામીને રે લોલ;
સતી ગૌરી ગિરિજાતણા સ્વામીને રે લોલ...૪

નમીએ સચ્ચિદાનંદ બ્રહ્મરૂપને રે લોલ;
સુર અસુર નર નાગમુનિ ભૂપને રે લોલ...૫

સર્વ હર્તા ક્રતાંત રુદ્ર જોઈને રે લોલ;
કંપે બ્રહ્માંડવાસી ન મૂકે કોઈને રે લોલ...૬

નમો દક્ષ યજ્ઞ ધ્વંસકારીને રે લોલ;
નમો વીરભદ્ર તનુધારીને રે લોલ...૭

કીધો ક્ષીરસિંધુ મંથન સહુ મળી રે લોલ;
દેવ દૈત્ય દાનવ મોટા મહાબલી રે લોલ...૮

નીકળ્યું કાળકૂટ તે લાગ્યું બાળવા રે લોલ;
કોઈ સમર્થ નહિ એને ટાળવા રે લોલ...૯
સહુએ પ્રાર્થના કરી પૂજ્યા ઈશને રે લોલ;
કીધું પાન હળાહળ વિષને રે લોલ...૧૦
રાખ્યું કંઠમાં તે શોભા કારણે રે લોલ;
નીલકંઠ નામને જાઉં વારણે રે લોલ...૧૧
અનંત પ્રાક્રમ મહિમા અતિશે ઘણો રે લોલ;
શેષ શારદા ન પામે પાર તેહ તણો રે લોલ...૧૨
એવા દિવ્યમૂર્તિ ગિરિજાપતિ રે લોલ;
સિદ્ધનાથ સિદ્ધેશ્વર મહાજતી રે લોલ...૧૩
તપ ત્યાગ વિજ્ઞાન જ્ઞાન મૂર્તિ રે લોલ;
હેમસુતા ન મેલે ક્ષણું ઉરથી રે લોલ...૧૪
શોભાસાગર લાવણ્યતાનું ધામ છે રે લોલ;
રિદ્ધિ-સિદ્ધિપતિ પૂરણકામ છે રે લોલ...૧૫
કંદ ઈંદુકર પુર સમ શોભતો રે લોલ;
નરવિગ્રહ મુનિ મન લોભતો રે લોલ...૧૬
જટાજુટ મુગટ મહિં સુરસરી રે લોલ;
ભાલમાંઈ બાલ ચંદ્ર રહ્યા ધરી રે લોલ...૧૭
અંગ ભસ્મ ને તામરસ લોચન રે લોલ;
શરણાગત ત્રિવિધતાપ મોચન રે લોલ...૧૮
ગજ વ્યાઘ્રચર્મ પરિધાન છે રે લોલ;
ઉરગ ભૂષણ ભૂષિત ભગવાન છે રે લોલ...૧૯
કર ત્રિશુલ ડમરું ને મૂંડમાળ છે રે લોલ;
સંગે શૈલસુતા રૂપ જાળ છે રે લોલ...૨૦
અશિચર્મ પિનાકશર કરમાં રે લોલ;
અતિ રૂપ લાવણ્ય ગંગાધરમાં રે લોલ...૨૧

કર પાવડી ને ચાખડી ચરણે રે લોલ;
નખશિખ શોભા કવિ વર્ણવે રે લોલ...૨૨
નંદીઆરુઢ થઈને શોભે આવતા રે લોલ;
દીન જાચકના તાપ સમાવતા રે લોલ...૨૩
કામધેનુ સુરતરુ ચિંતામણિ રે લોલ;
જીવ જાચે થોડી ને આપે ઘણી રે લોલ...૨૪
યક્ષ રાક્ષસ દાનવ દેવે પૂજિયા રે લોલ;
રાજીવલોચન દીસે રમૂજિયા રે લોલ...૨૫
ભૂતપ્રેત પિશાચગણ સાથ છે રે લોલ;
ડાકણી સાકણી વૈતાલ વીરનાથ છે રે લોલ..૨૬
એવા શિવ સર્વજ્ઞ ગાયા પ્રીતશું રે લોલ;
રૂપ મહિમા પ્રતાપ રસ રીતશું રે લોલ...૨૭
ગાયો ગરબો અતિ હેતે કરી રે લોલ;
ગાયે સાંભળે તે ના'વે ભવમાં ફરી રે લોલ...૨૮
પામે ધનદોલત દુધપુતને રે લોલ;
સેવે ઉમાપતિ અવધૂતને રે લોલ...૨૯
આ ગરબો ગાયે ને શીખે સાંભળે રે લોલ;
પ્રેમાનંદ કહે શિવ નિશ્ચે મળે રે લોલ...૩૦

॥ ઈતિ શિવજીનો ગરબો સંપૂર્ણમ્ ॥

પ્રેમમૂર્તિ સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત

શ્રીહરિસ્વરૂપ ધ્યાનસિદ્ધિના પદો

વંદું સહજાનંદ ભવમોચન

રાગ : ગરબી

પદ-૧

વંદું સહજાનંદ ભવમોચન, રૂપનિધાન કમલદળ લોચન...૧
વંદું ધર્મકુંવર વરદાયક, વા'લો મારો અખિલભુવનના નાયક...૨
વંદું હરિકૃષ્ણ પદપાવન, જનમમરણનાં દુઃખ નસાવન...૩
વંદું ધર્માત્મજ બહુનામી, નિરમળ બુદ્ધિ આપો સ્વામી...૪
વર્ણવું નખશિખ રૂપ તમારું, ઉરમાં આનંદનું કરનારું...૫
સુંદર મૂર્તિ છે ઘનશ્યામ, રૂપ શિલ ગુણ સુખનું ધામ...૬
તરુણ પુષ્ટ તન પંકજ નેણાં, મંજુલ મધુર મનોહર વેણાં...૭
મૂર્તિ ઉંચી કહી વખાણું, ગોપીનાથ મૂર્તિ પરમાણું...૮
સુંદર રૂપછટા તન માંહી, નીરખી કોટિક કામ લજાઈ...૯
ચંચલ ચતુર હૃદે લખી રાખું, પ્રેમાનંદ કે' પ્રાણ વારી નાખું...૧૦

પદ-૨

શ્રીઘનશ્યામ રૂપરસખાણ, એક રસનાએ શું કરું વખાણ...૧
સુંદર રૂપ અનુપમ શોભે, જોતાં હરિજનનાં મન લોભે...૨

ચિતવની ચલની મધુરી મુખ વાણી, નરનારીનાં ચિત્ત લે તાણી...૩
સુંદર હસિત વદન સુખકારી, કરનાં લટકાં પર જાઉં વારી...૪
સુંદર મૂરતિ નાગર નટકી, જોતાં ચિત્ત ચડે રંગ ચટકી...૫
નખશિખ અંગ અતિ રસરૂપ, ઉપમા શી કહું અતિ અનુપ...૬
કર ચરણાદિક અંગ છે કેવાં, સામુદ્રિકમાં કહ્યાં છે તેવાં...૭
સરલ સ્વભાવ સૌમ્ય ગુણ સિંધુ, તેજ પ્રતાપ ઓજ છબી ઈંદુ...૮
બુદ્ધિ વિશાલ પ્રાક્રમ અતિ ભારી, ધીર ગંભીર ઉદાર મુરારી...૯
ત્યાગ જ્ઞાન તપ મૂરતિ સ્વામી, પ્રેમાનંદને ઉર રહો બહુનામી...૧૦

પદ-૩

સહજ સ્વાભાવિક પ્રકૃતિ કહિયે, ગાતાં સુણતાં અતિ સુખ લહિયે...૧
સહજ પ્રકૃતિ શ્રીધર્મકુંવરની, હરિજનનું મન અતિ વશ કરની...૨
ધર્યો નરવિગ્રહ ભવભયહારી, ચરિત્ર કરે અતિ મંગળકારી...૩
નિત્ય સ્વાભાવિક ચેષ્ટા ગાવું, હરિજનને મન હેત ઉપજાવું...૪
શ્રીમહારાજ નેમ નિત્ય રાખી, પાછલી ચાર ઘડી રાત રહે બાકી...૫
ત્યારે ઊઠી દાતણ કરે સુરરાય, એવો સહજ સ્વભાવ સદાય...૬
મુખડું લૂઈ રૂમાલે સ્વામી, ના'વા પધારે હરિ બહુનામી...૭
નિજ કર કળશ્યો લઈ જળ ઢોળે, સેવક જન તે ચરણને ચોળે...૮
રૂડી રીતે નાહીને નાથ, કોરું વસ્ત્ર લઈ નિજ હાથ...૯
સારી પેઠે શરીરને લુ'વે, પ્રેમાનંદ કહે જન સહુ જુવે...૧૦

પદ-૪

પછે ઊભા થઈ શ્રીઘનશ્યામ, વસ્ત્ર પે'રેલું લઈ સુખધામ...૧
બે સાથળ વચ્ચે ભેળું કરીને, નિચોવી પગ લુ'વે ફરીને...૨
પછે બીજું ધોયેલ સૂક્ષ્મ ઘાટું, શ્વેત વસ્ત્ર નહીં જુનું ફાટું...૩
પે'રે સારી પેઠે તાણી તેને, શ્વેત વસ્ત્ર પર રુચિ બહુ જેને...૪

એવા શ્રીસહજાનંદ મહારાજ, ભક્તવત્સલ હરિ ગરીબનિવાજ...૫
પછે બીજું ધોયેલું સૂક્ષ્મ શ્વેત, વસ્ત્ર ઓઢીને વિશ્વનિકેત...૬
ચાખડિયું પે'રીને ચટકતી, જમવા પધારે ચાલ લટકતી...૭
પવિત્ર આસન જમવાનું સારું, ત્યાં જઈ બેસે અભય ઉદારું...૮
જમવા બેસે હરિ તે વારે, વસ્ત્ર ઓઢે છે કાનથી બારે...૯
કાન ઉઘાડા રાખે જમતાં, પ્રેમાનંદને ઉર અતિ ગમતાં...૧૦

પદ-૫

જમવા બેસે ત્યારે વનમાળી, ડાબા પગની પલાંઠી વાળી...૧
તે પર મેલી ડાબા હાથની હથેળી, હાસ્ય વિનોદ હરિ કરતા કેલી...૨
જમણો પગ ઊભો રાખી નાથ, તે પર મેલી જમણો હાથ...૩
પ્રથમ લે છે હરિ નાનો ગ્રાસ, જમતાં શોભે ભક્તનિવાસ...૪
એમ જમે છે દેવના દેવ, વારે વારે પાણી પીધાની ટેવ...૫
જમતાં જણસ જમ્યાની સારી, સુંદર સ્વાદુ જણાયે ભારી...૬
તે આપી મોટા સાધુ હરિજનને, પછે પોતે જમે હરિ તે અનને...૭
જમતાં ઓડકાર ખાયે બહુનામી, પેટ ઉપર હાથ ફેરવે સ્વામી...૮
ક્યારેક તો હરિ જમતાં જમતાં, સાધુ હરિજન હોયે મનગમતાં...૯
તે પર પ્રસન થઈને દયાળ, આપે પ્રેમાનંદ કે' પ્રસાદીનો થાળ...૧૦

પદ-૬

જમ્યા હરિ તૃપ્ત થઈ જગવંદ, ચળુ કરાવે વરણી મુકુંદ...૧
ચળુ કરતાં હરિ રૂપનિધાની, દાંત ખોતરે સળી લઈ રૂપાની...૨
પ્રથમ હરિ બે કરને ધુવે, કોગળા કરી પછે મુખને લુવે...૩
મુખવાસ લઈને પ્રાણઆધાર, સાધુને પીરસવા થાયે તિયાર...૪
ડાબે ખભે હરિ ખેસને આણી, કેડ સંગાથે બાંધે તાણી...૫
હાર તોરા ગજરા હરિ પે'રી, લેરખડા થઈને રંગલે'રી...૬
પ્રેમ સહિત પીરસે ઘનશ્યામ, લાડુ જલેબી લઈ લઈ નામ...૭

સહુને પીરસી રહે હરિ જ્યારે, જમો મહારાજ એમ મુખથી ઉચ્ચારે...૮
ફરે પંગતમાં વારમવાર, પીરસે સંતને ધર્મકુમાર...૯
હરિજન સંતને પીરસવા સારુ, પ્રેમાનંદ કહે ઘણા પ્રસન્ન ઉદારુ...૧૦

પદ-૭

ક્યારેક શ્રીમહારાજ મનોહર, વરસા શરદ ઋતુમાં સુંદર...૧
દુર્ગનગરને સમીપે સારી, જાણી ઘેલા નદી નિર્મળ વારી...૨
સાધુ સતસંગી લઈ સાથ, ના'વા પધારે સુરમુનિ નાથ...૩
પે'રી વસ્ત્ર આભૂષણ પ્યારો, થઈ અસવાર અશ્વે દ્રગતારો...૪
નીસરે ઊભી બજારે જોતાં, પુરજનના મનને અતિ મો'તાં...૫
જાઈ નદી તીરે વસ્ત્ર ઉતારી, ના'વા પેસે નવલવિહારી...૬
નિર્મળ નીર વખાણે ના'તાં, હરિજનને આનંદના દાતા...૭
નિજજન ભેળા બહુ પ્રકારે, જળક્રીડા કરી આનંદ વધારે...૮
જળમાં ડબકી મારે ત્યારે, નાક આંખ્ય કાન દાબે તે વારે...૯
ડબકી મારી રહે ઝાઝીવાર, પ્રેમાનંદ નીરખી જાયે બલિહાર...૧૦

પદ-૮

વળી વખાણું જળની ક્રીડા, સાંભળતામાં હરે ભવ પીડા...૧
ડબકી મારે જળમાં હરિ જ્યારે, વહે શિર પર જળ છત્રાકારે...૨
જાણિયે શેષજિયે ફણા વિસ્તારી, એમ જણાય ગંગાનાં વારી...૩
ડબકી મારીને મુખ કાઢે બારે, જમણો હાથ ફેરે મુખ પર ત્યારે...૪
સહજ સ્વભાવે કોગળા કરે છે, સરવે મુનિના મનને હરે છે...૫
સજલ જલજસમ મુખ બહુ શોભે, મુનિ હરિજનના ચિત્તને લોભે...૬
ક્યારે નદી મધ્ય પ્રવાહમાં ઊભા, જળની રમતના કરે મનસૂબા...૭
મુનિ હરિજનને મેલે તણાતા, બહુ પછડાયે તે જાતાં જાતાં...૮
તેને જોઈ બહુ હસે અલબેલો, વળી એકબીજાને મારે હડસેલો...૯
એમ જળક્રીડા કરે બહુ શ્યામ, પ્રેમાનંદનો સ્વામી પૂરણકામ...૧૦

પદ-૯

જળમાં ઊભા રહી અવિનાશ, કિરતન ગવારે સાધુની પાસ...૧
તાળી વજાડીને સાધુ ગાયે, પોતે ભેળા ગાયે આનંદ થાયે...૨
એમ શ્રીહરિ નિત્ય જળમાં નાયે, નિત્ય નવી લીલા કહી નવ જાયે...૩
પ્રથમ નાહવા પેસે ત્યારે, નાહીને બારે નીસરે જ્યારે...૪
નિજ પ્રિય હરિજન હોયે બળિયો, સરવે પ્રકારે હોયે છળિયો...૫
પોતે ઝાલે તેનો હાથ, એમ કરી બા'રે નીસરે નાથ...૬
નીરખી નીરખી પ્રફુલ્લિત મુખ થાયે, એવા ભક્ત પોતાના ઘણાયે...૭
તેમણે સહિત નદીથી બા'રે, નીસરી નદીને કાંઠે ઊભા રે'...૮
વસ્ત્ર પે'રેલું બે હાથે નિચોવે, પ્રથમની પેરે શરીરને લો'વે...૯
ધોળો ખેસ તાણીને પે'રે, પ્રેમાનંદ નીરખે હરખ ઘણે રે...૧૦

પદ-૧૦

ધોળો ફેંટો બાંધે માથે, અતિ ઉતાવળા થઈ નિજ હાથે...૧
વચ્ચે એક છેડાનું છોગું બનાવી, એક આંટો ભ્રકુટી પર લાવી...૨
એમ બાંધે ફેંટો ઘનશ્યામ, સરવે સુંદરતાનું ધામ...૩
ધોળો ખેસ ડાબે ખભે નાંખી, એક છેડો નાભી હેઠો રાખી...૪
ખેસને કેડ સંગાથે તાણી, બાંધે સુંદર સારંગપાણી...૫
શ્વેત ફૂલના સુગંધી સારા, હાર તોરા ગજરા પે'રી પ્યારા...૬
ભારે ઘોડે અસવાર થઈને, મુક્ત હજારું ભેળા થઈને...૭
જેમ ચકોરે વીંટ્યો ચંદ, એમ શોભે પ્રભુ સહજાનંદ...૮
આવે ભેળા સર્વે હરિજન ગાતા, તેમના નેત્રને આનંદદાતા...૯
એમ ઉતારે આવે સ્વામી, પ્રેમાનંદનો પ્રભુ અંતરજામી...૧૦

પદ-૧૧

સહજ પ્રકૃતિ ગાવું હિતે, હરિજન સાંભળજો એક ચિત્તે...૧
ચાલે મહારાજ રૂડી ચાલ લટકતી, પે'રી ચાખડી કે મોજડી ચટકતી...૨

સુંદર ખેસ કે પછેડી ધોળી, નહિ બહુ લાંબી નહિ બહુ પો'ળી...૩
ડાબે ખભે આડસોડે નાંખી, જમણા હાથમાં રૂમાલને રાખી...૪
રૂમાલે જુક્ત જે જમણો હાથ, સહેજે હલાવતાં ચાલે નાથ...૫
ક્યારેક ડાબો કર અતિ સુંદર, ચાલે નાથ મેલી કેડ ઉપર...૬
જમણા હાથમાં રાખી રૂમાલ, ચાલે હલાવતાં ગજગતિ ચાલ...૭
સે'જે ઉતાવળું ચાલ્યાની ટેવ, ભક્તવત્સલ સરવે દેવના દેવ...૮
ચાલે ઉતાવળી ચાલ હરિ જ્યારે, પૂગે નિજજન દોડે ત્યારે...૯
ચટ-ચટ શબ્દ ચાખડીનો થાયે, પ્રેમાનંદ સાંભળીને પ્રાણ વારી જાયે...૧૦

પદ-૧૨

વળી કહું સહજ સ્વભાવ સ્વામીનો, પરમપુરુષ હરિ બહુનામીનો...૧
ક્યારેક કાંઈક કારજને કરવા, ત્યાર થઈ ઊભા મન હરવા...૨
ધીરે ધીરે ચાલતા હોય વનમાળી, જમણા હાથની મૂઠી વાળી...૩
પોતાના જમણા સાથળમાંહી, ધીરે ધીરે માર્યાનો સ્વભાવ સદાઈ...૪
ક્યારેક માણસની ભીડ બહુ થાયે, ઊડે ગરદ પોતે અકળાયે...૫
ત્યારે રૂમાલ નિજ કરમાં લે છે, નાસિકા મુખ પર આડો દે છે...૬
ક્યારેક ઢોળિયા ઉપર બિરાજે, મુનિવર ગાયે બહુ વાજાં વાજે...૭
ક્યારેક ગોદડું ઓછાડે સહિત, પાથર્યું હોયે તે પર બેસે નિત...૮
ક્યારેક ગાદી પર બેસે સ્વામી, ક્યારેક ચાકળે બેસે બહુનામી...૯
ક્યારેક તકિયો પલંગ પર સુંદર, પ્રેમાનંદ કે' આવી બેસે તે પર...૧૦

પદ-૧૩

સાંભળજો હરિજન દઈ ચિત્ત, વળી હું કહું બેઠાની રીત...૧
ક્યારે પલાંઠી વાળી બેસે, ક્યારેક ઢીંચણ બાંધે લઈ ખેસે...૨
ઘણુંક તકિયે ઉઠીંગણ દઈને, બેસે હે નારાયણ ! કહીને...૩
ઢોલિયા ઉપર અથવા આસન પર, કરી તકિયે ઉઠીંગણ સુંદર...૪

બેસે બે પગ લાંબા મેલી, પગ પર પગ મૂકીને હેલી...૫
એમ બેસવાનો સહજ સ્વભાવ, એવા શ્રીકૃષ્ણ સકલ મુનિરાવ...૬
ક્યારેક બેઠા થકા રંગ લે'રી, ઊર્ધ્વરેખા ડાબા પગ કેરી...૭
તે પર આંગળી જમણા હાથની, ઊભી ફેરવાની ટેવ નાથની...૮
ક્યારેક જીભને સહજ સ્વભાવે, ડાબી કોરે દાંત તળે દબાવે...૯
એમ છે સહજ પ્રકૃતિ વહાલાની, પ્રેમાનંદના સ્વામી ધર્મલાલાની...૧૦

પદ-૧૪

વળી વખાણું સહજ પ્રકરતિ, સાંભળજો સહુ દઈ ચિત્ત વરતિ...૧
ક્યારેક તો પોતે પરમેશ્વર, પોતાની ડોકને લઈ હરિવર...૨
બે પાસે મરડી નિજ હાથ, કડાકા વગાડે મુનિનો નાથ...૩
ક્યારેક પોતાના ભક્તને પાસ, અંગ દબાવે છે અવિનાશ...૪
ક્યારેક હૈયા તળે તકિયો આણી, વાંસો દબાવે સારંગપાણી...૫
સહેજે બેઠા હોય બહુનામી, તુલસીની માળા ફેરવે સ્વામી...૬
ક્યારેક રમતની પેઠે માળા, બેવડી કરીને દીનદયાળા...૭
બે બે મણકા ભેળા ફેરવે, બે અંગોઠા આંગળીને ટેરવે...૮
ક્યારેક વાર્તા કરતા નાથ, બે ઢીંચણ પર મેલી બે હાથ...૯
પ્રેમાનંદ કહે કરી રમૂજ હસે છે, માળા ભેળી કરી કરમાં ઘસે છે...૧૦

પદ-૧૫

સહજ પ્રકૃતિ ધર્માત્મજની, સુણતાં સુખ આપે દિન રજની...૧
ક્યારેક માળા ન હોયે પાસ, આંગળીના પરવ ગણે અવિનાશ...૨
ક્યારેક નેત્રને મીંચી સ્વામી, ધ્યાન કરે છે અંતરજામી...૩
ક્યારેક ઉઘાડાં રાખી લોચન, ધ્યાન કરતાં બેસે ભવમોચન...૪
ક્યારેક ધ્યાન કરતાં વા'લો, ચમકીને જાગે ધર્મનો લાલો...૫
ક્યારેક પોતા આગળ મુનિજન, વાજાં વગાડીને ગાયે કીર્તન...૬
ત્યારે બેસે હરિ ધ્યાન કરીને, પાછા જબકી જાગે ફરીને...૭

ક્યારેક ચપટી વજાડી શ્યામ, સાધુ ભેળા ગાયે સુખધામ...૮
ક્યારેક સાધુ વજાડી તાળી, ગાયે કીર્તન ફરે મંડળી વાળી...૯
તે ભેળા ફરી ગાયે વનમાળી, પ્રેમાનંદ કે' વજાડી તાળી...૧૦

પદ-૧૬

ક્યારેક પોતા આગળ મુનિવર, વાજાં વજાડીને ગાયે સુંદર...૧
પોતા આગળ કથા વંચાયે, સાંભળીને પાસે ખસતા જાયે...૨
નિજજન આગળ વારતા કરતા, વદનમાંથી વચનામૃત ઝરતા...૩
ખસતા તે જન પાસે આવે, લટકાં કરતાં સહજ સ્વભાવે...૪
કથા વંચાવતા હોય હરિ જ્યારે, હરે હરે એવો શબ્દ ઉચ્ચારે...૫
બીજી ક્રિયામાં સુખદેણ, કથાને ભાને સુંદર નેણ...૬
હરે એવો શબ્દ કરે ઉચ્ચાર, સુંદર મુખથી વારમવાર...૭
પોતાને તેની સ્મૃતિ થાય, ભક્ત સામું જોઈ હસે હરિરાય...૮
એવાં બહુ ચરિત્ર કરે ઘનશ્યામ, નિજજનને ઉર આનંદધામ...૯
એવા ધર્મકુંવર બહુનામી, પુરુષોત્તમ પ્રેમાનંદનો સ્વામી...૧૦

સાંભળો હરિજન એક ચિત્તે

રાગ : ચોપાઈ

પદ-૧

સાંભળો હરિજન એક ચિત્તે રે, ગાવું સ્વાભાવિક ચેષ્ટા પ્રીતે રે;
    ક્યારેક રાજીપામાં વાત રે, કરતા હોયે હરિ સાક્ષાત રે...૧
ક્યારેક કથા વંચાવતા હોયે રે, કિરતન ગવરાવે તોયે રે;
    કાંઈક કરે બેઠા વિચાર રે, એક ચિત્તે શ્રીધર્મકુમાર રે...૨
તે વચ્ચે કોઈ પૂછવા આવે રે, હરિને જમવા સારુ બોલાવે રે;
    કોઈ આવે હરિની પૂજા કરવા રે, કોઈ હાર પે'રાવા ભેટ ધરવા રે..૩
તે ઉપર કચવાયે અવિનાશ રે, કહે આવવા ન દેશો અમ પાસ રે;

ક્યારેક ભક્તની સભામાંયે શ્યામ રે, બેઠા હોય તે પૂરણ કામ રે...૪
ધર્મજ્ઞાનવૈરાગ્યે જુત ભક્તિ રે, તે સંબંધી વારતાની જુક્તિ રે;
નિજ ભક્ત આગે અંતરજામી રે, કરે પ્રેમાનંદનો સ્વામી રે...૫

પદ-૨

નિજ ભક્ત ઉપર દીનબંધુ રે, આજ અઢળ ઢળ્યા છે જ્ઞાનસિંધુ રે;
સાંખ્ય યોગ પંચરાત્ર વેદાંત રે, એ શાસ્ત્રતણું સિદ્ધાંત રે...૧
પરમ રહસ્ય દોઈને સુખસાર રે, કહે ભક્તને ધર્મકુમાર રે;
નિજ ભક્તરૂપી જે કલ્પદ્રોમ રે, તેને સિંચે હરિ જેમ સોમ રે...૨
ક્યારેક તો ભક્તાધાર રે, બેઠા ભક્ત સભામાં કિરતાર રે;
નિજભક્ત આગળ ભયહારી રે, ધર્મ આદિકની વારતા વિસ્તારી રે..૩
જ્યારે કરે છે કૃપાનિધાન રે, ત્યારે પ્રથમ પોતાની ભગવાન રે;
બે ભુજા ઉંચી ઉપાડી રે, બે હાથની તાળી વજાડી રે...૪
સરવે છાનાં રાખીને જન રે, કરે વારતા જગજીવન રે;
એમ નિત્ય નિજ જનની સાથ રે, કરે લીલા પ્રેમાનંદનો નાથ રે...૫

પદ-૩

વળી ભક્તવત્સલ ભયહારી રે, વારતાને વિષે સુખકારી રે;
થઈ એકાગ્ર ચિત્ત ભગવાન રે, કરે વારતા વિસારી તન ભાન રે..૧
ઓઢવાનું વસ્ત્ર ખસી જાયે રે, ખબર ન રે' એવો સ્વભાવ સદાયે રે;
ક્યારેક તો સુંદર શ્યામ રે, બેઠા સંત સભામાં સુખધામ રે...૨
નિજ સન્મુખ બેઠા જે સંતજન રે, સમજુ હરિભક્ત પાવન રે;
પ્રશ્ન ઉત્તર કરાવે તેની પાસ રે, પોતે સાંભળે બેઠા અવિનાશ રે...૩
કોઈક પ્રશ્ન કઠણ પુછે ભારી રે, ઉત્તર બીજાથી ન થાય રહે હારી રે;
સહુને આનંદ ઉપજાવતા દયાળ રે, પોતે ઉત્તર કરે છે તતકાળ રે..૪
ક્યારેક વારતા કરતા થકા દેવ રે, ફૂલનો ગુછ હાથે ચોળવાની ટેવ રે;
એવાં કરે ચરિત્ર સુખકંદ રે, પ્રેમાનંદનો સ્વામી સહજાનંદ રે...૫

પદ-૪

હરિજન સાંભળો એક ચિત્તે રે, કહું સહજ સ્વભાવ કરી પ્રીતે રે;
ક્યારેક તો વારતા કરતા રે, હરિજનનના મનને હરતા રે...૧
રૂમાલના છેડાને વળ દેવો રે, હરિનો સહજ સ્વભાવ છે એવો રે;
ક્યારેક ઉત્સવને વિષે જીવન રે, નાના દેશથી આવ્યા જે હરિજન રે..૨
લાવ્યા પૂજાસામગ્રી બહુ ભારી રે, તેનો કરે અંગીકાર સુખકારી રે;
ક્યારેક ઉત્સવ ઉપર સંગ લઈને રે, આવ્યા હરિભક્ત સહુ ભેળા થઈને રે.૩
તેમણે ચઢાવ્યા જે પુષ્પના હાર રે, તેને ગ્રહણ કરે છે ભક્તાધાર રે;
ક્યારેક બે હાથે ગ્રહણ કરે છે રે, ક્યારેક ચરણે કરીને હાર લે છે રે..૪
ક્યારેક લે છે હાર છડીએ કરીને રે, ચારે કોરે ભક્તવત્સલ ફરીને રે;
અતિ ચંચળ મનોહર મૂરતિ રે, પ્રેમાનંદ કે' ન મેલું ઉરથી રે...૫

પદ-૫

ક્યારેક તો ધર્મકુમાર રે, નિજ ભક્તને પ્રાણઆધાર રે;
નિજ દરશને કરીને શ્યામ રે, સમાધિ કરાવે સુખધામ રે...૧
ક્યારેક તો દીનદયાળ રે, સમાધિમાંથી ઉઠાડે તતકાળ રે;
ક્યારેક તો સમાધિવાન રે, પડ્યો હોયે તે મૃતક સમાન રે...૨
તેના નેત્રને ઉઘાડી નિજ હાથે રે, નિજદષ્ટિ જોડી દષ્ટિ સાથે રે;
કરી સંકલ્પ જગાડે છે હરિ રે, નહીં તો ઊંચે ઘેરે સાદે કરી રે...૩
ક્યારેક તો કૃપાના સિંધુ રે, બેઠા હોયે સભામાં દીનબંધુ રે;
કોઈક ભક્તને તેડવો હોયે પાસ રે, કરે નેત્ર તણી સાન અવિનાશ રે..૪
નૈ તો અંગુઠાને પાસની આંગળી રે, તેની સાને બોલાવે છે વળી રે;
એમ કરે હરિ ચેષ્ટા અનંત રે, પ્રેમાનંદનો સ્વામી ભગવંત રે...૫

પદ-૬

વળી પૂરણ પુરુષોત્તમ સ્વામી રે, ક્યારેક તો અંતરજામી રે;
મોગરા આદિક પુષ્પના હાર રે, લીંબુ આદિક જે ફળ સુખસાર રે...૧

તેને શિતળ જાણીને ધર્મલાલો રે, વારે વારે આંખે અડાડે છે વા'લો રે;
ક્યારેક તો હરિ બહુનામી રે, કથા કરાવીને સાંભળે છે સ્વામી રે...૨
ક્યારેક તો હરિ સુખકારી રે, પોતે કથા કરે છે ભયહારી રે;
ક્યારેક વાર્તા કરે છે હરિરાયે રે, કીર્તન ગવારે ને પોતે ભેળા ગાયે રે..૩
હરિનાં મંદિર કરાવે છે ભારી રે, સાધુ બ્રાહ્મણ જમાડે છે સુખકારી રે;
એવી સત્ક્રિયા કર્યાનો ઉછાવ રે, નવરું ન રહેવું એવો જ સ્વભાવ રે.૪
ભક્તિ-ધર્મ સંબંધી કારજ જે જે રે, પોતે આરંભ કર્યા હોય તે તે રે;
તેને સંપૂર્ણ કરવામાં સિઘ્રપણું રે, પ્રેમાનંદ કે' સ્વામીને અતિ ઘણું રે..૫

પદ-૭

એમ અખિલ ભુવનના પ્રાણ રે, કરે સ્વાભાવિક ચેષ્ટા સુજાણ રે;
ક્યારેક તો હરિ સ્વછંદ રે, છીંક ખાવી હોયે તારે સુખકંદ રે...૧
પ્રથમથી રૂમાલ લઈ હાથ રે, મુખ આડો રાખી દીનોનાથ રે;
ઊંચે સાદે છેટે સંભળાયે રે, એમ બે ત્રણ ભેળી છીંક ખાયે રે...૨
જ્યારે બગાસું ખાયે છે હરિ ત્યારે રે, હરિહરિ એવા શબ્દને ઉચ્ચારે રે;
નિજ કરે કરીને સુખદેણ રે, ચોળે બે ત્રણ વાર કમળનેણ રે...૩
વાળી નિષ્કામ ભક્ત હોયે એવા રે, તેની કરેલી ગમે છે જેને સેવા રે;
કોઈક રમૂજે કરીને ઘનશ્યામ રે, અતિશે હસે છે અભિરામ રે...૪
ત્યારે હાથે ગ્રહીને રૂમાલ રે, મુખ આડો દઈ હસે કૃપાળ રે;
એવી સહજ ક્રિયા હરિ કેરી રે, ગાયે પ્રેમાનંદ પ્રીતે ઘણેરી રે...૫

પદ-૮

ક્યારેક તો કૃપાનિવાસ રે, દેશ દેશથી આવ્યા નિજ દાસ રે;
અતિ વલ્લભ પોતાને એવા સંત રે, તેમાં ભક્તજન પ્રિય જે અત્યંત રે..૧
તેને જોઈ પ્રસન્ન થઈ નાથ રે, ઉભા થઈને મળે છે ભરી બાથ રે;
ક્યારેક તો ભક્તાધાર રે, ઉત્સવને વિશે અવિકાર રે...૨
નિજ સમીપે રહીને સંત જન રે, નિજ આજ્ઞા ગ્રહીને શુદ્ધ મન રે;
પરદેશમાં જાતાં જાણી તેને રે, થઈ પ્રસન્ન મળે છે હરિ એને રે...૩

ક્યારેક તો કૃપા નિધાન રે, પોતે પ્રસન્ન થઈને ભગવાન રે;
નિજ જનના શિશપર નાથ રે, આપી અભય મુકે છે બે હાથ રે...૪
ક્યારેક તો પ્રસન્ન થઈને રે, કોઈક ભક્તના ઉરમાં લઈને રે;
બે ચરણ ધારે છે ઘનશ્યામ રે, પ્રેમાનંદનો સ્વામી પુરણકામ રે...૫

પદ-૯

ક્યારેક તો દીનના દયાળ રે, નિજ આજ્ઞા પાળવા તતકાળ રે;
થયો તત્પર એવો ભક્ત હોયે રે, તેમ આજ્ઞા પાળીને આવ્યો તોયે રે..૧
એવો ભક્તજન તેને હરિ જોઈ રે, તેના ઉપર પ્રસન્ન પ્રભુ હોઈ રે;
તેના હૃદામાંઈ ઘનશ્યામ રે, આપે ચરણ કમળ સુખધામ રે...૨
ક્યારેક તો કૃપનિધાન રે, કોઈ ભક્તજનને ભગવાન રે;
થઈ પ્રસન્ન શ્રીધર્મકુમાર રે, આપે પ્રસાદી કુસુમના હાર રે...૩
વળી આપે તોરા ને બાજુબંદ રે, વસ્ત્ર આભૂષણ આપે સુખકંદ રે;
વળી અતિશે ઉદાર છે સ્વભાવ રે, એવા અખિલ ભુવનના રાવ રે..૪
અતિપ્રિય પોતાને હોય એવું રે, બહુ મૂલી પદારથ તેવું રે;
પ્રેમાનંદ કે' દેવાનું મન ધારે રે, તતકાળ આપે કાંઈ ન વિચારે રે...૫

પદ-૧૦

એવો ઉદાર સ્વભાવ છે સ્વામીનો રે, ભક્તવત્સલ બહુનામીનો રે;
ક્યારેક તો સંત સમાજ રે, હરિની પૂજા કરવાને કાજ રે...૧
આવ્યા લાવ્યા પૂજાનો ઉપચાર રે, ધુપ દીપ ચંદન પુષ્પના હાર રે;
નખશિખ ચરચી ચંદન અંગે રે, બાજુબંધ હાર પે'રાવી ઉમંગે રે...૨
માથે પુષ્પની ટોપી ધરાવી રે, ગુચ્છ ખોસે બહુ કાનમાં લાવી રે;
પુજા કરીને આરતી ઉતારે રે, મળે અતિ હેતે વારે વારે રે...૩
નખશિખા લગી મૂરતિને જોઈ રે, હળવે હળવે લે છે ઉરમાં પ્રોઈ રે;
ક્યારેક તો હરિવર વળી રે, નિજ કર ચરણની આંગળી રે...૪

તેને મરડીને પ્રાણઆધાર રે, કડાકા વગાડે કીરતાર રે;
એવી ચેષ્ટાને કરતા બહુનામી રે, પરિબ્રહ્મ પ્રેમાનંદનો સ્વામી રે...૫

પદ-૧૧

ક્યારેક તો ભક્તજીવન રે, પોતા પાસે જે બેઠા હરિજન રે;
તેને પાસે શ્રીનાથજી બોલાવી રે, પ્રથમ કર ચરણને ચંપાવી રે...૧
પછે આંગળિયું મરડાવીને વહાલો રે, કડાકા વગડાવે ધર્મલાલો રે;
ક્યારેક ડોકને મરડીને નિજ હાથ રે, કડાકા વગાડે છે નાથ રે...૨
ક્યારેક તો કોઈક પ્રાણીને રે, દુઃખિયો દેખી અથવા સાંભળીને રે;
તતકાળ દયાવાન થકા દેવ રે, રામ રામ એમ બોલવાની ટેવ રે...૩
ક્યારેક તો મનુષ હર કોઈ રે, દીનબંધુ તેને દુઃખિયો જોઈ રે;
અતિ દયાયે કરીને બહુનામી રે, નિજ ચિત્તમાં ખેદને પામી રે...૪
પ્રસન્ન થઈ અન્ન-ધન-વસ્ત્ર આપી રે, તે દીનનાં નાખે છે દુઃખ કાપી રે;
પરઉપકાર કરવાની ટેક રે, પ્રેમાનંદનો સ્વામી એવા એક રે...૫

પદ-૧૨

ક્યારેક તો દીનદયાળ પ્રભુ રે, દીનબંધુ હરિ અતિશે કૃપાળુ રે;
કેને મારતો હોયે જીવ કોઈ રે, અતિ દયાળુ ન શકે તેને જોઈ રે...૧
દયાએ કરીને દયાળ રે, હાં હાં કરીને નિવારે તતકાળ રે;
પોતા આગે કોઈનું કોઈ જન રે, આવી બોલે ઘસાતું વચન રે...૨
તેને સાંભળીને જાયે કચવાઈ રે, તેનો અનાદર કરે સુખદાઈ રે;
ક્યારેક તો સુંદર વર રે, નિજ દેહમાં હોયે કસર રે...૩
ત્યારે ડાબે હાથે કરી દેવ રે, જમણા હાથની નાડી જોયાની ટેવ રે;
જ્યારે સભામાંથી ઊઠે બહુનામી રે, જય સચ્ચિદાનંદ કહી સ્વામી રે..૪
જય સ્વામિનારાયણ કહી હરિ રે, સાધુને નમસ્કાર કરી રે;
એમ કહીને ઉતારે હરિ જાયે રે, પ્રેમાનંદ એવી ચેષ્ટા ગાયે રે...૫

પદ-૧૩

એવી ચેષ્ટા હરિની અતિ સાર રે, ગાતાં સુણતાં ઉતારે ભવ પાર રે;
એ પ્રગટ પ્રભુની લીલા કેવી રે, હરિજનને સાંભળ્યા જેવી રે...૧
ક્યારેક તો હરિ સુખધામ રે, ચાલે માર્ગે ઘોડે ચડી શ્યામ રે;
ત્યારે લીલાએ કરીને સુખરૂપ રે, ઘોડાની ડોક ઉપર અનૂપ રે...૨
એક પગને લાંબો વિસ્તારી રે, ઘોડાને ચલાવે સુખકારી રે;
સુવે ત્યારે કૃપાનિધાન રે, પ્રથમ જાગતાં થકા ભગવાન રે...૩
નિજ કરની આંગળી ભાલમાંઈ રે, તિલક કર્યાની પેઠે સુખદાઈ રે;
ઊભી ફેરવે છે અંતરજામી રે, શ્રીધર્મકુંવર બહુનામી રે...૪
વળી સુવે ત્યારે દીનોનાથ રે, માળા માંગીને જમણે હાથ રે;
ફેરવતાં થકા સુખધામ રે, સુવે પ્રેમાનંદનો શ્યામ રે...૫

પદ-૧૪

વળી દીનબંધુ છે દયાળ રે, શરણાગતતણા પ્રતિપાળ રે;
રાતે પોઢે ત્યારે દીનબંધુ રે, નિજ મુખકમળ સુખસિંધુ રે...૧
રાખી ઉઘાડું પોઢે રંગભીનો રે, એવો સ્વભાવ સદાય સ્વામીનો રે;
પોતે ભરનિદ્રામાંયે શ્યામ રે, સુતા હોયે સુંદર સુખધામ રે...૨
કોઈક અજાણે જરાક અડી જાયે રે, જાગે તરત ઝબકીને હરિરાયે રે;
પુછે કોણ છે એમ ભયહારી રે, એવો સહજ સ્વભાવ સુખકારી રે...૩
આવી રીતે શ્રીજીની ઘણી સારી રે, સ્વાભાવિક ચેષ્ટા સહુથી ન્યારી રે;
નિજ સ્મૃતિ અનુસારે લખાણી રે, બીજી લખતાં થાક્યાં મન વાણી રે..૪
આવી રીતે સંભારીને ગાશે રે, તેના ઉરમાં અવિનાશી દેખાશે રે;
શીખે સાંભળે ને ગાશે પ્રીતે નીત રે, પ્રેમાનંદ કહે પામશે વાંછિત રે..૫

॥ इति श्रीहरिस्वरुप ध्यानसिद्धिनां पद संपूर्ण ॥

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો સમાપ્ત

પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળ) દ્વારા કરવામાં આવેલ પ્રકાશન

સાહિત્ય પ્રકાશનો

► Books

૧. વચનામૃત : (ત્રણ સાઈઝમાં)
૨. હરિલીલામૃત ભાગ : ૧ થી ૪
૩. ભક્તચિંતામણિ
૪. નિષ્કુળાનંદ કાવ્ય
૫. સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની વાતો
૬. સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીની વાતો
૭. સદ્.શ્રીઅદ્ભુતાનંદસ્વામીની મૂળ વાતો
૮. સદ્.શ્રીનિત્યાનંદસ્વામીના ગ્રંથો
૯. સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો
૧૦.સદ્.શ્રીવિધાત્રાનંદસ્વામીના ગ્રંથો
૧૧.મોનજીભગતની વાતો
૧૨.મહારાજની લીલા
૧૩.શ્રીજીની લીલા
૧૪.જ્ઞાનદીપ ભાગ : ૧ થી ૫
૧૫.કીર્તનમાળા ભાગ : ૧,૨
૧૬.કીર્તનસરોવર (નંદસંતો રચિત)
૧૭.યમયાતના
૧૮.શિક્ષાપત્રી
૧૯.હરિરસામૃત
૨૦.હરિસ્મૃતિ
૨૧.નિત્યનિયમ

કથાદિક પ્રકાશનો

► MP3

૧. સત્સંગિજીવન
૨. નિષ્કુળાનંદ કાવ્ય
૩. ભક્તચિંતામણિ
૪. હરિલીલામૃત
૫. ભક્તિસિદ્ધિ
૬. પંચરત્ન
૭. યમદંડ (સુરત)
૮. શ્રીમદ્ભાગવત (દશમ સ્કંધ)
૯. વડતાલધામનો મહિમા
૧૦.ઉત્તર હિંદુસ્તાનના પરચા
૧૧.સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની વાતો
૧૨.ઘન.લીલામૃત– શિબિર-૧૧થી૧૮
૧૩.ભગવદ્ગુણો;કી.સ.ધ્યાન– શિબિર-૧૫
૧૪.સવારનું ચિંતન; કીર્તનસહધ્યાન – શિબિર-૧૬થી૧૮
૧૫.દાદાખાચરનો વિવાહ
૧૬.મોક્ષનાં સાધનો
૧૭.બદ્ધમાંથી મુક્ત
૧૮.મરના તો ઐસા
૧૯.ભક્તાખ્યાન
૨૦.કીર્તનકુંભ ભાગ : ૧ થી ૩
૨૧.કીર્તન વિવેચનો...

► MP5/MP9

૧. ભક્તચિંતામણિ (સંપૂર્ણ ગ્રંથ) : ૨૬૦ કલાક
૨. શ્રીહરિલીલામૃત (સંપૂર્ણ ગ્રંથ) : ૨૧૦ કલાક
૩. ગોપાળાનંદસ્વામીની વાતો (સંપૂર્ણ) : ૬૫ કલાક
૪. વાસુદેવમાહાત્મ્ય (સંપૂર્ણ ગ્રંથ) : ૪૭ કલાક
૫. વિવેક ચિંતામણિ (સંપૂર્ણ ગ્રંથ) : ૫૬ કલાક

► VCD

१. धीरजाख्यान
२. यमदंड *(सुरत)*
३. बद्धमांथी मुक्त शिबिर-१३
४. सांस्कृतिक कार्यक्रम शिबिर-१७,१८
५. हिंडोळा उत्सव २००२ थी २००९
६. युवाशिबिर १, ४
७. सहजानंद
८. शीलवंता साधुने...
९. धर्मकुंवर घनश्यामजी...
१०. सहजानंद सिंधु रे सखी...
११. प्रभु मने थाजे एवो अनुकूळ...
१२. यात्राप्रवास
१३. नाटक : सहजानंदी सिंह रूपाभाई
१४. नाटक : शून्य
१५. टेलीफिल्म : केसरमिंया
१६. टेलीफिल्म : ओवर अपेक्षा
१७. टेलीफिल्म : खोरासाना राजाभाई
१८. दिव्य प्रसंगो *(झलक)* : शिबिर-१२,१४,१७,१८

► DVD

१. भक्तचिंतामणि
२. स्नेहगीता
३. भक्तिसिद्धि
४. पंचरत्न
५. अक्षरबावनी
६. बुद्धिप्रदीप
७. विवेकसार
८. सर्गनिसरणी
९. वासुदेवमाहात्म्य
१०.वडताल धामनो महिमा
११.उत्तर हिंदुस्ताનના परचा
१२.भालदेशनी लीला
१३.दिव्य दिव्य महाराज
१४.मुक्तवंदना
१५.शोभा शी कहुं रे रूडी – शिबिर-११
१६.घनश्यामलीलामृतसागर – शिबिर-११ थी १८
१७.भगवद्‌गुणो – शिबिर-१५
१८.कीर्तनसह ध्यान – शिबिर-१५ थी १८
१९.सवारनुं चिंतन – शिबिर-१६, १७
२०.युवाशिबिर – ५, ६, ७
२१.स्वरूपानंदस्वामीनुं आख्यान
२२.मूळजी ब्रह्मचारी ***अने*** जेराम ब्रह्मचारीनुं आख्यान
२३.नृसिंहानंदस्वामीनुं आख्यान ***अने*** अक्षरजीवनदासजीस्वामीनां पत्रो
२४.शिवलाल शेठ ***अने*** भगादोशीनुं आख्यान
२५.भक्तराजश्री जोबनपगीनुं आख्यान
२६.जीणाभाईनुं आख्यान
२७.डुसरना गलुजी, वृंदावनना लालाबाबु ***अने*** सोखडाना गोपालभाईनुं आख्यान
२८.लोधिकाना अभेसिंह ***अने*** मेंगणीना मानसिंहनुं आख्यान
२९.रंगोत्सव-६,७ ***अने*** रविसभा
३०.सहजानंद सुखकारी ***अने*** मारा वालाजी शुं...
३१.कोउं काम न आवे ***अने*** आज में तो भेट्या रे...

પ્રેમમૂર્તિ

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામીના ગ્રંથો

પૂર્ણ પુરુષોત્તમના પરમપ્રેમી પરમહંસ એટલે સદ્. શ્રીપ્રેમાનંદસ્વામી. તેઓ અખંડ મહારાજમય રહેનારા મહામુક્ત હતા. તેમણે કરેલું પ્રેમસભર મૂર્તિ ચિંતન જોઈને તો સ્વયં શ્રીહરિને પણ તેમને દંડવત્ કરી લેવાની હોંશ આવી ગઈ હતી. આવા પ્રભુમય સદ્. શ્રીપ્રેમાનંદસ્વામીએ હજારો કીર્તનોની રચના તો કરી જ છે. પરંતુ ધ્યાનમંજરી, વિવેકસાર, સર્ગ નિસરણી વગેરે અદ્ભુત ગ્રંથોની પણ તેમણે બહુ સુંદર રચના કરી છે.

સદ્.શ્રીપ્રેમાનંદસ્વામી રચિત ગ્રંથોનો આ સંગ્રહ મુમુક્ષુ જીવાત્માઓને મોક્ષમાર્ગે આગળ વધવામાં અતિ ઉપયોગી છે. તેમાં શ્રીહરિની સર્વોપરીતા જણાવતા ૧૩ લક્ષણ, ધ્યાન ધરવાની શ્રેષ્ઠ સામગ્રીરૂપ શ્રીહરિની ચેષ્ટા, તિલ-ચિહ્ન અને માનસીપૂજા જેવા અનેક વિષયોનું સુંદર વર્ણન કર્યું છે. વળી, ભગવાન સાથે તાદાત્મ્ય પામેલ મહાસંતની સ્થિતિનું ચિત્રણ તો અતિ અનુપમ છે. 'વિવેકસાર'માં રહેલી એકાંતિકધર્મની છણાવટ તો એક નૌતમનિધિ છે.

પ્રભુના પ્રાણપ્યારા આવા પરમહંસોની અનુભૂતિસભર કૃતિઓને માણી આપણે પણ તેવા જ બનવા આ ગ્રંથનો ખૂબ જ ઉપયોગ કરીએ એ જ અભિલાષા સહ....

સ્વામી જ્ઞાનજીવનદાસના જય સ્વામિનારાયણ
કુંડળ તા. ૨૦-૧૦-૨૦૧૦

